# ગઢડા મસ્જીદ ગજબ કેસ

48

અથવા

## ઇસ્લામીઓના કીસમતનો કયામત સુધીનો કારી જખમ

અને

ભાવનગરની કોર્ટનો નમુનેદાર ન્યાય.

ભાગ બીજો.

સંગ્રહ કરી છપાવી પ્રગટ કર્તા

**પોલિટિકલ ભોમીઓ.**

અમદાવાદ.

કીંમત રૂા. ૧-૦-૦

# ગઢડા મસ્જીદ ગજબ કેસ

અથવા

## ઈસ્લામીઓના કીસ્મતનો કયામત સુધીનો કારી જખમ

અને

## ભાવનગરની કોર્ટનો નમુનેદાર ન્યાય.

## ભાગ બીજો.

સંગ્રહ કરી છપાવી પ્રગટ કર્તા

**પોલિટિકલ ભોમીઓ.**

અમદાવાદ.

કીંમત રૂ. ૧-૦-૦

ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસ—કાળુપુર મરકતી કાપડ મારકીટ.
**અમદાવાદ.**

## અર્પણપત્રિકા.

# ગઢડા મસ્જીદ ગજબ કેસ

### ભાગ બીજો.

જેઓ સાહેબોએ ગઢડા મસ્જીદ કામમાં તન, મન અને ધનથી મદદ આપી છે તેઓ સાહેબોને અર્પણ કરતાં હું આનંદ માનું છું.

ઇસ્લામી મદદગાર બીરાદરોનો ખાદીમ.

પ્રગટ કર્તા.

# અનુક્રમણિકા.

## ફરીયાદીના શાહેદો.

# તોહોમતદારની હકીકત.

---

## બચાવના શાહેદો.



## પરચુરણ અરજીઓ

# પ્રસ્તાવના.

અમારા પહેલા ભાગની પ્રસ્તાવનાનું અમારા સુજ્ઞ વાંચકોએ સારી રીતે મનન કરેલું હશે. હવે આ બીજા ભાગની પ્રસ્તાવના અમો અમારા વિદ્વાન વાંચકો સન્મુખ રજુ કરીએ છીએ. અમારા પહેલા ભાગમાં જેમ વાંચક ગ્રહસ્થોને પ્રસ્તાવના ધીરજથી વાંચવાની નમ્ર વિનંતિ અમોએ કરેલી હતી તેજ પ્રમાણે આ વખતે પણ અમારા વિદ્વાન વાચકોને અમારી નમ્ર વિનંતિ છે કે આ પ્રસ્તાવના પણ બહુ ધીરજથી વાંચવી.

દરેક રીતે ખરેખરા અને પવિત્ર સત્યનેજ વળગી રહેવું એ એક અમારી મુખ્ય નેમ છે અને અમારી સથે અનુભવમાં આવેલા, અમારી આ નેમથી બરાબર વાકેફ હોવા જોઈએ. અમારી એ પવિત્ર નેમને સંપુર્ણ આગ્રહથી વળગી રહીનેજ અમે આ પ્રસ્તાવના લખી છે. જોકે સત્યને વળગી રહેતાં કેટલીક એવી પણ બાબતો હોય કે જે અજવાળામાં આવતાંજ અમુક વ્યકિતને અડચણ કરતા હોય પણ સમષ્ટિનું હિત સાચવવા જતાં એમ કદી થાય તો તેમાં અમારો દોષ નથી.

જોકે અમારા પાક મજહબનું અમને સંપુર્ણ માન અને અંતઃકરણનો આગ્રહ છે તેમ છતાં મનુષ્ય માત્રના સાધારણ ધર્મો શું છે તેનાથી અમો અજ્ઞાન નથી તેમ, સંસારમાં મનુષ્યનો એક મનુષ્ય તરીકે શું ધર્મ છે તેનાથી પણ અમો અજાણ્યા નથી. આ તકરાર ધર્મ સબંધી છે અને તેટલા માટે અમો મુસલમાન હોવાથી સત્યનું અવલોકન કરવા જતાં અમારી આંખોનાં આવરણો બરાબર રીતે ખશેડી શકાશે નહી એવો વિચાર અમારા માટે સંપુર્ણ તપાસ કરવા પહેલાં કોઈએ બાંધી વાળવો નહિં એ પણ અમારી એક નમ્ર વિનંતિ છે. ભલે અમો મુસલમાન ધર્મના અનુયાયી રહ્યા અને આ કેસમાં મુસલમાન તોહમતવાળા રહ્યા છતાં અમારા સત્યને અમો કદી પણ કલંક લાગવા દેશું નહિં.

બહુ માણસો શીખેલા, ભણેલા અને અંગ્રેજી એ. બી. સી. ડી. ના અક્ષરોનાં પુછડાં મેળવી યુનિવર્સીટીઓમાં નામ રજીસ્ટર કરાવી વ્યવહારમાં અનુભવની ચોપડીઓ એકડે એકથી શીખે છે એવાઓનો મુખ્ય દોષ એજ હોય છે કે દરેક વસ્તુની એકજ બાજુએ જોઈને તેનું અવલોકન પુરૂં થયેલું માને છે. અમારી આ પ્રસ્તાવના માટે તેવો ઇનસાફ ન મળે એવી અમારી વાંચક વર્ગને ખાસ અરજ છે.

ગઢડામાં હિંદુ અને મુસલમાનો વચ્ચે કુસંપની શરૂઆતનું મુળ કારણ ત્યાંના દુરાગ્રહી જૈનો છે, હવે અમો મહાજન શબ્દને બદલે જૈનોજ વાપરીશું કારણ મહાજન શબ્દનો એવડો મોટો બહોળો અર્થ થાય છે કે તેવો મોટો અર્થવાળો શબ્દ આ જૈનોને લગાડી શકાય કે નહિં તે શક પડતું છે. પહેલા ભાગમાં જણાવી ગયા તે પ્રમાણે ગઢડાની મસજીદને ગંભીર નુકશાન થવાનો મહા ભયંકર અને આખી દુનિઆના મુસલમાનોને શરમીંદગી ઉપજાવે તેવો, તથા મુસલમાનોને કયામત સુધીના કારી જખમ જેવો બનાવ બન્યો તે પછી મુસલમાનોને દુનિયાની આંખે દોષિત ઠરાવવા સારૂ મુસલમાનોના સામે એક ફારસ ભજવવા જેવો કેસ ઉભો કરવામાં આવ્યો અને તેપણ એવી કુશળતાથી ચિતરવામાં આવ્યો કે આ ફારસ જેવો મુસલમાન ઉપરનો કેસ તે મુખ્ય કેસ ગણાયો અને મુસલમાનો ઉપરનો મહા ત્રાસદાયક બનાવ તે ગૌણ તરીકે ગણાયો. કુટીલોની કુશળતાથી કે નેતાઓના ચિત્ર કૌસલ્યે કરીને કાગળના પાના ઉપર આ કેસનું ચિત્ર ગમે તેવું પાડવામાં આવ્યું હોય પણ વિદ્વાન વાંચક વર્ગ પાસે યથા સ્થિતી પુરાવા અને સાબીતીઓ સાથે બરાબર ન્યાયપુર વર્ણન અમે રજુ કરીને દરેક વાંચનારની ખાત્રી કરી આપીશું કે મુસલમાનો ઉપરની ફરીયાદ તે બીજુ કાંઇ નહિ પણ ફક્ત ઉપજાવી કઢાડેલું એક તરકટ માત્ર છે.

આ કેસમાં મુસલમાન પક્ષ સામે ફરીયાદી સ્વામીનારાયણનું મંદીર છે. અમો અમારા ગયા આંકમાં જણાવી ગયા છીએ તેમ સ્વામીનારાયનની પ્રજા આ ગામમાં બહુ મોટી છે, સ્વામીનારાયણના મંદીર તરફથી ફરીયાદ કરનાર ખોજા લાલજી જેઠા કરીને એક વટલી ગયેલો મુસલમાન છે અને મુસલમાનો ઉપર સ્વામીનારાયણના મંદીરની ઠાકોરજીની પાલખી ઉપર હુમલો કરી તેમાંથી ચાંદીનુ ઝુમખું લુટી લેવાનું તથા પાલખીને અપવિત્ર કરવાનાં તહોમતો મુકેલાં છે વધારે ખુલાસા સારૂ ખોજા લાલજી જેઠાની જુબાની આંક ૧૪ થી તથા ફરીયાદી જોવી.

જે વાંચનાર બરાબર જાણીતો ન હોય તેને શંકા થાય કે પાલખી શું! તેમાં ઠાકોરજી હોવાને તેની પાસે મુસલમાનોનો સબંધ શું? તેટલા માટે આ સંબંધી કાંઇક વિસ્તારનું વરણન કરવાની આવશ્યકતા છે.

ગઢડામાં ભાદરવા શુદી ૧૧ નો તહેવાર સ્વામીનારાયણના સંપ્રદાયવાળાઓનો મહોટા ગણાય છે તે દહાડે મંદીરમાંથી અમુક મુર્તિઓને એક પાલખીમા બેસાડી ગાજતે વાજતે નદીમાં ઠાકોરજીને નહવડાવવા માટે લઇ જાય છે અને ત્યાંથી નહવડાવી વાજતે ગાજતે મંદીરમાં લઇ જાય છે આવી રીતે મંદીરમાંથી નદી ઉપર જતાં અને નદી ઉપરથી મંદીરમાં આવતાં રસ્તામાં મુસલમાનોની મસજીદ આવે છે. ઉપર દર્શાવેલાં તોહનતો માંહેનું મુખ્ય તહોમત એવું છે કે આ ઠાકોરજી માંહેની એક ખાલી પાલખી (ઠાકોરજી વગરની) મસજીદ પાસેથી મંદીરમાં લઇ જવામાં આવતી હતી તે વખતે જ્યારે મસજીદ પાસે પાલખી આવી ત્યારે ઉપર પ્રમાણે મુસલમાનોએ ગુન્હો કીધો.

આ ફરીયાદ કેટલી સત્ય છે તે તપાસવા માટે ફરીયાદી ખોજા લાલજી જેઠા, પોલીસના એકટિંગ ફોજદાર વલ્લભ જીવરાજ એ બેનીજ જુબાનીનું યથાસ્થિત અવલોકન કરવાની જરૂર છે. વાંચનાર, અમારી પ્રસ્તાવના વાંચતાં વાંચતાં તહારે આ બે શખસોની જુબાનીઓ જોવાની વારંવાર જરૂર પડશે સબબ કે ત્યારેજ અમારી સત્યતાની અમે ખાત્રી આપી શકીશું માટે તે બે શખ્સો લાલજી જેઠા તથા વલ્લભ જીવરાજની જુબાનીના આંક અનુક્રમે છે.

વાંચનાર, જ્યારે સત્યની વરાળ અમારા અંતઃકરણમાં બહુ એકઠી થાય છે ત્યારે તે બરાબર નિયમસર કાહાડી શકાતી નથી માટે અમારા અનિયમિતપણાને કારણે તપાસ્યા સિવાય સત્ય રહિત ગણવાની ઉતાવળ નહિં કરીશ ભલે તું સ્વામિનારાયણનો ધર્મ પાળતો હો યા બીજી જાતનો હિંદુ હો, દરેકને પોતાના ધર્મનો સંપુર્ણ આગ્રહ રાખવાનો અધિકાર હોય છે તેમ છતાં તું ઇન્સાફની દ્રષ્ટિથી તપાસ કરશે તો તને જણાશે કે ગઢડામાં સ્વામીનારાયણ ધર્મના મુળ પુરૂષ માહાત્મા સહજાનંદ સ્વામીને મુખ્ય આશ્રય આપનાર ગઢડાના મરહુમ દાદા ખાચર હતા એટલુંજ નહિ પણ સ્વામીનારાયણના ધર્મને સંપુર્ણ રીતે પોષણ આપી લાખો રૂપીઆની સ્થાવર જંગમ મિલકત પણ દાદા ખાચરેજ ભેટ કરેલી છે. આ દાદા ખાચરના પૌત્રો ખાચર ગીગા બાવા, ખાચર રાવત બાવા અને ખાચર એભલ અમરા હાલ ગઢડામાં હયાત છે અને સ્વામિનારાયણને ધર્મ પુરા આગ્રહથી પાળે છે. આ ગ્રહસ્થો પોતાના ધર્મમાં એટલા બધા ચુસ્ત અને પાબંધ છે કે પ્રસંગ આવતાં ધર્મ માટે માથુ આપનારા બાહાદુર ક્ષત્રિય વિર પુરૂષો છે. તે સિવાય ખાચર હરસુર દાના ખાચર મુળુ દાના, ખાચાર હાથીભાઇ વીગેરે દરબારો આ ધર્મના ચુસ્ત હિમાયતીઓ અને મજબુત અનુયાઇઓ છે વળી એ સઘળાઓ મ્હોટા મ્હોટા જાગીરદારો અને પરના ધનાઢ્ય છે.

આવા આવા શ્રીમંતો અને ક્ષત્રીઓ જેને દામદામ અને કામ ત્રણે સાધનો સંપાદન થયેલાં કે જેઓ પોતાના ધર્મને માટે પ્રસંગ આવતાં માથુ દેવા તૈયાર થઇ જાય અને જરૂર પડે તો ધર્મનું અપમાન કરનારાઓને પોતાને હાથે શિક્ષણ આપવાને શક્તિવાળા,

તેવાએ. આ મુસલમાનોએ દેવની પાલખીને અપવિત્ર કરીને તેના પર લુંટ ચલાવી તે સઘળું સહન કેમ કરી શકયા હશે ? વળી આવા ધર્મને અપમાન કરનારી મ્હોટી ગંભીર બાબતમાં ફરીયાદ કરનાર તરીકે આવા આવા વીર પુરૂષો માંહેનો કોઇ પણ દર્શન આપતે નથી અને એક સાધારણ ડુંગળી વેચનાર ખોજો કે જેને ગામમાં છાપરું નહી ને સીમમાં ખેતર નહી તેમ માંસ આહારી ઓલાદમાંથી ઉત્પન્ન થયેલો અને અત્યાર સુધી પોતાને મુસલમાન તરીકે ઓળખાવતારો કયાંથીમળી આવ્યો ?

વાંચનાર જો તું ખરેખર પવિત્ર અંતઃકરણવાળો હશે અને બરાબર ન્યાય દ્રષ્ટિથી જોવાને શકિતવાન હશે તો અમારા આ ગુહ્ય રહસ્યની વાસ્તવિક મિંમાસા કરી શકશે અને તે સાથે મુસલમાનો ઉપરની ફરીયાદની શરૂઆતમાંથીજ સત્યા સત્યનું તોલન કરી શકશે. પ્રથમ આ લાલજી જેઠાની જુબાની ઉપરથીજ કેટલાક પ્રશ્નો સુજ્ઞ વાંચક પાસે રજુ કરીએ છીએ કે જેથી તેમાં કેટલું સત્ય છે તે દુનીયા જોઇ શકે.

## ખોજા લાલજી જેઠાની જુબાની આંક ૧૪.

મુસલમાનો ઉપર સ્વામીનારાયણ તરફથી ફરીયાદી કરનાર આ લાલજી જેઠા જાતે ખોજો મુસલમાન છે તેમ છતાં પોતાને સ્વામીનારાયણનો ધરમ પાળનાર તરીકે ઓળખાવે છે. પાલખીનો ચાંદીનો ગોફણો એક મુસલમાને લુટ કરી લઇ લીધાનું કેટલું સાચું છે તે માટે આપણે તેની જુબાની ઉપરથીજ નકી કરીએ.

(૧) પ્રથમ તો પાલખી જ્યારે મસજીદ પાસેથી નિકળી ત્યારે હિંદુઓનાં લગભગ ૨૦ હજાર માણસો એકઠાં થયાં હતાં. આવા મોટા સમુહમાં મુઠીભર મુસલમાનો આવું કામ કરવાને હિમ્મત કરી શકે ? એ અમારો વાંચકવૃંદ પાસે પ્રશ્ન છે.

(૨) તેમ છતાં ધારો કે મુસલમાનોએ તેમ કર્યું તો પાલખીને કોઇ જાતનું નુકશાન થયું જોઇએ પણ તે પુરાવાથી સિધ્ધ થયું નથી. પાલખીની કોઇ પણ તરેહની સરવાઇ થઇ નથી.

(૩) “પાલખી ઉપર મુસલમાનો તુટી પડયા” “દાદામીયાંએ ઝુમખું લઇ લીધું તે વખત મેં તેને કંઇ કહ્યું નથી” આ બોલો લાલજી જેઠાના છે.

ઝુમખું લુટાયા છતાં ફરીયાદ થતી નથી, તેમ ૪-૫ દિવસ વિતી જવા બાદ ઝુમખા માટે દાદામીયાંના ઘરની ઝડતી લેવામાં આવે છે. લુટાયેલો માલ અમુક શખસજ લઇ જાય છે ને તે ગામમાં જીવતો છે. એ સઘળું ફરીયાદી નજરો નજર જોવાનું કહે છે છતાં અમુક દિવસો વિત્યા બાદ તોહોમતદારના ઘરની ઝડતી શા માટે લેવાઇ ? તેના જવાબમાં કેવા બેવકુફી ભરેલા ખુલાસા લાલજી કરે છે તે જુબાની વાંચવાથીજ સમજી શકાશે.

(૪) તોહમતદારો તરીકે લાલજીએ જે જે મુસલમાનોનાં નામો દરશાવી સોગન ઉપર એફીડેવીટ કરેલી છે તેમાં અબદલા ગની અબરામ બેગાના નામો તદન જુઠાં લેવાયાં કરયાં છે કારણ તે દિવસે આ શખ્સો ગઢડામાં હાજર નહોતા એવું સામાના બચાવ તરફથી નકી થયું છે આ સઘળું મુસલમાનો ઉપરની ફરીયાદી કેટલે અંશે સત્ય હતી તે બતાવી આપે છે.

## એકિટંગ ફોજદાર વલ્લભ જીવરાજ આંક ૮.

જ્યારે મસજીદ તારાજ કરવામાં આવી તે વખતે ફોજદારનો ચાર્જ વલ્લભ જીવરાજની પાસે હતો. આ માણસ જયન વાણીયો અને ગઢડાનોજ વતની છે જયનોના પચુસણના તહેવારો માટે ગઢડાના મુસલમાનો ઉપર જે ધાતકી જુલમ જૈનો તરફથી ગુજારવામાં

આવેલો અને આવે છે તે જૈનોની જાતનો આ માલુમ છે. તેની પોતાની જુબાની ઉપરથીજ મુસલમાનો ઉપર ઉઘાડી ઈર્ષા રાખવાનું જણાઈ આવે છે, એનું સવિસ્તર વરણન અમે નીચે વિગતે વાંચકવર્ગ પાસે રજુ કરીએ છીએ.

(૧) મુસલમાનોની મસજીદને પાયમાલ કરી નાંખી મોટું હુલ્લડ કરી મુસલમાનોને મરણતોલ થતાં સુધી માર માર્યો આ સઘળું આ વલ્લભભાઈ પોતાના ઉપરીને રીપોર્ટ કરતાં ભુલી જાય છે !! પોતે પોતાની જુબાનીમાંજ લખાવે છે કે "હું મસીદના નાકે ઉભો હતો. તે વખત હિંદુઓએ મસીદને ઘેરી લીધી હતી અને મસીદ ઉપર હિંદુઓ ઘા કરતા હતા" "મેં ઉપરી તથા ફોજદારને રીપોર્ટ કરેલો તેમાં મસીદ ઉપર હિંદુઓએ ઘા કરેલા હતા. એમ મેં તેમાં જણાવ્યું નહોતું" "ફોજદારને અને ઉપરીને રીપોર્ટ કર્યો તેમાં પાલખીની હકીકત લખી અને મસીદની હકીકત ન લખી તેનું કારણ એકે મેં ઉતારામાં જઈ તરત રીપોર્ટ કર્યો તેમા ઉતાવળમાં એ હકીકત લખાતી રહી ગઈ છે!"

વાંચનાર, આપણા વલ્લભભાઈનું નિષ્કપટપણું કેટલું તે આટલાથીજ નક્કી કરી નાંખીશ હો !! વીશ વીશ હજાર માણસોએ હુલ્લડ મચાવી મસજીદને જમીન દોસ્ત કરી નાંખી અને મુસલમાનોને પ્રાણાંત સુધી માર માર્યો તે સઘળી બાબત આપણા વલ્લભભાઈને પર્યુષણના ચશમાંથી દ્રષ્ટીએ ચડી નહિં એટલે પોતે જણાવવી ભુલી ગયા. હવે કેશ ચલાવનાર વિદ્વાન જજનો આ વલ્લભભાઈ માટે રીમાર્ક શું છે તે જુઓ ("તહોમતવાળાના વકીલના સવાલમાં સાક્ષી બોલ્યો કે હિંદુઓ મસીદ ઉપર ચડી ગયા અને મસીદ ઉપર ઘા કરતા હતા. તે પછી હું ત્યાંથી ઉતારામાં ગયો ત્યારે તેણે પુછ્યું કે રીપોર્ટમાં પાલખીની હકીકત લખી અને મસીદની હકીકત કેમ ન લખી તેનો સુંધો જવાબ આ સાક્ષીએ પા કલાક સુધી આપ્યો નથી ને આડા આડા જવાબો આપ્યા છે") !!

મતલબ કે વલ્લભ જીવરાજે પોતાની ડયુટી બજાવવામાં ઉઘાડી રીતે હિંદુઓનો પક્ષપાત કીધો છે અને તેમ છતાં પોતાની તેવી ગંભીર ભુલ માટે તેને કોઈ પણ સહન કરવું પડ્યું નથી.

હવે સાક્ષી તરીકે ગઢડાના ન્યાયધીશ મી. ઠક્કરલાલ ડાહ્યાભાઈ બારૈયા બી. એ, એલ એલ. બી ની સાક્ષી ઉપર વાંચક વર્ગનું અમે લક્ષ ખેંચીએ છીએ એક ન્યાયાધીશ હોવા છતાં પોતાની ફરજથી તે કેટલો અજાણ્યો રહ્યો છે તે તેની જુબાની ઉપરથી જણાશે. જે દરબારી આયરોને મદદ માટે બોલાવેલા તેને ઇશારો કરી પોતે ચુપ રહ્યો છે. મોંથી બોલીને કે સાથેના માણસને મોકલી કહેવરાવવા ધારતે તો કરી શકતે પણ તેમ તેણે કીધું નથી એટલે ઇશારાનો અર્થ શું કરવો તે વાંચકની મુનસફી ઉપર છે.

મસ્કતી બીલડીંગસ.
અમદાવાદ તા. ૧-૯-૨૭ } સંગ્રહ કર્તા

# કોર્ટમાં શરૂ થએલો કેસ.

## તોહમતનામું.

તમારા ઉપર નીચે મુજબ તહોમત છે.

ના. ૧ થી ૨.

૧. તા. ૧૮—૫—૧૯૦૭ ના રોજ બપોરે મંદીરની પાલખી નદીમાંથી મશીદ તરફ લઇ જતા મશીદ પાસે આવતાં તમે તે પાલખીનું રૂપાનું ઝુમખું કીંમત રૂા. ૪–૮–૦ નુ પાલખીવાળાની મરજી વીરૂદ્ધ ને સંમતી વીના બદદાનતથી લઇ ગયા અને તેથી ભા. ફો. કા. ની કલમ ૨૧૨ મુજબ સજા થઇ શકે ને આ કોર્ટ સાંભળી શકે એવો ચોરીનો ગુન્હો તમે કર્યો.

૨. મંદીરની પાલખીને મંદીરવાળા પવીત્ર ગણે છે. તેને નુકશાન કે અપવિત્ર કરી મંદીરવાળાના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી અથવા તેઓ અપમાન સમજશે. એવો સંભવ જાણવા છતાં તમે સદરહુ જગાએ ને વખતે તે પાલખીનું ઝુમખું તોડી લઇ પાલખીને નુકશાન ને અપવિત્ર કરી અને તેથી ભા. ફો. કા. ની કલમ ૩૯૨ મુજબ સજા થઇ શકે ને આ કોર્ટ સાંભળી શકે એવો મંદીરવાળાના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી પુજાની વસ્તુને નુકશાન કે અપવીત્ર કરવાનો તમે ગુન્હો કર્યો.

ના. ૧ થી ૨૦ ઉપર

સદરહુ જગ્યા અને વખતે—

૩. ઉપર મુજબ ઝુમખું લઇ પુજાની ચીજ અપવિત્ર કરી. તે વખતે પોલીસ જમાદારે તેમ નહીં કરવા તમને કહ્યાથી તમે તેને ફરજ બજાવતો અટકાવવાના ઇરાદાથી તેના ઉપર હુમલો કરી માર માર્યો અને તેથી ભા. ફો. કા. કલમ ૧૫૦ મુજબ સજા થઇ શકે ને આ કોર્ટ સાંભળી શકે એવો દરબારી નોકરને ડરાવી તેની ફરજ બજાવતો અટકાવવા તેને જાણી જોઇને વ્યથા કરી.

ના. ૧ થી ૩૬ ઉપર.

૪. સદરહુ વખતે ને જગ્યાએ તમે મસીદમાં ગુન્હો કરવા માટે પાંચથી વધારે માણસો ભેગા થયેલા અને તેથી ભા. ફો. કા. ની કલમ ૧૦૫ મુજબ સજા થઇ શકે ને આ કોર્ટ સાંભળી શકે એવો કાયદા વીરૂદ્ધ મંડળીનો આશામી હોવાનો તમે બધાએ ગુન્હો કર્યો.

૫. ઉપર મુજબ તમે બધા કાયદા વીરૂદ્ધ મંડળીના આશામી હતા. તે વખતે એ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા તમારામાંના કોઇએ બળ વાપર્યું તેથી તમે બધાએ ભા. ફો. કા. ની કલમ ૧૦૯ મુજબ સજા થઇને આ કોર્ટ સાંભળી શકે એવો હંગામાનો ગુન્હો તમે કર્યો.

તા. ૨૭-૧૨-૦૭. (સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૩

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ વરજદાસ છે. મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે

મારા બાપનું નામ ડાયાભાઈ છે.

મારો ધર્મ હીંદુનો છે. મારો કસબ નોકરીનો છે.

મારી જાત વીશા દેશાવળ વાણીયા. હું હાલ ગદડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું પ્રગણે ગદડાના ન્યાયીશ સવાચાર વરસ થયાં છું. ગદડામાં મોહરમમાં તાબુત નીકળે છે તે વાત મારા ખ્યાલમાં છે. ગદડાના મેમણ મુસલમાન સાથે હીંદુ મહાજને વેવાર બંધ કર્યાની હકીકત મારા જાણવામાં આવી છે. તે બાબતની બાંજગડ મારા રૂબરૂ થઈ છે તેનુ કાંઈ ઉકેટ આવેલું નહીં પણ વાંધો જારી રહેલો. તે બાંજગડને આશરે ચાર મહિના થયા હશે. ભાદરવા શુદ ૧૧ ના રોજ સ્વામીનારાયણનો વરઘોડો જતાં મેં જોયો નથી. એ વરઘોડા અગાઉ એક મહિના મોર બાંજગડ ચાલેલી. ગઈ ભાદરવા શુદ ૧૧ ને દીવસે ગદડામાં પોલીસ જમાદાર અંબારામ હતા. તે વાત દફતરી ઉતારામાં એક કે સવા વાગે અંબારામે મને જાહેર કરેલી કે તેને મારેલો છે. હાથ ઉપર માર્યું મને કહેલું. એ માર તેને શા વાસ્તે પડેલો તે કહેલ કે નહીં તે મને હાલ યાદ નથી. એ અંબારામે તે વખતે મસીદ પાસેથી આવ્યાનું કહેલું શા પ્રસંગ ઉપર તેને મારેલો તે મેં તેને પુછેલું કે નહીં ને એણે મને કહેલું કે નહીં તે મને યાદ નથી. હું મારી ચેંબરમાં બેઠો હતો અને અંબારામે ફળીયામાંથી મને કહેલું. અંબારામે મને જાહેર કરવાથી તે વખતે તો મેં કાંઈ પગલું ભર્યું નહોતું. અંબારામે જાહેર કર્યું તે પછી પાંચ મીનીટે હું મસીદે ગયો હતો. પોલીસ ઓફીસનો જમાદાર કારકુનનું કામ કરે છે તે વલભ મારી પાસે આવ્યો અને કહ્યું કે હું સડક ઉપર જઈને બેસીસ તો સ્વામીનારાયણની પાલખી સહીસલામત આવી જશે. હું મસીદે ગયો તે વખતે પોલીસ ઓફીસ જમાદાર વલભ, મારો કારકુન જીવન, મારો પટાવાળો જીવન અને બીજા બે પટાવાળા હતા. મસીદે ગયો તે પહેલાં અને વલભ જમાદાર મારી પાસે આવ્યો તે પહેલા અંબારામની હકીકત ઉપરથી મેં મારા કારકુન જોડે વહીવટદાર સાહેબને કહેવરાવ્યું કે પોલીસને મુસલમાને માર્યા છે, માટે આપરોને બંદોબસ્ત માટે બોલાવો. હું મસીદે ગયો તે વખતે મારી સાથે કોઈ પણ ત્રાહેત માણસો હતાં કે નહીં તે યાદ નથી હાલ મને કોરટમાં બેઠેલા એક શખ્સને બતાવ્યો તેનું નામ વકીલ મોહન છે. તે હું મસીદે ગયો ત્યારે કોરટમાં હતો. હું ઉતારામાંથી મસીદે ગયો ત્યારે રસ્તે ૨૫-૩૦ માણસોને આવતાં જતાં મેં જોયાં હતાં હું મસીદે ગયો ત્યારે મસીદની બહાર ૩૦-૪૦ મુસલમાનો ઉભા હતા. મસીદની અંદર ડેલીમાં કેટલા મુસલમાનો હતા તે મેં જોયું નથી. મસીદની અગાશી ઉપર મેં જોયું નથી. મસીદની અગાશી ઉપર મેં જોયું નથી. હું મસીદ પાસે ગયો ત્યારે કોઈ હીંદુઓ ઉભેલા નહતા. (સાક્ષી પોતાની મેળે કહે છે કે બે ચાર હીંદુઓ મારી સાથે હશે પણ નામ યાદ નથી.) હું મસીદે ગયો તે વખતે કોઈ પણ જગ્યાએથી કોઈ પણ જાતના ઘા આવતા નહોતા. મસીદ પાસે ઉભેલામાંથી એક મુસલમાનને મેં ઓળખેલો તે મારો પટાવાળો દાદામીયાં છે. તે આંહી મને તહોમતવાળામાંથી બતાવ્યો તેજ છે.

સવાલ—બીજા જે મુસલમાનો હતા તેને નજરે ઓળખી શકો ખરા ?

જવાબ—બીજા તે વખત હતા કે નહીં તે હું ચોક્કસ કહી શકું નહીં.

સવાલ—દાદામીયાં સીવાયના આહીં બેઠેલા તહોમતવાળા ત્યાં હતા કે નહીં ?

જવાબ—દાદામીયાં સાથે જે—૩૮—૪૦ મુસલમાનો હતા તે બીજા માણસો આંહી બેઠેલા તહોમતવાળામાંથી છે કે નહીં તે હું ચોકસ કહી શકતો નથી.

દાદામીયાં અને બીજા માણસો પાસે કાંઇ હથીયાર નહોતા. ર૦ મસીદ બહાર ઉભેલા તહોમતવાળાઓને મેં મસીદની અંદર જવાનું કહ્યું. પછી સાત આઠ જણા બહાર રહ્યા તેમાંથી તહોમતવાળા દાદામીયાં સાથે મેં વાત કરી કે આ તોફાન શું કામ કર્યું ? ત્યારે દાદામીયાંએ કહ્યું કે પાલખી આંહીથી શીદ લઇ જાય ? બીજી વાતચીત મારે થએલી કે નહીં તે યાદ નથી. દાદામીયાંને એટલું કહ્યા છતાં સાત આઠ માણસો ત્યાં ઉભાં હતાં. મસીદ આગળ હું પાંચેક મીનીટ રોકાયો હતો. મસીદથી થોડાં ડગલાં ઉતરે તરફ ચાલ્યા પછી પથરા અને નળીયાંના ઘા થતા હતા. તેમાંનો એક ઘા મારી છત્રી ઉપર થયેલો. એ છત્રી ઉપર આવેલો ઘા ક્યાં ગયો તેની મને ખબર નથી. છત્રી ઉપર ઘા થયો તેમજ ફોજદારના મુન્શીને પણ એક ઘા વાગેલો છે તેનું નામ મને ખબર નથી. તે સિવાય બીજા કોઇને વાગેલું કે નહીં તે મારા જોવામાં આવ્યું નથી. એ ઘા અગાશીમાંથી આવેલો એમ મને લાગ્યું હતું. પણ મેં જોયું નહોતું. મસીદ આગળથી ફરી સડક આગળ હું બેસવાનું કરતો હતો ત્યારે આયરો તે તરફ આવતા હતા, એ આયરોના ૨૫-૩૦ માણસો હતા. તેઓના હાથમાં લાકડીઓ હતી. બીજું કાંઇ તેના હાથમાં હતું કે નહીં તે મારૂં ધ્યાન નથી. આયરોને મેં હાથથી ઇસારો કર્યો કે પાછા વળો. એટલામાં ઉપર કહી ગયા મુજબ મારી છત્રી ઉપર એક ઘા આવેલો અને એક ઘા ફોજદારના મુન્શીને લાગેલો. પછી હું ઉતારા તરફ ચાલ્યો ગયેલો ને આયરોનું શું થયું તેની મને ખબર નથી. હું ઉતારામાં આવી ચેંબરમાં જતો હતો એટલામાં કોરટની બારીએથી મોહન વકીલે મને બોલાવ્યો. હું કોરટમાં ગયો ત્યારે મોહન વકીલે મને કહ્યું કે જુઓ આ તોફાન થાય છે. તે પછી કોરટની રસ્તા ઉપરની વચલી બારીએથી મેં જોયેલું ત્યારે મસીદની અગાશીમાંથી મુસલમાનો ઘા કરતા હતા. પછી મોહને મને કહ્યું કે વહીવટદારને બોલાવું ? ત્યારે મેં હા કહેવાથી વહીવટદારને બોલાવેલા ને તે આવેલા. પછી હું ને વહીવટદાર મસીદે ગએલા. અમે મસીદે પહોંચ્યા ત્યાં મસીદનો એક મીનારો પડેલો હતો અને બીજો મીનારો પાડતાં મેં એક હીંદુને જોએલો. હું ઉતારાંથી મસીદે ગયો ને પાછો આવ્યો ત્યાં સુધીમાં અંબારામ જમાદાર ક્યાં હતો તેની મને ખબર નથી. તે મારી સાથે નહતો. હું અને વહીવટદાર સાથે મસીદે ગએલા ત્યારે અંબારામ અમારી સાથે હતો કે નહિ તે ખબર નથી.

ઉલટ તપાસ—હીંદુ મુસલમાનો મારી પાસે અમસ્થા વાત કરવા બને સાથે આવેલા મહાજનમાંથી લખમીચંદ કામદાર તથા બીજા બે ત્રણ જણા હતા. પણ નામ યાદ નથી. અને મેમણો તરફથી ઓસમાનઅલી અને અભરામ હાસમ, બીજા બે ત્રણ જણા હતા પણ નામ યાદ નથી. મેમણો કહેતા હતા કે પજુસણ પાળવાં નથી અને મહાજનો કહેતા હતા કે હમેશાં પળે છે તેમ પાળે. પજુસણ પાળો એવી સલાહ મેં મેમણને આપી નથી. આ ઘણા

પછી બે ચાર દીવસે મેમણો મારી પાસે આવ્યા ને કહ્યું કે મહાજન અમારી સાથે વેવાર રાખતા નથી. અને બીજાને અમારી સાથે વહેવાર રાખવા દેતા નથી. તે બાબતમાં વાણી-યાઓને બોલાવી બંદોબસ્ત કરવાનું તેમણે મને કહેલું કે નહીં તે મને યાદ નથી. મેમણોએ અરજી આપવાનું મને કહેલું પણ મેં જવાબ આપેલો કે એવી બાબતમાં હું કાંઈ કરી શ-કીશ નહીં. પીપળો ઊંચો ન બાંધવાથી ગઈ સાલના મુસલમાનના તાબુત ફરી શક્યા નથી એ વાત ખોટી છે. ગઈ સાલમાં જે દીવસે તાજીઆ ફરવા જોઈએ તે દીવસે ફર્યા નહોતા એ વાત ખરી છે પોલીસવાળા ને મુસલમાન તે વખતે મારી પાસે આવ્યા હતા પોલીસવાળો ને મુસલમાનો કોણ હતા તે ખ્યાલ નથી. તુમાર સાથે એ લોક આવેલા મુસલમાનોએ તા-જીઆ ફેરવવા ના કહેલી ને પોલીસે તેમના મુચરકા લેવાની માગણી કરેલી. તે પ્રસંગમાં રૂબરૂમાં ના કહેલી, મુચરકા લેવાયા પછી તેમણે રૂબરૂમાં ના કહેલી. ગઈ સાલ પહેલાંની સાલોમાં પીપળો ઉંચો બંધાવીને તાજીઆ નીકળતા હતા કે નહીં તેની મને ખબર નથી. બજારમાંનો પીપળો મેં જોયો છે. ભાવનગરથી પોલીસના માણસો આવ્યા પછી તા-બુત ચોથે દીવસે ફરેલા. તાજીઆ માટે મુસલમાનોના મુચરકા લીધા તે પહેલેજ વખતે છે. અંબારામને કોણે વગાડેલું તે તેણે મને કહેલું કે નહીં તે યાદ નથી. હું મશીદમાં જવાને માટે નીચે ઉતર્યો ત્યારે અંબારામે મને તેના હાથ ઉપર વાગેલું બતાવ્યું હતું તેના હાથ ઉપર સોજો ચડેલો હતો. શું વાગેલું તે તેણે કહેલું કે નહી તે યાદ નથી. એ લાકડીનો ઘા લાગેલો. અંબારામે મને જાહેર કરેલું તે વખતે ચેમ્બરમાં મારો કારકુન મોતીલાલ અને પટાવાળો શીવરતન ઘણું કરીને હતો. તે વખત સાકરલાલ વહીવટદાર મારી પાસે નહોતા. હું અંબારામના જાહેર કરવા ઉપરથી મશીદે ગયા પહેલાં વહીવટદાર સાહેબને મળ્યો નથી. હું મશીદથી પહેલી વખત ઉતારે પાછો ફર્યો તે વખત મારી સાથે કારકુન નહતો, બે ત્રણ પટાવાળા હતા. પણ નામ યાદ નથી, હીંદુઓ ત્રાહેત ગામના મારી સાથે પાછા ફરતી વખત હતા કે નહી તે યાદ નથી. પહેલી વખત મશીદે ગયો ને ત્યાં રોકાયો તેટલી વખતમાં હીંદુઓ મશીદ આગળ ભેગા થયા હતા. તેમાંથી મેં ઓળખ્યા હશે પણ નામ હાલ યાદ નથી તેઓ કેવી જાતના હતા તે હું કહી શકું નહીં. હું પહેલી વખત મ-શીદે ગયો ને ત્યાંથી પાછો આવ્યો ત્યાં સુધી મશીદની આસપાસના છાપરા ઉપર લોકો ભેગા થયા નહોતા. મેં બધા છાપરા તરફ નજર કરી નહોતી મશીદ આસપાસના બધા છા-પરા ઉપર મેં નજર કરી નહોતી. ઉતરાદી તરફના છાપરાં તરફ નજર ગએલી. પહેલી વખત હું ગયો ત્યારે મશીદની અંદર ગયો નહોતો તેમ મશીદ અંદર નજર પણ કરી નહોતી. બહાર ઉભેલા મુસલમાનો તોફાન કરશે એમ ધારીને મેં તેમને મશીદમાં જવાનું કહેલું. મુસલમાનોએ તોફાન કર્યાનું મને અંબારામે જાહેર કરેલું. અને તે બહાર ઉભા હતા. અને ઉભા રહેવાનું કાંઈ કારણ નહોતું તેથી તેઓ તોફાન કરશે એમ મને લાગેલું. મુસલમાને તોફાન કર્યાનું અંબારામે નહીં પણ જીવન પટાવાળાએ મને જાહેર કરેલું જીવન પટાવાળો હીંદુ છે. અંબારામે મને જાહેર કર્યું તે પહેલાં જીવન પટાવાલાએ મને જાહેર કરેલું કે મુસલ-માનોએ તોફાન કર્યું છે. અને અંબારામને માર્યો છે. અને પાલખી ઉપર હુમલો કર્યો છે. તે બાબત મેં હાદામીયાંને ઉપર મુજબ પુછેલું. પણ મેં બીજી કોઈ તપાસ કર્યો નથી. તેમ

તપાસ કરવાનો વખત નહોતો. અમે તોફાન કર્યું નથી. એમ દાદામીયાંએ મને કહ્યું નહોતું તોફાન કર્યું છે એમ પણ કહ્યું નહોતું. દાદામીયાં કે બીજા મુસલમાનોએ મને એમ ત્યાં કહ્યું નહોતું કે પાલખી નથી નીકળી છે. માટે તેનો બંદોબસ્ત કરો. આંહી શું કામ ઉભા છો એમ બધા મુસલમાનોને મેં પુછ્યું નહોતું. પણ પુછવા મેં ઓસમાણ અલીને બોલાવેલો. પણ એ ઓસમાણ આવ્યો નહોતો. હું મસીદ આગળ ઉભો હતો ત્યાંથી મેં જીવન કારકુનને મસીદમાંથી ઓસમાનને બોલાવી લાવવા મસીદમાં મોકલેલો પણ ડેલીના કમાડ બંધ થઈ જવાથી તે જીવન પછી બહાર આવ્યો નહોતો. હું મસીદ આગળ ઉભો હતો ત્યાં ડેલીનાં કમાડ બંધ થઇ ગયાં. મુસલમાનોને અંદર જવાનું મેં કહ્યું ત્યારે સાત આઠ મુસલમાનો બહાર રહેલા. તે લોકો કમાડ બંધ થયાં ત્યારે ડેલીમાં પેસી ગયેલા કે નહીં તે મારૂં ધ્યાન નથી એ બહાર રહેલા સાત આઠ મુસલમાનો ડેલી બંધ થયા પછી મારા જોવામાં આવ્યા નહોતા. જીવન તથા અંબારામે અને બીજાએ મને હકીકત જાહેર કરી તે વખતે મને જાહેર કરેલું કે મસીદ આગળથી ખાલી પાલખી આવતી હતી પણ તે વાત સાચી હતી કે નહીં તેનો મેં તપાસ કર્યો નથી. દાદામીયાએ પાખી નીકળ્યાની વાત કહેલી ત્યારે તે વાજતે ગાજતે હતી. એમ જાહેર કર્યું નથી. કોરટની બારીએથી મેં જોયું તો અગાશીમાં મુસલમાનોને જોયેલા. તે બારીએથી અગાશીમાં મુસલમાનો હતા એમ પારખી શકાય ખરૂં મેં બારીએથી પડેલી નજર અગાશી ઉપર કરી ત્યારે ત્યાં આસપાસ છાપરાંઓ ઉપર માણસો ચડેલાં નહોતાં. પછી હું બારીએ હતો ત્યાં પંચ મીનીટ દરમ્યાન મસીદની આસપાસ છાપરાં ઉપર માણસો ચઢી ગયાં હતા. તે આસપાસના છાપરાં ઉપરના માણસોહુ હીં હતા. અને તે મસીદ તરફ મુસલમાનો ઉપર ધા કરતા હતા. તે આસપાસ છાપરા ઉપર આશરે પચીસેક માણસો હશે. તે બધા ધા કરતા હતા કે નહીં તે કહી શકાય નહીં. છાપરા ઉપર હીંદુઓ હતા. તે મસીદની અગાશીમાં ઉતરેલા અગાશીમાં કેટલા ઉતરેલા તે હું કહી શકું નહીં હું પહેલીવાર મસીદે ગયો ત્યારે મોહન વકીલ કોરટમાં હતા. હું પહેલીવાર મસીદે ગયો ને પાછો આવ્યો ત્યાં સુધીમાં સ્વામીનારાયણના પાળા જોવામાં આવ્યા નહોતા. બીજી વાર સાકરલાલભાઈ સાથે હું મસીદે ગયો ત્યારે કોઇ પાળા જોવામાં આવયા નથી. વહીવટદાર સાહેબ સાથે હું મસીદે ગયો ત્યારે વહીવટદાર સાહેબ સાથે હું મસીદમાં ગયો હતો તે વખત મસીદની અંદર હીંદુ આયર કે પાળા હતા તે મારૂં ધ્યાન નથી. તે વખત મેં અગાસી ઉપર નજર કરી નહોતી.

મસીદના કુવા તરફના છાપરા તરફ મારી નજર ગઇ નહોતી. હું મસીદમાં ગયો ત્યારે મસીદમાં મુસલમાનોને વાગેલું તે તરફ મારૂં ધ્યાન હતું બીજા કશા ઉપર મારૂં ધ્યાન નહોતું. મસીદની અંદર ચાલતાં ત્યાં ડીકરાં વીગેરેની નડતર થઇ નહોતી. ત્યાં મુસલમાનોને વાગેલું તેને જોઇ મેં તપાસ કરી નહોતી. એક બે જણા ઘાયલ થયા હતા. તેઓ ઓશરીમાં કે ઓશરી બહાર હશે. આયરોને મેં આવતા જોયેલા તેમાંથી મેં કોઇને ઓળખ્યા નથી. આયરો તરફ હાથ ઉંચો કરીને મેં પાછા જવાનું કહેલું પણ મોઢેથી કાંઇ બોલ્યો નહતો. મેં હાથ ઉંચો કર્યો. પછી ધા પડયા અને તુરત હું ચાલ્યો ગયો હતો આયરો પાછા ચાલ્યા ગયેલા કે નહીં તેની મને ખબર નથી. હું ઉતારામાં પાછો ગયા પછી વહીવટદારને આયરો

મારે મેં કાંઈ પુછ્યું નથી. આબરોની મદદ માગવાને શાકરલાલભાઈને ફરી કહેવાને મને વીચાર થયો નહોતો પછી બીજી વખત સાકરલાલભાઈ સાથે હું મશીદે ગયેલો. ત્યાંથી અમે ઠાકોરજીની પાલખી લેવા ગયા, ત્યારે આબરોની અમે મદદ લીધી નથી. મશીદ બહાર આબરો હતા, તેઓ પાંચ સાત આબરો હતા. વીશ પચીશ આબરો આવેલા તે પૈકીના પાંચ સાત આબરો હતા. કે નહીં તે મારૂં ધ્યાન નથી. તે લોકો પાસે હથીઆર હતાં કે નહીં તે સાધ નથી. એ પાંચ સાત આબરોના નામ પણ ખબર નથી, તેમ દીઠે ઓળખી શકું પણ નહીં મુળુ ખાચરના દરબારમાં ઠાકોરજીની પાલખી રોકેલી, ત્યાં અમે ગયા હતા. ત્યાં કેટલાક સાધુએ કહ્યું કે એ પાલખી મશીદ પાસે થઈ બજારે થઈ લઈ જવી જોઈએ પણ તેમ નહીં કરવા દેતાં અમે રામજી મંદીર ઉપર થઈ લેવડાવી ગયા હતા. સ્વામીનારાયણના કોઈ પાળાને વગાડયાનું તે વખતે અમને જાહેર થયું નહોતું. પણ પાળાને વગાડયાનું મેં જાણ્યું હતું. તેજ દીવસે ચાર પાંચ વાગે મેં એ વાત જાણેલી. મેં કયાં આગળ જાણેલી અને કોણે કહેલી તે હું કહી શકું નહીં. એ પાળાને કયાં આગળ વગાડેલું અને શું વાગેલું તે પણ મારી પાસે જાહેર થયું નથી પાળાને ગામમાં કયે ઠેકાણે વગાડેલું તે પણ મેં જાણ્યું નથી ઠાકોરજીની પાલખી લેવડાવી અમે પાછા ફર્યા ત્યારે મંદીરની અંદર ગયો હતો. ત્યાં કોઈ પાળાને ખાટલે નાંખી લાવેલા કે નહીં તેની મારી સરત નથી. હું ઉતારામાંથી પહેલી વાર મશીદે ધોકો લઈને ગયેલો, પણ રસ્તેથી છગન કારકુને તેની છત્રી મને મેં માગવાથી આપી. અને મેં મારી સાથેના ધોકો તેને આેા હતો. પછી ધોકાનું શું થયું તેની મને ખબર નથી. જો ધોકો મને બતાવવામાં આવે તો ઓળખી શકું ખરો. મુસલમાનની ફરીયાદના કામમાં રજુ થયેલો ધોકો મને બતાવ્યો તે મારો ગુમ થયેલો ધોકો નથી. તોફાનને દીવસે ચાર ખાનાર ચાર જણની જુબાની મેં લીધી છે. તેમની સ્થીતી ભયંકર હોવાનું ડાકતર સાહેબે લખી મોકલવાથી તેમની મેં જુબાની લીધી હતી. એ ચારે મુસલમાન હતા વહીવટદાર સાહેબ સાથે હું મસીદે ગયો ત્યાં ઘણા માણસો હતાં તેમાં ઘણો ભાગ હીંદુઓનો હતો એમ મારૂં ધ્યાન નથી. મેં તેમાંથી કોઈને ઓળખ્યા નહોતા મશીદની બહાર હીંદુઓ હતા ખરા. જે હીંદુ મીનારા તોડતો હતો તેને મેં ઓળખ્યો નથી તે કેવી જાતનો હીંદુ હતો તે હું જાણતો નથી તે હાથે વતી મીનારો ધક્કા મારીને પાડતો હતો. તે પડી ગયેલો તે મેં જોયેલો તે મશીદની આથમણી શેરીમાં પડેલો તે પડવાથી કોઈને વાગ્યું નથી. એ પાડનારને મદદ કરવામાં કોઈ નહોતું અગાશીમાં તે વખત બીજો કોઈ હીંદુ હતો કે નહીં તેની મને ખબર નથી તે મશીદમાં કેટલું નુકશાન થયું તે વખતે કે તે પછી મેં તપાસ કર્યો નથી, તેમ પાલખીને શું ઇજા પહોંચી છે તેનો પણ મેં તપાસ કર્યો નથી માજન અને મેમણ અમારી પાસે આવેલા. ત્યારે મેં વાણીઆઓને કહેલું કે દુધ અને ખાંડ જેવું તમારે બંધ કરવું ન જોઈએ. ત્યારે તેમણે કહ્યું કે અમે બંધ કર્યું નથી જીવન કારકુન ઓસમાનને મશીદમાં તેડવા ગયો ને મારો ધોકો તેની પાસે હતો તે લઈનેજ ગયેલો. આ કામમાં દાદામીયાંને તેનો તોફાની ચાલને માટે તેને બરતરફ કરવાનું મેં લખાણ કર્યું નથી. મશીદમાં વાગેલા બે ત્રણ જણા હતા. તેમાં દાદામીયાં પણ હતો. પોલીસની માગણીથી પજુસણમાં તકરાર નહીં કરવાના મુચરકા પાણીયા, મુસલમાન બંને કોમના મેં લીધા છે.

જે ધોકો રજુ થયો છે. તેનાથી જુદી જાતનો અને જુદા રંગનો મારો ધોકો હતો. રજુ થયેલાથી ફીકા પીળા રંગનો મારો ધોકો હતો.

ફરી તપાસ—મુચરકા લીધા છતાં તાબુત ઠંડા નહીં કરવાનું કોઈ કારણ મુસલમાનો તરફથી મને કહેવામાં આવ્યું નથી. મસીદની ડેલી બંધ થતાં પહેલાં આયરોને મેં આવતા જોયેલા. ડેલીનાં બારણાં બંધ થયા પછી ઘા થવા માંડેલા. મીનારો હીંદુઓએ પાડયો તે વખતે અગાશીમાં મુસલમાન નહોતા. તેમ ત્યાં કોઈ જગોએ મુસલમાનોને જોયા નહોતા.

કોર્ટના સવાલમાં—બધા આયરોના હાથમાં લાકડી હતી કે નહીં તે હું કહી શકું નહીં. કોઈ આયરોના હાથમાં કોશ કોદાળી નહોતા. બીજી વાર હું વહીવટદાર સાહેબ સાથે મસીદે ગયેલો. ત્યારે જખમીઓને જોઈ બંદોબસ્ત વાસ્તે માણસ મુકી હું અને વહીવટદાર સાહેબ સાથે ચાલ્યા ગએલા. ત્યાં મુસલમાનોએ પાણીને વાસ્તે અરજ કરેલી, તે સીવાય કોઈ અરજ કરેલી નહોતી. તેથી પાણીને વાસ્તે અમે બંદોબસ્ત કરેલો. હું વહીવટદાર સાહેબ સાથે મસીદમાં ગયો ત્યારે જીવન કારકુન મસીદમાં નહોતો. મંદીરમાંથી ઉતારામાં પાછા આવ્યા ત્યારે જીવણ કારકુનને બાલાવેલો. જીવણે મને જાહેર કર્યું કે ધોકો લઈ મસીદમાં ગયેલો પછી ડેલી બંધ થઈ ગઈ તેથી મુસલમાનો તેને મારશે એવી બીક લાગવાથી ત્યાં ધોકો આલસી ધાંચીને મસીદમાં આપી દીધેલો. મસીદમાં પાલખી મુકી અમે ને વહીવટદાર સાહેબ પાછા આવ્યા. તે દરમીઆન મારા ધોકા વીશે વહીવટદાર સાહેબ સાથે વાત થયેલી ક્યાં આગળ વાત થઈ તે મને યાદ નથી. મેં કહ્યું કે મેં છત્રી ઉપાડી અને ધોકો મેં જીવણને આપ્યો. ને તે ધોકા સહીત મસીદમાં ગયો ને ત્યાં રહી ગયો છે એ વાત કર્યા પછી જીવનને અમે મસીદમાંથી બહાર કાઢવા ગયા નથી. જમાદારે હકીકત જાહેર કરી તે ઉપરથી કોઈ મુસલમાનને મારી પાસે તેડી લાવવા મેં જમાદારને મોકલ્યા નહોતા, મુસલમાનોને તેડાવ્યા છતાં તે આવ્યા નથી. એવું મેં વહીવટદારને કહેલું કે નહીં તે યાદ નથી. હું પહેલી વખત મસીદે ગયો તે પહેલાં સરદાર મારો પટાવાળો મારી પાસે ચેમ્બરમાં આવ્યો હતો. વલભ આવ્યા પહેલાં એ સરદાર આવેલો જમાદાર આવ્યા પહેલાં કે તે પછી તે હું કહી શકું નહી. સરદાર તોફાનમાં હાજર હતો. એમ મને કોકે કહેલું પણ કોણે તે યાદ નથી. તે ઉપરથી મેં સરદારને ઠપકો આપેલો કે ત્યાં તું શું કામ ગયેલો. ત્યારે તેણે કોઈ જવાબ આપ્યો નહીં. બે ત્રણ મુસલમાનોને વાગેલું અને ૨૫–૩૦ ત્યાં ઉભેલા મુસલમાન હતા તે તરફ મારું ધ્યાન ગએલું પણ બાંગ તોડ તરફ મારું ધ્યાન ગયેલું નહીં. હું પહેલી વાર મસીદે ગયો ત્યારે મુસલમાન લુચા છે, મારો, મસીદ તોડી નાંખો એવું મેં કહેલું નહોતું. મને જમાદાર પહેલું જાહેર કરવા આવ્યા અને હું મસીદે જઈ પહેલીવાર ઉતારામાં આવ્યો તેના વચમાં ૭–૮ મીનીટ થઈ હશે. હું પહેલી વાર મસીદે ગયો ત્યારે રસ્તામાં મેં પહેલીવાર પાલખી જોઈ નહોતી. મસીદ આગળ થઈને પાલખી નીકળે છે કે નહીં તે ચાર વરસના રેહાણમાં મારા જોવામાં આવ્યું નથી. તોફાન બંધ પાડવાને માટે હું બીજી વાર મસીદે વહીવટદાર સાથે ગયેલો. રસ્તે ચાલતાં છાપરા ઉપરથી લોકોને ઉતરી જવાનું તથા તોફાન બંધ કરવાનું કહેતા ગએલા. પહેલીવાર હું મસીદેથી ઉતારે ગયો ત્યારે મને વાગશે એવી બીક લાગવાથી તોફાન બંધ રાખવાનું મેં કોઈને કહ્યું નથી. વ-

લભ જમાદાર ક્યાંથી આવેલો તે મારા જાણવામાં નથી. એ પટાવાળા સરદારને આ તહોમતવાળામાંથી ઓળખી બતાવું છું. ઝીંઝાવદરનો મુખી મારી પછવાડે બે ત્રણ કદમ ઉપર હતો ત્યારે તેને વાગેલું. મેં હન વકીલ કોરટમાં ક્યારે આવેલા તેની મને ખબર નથી. પહેલી વખત મશીદે જતી વખત તેને કોરટમાં જોયેલા. આપરો આવતા હતા તે મારાથી પચીસ ત્રીસ કદમ છેટે હતા માટે તેને મોઢેથી પાછા જવાનું કહ્યું નહોતું તેમ સીપાઈ સાથે કહેવરાવ્યું નહોતું. હું સડક આગળ એટલા માટે બેસવાનું કરતો હતો કે ઠાકોરજીની પાલખી ત્યાં થઈને જાય ત્યાં સુધી બેસું કે કાંઈ તોફાન થાય નહીં. હું મશીદે ગયો ત્યારે મારી સાથે પાંચ છ હીદુઓ થએલા પણ તે ક્યાંથી તે મારી સાધ નથી. હું અગાશીથી પંદર વીસ કદમને છેટે ઉભો હતો ત્યાં છત્રીના ડાંડા ઉપર ઘા આવેલો તેથી હું કહું છું કે અગાશીમાંથી આવેલો. મશીદમાંથી ઓસમાનને બોલાવવા જીવનને મોકલેલો. તે બહાર ઉભેલા મુસલમાનોમાં હતો કે નહીં તે મારી સાધ નથી. એ ઓસમાન મુસલમાનનો અગ્રેસર છે, તેથી મશીદમાં હશે એમ ધારી જીવનને મોકલ્યો હતો. પહેલી પાલખી વખત તોફાન થએલું માટે મને બીક હતી કે ઠાકોરજીની પાલખી મશીદ આગળ થઈ સડકે નીકળે ત્યારે પણ તોફાન થશે તેથી મેં ઓસમાણને જીવન મારફત બોલાવેલો. મુચરકા લેવાયા છે તે ઇન્સાફી તજવીજ થઈને લેવાયા નથી કારણકે તેમ કરવાનો વખત નહોતો. પોલીસની માગણી પ્રમાણે મુચરકા લેવાયા છે. તોફાનને દીવસે વરઘોડાના બંદોબસ્ત વાસ્તે જમાદારની માગણી ઉપરથી મારા પટાવાળાને મેં સરો મુક્યા નહોતા. ઘા કરતાં મેં જોયું તે કોરટની બારીએથી જોયેલું. તે મુંગા મુંગા કરતા હતા. જે ઘા મારી છત્રી ઉપર પડ્યો તે જ ઘા ઝીંઝાવદરના મુખીને લાગેલો તે હું કહી શકું નહીં. મીનારો પડ્યો તે ભાગમાં કોઈ માણસો નહોતા. એ મીનારો પાડનાર માટે તે વખત કાંઈ તજવીજ કરી નહોતી. હું વહીવટદારના ચેમ્બરમાં વહીવટદાર સાથે બેઠેલો, તે વખતે જીવન પટાવાળો જાહેર કરવા આવેલો તે પછી હું મારા ચેમ્બરમાં ગયેલો તે પછી પોલીસ જમાદાર અંબારામ જાહેર કરેવા આવેલો. આ કામમાં પોલીસે મારી હકીકત માંગી હતી તે મેં લખી મોકલી છે. મેં કોરટની બારીએ જોયું ત્યારે મશીદની અગાશીમાંથી ઘા રસ્તા ઉપર તથા છાપરા ઉપર થતા હતા અને છાપરા તરફથી મશીદ ઉપર ઘા થતા હતા મેં મશીદે તાલુક ઉપર લાકડી ફેંકી નથી. દાદામીયાં કોરટનો પટાવાળો હતો અને તોફાનમાં અગ્રેસર થાય તે મને ઠીક નહીં લાગ્યું તેથી મેં એને કોરટમાં લઈ જવાનો હુકમ આપેલો. પણ બીજા ત્યાં ઉભા હતા. તેમણે તેને લઈ જવા દીધો નહીં. દાદામીયાંની વાત ઉપરથી અને બધા ત્યાં ઉભા હતા તે ઉપરથી મને ઉશ્કેરાયલા જણાતા હતા. જમાદાર ઉતારામાં નીચે આવેલા ખરા. ને તેણે મને માર્યાની હકીકત કહેલી ખરી. મેં પોલીસને લખી મોકલેલી હકીકત મને આજ બતાવી તે એજ છે. મને ચાર જણાની જુબાનીઓ બતાવી તે જોઈ કહું છું કે તે મેં લખી લીધેલી તેજ છે. એ જુબાની આપતી વખત એ ચારે જણા ભાનમાં હતા. જે પાલખી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તે પાલખી મને કોઈ તરફથી બતાવવામાં આવી નથી. મશીદેથી પહેલીવાર ઉતારામાં આવીને મેં પોતાથી બારીએથી તોફાન જોયું નહોતું પણ મોહને બોલાવ્યાથી હું ત્યાં ગએલો. મશીદની અંદર કે મશીદની ઉપર કે રસ્તામાં કે છાપરા ઉપર

જે હીંદુ મુસલમાનો હતા તે મને કોઇ પણ હીંદુ મુસલમાન બતાવવામાં આવે તો તે કહી શકાય નહીં.

જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહ્યું.

તા. ૨૭ ડીસેમ્બર સને ૧૯૦૭.

વ્રજદાશ ડાયાભાઇ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર.
(સહી) વામનશરામ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૪.

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ

મારૂં નામ રહેમાનશાહ છે. મારા બાપનું નામ બહાદુરશા છે.
મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ફકીરની છે.
હું સાવરકુંડલામાં રહું છું. મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે.
મારો કસબ માગવાનો છે.

કોર્ટના સવાલના જવાબમાં લખાવું છું કેઃ—

હું આજે અગીયાર બાર બજે અહીં મેળો કરવા આવ્યો છું અને મુસાફરખાનામાં ઉતર્યો છું. રોટી પકાઇને ખાઇને હું છાપરામાં બેઠો હતો ત્યાં અવ્વર લોકોએ આવીને હલ્લા કરી મુસાફરખાનાને દરવાજેથી આવીને મારવા મંડ્યા માથામાં એક જુવાને મને ખોળીવાળી લાકડી મારી તેથી ખુન નીકળી ગયું. અને હું પડી ગયો. હું તેને દેખું તો પીછાનું, તેનું નામ મને ખબર નથી. તેજ જુવાને પીઠ ઉપર સાત આઠ લાકડી મારી એટલામાં એક બુઢો આયર આવ્યો. તેણે કહ્યું કે એ બીચારા ફકીર હે ઉસકું મત માર, એણે મને છોડાવ્યો. આયરના ૫૦–૬૦ માણસો આવ્યાં હતાં. એ બધા લાકડી મારતા હતા. મશીદમાં કેટલા મુસલમાન હતા તે મને ખબર નથી. મને કેમ માર્યો તે ખ્યાલ રહયો નથી. બીજા ત્રણ ચાર ફકીર બેઠા હતા. તેમાંના બે જણા ભાગી ગયા. બીજા ફકીરને માર્યો તેનું નામ યાદ નથી. મને અત્યારે ઠીક છે. દવા કરૂં છું. મને મારને લગે જબ એકકા સુમાર થયા હતા. વાંસા ઉપર લાકડીઓ પડી, તેથી લોહી નીકળ્યું નથી. પણ દુખાવો બહુ થાય છે.

તા. ૧૮–૯—૦૭ રાત્રીના અગીયાર.

રૈમાનશાહ બહાદુરશાહની સઇ દા. કાજી હસન આઝમ.

મારા રૂબરૂ સોગન ઉપર.
(સહી) વ્રજદાસ ડાયાભાઇ
ન્યાયાધીશ.

## આંક ૭

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ અંબારામ છે.
મારા બાપનું નામ બાપુભાઇ છે.
મારો ધર્મ હીંદુનો છે.
મારી જાત બ્રાહ્મણની છે.

મારી ઉમર આશરે વરસ ૩૭ ની છે.
મારો કસબ નોકરીનો.
હું હાલ કુંડલામાં રહું છું.

ફરીઆદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કેઃ—

આંહી બેઠેલા તમામ તહોમતવાળાઓ ગઢડાના રહીશ છે. તા ૧૦–૧૮—૦૬ થી તા. ૧–૧૦–૦૭ સુધી હું ગઢડામાં પોલીસ જમાદાર હતો. તહોમતવાળાઓ પૈકી ઓસમાણ અલી, ઇસા અલી, અબરામ હાસમ, દાદા મહમુદ, અબદલા મહમુદ, તાલબ મહમુદ, હાજીજી મહમદ, સામો ખાટકી, જમાલ જીવા, ઓસમાણ પટાવાળો, સરકાર પટાવાળો, હસન કાજી, અબરામ લાખા, મહમુદ હવાલદાર, એટલાં નામ હું જાણું છું. તા. ૨૪–૨–૦૭ ના રોજ તાજીઆના સંબંધમાં પીપળાને માટે તોફાન થવાથી એ મુસલમાનના આગેવાન ઓસમાણ અલી, અબદલા કાજી, તથા બે ચાર જણાના મુચરકા લેવા રીપોર્ટ કરેલો. તાબુતના સંબંધમાં તોફાન થશે એવું મારા જાણવામાં આવેલું, સરઘસની તાજીઓ બોટાદના ઝાંપા આગળ આવેલો. તે વખતે પોલીસ ફોજદાર સાહેબ તરફથી એક માણસ અને એક બ્રાહ્મણ મારી પાસે આવ્યો અને મને જાહેર કર્યું કે મુસલમાન પીપળો કાપશે માટે બંદોબસ્ત કરવા ફોજદાર સાહેબે કહેવરાવ્યું છે. તેથી તાજીઆ સાથે તહોમતવાળા અબદલા કાજી તેના બાપનું નાંમ મહમદ છે અને તહોમતવાળો તાલબ તેના બાપનું નામ મહમદ છે અને બંને ભાઇઓ છે. તેમને મેં બોલાવી પુછ્યું કે તમોને અડચણ શું છે પીપળો શા વાસ્તે કાપવો જોઇએ ત્યારે તેમણે જવાબ દીધો કે તાજીઆ ઉંચા છે અને પીપળો નડે છે. સરઘસને આગલે દીવસ મને ફોજદારે કહેલું કે મુસલમાન લોકો કહે તેમ અડચણ હોય તો પીપળો બંધાવી દીઓ. પછી મેં તેમને સાથે રાખીને તેમના કહ્યા મુજબ પીપળો બંધાવી દીધો હતો. સરઘસની રાતે તાલબ અને અબદલાને મેં કહ્યું કે તમે પીપળો કાપવો રહેવા દીઓ અને અડચણ હોય તો કહો તેટલો બંધાવી દઉં. તાજીઓ બોટાદના ઝાંપા આગળ મુકીને અબદલો ને તાલબ મારી સાથે પીપળે આવ્યા ત્યાં એ લોકો કહેવા લાગ્યા કે ડાળખી નડશે અને અડચણ આવશે પછી હું તેમને ફોજદાર પાસે લઇ ગયેલો. તેટલાજ ઉપરથી મેં તેમના મુચરકા લેવા રીપોર્ટ કર્યો હતો. પછી રાતની વખતે લવજી બોઘે મારતર અને બીજા મુસલમાનોની સમજાવટથી પીપળો બાંધ્યો હતો ત્યાં થઇને રાતે તાબુત પસાર થઇ ગયેલા. પછી બીજે દીવસ થંડા કરવાને દીવસે મસીદ પાસેથી મુસલમાન લોકોએ તાબુત ખસેડયા નહોતા. પછી ચોથે દીવસે જમાદાર ભાવનગરથી લખાણ લઇને આવ્યા ત્યારે તાજીઆ તેજ રસ્તેથી પસાર થએલા. પછી પચુસણના વખતમાં ફોજદાર સાહેબની ગેરહાજરીમાં હીન્દુ અને મુસલમાન બંને લોકોના મુચરકા લેવાનો રીપોર્ટ કરેલો. મહાજને મુસલમાનોને કહેલું કે હમેશ મુજબ પચુસણ પાળો છો તેમ પાળો એટલે તેમણે ના કહી,

તેથી હીંદુએ તેનો વહેવાર બંધ કરેલો તેથી મેં તેઓ બંનેના મુચરકા લેવડાવેલા. પર્યુસણને પહેલે દીવસે મસીદ આગળ ગેટ પાસે બાંકડા અને ખુરસી નાંખીને મુસલમાન બેઠા હતા. મેં તેમને બેસવાનું કારણ પુછતાં અમસ્થા બેસવાનું કહેલું. અમે કાંઈ તોફાન કરતા નથી. હીંદુઓ કહેતા હતા કે અમારા ધર્મનું અપમાન કરશે અને તોફાન થશે. ફોજદાર ગામમાં નહીં હોવાથી મેં એ બધી હકીકત ન્યાયાધીશ સાહેબને કહેલી. બે ત્રણ બાંકડા અને એક બે ખુરસી ઉપર આશરે ૨૫-૩૦ મુસલમાનો બેઠા હતા. મેં તેમને રસ્તા ઉપર નહીં બેસતાં વીખરાઈ જવાનું કહેલું પણ તે લોકો વીખરાઈ ગયા નહીં. પર્યુસણ પછી આઠેક દીવસે જળ ઝીલણી એકાદશી આવે છે, તે દીવસે સ્વામીનારાયણનો વરઘોડો નીકળે છે. ૯-૧૦ થી મેળો ભરાવો શરૂ થાય છે. મેળામાં આશરે દસ પંદર હજાર માણસો થાય છે. એ અગીઆરશે સ્વામીનારાયણના મંદીરમાંથી એક વરઘોડો નીકળ્યો તે મેં જોયેલો. એ વરઘોડામાં બે પાલખીઓ હતી. વાજીંત્રમાં નગારાં અને ઝાંઝ પખાજ હતાં. ડંકો અને નીશાન એ પણ વરઘોડામાં હતાં. હું એ વરઘોડા સાથેજ હતો. વરઘોડો અગીયાર વાગ્યા પછી નીકળેલો. વરઘોડો ઉભી બજારે થઈને ભડલીને ઝાંપે થઈને કુંડે વરઘોડો ગયેલો. ઠાકોરજી જળ ઝીલી રહ્યા પછી મારી તબીયત ઠીક નહીં રહ્યાથી ભાઈશંકર વકીલને ઘેર આવીને બેઠો અને મારા માણસોને કહી આવેલો કે જે રસ્તે થઈને આવે છે તે રસ્તે આવવા દેજો. કુંડે અમારાં માણસ રહેલાં તેમાં અમારો મુખ્ય માણસ લખમીશંકર રામજી હવાલદાર રહ્યો હતો. ભાઈશંકરને ઘેર આવીને હું ઓટલા ઉપર બેઠો તે વખતે એક વાગ્યાનો વખત હતો. મેં ત્યાં પાણી પીધું એટલામાં મંદીરની રૂપાની પાલખી ઠાકોરજી સહીત ત્યાં આવી પહોંચી. તે કુંડેથી ચાલી આવતી હતી. તેની સાથે વાજીંત્ર નહોતું. એ પાલખી સાથે મંદીરનાં સાત આઠ માણસો હતાં તે વખતે જતાઆવતા માણસ ત્યાંથી જતા આવતા હતા. એ પાલખી સાથે પોલીસ હવાલદાર લખમીશંકર તથા પોલીસના બે માણસો હતા. હું પણ પાલખી સાથે ચાલવા માંડયો. પાલખી ચાલવા માંડી એટલે ત્યાં એટલાંજ માણસ હતાં. ભાઈશંકરના મકાનથી મસીદ ૧૦૦-૭૫ કદમ છેટે છે. પાલખી મસીદ આગળ આવી ત્યાં મસીદના દરવાજા બહાર ૨૦-૨૫ માણસોનું મુસલમાનોનું ટોળું હતું. જેમાંથી થોડાનાં નામ હું જાણું છું. તે તહોમતવાળા ઓસમાણ અલી, ઇસા અલી, અબરામ હાશમ, અબદલા કાજી, વાલજી, દાદામીયાં, સરદાર, જમાલ, હસન કાજી, સત્તો ખાટકી, હાફીજી, એટલાનાં નામ મને ખબર છે. બીજાનાં નામો ખબર નથી પણ દીઠે ઓળખું છું. મેં લખાવેલા નામવાળા સીવાયનાં તહોમતવાળા પૈકી કોઈ મસીદ આગળ તે વખત ઉભા હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી. પાલખીને ચાર ઉપાડનાર હતા. દાદામીયાં એકદમ ટોળામાંથી પાલખી ઉપર ધસ્યો, અને પાલખીને ઝોંટ મારી. બીજા પાંચ સાત મુસલમાનો પાલખી ઉપર ધસવાને ગયા ને અમો આડા ફર્યા. એટલામાં પાલખી ત્યાંથી પસાર થઈ ગઈ. દાદામીયાંએ પાલખીને ઝોંટો માર્યો તેમાંથી પાલખીમાંથી કાંઈ ગયું કે નહીં તેની મને ખબર નથી. બીજા કોઈ મુસલમાનોએ પાલખી ઉપર ઝોંટ મારેલી કે નહીં તે તરફ મારૂં ધ્યાન નથી. હું તો કહેતો રહ્યો કે આ શું કરો છો? પાલખી જરા આગળ ખસી કે ત્યાં હોકારો થયો કે જમાદારને મારો શુ જોઈ રહ્યા છો. તે વખત મસીદના દરવાજાનાં બારણાં ખુલ્લાં હતાં. મસીદની અંદર તે વખતે માણસો

જોવા આવતાં હતાં, પણ કેટલાં હતાં તે મારી સાધ નથી. મસીદની અગાશી તરફ મારૂં ધ્યાન ગયું નહોતું. મસીદના આસપાસના છાપરા ઉપર મારી દૃષ્ટી તે વખતે ગઇ નહોતી. હીંદુના આવજા કરનારાં માણસ સીવાય જથાબંધ માણસો તે વખતે એકઠાં થએલાં મારા જોવામાં આવ્યાં નહોતાં. મુસલમાનો ત્યાં ઉભા હતા. તેમાંના કેટલાક પાસે સાંબેલાં અને કેટલાક પાસે લાકડીઓ હતી. તે ૩૦-૪૦ મુસલમાનોમાં કોઇ ખાલી હાથે હતો કે નહીં. તે મારૂં ધ્યાન નથી. ચુનો ખાંડવાનાં સાંબેલાં કેટલાક માણસોના હાથમાં હતાં. તહોમતવાળા કાજી અબદલા મહમદે આવીને એક લાકડી મારા હાથ ઉપર મારી. તે મારા હાથનો કાંડા ઉપર વાગેલી તે વખત બીજી બે લાકડી મારા ઉપર પડેલી તેમાં એક લાકડી જમાલ પટાવાળાએ મારા વાંસામાં મારેલી. અને લમણા ઉપર લાકડી દાદામીયાંના છોકરાએ મારેલી. તેને હું તહોમતવાળાઓમાંથી બતાવી આપું છું. તેનું નામ પુછતાં વજી દાદામીયાં કહે છે. અને મારા તે વખતે મારા હવાલદાર લખમીશંકરને માર પડેલો છે. તેને તહોમતવાળો હારીજી મળએલો હતો. અમારામાંના બીજા કોઇને ત્યાં કાંઇ વાગ્યું છે કે નહીં તેની મારી સાધ નથી. પછી હું ત્યાંથી નાશીને પોલીસ કચેરીમાં આવ્યો અને બોરીસ જમાદાર વલભને એ હકીકત જાહેર કરી, પછી વલભ જમાદાર ન્યાયાધીશ પાસે ચેમ્બરમાં ગયા અને અને હું નીચે બહાર ઉભો રહયો. ન્યાયાધીશ સાહેબ ચેમ્બરની અગાશીમાં આવ્યા. મેં તેમને કહ્યું કે પાલખી આવતી હતી અને આ પ્રમાણે માર મને વાગેલો છે. અને મારામારી થએલી છે. બીજી પાલખી તે રસ્તે થઇને આવવાની છે. મારી પાસે માણસો નથી માટે બંદોબસ્ત કરો, પછી ન્યાયાધીશ સાહેબ ઉપરથી ઉતર્યા ત્યારે મેં તેમને માર બતાવ્યો અને હું કચેરીમાં ગયો. અને ન્યાયાધીશ સાહેબ અને વલભ જમાદાર અને બીજા પટાવાળા મસીદ તરફ ગયા. તે રાતના આઠ વાગ્યા સુધી હું કચેરીમાં રહયો હતો હું ત્યાં બેઠો હતો તે દરમીયાન બીજાં માણસો આવેલાં તેને દવાખાને મોકલ્યા હતા તેમાં ઝીંઝાવદરનો મુખી ખરેડનો સોની, અને કોળી મારખાઇ આવેલા. જ્યારે જમાદાર ન્યાયાધીશ સાહેબ પાસેથી પાછા આવેલા ત્યારે હું પણ દવાખાને ગયેલો. મારે ડાબે હાથે વાગેલું એ મારથી મને વીશ પચીસ દીવસ સુધી હાથે પાટા બાંધી રાખવો પડેલો અને હાડકું ખડી ગયું છે અને ત્યાં ટોલો થઇ ગયો છે. પછી ડાક્તર સાહેબનો અભિપ્રાય તો ગમે તેમ હોય.

ઉલટ તપાસ—તાબુતના અરસામાં નાટકની કમ્પની ત્યાં હતી. એ નાટકના અમુક ખેલનો મંજરો મેં અને નીશાળના માસ્તરના છોકરાએ રાખ્યો નહોતો. મોહરમના પહેલા આઠ દીવસોમાં મુસલમાન મરદો વાજતે ગાજતે ચોકારો કરે છે કે નહીં તેની મને ખબર નથી. કારણ કે અગીયાર વાગ્યા સુધી હું સુઇ જાઉં છું. તે સાત કે આઠથી રાત્રે અગીયાર વાગ્યા સુધી સુઉં છું પહેલા દીવસોમાં મુસલમાનોની બાયડીઓ મરશીયા ગાય છે. મરશીયા કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી ગાય છે તેની મને ખબર નથી. તે મરશીયા બૈરાંઓ ગઢડામાં ગાય છે કે નહીં તે મેં સાંભળ્યા નથી. મરશીયાં બૈરાંઓ ગાય છે એમ મારા સિપાઇના કહેવાથી જાણું છું ગઢડામાં નાટક કંપની આવેલી તે બોટાદના ઝાંપા આગળ ઉતરેલી તે જગ્યા ઉપર રાતનું સરઘસ નીકળ્યું તે રાતે લેવાયલા. બીજી વખતે લેવાયલા કે નહીં તે મારી સાધ નથી. મરશીયા બોલવાની મેં કોઇ વખત મના કરી નથી.

પહેલી વખત મેં ગઢડે નોકરી કરેલી છે. ગઢડામાં દર સાલ મોહરમમાં મુચરકા લેવાય છે કે નહીં તેનો મેં તપાસ કર્યો નહોતો. તાજીઆ ઉપડવાને દીવસે રોજ઼ારે જે બ્રાહ્મણને મોકલેલો તે બ્રાહ્મણનું નામ મને યાદ નથી. તેની સાથે પોલીસનું માણસ નારણ રૂખડ આવેલો. શબ્બસની રાતરે મુચરકા લેવાયા નથી પણ બીજે રોજ મુચરકા લેવાયા છે. કતલની રાત પહેલાં મેં જે પીપળો બંધાવ્યો હતો તે વખતે અબ્દલા કાજીએ કહ્યું હતું કે હવે પીપળો નહીં નડે. એ અબ્દલો ભંડારી મુકાદમ છે. કતલની રાતે પીપળો બાંધીને અબ્દલા ભંડારીને અમે બતાવ્યો ત્યારે તે બોલ્યો કે આ ડાળ અમને નડે તેમ છે હવે અમારા હાથમાં નથી. તે વખત અબ્દલા કાજીએ મને ગાળો દીધી હતી તે ગાળો કેટલીક બીભત્સ હતી. એ બાબતનો રીપોર્ટ મેં મારા ઉપરીને તરત કર્યો છે જે હાલતમાં પીપળો અબ્દલાએ જોયેલો તેજ હાલતમાં અને વધારે કાંઇ ફેરફાર કર્યા સીવાય તાબુત ત્યાંથી પસાર થઇ ગયેલા. તે રાત્રે પીપળો કાપવાનું સાધન મેં અબ્દલા પાસે જોયું નથી. તે રાત્રે પીપળા પાસે બ્રાહ્મણો આયરો કે હીંદુ ત્યાં ભેગા થઇ ગયા નહોતા. પીપળાની આસપાસ તે જગ્યાએ માણસો ત્યાં એકઠાં થયેલાં કે નહીં તે મારી સાખ નથી. સબ્બસની રાત્રે હું તાજીઆ ભેગો ગયો હતો.

સવાલ—ચોરા પાસે આયરો હતા?

જવાબ—તાજીઓ ચોરા પાસે ગયો ત્યારે હું ચોરા પાસે ગયો નહોતો. પીપળે બેશી રહયો હતો. હું તાજીઆ ભેગો ગયો નહોતો. પણ પીપળા પાસે હતો. બોટાદને ઝાંપે મારી ગેટ છે ત્યાંથી પીપળા પાસે ગયેલો તે રાત્રે હું તાજીઆ સાથે ફર્યો નથી તાજીયાવાળા પીપળા માટે હુલ્લડ કરશે એવા ખબર મારી ગેટ ઉપર રાત્રે અગીઆર વાગ્યા પહેલાં મળ્યા હતા. તાજીઆ ઠંડા કરવાને દીવસે એ પીપળાની ડાળી જોયેલી તે જેવી મેં આગલી રાતે બંધાવી તેવીને તેવી બાંધેલી હતી. કાંઇ છોડી નાખેલી નહોતી પીપળો નડશે નહીં ને તાજીઆ લઇ જાય એમ મેં મુસલમાનોને ઠંડા કરવાને દીવસે કહ્યું નહોતું. તાજીઆને માટે હરસાલ પીપળો બંધાય છે. એવું મને કોઇએ જાહેર કર્યું નથી. પીપળાની ડાળો લોઢાના સરીયાથી અને દોરડાથી બંધેલી હતી. ભાવનગરના જમાદાર આવીને તાજીઆ લેવડાવી ગયા ત્યારે તે સાથે હું હાજર રહયો નહોતો. તેથી ડાળો વધારે બાંધવી પડી કે નહીં તેની મને ખબર નથી. અબ્દલાએ કહ્યું કે તાજીઆ હમેશ કરતાં તો ઊંચા નથી. પણ તાજીઆ ઉપર એક ઝાડ કરેલું છે તેને ડાળો વખતે નડશે. એ ઝાડ મેં જોયું હતું હાથ દોઢ હાથ ઉચું હતું એ ઝાડ તાજીઆ ઉપર, ઉપરના ઘુમટ ઉપર મુકયું હતું. તાજીઆ સાથે બંદોબસ્ત માટે આયરોના માણસો જાય છે કે નહીં તેની મને ખબર નથી. ઠાકોરજીના વરઘોડા સાથે બંદોબસ્ત માટે આયરો જાય છે કે નહીં તે પણ મને ખબર નથી, તોફાનને દીવસે વરઘોડો કુંડે ગયો તે વખતે આયરોના માણસો સાથે નહોતા. પીપળાની આસપાસ ઓટો હાલ પાંચ છ મહીના થયાં બંધાવેલો છે. પાલખી જે ભાઇશંકર વકીલના ઘર આગળ આવી, તેમાં લાલજી મહારાજની મુરતી ધાતુની બનાવેલી હતી. પાલખી સહીસલામત પાછી ફરે તેના બંદોબસ્ત વાસ્તે સાથે ગયો હતો. કારણ કે ઘણાં માણસો ભેગાં થયાં હતાં નવ વાગ્યાનો હું બંદોબસ્ત વાસ્તે રહેલો હતો. મેળો જોવાને બહારથી મુસલમાનો પણ આવ્યા હતા.

અને બ્રાહ્મણ તમામ હીંદુ હતા. કેટલા મુસલમાનો આવેલા તે હું આશરેથી પણ કહી શકું નહિં દશ પંદર હજાર માણસો મેળામાં ભેગાં થયેલા. તેમાં ભાવનગરથી ૬૦ મુસલમાનો દુકાન સારૂ આવેલા તે પણ હતા. બીજા આશરે અનેક મુસલમાનો આવેલા હતા ૨૫-૩૦ મુસલમાનો મશીદ બહાર પાલખી ત્યાંથી નીકળી તેમાં ઉભા હતા. તેમાં કોઇ પરદેશી હતો કે નહીં તે મારૂ ધ્યાન નથી. મશીદ આગળ પાલખી આવી તે વખતે પાલખી નજદીક પંદર વીસ હીંદુઓ પાલખીવાળાના અને અમારા માણસો શીવાય હશે ખરા. એ પંદર વીસ માણસો મશીદ આગળ ઉભા રહેલા નહોતા, પણ જતા આવતા હતા. એ પંદર વીસ માણસોને હું ઓળખી શકું નહી એ પાલખી સાથે સાત આઠ માણસો હતા તેના નામ હું જાણતો નથી. તેમાં લાલજી જેઠા હતા. તે સાત આઠ જણા સ્વામીનારાયણના બ્રહ્મચારી, સાધુ અને પાળા હતા. એ લાલજી જેઠા મુસલમાનની ફરીયાદના કામમાં તહોમતવાળો છે. ટેજ છે. ને સાધુ, પાળા કે બ્રહ્મચારી પાસે કાંઇ લાકડી હથીયાર હતાં કે નહી તે સાંભ નથી. મશીદ પાસે ઉભેલા કોઇ મુસલમાને લાલજી જોડે વાત કરેલી કે નહીં તે યાદ નથી. તહોમતવાળા અલીમીયાંને મને બતાવ્યો તેને મારેજ મેં હાફીજી માટે ઓળખાવ્યો છે. તે એજ માણસ છે. ( સાક્ષી કહે છે કે એ માણસને હાફીજી કહે છે. તેનો અર્થ હું જાણતો નથી. ) મુસલમાનોએ ત્યાં પાલખીને ઝોંટ મારી એટલે લાલજી જેઠા આડા પડેલા કે તમે આમ શા માટે કરો છો. ત્યારે મુસલમાનોએ લાલજીને કહ્યું કે કેમ આંહીથી કાઢી. પછી લાલજીએ કાંઇ જવાબ આપેલો કે નહીં તે મારૂં ધ્યાન નથી. ( આ વખત સાક્ષી પોતાની મેળે કહે છે કે પાલખી મુસલમાનોએ ઝોંટી ત્યારે અમે આડા પડી કહ્યું કે તમે આ શું કરો છો. ) ત્યારે મુસલમાનોએ કહ્યું કે આંહીથી કોણ કાઢનાર છે. મારો મારો એમ દેકારો કર્યો હતો. ત્યાર પછી મને લાકડીના ઘા આવેલા. પાલખી સાથે બ્રહ્મચારી, સાધુ અને પાળા હતા. તેમાંથી કોઇને કાંઇ વાગ્યાનું મેં જોયું નથી. હું મશીદે હતો. ત્યાં આગળ કોઇ પાળાને વાગ્યાનું કોઇએ કહ્યું નથી. પાલખી ઉપર દાદામીયાંએ ઝોંટ નાખી. તે વખતે તેના હાથમાં લાકડી કે સાંબેલું નહોતું. દાદામીયાં પછી જે લોકો પાલખી ઉપર ચડી આવેલા તેમાં કોની પાસે લાકડી હોના અને પાસે સાંબેલાં હતાં તે હું કહી શકું નહીં. એ બે ચાર જણામાં સરદાર પટાવાળો, જમાલ અબદલો કાજી, સામો ખાટકી, દાદામીયાનો છોકરો (વલી) એટલા તહોમતવાળાને પાલખી નજીક મેં આવતા જોયા. તેમાંના કોઇએ પાલખીને પૂજા કરી નહોતી. તેમાંના કોઇ પાલખીને અડકેલા કે નહી તે મારૂં ધ્યાન નથી. એ લોકોએ પાલખી સાથેના બ્રહ્મચારી, સાધુ કે પાળાને પૂજા કરી છે કે નહીં તે મારૂં ધ્યાન નથી. પાલખીની બંને બાજુએ એટલે ઠાકોરજી બીરાજ્યા હતા, તેની બંને બાજુએ માણુ-સો હતા. એ બે બાજુએ કેટલા માણસો હતા તે મારૂં ધ્યાન નથી. મશીદ આગળ પાલખી સાથે કેટલા માણસો હતા તે મારૂં ધ્યાન રહ્યું નથી. મુસલમાનો પછીથી મશીદમાં પેસી ગયે-લા કે નહી તેની મને ખબર નથી. મને કોણે માર્યો છે એમ મેં ન્યાયાધીશ સાહેબને કહ્યું નથી. મેં હાથનો માર ન્યાયાધીશ સાહેબને બતાવેલો. બીજો માર બતાવ્યો નથી ન્યાયાધીશ સાહેબ સાથે મારે બીજી વાત થઇ નથી હું કચેરીમાં સુતો હતો. એટલે ન્યાયાધીશ સાહેબ ક્યારે આવ્યા તેની મને ખબર નથી. દવાખાને હું ગયો ત્યાં સુધીમાં હું બીજે ક્યાંય ગયો

નથી. દવાખાનેથી પાછા આવ્યા પછી બે કલાક કચેરીમાં રહ્યો હતો. અને આઠેક વાગે ઘેર ગયો હતો. મારી પાસે ચાર્જ હતો અને પોલીસ ફોજદાર અને પોલીસ ઉપરીને રીપોર્ટ કરવા માટે આવેલો પછી ઓફીસ જમાદારે મને પુછી રીપોર્ટ કરેલો. તે રીપોર્ટ વલ્લભે તેની સહીથી કરેલો. મારી સહી કરાવી નહોતી. તે રાત્રે આઠ વાગ્યા સુધીમાં મુસલમાનો મારી પાસે કે વલ્લભ પાસે માર માર્યાની ફરીયાદ કરવા કચેરીમાં આવ્યા નહોતા. કોઇ મુસલમાનોને વાગ્યાનું રાતના આઠ વાગ્યા સુધીમાં મારી પાસે કોઇએ જાહેર કર્યું નથી. ન્યાયાધીશ સાહેબ મારા જાહેર કરવાથી મસીદે ગયા તે વખતે તેની સાથે પટાવાળામાં જીવન પટાવાળો પણ હતો. ન્યાયાધીશ સાહેબના હાથમાં તે વખતે ધોકો હતો કે નહી તે મારૂં ધ્યાન નથી. હું વરઘોડામાં તાવ વાળો ગયેલો ત્યાં કુંડે મને તરશ લાગી તે કારણથી હું બાપુશંકર વકીલને ઘેર ગએલો. કુંડેથી બાપુશંકર વકીલનું ઘર આશરે ચારસેં કદમ છેટે છે. બાપુશંકરને ઘેર હું ગયો ત્યારે બાપુશંકર ઓટલાની બારીએ બેઠા હતા. હું બેઠો હતો તે ઓટલો રસ્તા ઉપર પડે છે. પહેલો વરઘોડો કુંડે ગયો તે મસીદના દરવાજા આગળ થઇને કુંડે ગયો નહોતો. મસીદના દરવાજાથી વીશ પચીશ કદમ છેટેથી એ વરઘોડો પસાર થએલો. બાપુશંકર વકીલને ઘેર નથુરામ ટ્રેઝરર, ખાચર જીવો એ બે જણ ઓટલા ઉપર બેઠા હતા અને એક અંદર માણસ સુતેલો તે ડોસાભાઇ ગુંઝાભાઇ છે. એમ બાપુશંકરે કહેલું. તે મુસલમાનોના કામમાં તોહોમતવાળો છે. પચુસણને દીવસે મસીદ આગળ બેઠેલા મુસલમાનોએ તોફાન કરવાની ના કહી પણ માજનના કહેવાથી મારા જાણવામાં આવ્યું કે મુસલમાન તોફાન કરશે. એ મુસલમાનો પાસે કાંઈ હથીઆર હતું કે નહીં તે મારૂં ધ્યાન નથી. તે મસીદ આગળ બેઠેલા મુસલમાનોમાં અબદલા કાછ, તાલબ, ઓસમાન અલી, હાશીજી (અલીમીયાં) અબરામ લાખા, એટલા તોહોમતવાળાના નામની મને ખબર છે. બીજા ઘણા હતા. તહોમતવાળો ડોસાભાઇ પણ તેમાં હતો. ત્યાં બીજા બેઠા હતા તેમાં આંહી બેઠેલા તહોમતવાળા પૈકી જે હતા તેમને ઓળખી બતાવું છું. તેમનાં નામ પુછતાં લતીબ અબરામ, હસન તાર, અબરામ હાશમ, સલેમાન અબરામ, જમાલ જીવા, તાલબ મહમુદ, અબરામ લાખા, અબદલા કરીમ કહે છે, ત્યાં બેઠેલાનાં નામ મેં લખાવ્યાં છે તેમાં અબરામ લાખાનું નામ મેં લખાવ્યું છે તેજ અબરામ લાખાને મેં ઓળખી બતાવ્યો છે. તે બેઠેલા માણસો મારી કાંઇ સામા થયા નહોતા. પણ મારા કહેવા મુજબ ઉઠી જવાની ના કહેલી. પચુસણના સબંધમાં વાણીયા કે મુસલમાનના કે કોઇ પક્ષના મુચરકા લેવાનો મેં રીપોર્ટ કર્યો નથી, ફોજદારને મેં તેમના મુચરકા લેવાનું પણ રૂબરૂમાં જાહેર કર્યું નથી. પચૂસણના સબંધમાં વાણીયા અને મુસલમાનના મુચરકા લેવાનો રીપોર્ટ ફોજદારે ન્યાયાધીશને ત્યાં રીપોર્ટ કરેલો. મારા રીપોર્ટ ઉપરથી તેમણે તપાસ કરી રીપોર્ટ કરેલો. મુસલમાન સાથેનો તમામ વહેવાર હીંદુઓનો બંધ છે. અને તે પચુસણના કારણથી બંધ થએલો છે.

ફેરી તપાસ—સવારે એ લોકો પીપળો કાપીને તોફાન ઉઠાવશે એમ બીક લાગવાથી મુસલમાનના મુચરકા લેવાનો રીપોર્ટ કરેલો. મસીદ આગળ પાલખી આવી ત્યારે પાલખી સાથેના ૭ સાત માણસ અને અમારા ત્રણ ચાર માણસ હતા. મેં કહ્યા છતાં પચુસણને

દીવસે મુસલમાનો વીખાઇ ગયા નહિ તેથી મારૂં માનવું થયેલ કે વખતે તોફાન થશે. મુસલમાન પહકીના મેમણો સાથે હિંદુએ વહેવાર બંધ કરેલો છે.

કોર્ટના સવાલમાં—તાબુત ઉપરના ઝાડ માટે રાતરે કોઇએ વાંધો લીધો નહી હતો. વરઘોડો પહેલો ગયેલો તેજ રસ્તે થઇ પાલખી ભાઇશંકરના ઘર પાસે આવે નહોતી. ભાઇશંકરના ઘર આગળથી પાલખી આવી તે રસ્તો કુંડ અને મંદીરની વચ્ચે નજીક છે મસીદ આગળ પાલખીથી પછવાડે હું બે ચાર કદમ હતો. તહોમતવાળા આલસી ઘાંચી પાસે અને એક બીજો મેમણ આંહી નથી તેની પાસે સરઘસની રાતે કુવાડીઓ હતી, એમ આલમે મને બતાવી હતી. એ કુવાડી માટે મેં એ લોકોને પુછયું નહોતું. સરઘસ રાતે ફર્યું તેની સાથે એક પોલીસનું માણસ હતું કે કોણ હતુ એ અત્યારે યાદ નથી. પચુસણમાં તોફાન થશે એમ મને પાનવાળો વલભ કહેતા આવ્યો હતો. તે મહાજનના અગ્રેસરમાં છે કે નહી તે હું જાણુતો નથી ભાઇશંકરના ઘર આગળ એકજ પાલખી આવેલી. બીજી પાલખી સાથે અમારાં બે ચાર માણસો રહેલા. ભાઇશંકરને ઓટલે હું બેઠો હતો ત્યારે મશીદ તરફથી લોકો નદી તરફ ચાલ્યા જતા હતા. પાલખી ભાઇશંકરના ઘર આગળથી આગળ ચાલી તે પહેલાં તેની આગળ લોકો મશીદ તરફ ચાલ્યા જતા હતા. મશીદ આગળ મુસલમાનો ભેગા થયા છે એમ કોઇવાર મને જાહેર થયું નથી. પાલખી સાથે માણસો હતા ને ઉંચકી જતા હતા. તેની નજદીકમાંજ દાદામીયાંએ ઇંટ મારેલી. એ ઇંટ મારેલી તે મેં જોયેલું. તે ઇંટમાં કાંઇ આવ્યું કે નહીં તે મેં જોયેલું નથી. બીજી પાલખી અને વરઘોડો વાજતે ગાજતે જે રસ્તેથી પેલો નીકળેલો તે રસ્તેથી પાછો જવાનો હતો તેની સાથે મેળાના તમામ માણસો હતા. હું મશીદ આગળથી કચેરીમાં ગયો ત્યાં સુધીમાં ત્યાં કોઇ નળીયાં કે પાણાના ઘા પડતા નહોતા. મશીદ આગળ થઇ હું કચેરીમાં ગયો ત્યારે પાલખીવાળો વરઘોડો કેટલે આવ્યો હશે તેની મને ખબર નથી. કુંડ આગળ જેટલાં માણસો હતાં તે બધાં વરઘોડાવાળી પાલખી સાથે હતાં. વલભ વરઘોડામાં કેમ આવ્યો નહોતો તેની મને ખબર નથી. તોફાન થયું તે દીવસે ફોજદાર ઘોઘાસબડી હતા. વખતો વખત સાવચેતીના ઉપાય લીધા છતાં પાલખી વખતે કાંઇ તોફાન થાશે એવી અમને બીલકુલ ધારતી લાગી નહોતી. મેં આગલી રાતે ફોજદાર સાહેબને કહેલું કે પાલખી કયે રસ્તે નીકળવાની છે તે મને ખબર નથી. અને મારી પાસે માણસો થોડાં છે, માટે તમો આંહી રહો. ફોજદાર તા. ૧૬ કે ૧૭ મીએ ગયેલા. તે વખતે કહેલું ત્યારે તેમણે કહેલું કે જે રસ્તે નીકળે છે તે રસ્તે નીકળશે, તેથી મારી જરૂર નહોતી. વહીવટી કચેરીમાં દશ માણસો બેસે છે. તેમાંથી પાંચ માણસો ત્રણ દીવસ અગાઉથી રાતે આવતા હતા. મારી પાસે માણસોની તંગી હતી પણ વરઘોડો નીકળ્યો તે દીવસે બંદોબસ્ત માટે મેં આવરોની માગણી કરી નહોતી. મારથી હું અશક્ત થઇ જવાને લીધે હું, ન્યાયાધીશ સાહેબ સાથે બીજીવાર મશીદે ગયો નથી. પાલખી ભાઇશંકરના ઘર આગળ થઇને આવશે એમ હું પ્રથમ જાણુતો નહોતો. પાલખી બે જુદી થઇ જશે એમ હું કુંડેથી નીકળ્યો ત્યાં સુધી જાણુતો નહતો. પાલખી સાથે અમારા જે માણસો હતા તે હીંદુ તથા મુસલમાનો હતા.

એ પાલખી બાઇથ કરેલા ઘર આગળ આવી તે બાબતમાં મારે કોઇ સાથે વાત થઇ નથી. પાલખીનું ઝુમખું ગયાની ફરીયાદ તે રાતે અમારી પાસે દાખલ થઇ નથી.

સાક્ષીને વાંચી બતાવતાં બરોબર હોવાનું કહ્યું.

તા. ૨૮ ડીસેમ્બર સને ૧૯૦૭.

અંબારામ બાપુભાઇ સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર.

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૮.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ વલભદાસ છે. મારા બાપનું નામ જીવરાજ છે.

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત દશાશ્રીમાળી વાણીયાની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગઢડા પોલીસમાં ઓરીસ જમાદાર છું, હું એક વરસથી ગઢડે કામ કરૂં છું હું કાયમનો રહેનાર ગઢડાનો છું. મારો ધર્મ ટુંઢીયા શ્રાવકનો છે. પચુસણુનો તહેવાર હીંદુ અને મુસલમાન બંને કોમ પાળે છે. ગયાં પચુસણુમાં એ તહેવાર પાળવાની મેમણુ લોકોએ આનાકાની કરેલી, તે ઉપરથી હીંદુ કોમે એ મેમણુ લોકો સાથે વહેવાર બંધ કર્યો હતો એ પચુસણુના વખતમાં મશીદ આગળ બાંકડા નાંખી મુસલમાનો બેઠા હતા, તે શા માટે બેઠેલા તેની મને ખબર નથી. તે ઉપરથી હીંદુઓ અને મુસલમાન એ બંને કોમોના મુલેહ જાળવવા ખાતર મુચરકા લેવાએલા છે. પચુસણુને છેલે દીવસ બાદરવા સુદ ૫ આવે છે. પચુસણુ આઠ દીવસ આવે છે. બાદરવા સુદ ૧૧ જળઝીલણી અગીયારશ છે, તે દીવસે સ્વામીનારાયણના ધર્મ તરફથી વરઘોડો નીકળે છે, તે બે પાલખી હોય છે, એ બે પાલખીમાં કોઇ વખતે ઠાકોરજી હોય છે, તેમાં કોઇ વાર એકમાં ગણુપતી ને એકમાં ઠાકોરજી હોય છે. ગયા બાદરવા સુદ ૧૧ ના રોજ મંદીરનો વરઘોડો નીકળેલો, તે બંને પાલખીમાં ઠાકોરજી હતા. ગઇ અગીઆરશના રોજ બપોરે એક દોઢ વાગ્યે હું પોલીસ કચેરીમાં હતો, ત્યાં પોલીસ જમાદાર અંબારામે આવી જાહેર કર્યું કે મશીદ પાસે પાલખી આવતાં મુસલમાનો એ તોફાન કર્યું છે, અને તેમાં મને વાગ્યું છે. તે વખતે પાલખી હું ઉતારામાં બેઠો હતો ત્યાં થઇને મંદીરમાં ગઇ હતી. પાલખી જતાં મેં બારીએથી જોયેલી, તેની સાથે પાંચ છ સાધુઓ અને બે ચાર બીજા માણુસો હતા. પાલખી સાથે કાંઇ વાજીંત્ર નહોતું. જમાદારે મને વાત કરી તેથી મેં તેને કહ્યું કે તમે ન્યાયાધીશ પાસે જઇ જાહેર કરો. પછી હું મશીદ આગળ ગયેલો, હું મશીદે પાંચ મીનીટ રોકાઇ પાછો દરબારમાં આવેલો. મુસલમાનો મશીદ બહાર ૨૦-૨૫ જણા ઉભા હતા, તેમાં બે ચાર જણા પાસે લાકડી કે પરોણા હો-

વાનું મેં જોયું, અને એમ લાગ્યું કે બીજી પાલખી નીકળશે તે વખતે એ લોકો તોફાન કરશે, તેથી હું ત્યાં નહીં થોભાતાં દરબારમાં આવેલો, અને ન્યાયાધીશ ચેમ્બરમાં હતા, તેમની પાસે હું ગયેલો, મેં તેમને કહ્યું કે ગામમાં માણસો સામટા છે, ને આ લોકો તોફાન કરશે માટે આપ આવશો તો તેમને સમજાવી હઠાવીએ. પછી ન્યાયાધીશ સાથે હું મશીદે ગયેલો, ત્યાં આગળ ઝીંઝાવદરના મુખી રતનશીને એક ઘા વાગેલો છે, તે ઘા મશીદની અગાશીમાંથી આવેલો જે ઘા એને વાગેલો, તે મુસલમાને કરેલો. ન્યાયાધીશ મશીદે આવ્યા ત્યારે તેમણે મુસલમાનોને મશીદમાં જવાનું કહેલું, તે પાંચ સાત બહાર રહ્યા ને બાકીના મશીદ અંદર ગયા. અગાશીમાંથી પાંચ છ જણા ઘા કરતા હતા, તેમાંથી રતનશીને કોનો ઘા વાગ્યો તે મેં જોયું નથી. બીજા કોઇને ત્યાં ઘા વાગ્યાનું મેં જોયું નથી. હું ન્યાયાધીશ સાથે મશીદે ગયો ત્યારે મશીદ બહાર ૩૦–૪૦ મુસલમાનો ઉભા હતા, તે વખતે અગાશીમાં દશ બાર જણા હતા. મશીદ બહાર નીચે માણસો ઉભેલા તેમાંથી ઓસમાણ અલી, ઇસા અલી હસન તાર બોઘા, અભરામ હાશમ, દાદામીયાં, અબદુલો ભંડારી, અલોમીયાં આંધળો કાજી, તાલબ ઓસમાણ ગની, ન્યાયાધીશનો પટાવાળો, વહીવટખાતાનો પટાવાળો જમાલ, ન્યાયખાતાનો સરદાર, ખાટકી સામો, અભરામ ગોબર, ગાંડો ખાટકી, એટલાને મેં ઓળખેલા. અગાશીમાં ઉભેલામાંથી દાદામીયાં, તેનો ભાઇ અબદુલો અને ત્રણ ખાટકી સામો, ગાંડો અને અભરામ ગોબર અને પટાવાળો ઓસમાણ ગની એટલાને મેં ઓળખ્યા છે. ફોજદાર તે દીવસે ગામમાં નહોતા. ન્યાયાધીશ ત્યાં ૭ મીનીટ ઉભા રહેલા, તે પાછા ગયા પછી હું ૭ સાત મીનીટ રોકાએલો તે પોણા બે વાગ્યે હું ઉતારે આવ્યો હતો, તે દીવસ પોલીસ જમાદાર અંબારામ, હવાલદાર લખમીશંકર તથા પોલીસ ભગવાનસીંહ તથા સમઢીયાળાનો કોળી હકા વસ્તા તથા દેવશંકર બ્રાહ્મણ તથા ડાવા ભગત એ લોકોને વાગ્યાનું મારી પાસે જાહેર થયાથી તેને તપાસ માટે મેં દવાખાને મોકલ્યા હતા. મેં એ લોકોને દવાખાને મોકલ્યા તે પહેલાં પોલીસ જમાદાર અંબારામે રતનશી મુખો તથા ખરેડીના સોની નારણ કાળાને દવાખાને મોકલ્યા હતા. હું મશીદ આગળ ન્યાયાધીશ સાથે ગયેલો તે વખતે મારા પગ ઉપર એક નળીયું વાગેલું છે, તે નળીયાનો ઘા મશીદની અગાશી ઉપરથી થયેલો, તે ઘા કોણે કર્યો હતો તે મને ખબર નથી. ન્યાયાધીશ ત્યાં ઉભા હતા, તે વખતે તેની છત્રી ઉપર એક ઘા પડેલો તે ઘા અગાશીમાંથી આવેલો

ઉલટ તપાસ મુલતવી.

વાંચી સંભળાવતાં લખ્યા પ્રમાણે ખરેખર હોવાનું કહે છે.

તા. ૧૧ ફેબ્રુવારી સને ૧૯૦૮.

પો. જમાદાર વલભદાસ છબીલદાસની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ

હું વલભદાસ જીવરાજ આજ રોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—હું ઓગણત્રીશ વરસ થયાં પોલીસ ખાતામાં નોકરી કરૂં છું, તેમાં સંવત ૧૯૩૫ થી સંવત ૧૯૪૭ ની સાલ સુધી ગઢડામાં હું નોકર હતો. પછી સંવત ૧૯૬૧ ની સાલમાં પાછો ચાર મહીના ગઢડામાં આવેલો, પછી સંવત ૧૯૬૩ ની શરૂ સાલથી ગઢડે આવેલો, આજ સુધી ગઢડામાં છું, પચુસણના તહેવાર અમારા છે. પચુસણના તહેવાર કાયમ મુસલમાનો પાળે છે. મુસલમાનો એવી રીતે પચુસણ પાળે છે કે પચુસણના તહેવારમાં તેણે ગાડાંમાં માલ લાવવો નહીં, મકાન બંધાવવાં નહીં તેમ શાક તરકારી વેચવું નહીં સંવત ૧૯૬૧ ની સાલમાં પચુસણમાં હું ગઢડે હતો કે નહીં તે યાદ નથી. મુસલમાનોએ ત્રણે કામ એ આઠે દીવસ બંધ રાખે છે. ગઢડામાં પાંચ સાત મુસલમાનો બકાલું વેચતા તેમાં બાવા ધતા ને તેમાં બે ત્રણ ભાઇઓ, એ ભાઇઓના નામની ખબર નથી, અને તહોમતવાળા સલેમાન પોલાનો બાપ પોલો અને તેના બે ત્રણ ભાઇઓ એ ભાઇઓના નામોની ખબર નથી, તે ગઢડામાં બકાલું વેચતા એ બકાલું આઠે દીવસ નહોતા વેચતા એમ હું ખાત્રીથી કહી શકું નહીં એ બકાલીઓ આઠે દીવસ પચુસણ પાળતા તે હું ખાત્રીથી કહી શકું નહીં. કેટલા મુસલમાનો ગાડે લાવનારા છે, તેની મને ખબર નથી. પચુસણમાં મુસલમાન લોકો ગાડે માલ લાવતા કે નહીં તે હું કહી શકું નહીં મુસલમાનના પચુસણના દીવસોમાં ચાલતાં મકાન બંધ રહ્યા એવો દાખલો હું આપી શકતો નથી. મેમણ લોકોએ એ વખત પચુસણ પાળવાની આનાકાની કરી એમ મેં શરૂ તપાસમાં લખાવ્યું છે. તે ગામના લોકોના બોલવાથી સાંભળેલું. મેં લખાવ્યું છે એ વાતો કરનારાના નામનો મને ખ્યાલ નથી. મેમણ લોકો સાથે હીંદુ લોકોએ વહેવાર બંધ કર્યાનું મેં શરૂ તપાસમાં લખાવ્યું છે, તે પણ ગામના લોકોની વાતો સાંભળ્યા ઉપરથી લખાવ્યું છે. મુસલમાન લોકો મશીદ આગળ બાંકડાં નાખીને બેઠા હતા, એમ મેં શરૂ તપાસમાં લખાવ્યું છે. તે મેં તેમને બેઠેલા જોયા નથી, પણ અંબારામ જમાદારે વાત કરેલી તે ઉપરથી લખાવ્યું છે. મુસલમાનો ત્યાં બાંકડા નાંખીને શું કરે છે તે અંબારામે કાંઇ કહ્યું નહોતું. હીંદુ મુસલમાનના મુચરકા પચુસણમાં લેવાયા છે, તે ન્યાયાધીશે લીધા છે તે તેમણે તજવીજ કરીને લીધા છે કે કેમ, તે મને ખબર નથી. ફોજદારના રીપોર્ટ પ્રમાણે મુચરકા લીધા છે. ગઇ સાલના તાબુતના વખતમાં હું ગઢડામાં હતો.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

જુબાની સાક્ષીને વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૧ ફેબરૂઆરી સને ૧૯૦૯.

૧ ઓ. જમાદાર વલભદાસ જીવરાજની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું વલ્લભદાસ છબીલદાસ આજરોજ પ્રતીજ્ઞા કરી ફીઅટ તપાસમાં લખાવું છું કે—મંદીરનો વરઘોડો નીકળે છે તે જોવા હું ગયો છું તેમાં એક પાલખી મશીદ પાસે થઇને પાછી આવે છે તે મેં પાંચ સાત વખત જોઇ છે. એ પાલખી એ રસ્તે આવતાં પેલી મેં સંવત ૧૯૪૫–૪૬ માં જોએલી. એ પાલખી સાથે વાજું ગાજું નહોતું (સાક્ષી પોતાથી કહે છે કે એ પાલખી સાથે કોઇ વખત વાજું ગાજું રહેતું નથી) એ પાલખીમાં ઠાકોરજી હતા કે નહીં તે મને યાદ નથી. એ પાંચ સાત વખત પાલખી એ રસ્તે આવતાં મેં જોઇ તે દરમીયાન એક બે વખત ઠાકોરજી સાથે હતી. (આ સાક્ષી પ્રથમ બે વખત બોલેલા કે જ્યારે ગણપતી કરતા ત્યારે એ પાલખીમાં ઠાકોરજી હોય નહીં.) એ રસ્તે આવતી ઠાકોરજી વાળી પાલખી મેં બે વખત જોએલી તે કઇ સાલમાં તે મને યાદ નથી. એક બે વખત ઠાકોરજી શણગારેલા હતા. એ પાલખી સાથે પોલીસવાળા તે દરમીયાન હતા કે નહીં, તે હું ચોકસ કહી શકું નહીં. ઓફીસમાંથી મેં પાલખી મંદીર તરફ જતાં તોફાનને દીવસે જોઇ તે પછી અંબારામ આવેલા, એ પાલખી ગઇ તે પછી બે ત્રણ મીનીટે અંબારામ આવેલા. એ પાલખી સાથે પોલીસના માણસોમાં મેબતાજી તથા અમરો હતા, એ પાલખીની મોઢા આગળ હતા, એ પાલખી સાથે પાલખી ઉપાડવા મારા શીવાય લાલજી હતો બીજું કોઇ નહોતું. પાલખી ગઇ તે વખતે પંદર વીશ માણસો ત્યાંથી આવજા કરતા મેં જોયેલા. પાલખી ઉપાડનારા બધા મુંગા મુંગા ચાલ્યા જતા હતા કાંઇ બોલતા નહોતા. એ પાલખીમાં ઠાકોરજી હતા. ઓફીસમાંથી પાલખી જતાં મેં ત્રણ ચાર હાથ છેટેથી જોએલી. જમાદારે આવીને મને કહ્યું કે મુસલમાનોએ મશીદ આગળ પાલખી ઉપર તોફાન કર્યું. શું તોફાન કોણે કર્યું તે તેણે કહ્યું નહોતું, તે વખતે જમાદારે પોતાને વાગ્યાનું કહેલું, પણ કોણે વગાડયું છે તે કહેલું નહીં. કોણે તોફાન કર્યું અને કોણે વગાડયું તે મેં તેને પુછ્યું નહોતું. એ પછી હું મશીદે ગયેલો, ત્યાં બીજી પાલખી એ રસ્તે આવવાની છે તેમાં તોફાન ન થાય તેનો બંદોબસ્ત કરવા માટે હું મારી ડયુટી સમજીને ગયો હતો. (પછી કહે છે કે બીજી પાલખી ત્યાં નાકે નીકળવાની છે, તેથી હું ત્યાં નાકે ગયો હતો.) હું તે વખતે મશીદે ગયો નહતો. શરૂ તપાસમાં મેં મશીદે ગયાનું લખાવ્યું છે કે નહીં તે યાદ નથી. મશીદે પાંચ મીનીટ રોકાયાનું મેં લખાવ્યું છે કે નહીં તે યાદ નથી. નાકે પાંચ મીનીટ રોકાયાનું મેં લખાવ્યું છે મશીદથી પંદર હાથ છેટે બડલીને ઝાંપે જવાને રસ્તાને નાકે હું ઉભો હતો તે વખત મારી અને મશીદના વચમાં ૪૦–૫૦ માણસો ઉભા હતા. એ બધા હીંદુઓ હતા, તેઓ કશું બોલતા ચાલતા નહોતા, અમસ્થા ઉભા હતા. મશીદના દરવાજા પાસે મુસલમાનોને ઉભેલા મેં જોએલા, તે મુંગા મુંગા ઉભા હતા, કાંઇ બોલતા નહતા. એ મુસલમાનો પાસે લાકડી અને પરોણા હતા. તેથી મને એમ થયેલું કે તે લોકો હુલ્લડ કરશે. મુસલમાનોમાંથી અબરામ ગોબર, રામો ખાટકી, ગંડો ખાટકી, ઓસમાણ અલી, કાસા અલી, હસન આજમ, તારમામદ અલી, દાદામીયાં, જમાલ એટલાને મેં ત્યાં ઓળખેલા, બાકી જે મશીદ આગળ મુસલમાનો હતા તે કોઇના નામ હું જાણતો નથી, તેમ દીઠે ઓળખતો નથી. પરોણાથી જાડી હોય તેને લાકડી કહીએ. જમાદારના જાહેર કરવા ઉપરથી હું એકલો નાકે જઇને ઉભેલો, ત્યારે મેં ઉપર ગણાવેલા

તહોમતવાળાઓને ઓળખેલા. ત્યાં પાંચ મીનીટ રોકાઇને તરત હું ન્યાયાધીશ પાસે ગયેલો. હું નાકે ઉભો હતો તે મોહન લવજીની દુકાન આગળ ઉભો હતો. મોહન લવજીની દુકાન આથમણા બારની છે, ચકલાથી ઉતરાદી એક દુકાન મુકીને મોહન લવજીની દુકાન છે, વચમાં પરભુ સોનીની દુકાન છે, પરભુ તે દીવસ હાટે બેઠો હતો. નાકે હું ઉભો રહયો તે દરમીયાન બીજો કાંઇ તપાસ મેં કર્યો નથી નાકે બીજી પાલખી ક્યાં સુધી આવી હતી. તે મેં કાંઇ તપાસ કર્યો નથી. બીજી પાલખીવાળાને રોકવાનું મેં કાંઇ કહેવરાવ્યું નહોતું ન્યાયાધીશને તેડીને હું પાલખી આવતા તેડીને લાવીશ એમ જાણી મેં ત્યાં ચેતાવ્યા નહોતા. એ પ્રમાણે મેં નહીં ચેતાવ્યા તે મારી ભુલ થઇ છે. ત્યાંથી હું ન્યાયાધીશ સાહેબ પાસે ગયેલો, સાથે કોઇને લઇ ગયો નહોતો. તોફાનમાં એકલા જવાને મને બીક લાગી નહોતી. પોલીસ કચેરીમાં કોઇ માણસ નહોતું, એકલા અંબારામ જમાદાર હતા, તેને હું નાકે જતી વખત સાથે લઇ ગયો નહોતો, મેં ધારેલું કે હું જોઇ આવું અને જરૂર હોય તો બંદોબસ્ત કરૂં. અમરો અને મોબતાજી પાલખી મંદીરમાં મુકીને કયાં ગયા હતા તેનો મેં આજ સુધી કાંઇ તપાસ કર્યો નથી. નાકેથી હું ઉતારે પાછો આવ્યો. તે દરમ્યાન જતાં આવતાં બસેં ચારસો માણસો મેં જોયેલા, એ બધા ગામના હતા કે પરગામના હતા, તે મને ખ્યાલ નથી, તે મેં કોઇને ઓળખ્યા નથી. નાકેથી મેં ન્યાયાધીશ સાહેબ પાસે જઇને કહેલું કે મુસલમાનો મશીદ આગળ ઉભેલા છે, અને બીજી પાલખી નીકળશે ત્યારે તોફાન થવાની ધાસ્તી છે, ફોજદાર ગામમાં નથી માટે તમો આવો તો બંદોબસ્ત કરીએ. ત્યારે ન્યાયાધીશ મારી સાથે ત્યાં આવવા ચાલેલા. હું ઓફીસમાંથી નાકે ગયો અને ત્યાંથી ન્યાયાધીશ સાથે ગયેલો, તેમાં પા અરધો કલાક થયેલો. ન્યાયાધીશ સાથે હું મશીદે ગયો ત્યારે મારી ભેગા લખમીશંકર હતો. અને ન્યાયાધીશ સાથે જીવણ કારકુન તથા જીવણ પટાવાળો હતો. ઠેઠ મશીદે પહોંચતા સુધી ગામના કોઇ લોક અમારી સાથે ભેગા થયા નહોતા. ઝીંઝાવદરનો મુખી ચોકમાંથી અમારી ભેગો આવેલો, એ મુખી રતનશી અમારી પાછળ આવતો હતો. મશીદના દરવાજાથી હાથ બે હાથ છેટે ન્યાયાધીશ ઉભા રહેલા ન્યાયાધીશે મુસલમાનોને અંદર જવાનું કહ્યું તે વખતે મુસલમાનોએ ન્યાયાધીશને કાંઇ અરજ કરી નહોતી. ન્યાયાધીશ કહયા છતા પાંચ સાત મુસલમાનો મશીદમાં નહીં ગયેલા, તેમના નામ તહોમતવાળો દાદામીયાં તેનો ભાઇ અબદલો, તાલબ, ન્યાયખાતાનો પટાવાળો ઓસમાણ બાપના નામની ખબર નથી. (ઓસમાણ ગની). એ ચાર બહાર ઉભા હતા, બીજાનાં નામ મને યાદ નથી, તહોમતવાળામાંથી બીજા કોઇના બહાર ઉભા રહેનારમાંથી નામ યાદ નથી દાદામીયાંને ન્યાયાધીશે કહ્યુ કે કેમ તોફાન કર્યું ત્યારે દાદામીયાંએ કીધું કે પાલખી આહીંથી કેમ નીકળી? ત્યારે દાદામીયાંને કહ્યુ કે તું તો ન્યાયખાતાનો પટાવાળો છું તેથી તારાથી આમ કે તેમ કાંઇ બોલાય નહી. તે વખત દાદામીયાંએ કાંઇ જવાબ આપ્યો નહોતો, પણ તનો તાલબે જવાબ આપ્યો કે આહીંથી પાલખી લઇ કેમ નીકળ્યા? પછી ન્યાયાધીશ કાંઇ બોલ્યા નહોતા. પછી ન્યાયાધીશે જીવણ કારકુનને કહ્યું કે ઓસમાણ ગની મશીદમાં હોય તો બોલાવી લાવ કે તેને પુછીએ કે તકરાર શા વાસ્તે થયો. પછી અમે ત્યાં ઉભા હતા એટલામાં બહાર ઉભેલા બધા મુસલમાનો મશીદ અંદર ગયા, ને મશીદનો દરવાજો

બંધ કરી દીધો. હું પહેલો એકલો નાકે ગયો તેના કરતાં પછી ન્યાયાધીશ જોડે મશીદે ગયો તે વખતે મુસલમાનો વધેલા હતા, વધારામાં હસન તાર બોચા, અબરામ હાશમ, ન્યાય ખાતાનો પટાવાળો સરદાર એ ત્રણ જણા વધેલા હતા. ટેલી બંધ થયા પછી એ ત્રણ મીનીટ ઘા આવવા માંડેલા. મશીદથી આગળ ઉગમણી આથમણી બજારમાં ઉતરાદા બારની નથુ મોહનની દુકાન આગળ હું અને ન્યાયાધીશ ઉભેલા, તે વખતે ન્યાયાધીશની છત્રી ઉપર ઘા આવેલો. લાલએ ન્યાયાધીશને જવાબ આપ્યો કે પાલખી અહીંથી કેમ ચાલે, તે પછી અમે ને ન્યાયાધીશ ચાલુ નથુની હાટડી પાસે ઉભા રહેલા. ન્યાયાધીશ મશીદ આગળથી મોચીના હાટ પાસે શું કામ ગયેલા તેની મને ખબર નથી. ન્યાયાધીશ ગયેલા ને હું પણ ગયેલો. રતનશી મુખી મશીદ પાસે અમારી સાથે આવ્યો નહોતો, રતનશી મુખી પહેલાંથી મોચીના હાટ પાસે ઉભો હતો. ન્યાયાધીશ મોચીના હાટ પાસે જઈને જીવણ કારકુનને ઓસમાણ અલીને તેડી લાવવા તરત મોકલેલો. ન્યાયાધીશ હાટ આગળ ઉભા રહેલા ત્યારે મુખી તેનાથી ઓતરાદી તરફ ઉભેલા કે દક્ષણાદી તરફ તે યાદ નથી. ન્યાયાધીશ હાટ પાસે ઉભા હતા, તે વખત તેની છત્રીને ઘા વાગ્યો ત્યારે ઘા આવ્યાની ખબર પડી ન્યાયાધીશની છત્રી ઉપરનો ઘા કઈ બાજુએથી આવેલો તે ખબર નથી. છત્રી ઉપર ઘા અગાશી તરફથી આવ્યાનુ મેં શરૂ તપાસમાં લખાવ્યું છે. તે અટકળથી લખાવ્યું છે. મશીદની અગાશીમાં માણસો મેં જોએલા તે ટેલી બંધ થયા પછી અમે જોએલા તે વખત અમે મોચીના હાટ આગળ ઉભા હતા. ન્યાયાધીશ જોડે હું મશીદે પહોંચેલો તે વખત મશીદની અગાશીમાં મેં માણસ જોએલા નહોતા. સંવત ૧૯૫૯ ની સાલમાં હું ૭ મહીના મારી માના મંદવાડને લીધે હું ગઢડામાં રહેલો. સં. ૧૯૪૭ ની સાલથી સં. ૧૯૫૯ ની સાલ સુધીમાં હું કોઈ કોઈવાર ગઢડે આવતો હતો. અબરામ ગોબરને ત્યાં સામા અને ગાંડા ખાટકીને આ કેશ થયા પછીથી ઓળખું છું, આ કેશમાં તેઓ અમારી પાસે હકીકત લખાવવા આવતા હતા, તેથી ઓળખેલા તે પહેલાં તો મેં જોએલા પણ નામની ખબર નહોતી. સં. ૧૯૬૦ ની સાલમાં મેં એ લોકોને જોએલા, હું ખાટકીવાડમાં મજુર કરવા એ સાલમાં ચાર પાંચ વખત ગએલો ત્યારે જોએલા મુસલમાનો અગાશી ઉપર ચડી ગયા હતા તે મેં ન્યાયાધીશને હકીકત જાહેર કરી નહોતી.

સવાલ—કેમ હકીકત જાહેર કરી નહોતી ?

જવાબ ન્યાયાધીશ ગયા પછી મેં એ લોકોને જોએલા.

ન્યાયાધીશની છતરી ઉપર અને મુખી ઉપર ઘા આવ્યા, પછી ઘા શરૂ થએલા. ઘા આવવા માંડયા પછી ન્યાયાધીશ ચાલ્યા ગએલા ન્યાયાધીશ અને જીવણ પટાવાળો સાથે ચાલ્યા ગએલા, હું તો ત્યાં બંદોબસ્ત માટે ઉભો રહેલો. ન્યાયાધીશ ત્યાંથી ચાલ્યા પછી હું પાંચ સાત મીનીટ ત્યાં ઉભો રહેલો, ને પછી હું ઉતારે ગએલો. એ પાંચ સાત મીનીટમાં નથુ મોચીના હાટની આથુી તરફ ઘા ન આવે તેમ ઉભો હતો. લખમીશંકર હવાલદાર માણસના મેળામાં ક્યાં ઉભા હતા તે ખબર નથી. એ પાંચ સાત મીનીટમાં જમાદાર કે પોલીસના બીજા કોઈ માણસ આવ્યા નહોતા. એક ભગવાનસંગ પટાવાળાને મેં ત્યાં ઉભો

રહેલો જોયો હતો, તે મસીદ અમારી સાથે આવ્યો નહોતો. પોલીસના માણસો શોધવાની મેં તજવીજ કરી હતી પણ કોઇ મળી આવ્યા નહોતા. ન્યાયાધીશે ત્યાંથી ચાલવા માંડ્યું અને અમે આયરના માણસો ત્યાં આવી પહોંચ્યા હતા. ન્યાયાધીશ મુખીને લઇ ચાલતા થએલા ત્યાં આયરના માણસો આવી પહોંચેલા. આયરો આવ્યા પછી હું ત્યાંને ત્યાં ઉભો રહેલો તે માણસોને આઘા ખસેડતો હતો. આયરોને ત્યાં સોંપી તોફાનમાં મુકીને હું વહીવટદાર સાહેબ તથા ન્યાયાધીશને કહેવા ગયો કે તોફાન વધી ગયું છે. ન્યાયાધીશ તો તોફાન જોઇ ગયા હતા પણ વહીવટદાર સાહેબને કહેવા ગયો હતો પછી ન્યાયાધીશ અને વહીવટદાર સાહેબ તોફાનવાળી જગોએ ગયા, અને હું તો ઉતારે રહ્યો હતો. ફોજદાર અને પોલીસના ઉપરી ગોધાસભડી હતા તેને રીપોર્ટથી ખબર આપવા રોકાયો હતો. અંબારામ જમાદાર પણ ઉતારામાં રહેલા, વહીવટદાર સાહેબ સાથે ગયા નહોતા. ઉપરીને ખબર આપવામાં રોકાવું તે કરતાં હુલડ સમાવી દેવું તેમાં પોલીસ ડયુટી વધારે વેલી છે, છતાં ઉપરીને ખબર આપવી જોઇએ એમ મને લાગ્યાથી હું હુલડની જગોએ ન જતાં ઉતારામાં રોકાએલો. જે દશ બાર આયરો હું મસીદ પાસે હતો ત્યાં આવી પહોંચેલા તેમાં રાજો ખોરીચો, દાદા લખા, દાદા કાંધા, લખમણ ભોજા, દાદા હમીર, નારણ લખા, કાળા મોકા, ગીગા ભીમા તથા બીજા હતા તે બીજાનાં નામ યાદ નથી, તે બધા હથીયારબંધ હતા. એ ત્રણે જણા પાસે તરવાર હતી બીજા પાસે શું હતું તે દાક્ષા હતા કે શું હતું તે ખબર નથી. બીજા હથીયાર વગરના હતા એમ પણ હું કહી શકું નહીં બીજા પાસે લાકડી હશે પણ તે મને યાદ નથી. આયર ત્યાં આવી પહોંચ્યા પછી હું ચાર પાંચ મીનીટ રોકાએલો તોફાન વધે નહીં એવો બંદોબસ્ત રાખવાનું આયરના પટેલ રાજાને હું કહી ગએલો. આયરો પોલીસના તાબામાં નથી પણ વહીવટદાર ગામમાં હોય ત્યારે તેને જાહેર કરી બોલાવવા જોઇએ. માટે અમોએ પેહેલાંથી આયરોને બોલાવ્યા નહોતા. હું મસીદને નાકે ઉભો હતો, તે વખત હિંદુઓએ મસીદને ઘેરી લીધી હતી, અને મસીદ ઉપર હીંદુઓ ઘા કરતા હતા. મેં ઉપરી તથા ફોજદારને રીપોર્ટ કર્યા તેમાં મસીદ ઉપર હીંદુઓએ ઘા કર્યા હતા, એમ મેં તેમાં જણાવ્યું નહોતું. ( તોહમતવાળાના વકીલના સવાલમાં સાક્ષી બોલ્યો કે હીંદુઓ મસીદ ઉપર ચડી ગયા અને મસીદ ઉપર ઘા કરતા હતા તે પછી હું ત્યાંથી ઉતારામાં ગયો ત્યારે તેણે પુછ્યું કે રીપોર્ટમાં પાલખીની હકીકત લખી ને મસીદની હકીકત કેમ ન લખી તેનો સીધો જવાબ આ સાક્ષીએ પા કલાક સુધી આપ્યો નથી ને આડા આડા જવાબ આપ્યા છે. ફરી વખત બોલે છે કે હીંદુ મુસલમાન વચ્ચે મારામારી થયાનું મેં લખ્યું છે, બીજું કાંઇ લખ્યું નથી. કોર્ટવાર કહે છે કે પાલખી બાબત જમાદારે કહ્યું તેમ લખ્યું હશે છેવટ સાક્ષીએ જવાબ આપવાનું કર્યું ) ફોજદારને ને ઉપરીને રીપોર્ટ કર્યાં તેમાં પાલખીની હકીકત લખી, તેનું કારણ એ કે મેં ઉતારામાં જઇ તરત રીપોર્ટ કર્યા તેમાં ઉતાવળમાં એ હકીકત લખવી રહી ગઇ છે. આ કામમાં હીંદુ અને મુસલમાનના તોફાનનું કામ ચાલતું હતું ત્યારે તેની જુબાની લખવામાં હું હતો. જમાદાર અંબાશંકર, હવાલદાર લક્ષ્મીશંકર અને સીપાઇ જીવરાજ પણ જુબાની લખવામાં હતા. મંદીરેથી પાલખી ઉતારા પાસે થઇને ગઇ તે ઉપાડવામાં સાધુ પાંચ કે છ હતા. નકી કેટલા હતા તે મને

ખબર નથી. પાસખા સાથે એક બે માણસ હોવાનું ફરી તપાસમાં લખાવ્યું છે, તે ભુલચાકી અને લાલચને માટે છે. ફોજદાર ગોધાસભટી હતા, ત્યારે ચાર્જ તેની પાસે હતો. તેની ગેરહાજરીમાં ગદડા તાજનું કામ અંબારામ જમાદારે કરવાનું હતું, અને ગામડાનું કામ આવે તે મારે કરવાનું હતું. ગદડાના તોફાનનો રીપોર્ટ કરવાનું કામ જમાદાર અંબારામનું હતું પણ તેને વાગ્યું છે એમ કહીને મને રીપોર્ટ કરવા કહેલું. મેં ફોજદાર અને ઉપરીને કરેલા રીપોર્ટ જમાદારને વંચાવ્યા નથી, તે વંચાવવાનું તેમણે મને કહ્યું નથી. મેં પરભાર્યા છુટ્ઠ રાજને નોંધવા રીપોર્ટ આપેલો. ડેમી ઓફીશીયલ કાગળ નોંધાતા નથી. મેં ફોજદાર તથા ઉપરીને ડેમી ઓફીશીયલ રીપોર્ટ કરેલા, એ રીપોર્ટ રજીસ્ટરમાં નોંધાયા નથી. રવાનગી બુકમાં નોંધવા મેં છુવરાજને આપેલો. એ રીપોર્ટ લઇ જવાને માટે મેં સ્વારને આપેલા. છુવરાજે એ રીપોર્ટ મને પાછા આપેલા, તેણે રવાનગી બુકમાં નોંધેલા કે નહીં તેની મેં ખાત્રી કરી નથી. એ રવાનગી બુકમાં સામી ઓફીસવાળાની સહી આવતી નથી. સ્વારને મેં રૂબરૂમાં કહેલું કે જટ પહોંચાડજે, બીજું કાંઇ કહ્યું નથી. મને પગના પોંચા ઉપર વાગેલું તે સેજ વાગેલું હોવાથી મેં દવાખાને બતાવેલું નહીં, હજુ જેનું એંધાણ છે. નળીયું મને વાગ્યું ત્યારે નળીયું આવ્યાની મને ખબર થઇ પણ તે ઘા કઇ તરફથી આવ્યો હતો તેની મને ખબર નથી. ન્યાયાધીશ જોડે હું મશીદે ગયો ત્યારે તેની પાસે ધોકો નહોતો, ન્યાયાધીશ પાસે ઓફીસમાં નીકળતાં ધોકો હતો પણ તેના દરવાજા બહાર નીકળતાં તે ધોકો તેણે છુવણ કારકુનને આપેલો અને છુવન કારકુનની છત્રી ન્યાયાધીશે લીધેલી. ન્યાયાધીશ સાથે છુવન પટાવાળો હતો છતાં તેને ધોકો નહીં આપતાં છુખણ કારકુનને કેમ આપ્યો તેની મને ખબર નથી. છત્રી ન્યાયાધીશે તેના હાથમાં લઇ ઓઢી હતી. છુવણ કારકુન મશીદમાં ગયો તે ન્યાયાધીશનો ધોકો લઇને ગયો હતો. પછી તેનું શું થયું તેની મને ખબર નથી. તે દીવસે મુસલમાનો મશીદને નુકશાન થયું છે અને તેમને વગાડયું છે, તે હકીકત જાહેર કરવા મારી પાસે આવ્યા હતા, બે મુસલમાનો આવેલા તેમાં એક ઇસાઅલી હતો. બીજું કોણ હતું તે યાદ નથી. ઇસા અલી સાથે જે તહોમતવાળો આવેલો તેને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું તેનું નામ તે અભરામ હાશમ કહે છે. એ માણસનું નામ હું જાણું છું પણ તેનું નામ મને યાદ ન આવ્યું, કારણ કે લાંબા વખતની વાત થઇ ગઇ છે. એ બેમાંથી ઇસાએ મને કહેલું, અમને ૨૦–૨૫ જણાને વાગેલું છે, અને મશીદ પડી છે, બીજું કાંઈ એણે કહ્યું નથી. તે હકીકતનો રીપોર્ટ મેં ફોજદારને કર્યો નહોતો. ગદડા ગામમાં પોલીસ ફોર્સમાં એક જમાદાર, બે હવાલદાર, આઠ પોલીસના સીપાઇઓ એટલા ગામ ખાતે અને કચેરી ખાતે હું અને ચાર સીપાઈ એટલા રહે છે. તે દીવસે મંદીર તરફના મારી પાસે કોઇ ફરીયાદ કરવા આવ્યા નહોતા. પથરાના ઘા પડવા માંડયા અને ન્યાયાધીશની છત્રી ઉપર ઘા આવ્યો ત્યાં સુધી મશીદનો દરવાજો બંધ હતો, મશીદનો દરવાજો ત્યાં સુધી તુટયો નહોતો.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—મુસલમાને જાહેર કર્યું તેથી તે વખત હું મશીદે ગયો હતો, તે વખત મશીદનો દરવાજો તુટેલો હતો, અને જાળી તુટેલી હતી. નળીયાં પથરા મશીદમાં

પડયાં હતાં. છજાપામાં મુસલમાનો અંદર એક હતા. જમાદારે પોલીસમાં આવીને કહ્યું તે વખત મારી પાસે સ્વાર નહોતો. એ રીપોર્ટ લઈને મેં વહીવટી સ્વાર મોકલ્યો હતો. પાલખીને કાંઈ નુકશાન થયાનું મને તે દીવસે જમાદારે કે બીજા પોલીસના માણસ કે બીજા કોઈએ કહ્યું નથી. લક્ષ્મીશંકર ઉતારામાં કયારે કયાંથી આવ્યો તેની મને ખબર નથી. ઓસમાણ અલી મસીદમાં છે, એમ કોઈએ જાહેર કર્યું નથી. તે વખત ત્યાં બજારમાં દુકાનો છે તે ઉઘાડી હતી ઓસમાણ કે જીવણ કારકુન મશીદમાંથી કેમ ન આવ્યા તેની મને ખબર નથી. વહીવટદાર સાહેબને કહીને તોફાન બંધ કરાવવું, તે કારણથી હુલ્લડની જગ્યાએ ન રહેતાં ઉતારે ગયો હતો. વહીવટદાર સાહેબનું કામ હુલ્લડ સમાવવાનું નથી, પણ તેનો બોજ પડે તેથી તેમને કહેવા સારૂ ગયો હતો. કામ કરવાને અશકત થઈ જાય એવું જમાદારને લાગ્યું નહોતું જમાદારે બે જણાને દવાખાને મોકલ્યા પછી ઓફીસમાં હું ગયેલો, તે વખતે જમાદારે મને રીપોર્ટ કરવાનું કહેલું, તેથી દવાખાનાની યાદમાં પણ મેં મારી મેળે સહી કરી મોકલેલી. જીવણનું કે ઘોડાનું શું થયું તે તપાસ મેં તે દીવસ કરી નહોતી, તેમ તેની તે દીવસે અમોને કાંઈ ખબર પડી નહોતી. પહેલો હું મશીદે બીજી પાલખી માટે ફીકર મેં રાખેલી, પાછળથી મેં કાંઈ એ બાબતની તજવીજ રાખી નથી, કારણકે ન્યાયાધીશ અને વહીવટદાર ત્યાં ગયા હતા. બીજી પાલખી જ્યાં હતી, ત્યાં વધારે બંદોબસ્તને માટે કાંઈ તજવીજ કરી નહોતી. ન્યાયાધીશ છત્રી ઉપર ઘા આવવાથી પાછા ફર્યા તે પહેલા મેં મશીદની અગાશીમાં માણસ જોયેલા પણ તે માણસો મેં ન્યાયાધીશને બતાવેલા નથી. ન્યાયાધીશ ત્યાંથી ચાલી ગયા પછી અગાશીમાં માણસો જોયાનું મેં ઉલટ તપાસમાં લખાવ્યું છે. તે સમજ ફેરથી લખાવ્યું છે. મશીદનો દરવાજો બંધ થયા પછી અમે અગાશીમાં માણસો જોએલા. એ દરવાજો બંધ થયો તે વખતે ન્યાયાધીશ જોડે નાકા ઉપર નથુ મોચીના હાટ પાસે હું હતો હું ન્યાયાધીશ જોડે મશીદે ગયો તે વખત મેં અગાશી ઉપર જોયું નથી. એટલે તે વખતે અગાશીમાં મુસલમાનો હતા કે નહીં તે મેં જોયું નથી. શીઝાવરના મુખીને મશીદ આગળ અગાશીમાંથી વાગ્યાનું મેં શરૂ તપાસમાં લખાવ્યું છે, તે અમે ડેલી આગળ ઉભા હતા ત્યારે નહીં પણ મોચીના હાટ પાસે ઉભા હતા ત્યારે વાગ્યાનું લખાવ્યું છે, મેં શરૂ તપાસમાં લખાવ્યું છે કે હું ન્યાયાધીશ સાથે ગયો ત્યારે મશીદની અગાશીમાં દશ બાર હતા, તે ડેલો બંધ થયા પછીથી છે. મશીદ બહાર ૩૦-૪૦ મુસલમાનો ઉભાનું મેં લખાવ્યું છે, તે અમે મશીદની ડેલી પાસે ગયા તે વખતનું લખાવ્યું છે. જે વખત ડેલી બહાર ૩૦-૪૦ મુસલમાન હોવાનું લખાવ્યું છે તેજ વખતે અગાશીમાં માણસ દશ બાર હોવાનું લખાવ્યું છે તે સમજ ફેરથી લખાવ્યું છે. મારા પગ ઉપર નળીયાનો ઘા અગાશીમાંથી થયાનું લખાવ્યું છે, ન્યાયાધીશની છત્રી ઉપર ઘા અગાશીમાંથી ઘા આવ્યાનું મેં લખાવ્યું છે તે મોચીના હાટ પાસે અમે ઉભા હતા તે વખતનું છે. ન્યાયાધીશની છત્રી ઉપર ઘા અગાશીમાંથી આવ્યાનું મેં શરૂ તપાસમાં લખાવ્યું છે, તે મેં ભુલથી લખાવ્યું છે. મશીદના દરવાજા તહોમતવાળાઓએ કેમ દઈ દીધા તે હું કહી શકતો નથી. જીવણ કારકુન મશીદમાં ગયો તે પછી બહાર ઉભેલા મુસલમાનો મશીદમાં ગયા, ને તરત દરવાજા બંધ કરી દીધા.

તહોમતવાળા આલશીના સવાલ નથી.

સાક્ષીને વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૨૨ ફેબરૂવારી સને ૧૯૦૮

૧ થા વલભદાસ જીવરાજની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૯

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ રતનશી છે. મારી ઉંમર આશરે વરસ ૩૩ ની છે.

મારા બાપનું નામ નાગજી છે મારો કસબ નોકરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ઝીંઝાવદર પ્રગણે ગઢડામાં રહું છું

મારી જાત વીસાશ્રીમાળી વાણીઆની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ હું ગઢડામાં હતો, તે દીવસે વરઘોડો નદીએ ગયો તે વખત મેં જોયેલો. તેમાં બે પાલખી હતી. એ બંનેમાં ઠાકોરજી હતા. તે દીવસે મસીદ પાસે મને માથામાં વાગેલું છે માથામાં પથરો વાગેલો છે. તે ઘા મસીદની અગાશીમાંથી આવેલો. તે ઘા વાગવાથી મને લોહી નીકળેલું તે ઘા કોણે કરેલો તેની મને ખબર નથી. તે વખતે ત્યાં મસીદ બહાર દશ બાર મુસલમાનો હતા, ને અગાશીમાં સાત આઠ મુસલમાનો હતા. તે અગાશીમાં સાત આઠ જણા ઉભા હતા, અને પછી તેઓએ પથરાના ઘા કરવા માંડયાં ત્યાં બીજા કોઇને ઘા વાગતાં મેં જોયું નથી ત્યાં નીચે બીજા જાત્રાળુ લોકો હતા, ન્યાયાધીશ સાહેબ પણ ત્યાં હતા ન્યાયાધીશ સાહેબ સાથે વલભ કારકુન હતો. મને વાગેલો માર તે દીવસે મેં દાકતર સાહેબને બતાવેલો છે. મને ઘા વાગ્યો કે તરત ન્યાયાધીશ સાહેબે મને વાગેલું જોયેલું મને દવાખાને અંબારામ જમાદારે મોકલેલો. મસીદ આગળ નીચે જે મુસલમાનો ઉભા હતા, તેમાં સરદાર દાદામીયાં, અલીમીયાં ઇસો શેઠ, બીજાને ઓળખતો નથી પણ નજરે દીઠે ઓળખું છું. અગાશીમાં જે મુસલમાનો ઉભા હતા, તે કોઇના નામ હું જાણતો નથી. તેમ જોઇને પણ ઓળખી શકું નહીં જે મુસલમાન નીચે ઉભા હતા તેમના હાથમાં ધોકા ને સાંબેલા હતાં કેટલા પાસે હતાં તે મારૂં ધ્યાન નથી. મસીદ બહાર ઉભેલા મુસલમાનોમાંથી મેં ત્રણ જણને ઓળખેલા તેને હું આંહીં તહોમતવાળાઓમાંથી બતાવી આપું છું તેમના નામ હું જાણતો નથી. તેમના નામ પુછતાં તેઓ તહોમતવાળા હમતતાર બોલા, અબરામ હાશમ અને અભડના કરીમ કહે છે. મને માર વાગ્યો તે વખત

દોઢ વાગ્યાનો હશે અમે મશીદ પાસે પાંચ સાત મીનીટ ખોટી થએલા બે સવાએ વાગે મને દવાખાને મોકલ્યો હતો

ઉલટ તપાસ મુલતવી.

વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૧ ફેબરૂવારી સને ૧૯૦૮.

૧ શા રતનશી નાગજીની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

હું રતનશી નાગજી આજ રોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—મને પગાર મહીને બે રૂપીયા મળે છે, હું શ્રાવકનો ધર્મ પાળું છું. ઝીંઝાવદરનો જપ્તીદાર ગઢડે રહે છે તેના તેડાવવાથી હું વરઘોડાને દીવસે ખેડુઓને લઇ ગઢડે ગયો હતો. ત્રણ ખેડુને લઇને હું ગયો હતો. ગઢડે અમે ૧૧ વાગે પહોંચેલા ગઢડા કચેરીમાં હું સીધો ગયેલો. ત્યાં એક વાગ્યા સુધીમાં કામ પુરૂં થઇ ગયેલું. એક વાગ્યા સુધીમાં જપ્તીદાર પાસે કામ પુરૂં થઇ રહ્યું હતું. એક વાગ્યે ઠાકોરજીનો વરઘોડો ત્યાંથી નીકળેલો, તે વરઘોડો એક વાગ્યે મંદીરથી નદીએ ગયો હતો. એક વાગ્યા સુધીમાં અમારૂં કામ થઇ રહ્યું હતું. એ વરઘોડો મેં જોએલો. તેમાં વાજાનાં ઝાંઝ પખાજ, ઢોલ, ત્રાંસા હતાં, સરણાઇ પણ હતી, નોબત એ ગાડામાં હતી. ઝાંઝ પખાજ વગાડનાર કેટલા હતા તે ખબર નથી. ઢોલ ત્રાંસા કેટલાં હતાં તે પણ ખબર નથી. વાજાં પછી સાધુ બ્રહ્મચારી ને બે પાલખી હતી. પાલખી એક કીનખાપની અને એક રૂપાની હતી. એ પાલખી સાધુ કે બ્રહ્મચારીએ ઉપાડેલી હતી. તે ભગવા લુગડાવાળા હતા. એ બંને પાલખીમાં ધાતુના ઠાકોરજી હતા. એ પાલખી પછી હજારો માણસો હતા કચેરી પાસેથી નીકળી જતાં એ વરઘોડાને અરધી કલાક થએલી. એક વાગ્યા સુધીમાં એ વરઘોડો ઉતારા પાસેથી પસાર થઇ ગયેલો. પછી હું ગામમાં મકન જુઠાને ત્યાં ગયેલો. મકન જુઠાને ત્યાં ચારેક મીનીટ રોકાએલો, એટલામાં અરધો કલાક થઇ ગયેલો. પછી હું ચોકમાં આવેલો, ત્યારે ન્યાયાધીશ સાહેબ મશીદ તરફ જતા હતા. મશીદ પાસે તોફાન થાય છે એમ લોકો વાત કરતા હતા, અને ન્યાયાધીશ સાહેબ ત્યાંથી નીકળ્યા ત્યારે મેં માની લીધેલું કે ન્યાયાધીશ સાહેબ મશીદે જાય છે. એ વાત કરનારા જાત્રાળુ પરગામના હતા તે કોણ હતા તે મેં ઓળખ્યા નથી. એક બે જણા બોલતા જતા હતા, ત્યાં કોઇ ગામના માણસ નહોતા. ત્યાં ચોકમાં રસ્તામાં ગામના કોઇ માણસ નહોતા ત્યાંથી ચાલ્યા: જતા: આવતા હતા, તે બધા પરદેશી હતા. ચોકની આસપાસ દુકાનો ખુલી હતી. ન્યાયાધીશની જોડેજ હું મશીદે ગયેલો. હું મશીદ પાસે પહોંચ્યો તે વખત મશીદ પાસે કોઇ ગામના હીંદુઓ નહોતા. તે વખત મશીદ આસપાસના મકાનો ઉપર કોઇ ચડેલું નહોતું હું ઉતારામાં હતો તે દરમીયાન પોલીસ જમાદાર કચેરીમાં આવ્યા નહોતા મશીદ આગળ ન્યાયાધીશ આગળથી પાંચ છ ડગલાં છેટે હું ઉભો હતો. દાદમીયાં વીગેરે મુસલમાનો ત્યાં ઉભા હતા. તેની સાથે ન્યાયાધીશ વાત કરતા હતા. પણ તે શું વાત કરતા હતા તે મેં

સાંભળ્યું નથી. વત કરી રહ્યા પછી બધા મુસલમાનો અંદર પેઠી ગયેલા, અને મશીદનાં કમાડ દઇ દીધેલાં મશીદનાં કમાડ બંધ થયા પછી મને વાગેલું. મને વાગ્યું તે સાથે બીજા કોઇને વાગ્યું હતું કે નહીં તે મને ખબર નથી. ગઢડામાં હું મુસલમાનોની દુકાનેથી માલ લઉં છું. ખમીસા ઓધાની દુકાનેથી હું માલ લઉં છું. આ કામના કોઇ તહોમતવાળા સાથે મારે લેવડ દેવડ નથી. હું લાઠીદડનો રહીશ છું અને પંદર વરસ થયાં ઝીંઝાવદર રહું છું મહીનામાં એક બે વાર મારે ગઢડે જવું પડે છે. મદીદ બહાર ઉભેલામાંથી મેં દાદામીયાં અલીમીયાં, ઇસો શેઠ અને સરદાર તહોમતવાળાને મેં ઓળખેલા, એ તહોમતવાળાને હું નામથી ઓળખું છું ગામમાં સારો વેપાર કરે છે, અને દુકાન કરે છે તેથી ઓળખું છું. તેની દુકાન પહેલાં બે વરસ અગાઉ મેં જોએલી. હાલ બે વરસથી એને હું દુકાને બેસતાં ભાળતો નથી. એની દુકાને કોણ બેસે છે તેને હું ઓળખતો નથી. ગામમાં મેં તેને બે વરસમાં બે ચાર વખત ભાળેલા તોફાન પહેલા એક બે મહીના અગાઉ ગઢડામાં મે ઇસા શેઠને ભાળેલા. અલીને હું પાંચ વરસ થયાં ઓળખું છું તે ઝીંઝાવદર સાદી કરાવવા આવે છે, તેથી ઓળખું છું. સરદારને હું બે ત્રણ વરસ થયાં ઓળખું છું. તે ન્યાયાધીશનો પટાવાળો છે. હું મશીદેથી પાછો ફર્યો, ત્યાં સુધીમાં મેં ઉપર જે ચાર નામ લખાવ્યાં, તે કોઇ તે વખતે તોફાન કરતા નહોતા. તેમ બીજા ઉભેલા તે પણ તે વખતે ત્યાં કાંઇ તોફાન કરતા નહોતા. મશીદ આગળ ઉભેલાને મેં ઓળખી ઘરૂ તપાસમાં બતાવેલા છે. તેને આજ ફરી ઓળખી તહોમતવાળામાંથી બતાવી આપું છું. (તહોમતવાળો હસન તાર બોથા, અભરામ હાશમ. અને અબદલા કરીમને સાક્ષી બતાવે છે.) એ સાત મુસલમાનોને મેં બતાવ્યા તે શીવાય દશ બાર મુસલમાનો મશીદ આગળ હતા. એ બધામાંથી દશબાર પાસે લાકડી કે ધોકા હતા, બીજા પાસે કાંઇ નહોતું કોની પાસે લાકડી અને કોની પાસે ધોકા હતાં, તેની મને ખબર નથી. એ ધોકા ચુનો ખાંડવાના હતા પાંચ સાત પાસે ધોકો ને પાંચ સાત પાસે લાકડીઓ હતી. જે સાતને મેં બતાવ્યા છે. તે પૈકી પાંચ પાસે લાકડી ધોકા હતા. બે પાસે કાંઇ નહોતુ એ પાંચ જણા લાકડી ધોકાવાળા કયા હતા, તે હું કહી શકું નહી. હું ન્યાયાધીશની જોડેજ મશીદેથી પાછો ગએલો, અમે પાંચ સાત મીનીટ મશીદ પાસે રોકાએલા તે વખતે ગામના હીંદુઓ ત્યાં હતા નહીં જનાણુ હીંદુઓ ત્યાં તે વખતે પાંચસેક હીંદુઓ હતા. અમે ત્યાં ઉભા હતા, તે વખતે આગરો ત્યાં આવ્યા નહોતા બે વખત થઇને આઠ દીવસની દવા હું દવાખાનેથી લઇ ગયેલો, દવાખાને હું માર બતાવીને ચાલ્યો ગએલો. પોલીસે મારી હકીકત લખી લીધી છે.

ફરી તપાસ—મને બે રૂપીયાનો પગાર મળે છે તે સીવાય રૂ. ૪) દર માસે ખાનગી કામ કરી હું મેળવું છું.

કોર્ટના સવાલમાં—ન્યાયાધીશની છત્રી ઉપર ઘા આવેલો તે પછી તરત મારા ઉપર ઘા આવેલો. મશીદ આગળ મારી અને ન્યાયાધીશની વચમાં બે ત્રણ માણસ ઉભેલા તે કોણ હતા તેની મને ખબર નથી એ બે ત્રણ જણાને વાગેલું છે કે નહીં તે મને ખબર નથી. અમારા ઉપર ઘા આવ્યા તે વખતે ઘણા ઘા આવતા હતા મને ઘા વાગ્યો ત્યારે ઘા થયાનું જાણેલું, ન્યાયાધીશની છત્રી ઉપર ઘા આવેલો. તે છત્રી ઉપર રહ્યો કે નીચે

પડયો તેની મને ખબર નથી. મશીદથી હું ઉતારે ગયેલો, અને ત્યાંથી જમાદારે મને દવાખાને મોકલેલો હું એ સવારે ૯.૩૦ દવાખાને ગયેલો. હું ન્યાયાધીશ સાથે મશીદે ગયો ત્યારે મશીદ બહાર મુસલમાને છાના માના ઉભા હતા, તે વખત અગાશીમાંથી ઘા ચાલતા નહોતા એ સાત તહોમતવાળાને મેં બતાવ્યા તે સીવાય તહોમતવાળામાંથી જમાલ, ઓસમાણ અલી શેઠ, હસન આજમ, જુસબ સુમારનાં નામ તોફાન પેહેલાંથી હું જાણું છું, અને તહોમતવાળા જુસબ ગની, અબદલા મમુદ, ઓસમાણ ગની મમુદ હાશમ ને અબરામ એમને હું તોફાન પેહેલાંથી દીઠે ઓળખું છું બાકીના તહોમતવાળાના નામ હું જાણતો નથી. તેમ દીઠે પણ ઓળખતો નથી. મશીદની ડેલી સામે ન્યાયાધીશ ઉભા હતા. ડેલીથી ત્રણ ચાર પગલાં છેટે ઉભા હતા. અગાશીના ભાગથી સાત આઠ હાથ છેટે ડેલી સામા ન્યાયાધીશ સાહેબ ઉભા હતા.

સાક્ષીને વાંચી બતાવતા બરાબર હોવાનું કહે છે.

તા. ૧૫ ફેબરૂવારી સને ૧૯૦૮

૧ સા. રતનશી નાગજી સહી. દા. પોતાના

મારા રૂબરૂ

(સહી) વ.મનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૦.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ જસમત છે. મારી ઉમર આસરે વરસ ૪૨ ની છે.

મારા બાપનું નામ કાનજી છે. મારો કસબ માળા કરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ગઢડામાં રહું છું.

મારી જાત સુતારની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ મંદીરમાંથી વરઘોડો જળઝીલવા ગયો તે વખતે હું સાથે હતો. પછી કુંડેથી રૂપાની પાલખી મશીદ આગળ થઇને મંદીરમાં આવી, તે વખતે હું તેની સાથે હતો. એ પાલખીમાં ઠાકારજી હતા. વરઘોડો કુંડે ગયો તે વખત વાજીંત્ર હતું તે બીજી ઠાકોરજીની પાલખી બદલીને ઝાંપા બહારી ગએલી તેની સાથે હતું મશીદ પાસેથી જે પાલખી નીકળેલી તેમાં વાગતું ગજતુ નહોતું દર વરસે એક પાલખી મશીદ આગળ થઇને પાછી મંદીરે જાય છે, અને બીજી પાલખી ફરવા જાય છે. મશીદ પાસે પાલખી પહોંચી તે વખતે હું દશ હાથ છેટે હતો, તે વખતે મને કાંઇ ઇજા થઇ નથી પણ ત્યાં મારા દેખતા ડાયા ભગતને ઇજા થઇ છે જમાદારને પણ મારા દેખતાં વાગેલું. લખમીશંકર હવાલદારને પણ મારા દેખતાં વાગેલું. બીજા કોઇને મારા દેખતાં વાગ્યું નથી. ડાયા ભગતને પગ ઉપર વાગેલું છે, પછી તે ધોકાનો માર હોય કે લાકડીનો માર હોય. ડાયા ભગતને મારા દેખતાં ત્રણ વખત વાગેલું છે. એ મારથી ડાયો ભગત ત્યાં પડી ગએલો તેને કાંઇ લોહી નીકળ્યું હતું કે નહી તે મેં જોયુ નથી. એ ડાયાને એક ઘા મુસા અલીએ

કરેલો. બીજો ઘા ગાંડા ખાટકીએ કરેલો અને ત્રીજો ઘા નુર આમદે કરેલો. જમાદારને સામા ખાટકીએ ધોકાનો ઘા કરેલો. જમાદારને એ લાકડી પડેલી. બીજી લાકડી જમાલ સીપાઈએ મારેલી. લખમીશંકરને એ ત્રણ ઘાવ આંધળા કાજીએ મારેલા. એ કાજીના નામની મને ખબર નથી, તેને હું દીઠે ઓળખું છું. એ આંધળા કાજીને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું, તેનું નામ પુછતાં તે તહોમતવાળો અલીમીયાં મહમુદમીયાં કહે છે. પાલખી જતી હતી તે વખતે દાદામીયાંએ આડા આવીને ઝોંટ મારી. તે ઝોંટ મારીને તેણે લોલક તોડી લીધું, તે વખત મસીદ પાસે ૧૫–૨૦ મુસલમાનો હતા, અને અગાસીમાં પાંચ સાત મુસલમાનો હતા, એ બહાર ઉભેલા મુસલમાનોમાં અબદલા ભંડારી, સરદાર દાદામીયાં, જમાલ સીપાઈ, નુર આમદ, ઈસા અલી, ગાંડીઓ ખાટકી, સામો ખાટકી એટલા નામ હું જાણું છું, બીજાને હું દીઠે ઓળખું છું. મસીદ બહાર ઉભેલામાંથી જેને મેં દીઠે ઓળખેલા તે ચાર જણને આંહી તહોમતવાળામાંથી બતાવી આપું છું. તેમના નામ મને ખબર નથી પણ તેમના નામ પુછતા તેઓ જુસબ ગની, તાલબ મહમુદ, વલી દાદામીયાં અને અબરામ ગો[illegible]ે છે. અગાશીમાં જે ઉભા હતા તેને નામથી જાણતો નથી. તેમ નજરે દીઠે પણ ઓળખી શકતો નથી, એ નીચે ઉભા હતા તેના હાથમાં ચુનો ખાંડવાના સાંબેલાં તથા કેટલાકના હાથમાં ધોકા હતા. પાલખીને દાદામીયાંએ ઝોંટ મારી તથા બીજાએ ધોકા ઉંચા કરી, દીઓ, દીઓ, એમ કહેતા હતા. પાલખી આડા જમાદાર અને હવાલદાર લખમીશંકર આડા પડયા તેથી પાલખી મંદીર તરફ ગઈ હતી. જમાદાર અને લખમીશંકર તેની સાથે ગયા હતા. પછી હું ત્યાંથી પાછો ફરેલો, તે નકડીને દોરે થઈ છત્રા ખાચરની ડેલી પાસે થઈ મારે ઘેર ગએલો. પાલખી ગયા પછી મસીદની અગાશીમાંથી પાણા પડવા માંડયા તેથી મારી પાસે છોકરો હતો તેનો જીવ બચાવવા હું મારે ઘેર ગયો હતો. પાણા કોઈને વાગ્યાનું મેં જોયું નથી.

સવાલ—અગાશીમાંથી કેણુ ઘા કરતા હતા ?

જવાબ—તે મને ખબર નથી.

સવાલ—કઈ જાતના હતા ?

જવાબ...મુસલમાન.

સવાલ—તમે જે અગાશીના હોવાનું કહ્યું તે ?

જવાબ—હા.

ઉલટ તપાસ મુલતવી.

જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૧૧ ફેબરૂવારી સને ૧૯૦૮.

૧ સુતાર જસમત કાનજીની સહી દા. પોતાના.

મારી રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ

હું જસમત કાનજી આજરોજ પ્રતિજ્ઞા કરી ફુલક તપાસમાં લખાવું છું કે—હું સ્વામીનારાયણનો ધર્મ પાળું છું. મોનજી કાનજી મારો સગો ભાઈ છે. એ મોનજી મુસલમાનની ફરીયાદના કામમાં એક તહોમતદાર છે. ઠાકોરજીની પાલખી સાથે ઢોલ વગાડનારા ભંગીયા હોતા નથી પણ અમારા ધર્મ વાળા વગાડે છે, વરઘોડામાં અમારા ધર્મવાળા સુતાર વગાડે છે. (આ વખત સાક્ષી બોલ્યો કે ભંગીઓ પણ વગાડે છે.) એ વરઘોડામાં મેં કે મારા ભાઈ મોનજીએ કોઈ દીવસ ત્રાંસાં વગાડયાં નથી. મગન રણછોડ, પોલા રણછોડ અને છગન નાનજી એટલાં સુતારો ત્રાંસા વગાડે છે, મારા દીકરાને લઈને હું વરઘોડો મંદીરમાં તૈયાર થતો હતો તે વખતે મંદીરે ગયેલો. ત્યાંથી મારા દીકરાને તેડીને વરઘોડા સાથે કુંડે ગયેલો, એ મારા દીકરાની ઉમર ૩॥-૪ વરસની છે. નદીએથી પાછા આવતાં મશીદ તરફ જવાનું કારણ કે એ રસ્તો ટુંકો અને ઘરે તરત પહોંચું. મને સારણગાંઠનું દરદ છે તેથી કુંડે આવ્યો ત્યાં થાક લાગ્યો, તેથી ટુંકે રસ્તે ચાલ્યો હતો. કુંડેથી પાલખી મશીદ તરફ ચાલી તે પહેલાં હું ચાલેલો. હું એક નાડ.વા ચાલ્યો ત્યાં કુંડેથી પાલખી નીકળેલી, પછી અમે પાલખીની પછવાડે જતા હતા. કુંડે હું અરધો કલાક રોકાએલો, મશીદે આવતાં સુધીમાં પાલખી ભેગો હતો. મશીદ સુધી હું આખે રસ્તે પાલખીની જમણી બાજુએ હું ચાલ્યો આવતો હતો, પાલખી ભેગા છ સાધુ, બે બ્રહ્મચારી, એક પાળો અને ત્રણ પોલીસના માણસો હતા. જમાદાર વચમાંથી ભેગા થયેલા, પણ ક્યાંથી તે સાંભરતું નથી. લાલજી જેઠા પણ નદીએથી પાલખી જોડે આવેલો. પાલખી સાથે એ શીવાય બીજા કોઈ નહોતા. એ છ સાધુમાંથી એક સાધુ હરિનારાયણનું નામ આવડે છે, બીજા સાધુના નામ આવડતાં નથી. પોલીસના માણસો જે પાલખી સાથે હતા તેમાં લખમીશંકર અમરો અને સહદ એ ત્રણ નામની ખબર છે. પોલીસ જમાદારના નામની ખબર નથી. અમરો અને સહદ પાલખીની આગળ હતા, અને લખમીશંકર પાલખીને જમણે પડખે હતા. જમાદાર પણ લખમીશંકરની વાંસે એટલે પાલખીને જમણે પડખે હતા. પાલખી મશીદ આગળ ઉભી હતી, તે બે ચાર હાથ ચાલ્યા પછી ચાલતી હતી. પાલખી ગયા પછી એ મારામારીમાં જમાદાર, હવાલદારને મારેલા. તે મારામારી બે મીનીટ ચાલેલી. મુસલમાનો પાલખી ઉપર ધસી આવ્યા, અને પાલખી ઉપર ઝોંટ મારી ત્યારે મને બીક લાગી હતી. એ બીક લાગી હતી. છતાં મને એમ થયું કે ત્યાં થઈને સોંસરું ચાલ્યું જવાશે, પણ જ્યારે મારામારી થઈ ત્યારે હું પાછો ફરેલો. લખમીશંકરની વાંસે જમાદાર હતા, તેને જમાલ સીપાઈ તથા સામા ખાટકીએ માર મારેલો, બીજા કોઈએ માર માર્યો નથી. જમાદારને પહેલી લાકડી મારી, તે છતાં હું ચાલ્યો ગયો નહી, તેનું કારણ કે કોને કોને માર પડે છે તે જોવાનું હતું. જમાદારને બચાવવા લખમીશંકર પડેલો, તેને પણ મારેલો. લખમીશંકરને માર્યા પછી પાળાને મારેલો. પાળાને શું કામ મારેલો. તે કોઈની આડા પડેલો કે નહી તે મારી સાંભરતું નથી. હું પાળાના વાંસે પાંચ હાથ ઉપર હતો અને જમાદારની વાંસે બે હાથ છેટે હતો. પાળાને ધારીઆ છુરાઓ અને માલ ખાટકીએ મારેલો, તેમાં પહેલો કોણે અને પછી કોણે તે મારી સાંભરતું નથી. એ બધી મારામારીમાં મેં કોઈને પડકાર્યા નથી કે વાર્યા નથી. કાંઈ બોલ્યા વગર મુસલમાનોએ મારા મારી કરેલી. માર ખાનારા કોઈ સામા

થયેલા કે નહીં તે મારી સાધ નથી. એ લોકોને માર પડયો તે મને સાધ છે, પણ કેટલે માર પડયો તે સાધ નથી. (એ લોકોને માર પડયો ત્યારે તે સામા થયેલા કે નહીં તે જેવા હું ઉભો રહયો નથી.) પાગાને પહેલો ઘા પડયો એટલે હું ત્યાંથી ચાલ્યો ગયેલો. પછી લાં મારામારી જેવાની મને જરૂર માલુમ પડેલી નહીં. જમાદાર તથા હવાલદારને માર્યા તે વખત એ લોકો સામા થયા નહોતા. પાગાને પહેલો ઘા પડયો ત્યારે બીજી બે લાકડી તેના ઉપર તેળી હતી, તેથી તે માર્યાનું હું કહું છું. એ બીજી બે લાકડી પાગાને માગેલી કે નહીં તે મેં જેયું નથી. ઇસાએ પાગાને લાકડીનો પહેલો ઘા કરેલો. તહોમતવાળા ગાંડા ખાટકીએ તથા તુરા આમદે લાકડી તેળી રાખેલી. પાલખીને ચાર ખુણે ચાર લોલક છે. તેમાંથી ઉતરાદુ-ફેઆમણું એક લોલક તોડી લીધેલું એ લોલક સાથે બીજું કાંઇ તુટયું નહોતું. એ લોલક પછી તોડનારના હાથમાં રહેલું. એ લોલક તેના હાથમાંથી પાછું લેવા ત્યાં કોઇએ મહેનત કરી નથી. પંદર વીસ માણસો ઉભા હતા તેમાંથી કાઠામીયાંએ નોખા પડી પાલખી પાસે જઇ લોલક તોડી લીધેલું, તે વખત તેના હાથમાં લાકડી હતી, એ લાકડી લઇને પાલખી ઉપર ધસ્યો, ત્યારે પોલીસના માણસો કે મંદીરના માણસો કોઇ આડા પડયા નહોતા. લોલક તુટયું કે તરત બધા પાલખી લઇને ભાગેલા. એ પાલખી મંદીરે ચાલી ગઇ, તેની પહેલાં પોલીસના બે સીપાઇઓ ગએલા, બીજું કોઇ સાથે ગયું નથી. પાલખી મસીદ સુધી આવી ત્યાં સુધી લાલજી પાલખીના પડખે મારી મોઢા આગળ હતો. પાલખીની સાથે લાલજી મંદીરે ગયો કે નહીં તે મારી સાધ નથી. લોલક તોડેલું તે વખત લાલજી કાંઇ બોલેલો કે નહીં તે મારી સાધ નથી. પાલખી મસીદ આગળ થોભી તેટલા વખતમાં હીંદુઓ ત્યાં કોઇ ભેગા થયા નહોતા, પણ આવજા કરતા હતા. હજારો માણસો ત્યાંથી આવજા કરતા હતા. એ બધા ગામના કે પરગામના તે મને ખબર નથી એ હજારો માણસો પાલખીની આથમણી તરફથી જતા હતા. ઉગમણી બાજુ ઉપર હુમલો થયો હતો, તેથી તે તરફ તે જતું આવતું નહોતું. પાલખીના બંને ડાંડા સુધી તો આખા રસ્તામાં આવજા થતી હતી, પણ ડાંડા આગળથી નદી તરફ જનારા અને નદી તરફથી આવનારા બધા આથમણી તરફથી જતા આવતા હતા, મસીદના દરવાજા આગળ રસ્તો દસ બાર હાથ પહોળો છે. મસીદથી રાા હાથ છેટે પાલખી ઉભી રહેલી, પાલખી ઉભી હતી. તે પાલખી અને તેની સાથેના માણસોએ બધું મળીને રાા હાથ જમીન રોકેલી. એ પાલખી આશરે બે હાથ પોળી હતી. એ જતા આવતા લોકોને કોઇ વારતું નહોતું, પણ પોતાની મેળે જ પાલખીને આથમણી તરફ જતા આવતા હતા. તે જતા આવતા લોકો કાંઇ બોલતા હતા કે નહી તે મારી સાધ નહોતી. તોફાન થયું તે દરમીયાન લોકો ઉભા રહેલા, પણ કોઇ પાછા ફરી ગયા નહોતા. પાલખીના બંને ડાંડા આગળ લોકો અટકી ગયેલા. તે વખત પાલખીની આથમણી તરફથી કોઇ જતા આવતા નહોતા. હું જ્યાં આગળ ઉભો હતો, ત્યાં આગળ કેટલાં માણસો ઝકલાઇ ગયા હતા તે મારી સાધ નથી. તેમ સામા બાજુએ કેટલાં માણસો હતાં તે પણ મારી સાધ નથી. હું ગભરાઇ ગયો તેથી મારી સાધ રહી નથી. પાલખી મંદીર તરફ લઇ ગયા ત્યારે પોલીસના માણસો મગન કરતા હતા. એ મારગ થતો હતો અને પાલખી જતી હતી, પણ હું એ મારગે

થઈ તેની પાછળ ન જતાં બીજે રસ્તે ફરીને ગયો. હું મસીદ આગળ જાઉં તો મારશે તે કલ્પનાથી ફરીને ગયો હતો. મસીદની પછીતથી બે હાથ છેટે હું હતો. મસીદની ડેલીના દક્ષણાદા ખુણાથી બે હાથ છેટે દખણાદી તરફ હું હતો. પાલખી બંને ડાંડાના છેડા સુધી ૭ હાથ લાંબી છે, મસીદની ડેલીના ઉતરાદા બાર આગળ પાલખી ચોભેલી, એ ઉતરાદા બારની સામે પાલખીના ઠાકોરજીની બરોબર બેઠક આવી ગયેલી. મુસલમાનો એકઠા થઈને ઉભા હતા તેમાં જમાદાર પાલખી સાથે હતા, ત્યાં સુધીમાં મુસલમાનો હતા. એ મુસલમાનો ડેલીના ખુણા સુધી રહેલા. મારથી બે હાથ છેટે રહેલા. પાલખીના પાછલા ડાંડાની પાછળ પાળો હતો, એ પાળો પાછલા ડાંડાથી હાથેક છેટો હતો. હું મુળથી ગઢડાનો રહેનાર છું. અંહી બેઠેલ તહોમતવાળામાંથી ઈસા અલી, નુર આમદ, ગાંડો ખાટકી, સામો ખાટકી, જમાલ સીપાઈ, દાદામીયાં, સરદાર, અબદલો ભંડારી ( અબદુલા મહમુદ ) અલી ઓસમાણ, મમુદ સીપાઈ, ( મમુદ હાશમ ), દાદન ઘાંચી, ( દાદન અભરામ ), અભરામ હાશમ, અબદલા ગની, હસન તાર, ( હસન તાર બોથા ). અબદલા સુનાર એટલા તહોમતવાળાનાં નામ તોફાન પહેલાંથી જાણું છું. ( તહોમતવાળો અલી ઓસમાણ કહી ઓળખાવ્યો તેનું નામ પુછતાં ઓસમાણ અલી કહે છે. ) તોફાન પહેલાંથી જેના નામ જાણતો નથી, અને દીઠે ઓળખું છું. તેને તહોમતવાળામાંથી બતાવી આપું છું, તેમના નામ મને ખબર નથી. નામ પુછતાં તેઓ તહોમતવાળા જુસબ ગની, હસન તાર ગીગા, અસમાલ ગની, ઓસમાન રેમાન, સલેમાન અભરામ, તાલબ મહમુદ જુસબ સુમાર, અબદલા કરીમ, હસન આજમ, અલીમીયાં મહમુદમીયાં, તારમામદ અલી, કાળુ ગીગા, લતીફ અભરામ, અભરામ બેગા, સલેમાન પોલા, સલેમાન અબદલા, અભરામ લાખા, વલીમીયાં દાદામીયાં. અને મામદજી આકુબ કહે છે. તહોમતવાળાનાં નામ મેં લખાવ્યા અને દીઠે ઓળખવામાં, મેં લખાવ્યા તેમાં કોઈ રહી જતું નથી, એમ તેમને જોઈ હું કહું છું. અંહી એક બાઈ તહોમતવાળી છે તેનું નામ હું જાણતો નથી, તેમ દીઠે ઓળખતો નથી. ( નુરબાઈ મમુદમીયાની ઓરત ) હાલ બીજો તહોમતવાળો મને બતાવ્યો તેના નામની મને ખબર નથી. દીઠે ઓળખું છું, તેનું નામ અભરામ જોબર કહે છે. તેને દીઠે ઓળખાવવામાં નહીં લખાવવામાં મારી ભુલ થઈ છે.

ઉપરની જુબાની સાક્ષીને વાંચી બતાવતા બરાબર હોવાનું કહે છે.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

તા. ૧૯–૨–૦૮.

૧ સુતાર જસમત કાનજીની સહી. દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપરે.

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું જસમત કાનજી આજ રોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમા લખાવું છું કે—ચાર તપાસમાં મેં લખાવ્યું છે કે હું પાલખી પાછળ દશ હાથ છેટે હતો. તે મેં ખરૂ લખા-

ળ્યું છે ગઈ કાલે મેં લખાવ્યું છે કે હું ડંકી નજીક ચાલ્યો આવતો હતો, તે ભુલથી મેં
લખાવ્યું છે. હું ઉભો હતો તે પાલખીની લાઇનમાં નહી પણ ઉગમણી બાજુ તરફ
ઉભો હતો. પાલખીમાં ઠાકોરજી દરવાજાની લાઇનમાં બેઠા હતા,-હેઠે અકેલીને બેઠા
નહોતા. ઠાકોરજીનું સિંહાસન પાલખીના મધ્ય ભાગમાં છે. ત્યાં બેઠા હતા. ઠા-
કોરજીની મુરતી ઉંચાઇમાં પોણો હાથ જેટલી હતી. બે પાલખી પાછા ફરતાં સાથે
ન લઇ જતી તે કારણથી પાછા ફરતાં એક પાલખી મશીદ તરફ આવે છે. નદીએ જતાં
બે પાલખી ભેગી જાય. અને પાછા ફરતાં બે પાલખી ભેગી ન આવે, તેનું કારણ હું કહી
શકતો નથી. મશીદ આગળથી આવતી પાલખી સાથે હું બનું ભણી ચાર પાંચ વખત
ચાલેલો, ઘરે મેમાન હોય તેને ફરાળ કરાવવા સારૂ તાકીદે ઘરે જવાનું હોય તેથી કુંડે દર-
શન કરી મશીદ પાસે આવતી પાલખી સાથે હું ચાર પાંચ વખત ચાલેલો. પાલખીથી છુટા
પડી વેલા ઘેર નહીં જવાનું કારણકે રસ્તામાં ભીડ હોય. પટાવાળા બેઆ હોય, ને પાલખીને
મારગ કરતા જતા હોય તેમાં ભીડ ન લાગે તેથી હું વાંસે ચાલ્યો જાઉં. રસ્તામાં આવજા
ટો ઘણાં માણસો કરતાં હોય છે. છતાં રસ્તામાં મગન થયા શીવાય ન જવાય એવું નથી,
પણ મારે પાલખીની સાથે ચાલવું તેથી હું તેની સાથે ગયો હતો. ( આ વખત સાક્ષી પો-
તાથી બોલી ગયો કે કોઇ વખત પાલખીની મોઢા આગળ ચાલ્યો ગયો હઇશ. ) મેમાનને
જમાડવાની ઉતાવળ હોવાનું મેં લખાવ્યું છે તે ખરૂં નથી, પણ મારે એ રસ્તે પાલખી
સાથે ચાલવું હતું. તેથી એ રસ્તે હું ચાર પાંચ વખત ચાલેલો. કુંડેથી મારે ઘેર
પહોંચવાનો રસ્તો નજીકમાં મશીદ પાસેનો છે. મામજી આકુબ મારા ઘરની નજીક
માં રહે છે કે નહીં તેની મને નથી. તહોમતવાળો જુસબ સુથાર મારા ઘરથી પાંચ છ ઘર
છેટે રહે છે. જુસબ સુથારનું નામ હું હાલ સુધી જાણતો નથી. હું સુખડની કંઠી બનાવ-
વાનું કામ કરૂં છું. સુખડનો ભુકો નીકળે તે હું વેચું છું. એ સુખડનો ભુકો મારે ત્યાંથી
અબરામ બેગા, તેના દીકરા સલેમાન અને લતીબ તહોમતવાળો લઇ જાય, તેનાં નામ હું
જાણતો નથી. મારા અને તહોમતવાળા કાણુ ચીમાના ઘરના વચમાં પંદર વીસ ઘર છે. એ
કાણુને ઓળખું છું તેનું નામ હું જાણતો નથી. એ સુખડની માળા હું બનાવું છું તે
હું મેળામાં વેચું છું એ માળા મારી દુકાને વેચું છું. એ માળા વેચવા હું સવારે દસ વાગ્યા
સુધી અને બપોરે બે વાગ્યાથી, પછીથી કહે છે કે દોઢથી બે વાગ્યા સુધી મારી દુકાને બે-
સવા બેસું છું. શરૂ તપાસમાં મેં લખાવ્યું છે કે અગાશીમાંથી પથરા પડવા માંડ્યા, ત્યારે
હું ભાગ્યો તે લખાવ્યું છે તે ખરૂં છે ગઇ કાલે મેં લખાવ્યું છે કે પાગા ઉપર પેસો ઘા
પડ્યા પછી ભાગ્યો તે ભુલથી મેં લખાવ્યું છે, હું ગભરાઇ ગએલો. તેથી મેં એ પ્રમાણે
ખોટું લખાવ્યું છે. ગઈ કાલે મેં આ એકજ જવાબ ગભરાટને ખોટો લખાવ્યો છે. દાદા-
મીયાં ઝુમખું તોડી મુસલમાનોના ઘેરકામાં પેશી ગયેલો. એ પછી કોઇને માર વાગેલો કે
નહીં તે મને સાધ નથી. ચેરા શબ્દનો અર્થ હું સમજતો નથી. અગાશીમાંથી ઘા આવતા
હતા ત્યારે અગાશીમાંના માણસોનાં મોઢાં મેં ભાળ્યાં હતાં ખરાં, અગાશીમાં છ સાત જણા
હતા તે બધાનાં મોં મેં જોયાં હતાં ખરાં. ( આ વખત સાક્ષી પોતાથી ઉમેરે છે કે મેં
તેને ઓળખ્યા નથી ) ઘા પડવાથી બીકને લીધે હું ચાલતો થયો ત્યારે મેં તેનાં મોઢાં

જોએલાં. તે વખત ઘા લાગવાની મને બીક તો લાગેલી. પણ તે અગાશીમાં દેખુ હતા, તે જોયા વગર મન કેમ રહે, તેથી મેં તે જોવા સારૂ અગાશી તરફ નજર કરેલી, પણ એટલે છેટેથી હું તેને ઓળખી શક્યો નહીં, મેં ચાલવા માંડ્યું ત્યાંથી એક રાશવા આધે ગયા પછી મેં જોવા માંડેલું. એ ઘા કરતા હતા, તેનાં મોં આથમણી તરફ હતાં. વરઘોડામાં બંગી ઢોલ અસલથી આગળ વગાડે છે. અને અમારા ધર્મના લોક પાલખીની મોઢા આગળ વગાડે છે, વરઘોડામાં વાજીંત્રમાં ઢોલ ત્રાંસાં, ચોઘડીયાં ઓછવ (ઝાંઝ પખાજ) એટલુંજ હોય છે.

ફરી તપાસ—અંબારામને મારેલા પછી અડધી મીનીટે લખમીશંકરને મારેલા.

કોર્ટના સવાલમાં—અગાશીમાં જે માણસોને મેં જોએલા, તેમાંના કોઈ માણસો આંહી તહોમતવાળામાં નથી તહોમતવાળા પૈકી જેનાં નામ હું જાણું છું, તે હું તેમને ત્યાંથી કાંઈક માલ લેવા ગયો હોઉં, અગર તે મારે ત્યાંથી કાંઈક માલ લેવા આવ્યો હોય, તેથી જાણું છું. મારી અઢાર વરસની ઉમરે હું સમજણો થયો હઈશ તે દીવસથી આજ સુધીમાં દશ બાર વખત વરઘોડા સાથે (ફરે) ગયો હઈશ. પાછા વળતાં જે પાલખી ભડકીને ઝાંપે ચાલે છે, તેની સાથે હું ચાર પાંચ વખત ચાલ્યો હઈશ, પાંચ વખત ભડકીને ઝાંપે થઈને ચાલ્યો, અને પાંચ વખત મશીદ આગળ થઈને ચાલ્યો છું. માળા વેચવાનું ઉતાવળનું કામ હોય તો હું મશીદને રસ્તે ઉતાવળેથી આવ્યો હઈશ. ધર્મમાં તો ઠાકોરજીનાં દરશન કરવાની જરૂર અને વરઘોડામાં શોખની ખાતર જાઉં. મારે ઘરકી છતાં દરશન કરીને પાલખી ભેર આવવા નથી, એ મારી ભુલ થઈ છે. તોફાનને દીવસે જે પાલખી ભડકીના ઝાંપા તરફ ફરે ગઈ તે મેં જોઈ હતી. એ પાલખી ઉપાડવામાં કેટલા જણા હતા તે મારી સાધ નથી. એ ભડકીના ઝાંપા તરફ જતી પાલખીમાં ૨૦૦–૩૦૦ માણસો હતાં. તેમાં પોલીસનાં કેટલાં હતાં તે મને સાધ નથી,

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા૦ ૨૦ ફેબરવારી સને ૧૯૦૮

૧ સુતાર જસમત કાનજીની સહી દ. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૧

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ હકો છે. | મારા બાપનું નામ વરતો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારી જાત કોળીની છે. |
| મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે. | મારો કસબ ખેડનો છે. |

હું સમદીયાળા પ્રગણે સોનગઢ રહુ છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું સ્વામીનારાયણનો ધર્મ પાળું છું. ગઈ જળઝીલણી અગીયારશના રોજ ગઢડામાં હું મેળામાં ગયો હતો. તે દીવસ મને નાક ઉપર પથરો વાગ્યો હતો. મશીદની અગાશીમાં

થી મને પથરો વગેલો. અગાશીમાં મેં બે ત્રણ માણસને બાંધેલા. મને પાણો મારનારને મેં ઓળખ્યો નથી. મસીદ બહાર દેઢલા ભાગમાં ૧૦–૨૦ માણસો ઉભા હતા, તે દશ વીસ જણા મેમણ હતા. મેમણ શીવાય બીજી કોઇ જાતના મુસલમાનો તેમાં હતા કે નહીં તે ખબર નથી. એ બધા નીચે હાથમાં ધોકા લઇ ઉભેલા તે મેં જોએલા, મને ઘા વાગ્યો ત્યાં આગળ લોકો આવ જા કરતા હતા. અગાશીમાં માણસો ઉભા હતા તે ઘા કરતા હતા એ અગાશીમાં મેમણ હતા. ( આ વખત વકીલે પુછ્યું કે મેમણ હતા કે બીજી કોઇ જાતના હતા, ત્યારે સાક્ષી બોલ્યો કે મેમણ હતા ) મને પાણો વાગ્યાથી લોહી નીકળેલું ને મને તમશ આવ્યાથી હું પડી ગયેલો. હું પછી મારી મેળે દવાખાને ગયો હતો. કુંડેથી રૂપાની પાલખી હાલી મશીદ તરફ ગયેલી, ને બીજી હાકરવાળી પાલખી ભડલીના ઝાંપા તરફ ગઇ હતી. મશીદ તરફ પાલખી ગઇ તેમાં ઠાકોરજી નહોતા હું કુંડે મોડો આવ્યો હતો, તેથી કોઇ પાલખી સાથે મેં વાજું જોયું નહોતું. મશીદ તરફ પાલખી ગયેલી તેની વાંસે હું ગયેલો. મશીદ બહાર ઉભેલા મુસલમાનો તથા અગાશીમાં ઉભેલા મુસલમાનોમાંથી આંહી રજુ છે તે તહોમતવાળામાંથી કોઇને હું બતાવી શકું નહીં.

ઉલટ તપાસ મુલતવી.

જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૧ ફેબ્રુઆરી સને ૧૯૦૮.

૧ ઠોંગી દકા વસ્તાની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

હું દકા વસ્તા આજરોજ પ્રતીજ્ઞા ઉપર ઉલટ તપાસમાં લખાવું છું કે હું પાલખીથી બે નાડાવા છેટે વાંસે ચાલ્યો આવતો હતો. પાલખી ઉપાડનારા કોણ હતા; એટલેમાં હતો હું તે મને ખબર નથી. પાલખી લઇ ગયા પછી મને નાક ઉપર વાગેલું. ઉગમણી દીશાએથી આવેલો ઘા મને વાગેલો તે વખત હું મશીદથી નાડાવા છેટે નદી તરફ હતો ચકડોળ હતો ત્યાંથી મશીદ તરફ ગયો નહોતો, પણ ત્યાંજ પડ્યો રહેલો. થોડો દીવસ હતો ત્યારે હું દવાખાને ગયેલો મને ઘા વાગ્યો ત્યાં હું બે ત્રણ કલાક પડ્યો રહેલો તે દરમીયાન મશીદ આસપાસ શું થતું હતું તેની મને ખબર રહી નહોતી. હું નદીએથી આવતો હતો ત્યારે મશીદ બહાર અને અગાશીમાં જે માણસો હતા તેના મોઢાં કળાતાં નહોતા. દસક મુસલમાનના હાથમાં લાકડીઓ હતી. અને બીજા ઠાલે હાથે હતા. હું દશ પંદર વરસ થયાં દર સાલ મેળો જોવા આવું છું. આ વખત પાલખી મશીદ આગળથી નીકળેલી તે મોર કોઇ વાર પાલખી નીકળેલી કે નહીં તેની મને ખબર નથી. દર વખત ભડલીને ઝાંપે ટોળા જાય તેની વાંસે હું ચાલ્યો જતો. ગઇ વખત નદીએથી પાલખી ચાલી ગયા પછી હું નદીએ ગયેલો તેથી હું મશીદને રસ્તે નીકળેલો દશ પંદર વરસમાં પાલખી નદીએ હોય તે વખત હું નદીએ પહોંચ્યો હઇશ ખરો, તે વખત ઠાકોરજીની સાથે લોકોના ટોળાની પાછળ ભડલીને ઝાંપે થઇ હું ગામમાં ગયો હઇશ. બીજી પાલખી તે સાથે હોય છે કે નહીં તે મારૂં ધ્યાન નથી, તેથી યાદ નથી.

ફરી તપાસ—એ ત્રણ કલાકમાં કેટલો વખત જાય છે, તે હું સમજી શકતો નથી. મશીદથી ચકડોળ નાકાના છેટે હતો.

કોર્ટના સવાલમાં હું ચકડોળ આગળ આવ્યો ત્યારે પાલખી મશીદ આગળ નહોતી; તે વખત મેં કોઈ જગોએ પાલખી જોઈ નથી. હું ચકડોળે આવ્યો ત્યારે મશીદ આગળ થી બીજા માણસો ચાલ્યા જતા હતા. મને વાગ્યું તે વખત મશીદ આગળ માણસો આવજા કરતા હતા. ચકડોળેથી અરધા નાકાવા છેટે હું ગયો ત્યાં આગળથી મને પાણો વાગ્યો હતો અગાશીમાં માણસો હતા તેથી હું તે મુસલમાન હોવાનું કહું છું. હું મારી મેળે ગઢની પાસે થઈ બીજે રસ્તે દવાખાને ગયેલો. તે વખત મશીદ આગળ કાંઈ તોફાન થતું નહોતું.

વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૫ ફેબરૂવારી સને ૧૯૦૮

૧ કાળા હક્ક વસ્તાની સહી. દા. સવાઈલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર.
( સહી ) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ

## આંક ૧૨.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ જસો છે. | મારી ઉમર આશરે વરસ |
| મારા બાપનું નામ જોરો છે. | ૫૦ ની છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારો કસબ નોકરીનો છે. |
| મારી જાત કોળીની છે. | |
| હું ગઢડામાં રહું છું. | |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું સ્વામીનારાયણનો ધર્મ પાળું છું, ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ સવારના દશથી તે સાંજના ત્રણ વાગ્યા સુધી હું ગઢડે હતો. તે દીવસે મશીદ પાસેથી નીકળેલી પાલખી મેં જોએલી, હું એ પાલખીની જોડે ફુડેથી હતો. પાલખી સાથે મંદીરના ચાર સાધુ, બે બ્રહ્મચારી અને પોલીસના ચાર માણસો હતા, બીજા કોઈ માણસો નહોતા, લાલજી જોડા પણ પાલખી સાથે હતો. મશીદ પાસે પાલખીને મુસલમાન લોકોએ અટકાવી. આશરે દસ પંદર મુસલમાનો હતા, તેમના હાથમાં સાબેલાં અને લાકડીઓ હતી. એ દસ પંદર મુસલમાનોએ પાલખીને અટકાવી તેના ઉપર આવ્યા. દાદામીયાંએ પાલખીનું લોલક ખુંટી લીધું. એ ધકા ધુમીમાંથી પાલખી બહાર કાઢી પાલખીને ઈંટ માર્યા પછી બ્રહ્મચારી તથા સાધુ પાલખીને લઈ ચાલ્યા ગયા ત્યાં પોલીસ જમાદાર અંબારામ હતા. તેના ઉપર લાકડીના ઘા તહોમતવાળા સામા ખાટકી, ગાંડા ખાટકી અને જમાલ સીપાઈએ ઘા મારેલા, તથા લક્ષ્મીશંકર નાયકને બે આંખે અપંગ છે તેણે ત્રણ ઠોઠ મારેલી. તેને હું તહોમતવાળામાંથી ઓળખી બતાવું છું, તેનું નામ પુછતાં તે તહોમતવાળા અલીમીયાં મમુદમીયાં કહે છે. મંદીરનો પાળો પાલખી સાથે હતો તેને પણ માર પડયો છે, તેના

નામની મને ખબર નથી. તેને તહોમતવાળા સરદાર, જમાલ અને સામા ખાટકીએ કાટકી મારી છે. મશીદના બીજા કોઇ ભાગમાં મેં કોઇ મુસલમાનને જોયા નથી. મશીદ બહાર ઉભેલા મુસલમાનોમાં તહોમતવાળો જમાલ. સરદાર, દાદામીયાં, સામો ખાટકી, ગડીઓ ખાટકી એટલાનાં નામ ખબર છે. બીજાને દીઠે ઓળખું છું. મશીદ બહાર ઉભેલામાંથી મેં જેને દીઠે ઓળખેલા તેને હું તહોમતવાળામાંથી ઓળખી બતાવું છું તેના નામની ખબર નથી. પણ તેનું નામ પુછતાં ગાંડો ખાટકી કહે છે. મશીદના બીજા ભાગમાં મુસલમાન હતા કે નહીં તે મેં જોયું નથી.

ઉલટ તપાસ મુલતવી.

જુબાની સાક્ષીને વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૨ ફેબ્રુઆરી સને ૧૯૦૮.

૧ કોળી જસા જેરા સહી. દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું જસા જેરા આજે પ્રતિજ્ઞા ઉપર ઉલટ તપાસમાં લખાવું છું કે—હું ખોપાળે ચોકીદાર છું. હું પચીશ વરસ થયા મંદીરનો ધરમ પાળું છું. ૭ વરસ થયા હું ખોપાળે ચોકીમાં છું. તે પહેલા હું ગઢડે નોકર હતો. હું ૭ વરસ ખોપાળે રહયો તે દરમીઆન બે ચાર વખત હું ગઢડે ગયેલો. ખોપાળામાં ૭ વરસમાં એક વખત હું દરશન કરવા ગયો નથી. પાંચ વખત ગયો છું. સંવત ૧૯૫૭ ની સાલમાં ગયો નથી. બાકી બધી સાલમાં ગયેલો. ઠાકોરજીના દરશન કરવા ને મેળો જોવા હું ખોપાળેથી ગઢડે ગયેલો. ગયા તોફાનને દીવસે હું ખોપાળેથી ઘેર આવ્યો અને ઘેરથી પરબાર્યો કુંડે ગયેલો. પછી મારે ખોપાળે વહેલું જવું હતું તેથી બડલીને ઝાંપે પાલખી ગઇ તે સાથે ન જતાં મશીદ પાસે થઇ ગયેલો. કુંડેથી પરબાર્યો ખોપાળે જવાનો રસ્તો નથી. ગામમાં થઇને જવાય છે. (આ સાક્ષીને જ્યારે સવાલ પુછેલો કે જ્યારે કુંડેથી પરબાર્યો ખોપાળે જવાનો રસ્તો છે ત્યારે ગામમાંથી કેમ ગયેલા. ત્યારે સાક્ષી બોલ્યો કે પાલખી જોવાને માટે) કુંડેથી પરબાર્યું નદીમાં પરબાર્યો રસ્તો ખોપાળે જવાનો છે. પણ મારે ગામમાં મારે ઘેર થઇ જવાનું હતું મારે ઘેરથી લોટ અને હથીઆર લઇ ખોપાળે જવાનું હતું. હું ખોપાળે જવાને સારૂ ગામમાંથી ત્રણ વાગે નીકળેલો. મશીદ આગળ આશરે એક વાગ્યે હું આવેલો, એ પછી બે અઢી કલાક મને ગામમાં લોટ ને સરસામાન લેતાં લાગેલા. પાલખીને મશીદ આગળ રોકી ત્યારે હું પાલખીથી પાંચ છ હાથ છેટે હતો. પાલખીની સાથે ચાર સાધુ, બે બ્રહ્મચારી લાલજી જેઠા અને પાળો અને પાંચ પોલીસના માણસો હતા, તે પાંચ પોલીસના માણસોમાંથી એક અમરાનું તથા એક જમાદાર અંબારામનું નામ આવડે છે, એ પાળાનું નામ મને ખબર નથી, દીઠે ઓળખું છું, તેને હું કોર્ટમાં બેઠેલા પાળામાંથી બતાવું છું. (આ સાક્ષી ડાયા ભગતને બતાવી આપે છે.) એ ડાયો મારી વાંસે બે હાથ છેટે હતો. અમરો પાલખીના આગલા દાંડાથી ત્રણ ચાર હાથ આગળ ચાલતો હતો. જમાદાર અંબારામ

મારી વાંસે ચાલતો હતો,પણ એક સીપાઈ અમારા ભેગો ચાલતો હતો, અને બે સીપાઈ પાલખીને બંને પડખે ચાલતા હતા. મશીદ સુધી પાલખી ધીમે ધીમે ચાલતી હતી. મશીદ સુધી આવતાં પહેલાં હું પાલખીની મોર ચાલી ગયો નહીં, કારણકે મશીદ સુધી ઘણાં માણસોની ભીડ હતી, ૨૫–૪૦–૫૦ માણસો હતાં. (પછી કહે છે કે પાલખીની પછવાડે મારે ચાલવાનું હતુ.) એ પાલખી જોખમવાળી હતી. તેથી મંદીરે પહોંચતાં સુધી મારી મેળે પાલખી પાછળ હતો. પાલખી પાછળ હતો. પાલખી મશીદેથી મંદીર તરફ ચાલવા માંડી ત્યારે હું પણ તેની ભેગો ચાલતો થયો. (આ જવાબ સાક્ષીએ ઘણાં ફાંફાં અને આનાકાની સાથે આપેલો છે.) મુસલમાનોએ પાલખીને અટકાવી અને તોફાન કર્યું તોપણ હું ત્યાંથી ચાલ્યો ન ગયો. તેનું કારણકે હું પાલખીના બચાવ માટે ઉભો હતો. એ તોફાન થયું ત્યારે હું પાલખીની પડખે જઈને ઉભો હતો તે વખત ૧૫–૨૦ મુસલમાનો ત્યાં હતા મેં કહ્યું કે શામાટે કજીઓ કરો છો. ત્યારે મુસલમાને કહ્યું કે પાલખી ન ચાલે. તે વખત મેં કહ્યું કે દર વખત ચાલે છે ને કેમ અટકાવો છો. પાલખીને બે પડખે જે સીપાઈઓ હતા. તે ત્યાં જ ઉભા હતા, તે સીપાઈઓએ મુસલમાનને કહ્યું કે કજીઓ ન કરો પછી મુસલમાન મારવા લાગ્યા. હું પાલખીની વાંસેથી ચાલી પાલખીની થડમાં આવેલો, પણ જમાદાર તો વાંસે રહેલા. હાશમીયાં જુમખ લઈને બીજા ભેગો થઈ ગયેલો ને બીજાને મારવા માંડ્યો તેથી મેં જુમખ તેની પાસેથી લઈ લીધું નહીં. પાલખી ઉપર હાશમીયાંએ ઝોંટ મારી તે વખતે મેં તેનો હાથ પકડેલો નહીં, કારણકે પકડું તો મારા મારી થાય. જમાદારને ત્રણ જણાએ માર્યાં. આંધળા કાજીએ લક્ષ્મીશંકર હવાલદારને માર્યાં, ડાયાને પણ ત્યાં મારેલો. લક્ષ્મીશંકર મારી પાસે હતો, ડાયો પાલખી વાસે હતો અને તેની વાંસે અંબારામ હતો. લક્ષ્મીશંકર બે ચાર પાંચ વરસ થયાં ગદડામાં આવેલો. અંબારામ તે પહેલાં ગદડામાં આવેલો. અંબારામ તે પહેલાં ગદડામાં બે વરસ પહેલાં આવેલો તેથી તેનું નામ જાણું છું. ગદડામાં બીજો હવાલદાર છે તેના નામની મને ખબર નથી. આગળના જમાદાર હવાલદારના નામની મને ખબર નથી. લક્ષ્મીશંકર, અંબારામ અને પાળાને એક સાથે મુસલમાન મારવા લાગેલા. પછી કહે છે કે પહેલાં જમાદારને મારેલા જમાદાર પછી ડાયાને પછી લક્ષ્મીશંકરને મારેલા. પછી કહે છેકે પહેલાં જમાદારને પછી લક્ષ્મીશંકરને ને પછી ડાયાને મારેલો. પછી હું પાલખી સાથેજ ચાલ્યો ગએલો. પાલખી ચાલી ગયા પછી એ ત્રણેને માર પડેલો. પાલખી સાથે જતાં હું પાછું ફરીજોતો હતો ત્યારે તેને માર પડતાં જોએલું. મશીદના દરવાજા પછી એક નાડાના છેટે વાંક વળે છે, અને વાંક વળ્યા પછી અમે પાલખી ઉતાવળી લઈ ચાલ્યા ગએલા. મશીદથી પાલખી તો ઉતાવળી લઈ ગએલા હું પણ તેની સાથે ચાલતો થએલો, પણ મારે હુલ્લડ જોવું હતું તેથી વાંક વળતાં સુધી હું ધીમે ધીમે ચાલેલો, તે વાંક વળ્યા પછી હું ઉતાવળે ચાલી પાલખી ભેગો થઈ ગએલો. વાંક વળ્યા પછી હું ઉતાવળે ચાલ્યો ગયો અને અને હુલ્લડ જોવા રહ્યો નહીં, કારણકે મારામારી થતી હોય તેમાં કોણ ઉભા રહે. વાંક સુધી ગયા પછી બહુ હુલ્લડ થવા માંડ્યું તેથી હું ત્યાં રહ્યો નહીં. મંદીરને દરવાજેથી હું મારે ઘેર ચાલ્યો ગએલો. મુસલમાનો હુલ્લડ કરીને પાલખી પાસે આવ્યા, તે વખત આંહીથી પાલખીને લઈને ચાલ્યા કેમ, એમ કહ્યું ત્યારે મેં અને લાલજીએ કહ્યું કે દર વરસ ચાલે છે તે પ્રમાણે ચાલ્યા છીએ. તમે કેમ ખાઓ છો. કોઈ દીવસ નથી ચાલી એમ મુસલમાનો પછી બોલ્યા નથી

પણ એમ બોલેલા કે નહી ચાલવા દઇએ. હું ગઢડાનોજ વતની છું આંહી બેઠેલા તહોમતવાળાઓમાંથી જમાલ, સરદાર, ગાંડા ખાટકી, સામો ખાટકી દાદામીયાં એટલાજ તહોમતવાળાના નામ જાણું છું કે તહોમતવાળાને હું તોફાન પહેલાંથી ઓળખુ છું અને તેને બતાવુ છું, તેનાં નામ જાણુતો નથી. પુછતાં તહોમતવાળા ઇસા અલી, અભરામ હાશમ, તાલબ મહંમદ, અબદલા કરીમ, ઓસમાણુ અલી, નુર આમદ, અભરામ ગોબર, હસન તાર બોથા અને જુસબ ગની કહે છે. (તેમાં તહોમતવાળા હસન તાર બોથા અને જુસબ ગનીને સાક્ષીએ ફેરા ઉભા કર્યા તે વખતે તે બોલેલો કે તેને મશીદ આગળ તોફાનને દીવસ જોયા છે.) બાકીના સાત તહોમતવાળા હાલ જેને મેં દીઠે ઓળખવામાં બતાવ્યા છે, તે પણ તોફાનને દીવસે મશીદ આગળ હતા. મારી શરૂ તપાસમાં મને સવાલ થએલો કે મશીદ આગળ મે જે મુસલમાનોને જોયેલા, જેનાં નામ ખબર ન હોય પણ દીઠે ઓળખતા હો, તેને બતાવો. તે વખત મેં ફક્ત ગાંડા એકલાને ઉભો કરેલો. અને આજ મેં દીઠે ઓળખવામાં નવ જણાને મેં બતાવ્યા છે, તેનું કારણુ એ કે શરૂ તપાસ વખતે મને એમ થએલું કે એ નવ જણાનાં નામ હું જાણુતો નથી તેથી ઉભા ન કરવા જોઇએ. આજ મેં નવ જણાને ઉભા કર્યા પણ તેનાં નામ હું જાણુતો નથી. એ નવ જણાને શરૂ તપાસ વખતે મેં ઉભા ન કર્યા તે મારી ભુલ થઇ છે. શરૂ તપાસ વખતે ગાંડા ખાટકીને મેં દીઠે ઓળખવામાં ઉભો કર્યો હતો, તે ભુલથી ઉભો કર્યો હતો; હાલ મને બે તહોમતવાળાને બતાવ્યા તેમનાં નામ (કાળુ ગીગા અને મહમદ હાશમ છે.) એ બેને હું ઘણાં વરસથી ઓળખું છું. (એ બેને તોફાનને દીવસે મશીદ આગળ જોયા નહોતા એમ સાક્ષી આ વખત પોતાથી કહે છે.) ઉલટ તપાસમાં મને પ્રથમના ભાગમાં એમ પુછવામાં આવ્યું હતું કે તોફાન પહેલાંથી હું જેમનાં નામ જાણુતો હોઉં, અથવા નામ ન જાણુતો હોઉં. અને દીઠે ઓળખતો હોઉં, તેને બતાવવાનું કહ્યું હતુ, તે વખતે એ કાળુ અ। મમુદને બતાવ્યા નથી. તેનું કારણુકે એ મશીદ આગળ:તોફાનને દીવસે હતા નહીં. મશીદ આગળ હોય તેને ઉભા કરવા એમ મને તે વખતે:પુછ્યું નહોતું, છતાં મેં ઉભા કર્યા નહીં એ મારી ભુલ થઇ છે. મશીદેથી પાલખી મંદીર તરફ ગઇ ત્યારે પાલખી આગળ અમરો અને બીજો સીપાઇ ચાલતા હતા. તે બંને અને લાલજી જેઠા પાલખી સાથે મંદીરે આવેલા. એ બધા પાલખી લઇને મંદીરે ગયા અને હું મારે ઘેર ચાલ્યો ગએલો, મારૂં ઘર બોટાદને ઝાંપે છે. મશીદેથી મંદીરે જતામાં ૫૦-૬૦-૧૦૦ જતા આવતા માણસો મળેલા. પણ મેં તેમાં કોઇને ઓળખ્યા નથી. મશીદેથી મારે ઘેર જતાં વચમાં મંદીરે આવે. હું ચુંવાળીઓ કોળી છું, છેલ્લા પંદર વરસમાં હું ઉમરાળે રહું છું, તે દરમીયાન હાલ એક તહોમતવાળો જેનું નામ ઇસો કહે છે, તેને મેં ગઢડામાં હું આવતો જતો ત્યારે જોયો નથી. (પછી કહે છે કે એ પંદર વરસમાં હું ગઢડે આવતો હતો ત્યારે જોતો હશે.) છેલા તોફાન પહેલાં છ સાત આઠ મહીના પહેલાં ગઢડામાં તેને જોએલો, બજારમાં ચોક આગળ તેને જોએલો. તેને એકલો જોએલો, ગયા શીયાળા અગાઉના શીયાળામાં તેને જોએલો, તે વખત હું ખોપાળેથી ગઢડે પગાર લેવા ગયો હતો. સંવત ૧૯૫૭ ની સાલ પછી પાંચ વખત હું નદીએથી પાછા ફરતાં મશીદ આગળ ચાલતી પાલખી સાથે ચાલતો. દર વખત મારે ખોપાળે જવાની ઉતાવળ હોય તેથી મશીદ આગળની પાલખી સાથે ચાલતો.

ફેરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—ખોપાળે હું ગયો તે પહેલાં પાંચ છ વરસ હું ઉમરાળે હતો તે પહેલાં ગઢડામાં હું પોલીસમાં નોકર હતો. ઉમરાળામાં મેં મારી ખુશીથી પોલીસમાં રાજીનામું આપેલું છે. કારણકે વારંવાર બદલી થતી હતી. પાલખી ઉપાડવામાં ચાર પાળા નહીં પણ ચાર સાધુ હતા. છ વરસથી રૂપાની પાલખી થઇ તેમાં હું બે વરસથી રૂપાની પાલખી સાથે ચાલ્યો છું. એ બને વખત રૂપાની પાલખી મશીદ આગળ થઇને પાછી આવતી. બાકીના ચાર વખત એ રૂપાની પાલખી બજારીના ઝાંપા તરફ ચાલેલી, બીજા ચાર વખત રૂપાની પાલખી બજારોના ઝાંપા તરફ ચાલેલી, તે વખત હું તેની સાથે ચાલેલો, કારણકે મારે ખોપાળે જવાની ઉતાવળ નહોતી તેથી એ પાલખી સાથે બંદોબસ્ત માટે ચાલેલો. રૂપાની પાલખી ચાર જણા ઉચકે ને લાકડાની પાલખી બે જણા ઉચકે. રૂપાની પાલખી થઇ ત્યારે તે ઉપાડનારા ચાર સાધુ છે, અને લાકડાની પાલખી બેજ જણા ઉપાડે છે. મશીદ આગળથી ચાલ્યા પછી કજીઓ થતો હતો તે જોવાને સારૂ પાછા ફરીને મેં જોએલું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૯ ફેબ્રુઆરી સને ૧૯૦૮.

૧ જસા જેરાની સહી દા. સવારંજાર.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ

## આંક ૧૩.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ અમરો છે. મારી ઉમર આશરે વરસ ૨૨ ની છે.

મારા બાપનું નામ સામળા છે. મારો ધંધો નોકરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ગઢડામાં રહું છું.

મારી જાત કાઠીની છે.

ફરીયાદી । વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગઢડા પોલીસમાં વરસ સવા વરસથી નોકર છું. મંદીરના વરઘોડાને દીવસે કુંડેથી પાલખી મશીદ તરફ આવી તેની સાથે હું હતો. એ પાલખી સાથે કાંઇ વાજું નહોતું પાલખી મશીદ આગળ આવી ત્યારે મશીદ આગળ ૭-૮-૧૦-૧૫-૨૦ મુસલમાનો હતા, મુસલમાન પાલખીની આગ ફર્યા દાદામીયાંએ પાલખીને ઝાટ મારી અને શું લઇ ગયો તે મારી સાથ રહી નથી. હું પાલખીની મોઢા આગળ ચાલી મંદીર સુધી પહોંચાડી આવ્યો. હું પાલખીની આગળ હતો ત્યાં મારા દેખતાં કોઇને માર પડયો નથી.

ઉલટ તપાસ મુલતવી,

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.
તા. ૧૧ ફેબરૂઆરી સને ૧૯૦૮.
૧ કાઠી અમરા સામળાની સહી. દા. સવાઈલાલ.

મારા રૂબરૂ પ્રતીતી ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

હું અમરા સામળા આજ રોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—તોફાનને દીવસે મસીદ આગળ આવતી પાલખી સાથે હું, લક્ષ્મીશંકર હવાલદાર, મોભતાજી અને સૈયદ શીપાઈ હતા. અમે ચાર જણા પાલખી સાથે હતા. નડીઆદથી લક્ષ્મીશંકરે કહેલું કે એ સીપાઈ અમારી સાથે પાલખી સાથે ચાલો, જમાદાર કહેતા ગયા છે. હું પાલખીની આગળ ચાલતો હતો. અને સૈયદ પાલખીની પાછળ ચાલતો હતો અને લક્ષ્મીશંકર તથા મોભતાજી પાલખીની દરેક બાજુએ હતા. મસીદ પાસે લક્ષ્મીશંકર હવાલદાર પાલખીની ઉગમણી બાજુએ મસીદ તરફ હતા, તેની જોડે બીજું કોઈ હતું કે નહીં તે ખબર નથી. મસીદ આગળ ઉભેલા તહોમતવાળામાંથી મેં દાદામીયાં, જમાલ સીપાઈ, ગાંડો ખાટકી, સામો ખાટકી, એટલા તહોમતવાળાનાં નામ હું જાણું છું. એ બધા મસીદના દરવાજા આગળ અમસ્થા ઉભા હતા. દાદામીયાં પાસે લાકડી હતી. (આ વખત સાક્ષી બોલ્યો કે તહોમતવાળો સરદાર ત્યાં હતો, તેનું નામ આપવું હું ભુલી ગયો છું) એ સરદાર પાસે કાંઈ હતું કે નહિં તે મને ખબર નથી. સામા ખાટકી પાસે લાકડી હતી. બીજા બધા મુસલમાન પાસે સાંબેલાં હતાં. મસીદ આગળ પાલખી ડેલીથી પાંચ છ હાથ આઘી હતી. મસીદના દરવાજાથી તે વખત હું પંદર વીશ હાથ છેટે હતો અને પાલખીથી પાંચ છ હાથ હું છેટે હતો. હું આગળ હતો ત્યાં અગાડીથી મારો, મારો, એ શબ્દ સાંભળ્યો, તેથી મેં પાછું વાળી જોયું તો પાલખી ત્યાં રોકાએલી જોઈ, ને દાદામીયાંએ ત્યાં ઝોંટ મારી હતી, અને બીજા મુસલમાનો લાકડી સાંબેલાં ઉભાં કરી ત્યાં ઉભા હતા. દાદામીયાંએ ઝોંટ મારીને વયા ગયેલા, અને પાલખી મોઢા આગળ ચાલી આવેલી. બીજા મુસલમાનો પાલખી પડખે હાથ દોઢ હાથ છેટે હતા. તે વખતે પાલખી અને મુસલમાનની વચમાં લક્ષ્મીશંકર હવાલદાર હતા. મંદીરના સાધુ બ્રહ્મચારી ત્યાં વચમાં નહોતા. લક્ષ્મીશંકરે કોઈ મુસલમાનોને તોફાન નહીં કરવા કહ્યાનું મેં સાંભળ્યું નથી. દાદામીયાંએ ઝોંટ મારી ત્યારે તેને કોઈએ કાંઈ કહ્યાનું મેં સાંભળ્યું નથી. પાલખી ઉપર ઝોંટ મારી ઝુમખું લઈ ગયાનું ત્યાં કોઈ બોલ્યું હતું કે નહીં તે મને ખબર નથી. અમારામાંથી લક્ષ્મીશંકર મસીદ આગળ રોકાએલા અને હું તથા સઈયદ અને મોભતાજી પાલખી લઈ મંદીરે ગયેલા, (સાક્ષી પોતાથી કહે છે કે અમે ત્યાં આવ્યા ત્યારે ભાઈશંકર વકીલને ઓટે જમાદાર પાણી પીતા હતા તે અમે જોએલા.) મસીદ આગળ કોઈને માર પડયાની મને ખબર નથી. મસીદ આગળ પાલખી બે ત્રણ મીનીટ થોભાએલી. મસીદ આગળથી હીંદુઓ આવજા કરતા હતા પણ તે કેટલા હતા તે હું કહી શકું નહીં, પાંચથી પાંચસેં સુધીમાં હતા તે હું કહી શકું નહીં, તેમાંના કોઈ પાલખી સાથે થોભાએલા નહીં તેની મને ખબર નથી. ત્યાંથી જતા આવતા

બધાજ હીંદુઓ હતા, તેમાં ગામના હીંદુઓ હતા કે નહીં તે મારો ખ્યાલ નથી. મંદીરે પાલખી મુકીને મોબતાજી હવાલદાર ત્યાં રોકાએલા. મંદીરના કોઠારી ભગવા લુગડાવાળા સાધુએ હવાલદાર એકલાને ત્યાં રોકાવાનું કહેલું, અને હું તથા સઈયદ ત્યાંથી ચાલી નીકળ્યા. મંદીરના દરવાજા બહાર નીકળ્યો ત્યાં જમાદાર અને મુસલમાનને વગાડ્યાનું સાંભળ્યું છે, ને પછી સઈયદ ક્યાં ગયો તેની સાંધ નથી. પછી હું મશીદે ગયો હતો પાલખી સાથે ધોળા લુગડાવાળો એક પાળો હતો. જરાગત કાનજીને હું ઓળખું છું. તે પાલખી ભેળો હતો કે નહીં તે ખબર નથી. પાલખીને દાલમીયાંએ ઓંઠ મારી તે પછી પાલખી એક મીનીટ રોકાઈ ચાલી નીકળી હતી.

ફેરી તપાસ—એક મીનીટમાં ૨૦–૨૫ કદમ ચલાય.

કોર્ટના સવાલમાં—મેં પાછું ફરીને જોયા પછી પાલખી બે મીનીટ મશીદ આગળ રોકાએલી. લાલજી જેઠાના કહેવાથી અમે મંદીર સુધી પાલખી પહોંચાડવા સાથે ગએલા. મેં પાછું ફરીને જોયું ત્યારે જમાદારને પણ પાલખી સાથે જોયા નથી. અમે ત્યાંથી પાલખી લઈને ચાલ્યા ત્યાં સુધી જમાદાર અંબારામ ત્યાં નહોતા. લક્ષ્મીશંકર મશીદ આગળ કેમ રોકાયા તેની મને ખબર નથી. જમાદાર નદીએ હતા, તે નદીએથી ક્યારે ગયેલા તેની મને ખબર નથી. મારો, મારો, સાંભળીને મેં પાછું ફરીને મશીદ આગળ જોયું ત્યારે હું પાલખી પાસે ગયો નહોતો. પણ ત્યાં ને ત્યાં ઉભો રહેલો. મશીદ આગળ લાલજી જેઠા પાલખીના આગલા દાંડાની આગળ સામુને પડખે ઉભા હતા. બાડલીના ઝાંપા તરફ પાલખી ગયા બાદ અમે મશીદ તરફ આવવાને નીકળેલા. મંદીરથી નદી સુધીમાં વરઘોડામાં અમે ૭ સાત શીપાઈ હતા કાળુભાઈ ગરાસીઆ, કાળુ શીપાઈ મુસલમાન. અને ભગવાનસીંગ એ ત્રણ સીપાઈ બાડલી તરફ પાલખી ગઈ તે તરફ ગયા હતા. જમાદાર કે હવાલદાર ગયા નહોતા. ત્રણ સીપાઈઓ ગયેલા. મશીદ તરફ પોલીસના માણસોએ પાલખી સાથે જવાનું લક્ષ્મીશંકરને જમાદારે કહ્યાનું મેં સાંભળ્યું નથી.

જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા ૧૮ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ અમારા સામણાની સહી. દા. મગનલાલ.

માર રૂબરૂ

( સહી ) ચમનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૬૪

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિના ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ લાલજી છે. મારી ઉંમર આશરે વરસ ૫૩ ની છે.

મારા બાપનું નામ જેઠા છે મારો ધંધો વેપારનો છે.

મારો ધર્મ હીંદુનો છે, હું ગઢડામાં રહું છું.

મારી જાત ખોજાની છે.

ફરીઆદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ સાંજ વળતી વખત ઠાકોરજીની એક પાલખી નદી-એથી મશીદ તરફ થઇ મંદીર આવેલી હું એ પાલખીની સાથે હતો. પાલખી ઉપાડનારા ૭ સાધુ હતા, તથા બે બ્રહ્મચારી ને એક બાળો હતો. પાલખી સાથે પોલીસના માણસો હતા. પાલખી મશીદ પાસે આવી ત્યાં તહોમતવાળા દાદામીયાંએ આવી પાલખી પકડેલી, પાલખીનો ગોટલો પકડેલો, તે શિવાય બીજા ૧૫-૨૦ મુસલમાનો હતા તેઓ ચુનો ખાંડવાના સાંબેલા તથા લાકડી લઇ પાલખી ઉપર ધશેલા, તે વખત પોલીસના માણસો પાલખીની આડા ફરેલા. પાલખીનો ગોટલો છુટો થઇ ગયો, તે દાદામીયાંએ લઇ લીધેલો તે હતો. પછી અમે પાલખી મંદીરમાં લઇ ગયેલા. ત્યાં મશીદ આગળ જમાદારને તથા મંદીરના પાગા ડાયા ભગતને વાગેલું છે, હવાલદાર લખમીશંકરને પણ વાગેલું છે. અંબારામ જમાદારને તહોમતવાળા તાલબ મહાંએ લાકડી મારેલી. અંબારામને બીજાએ માર્યાનું મારા ધ્યાનમાં નથી. ડાયા ભગતને જમાલ સીપાઇએ, ગાંડા ખાંટકીએ અને બીજાએ એક બે એ લાકડી મારેલી છે. તે બીજા મારનાર કોણ હતા, તે મારા જોવામાં આવ્યું નથી. લખમીશંકરને લાકડી કે ધોલ વાગેલી તે મારૂં ધ્યાન નથી, લખમીશંકરને કોણે મારેલ તે પણ મારૂં ધ્યાન નથી. મશીદ આગળ ઉભેલા મુસલમાનોમાં તહોમતવાળો દાદામીયાં, સરદાર જીવા અબદલો બંડારી, ગાંડો ખાટકી, ઓસમાણ અલી, નુર આમદ, મુસા અલી, સામો ખાટકી અભરામ હાશમ, અબદલા સુમાર તથા બીજા હતા, તે બીજાનાં નામ યાદ નથી. બીજાને હું દીઠે ઓળખી શકું, એ બીજા હતા, તે બીજાને હું ઓળખી બતાવું છું તેમાં હસન હાજી જેને મેં ઉભો કર્યો તેનું નામ હું જાણું છું, બીજા બેનાં નામ હું જાણતો નથી. તે તહોમતવાળા જુસબ સુમાર અને અભરામ ગોબર કહે છે. હું પાલખી મંદીરમાં લઇ ગએલો, ડાયાને માર પડેલો તે તો ત્યાં પડી રહેલો. પછી મંદીરમાંથી માણસો જઇ મંદીરમાં પાલખી પહોંચાડી ને પછી પા કલાકે બાલીના ઝાંપા તરફ બીજી પાલખી હતી, તે તરફ જવા મશીદ તરફ થઇ નીકળેલો, તે વખત મશીદના છાપરા ઉપરથી અને અગાશીમાંથી મુસલમાનો નળીયાં, પાણાના ઘા કરતા હતા. દર વરસ ઠાકોરજીની પાલખી નદીએથી પાછી ફરતાં મશીદ આગળ થઇને ચાલે છે, તે પ્રમાણે આ વખત ચાલેલી. એ પાલખી સાથે વાજું નહોતું. પાલખીના ઉપર મુસલમાનો તુટી પડ્યા તે વખત જમાદાર અને લખમીશંકર આડા પડી બોલ્યા કે તોફાન શું કામ કરો છો, તે પછી તેમને વાગેલું. એ વરઘોડાને દીવસે ઠાકોરજીને જળ ઝીલવા માટે મંદીરમાંથી વહાણુ નદીએ લઇ જવામાં આવે છે, તે મશીદ આગળ થઇને લઇ જવામાં આવે છે, ને પાછું તેજ રસ્તે મંદીરમાં આવે છે. ગયા વરઘોડાને દીવસે મશીદ આગળ તોફાન હતું, તેથી વહાણુ પાછું તે રસ્તે લાવ્યા નહોતા.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૨ ફેબરવારી સને ૧૯૦૮

૧ દફેર લાલજી જેઠાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરાવ કપીલરાય

ન્યાયાધીશ.

હું લાલજી જેઠા આજરોજ પ્રતીજ્ઞા ઉપર ઈસટ તપાસમાં લખાવું છું કે—મશીદથી નદી સુધીનો રસ્તો પ્રથમ ખરાબ હતો, તે રસ્તો વારે ઘડીએ ધોવાઈ જતો હતો તે પાંચ છ વરસ ઉપર મંદીરવાળાએ સમો કરાવેલો. પાંચ છ વરસ ઉપર પણ એ રસ્તે ચાલતું હતું ખરૂં. એ રસ્તો પ્રથમ અખડો બખડો નહોતો. ચોમાસામાં એ રસ્તે ઉંડા ખાડા પડી જતા નહીં રસ્તો જરા જરા ધોવાતો હતો. અમારા ખોજાઓનો ધર્મ મુસલમાનનો છે અને કેટલાક સ્વામીનારાયણનો ધર્મ પાળે છે. ઠાકોરજીની રૂપાની પાલખી ૭ સાત વરસ ઉપર થઈ હૈ. એ પાલખી તઈયાર થયા પછી આશરે ચાર પાંચ મણ છે. બંને દાંડાના છેડા સુધી એ પાલખી નવ દશ ફુટ લાંબી છે, અને પહોળી ૨ા—૩ ફુટ છે. મંદીરેથી વરઘોડો નદીએ જાય છે, ત્યારે બે પાલખી સાથે હોય છે, તેમાં એક પાલખી નદીએથી પાછાં ફરતાં મશીદ આગળથી નીકળે છે તે કોઈ વાર ખાલી હોય છે ને કોઈ વાર તેમાં ઠાકોરજી હોય છે. નદીએથી પાછા ફરતાં બે પાલખી છુટી શા કારણસર પાડવામાં આવે છે તેની મને ખબર નથી. હું મંદીરમાં નોકર નથી પણ સેવક તરીકે મંદીરનું કામકાજ કરૂં છું વરઘોડામાં હમેશાં એક પાલખી તો હોય છે તેની સાથે બીજી પાલખી હોય કે કોઈ વાર તાવદાન હોય. એ તાવદાન રૂપાનું હોય છે એ તાવદાન ચાંદીથી મઢેલું છે. ચાંદીની પાલખી નહોતી થઈ ત્યાં સુધી વરઘોડામાં બે પાલખી હોય કે વખતે એક પાલખી ને એક તાવદાન હોય છે, વરઘોડામાં બે પાલખીને લઈ જવાય છે, તે શોભાને માટે લઈ જવાય છે. જ્યારે ગણપતી બનાવ્યા હોય ત્યારે એક પાલખીમાં ગણપતી અને એક પાલખીમાં મોટા લાલજી હોય છે જ્યારે ગણપતી ન બનાવ્યા હોય તો તે પાલખીમાં મોટા લાલજી હોય છે. નાના ઠાકોરજી પણ મંદીરેથી સાથે લેવાય છે. તે વરઘોડો નદી તરફ જાય ત્યારે મોટા લાલજી સાથે પાલખીમાં બીરાજે છે. નદીએ ગયા પછી નાના ઠાકોરજી અને ગણપતીને હોડકામાં ફેરવાય છે, ને ગણપતીને નદીમાં પધરાવે છે અને નાના ઠાકોરજીને મંદીરે લાવે છે, અને જ્યારે ગણપતી ન હોય ત્યારે નાના ઠાકોરજીને નદીમાં હોડકામાં ફેરવે છે, ને પછી ઘેર લાવે છે. ગણપતીવાળી પાલખી ખાલી મશીદ તરફ થઈને મંદીરે પાછી જાય છે, અને પાછા ફરતી વખતે મોટા ઠાકોરજીવાળી પાલખી બડલીના ઝાંપે થઈ ગામમાં લઈ જવાય છે ને તેમાં કોઈવાર નાના ઠાકોરજીને બેસારે છે, અને કોઈવાર નાના ઠાકોરજીને એજ પાલખીમાં બેસારે છે, અને કોઈ વાર નાના ઠાકોરજીને બ્રહ્મચારી હાથમાં લઈને કોઈ વાર બડલીને ઝાંપે થઈ જાય છે. ને કોઈવાર નાના ઠાકોરજીને ઘેર લઈ જાય છે. એ પાછા ફરતા નાના ઠાકોરજી માટે એક નીયમ નહીં હોવાનું કાંઈ કારણ નથી. બીજી પાલખીમાં ગણપતી ન હોય ને ઠાકોરજી હોય, તે પાલખી પાછા ફરતાં મશીદ આગળ થઈને જાય છે. ભાદરવા સુદ ૪ ને દીવસે જો આચાર્યજી ગઢડામાં હોય તો ગણપતીનું સ્થાપન તેજ દીવસે થાય છે અને તેજ ગણપતીને વરઘોડાને દીવસે જળ ઝીલવા લઈ જાય છે. અગીયારશનો તહેવાર ગણપતીનો નહીં પણ ઠાકોરજીનો કહેવાય છે. નદીએ ગણપતીની પુજા આચાર્યજી કરે અને ઠાકોરજીની પુજા બ્રહ્મચારી કરે, એવી રીતે નદીએ થાય છે, અને ગણપતી ન હોય તે દીવસે એક ઠાકોરજીની પુજા બ્રહ્મચારીજી કરે છે. ઠાકોરજી તો નદીએ પાલખીમાં બેસી રહે. એ નાના લાલજીની મુર્તીની પુજા નદીએ થાય છે. અને પાલખીના ઠાકોરજી નો શણગારેલા ચરણા પણ નદીએ તે ફેર

પાર નહીં; માટે મુકત કરવા માટે નાના સાલજી બેઠા રહેલા. મસીદ પાસે વાજું વગાડે નહીં, તે માટે આજે રસ્તે ઠાકોરજીવાળી પાલખી વાજા વગર લઇ જવામાં આવે છે. એ આખા રસ્તે વાજા વગર પાલખી શા માટે લઇ જાય છે, તે મને ખબર નથી, પણ એવું કાયમથી બને છે ખરૂં. ઠાકોરજીની પાલખી જ્યારે મસીદ તરફથી પાછી આવે, ત્યારે તે ઉપાડવામાં સાધુ, બ્રહ્મચારી અને પાળા હોય છે. ઉપાડવામાં સાધુ, બ્રહ્મચારી અને માણસમાં એક બે પાળા હોય છે, રસ્તે બારેય કરવામાં પોલીસના માણસો હોય છે. ઠાકોરજીવાળી પાલખી જ્યારે મસીદ આગળથી પાછી આવે ત્યારે ઉપાડવામાં સાધુ, બ્રહ્મચારી અને એક બે હરીભક્ત તથા એક બે પાળા અને પોલીસના માણસો હોય છે. સાધુ બ્રહ્મચારી કે પાલખીને કોઇ અડકે નહીં એટલા માટે હરીભક્ત સાથે રહે છે. હું વખતે એ પાલખી સાથે રહું છું, અને વખતે વરઘોડામાં જાઉં છું. એ પાલખી સાથે જ્યારે હું રહું છું, ત્યારે કોઠારીની આજ્ઞાથી રહું છું. બંદોબસ્ત રાખવામાં હરી ભક્ત રહે છે, તેવી રીતે નહીં. મંદીરેથી વરઘોડો ચાલતી વખતે કોઠારી આજ્ઞા કરે કે ફલાણા માણસે મસીદ તરફથી આવતી પાલખી સાથે રહેવું, તે પ્રમાણે થાય છે. નદીએથી પાછી પાલખી પાછી ફરવાની હોય છે, ત્યારે એવી આજ્ઞા કરતા નથી. વરઘોડામાં પાલખી જતી હોય ને ભડકીને ઝાંપેથી પાલખી પાછી આવે ત્યારે પાલખી સાથેના સાધુ, બ્રહ્મચારી અને પાળા કોઇને અડે નહી એવો બંદોબસ્ત રાખે છે. પાલખીની આગળ અને પાછળ પણ પાળો ચાલે. પાલખી ઉપાડનારા સાધુ, બ્રહ્મચારી એકના એક હોતા નથી. એ ઉપાડનારા સાધુ, બ્રહ્મચારી કાંઇ મુકરર કરેલા નથી. મસીદ પાસેથી આવતી પાલખીના બંદોબસ્ત માટે બે ચાર હરીભક્ત રહે છે, તે ગયા તોફાનને દીવસે નહોતા તેનું કારણ કે હરીભક્તોએ સાથે રહેવું, એવો નિયમ નથી. કોઇ વખત રહે ને કોઇ વખત ન રહે. તોફાનને દીવસે મસીદ પાસેથી ચાલતી પાલખી પાસે એક બ્રાહ્મણ દેવશંકર પુજારીની છાબડી લઇ પાસે ચાલતો આવતો હતો. એ પાલખી સાથે પાળા એક બે પોતાની મેળે ચાલ્યા આવે છે. આ તોફાનને દીવસે પાલખી સાથે નદીએથી બંદોબસ્ત માટે કોઇ પાળો નહોતો. ભડકીને ઝાંપે તોફાનને દીવસે જે પાલખી પાછી ફરી તેની સાથે પાંચ છ શીપાઇઓ પોલીસના હતા પણ કોઇ અમલદાર, જમાદાર કે હવાલદાર નહોતા. બે પાલખીમાં જ્યારે ઠાકોરજી હોય ત્યારે પાછા ફરતાં નદીએથી કઇ પાલખી ભડકીને ઝાંપે જાય અને કઇ પાલખી મસીદ આગળ થઇને જાય, તેનો કાંઇ નિયમ નથી. નદીએથી પાછા ફરતી વખતે કોઠારી કે કોઇ આજ્ઞા કરે તે પ્રમાણે પાલખી એક મસીદ આગળ થઇને જાય, ને એક ભડકીને ઝાંપે થઇને જાય, પછીથી કહે છે કે કોઇ આજ્ઞા કરે નહીં, પણ ઉપાડનારા પોતપોતાની મેળે એક મસીદ તરફ થઇને લઇ જાય, અને એક ભડકીના ઝાંપા તરફ થઇને લઇ જાય. નદીએથી બંને પાલખી સાથે ઉપડે છે, તે બંને પાલખીમાંથી એક પાલખી એક તરફ વળે, તો બીજી પાલખી બીજી તરફ થઇને લઇ જાય છે. જે પાલખી ભડકીને ઝાંપે થઇને જાય, તે ઠાકોરજીને પધરાવતાં થઇ જાય છે. ચાંદીની પાલખી બન્યા પછી તે ત્રણ ચાર વખત પાછી ફરતાં મસીદને રસ્તે ચાલી હશે. ચાંદીની પાલખી બન્યા પહેલાં ચાંદીનું તાપદાન પાછું ફરતાં મસીદ તરફ થઇને બે ચાર વખત આવ્યું હશે. મસીદ આગળ થઇને પાલખી સાથે હું પાંચ સાત વખત નીકળ્યો હઇશ. રૂપાની પાલખી બની તે પહેલાં બે

ત્રણ વખત તાવદાન વરઘોડામાં નીકળ્યું હશે. એથી કહું છું કે પાંચ સાત વખત નીકળ્યું, ચાંદીની પાલખી બની તે પહેલાં જે વરસમાં ગણપતી કર્યા હોય તે વરસમાં બે લાકડાની પાલખી વરઘોડામાં નીકળતી. અને ગણપતી ન કર્યા હોય તો એક લાકડાની પાલખી ને એક તાવદાન નીકળતાં. જ્યારે ગણપતી કર્યા હોય ત્યારે લાકડાની પાલખીમાં વરઘોડામાં ગણપતી નીકળે છે, અને આચાર્યજી મહારાજ કાંતો ઘોડા ઉપર બેસે, અને કાંતો તાવદાનમાં બેસે. આચાર્યજી તાવદાનમાં બેસે ત્યારે ઠાકોરજી લાકડાની પાલખીમાં હોય. અને આચાર્યજી ઘોડે બેસે ત્યારે ઠાકોરજી તાવદાનમાં હોય. ચાંદીની પાલખી થઇ ત્યારથી આચાર્યજી ઘોડે બેસે છે. અને ચાંદીની પાલખીમાં ઠાકોરજી બેસે છે, અને લાકડાની પાલખીમાં ગણપતી બેસે છે. તાવદાન કે ઘોડા ઉપર બેસીને આચાર્ય નદીએ આવ્યા હોય, તે ઘોડો કે તાવદાન સરઘસ સાથે આચાર્ય તેમાં બેસીને બડવોને ઝાંપે થઇને જાય. અને ગામમાં પધરામણી ઠાકોરજી અને આચાર્યજી બંનેની થાય. જ્યારે જ્યારે ગણપતી બન્યા હોય ત્યારે ગણપતી કોઇવાર લાકડાની પાલખીમાં અને કોઇવાર તાવદાનમાં બેસાડી વરઘોડામાં નદીએ લઇ જાય છે. ગણપતીને લાકડાની પાલખીમાં બેસાડવા કે તાવદાનમાં બેસાડવા તે કોઠારી આજ્ઞા કરે તે પ્રમાણે દરેક વખતે થાય છે. એ આજ્ઞા ભીમજીભાઇ હંમેશાં આપે છે. ગણપતીને તાવદાનમાં બેસાડી એક બે વખત નદીએ લઇ ગએલા છે. ચોકસ એક કે બે વખત તે મને નકી નથી. ચાંદીની પાલખી બની તે પહેલાં બે ત્રણ વરસ ઉપર એક વખત અને બીજી વખત તેના પહેલાં પણ એક વખત તાવદાનમાં બેસાડીને ગણપતીને નદીએ લઇ ગયા હતા. આ કામમાં પોલીસમાં ફરીયાદ મેં આપેલી છે. ભીમજીભાઇએ મને કહેલું કે તેઓ માંદા છે, હું પાલખી સાથે હતો, માટે મારે ફરીયાદ કરવી. તેથી તેની આજ્ઞાથી મેં ફરીયાદ કરી છે. પોલીસ હવાલદાર લખમીશંકર કોર્ટમાં હાજર છે, તેની પાસેથી લઇને મને એક અરજી બતાવી તે જોઇને કહું છું કે તેજ અરજી પોલીસને આ કામમાં મેં આપેલી છે, તેજ નં. ૭ છે. તોફાન થયું તે પછી ચાર દિવસે મેં પોલીસમાં અરજી આપેલી છે. એ અરજી લખવા અમે ભાવનગરથી ચત્રભુજ વકીલને બોલાવેલા. તેમને આવતાં વાર થઇ તેથી એ અરજી મોડી લખાએલી. એ અરજીના અક્ષર મારા નથી, તેમજ ચત્રભુજ વકીલના પણ નથી. એ અક્ષર લવજી જેઠાના અગર મંદીરના ગુમાસ્તા રાયચંદ મોતીના છે, એ અરજીમાં લખેલી હકીકત બન્યા પ્રમાણે મેં વકીલને જાહેર કરેલી છે, એ અરજીમાં તેર ગુન્હેગારનાં નામ લખાવ્યાં છે, અને પછી વીગેરે લખ્યું છે, તેનું કારણકે મને તે વખતે તેર જણાનાં નામ યાદ હતાં, બીજાનાં નામ યાદ નહોતાં. જમાદારને મારનાર જે માણસો હતા, તેમને તો મેં મારા પડતી વખતે જોએલા. પણ અરજી લખતી એ નામો યાદ ન હોવાથી તેમાં લખ્યાં નથી. જમાદારને મારનાર તરીકે તાલબનું નામ મેં આ કામમાં શરૂ તપાસ વખતે જુબાની આપી ત્યારે મને પહેલું યાદ આવ્યું. મારી પહેલી અરજીમાં મોસભાનને ૧૦–૧૧ તહોમ-તદારો અબદલા ગની અને જુસબ ગનીનાં નામ આપેલાં છે. પાલખી ઉપર હુમલો કરવામાં તેઓ હતા, તેથી તેઓનાં નામ આપેલાં છે. મારી શરૂ તપાસની જુબાની લેવાઇ તે દીવસે એ અબદલો અને જુસબ ગની કોર્ટમાં હાજર નહોતા. તેથી મેં શરૂ તપાસમાં તેનાં નામ લખાવ્યાં નથી. મારી શરૂ તપાસની જુબાની લેવાઇ તે દીવસે

આ હારમાં મને હાલ બતાવેલ તહોમતવાળો જુસબ ગની હાજર હતો, અને અબદલા ગની હાજર નહોતો. તહોમતવાળા જુસબ ગનીનું નામ મેં શરૂ તપાસમાં નથી લખાવ્યું, તેનું કારણકે પોલીસમાં મેં જુસબ ગનીનું નામ આપેલું છે તે આ કામનો તહોમતવાળો જુસબ ગની નહીં પણ બીમકાદનો જુસબ ગની છે. તહોમતવાળો જુસબ ગની તોફાનને દીવસે મસીદ આગળ હાજર નહોતો. અમારા મંદીરમાં કામકાજ કરનાર શીવજી બેડા, ગરચંદ મોતી, મોહન દયા એટલા છે. અમે નદીએથી પાલખી લઇ મસીદે આવતા નીકળ્યા ત્યારે પાલખીની પંછળ દેવશંકર બ્રાહ્મણ અને દાયો ભગત ચાલ્યા આવતા હતા. હું પાલખીની ઉગમણી તરફ જમણા હાથ તરફ મસીદ પાસે ચાલતો હતો. પોલીસના માણસોમાંથી અમારો પાલખીના મોઢા આગળ ડંકાની મોઢા આગળ હતો, અને બીજા પોલીસના માણસો પાલખીની જમણી તરફ મારી જોડે ચાલ્યા આવતા હતા, અમરો પાલખીની મોઢા આગળ લગોલગ હતો. મારી જોડે ચાલનારા પોલીસના માણસોમાં લખમીશંકર હવાલદાર અને તેની પછવાડે અંબારામ જમાદાર અને તેની પડખે એક પોલીસનું માણસ તેનું નામ યાદ નથી. ત્રણ પોલીસના માણસો, હું અને એક બ્રહ્મચારી એટલા પાલખીની ઉગમણી તરફ હતા. દાદામીયાંએ ઝોંટ મારી તે વખત તે કાંઇ બોલ્યો નહોતો. મસીદમાંથી નીકળીને દાદામીયાંએ ઝોંટ મારેલી. પાલખી મસીદ પાસે આવી તે વખતે દાદામીયાં મસીદમાંથી બહાર નીકળ્યો નહોતો. પણ તે મસીદ બહાર ઉભો હતો. દાદામીયાંએ ઝોંટ મારી ત્યારે પાલખી મસીદના દરવાજાની સામે હતી. તે વખત એ પાલખી મસીદના દરવાજાથી બે ત્રણ હાથ છેટે સામે હતી. તે વખત દાદામીયાંની લગોલગ એક હારમાં બીજા મુસલમાનો હતા. પાલખીને બીજા કોઇ મુસલમાનો અડયા નહોતા. પાલખી ઉપરથી ઝુમખા શીવાય બીજું કાંઇ ગયું નથી. દાદામીયાંએ જોરથી ઝોંટ મારેલી એ જોરથી પાલખી નમી નહોતી. પાલખી સાધુએ ઝાલી રાખી હતી. પાલખીમાંથી તે વખતે લાલજીની મુરતી પડી ગઇ નહોતી એ ઝુંમખું ઝોંટ મારીને દાદામીયાં લઇ ગયા. દાદામીયાંએ ઝુંમખું લઇ લીધું તે વખતે મેં તેને કાંઇ કહ્યું નથી. દાદામીયાં ઝુમખું કેમ લઈ જાય છે, એમ મેં કે કોઇએ ત્યાં આગળ કોઇને કહ્યું નહોતું. તોફાનમાં મારે શું કામ કહેવું જોઇએ. ઝુંમખું તોડી લીધા પછી અમે ત્યાં મીનીટ બે મીનીટ ત્યાં ખોટી થએલા, હાલવાનો મગન આગળ કરાવતા હતા તેથી એક બે મીનીટ ત્યાં ખોટી થએલા, એ મગન અમરો તેની મેળે કરતો હતો. પાલખીને દાદામીયાંએ ઝોંટ મારી અને પાલખી એક બે મીનીટ રોકાએલી તે મેં લખાવ્યું છે. ઝુમખુ તોડી લીધા પછી અમે તરત ચાલવા માંડેલા દાદામીયાંએ ઝુમખું તોડી લીધેલું તે પહેલાં જમાદાર વીગેરેને માર પડેલો (પ્રથમ આ જવાબ આપતા પહેલાં સાક્ષી બોલેલો કે ઝુમખું તુટયું પછી તરતજ માર પડેલો, પછી બોલ્યો કે ઝુમખું તુટયું તે પહેલાં માર પડેલો) ઝુમખું તુટયા પછી માર પડયો એમ શરૂ તપાસમાં મેં લખાવેલું છે એ બધામાં ખરી હકીકત એમ છે કે ઝુમખું તુટયું તે પછી તે વખતે જો બધાને માર પડયો એમ છે પાલખી ચાલવા માંડી તે વખતે એ ત્રણેને માર પડેલો મેં જોએલો. અમે ચાલવા માંડયું તે વખતે એ ત્રણેને માર પડેલો. એ ત્રણેને એક સાથે માર જુદા જુદા માણસોએ મારેલો. ટપાને માર મારેલો તે તો મેં પાછા ફરીને જોએલું. ટપાએ રાડું નાખવા માંડી ત્યારે મેં પાછા

ફરીને જોએલું. ડાયાને માર પડતો હતો, તે વખતે તોફાનમાં મેં કોઇને મોકલ્યા નહોતા. પાલખી સાથે ચાર પોલીસના માણસો હતા, બે જમાદાર, હવાલદાર અને બે સીપાઇઓ પાસે લાકડાના ધોકા ગજ ગજના લાંબા હતા. જમાદાર અને હવાલદારને માર પડયો, તેમણે સામા કોઇને માર્યા નથી. મારી પડખે જે સીપાઇ હતો તેને પણ કોઇએ માર્યો નથી. અમે પાલખી લઇને મંદીરે ગયા ત્યારે જમાદાર અમારી સાથે આવેલા, બીજા બે ત્યાં રહેલા. ( પહેલાં સાક્ષી બોલેલો કે અમે મંદીર તરફ ચાલવા માંડયું ત્યારે જમાદાર, હવાલદાર અને સીપાઇનું શું થયું તે તે ખબર નથી. અમરો મારી સાથે આવેલો ) મશીદથી મંદીર તરફ આગળ જતાં મેળાના ઘણા માણસો એકઠા એલા, તેની ભીડ હતી. એ ઘણા માણસોમાંથી મેં કોઇને ઓળખ્યા નથી. એ બસેં ત્રણસેં માણસોની જતા આવતાની ભીડ હતી. તે કોઇ માણસો તોફાનમાં વચ્ચે પડયા નહોતા, તેઓ પાલખીની મોઢા આગળ હતા. પાલખીની પાછળ પણ નદી તરફથી માણસો આવતા હતા, તે કોઇ હીંદુઓ તોફાનમાં વચ્ચે પડયા નથી. મંદીરે જઇને પાલખી ઉપર હુમલો થયો, અને ઝુમખું તોડી લીધું. તે હકીકત અમે ભીમજીભાઇને જાહેર કરેલી. તે જાહેર કરવામાં મારી સાથે સાધુ, બ્રહ્મચારી અને પાલખી ઉપાડનારા આવ્યા નહોતા પાલખી બ્રહ્મચારીના ઓરડામાં મુકાવી, ને હું ભીમજીભાઇને જાહેર કરવા ગએલો, અને પાલખી ઉપાડનારા છ સાધુઓ કોઠારી શ્યામસુંદરદાસ પાસે ગયેલા. પાલખી ઉપાડનારા બે બ્રહ્મચારી કયાં ગયા તેની મને ખબર નથી. અમરો અમારી સાથે મંદીર સુધી આવેલો. દરબારી ઉતારાની સામે રવત ખાચરની ડેલી છે ત્યાં સુધી જમાદારને પાલખી સાથે આવતાં જોએલો, પછી તે કયાં ગયો તેની મને ખબર નથી. અમે મંદીરે પહોંચ્યા કે અમરો ચાલ્યો ગએલો. મેં ભીમજીભાઇને વાત જાહેર કરેલી ત્યારે ભીમજીભાઇ બોલ્યા કે મંદીરમાંથી કોઇ માણસે બહાર નીકળવું નહીં, અને મને બીજી પાલખી આગળ જવાનું કહ્યું. બીજું કાંઇ બોલ્યા નથી. ભીમજીભાઇએ મને મંદીરમાં કહ્યું કે પાલખી બીજે રસ્તે મંદીરની પાછળ થઇ લઇ આવવી, પછી હું બીજી પાલખીએ ગએલો, તે બીજી પાલખી પીપળા આગળ હતી. બીજી પાલખી હમેશ જે રસ્તે પાછી આવે છે, તે રસ્તે હવે તોફાનને લીધે ન આવવું, એમ ભીમજીભાઇએ મને કહેલું. બીજી પાલખી પાસે જઇ મેં સરઘસમાં વાત કરી કે ભીમજીભાઇએ પાલખી મંદીરની પાછળ લઇને આવવાનું કહ્યું છે. હું પહેલી પાલખી લઇને મંદીરે આવ્યો અને પછી બીજી પાલખી પાસે સરઘસે પહોંચ્યો એટલામાં પંદર વીશ મીનીટ થયેલી. એ બીજી પાલખી ઉપાડનારા સાધુઓને તથા તેની સાથે પાળા હતા, તેને તથા બ્રહ્મચારીને તથા લવજી જોઠા તથા કોઠારી જમનાદાસને મેં ભીમજીભાઇની આજ્ઞા જણાવેલી. પછી અમે પીપળેથી આગળ ચાલી જીવા ખાચરની ડેલી આગળ આવ્યા. ને ત્યાં અમે ઉભા હતા ત્યાં ન્યાયાધીશ સાહેબ અને વહીવટદાર સાહેબ આવ્યા, એ પીપળા આગળથી જીવા ખાચરની ડેલીના ખાંચા આગળ આવી પછી પાંચ છ દુકાન આગળ ચાલીએ પછી ઉતરાદી તરફ રામજી મંદીરની શેરી આવે ત્યાં મંદીરનું પછવાડું છે. જીવા ખાચરની ડેલી ખાંચામાં છે. તે ડેલી સુધી અમે બધા સરઘસના માણસો ગયેલા, ફકત ચોઘડીયાનું ગાડું રસ્તામાં હતું. જીવા ખાચરની ડેલીએ અમે હતા, ત્યાંજ વહીવટદાર અને ન્યાયાધીશ સાહેબ આવી પહોંચેલા.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.
સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.
તાઃ ૨૦ ફેબ્રુઆરી સને ૧૯૦૮.
૧ ઠકર લાલજી જેઠાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

હું લાલજી જેઠા આજ રોજ પ્રતીજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—

તોફાનને દીવસે મસીદ આગળથી પાલખી પાછી આવી તે પાલખીમાં લાલજીની નાની મુરતી નહોતી પણ ઠાકોરજીની સણગારેલી મોટી મુરતી તેમાં હતી. એ મોટી મુરતી આશરે ફુટેક ઉંચી છે. મસીદ આગળ દેવશંકર બ્રાહમણ વાંસે હતો, તેને વાગેલું હતું. અમે પાલખી લઈને મંદીર તરફ આવ્યા ગયા ત્યારે એ દેવશંકર ટાપાની પાંસે ઉભા હતા તે પછી એ દેવશંકર કયાં ગયા તેની મને ખબર નથી. ટાપાને વગાડ્યા પછી દેવશંકરને વગાડેલું. એને કોણે શું વગાડ્યું તે મને ખબર નથી. ટાપાને વગાડયા પછી દેવશંકરને તરત વગાડેલું. મારી પોલીસ ફરીયાદ અરજીમાં દેવશંકરને વાગ્યાનું લખ્યું નહોતું. દેવશંકરે પોતાને માર વાગ્યાનું તેજ દીવસે પોલીસમાં જાહેર કરેલું ને તેને દવાખાને મોકલેલો, તેથી તેને માર્યાની હકીકત મેં મારી ફરીયાદ અરજીમાં લખી નથી. જમાદારે અને હવાલદારે પોલીસમાં હકીકત લખાવેલી કે નહીં તેમ તે દવાખાને ગએલા કે નહીં તેની મને સાધ નહોતી. એ અરજીમાં પોલીસ જમાદાર અને હવાલદારને માર માર્યાનું લખ્યું છે તેમાં દેવશંકરને માર્યાનું ભુલથી લખવું રહી ગયું છે. એ અરજીમાં બીજી કોઈ હકીકત ભુલથી લખવી રહી ગઈ નથી. જમાદારને તાલબે માર્યાનું અરજીમાં લખ્યું નથી, કારણકે તે વખતે તાલબનું નામ યાદ નહોતું. ટાપા પાળાને તહોમતવાળા જમાલે અમે ગોંડા ખાટકીએ મારેલો એ હકીકત પોલીસ અરજીમાં લખવી ભુલથી રહી ગઈ છે. મસીદ આગળ મુસલમાનો પાલખી આગળ દોડી આવ્યા અને ઠાકોરજીને લઈ લેવાનું બોલતા હતા. તેથી મે તેવી હકીકત અરજીમાં લખેલી. એ ધસી આવનાર મુસલમાનોના હાથમાં લાકડી અને ધોકા સીવાય બીજું કાંઈ નહોતું. કોઈ ખાલી હાથે હતું કે નહીં તે મને યાદ નથી. તા. ૧૯ મી કે તા. ૨૦ મી સપ્ટેમ્બરે પોલીસના ઉપરી ગદડે આવ્યા. પોલીસના ઉપરી આવ્યા તેને બીજે દીવસ ચત્રભુજ વકીલ ગદડે આવ્યા. પોલીસના ઉપરી અને ચત્રભુજ વકીલ એકજ દીવસે ગદડે નહોતા આવ્યા તે ખાત્રીથી કહું છું. મુસલમાનોએ અમારા ઉપર અરજી રજુ કરી તે પછી મેં પોલીસમાં અરજી રજુ કરેલી કે નહીં તે મારૂં ધ્યાન નથી. પહેલી અરજી અમે આપી કે મુસલમાનોએ આપી તે મારૂં ધ્યાન નથી. તા. ૨૨ મી સપ્ટેમ્બરે બપોરના ૧૧ વાગ્યાના અરસામાં મેં અરજી પોલીસમાં આપેલી. પોલીસમાં અરજી દાખલ કર્યા પછી ગુમમાં મારે દાદાભીખાના ઘરની જપ્તી લેવરાવેલી. મુસલમાનોએ અમારા ઉપર ફરીયાદ કરી, પછી અમને સલાહ મળી કે તમે સામી ફરીયાદ માંડો, તે ઉપરથી અમે ફરીયાદ કરી એમ બન્યું નથી એ વાત ખોટી છે દરસાલ વરઘોડાને દીવસે ગદડામાં બહારના લોકો આશરે દસહજારથી પંદરહજાર ભેગા થાય છે

મંદીરેથી હું બીજી પાલખી સાથે સરઘસે પહોંચ્યો અને બીજે રસ્તેથી પાલખી લાવવાની ભીમજીભાઇની આજ્ઞા હતી, તે પછી પોણા કલાકે ન્યાયાધીશ અને વહીવટદાર આવી પહોંચેલા. એ સરઘસ મંદીરે પહોંચતાં સુધી ન્યાયાધીશ અને વહીવટદાર ભેળા રહેલા. એ બંને જણા પાલખી ભેળા અમારી સાથે ચાલતા હતા. ન્યાયાધીશ અને વહીવટદાર સાહેબે સરઘસ મંદીરને પાછલે રસ્તેથી મંદીરે જવું, તે વખતે અમારા સાધુ અને બ્રહ્મચારીએ રાયમને રસ્તે ચાલવાનું બોલેલા કે નહીં તે મને યાદ નથી. ન્યાયાધીશ અને વહીવટદારને અમે કહ્યું કે અમારે પાછલે રસ્તે ચાલવું છે ત્યારે તે બોલેલા કે ચાલો, અમે સાથે આવીએ પછી ન્યાયાધીશ કે વહીવટદાર બીજું કાંઇ બોલ્યા નથી. વરઘોડાનો ચાલતા આવેલા રીવાજનો રસ્તો ફેરવવો હોય તો તે ભીમજીભાઇ ફેરવી શકે, તેમાં અમારે કાંઇ વાંધો આવે નહીં. મેં અરજીમાં લખ્યું છે કે મુસલમાનો છાપરા ઉપર ચડી ઘા કરતા હતા. તે મશીદની ડેલીના છાપરા ઉપર ચડેલા, તે હું પાછો સરઘસમાં જતો હતો ત્યારે જોએલું. મંદીરેથી સરઘસવાળી પાલખી જવામાં હું મશીદની નજદીકથી ગએલો તે રસ્તો નજીકમાં છે. મંદીરનો પાછલો રસ્તો છેટો પડે. મંદીરને ઉતરાદે દરવાજેથી નીકળી મંદીર પાછળ થઇને સરઘસ પાસે જવું હોય તો તે ત્રણસેં હાથ છેટું થાય. તેમ મંદીરને ઉગમણે દરવાજેથી નીકળી મશીદની શેરીએ થઇ સરઘસ પાસે જવું હોય તો તે એટલુંજ છેટું થાય, તેથી એ બંને રસ્તા સરખા પડે. મંદીરના ઉગમણા અને ઉતરાદા દરવાજા વચ્ચે પોણોસો હાથ છેટું છે. મશીદને રસ્તે જતાં સરઘસને ભીડ વધારે હતી. છાપરા ઉપર જે મુસલમાનો ચડી ગએલા તેનાં નામ મને આવડે છે. ભીમડાદના જુસબ ગનીને હું તોફાન પહેલાંથી ઓળખતો નહોતો. તોફાનને દીવસે ઓળખ્યો છે. તોફાન વખતે એક જરીની ટોપી પહેરેલા માણસને મેં જોઇ રાખેલો. તે માણસ ઉપર તેજ જગ્યાએ મેં કોઇનું ધ્યાન ખેંચ્યું નહોતું પણ અરજી લખાઇ તે વખત મેં કોઇને પુછેલું કે જરીની ટોપી પહેરીને ઉભેલો તે કોણ શખ્સ? ત્યારે તેણે કહ્યું કે એ ભીમડાદનો જુસબ ગની. મંદીરના મકાનમાં મેં ચત્રભુજ વકીલ પાસે અરજી લખાવીને તે વખતે મેં તેનું નામ પુછેલું, તે કોને પુછ્યું તે યાદ નથી. તે હીંદુ હતો કે મુસલમાન તે યાદ નથી. બોટાદને ઝાંપે ત્ર્યંબકલાલવાળું મંદીરનું મકાન છે, ત્યાં ચત્રભુજ વકીલ ઉતરેલા, ત્યાં એ અરજી લખાણી છે, ત્યાં ઓસરીમાં અમે બેઠા હતા. એ મકાન ખાંચામાં છે. મંદીરેથી એ મકાને જતાં રસ્તામાં ભીમડાદવાળું જીવા તાસળનું મકાન આવે છે. ત્યાં એ જુસબ બેઠો હતો. ત્યાં રસ્તે જતાં મેં પુછીને નક્કી કરેલું કે એ જુસબ ગની ભીમડાદનો છે. અરજીમાં એ ભીમડાદવાળો છે એમ લખેલું નથી. તહોમતવાળા જુસબ ગનીને મને પોલીસ તજવીજમાં ઓળખાવેલો નથી. મેં પોલીસમાં અરજી રજુ કર્યા પછી મેં પાંચ દીવસે પોલીસમાં હકીકત લખાવી છે, ત્યારે મારા જાણવામાં આવ્યું છે કે જુસબ ગની ભીમડાદનો ખરી રીતનો તહોમતવાળો આ કામમાં નથી, પણ ગઢડાનો જુસબ ગની ખોટી રીતનો આ કામમાં છે પોલીસને મેં એમ જાહેર કર્યું નથી કે જુસબ ગની ખોટી રીતનો આ કામમાં છે. ભીમડાદનો જુસબ ગની કેમ પકડાયો નથી તેને માટે કાંઇ તપાસ થઇ છે કે નહીં તેની મને ખબર નથી. ભીમડાદના જુસબ ગનીને પકડાવવા સારૂ મેં પોલીસમાં અરજી આપી નથી. આ કામમાં તહોમતવાળા જુસબ ગનીને હું દશ બાર વરસથી ઓળખું

છું. જુસબ ગની બીમડાહવાળો એમ અરજીમાં લખાવવું સરત ચુકથી રહી ગએલું છે. તહોમતવાળો જુસબ ગની મારી ફરીયાદમાંનો નથી એમ મેં પોલીસને કહ્યું નથી, તે સરત ચુકથી છે. તહોમતવાળા ઇસા અલીને હું ઘણા વરસ થયાં ઓળખું છું, તે પંદર સતર વરસ થયાં બહાર વેપાર કરે છે. તે વરસમાં ક્યારે ક્યારે ગઢડામાં આવે છે. તહોમતવાળા ઓસમાણ ગની મહમદ હાસમ અને હાકાભીયાં તેમના અમલદારો સાથે વખતો વખત મંદીરે આવે છે કાળુ બીગા મંદીરે આવતો નથી. તહોમતવાળો સરદાર પણ વખતો વખત મંદીરે આવે છે. તહોમતવાળો જમાલ જીવા પણ વખતો વખત વહીવટદાર સાહેબ સાથે મંદીરે આવે છે. જ્યારે જ્યારે વરઘોડો નીકળે છે, તે વખતે વરઘોડાવાળા મશીદ તરફ ન જઇ શકે, તેટલા માટે મશીદ પાસેના ચકલાવાળા ચોકીવાળા હારબંધ ઉભા રહે છે, એવું બનતું નથી. વરઘોડામાં આવતાં મુસલમાનોને અટકાવવા પણ પોલીસના માણસો ત્યાં હારબંધ ઉભા રહે છે, એવું બનતું નથી. ચકલા પાસે બંદોબસ્તને માટે વખતે એક સીપાઇ રહે છે. મંદીરનું હોડકું નદીએ લઇ જતાં કે ત્યાંથી પાછું લાવતાં હું તેની સાથે કોઇવાર રહયો નથી. નદીયેથી મંદીરે જવાના ત્રણ રસ્તા છે. એક મશીદ આગળનો, એક બદલીના ઝાંપા આગળનો અને એક જીવા ખાચરની ડેલી પાસે એ ત્રણે રસ્તેથી માણસોની આવજા થઇ શકે, તેમ પાલખી પણ લઇ જઇ શકાય તેમ છે, તેમાં મશીદનો રસ્તો નજીકમાં છે. જીવા ખાચરની ડેલી પાસેનો રસ્તો થોડા ભાગમાં સાંકડો છે, તેવો સાંકડો રસ્તો મશીદ આગળના રસ્તામાં નથી. જીવા ખાચરની ડેલી આગળ થઇને જે સાંકડો રસ્તો છે, તે સાંકડી જગ્યા પહોળાઇમાં આશરે ૩-૩ા હાથ છે. મશીદ પાસેના રસ્તામાં જે ભાગ સાંકડો હતો તે પહોળાઇમાં આશરે ૪-૫ હાથ હતો. મંદીરના દરવાજાથી તે મશીદને રસ્તે ઘાટના જે ભાગમાં ક્રીયા થાય છે. ત્યાં સુધીમાં ૪૦૦ હાથ છેટું છે. અને જીવા ખાચરની ડેલી આગળ થઇને જતાં આશરે ૫૦૦ હાથ છેટું છે. છેલ્લા વરઘોડાને દીવસે બદલીને ઝાંપે થઇને ગએલી પાલખી સાથે જે માણસો હતા, તેમનાં નામ મને ખબર નથી, તેમને દીઠે ઓળખી શકું. તેમાંના બે ત્રણ જણા હું મંદીરેથી સરઘસે ગયો ત્યારે એટલાને જોયેલા બીજાને જોએલા નહીં. ગઢડા પોલીસમાં ૧૦-૧૫ જણા છે, તેમાંથી ૫—૧૦ નામ મને આવડે છે. તેમાં જમાદાર અંબારામ, હવાલદાર લખમીશંકર, સીપાઇ મીઠુ, અમરો સીપાઇ, મોબતોજી હવાલદાર એટલાં નામ મને આવડે છે. મીઠુ તથા હવાલદાર મોબતજીને મેં કોઇ પાલખી સાથે જોયા નથી. ગઢડાના ત્રણ વકીલોને આ કામમાં મેં રોક્યા છે. એ ત્રણ વકીલને મેં હુલડ પછી ત્રણ ચાર દીવસે એટલે પોલીસના ઉપરી આવ્યા પછી રોકેલા છે. ચત્રભુજ વકીલ ગઢડે આવ્યા પછી મેં ત્રણ વકીલને રોકેલા. હાકાભીયાંને ત્યાં જપ્તી લેતાં ઝુમખું નીકળ્યું નથી. હુલડને દીવસે ઝુમખું ગયાનું કે ઝુમખું હાથ કરવાનું પોલીસમાં અમે જાહેર કર્યું નહોતું. હુલડને દીવસે મને એવી બીક નહોતી કે હાકાભીયાં ઝુમખું વગે કરી દેશે. હુલડને દીવસે ઝુમખું ગયાની વાત પોલીસમાં જાહેર કરવી તે સરત ચૂકથી રહી ગયું એમ બન્યું નહોતું. ઝુમખું હાથ કરવાની ઇચ્છા અમારી હુલડના દીવસથી હતી. જે અબદલા ગનીનું નામ મેં ફરીયાદ અરજીમાં તથા જુબાનીમાં લખાવ્યું છે તે અબદલા ગની નામના આ કામના તહોમતવાળાને મને બતાવ્યો, તે એજ શખસ છે. ગઢડામાં અબદલા ગનીના નામનો બીજો માણસ છે કે નહીં તેની મને ખબર

નથી. સરઘસે જતાં મસીદના છાપરા ઉપર મેં જે માણસોને જોયેલા તેમાં હસન તાર બોધા, હસન કાજી ( હસન આજમ ) ઓસમાણ અલી, જમાલ સીપાઈ, અમદલો ભંડારી ( અબદલા મહમુદ ) કાળુ ગીગા, ઇસા અલી, લતીબ અભરામ, સલેમાન, અભરામ, એટલાને મેં જોયેલા છાપરા ઉપર એટલા હતા, બીજા કોઈ મુસલમાન છાપરા ઉપર નહોતા એ બધા નળીયાં પાણાના ઘા કરતા હતા, તે હેઠે લોકોને વાગતા હતા. તે કોને કોને વાગ્યા તે મારૂં ધ્યાન નથી. સરઘસમાં ખબર આપવા જતાં હું બજારમાં અસમાલ આમદના હાટની ઉગમણી તરફ ઉભા રહીને મેં છાપરા ઉપરનાં માણસો જોએલાં. ઉગમણી સાખની ઉગમણી તરફ બે હાથ છેટે હું ઉભો રહીને જોતો હતો, તે વખત છાપરા ઉપરથી બહુ ઘા આવતા હતા. દુકાન આગળ હું મીનીટ અડધી મીનીટ ઉભો રહેલો, તે વખત મને કાંઈ ઘા વાગ્યાની બીક લાગી નહોતી ત્યાંથી તે વખતે જથાબંધ માણસો આવજા કરતા હતા તેમાં કોઈ મેં ઓળખ્યા નથી ત્યાં નદીની બારી સુધી મારી નજર પડે તેમ હતું નહી મશીદની અગાશી સુધી મારી નજર પડતી હતી. તે વખત મુસલમાનો મશીદ આગળ ઉભેલા દેખાતા હતા. આવતાં જતાં માણસોમાં કોઈ મુસલમાન નહોતા. મશીદ આગળ દશ વીશ મુસલમાનો ઉભા હતા તે કોણ હતા તે મારૂં ધ્યાન નથી મારા અને તેના વચમાં ઘણા હીંદુઓ આવજા કરતા હતા. આ કામના તમામ તહોમતવાળાઓને હું તોફાન પહેલાંથી ઓળખું છું. તેમાં કેટલાકનાં નામ જાણું છું, અને કેટલાકને દીઠે ઓળખું છું આ કામમાં પાલખીનું અને દાદામીયાંના ઘરની જડતી લીધી તેના પંચાતનામાં થયાં તે વખતે હું હાજર હતો. એ પાલખીનું પંચાતનામું અમારી ફરીયાદ અરજી દાખલ થયા પહેલાં થયું છે. અમે પોલીસને હકીકત જાહેર કરી તે ઉપરથી એ પાલખીનું પંચાતનામું લેવાયલું તે વખતે ઝુમખા માટે જડતી લેવાનું જાહેર કરવું ભુલથી રહી ગએલું પોલીસમાં અરજી આપ્યા પછી દાદામીયાંના ઘરની જડતી કેટલે દીવસે લેવાએલી તે મને ચોક્કસ યાદ નથી. ફરીયાદ અરજી દાખલ કરીને તુરત જડતી ન લેવરાવી તેનું કારણ કે ઝુમખું ઘરમાં રહેવા નહીં દીધું હોય ત્યારે, જ્યારે જડતી લેવરાવશું ત્યારે લેવાશે. વખતે ઝુમખું તેના ઘરમાં હોય એમ ધારી ફરીયાદ અરજી અપાયા પછી જડતી લેવરાવેલી. ઠાકોરજીને નદીમાં હોડકામાં બેસાડી ફેરવે છે, ત્યારે હોડકામાં તેના રક્ષણ માટે એક પોલીસનો માણસ તેમાં ફરે છે. મુસલમાન પોલીસનો માણસ તેમાં ફરતો નથી. ગઢડા મંદીરમાં પાળા ૫૦—૭૫ રહે છે તેમાંના કેટલાક હથીયાર પણ બાંધે છે. વરઘોડામાં ઠાકોરજીની પાલખી સાથે સાત આઠ હથીયારબંધ પાળા રહે છે. તોફાનને દીવસે પણ સાત આઠ પાળા હથીયારબંધ વરઘોડામાં હતા. મશીદ આગળ થઈને જે પાલખી ખાલી આવે છે તેની સાથે કોઈ હથીયારબંધ માણસો રહેતા નથી. મુસલમાનની ફરીયાદના કામમાં હું અને મારો ભાઈ લવજી તહોમતવાળામાં છીએ.

ફરી તપાસ—ગઢડામાં મેં ત્રણ વકીલ રોક્યા તે સીવાય બીજા બે વકીલ ગઢડામાં છે

કોરટના સવાલમાં—અમે મશીદેથી મંદીરે ગયા તે વખત દેવશંકર મંદીરે આવ્યો નહોતો. તેની પાસે પુજાની છાબડી હતી, તેનું શું થયું તેની મને ખબર નથી. રૂપાની પાલખી થઈ ત્યાર પછી રૂપાની પાલખીમાં કોઈ વાર ગણપતી બેસાડયા નથી. પાલખી

સાથે ઠાકોરજીની જ્યાં પધરામણી કરવી હોય ત્યાં ઓસરી સુધી ઠાકોરજીને પાલખી સહીત લઇ જવાય છે. અને ત્યાં સુધી પાલખી ન લઇ જવાય તો રસ્તા ઉપર પાલખી ઉપર ભેટ મુકે. સરઘસની બીજી પાલખી મંદીરમાં આવ્યા પછી મશીદ આગળથી દાસ ભગતને લઈ આવવા મંદીરમાંથી નીંગળના હીરા ભગતને તથા બીજા ત્રણ જાત્રાળુને શામસુંદરદાસ કોઠારીએ મોકલેલા. ઠાકોરજીની શોભા માટે હથીયારબંધ માણસો વરઘોડામાં પાલખી સાથે રખાય છે, ઠાકોરજીની સંભાળ માટે રાખતા નથી. માટે મશીદ આગળથી આવતી ઠાકોરજીની પાલખી સાથે હથીયારબંધ માણસો રાખતા નથી. વરઘોડામાં વાજીંત્ર પછી હથીયારબંધ પાળા રહે છે. હું પહેલી પાલખી મશીદેથી મંદીરે લઇ ગયો ત્યારે મંદીરમાં સાધુ, બ્રહ્મચારી, પાળા મળીને ૫૦ ને સુમારે હશે. મંદીરમાંથી બીજી પાલખીની પાસે હું એકલોજ ગએલો. મશીદ આગળ તોફાન થાય છે એમ જાણ્યા છતાં હું એ રસ્તે એકલો નીકળ્યો, તેનું કારણ કે એ રસ્તો ટુંકો છે. હું એ રસ્તેથી સરઘસે જવા નીકળ્યો ત્યારે મશીદના અગાસીમાં કોઇ માણસને મેં ભાળ્યા નથી. શરૂ તપાસમાં મેં લખાવ્યું છે કે અગાશીમાંથી મુસલમાનો ઘા કરતા હતા એ ભુલથી મેં લખાવ્યું છે, મંદીરમાંથી હોડી દશ વાગે નદીએ લઇ ગયેલા ને તે ચાર વાગે પાછી લાવેલા. એ હોડી દશ બાર માણસો મશીદ સુધી ઉપાડીને લઇ જાય છે, એ મંદીરનું આવેલા જાત્રાળુ લઇ જાય છે ને લાવે છે. અરજીમાં મેં લખ્યું છે કે એ લોકો પાલખી લઈ લેવાની તજવીજ કરતા હતા તેઓ ઠાકોરજી લઇ લીઓ એમ બોલતા હતા તેથી લખ્યું છે. પોલીસની સારી મદદ મળ્યાનું મેં અરજીમાં લખ્યું છે, તે મશીદ આગળજ પોલીસ આવી પહોંચ્યા તેમ નહીં પણ પોલીસ આડા પડયા અને તેને બદલે તેણે માર ખાધો તે માટે છે. અમને એ લોકો મારત, તે એ રીતે કહું છું કે એ લોકો લાકડી તોળીને ઉભા હતા. અરજીમાં પોલીસ સીપાઇઓને વ્યથા દેધાનું લખ્યું છે તે અમારી ભેળા પોલીસ હતા તેમાં એક સીપાઇને વાગેલું તે મેં જોયેલું છે, તે કોણ હતો તે ખબર નથી, તેને કોણે શું માર્યું તે ખબર નથી. પોલીસ સીપાઇને વાગ્યાનું મેં પોલીસમાં જાહેર કર્યું નથી, છત્રા આચરની ડેલીએ અમે ગયા પછી અમને વીચાર થયો કે મશીદ આગળ તોફાન થાય છે, માટે પાછલે રસ્તે પણ એકલાં જવું નહીં, પણ મદદ લઇને જવું. તેથી અમે પા કલાક રોકાએલા. એ મદદ લેવાને કોઇને મોકલ્યા નહોતા, એટલામાં ન્યાયાધીશ અને વહીવટદાર તેની મેળે આવી પહોંચ્યા હતા. અરજીમાં જે તેર જણાનાં નામ લખ્યાં છે તે સીવાય બીજા ગુનેહગારનાં નામ મને યાદ નહોતાં. એ અરજી મેં મારી માહેતી પ્રમાણે લખાવી છે. મેં કોઇથી હકીકત મેળવી નથી. હાલ હું જે બીજા વધારે નામ જાણું છું તે પોલીસે મને બીજા ગુન્હેગારોને એકઠા કરી બતાવેલા, ત્યારે નામ યાદ આવેલાં. પોલીસ પોતાથી ઓળખાવવાને માટે ગમે તે વીશ મુસલમાનોને બોલાવે, તેમાંથી મેં ઓળખાવેલા. અરજીમાં મેં લખ્યું છે કે આવા પ્રસંગે કામની મને સુપરત કરવામાં આવે છે, તેનો અરથ એ કે મને વરઘોડાને દીવસે કામકાજની સુપરત કરવામાં આવે છે. તોપણ નદીએથી પાછા ફરતાં કઇ પાલખી કઇ રસ્તે લઇ જવી તે હું હુકમ કરતો નથી; પણ સાધુઓ પોતાની મેળે પાલખી લઇ જાય છે. આચાર્યજી કોઇ વખત ચાંદીની પાલખીમાં કે પાલખીમાં બેસતા નથી. આચાર્યજી તાવદાનમાં બેસે તે વખતે

બડવીને ઝાંપે થઇ જે પાલખી જાય તે સાથે આચાર્યજી તાત્કાલમાં ભેગા થાય. ઠાકોરજીની જ્યાં જ્યાં પધરામણી થાય છે, ત્યાં ત્યાં આચાર્યજીની પણ સાથેજ પધરામણી થાય છે.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૧ ફેબરવારી સને ૧૯૦૮.

૧ ઠકર લાલજી જેઠાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૧૫.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ પરશુ છે. મારી ઉમર આશરે વરસ
મારા બાપનું નામ ભાણા છે. ૩૫ ની છે.
મારો ધર્મ હીંદુનો છે. મારો કસબ ઘાટ ઘડાનો છે.
મારી જાત સોનીની છે.
હું ગઢડામાં રહું છું.

ફરીવાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

મારી દુકાન મશીદ પાસે છે. ગયા વરઘોડાને દીવસે બપોરે એક વાગે હું મારી દુકાને હતો. તે વખત ઠાકોરજીવાળી પાલખી મશીદ પાસે થઇને મંદીરે જવા નીકળેલી. જ્યારે વરઘોડો નદીએ જાય છે ત્યારે વાજીંત્ર તેની સાથે હોય છે. મશીદ આગળ થઇને પાલખી આવેલી, તેની સાથે વાજીંત્ર નહોતું. મશીદ આગળ થઇને મારી દુકાન આગળ થઇને મંદીરે જવાય છે એ પાલખી મશીદ પાસે મુસલમાનોએ અટકાવેલી, મશીદ બહાર ચાર પાંચ મુસલમાનો ઉભા હતા. એ ચાર પાંચ મુસલમાનો સાંબેલા લઇ પાલખી ઉપર ધસેલા, તે પાલખી ઉપર તહોમતવાળા દાદામીયાંએ ઝોંટ મારેલી, એ ઝોંટ મારવાથી શું થયેલું તેની મને ખબર નથી. તે વખત પોલીસના માણસો પાલખી સાથે અંબારામ અને લખમીશંકર વીગેરે આડા પડેલા. તેથી તે પાલખી મંદીરમાં લઇ ગએલા. ત્યાં જમાદાર તથા લખમીશંકર અને ડાયા પગીને વાગેલું છે, લખમીશંકરને કાજીએ ઠોંટ મારેલી તે કાજીએ મારેલી, તે કાજીના નામની મને ખબર નથી. પણ તે એ આંગે બતાવી શકતો નથી. અંબારામને તહોમતવાળા તાલબે અને એક ખાટકીએ અને એક વહીવટખાતાના સીપાઇએ લાકડી મારેલી. તેનાં નામ જાણતો નથી. ને દીઠે ઓળખું છું. તેને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. તેના નામ મને ખબર નથી. તેમનાં નામ પુછતાં તેઓ તહોમતવાળા ગાંડા ખાટકી તથા જમાલ જીવા કહે છે. પગીને કોણે મારેલો તે મારૂં ધ્યાન નથી. મશીદ આગળ ઉભેલામાં ઉપરના ચાર સિવાય બીજા કોઇ ત્યાં હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી. મારી દુકાન ત્યાં ૭ સાત વરસથી છે. જેમ આ વખત મશીદ આગળથી પાલખી પાછી આવી તેજ મુજબ દર વરસે ઠાકોરજીવાળી પાલખી ત્યાં થઇ નીકળે છે. એ પાલખી વાજીંત્ર વગર દર વરસ નીકળે છે, તેજ મુજબ આ વરસ ઉપર વાજીંત્ર

વગરની પાલખી નીકળી હતી. પાલખી ગયા પછી મસીદની અગાસીમાંથી મુસલમાનોએ પાણાના ઘા કરવા માંડ્યા હતા.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૨ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ સોની પરભુ ભાણાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

હું પરભુ ભાણા આજરોજ પ્રતીજ્ઞા ઉપર તહોમતવાળાના વકીલની ઉલટ તપાસમાં લખાવું છું કે—મારી દુકાન મસીદથી છ સાત હાથ છેટે છે. મસીદની લેનમાં મંદીર તરફ જવાના રસ્તા ઉપર મારી દુકાન છે. મસીદ અને મારી દુકાન વચ્ચે એક પોલીસનો ગડો અને એક મેનાબુની દુકાન છે. દુકાન અને ઓટલાની શાખ ઉપર બેઠો હતો. મારૂં મોં મસીદ તરફ હતું, તે દીવસ અગીઆરશનો અકતો હતો તેથી કામ કરતો નહોતો. અકતો હોય છે છતાં અમે દુકાને તો બેસાએ. મારી દુકાને બીજું કોઇ બેઠું નહોતું. પાલખી મસીદ પાસે બે ત્રણ મીનીટ અટકેલી. પાલખી ઉપર મુસલમાનોએ ઝાંટ નાંખી, તેથી પાલખી અટકી, એકલા દાદામીયાંએ પાલખીને ઝાંટ મારી અટકાવેલી, પાલખીનો જે મંદીર તરફ ડાંડો હતો, તે ડાંડા ઉપર દાદામીયાંનો હાથ અડકેલો. દાદામીયાંએ પોતાની મેળે હાથ ડાંડાને અડકાવેલો, એ ડાંડે સાધુ હતા, પાલખી શા માટે અટકે છે. એમ પાલખીવાળા કોઇએ દાદામીયાંને કહ્યું નહોતું. ડાંડે હાથ અડકાડ્યા પછી પાલખી એક મીનીટ ત્યાં થોભાએલી. ને પછી પાલખી ત્યાંથી ચાલી ગઇ હતી. એ પાલખી ત્યાં થોભી હતી. તે દરમીયાન પાલખીવાળા કાંઈ બોલ્યા નહોતા પણ જમાદારે અને હવાલદારે મુસલમાનોને કહેલું કે શા માટે તોફાન કરો છો. એ જમાદાર અંબાશંકર અને હવાલદાર લખમીશંકર હતા, પછી મુસલમાનોએ કાંઇ જવાબ આપેલો કે નહીં તેનો મને ખ્યાલ નથી. દાદામીયાંએ ડાંડાને હાથ અડકાડેલો તે પાછો તેની મેળે હાથ લઇ લીધેલો. એ પાલખી મસીદ આગળ થોભી ત્યાં આગળ ૫૦ હિંદુ એકઠા થઇ ગએલા તે ગામના હતા કે પર ગામના હતા, તે મને ખબર નથી. દાદામીયાંએ ઝાંટ નાંખી ત્યારે ત્યાં ભેગા થએલા હીંદુઓ કાંઇ બોલ્યા નથી, મસીદનો દરવાજો એક બે હાથ વટ્યા પછી મારી દુકાન તરફ આવતાં દાદામીયાંએ હાથ અડકાડેલો. જમાદાર અને હવાલદાર સાથે પાલખી સાથે બીજા પોલીસના માણસો હતા કે નહીં તે મારી સાંભ નથી. પાલખી સાથે સાધુ બ્રહ્મચારી હતા, તે કેટલા સાધુ અને કેટલા બ્રહ્મચારી તે મારો ખ્યાલ નથી. પાલખી સાથે બીજા કોઇ હતા કે નહીં તે મારો ખ્યાલ નથી. એ પાલખી સાથે ધોળા લુગડાવાળા કોઇ પાળા હતા કે નહીં તે મારો ખ્યાલ નથી. પાલખી ઉભી રહી ત્યાંથી મારી દુકાન પાંચ હાથ છેટે હતી. પાલખી ઉભી હતી તેના મોંઢા આગળ કેટલાક હિંદુઓ હતા. એ પાલખી અને મારી દુકાનની વચમાં ૨૦–૨૫ હીંદુઓ હતા. એ ૨૦–૨૫ હીંદુ પેલી તરફ એટલે મસીદ તરફ. મસીદ

આગળના મુસલમાનો હતા. હું બધો વખત મારી દુકાને બેસી રહેલો. પાલખી ચાલી ગયા પછી લખમીશંકર અને અંબાશંકર થોડી વાર ત્યાં ઉભા રહેલા તે ત્યાં પાંચ છ મીનીટ ઉભા રહેલા. પાલખી ચાલી ગઇ કે તરત એ અંબારામ તથા લખમીશંકરને માર પડેલો. પછી તે બંને ચાલતા થએલા. પાલખી ચાલી ગયા પછી તે બંને કાંઇ બોલ્યા નથી એ બંનેને માર પડયો ત્યારે ત્યાં હીંદુઓ ઉભેલા હતા, પણ તેઓ કાંઇ બોલ્યા નહોતા કે કોઇ આડા પડયા પણ નહોતા. એ બંનેને માર પડયો ત્યારે તેઓ બંને મશીદના દરવાજેથી એ ત્રણ હાથ છેટે મારી દુકાન તરફ હતા, તે વખતે મારી દુકાન અને મશીદના વચમાં ૨૫-૩૦ હીંદુઓ હતા. પાલખી ગયા પછી હું ઉભો થઇને જોતો ને લોકો આડા આવતા ત્યારે બેસી પણ જતો. હું ઉભો થઇને જોતો ત્યારે જમાદાર તથા હવાલદારને માર પડતાં જોએલો. જમાદારને તથા હવાલદારને માર્યા પછી પા કલાકે નદીએથી એક પાળો આવતો હતો તેને પણ મારેલો. એ પાળાને કોણે માર્યો તેની મને ખબર નથી. કારણ કે વચમાં માણસો આવી ગયા હતા. મશીદની અગાશીની નીચે એ પાળાને મારેલો. મશીદેથી મંદીરે જતાં વાંકમાં મારી દુકાન નથી પણ મશીદેથી સીધી છે. મશીદની અગાશીમાં માણસો હોય તે મારી દુકાનેથી દેખી શકાય નહી. મશીદની અગાશીમાંથી ધા આવતા હતા, તે મુસલમાનો કરતા હતા એમ કહ્યું છે, એ ધા મારી દુકાન તરફ રસ્તામાં આવતા હતા. જમાદાર અને હવાલદાર ત્યાંથી ચાલ્યા ગયા. પછી ડાયા ભગતને માર પડ્યા પછી એ અગાશીમાં પથરા પડવા માંડયા હતા. એ ધા મશીદ આગળ ભેગા થએલા લોકો ઉપર પડતા હતા. તે ૨૫-૫૦-૧૦૦ માણસોને વાગેલા. એ ઠીકરાં અને પાણાના ધા આવતા હતા, ધા પડવા લાગ્યા તે પેલાં ત્યાં ન્યાયાધીશ આવ્યા હતા. ન્યાયાધીશ ત્યાં આવ્યા પછી દસ પંદર મીનીટે ધા પડવા લાગયા હતા. ન્યાયાધીશ ઉભા હતા ત્યારે એક બે ધા આવેલા, તે પછી ધા આવેલા. એ એક બે ધામાંથી એક ન્યાયાધીશની છત્રી ઉપર પડેલો. બીજો ધા કોઇને વાગ્યો છે કે નહીં તે ખબર નથી. હું દીશામાં સમજતો નથી. મારી દુકાનથી મંદીર તરફ જવાના રસ્તા ઉપર એ ધા પડેલો. એ બીજો ધા એક માણસ ઉપર પડેલો, તે મેં જોએલું. એ ધા પડેલો તે વખતે ત્યાં ગામનું માણસ ભેગું થઇ ગએલું કે નહીં તે મને ખબર નથી. તે વખત ત્યાં પચાસ સો માણસો ભેગા થઇ ગએલા, તે કઇ જાતના માણસો હતા તેની મને ખબર નથી. એ બધા હીંદુઓ હતા ખરા, પંદર વરસ પહેલાં હું વરઘોડાને દીવસે કથીરનો માલ વેચવાની દુકાન કરી મંદીર આગળ બેસતો. હું વૈષ્ણવ ધર્મ પાળું છું. હું મારી પંદર વરસની ઉમરે સમજણો થએલો. એ વીશ વરસના વરઘોડા દરમીયાન પાંચ છ વરસના વરઘોડા દરમીયાન હું નદીએ નહીં ગયો હઇશ. બાકી બધો વખત વરઘોડો જોવા ગયો હઇશ. વરઘોડાને દીવસે હું પરગામ ગયો હોઉં તો વરઘોડો જોવા જતો નથી, નીકર જાઉં છું. તોફાનને દીવસે હું વરઘોડો જોવા ગયો નહોતો, કારણકે માણસની ગીરદી ઘણી હતી. વરઘોડો મંદીર તરફથી નદી તરફ ગયો, ત્યારે હું મારી દુકાને હતો એ વરઘોડો ગયો. તે વખતે મારી દુકાને ભાવનગરનો સોની લલુ કાળીદાસ અને ઉમરાળાનો સોની જીવરાજ મુલજી તથા રોહીસાળાનો સોની દયાળ વીઠલ

એટલા મારી દુકાને હતા. વરઘોડો મારી દુકાન આગળ થઇને ગયો, ત્યારે એ બધા ઉઠી મસીદ તરફ થઇ નદીએ ગએલા. વરઘોડો નદીએ ગયો ત્યારે ૧૧–૧૧|| નો વખત હતો, અને મસીદ તરફથી પાલખી આવી ત્યારે એક વાગ્યાનો વખત હતો એ બધો વખત હું મારી દુકાને હતો. તે વખત મારી દુકાન પાસે પોલીસના ચકલામા કોઇ પોલીસના માણસો હતા કે નહીં તેની મને ખબર નથી. તે વખતે મારી પડખેની મેમણની દુકાન ઉઘાડી હતી કે નહીં તે મારો ખ્યાલ નથી. ન્યાયાધીશ આવ્યા ત્યારે બાવસારના છાપરા ઉપર માણસ ચડી ગયા નહોતા.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—પાલખી મંદીર તરફ ચાલી ગઇ તે સાથે કોઇ પોલીસના માણસો હતા કે નહીં તે મારો ખ્યાલ નથી, વરઘોડો નદીએ ગયો તેની સાથે ચાર પાંચ પોલીસના માણસો હતા. વરઘોડો નદીએ ગયો ત્યારે રૂપાની પાલખી આગળ હતી, અને લાકડાની પાલખી વાંસે હતી. લાલજી જેઠાને હું ઓળખું છું. મસીદ આગળથી પાલખી નીકળી તે વખત મેં લાલજી જેઠાને જોએલો કે નહીં તે ખ્યાલ નથી. ડાયાને માર પડયો તે વખત જમાદાર અને હવાલદાર ત્યાં હતા. ડાયાને માર પડેલો કે નહીં તે બરોબર મને ખ્યાલ નથી. પાલખી મંદીર તરફ ચાલી ગયા પછી ડાયાને મેં ત્યાં દીઠો નથી. જમાદાર અને હવાલદાર ત્યાંથી ચાલ્યા ગયા, ત્યાં સુધીમાં ડાયો ત્યાંથી ચાલ્યો ગયો હતો. હું ચાર વાગ્યા સુધી ત્યાં બેશી રહેલો, કારણકે મને બીક લાગી નહોતી. પાલખીને મસીદ આગળ કાંઇ નુકશાન થયું છે કે નહીં તેની મને ખબર નથી. પાલખી ઉપરના ડાંડા ઉપર હાદામીયાંએ હાથ નાંખ્યો, એટલું મેં જોયું છે. જમાદાર અને હવાલદાર મુંગે મોઢે માર ખાઇને ત્યાંથી ચાલ્યા ગયા હતા. તેમણે કોઇને માર્યા નથી. પાલખી આવી ત્યારે જમાદાર તથા હવાલદારને મેં જોએલા. તે કાળા ડ્રેસવાળા હતા. પાલખી સાથે બીજા પોલીસના માણસો હતા કે નહી તે મને ખ્યાલ નથી, કારણ કે ગીરદી ઘણી હતી,

જુબાની સાક્ષીને વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૮ ફેબરૂઆરી સને ૧૯૦૮

૧ સોની પરભુ બાણાની સહી દા. પોતાના

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૬

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ડાયો બગત છે. મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે,

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત કણબીની છે.

મારો કસબ સાંતી હાંકવાનો છે.

હું ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

હું પાંચ વરસથી ગઢડાના મંદીરમાં ભગત થયો છું. દર વરઘોડાને દીવસે ઠાકોરજીવાળી પાલખી નદીએથી મંદીરે પાછી જતાં મશીદ આગળ થઇને જાય છે. તે વખત પાલખી સાથે વાજીંત્ર હોતું નથી, ગયા વરઘોડાને દીવસે પાલખી મશીદ આગળથી નીકળી તે વખત હું સાથે હતો. પાલખી મશીદ આગળ આવતાં મુસલમાનોએ અટકાવેલી. મશીદના દરવાજા બહાર ૪૦–૫૦ મુસલમાનો ચુનો ખાંડવાના થોકા લઇ ઉભા હતા, તેમાંથી પંદર સોળ જણા પાલખીને આડા ફરી વળેલા, તેથી પાલખી અટકેલી. પોલીસના સીપાઇઓને તેણે માર મારેલો, અને એક જણાએ પાલખીનું ઝુમખું તોડી લીધેલું. એ ક્યા પોલીસના માણસોને વાગેલું ને કોણે મારેલું તે મારૂં ધ્યાન નથી. પોલીસના માણસોને શું વાગેલું તે મને ખબર નથી. મને પણ તે વખતે છ લાકડીઓ મારેલી. એ મને મારનારના નામની ખબર નથી, પણ દીઠે ઓળખું છું. તે મને મારનારામાંથી બે જણાના મારા જોવામાં આવેલા તે એને હું બતાવી આપું છું. તેમનાં નામ પુછતાં તેઓ તહોમતવાળા દાદામીયાં તથા હસન તાર બોધા કહે છે. એ બેજ જણાએ મને માર મારેલો છે, બીજા કોઇએ મને માર્યો નથી. બીજા તો છેટે ઉભા હતા. એ બંને જણા મારથી હું પડી ગએલો, ને પછી શું થયું તેની મને સાધ નથી. બીજે દીવસે સવારે મને સાધ આવેલી તે વખતે હું મંદીરમાં હતો. મને ગોઠણ ઉપરના મારથી લોહી નીકળેલું મને બે લાકડી વાગી પછી મને સાધ રહી નથી. એ બે લાકડી મને ઘુંટણ ઉપર તથા પડખામાં વાગેલી. બીજો માર મને પગની ઘુંટી ઉપર, કેડ ઉપર પડેલો. ઘુંટણ ઉપર લાકડી મને દાદામીયાંએ મારેલી, અને હસન તાર બોધાએ મને પડખામાં લાકડી મારેલી.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા૦ ૧૨ ફેબ્રુવારી સને ૧૯૦૮

૧ દાસા ભગતની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

હું દાસા ભગત આજરોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—હું પાંચ વરસથી મંદીરમાં છું. અમારામાં એવો ધારો છે કે એકલા બહાર ન નીકળે. પાલખી સાથે સાધુ બ્રહ્મચારી હતા તેથી હું એકલો પાજો તોફાનને દીવસે પાલખી સાથે મશીદ તરફ ગયેલો. નદીએથી હું ચાલ્યો અને મશીદ સુધી આવી પહોંચ્યો ત્યાં સુધી હું પાલખીની પાછળ પાંચ હાથ છેટે ચાલતો હતો. નદીએથી પાલખી મશીદ તરફ ચાલી ત્યારે પાલખી સાથે પાંચ સાધુ, બે બ્રહ્મચારી, ચાર પોલીસના માણસો અને લાલજી જેઠા એટલા હતા.

સવાલ—બીજું કોઇ પાલખી સાથે નહોતું ?

જવાબ—પાંચ સાધુ નહીં પણ છ સાધુ પાલખી સાથે હતા.

પાલખી સાથે બીજું કોઇ નહોતું. એ ચાર પોલીસના માણસોનાં નામ મને ખબર નથી, તેઓ હીંદુ હતા કે મુસલમાન હતા તેની મને ખબર નથી ભાઇશંકરભાઇની હાટડીથી

સીપાઈના ઉપરી અમારી ભેગા થયા હતા. એ હાટડી નહીં પણ ઘર છે, મસીદથી નેરૂ તરફ જતાં એનું ઘર છે.

સવાલ—મસીદથી કેટલે છેટે ઘર છે?

જવાબ—એ ઘર છે કે નહીં તે ખબર નથી, મારા ભેગા થયેલા તે જાણું છું.

એ જમાદારનું નામ ખબર નથી, તેમ નાતની પણ ખબર નથી. ગદડામાંથી એકલા બાઈશંકરના નામની મને ખબર છે, બીજાના નામની મને ખબર નથી. બાઈશંકરનું નામ હું પાંચ વરસથી જાણું છું. બાઈશંકર મંદીરમાં આવે તેથી હું જાણું. મંદીરમાં આખું ગામ આવે પણ બાઈશંકર વઈદ તેથી હુ તેનું નામ જાણું છું. મેં તેની પાસેથી કોઈવાર દવા લીધી નથી, હું તેની પાસે કોઈ વાર દવા લેવા ગયો નથી. મંદીરમાં પણ કોઈએ તેની દવા લીધી નથી, જમાદાર અમારી ભેગા થયા ત્યારે બાઈશંકર હતા કે નહીં તે ખબર નથી. જમાદાર રસ્તામાં ઉભા હતા તે અમારી ભેગા થયેલા, જમાદાર અમારી ભેગા થયા તે પહેલાં તે દીવસ મેં તેને જોયા નહોતા.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૮–૨–૦૮

૧ ડાયા ભગતની સહી દા. સવાઈલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

**( સહી ) વામનરામ કપીલરામ.**

ન્યાયાધીશ.

હું ડાયા ભગત આજરોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખવું છું કે—

૪૦–૫૦ મુસલમાનોએ મશીદ પાસે પાલખો અટકાવેલી, તેમના હાથમાં ચુનો ખાંડવાના ધોકા તથા લાકડીઓ હતી. લાકડી ને ધોકા કોના કોના હાથમાં હતા તે કહી શકું નહીં. તેમાં ૬–૭–૮ ડાલે હાથે હતા. તે ડાલા હાથવાળા કોણ હતા તે હું કહી શકું નહીં એ લોકો પાલખીની આડા આવ્યા નથી પણ પાલખીને પડખે ઉગમણી તરફ આવ્યા હતા. એમ બોલતા હતા કે મારો, મારો, ભાંગી નાખો, લઇ લીઓ. પછી એક જણે પાલખીને અડીને ઝુમખું તોડી લીધેલું. તે ઝુમખું તોડનારને હું ઓળખતો નથી. ઝુમખું મુઠીમાં સામે તેટલું હતું, તે શીવાય બીજી રીતે કદ બતાવી શકું નહીં. પાલખીને કેટલાં ઝુમખાં હતાં તે મને ખબર નથી. પણ ઉગમણી તરફનું ઝુમખું તોડેલું. ઉગમણી તરફનો પાલખીનો ભાગ કેટલો લાંબો છે તે ખબર નથી. પાલખીના ઓતરાદા ડાંડાના છેડાથી દક્ષણાદી તરફ એક હાથ છેટે જે ઝુમખું હતું તે તોડી લીધું હતું. તે તોડેલાં ઝુમખનું શું થયું તેની મને ખબર નથી. કેમ ઝુમખ તોડે છે? એમ તોડનારને કોઈએ કહયાની મને ખબર નથી. એ ઝુમખ કોઇએ હાથ કરવાની તજવીજ કરેલી કે નહીં તેની મને ખબર નથી. ઝુમખું તોડયું ત્યારે ૪૦—૫૦ મુસલમાનો ઉભા હતા, તે પાલખીથી બે હાથ છેટે હતા. એ બીજા મુસલમાનો પાલખીને અડયા નથી, તેમ કોઈને માર્યા નથી. પોલીસના કયા માણસને શું માર્યું તેની મને ખબર નથી, તેને કેટલા ઘા શેના થયેલા તે મેં જોયું નથી.

એ સીપાઇને માર પડયો ત્યારે પાલખી વહી ગઈ હતી. પાલખી વહી ગયા પછી જરાક વારમાં સીપાઇને માર પડયો હતો. પાલખી વહી ગયા પછી તરત મને માર પડેલો, જમાદારને અને મને હારે માર પડેલો. મને મારનાર મુસલમાન મશીદ આગળ રસ્તામાં ઉભો હતો, તેણે મારી પાસે આવીને મને માર્યા હતો, એ માણસ કેટલે છેટેથી આવેલા તેની મને ખબર નથી. તે નજીક આવેલો ત્યારે બાઝેલો. મને માર્યા ત્યારે હું મશીદના દરવાજાની સાગે પાંચ છ હાથ છેટે હતો. જમાદારને મારેલો તે મારી સાધ નથી, પણ જે સીપાઇને માર્યા તે મારી ધડમાં ઉભો હતો. મને મારનાર બે જણને તહોમતવાળામાંથી બતાવી આપું છું (સાક્ષી હસન તાર બોઘા અને દાદામીયાંને બતાવે છે.) એ બે તહોમતવાળામાંથી કેઇ ઝુમખું તોડવામાં હતા કે નહીં તેની મને ખબર નથી. મને સાધ આવ્યા પછી મને વાગેલો માર ડાક્તર સાહેબને બતાવ્યો નથી. મને ખાટલામાં નાખી દવાખાને લઇ ગયા અને ડાક્તરે મને વીજળી મુકી ને હું ચમકી ઉઠયો કે મને કાંઇ વાગેલું નથી, એમ કાંઈ બન્યું નથી. મને પડેલા બીજા ઘાથી સાધ વહી ગઇ હતી. મને પહેલો ઘા દાદામીયાંએ મારેલો, અને બીજો આ જે પોતાનું નામ હસન તાર બોઘા બતાવે છે, તેણે મારેલો. પોલીસના જમાદારને હું ઓળખતો નથી, ભાઇશંકર વૈદ્યને ઘેરથી કોણ ભેગું થયેલું તે ખબર નથી. (પછી કહે છે કે ત્યાં પોલીસ જમાદાર ભેગા થએલા) એ જમાદારને હું દીઠે ઓળખું છું મને માર્યા પહેલાંથી એ જમાદાર ત્યાંથી વયા ગયા હતા. એ પોલીસ જમાદાર મશીદ આગળથી પાલખી સાથે વયા ગયેલા. ઝુમખું તોડી લીધેલું તે સારૂ લાલજી કાંઇ બોલેલા કે નહીં તે મને ખબર નથી. પાલખી થોભી ત્યારે પાલખીના પાછલા ડાંડાથી હું પાંચ હાથ છેટે હતો, તે વખત પાલખી અને મારા વચમાં હીંદુ કે મુસલમાનનું કોઇ માણસ વચમાં નહોતું. પાલખી મશીદ આગળ થોભી ત્યારે કોઇ હીંદુના માણસ ભેગા થયા નહોતા. ત્યાંથી હીંદુના માણસ આવતા જતા ખરા, પણ કેટલા તે ખબર નથી, તેમાં ગામના હતા કે નહીં તે મને ખબર નથી. ઝુમખું તોડયું તે તહોમતવાળાને હું આંહી તહોમતવાળામાંથી બતાવી શકું નહીં, કારણકે હું તેને ઓળખતો નથી.

ફરી તપાસ કરવાની ના કહી.

કોર્ટના સવાલમાં—જે જમાદાર ભાઇશંકર વૈદ્યને ઓટેથી ભેગા થયા તેને કાંઇ માર પડયાની મને ખબર નથી. જે સીપાઇને માર પડતાં જોયેલો, તે સીપાઇ એ જમાદાર નહોતો. નદીએ ઠાકોરજી ભેગા ઘણા પાળા હતા, હું પણ ઠાકોરજી ભેગો ગયેલો, બીજા બધા પાળા ઠાકોરજી ભેગા ભડલીના ઝાંપા ભણી ગયેલા. મને તરશ લાગી હતી, તેથી હું આ પાલખી સાથે મંદીરે પાણી પીવા સારૂ ગયો હતો. મને નદીએથી તરસ લાગી હતી. બીજા પાળાને લઇને હું પાલખી ભેગ મંદીરે જઇ પહોંચેલો નહીં. ચાંદીની પાલખી કેટલા જણ ઉપાડે તે મેં કોઇ વાર જોઇ નથી. આ પાલખી સાથે જે બે બ્રહ્મચારી હતા, તે ઉગમણી અને આથમણી તરફ આગ્રીએ ઉચકવામાં હતા. તોફાનને દીવસે મશીદેથી આવેલ પાલખી ઉપાડવામાં દરેક ડાંડે કેટલા અને કયા સાધુ હતા, તેની મને ખબર નથી. નદીનું પાણી ડોળું રગડ જેવું હતું, અને મારી પાસે ગરણું નહોતું તેથી મેં નદીએ પાણી પીધું નથી. નદીએ પાળા, સાધુ, બ્રહ્મચારી હતા તેઓએ કોઇએ નદીએ પાણી

પીધું હતું કે નહીં, તે મને ખબર નથી. હું બે વરસ પેહેરને પહેર નહીએ ગયો હતો. પણ હું ભડકીને જાગે થઇને ગયો હતો તરસ લાગી હોય તો નદીએ ઘણા માણસ પાણી પીએ, પણ મે પાણી પીધું નહોતું પાલખી મસીદથી બે નાકાના છેટે ઉભી રહી ગઇ હશે ત્યારે મને માર મારેલો, જેથી મેં ઝુમ પાડેલી કે એ બાપ મને મારી નાખ્યો. પછી મારી પાસે કોઇ આવ્યું હતું કે નહીં તે ખબર નથી. એ શબ્દ મેં પહેલા પાથી નાખેલી. જે માણસે ઝુમખું તોડી લાધું તે માણસ ત્યાં ઉભો રહ્યો કે વયો ગયો તે મેં જોયું નથી અમો પાળાઓ ગામમાંથી અમારા ધરમશાળા કે આશ્રમને ત્યાંથી પાણી પીએ ખરા. તે દીવસે મારે અપવાસ હતો, તે દીવસે પછીથી મેં પાણી પીધેલું નહીં કારણકે મને મશીદે પાડી દીધેલો. હું મશીદને રસ્તે કેમ જાઉં છું એમ મેં કોઇને કહ્યું નથી, તેમ કોઇએ મને પુછ્યું નથી. મશીદે આવતાં રસ્તામાં બાળકનાં ઘર તો આવેલાં પણ મે પાણી પીવા માટે પાલખીવાળા કોઇને કહ્યું નહોતું કારણકે પાલખી વચમાં ઉભી રહે નહીં તેથી મંદીરે જઇ મારે પાણી પીવાનું હતું. પાલખી વચમાં ઉભી ન રહે એવો કાંઇ નીયમ નથી. પાલખી ભડકીને રસ્તે ચાલ્યા પછી કોઇને તરસ લાગે તો બે પાળા સાથે આગળ ચાલીને જાય.

જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૫ ફેબ્રુવારી સને ૧૯૦૮

૧ પાળા કાળા ભગતની સહી દા. સવાઇલાલ

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામન રામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૭.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ

મારૂં નામ હરીનારાયણદાસ છે. મારી ઉમર આશરે વરસ ૪૫ ની છે.

મારો ધર્મ હીંદુનો છે. મારો કસબ ભજન કરવાનો છે.

મારી જાત સાધુની છે

હું ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે:—

હું ગઢડાના મંદીરમાં પચીસ વરસ થયાં રહું છું હું મંદીરમાં સાધુ છું. વરસોદામાં અગીયારશના રોજ બે પાલખી નીકળે છે તેમાં એક પાછા ફરતાં મશીદ આગળ થઇને આવે છે. પાલખી સાધુ ઉપાડે છે. હું પણ પાલખી ઉપાડવામાં વીસ વરસથી છું. મશીદ આગળ થઇને પાલખી પાછી આવે છે તે ઉપાડવામાં હું ઘણી વખત ગયો છું. ગઇ વખતમાં રૂપાની પાલખી દાંતરડાવાળી મશીદ આગળ થઇને પાછી આવેલી તે ઉપાડવામાં હું હતો પાલખી ઉપાડવામાં મારી સાથે બીજા પાંચ જણા હતા. પાલખીની પડખે બે બ્રહ્મચારી હતા. પાલખી સાથે લાલજી જેવા પણ હતો. પાલખી પાછળ ડાયો ભગત હતો. એ પાલખી સાથે વાજું નહોતું. દર વખત એ પાલખી મશીદ આગળ થઇ આવે છે તેની

સાથે વાજું હોતું નથી. ગયા વરઘોડામાં મશીદ આગળ પાલખી આવતાં મુસલમાનોએ તોફાન કર્યાથી પાલખી અટકેલી. ૨૫-૩૦ મુસલમાનો હતા, તેમાં તહોમતવાળો દાદામીયાં, સરદાર તથા ઓસમાણ અલી એ ત્રણ નામની મને ખબર છે બીજા જે ઉભા હતા તેઓને હું દીઠે ઓળખું નહીં. તહોમતવાળા દાદામીયાંએ પાલખીનું ઝુમખું તોડી લીધેલું; ત્યાં પોલીસના સીપાઇઓ હતા તે આડા ફરેલા. ઝુમખું તુટી ગયા પછી અમે ચાલી નીકળેલા. એ મુસલમાનો પાસે લાકડી સાંગેલાં અને ધોકા હતા. એ તોફાનમાં બીજું કાંઇ થયાની મને ખબર નથી. ડાયાને મારતાં મેં જોયું નથી. પણ તેણે રાડ નાંખેલી તે મેં સાંભળેલી બીજા કોઇને ત્યાં માર પડ્યાનું મારા જોવામાં આવ્યુ નથી. એ પાલખીમાં ઠાકોરજીની મુરતી હતી મંદીરમાં સીંહાસન ઉપર દશ મોટી અને ત્રણ નાની મુરતીઓ સાથે રહે છે. તેમાંની એક મુરતી મશીદ આગળથી નીકળેલી પાલખીમાં હતી, તે પાલખીને મુસલમાનો અડતાથી તે મુરતી અપવીત્ર ગણાય તેથી બીજાની સાથે નહીં રાખતાં અલગ રાખવી પડી છે. પાલખી મશીદ આગળ હતી અને પોલીસના માણસો અડા પડેલા તેમાં અંબારામ જમાદારને માર પડેલો છે. તે લાકડીનો માર પડેલો, તે લાકડી કોણે મારેલી તે મને સાંધ નથી. વરઘોડાને દીવસે મશીદ આગળ થઇને વહાણુ નદીએ લઇ જવાય છે. અને એજ રસ્તે પાછું લાવે છે ગયા વરઘોડાને દીવસે વહાણુ નદીએ લઇ ગયા અને પાછું લાવ્યા તે વખતે હું તેની સાથે નહોતો। તેથી કયે રસ્તેથી લઇ ગયા અને લાવ્યા તેની મને ખબર નથી.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૨ ફેબરવારી સને ૧૯૦૮.

૧ હરીનારાયણદાસજીની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

હું હરીનારાયણદાસ પ્રતિજ્ઞા કરી આજરોજ ઉલટ તપાસમાં લખાવું છું કેઃ—

પાલખી ઊંચકવાનું કામ હું વીશ વરસ થયાં કરું છું. છેલ્લાં આઠ વરસ ગયાં હું ચાંદીની પાલખી ઉપાડું છું તે પહેલાં હું લાકડાની ઝરીયાનની પાલખી ઉપાડતો. દશ પંદર વરસથી મશીદ આગળથી પાલખી લઇ જવાગાં હું હતો. એ પાલખી સાથે પાછા ફરતી વખત વાજું ગાજું કોઇ વખત હોતું નથી. એ દશ પંદર વરસમાં ઠાકોરજી પાલખીમાં ન હોય એવી કેટલી વખત હતી તે હું કહી શકતો નથી. પાછા ફરતી વખતે પાલખીમાં ઠાકોરજી હોય તો પણ તેની સાથે વાજું ગાજું મશીદને રસ્તે પાલખી પાછી આવતી સાથે જતું નથી. ગઇ વખતે મશીદને રસ્તે આવતી પાલખી ઉપાડનારામાં હું, હરીસ્વરૂપદાસ, ભકતીનંદનદાસ કરસનદાસ ધર્મસ્વરૂપદાસ, બળરામદાસ એટલા સાધુ હતા. અમારી સાથે બે બ્રહ્મચારી દામોદરાનંદ અને જગનનાથાનંદ હતા. પાલખીની ઉગમણી તરફ જગનાથાનંદ હતા. હું પાલખીને પાછલે ટરે હતો. મુસલમાન લોકો પાલખીની આગળ આવ્યા

નહોતા પણ પાલખીને પડખે આવ્યા હતા. એ મુસલમાનોમાંથી મેં દાદામીયાં, સરદાર અને ઓસમાન અલીને ઓળખ્યા છે. બીજાને ઓળખ્યા નથી. દાદામીયાંએ ઝુમખ તોડેલું અને સરદાર અને ઓસમાન મારો મારો કરતા હતા પણ તેમણે કોઇને માર્યા નથી. દાદામીયાં અને સરદાર પાસે લાકડી હતી. ઓસમાન પાસે મેં કાંઇ જોયું નથી. બીજા મુસલમાનોમાંથી કેટલાક પાસે હથીયાર હતા, અને કેટલાક પાસે નહોતાં. એ હથીયારમાં લાકડી અને ચુનો ખાંડવાનાં સાબેલાં હતાં. કેટલા પાસે સાંબેલાં હતાં તે મને ખબર નથી. એ પાલખીમાં સતર ઝુમર હતાં. આઠ ખુણે આઠ ઝુમર અને કમાન નીચે નવ ઝુમર હતાં. દાદામીયાંએ ઝુમર તોડયું તે ઉગમણી તરફનું સહુથી પેલું ઝુંમખ હતું. એ ઝુમખની આસપાસ ચાંદીનાં પાંદડાં લટકાવેલાં છે, તેને કાંઇ ઇજા થઇ નથી. ઝુંમખ પાલખીમાંથી તે વખત છુટું થએલું તે મેં બાળેલું પછી તે ઝુમખનું શું થયું તેની મને ખબર નથી. ઝુમખની સાથે દાદામીયાં સાથે કાંઇ ગયું નથી. એ ઝુમખનો નકુચો તો આબાદ રહેલો. દાદામીયાંએ ઝોંટ જોરથી મારેલી પણ તેથી પાલખી કાંઈ નમી નહોતી. તે વખત પાલખી સાથે લાલજી જેઠા અને પોલીસનાં ચાર માણસો હતાં. ટાયો ભગત ચાર પાંચ હાથ વાંસે હતો. ઝોંટ મારી તે વખત પોલીસનાં માણસો પાલખીને ઉગમણે પડખે બ્રહ્મચારી પાસે હતા, અને બ્રહ્મચારી પાલખીને દરવાજે હતા ચાર પોલીસના માણસો હતા તેમાં એક અંબારામ જમાદાર પણ હતા. ( સાક્ષી પોતાથી કહે છે કે અંબારામ વકીલ બાઇશંકરને ઓટેથી ભેગા થએલા ) વરઘોડો નદીએ ગયો ત્યારે અંબારામ સાથે હતા તે નદીએથી નોખા પડી ગએલા, તે નદીએ કેમ નોખા પડયા તેની મને ખબર નથી. એ ચાર પોલીસના માણસોમાંથી કોઇને મારા દેખતાં માર પડયો નથી. ટાયાને પણ મારા દેખતાં માર પડયો નથી. ઝુંમખું તોડી લીધું અને મારો મારો બોલ્યા તે શિવાય એ ત્રણ જણાએ કે બીજાએ કાંઇ કર્યું નથી. ન્યાયાધીશ મંદીરમા દરશન કરવા આવે તેની સાથે દાદામીયાં આવે તેથી તેને હું સાત આઠ વરસ થયાં ઓળખું છું. ઓસમાન અલી દશ પંદર વરસ થયાં મંદીરમાં ઘી દેવા આવે તથા બીજે કામે આવે તેથી ઓળખું છું. સરદાર પણ મંદીરમાંથી ન્યાયાધીશ માટે ચીજ લેવા આવે તેથી પાંચ છ વરસ થયાં ઓળખું છું ન્યાયાધીશ દાદાના છે તે અમારા ધર્મના નથી, કોઇ વખત વરઘોડામાં મુસલમાનો આવે કે નહીં તેની મને ખબર નથી, પાલખી મસીદ આગળ મીનીટ અડધી મીનીટ થોભાએલી, મસીદેથી મંદીર સુધી અમે ઉતાવળેથી ચાલ્યા ગએલા, અમારી સાથે એક પોલીસનો સીપાઇ અમરો આવેલો, હું બાર તેર વરસ થયાં કાયમ ગઢડામાં રહું છુ, સને ૧૯૫૨ ની સાલમાં કુંડ બાંધ્યો ત્યારે મસીદથી નદી સુધીનો રસ્તો બાંધેલો, તે પહેલાં એ રસ્તો સારો નહોતો, પાલખી નવી કેમ કાઢી એમ મુસલમાનોએ લાલજીને કહ્યાની મને સાધ નથી, મુસલમાનો પાલખી ઉપર ચઢી આવ્યા અને દાદામીયાંએ ઝોંટ મારી ત્યારે અમે કાંઇ બોલ્યા નથી, મંદીરમાં શ્રીમજીભાઇ કોઠારીની આગ્ના પ્રમાણે સઘળા વરતે છે એ પાલખી ગામમાં ન લઇ જવી તેટલા માટે એક પાલખી મસીદ આગળ થઇ ગામમાં લઇ જવાય છે મંદીરથી બે પાલખી નદીએ સાથે લઇ જવાય છે, પાલખી મસીદ આગળ રહી ત્યાં સુધીમાં અમારા ધર્મના લોકો ત્યાં આવેલા કેટલા નથી, ત્યા ઘણા માણસો હતા ખરા તેમાં ગામના અને પરગામના હતા, મસીદેથી મંદીરે જતાં વચમાં મુસલમાનો દુકાનો માંડી બેઠા

હતા કે નહીં તે મેં જોયું નથી. પાલખીને હરકત થઇને ઝુમખું તોડી લીધું તે વાત ભીમજીભાઇને કરી નહોતી. અમારા કોઠારી "શામસુંદરદાસને વાત કરેલી કે મુસલમાનો તોફાન કરી ઝુમખું લઇ ગયા છે, ત્યારે તેમણે કહ્યું કે મંદીરમાંજ રહેજો બહાર જતા નહીં. અંબારામ ભાઇશંકરને એટલે બેઠા હતા તે તેમની મેળેજ પાલખી સાથે ચાલી નીકળેલા. તે વખત ભાઇશંકરના ઘર આગળ કોઇ માણસ નહોતું. ત્યાં આગળ કોઇ માણસ એકઠું થયું નહોતું. માણસો ત્યાંથી આવજા કરતા હતા તે આવજા કરનારા કેટલા માણસો હતા તે આશરેથી પણ કહેવાય નહીં. ભાઇશંકર વકીલને એટલે ભાઇશંકરને જોયા નથી. મસીદ પાસેથી હોડકું લઇ જવામાં હું કોઇ દીવસ નહોતો, પાલખી સાથે લાલજીભાઇ, બ્રહ્મચારી અને પોલીસના માણસોના થડમાં હતા. ચાંદીની પાલખી કઇ સાલમાં થએલી છે તેની મને ખબર નથી.

ફરી તપાસ—મસીદ પાસેથી લઇ જતી પાલખીમાં જ્યારે ગણપતી બેસાડ્યા હોય તો તે નદીમાં પધરાવી પાલખી પાછી ખાલી આવે છે. છપનીયા પહેલાં પણ એ રસ્તે પાલખી ચાલતી.

કોર્ટના સવાલમાં—મંદીર સંબંધીના બધા કામકાજમાં ભીમજીભાઇ આજ્ઞા કરે છે. વરઘોડો નદીએ ગયો તે વખતે પણ ચાંદીની પાલખી મેં ઉપાડી હતી. ચાંદીની પાલખી સાત આઠ વરસ થયાં કરી છે. તે પહેલાં બે પાલખી લાકડાની જતી હતી. ઝુંમખું આંકડી સહીત ગયેલું, સીપાઇઓ પોલીસના પાલખીના બારથી ઝુંમખું દોઢ બે હાથ છેટે હતું એટલામાં હતા ત્યાં થઇને દાદામીયાંએ ઝુંમખું લઇ લીધું હતું. દાદામીયાં અને સરદાર મંદીરમાં કામકાજે આવેલા તે વખત મેં તેમને નામ પુછેલું. એ નામ હું છ સાત વરસ થયાં જાણું છું. મેં કાંઇ એ લોકોને ચીજ આપેલી નથી. પાછા ફરતાં પાલખી કયે રસ્તે લાવવી એવું અમારા શાસ્ત્રમાં કાંઇ ફરમાન નથી. દાદામીયાં ઝુંમખુ લઇ ગયા તેની પાછળ કોઇ ગયું નથી.

ઉપરની જુબાની સાક્ષીને વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૭ ફેબરવારી સને ૧૯૦૮

૧ હરીનારાયણજીની સહી દા. પોતે,

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૮.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારું નામ હરીસ્વરૂપદાસ છે.

મારો ધર્મ હીંદુનો છે.

મારો કસબ ભજન કરવાનો છે.

હું ગઢડામાં રહું છું.

મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે.

મારી જાત સાધુની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

હું ગઢડાના મંદીરમાં સાધુ તરીકે હું પંદર વરસથી છું. ભાદરવા શુદ ૧૧ ના રોજ વરઘોડામાં બે પાલખી જાય છે તેમાંથી પાછા ફરતાં એક પાલખી મશીદ રસ્તે આવે છે. એક પાલખીમાં ઠાકોરજી મુકાય છે, અને બીજીમાં ગણુપતી કે ઠાકોરજી મુકાય છે. એ આચાર્યજી ગઢડામાં હોય તો એક પાલખીમાં ગણુપતી મુકવાનો રિવાજ છે. એ પાલખી ઉપાડવામાં હમેશાં સાધુ હોય છે, હું પણ દસ વરસથી પાલખી ઉપાડવામાં રહું છું. મશીદ આગળથી જે પાલખી આવે છે તે પાલખી ઉપાડવામાં હું પણ દશ વરસથી રહું છું. નદીએ જતી વખત એ પાલખીમાં ગણુપતી બેસાડયા હોય તો તે ગણુપતી જળમાં પધરાવી દઈ ઠાલી પાલખી મશીદ તરફ થઈ આવે છે અને એ પાલખીમાં ઠાકોરજી બેસાર્યા હોય તો તે પાલખીને મશીદ તરફથી મંદીરમાં લાવે છે એ પાલખી ઠાલી હોય કે ઠાકોરજી બેસાર્યા હોય તો તે સાથે વાજીંત્ર હોતું નથી. છેલા વરઘોડા વખતે આચાર્યજી ગઢડે નહોતા તેથી તે પાલખીમાં ઠાકોરજી બેસાડેલા હતા. ઠાકોરજી એટલે લાલજી મહારાજની મુરતી હોય છે. એ લાલજી મહારાજની મુરતી વચલા મંદીરમાંથી લઈ પાલખીમાં મુકાય છે. એ પાલખીમાં ઠાકોરજી હોય ત્યારે એક પાલખી મશીદ આગળ થઈ મંદીરે લઈ જવાય છે, અને ગામમાં ઠેકાણે ઠેકાણે પધરામણી કરાવવા માટે બીજી પાલખી લઈ જવાય છે. લાલજીની મુરતી જ્યાંથી લીધી હોય ત્યાંજ હમેશાં પધરાવાય છે. છેલા વરઘોડામાં પાલખી મશીદ આગળથી નીકળી હતી, તે પાલખીવાળા ઠાકોરજીને મંદીરમાં બીજા ઠાકોરજી સાથે નહીં પધરાવતાં બહાર પધરાવેલા છે, કારણકે એ ઠાકોરજીને મુસલમાનોએ આભડછેટ કરેલ છે, મશીદ આગળ મુસલમાનોએ આભડછેટ કરેલી. દોઢ વાગ્યે પાલખી મશીદ આગળ આવી ત્યારે મશીદ આગળ ૨૫ મુસલમાનો હુમલો કરવા ઉભા હતા, તેમની પાસે ચુનો ખાંડવાનાં સાંબેલાં તથા લાકડીઓ હતી તેથી તેઓ હુમલો કરવા ઉભા રહ્યાનું કહું છું. મુસલમાનો એમ બોલતા હતા કે મારો મારો પાલખી ભાંગી નાખો, ઠાકોરજીને લઈ લીઓ એમ બોલતા હતા. તેમાંનો એક મુસલમાન આગળ આવીને ઝુમખે બાઝયો, તે મુસલમાનને મેં ઓળખ્યો છે નામ જાણતો નથી. તેને હું તહોમતવાળામાંથી બતાવું છું, તેનું નામ પુછતાં તહોમતવાળો દાદામીયાં મહમુદમીયાં કહે છે. એ દાદામીયાંએ ઝુમખું પાલખીમાંથી કાઢી લીધેલું તે અમે હાથ કર્યું નથી, તે વખત પાલખી સાથે ૭ સાધુ પાલખી ઉપાડનાર તથા બે બ્રહ્મચારી, લાલજી જેઠા, ડાયો ભગત તથા ચાર પોલીસના માણસો તેમાં જમાદાર અંબારામ પણ હતા. ૭ સાધુમાં હું પણ એક પાલખી ઉપાડવામાં હતો. તે વખત અમે બધા માણસ પાલખી ઢીમ ખીમ મંદીરે લઈ ગએલા. ડાયા ભગતે બુમ પાડી તેથી અમે તેને વાગ્યાનું જાણેલું, કોણે શું મારેલું તે ખબર નથી.

સવાલ—પોલીસના માણસ કોઈને વાગેલું ?

જવાબ—જમાદાર અંબારામને વાગેલું તે મેં જોએલું, બીજા કોઈને માર પડયાનું ધ્યાન નથી. જમાદારને કોણે શું મારેલું તે મારૂં ધ્યાન નથી. મશીદ આગળ ઉભેલા ૨૫ માણસોમાંથી દાદામીયાંને મેં બતાવ્યો તે સીવાય એક જણાને મેં ઓળખેલો તેને તહોમતવાળામાંથી બતાવી આપું છું બીજાને મેં ઓળખ્યા નથી. તે એક જણના નામની મને

ખબર નથી, પણ નામ પૂછતાં શામા રેમાન તહોમતવાળો કહે છે. એ ઝુમખાની કીમત રૂા. ૫) ની છે.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૨ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ હરીસ્વરૂપદાસની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

હું હરીસ્વરૂપદાસ આજ રોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—મારી પંદર વરસની ઉમર થયા પછી પાલખી ઉપાડું છું. છેલા ચાર વરસથી મશીદ પાસેથી આવતી પાલખી ઉપાડું છું. તે પહેલાં પણ હું એકાદ વખત મશીદ પાસેથી આવતી પાલખી ઉપાડી નીકળેલો, તે છ વરસ પહેલાં નીકળેલો. ચાંદીની પાલખી મંદીરમાં સાત વરસથી થઇ છે, પહેલાં એ લાકડાની પાલખી હતી. ચાંદીની પાલખી વધારાની થઇ છે. એ પાંચ વરસ પાલખી મશીદને રસ્તે લાવેલો. તેમાં કેટલા વખત ઠાકોરજી પાલખીમાં હતા અને કેટલા વખત ઠાલી તે મારૂં ધ્યાન નથી. એ પાલખી કોઇ વખત ઠાલી હોય છે. એ પાલખી સાથે કાયમ પોલીસના ચાર પાંચ માણસો રહે છે. નદીએથી પાછા ફરતાં બે પાલખી જુદે રસ્તે કેમ જાય છે તેની મને ખબર નથી. કુંડેથી પાછા ફરતાં એક પાલખી મશીદને રસ્તે આવે અને તેજ વખતે બીજી પાલખી ભડલીને ઝાંપે જાય છે. ચાંદીની પાલખી થઈ તે પછી એ પાલખી ખાલી હોય કે ઠાકોરજી સહીત હોય તોપણ પોલીસના માણસો તે સાથે રહે છે. (સાક્ષી પોતાથી ઉમેરે છે કે તે પહેલાં લાકડાની પાલખી હતી તે ઠાકોરજી સહીત એ રસ્તે આવતી ત્યારે પોલીસના માણસો સાથે રહેતા.) લાકડાની પાલખી એ રસ્તે આવતી ત્યારે પોલીસના માણસો સાથે રહેતા નહીં, ચાંદીની પાલખી થઇ તે જોખમની એટલે તે સાથે કાયમ પોલીસના માણસો રહેતા. તે પહેલાં લાકડાની પાલખીમાં ઠાકોરજી હોય તો તેના રક્ષણ માટે પોલીસના માણસો સાથે રહેતા. વરઘોડામાં એક પાલખીમાં ગણપતી લઇ જાય છે તે ગારાના બનાવે છે, અને તે નદીમાં પધરાવે છે, એ ગણપતીને લાકડાની પાલખીમાં લઇ જાય છે. મશીદ પાસેથી પાછી આવતી પાલખી સાથે કોઇ દીવસ વાજું ગાજું હોતું નથી. નદીએથી મશીદ તરફ પાલખી લઇ આપવામાં છ સાધુ, બે બ્રહ્મચારી અને લાલજી જોડા અને ચાર પોલીસના માણસો હતા, તે સીવાય બીજું કોઇ હતું કે નહીં તે મારૂં ધ્યાન નથી (પછી કહે છે કે ડાયો ભગત પણ સાથે હતા.) ડાયો ભગત પાલખીની વાંસે ચોટીઆવા છેટે હતો. (પાંચ છ હાથ છેટે હતો) પાલખી ઉપાડવામાં હું પાછળે ડાંડે હતો, લાલજી મશીદ તરફને પડખે ચાલ્યા આવતા હતા, તે તરફ બ્રહ્મચારી જગન્નાથાનંદ હતા. પોલીસના ચાર માણસો પાલખીના ડાંડા આગળ અને બીજુએ એક એક હતા, એ ચારમાંથી કોઇનાં નામ મને ખબર નથી. એ ચાર માણસોમાં અંબારામ એક હતા એ અમારી પડખે હતા. ત્રણ સીપાઇઓ અમારી સાથે નદીએથી હતા, જમાદાર ભાઇશંકર વકીલને ઘેરથી ભેગા થયા હતા.

અંબારામને કોણે અને શું માર્યું તેની મને ખબર નથી. અંબારામને વાગ્યા પહેલાં ઝુમખું
તોડેલું. અંબારામ, મેં પાલખી ઉપાડી હતી તેની ઉગમણી તરફ ચાલતા હતા તેથી
તેને કોણે શું માર્યું તેની મને ખબર નથી. મશીદ આગળ પાલખી રહી તે દરમ્યાન
ઝુમખું તુટયું અને અંબારામને વાગ્યું તે સીવાય બીજું કાંઇ મારા દેખતાં બન્યું
નથી. તે બાબતમાં મુસલમાનોને મેં કાંઇ કહ્યું નથી બીજા સાધુઓએ કહેલું કે નહીં તે મારૂં
ધ્યાન નથી. લાલજીએ કે પોલીસવાળાઓએ મુસલમાનોને કાંઇ કહેલું કે નહીં તે મારૂં
ધ્યાન નથી. પોલીસવાળા આવી પડીને મુસલમાનોને ધક્કા મારી ખસેડયા તેમાં કોઇ મુસ-
લમાનોને વાગ્યું હતું કે નહીં તે મારૂં ધ્યાન નથી. તે વખત પોલીસવાળા પાસે ચાબકા
હતા. ૨૫-૩૦ મુસલમાનોમાંથી આઠ દશ જણા પાસે લાકડી તથા ધોકા હતા, કેટલા પાસે
લાકડી અને કેટલા પાસે સાંબેલાં હતાં તે હું કહી શકું નહીં, દાદામીયાં પાસે શું હતું તે
પણ હું કહી શકું નહીં, દાદામીયાં પાસે કાંઇ હતું કે નહીં તે પણ હું કહી શકું નહીં
દાદામીયાંને હું સાત આઠ વરસથી ઓળખું છું. ન્યાયાધીશો દરશને આવે તેની સાથે તે
આવે છે તેથી ઓળખું છું. ન્યાયાધીશ સાથે જીવન પટાવાળો પણ આવતો. બીજા આ-
વતા તેમના નામની મને ખબર નથી. પાલખીમાં ઠાકોરજી લક્ષ્મણદાદા ડાંડાની પાલખીના બા-
ગમાં બેઠા હતા. પાલખીના દરવાજાની લાઇનથી એક હાથ છેટે પાલખીની પીઠમાં લક્ષ્મણદા
તરફ બેઠા હતા ચાલતી પાલખીથી પાંચ છ હાથ છેટે ઉભેલા માણસથી દરશન કરી શ-
કાય છે ઠાકોરજીની મુર્તી કેટલી ઉંચી છે તે મને ખબર નથી. એ મુર્તી પંચધાતુની છે.
દાદામીયાંએ ઝુમખુ ઝુટી લીધું તે વખત તેનાથી બે હાથ છેટે બીજા મુસલમાનો હતા. બીજા મુ-
સલમાનો પાલખીને અડયા છે કે નહીં તે મારૂં ધ્યાન નથી. ઝુમખુ તુટયું તે સીવાય પા-
લખીને બીજું નુકશાન થયું નથી મશીદ પાસે પાલખી રહી તે દરમ્યાન બીજા હીંદુઓ ત્યાં
આવી પહોંચેલા કે નહીં તે મારૂં ધ્યાન નથી. અહીંથી પાલખી પહેલીજ વાર કેમ કાઢી
એમ મુસલમાનોએ લાલજીને કહેલું કે નહીં તે મારૂં ધ્યાન નથી. મંદીરમાં ભીમજીભાઇ અ-
ગ્રેસર છે ને તેમની આજ્ઞા પ્રમાણે બીજા કામ કરે છે. વરસો વરસ નીકળતા વરઘોડામાં
કોઇ વખત મુસલાન દાખલ થાય છે કે નહી તેની મને નથી, ઝુમખું ગયાની મને ખબર
તેજ ઠેકાણે પડેલી. પાલખી આગળ આવેલા મેં એક મુસલમાનને ઓળખ્યો છે તેને હું
તહોમતવાળામાંથી બતાવી આપું છું, ઝુમખું તોડનાર સીવાય તેને મેં ઓળખેલો, તેનું નામ
પુછતાં તહોમતવાળો સામા રેમાન કહે છે. તેણે ત્યાં કાંઇ કરેલું કે નહીં તે મારૂં ધ્યાન
નથી. અહીં બેઠેલા તહોમતવાળામાંથી કેટલા ગઢડાના રહેનાર છે, અને કેટલા ગઢડા બહા-
રના રહેનાર છે, તે હું કહી શકું નહીં. આંહી બેઠેલા તહોમતવાળામાંથી તોફાન પહેલથી હું
ત્રણ જણાને ઓળખું છું, બીજાને ઓળખતો નથી, એ ત્રણ જણાને પાંચ વરસથી ઓળખું
છું, તેને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું, તેમનાં નામ પુછતાં દાદન અભરામ, હ-
સન આજમ અને જમાલ જીવા કહે છે. તોફાનને દીવસે મશીદ આગળ એ ત્રણ જણા હતા કે
નહીં તે મારૂં ધ્યાન નથી. આચાર્યને ગઢડામાં આવવાનો કાંઇ નીયમ નથી, તેમનું ધ્યાન
પડે ત્યારે આવે. હું પંદર વરસ થયાં ગઢડામાં છું. એ દરમીઆન આઠ દશ વખત મહારાજ
ગઢડામાં પધારેલા. છેલા છપનની સાલમાં મહારાજ ગઢડે આવેલા તે પછી પણ બે ચાર

ફેર મહારાજ ગઢડામાં પધારી ગએલા. આજથી બે વરસ ઉપર છેલા પધારેલા, બે વરસ પહેલાં છેલા મહારાજ ગઢડે પધારેલા, તે બધું મળી આઠ દશ વખત પધારેલા. તોફાન થયું તે સાલમાં પણ તોફાન પહેલાં ગઢડામાં પધારેલા, એટલે મહારાજ ગઢડામાં છેલા ગઇ સાલમાં પધારેલા. મહારાજ ગઢમાં પાંચ સાત આઠ વખત છેલા ગઢડામાં પધાર્યા છે, તેમ તે વરઘોડામાં પણ સાત આઠ વખત પધાર્યા હતા. પછી કહે છે કે પાંચ છ વખત પધારેલા હતા તોફાનને દીવસે મહારાજ ગઢડામાં હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી. ગયા તોફાનને દીવસે મહારાજ ગઢડામાં નહોતા. શાં. ૧૯૫૪ સુધી દરસાલ મહારાજ વરઘોડા વખતે ગઢડામાં હતા. સવંત ૧૯૫૪ પછી કઇ સાલમાં મહારાજ ગઢડામાં આવેલા તે ખબર નથી. સંવત ૧૯૫૫ ની સાલમાં ચૈત્ર મહીનામાં મહારાજ પધારેલા સંવત ૧૯૫૬ ની સાલના કારતક મહીનામાં મહારાજ પધારેલા. સંવત ૧૯૫૭ ની સાલના શ્રાવણ કે ભાદરવા માસમાં મહારાજ ગઢડે પધારેલા સંવત ૧૯૫૮–૫૯ ની સાલમાં હું મારા ગુરૂ કૃષ્ણસેવાદાસ માંદા હોવાથી મુંબઇ, સુરત જુનાગઢ વગેરે થઇ અમે બે વરસ કાઢેલાં, સંવત ૧૯૬૦ ની સાલમાં અમે ગઢડે આવેલા, સવંત ૧૯૬૦ ની સાલમાં સાત મહીના હું ગઢડામાં રહેલો. પાંચ મહીના હું બહાર ફરવા ગયેલો. સંવત ૧૯૬૦ ના ચોમાસામાં કે વરઘોડામાં હું ગઢડે નહેતો. સવંત ૧૯૬૧ ની સાલમાં બે ત્રણ મહીના ગઢડે રહ્યો હું. બાકી ફરતો હતો. સંવત ૧૯૬૨ ની સાલના ચોમાસામાં વરઘોડા વખતે હું ગઢડામાં હતો સવંત ૧૯૬૦ કે સંવત ૧૯૬૧ ની સાલમાં મહારાજ ગઢડે પધારેલા કે નહીં તેનો મને ખબર નથી. સવંત ૧૯૬૨ ની સાલમાં મહારાજ ગઢડે પધારેલા કે નહીં તે મને ખબર નથી. હું સંવત ૧૯૬૨ માં બે માસ ગઢડે રહેલો. સવંત ૧૯૬૨ ના ચોમાસામાં વરઘોડામાં હું ગઢડે હતો. સંવત ૧૯૬૩ ની સાલમાં ગઢડામાં હું છ મહીના રહેલો તે સાલમાં ચોમાસામાં અને વરઘોડામાં હું ગઢડામાં હતો. હું મંદીરમાં દાખલ થયા પછી ચાર વરસ ગઢડામાં રહેલો અને પછી બહાર ફરવા માડેલું. દર વરસમાં બહાર કેટલું રહેવું તેનો નીયમ નથી. કૃષ્ણસેવાદાસ બહાર જાય ત્યારે તેની સાથે જવું અને તે ગઢડામાં આવે ત્યારે આવવું. પાલખીને બધાં મળી કેટલાં ઝુમખાં છે, તે ખબર નથી. એ ચાંદીની પાલખી પાંચ સાત વરસ થયાં થઇ છે. તે કઇ સાલમાં થઇ છે તે ખબર નથી. પાલખી થઇ ત્યારથી જોઉં છું. મેળા વખતેજ એ પાલખી જોવામાં આવે છે, પાલખીને ચાર ખુણે ચાર ઝુમખાં છે; બીજાં કેટલાં ઝુમખાં છે તે ખબર નથી. ઉતર તરફનું ઉગમણી બાજુનું ઝુમખું દાદામીયાંએ તોડી લીધું છે. ઝુમખા સીવાય બીજું કાંઇ તોડયું નથી. ઝુમખું આંકડીયા નાખીને પાલખીના નાકામાં નાંખેલું તે નાકું પાલખીને વળગી રહેલું, અને આંકડીઓ ઝુમખાની સાથે તુટી ગયેલો. એ પાલખી ને ઝુમખાની આસપાસ પાંદડીઓ લટકેલી છે તે પાંદડીઓ તુટેલી છે કે નહીં તે ખબર નથી. પાલખીમાંથી શું શું ગયું છે. તે મશીદ આગળ મારી નજર ગઇ નહોતી પણ ઝુમખું મેં દાદામીયાંના હાથમાં જોએલું. ઝુમખું પછી દાદામીયાં લઇ ગયો કે પડી ગયું તે મને ખબર નથી ઝુમખું તોડયું ત્યારે દાદામીયાંને લાલજીએ કે બીજા કોઇએ ઠપકો આપેલો કે નહીં તે મારૂં ધ્યાન નથી મંદીરમાં જઇને મેં પાલખી તરતજ તપાસેલી ને ઝુમખું ગયાનું જણાયું હતું મંદીરમાં અમે શ્યામસુંદરદાસ કોઠારીને કહેલું કે ઝુમખું ગયું છે પણ તેણે અને અમે બ-

પાછી પાલખી તપાસેલી સાંજરે લાલજીએ પાલખી મંદીરમાં તપાસી તે વખતે મને માલમ પડેલું કે ઝુમખાં શીવાય બીજું કાંઈ પાલખીમાંથી ગયું નથી. પાલખીને બાકી રહેલાં ત્રણ ઝુમખાં મેં જોયાં છે. તેને અસ્તી પાંદડીઓ છે. પાલખીને જે કાડે હું હતો તે મારી સાથે હરીન લક્ષ્મીદાસ તથા બાલકી કિશનદાસ હતા. અંબારામ જમાદાર અમારા ગુરૂ પાસે ઘણી વખત બેસવા આવે છે તેથી હું તેને ઓળખું છું. રૂપાની પાલખી જતાં પહેલાં ગણપતીને વરઘોડામાં ઘોડાગાડીમાં બેસારી ફેરવતા નથી.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—રૂપાની પાલખી થયા પછી રૂપાની પાલખીમાં ઠાકોરજી અને લાકડાની પાલખીમાં ગણપતી એમ નદીએ લઈ જઈએ પછી લાકડાની પાલખીમાં ગણપતી હોય તે નદીમાં પધરાવ્યા પછી લાકડાની પાલખી ખાલી મશીદ આગળ થઈ મંદીરે લઈ જતા એમ ગણપતી થતા ત્યારે બનતું હતું. હર સાલ એ પ્રમાણે ગણપતી થતા ત્યારે થતું હતું. રૂપાની પાલખી શોભાવવાની એટલે ઠાકોરજી નહોત એ પાલખી બદલીને ઝાંપે થઈ ગામમાં લઈ આવતા એ બે પાલખીમાં ઠાકોરજી બેસે ત્યારે બેઉ ઠાકોરજી સરખા. ગયા તો બનાવ દીવસે રૂપાની પાલખી બદલીને ઝાંપેથી ન લઈ જતાં મશીદ આગળ થઈને શું કારણસર લાવ્યા તેની મને ખબર નથી.

પાલખી મશીદેથી મંદિરે લઈ ગયા ત્યારે સાથે અમલદારી શીવાય પોલીસનો સીપાઈ અમરો અને એક લાલજી જોડા હતા. લક્ષ્મીબાગમાં ઠાકોરજીના દરશન કરવા એ અમરો આવે અને અમે સાથે ઉભાએ બેસીએ તેથી ઓળખું છું હું મંદીરમાં દેવીના અંદરના ભાગમાં રહું છું ન્યાયાધીશ દરશન કરવા અંદર આવે ત્યારે પરસાળનો દાદરાના નીચે ઉભો રહેતો ત્યાં આગળ હું પણ દરશને જતો હતો. દાદાભીમાં ઝુમખું લઈને ઉભગાથી તરફ બે ત્રણ હાથ છેટે ચાલેલો ત્યાં સુધી મારી સરત રહેલી. પછી સરત રહી નથી એ બે ત્રણ હાથ સુધી તો ઝુમખું દાદાભીયાના હાથમાં હતું કે નહીં તે મારી સરત રહી નથી દાદાભીયાં ઝુમખું લઈ ગએલા ત્યારે કોઈએ બુમ પાડેલી કે નહી તે ખબર નથી. ઝાંપે મારી તે જગાએ બોંબ ઉપર કોઈએ તપાસ કરી હતી કે નહીં તે મને ખબર નથી અમરા શીવાય બીજા કોઈ પોલીસના માણસોનાં નામ ખબર નથી બીજા પોલીસના માણસો દરશન કરવા આવે છે. મોહમતરફના દાદન અભરામને મેં ઓળખ્યો તે ગાડીનાં ભાડાં કરે છે. તેથી ઓળખું છું. એક તહોમતવાળો જેનું નામ હસન આજમ છે તેની સાથે સોનગઢવાળા સાકર ભાઈએ પોટકું મેકલેલું તેથી તથા મંદીરમાં બેસવા આવે છે તેથી ઓળખું છું. બીજો તહોમતવાળો જેનું નામ જમાલ છે. તે મોટા અમલદાર મંદીરમાં દરશન કરવા આવે તેની સાથે જે માણસ હોય તેને હું ઓળખું છું હાલ મને ચાર તહોમતવાળાને બતાવ્યા તેમાંથી હું એકને ઓળખું છું. તેનું નામ પુછતાં સરદાર અલી કહે છે. ગઢમાં ન્યાયાધીશ, વહીવટદાર, ફોજદાર અને દાક્તર હોય તેને જાણીએ, તેમાં એ સરદાર ન્યાયાધીશ સાથે આવતા તોફાન પહેલાંથી ઓળખવામાં મેં ત્રણ જણાને ઉભા કરેલા તેમાં એ સરદાર ખાનબહાર રહેવાથી ઉભા રહેલા માણસમાંથી ગની,

મમુદ હાસમ, અને કાણુ ગીગા કરે છે, તેને હું દીઠે ઓળખતો નથી. (એ ઓસમાન અને મમુદ ન્યાયખાતામાં ને કાણુ પોલીસખાતામાં નોકર હોવાનું કહે છે.)

સાક્ષીને જુબાની વંચી સંભળાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૧૭ ફેબરૂઆરી સને ૧૯૦૮

૧ સાધુ હરીસ્વરૂપદાસની સહી. દા. શવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વ.મનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૬૯.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ કરશનદાસ છે. મારી ઉમર આશરે વરસ ૨૨ ની છે.

મારો ધર્મ હીંદુનો છે. મારો ધંધો ભજન કરવાનો છે.

મારી જાત સાધુની છે.

હું વડતાલમાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે:—

હું વડતાલ મંદીરમાં બાર વરસથી સાધુ છું. જળ વરસોડાને દીવસે જે પાલખી પાછી ફરતાં નદીએથી મસીદ આગળ થઇને મંદીરે આવેલી, તે પાલખી ઉંચકવામાં હું હતો. મસીદ આગળ આવતાં એ પાલખી મુસલમાનોએ અટકાવેલી, ૨૫-૩૦ મુસલમાનો મસીદ આગળ હતા. તે કોઇના નામની મને ખબર નથી. તેમાંના એકને દીઠે ઓળખું છું જેણે પાલખીનું ઝુમખું તોડયું તે હતો. તેને તહોમતદારોમાંથી બતાવી આપું છું. તેનું નામ મને ખબર નથી. તેનું નામ પુછતાં તહોમતદાર દાદામીયાં મહમુદમીયાં કહે છે. એ પાલખી ત્યાં આવી ત્યારે સાત આઠ મુસલમાનોના હાથમાં જુનાં ખાંડાંનાં સળેલાં હતાં તે બોલતા હતા કે પાલખીને ભાંગી નાખો ને મારી નાંખો. તે પછી દાદામીયાંએ પાલખીને ઝેંટ મારી હતી તેમાં એક ઝુમખું તેને હાથ આવ્યાથી તેણે તોડી લીધેલું પછી પાલખી અમે મંદીરે લઇ ગએલા. પોલીસવાળા આવી પડેલા, તેને એ લોકોએ ધક્કા તથા લાકડી મારેલી. એ લોકો પાલખી ઉપર આવેલા પણ પોલીસ વચમાં પડવાથી તેને માર મારેલો અમે ૭ પાલખી ઉપાડનારા હતા. સીતારામ બે બ્રહ્મચારી અને લાલજી જેઠા અને ડાયો ભગત હતા. અમે બધા મંદીરે ચાલ્યા ગયા ત્યારે પોલીસ સીપાઇઓ ત્યાં રોકાએલા તથા ડાયો ભગત પણ ત્યાં રોકાએલો. ડાયા ભગતને માર પડવાથી તે રોકાએલો. તેણે બુમ પાડી કે એ બાપ મારી નાંખ્યો તેથી તેને માર્યાનું હું કહું છું. તેને માર પડતાં મેં જોયું નથી. તેથી તેને શું માર કોણે માર્યો તેની મને ખબર નથી. એ પાલખી સાથે વાજીંત્ર નહોતું. વરસોડાનું વાજીંત્ર બીજી પાલખી સાથે હતું. હું દશ વરસથી પાલખી ઉપાડવામાં રહું છું. તે દરેક વખત મસીદ આગળ થઇને પાલખી ફરે છે. કોઇ વખત તેની સાથે વાજીંત્ર હોતું નથી.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૨ ફેબરૂઆરી સને ૧૯૦૮

૧ સાધુ કરશનદાસની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયધીશ.

હું સાધુ કરશનદાસ આજરોજ પ્રતિજ્ઞા ઉપર ઉલટ તપાસમાં લખાવું છું કે— મસીદ આગળ ૭૦–૭૫ મુસલમાનો હતા તેમાંથી દસ બાર જણા પાલખી ઉપર ધસ્યા હતા. તેમનાં નામ ખબર નથી તેમાંથી કેટલાકના હાથમાં લાકડી અને કેટલાકના હાથમાં ચુનો ખાંડવાનાં સાએલાં હતાં. તેમાંથી કેટલાના હાથમાં લાકડી અને કેટલાના હાથમાં સાંબેલાં તે કહી શકાય નહીં. મસીદની ટેકી પાસે પાલખી ચાલી લાટે એ ઢેકો ચઢી આવેલા. પાલખીની ઉતરાદી તરફ ઉગમણે ખુણે આવી પહોંચેલા, મસીદની ડેલીથી આસરે પાંચ છ હાથ છેટે પાલખી હતી. એક મુસલમાન પાલખીને બાઝયો. ઝુમખાંને બાઝયો તેથી પાલખી અટકી ગએલી. ઝુમખાંને બાઝયો તેથી ઝુમખું તરત નીકળી ગએલું. નાકામાંથી ઝુમખું નીકળી ગએલું પાલખીને બીજે કાંઇ ઇજા થઇ નહોતી. ઉતરાદી બાજુ તરફને ઉગમણા ખુણાનું ઝુમખું તુટી ગએલું. એ ઝુમખું તોડયું તે માણસના હાથમાં રહેલું મે જોએલું પાલખીનં ચાર ઝુમખાં મેં જોયાં છે, તે અંદર માયલીપા બીજા હશે તે મે જોયાં નથી. મંદીરમાં પાલખી લઇ જઇને મેં તથા હરીનારાયણદાસે પાલખી તપાસી તો તેમાં બીજું કાંઇ નુકસાન થયું નહોતું, અમે છ સાધુ ને બે બ્રહ્મચારી ભેગા હતા તે બધાએ એ પાલખી તપાસેલી. મંદીરના કોઇ અધીકારીએ તે વખત પાલખી તપાસી નહોતી. ઝુમખાંની અડોઅડ ચાંદીનાં પંદડાં છે. તે કોઇ પાંદડું તુટયું નહોતું. મુસલમાને ઝુમખું તોડયું તે વખત અમે કોઇને ઠપકો આપ્યો નથી. પાલખી નવી કેમ કાઢી એમ કોઇ મુસલમાન બોલ્યા નથી. પાલખી સાથે અમે છ સાધુ બે બ્રહ્મચારી અને લાલજી જેઠા અને ચાર પોલીસના સીપાઇઓ હતા. ડાયો ભગત પાછો ચાલ્યો આવતો હતો. એ ચાર પોલીસના માણસ પૈકી અમુકના નામની ખબર છે, બીજાના નામની ખબર નથી. પાલખીની ઉગમણી તરફ બે પોલીસ તથા લાલજી જેઠા અને એક બ્રહ્મચારી હતા. આથમણી તરફ એક બ્રહ્મચારી ને બે પોલીસના સીપાઇ હતા. મુસલમાનો પાલખી ઉપર આવ્યા ત્યારે બેમાંથી એક પોલીસનું માણસ બોલ્યું કે શું ભલા માણસ હાલવા દીઓ. તે પોલીસનું માણસ કોણ હતું તે ખબર નથી. પછી મુસલમાનો ખસી ગયા કે નહીં તેની મને ખબર નથી ત્યાં કોઇ મુસલમાને જવાબ આપ્યો નહીં. મુસલમાનો લાકડીઓ ટેકી રહ્યા હતા પણ મારી શકયા નહોતા. અમે પાલખી ત્યાંથી લઇ ઉતાવળે ચાલી ગએલા. અમારી સાથે એક પોલીસનો માણસ આવેલો. બીજો ત્યાં રહેલો. નદીએ બે પાલખી હતી તેમાંથી એક ભાગોળે ઝાંપે ગઇ અને એક મસીદ તરફ આવી હતી. રૂપાની પાલખી મસીદ તરફ આવેલી અને લાકડાની પાલખી ભાગોળના ઝાંપા તરફ ગએલી. બંને પાલખીમાં ઠાકોરજીની

મુરતીઓ હતી. એક ઠાકોરજીની પધરામણી થાય છે, બેની થતી નથી, તેથી એક ઠાકોરજીની પાલખી ભડલીના ઝાંપા તરફ ગએલી. મંદીરથી નદીએ જતાં બે પાલખી સાથે આવેલી. પાલખી મસીદને રસ્તે લાવવાનું કારણ કે એ રસ્તો ટુકડો પડે. પધરામણી કરવાને ઠાકોરજીને વરસો વરસ લઇ જઇએ છીએ. તે કોઇ વખત લાકડાની પાલખીમાં ને કોઇ વખત રૂપાની પાલખીમાં લઇ જઇએ છીએ. ગયા તોફાનને દીવસે ચાંદીની પાલખી ભડલીના ઝાંપા તરફ કેમ લઇ ન ગયા તેની મને ખબર નથી. નદીએથી અમે હાલ્યા ત્યારે ડાયો ભગત પાલખીને વાંસે ચાલતાં અમે જોએલો પછી મેં જોયો નથી. મસીદે અમે આવ્યા ત્યારે સાતક હાથ વાંસેથી ડાયાએ ચીસ નાંખી ત્યારે અમે તેને સાદેથી ઓળખેલો. મસીદેથી અમે પાલખી આગળ ચલાવી ત્યારે ચીસ સાંભળેલી તેથી અમે પાછું ફરીને જોયું નથી. અમે મસીદ આગળ રોકાયા ત્યાં સુધી અમારે ખંભે પાલખી હતી તે વખતે પાલખીના વજનને લીધે પાછું ફરી જોવાય નહીં પણ પડખા તરફ મોં ફેરવી શકાય ખરૂં. એવી રીતે હોકારો થયો ત્યારે અમે એક વખત પડખા તરફ જોએલું. મસીદ આગળ પાલખીને હું બે ચાર વખત લાવેલો. છેલા બે વરસથી હું મસીદ આગળથી પાલખી લઇને નીકળ્યો છું. તે પહેલાં તે રસ્તે હું નીકળેલો કે નહીં તે યાદ નથી. પરાર પણ મસીદ આગળથી પાલખી નીકળી તે વખતે ઠાકોરજી હતા, તે વખત પણ પોલીસના માણસો સાથે હતા પણ કોણ અને કેટલા તે ખબર નથી. અમારા દેખતાં કોઇ પોલીસવાળાને મુસલમાનોએ માર્યા નથી. ચાંદીની પાલખી છ સાત વરસ થયાં થઇ છે. ચાંદીની પાલખી થઇ તે પહેલાં ગણપતીને ઘોડાગાડીમાં બેસાડી લઇ જતા નહોતા. ચાંદીની પાલખી થઇ તે પેલાં લાકડાની બે પાલખી હતી. પાલખીમાંના ઠાકોરજીને કોઇ મુસલમાનો અડ્યા છે કે નહીં તે મને ખબર નથી, પાલખીને ઝોંટ માર્યાની હકીકત મંદીરમાં મેં કોઇને કહી નથી મંદીરમાં બામજીભાઈ મુખી છે, તેની આગ્નાથી બધું કામ થાય છે, તેની આગ્ના સીવાય કોઈથી કાંઇ કામ થઇ શકે નહીં. જે મુસલમાન તહોમતવાળાએ ઝુમખું તોડયું તે સીવાય કોઇ તહોમતવાળાને હું હાલ સુધી ઓળખતો નથી. ઝુમખું તોડનાર તહોમતવાળાને હું ત્રણ ચાર વરસ થયાં ઓળખું છું ત્રણ ચાર વરસથી ન્યાયાધીશ સાથે આવવામાં એ પટાવાળો હોય ને બીજા હોય તેમાંથી એ પટાવાળાને ઓળખું છું. બીજાને ઓળખતો નથી હાલના ન્યાયાધીશ જોડે એ મુસલમાન પટાવાળો વરસ દોઢ વરસમાં ત્રણ ચાર વખત મંદીરમાં આવેલો. પહેલાંના ન્યાયાધીશને હું ઓળખતો નહોતો. તે ન્યાયાધીશ પણ મંદીરે દરશન કરવા આવતા. દોઢ વરસ પહેલાં એ પટાવાળો કોઈ ન્યાયાધીશ સાથે મંદીરમાં આવતો કે નહીં. તેની મને ખબર નથી.

સવાલ—કોઇ મુસલમાન પટાવાળો મંદીરમાં આવે છે કે નહી?

જવાબ—જીવન પટાવાળો આવે છે. તેને ઓળખું છું બીજા મુસલમાન પટાવાળાને હું ઓળખતો નથી.

કોઈ મુસલમાન પટાવાળો મંદીરમાં આવે છે કે નહી તે મને ખબર નથી. ડેલીમાં મંદીરના પગથીયાં સુધી મુસલમાનો આવે છે. તહોમતવાળો ઝુમખું તોડનાર મુસલમાન તહોમતવાળો ઓટા સુધી મંદીરમાં આવતો. એ મંદીરના ઓટાથી અમારી બેઠક ૬૦–૭૦ હાથ

છેટે રહે છે. ત્યાંથી હું એ ઝુમખું તોડનારને જોતો હતો. કોઇ વખત હું મારી બેઠકમાંથી ને કોઇ વખત હું ઓટા પાસે દરશન કરવા જઉં ત્યાંથી જોતો હતો. મંદીરના ઓટા પાસેથી મેં તેને એક બે વખત જોયેલો. અમારી બેઠકની ધર્મશાળામાંથી મંદીરનો ઓટો દેખાય છે. મશીદે પાલખી રોકાઇ તે વખત મેં ત્યાં કોઇ હીંદુને જોયા નથી. મશીદ આગળ પાલખી હતી. તે વખત મશીદની અગાશી ઉપર કોઇ મુસલમાન હતા કે નહીં તે મને ખબર નથી. તે વખત નળીયાના કે પથરાના કોઈ ઘા આવતા નહોતા.

ફરી તપાસ નથી

કોર્ટના સવાલમાં—રૂપાની પાલખી કોઇવાર બડલીને ઝાંપે જાય, ને કોઇવાર મશીદ આગળ આવે, તેનું કારણ હું કાંઇ જાણતો નથી. તોફાનને દીવસે રૂપાની પાલખી મશીદને રસ્તે શા માટે લાવ્યો, તે હું કહી શકતો નથી. નદીએથી પાલખી મશીદ તરફ લાવવા માંડી ત્યારે જમાદારે પોલીસના માણસોને હુકમ કરેલો તેથી તે સાથે આવેલા એ જમાદારના નામની મને ખબર નથી એ હુકમ કર્યો તે વખતે અમારી પાલખી નદીએથી ચાલી નહોતી, કારણકે બીજી પાલખી ત્યાંથી નીકળી નહોતી. જમાદાર હુકમ કરી અમારી મોર ચાલ્યા ગએલા, તે મેં જોયેલું. અમારી સાથે ચાર પોલીસ સીપાઇ હતા. ડાયો પગી એકલજ અમારી સાથે હતો. એ ડાયો અમારી સાથે કેમ આવેલો તે ખબર નથી. બીજા બધા પગા બડલીના ઝાંપા તરફની પાલખી સાથે ગયેલા. એ ડાયાને પાલખી આવવાનું કોઇએ કહ્યું નહોતું. રૂપાની પાલખી મંદીરેથી નદીએ આવી. તે વખત મેં ઉંચકી હતી. નદીએ અમે એક કલાક રોકાયેલા. રૂપાની પાલખી ગઇ સાલમાં અમે મશીદ આગળથી લઇ ગયેલા. તે પાલખી મંદીરેથી નદીએ લઇ જવામાં હું હતો. તોફાનને દીવસે નદીએથી પાછા ફરતી વખત લવજી જોશીએ અમોને કહેલું કે રૂપાની પાલખી મશીદ આગળ થઇને લઇ જાઓ. દર વખત લવજી કહે તે પાલખી મશીદ આગળ થઇને મંદીરે લઇ જવામાં આવે છે. ૭ સાત વરસમાં એક બે વખત લવજીએ ચાંદીની પાલખી બડલીને ઝાંપે થઈ થઇ જવાનું કહેલું. હું કોઇવાર ચાંદીની પાલખી ઉપાડું છું, ને કોઇવાર લાકડાની પાલખી ઉપાડું છું. છેલ્લાં ૭ વરસમાં ગણપતી કેટલી વાર બન્યા, તે મને સાંભરતું નથી. જે સાલમાં ગણપતી બને તે સાલમાં ચાંદીની પાલખી બડલીને ઝાંપે થઇને લઇ જવાનું કહેતા. નદીએથી પાલખી ચાલી તે મશીદ આગળ થઇ મંદીરે પોંચી ત્યાં સુધીમાં પોલીસના જમાદારને મેં સાથે જોયા નથી. નદીએથી પોલીસના જે ચાર માણસો હતા, તે ચાર આદમી મશીદ પાસે પાલખી સાથે હતા. (સાક્ષી પોતાથી બોલ્યો કે મશીદે આવતાં બાર્ઇશંકર વકીલને ઓટે જમાદારને બેઠા મેં જોયેલા.) દર સાલ બડલીને ઝાંપેથી આપતી પાલખીના ઠાકોરજીને દર સાલ પધરાવતા આવીએ છીએ.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૮–૨–૦૮

૧ સાધુ કેરશનદાસની સહી દા સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતીના ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૨૦.

મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચુ લખાવીશ.

મારૂં નામ ભક્તીનંદન છે. મારી ઉમર આશરે વરસ ૨૨ ની છે.

મારો ધર્મ હિંદુનો છે. મારો કસબ સેવા કરવાનો છે.

મારી જાત સાધુની છે.

હું ગઢડામાં રહું છું:

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે:

હું દશ બાર વરસ થયાં મંદીરનો સાધુ છું. ગયા વરઘોડાને દીવસે મશીદ આગળથી જે પાલખી પાછી આવેલી તે ઉપાડવામા હું હતો. એ પાલખીમાં ઠાકોરજી હતા. પાલખી સાથે વાજીંત્ર નહોતું. પાલખી મશીદ આગળ આવતાં મુસલમાન લોકો ધોકા લાકડી લઇને આડા ઉભેલા. મશીદ આગળ ૨૫–૩૦ મુસલમાનો હતા, તેમાંથી એક જણને મેં ઓળખેલો છે તેણે પાલખીનું ઝુમખું તોડી લીધું હતું. તેના નામની મને ખબર નથી. તેને હું તકરારી મતવાળામાંથી ઓળખી બતાવું છું. તેનું નામ પુછતાં દાદામીયાં મહમુદમીયાં કહે છે. એ લોકો લાકડી અને ધોકા લઇ આડા ફરેલા. તેણે લાકડી અને ધોકા પાલખી ઉપર તોળી રાખેલા. મુસલમાનો ધોકા અને લાકડી લઇને પાલખીની આડા ઉભા નહોતા, પણ પડખે ઉભા હતા પાલખી મંદીરે તરફ જવાના રસ્તામાં મુસલમાનો ધોકા લાકડી લઈ આડા ઉભે લાં પણ પાલખી આગળ પોલીસના માણસો ચાલ્યા જતા હતા તેણે પાછા ફરી એ લોકોને અટકાવ્યા એટલે અમે પાલખી મંદીરે લઇ ગએલા ત્યારે ડાયો ભગત પછવાડે હતો. તેણે રાડ નાખી કે એ બાપ મને મારી નાખ્યો, એ સાંભળ્યું છે. તેને મારતાં મેં જોયું નથી, તેથી કોણે શું માર્યું તેની મને ખબર નથી. બીજા કોઇને માર પડતાં મેં જોયું નથી. પોલીસના માણસોને માર પડતાં મેં ત્યાં જોયું નથી.

ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા ૧૨ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ સાધુ ભક્તીનંદનની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું સાધુ ભક્તીનંદન આજ રોજ પ્રતિજ્ઞા ઉપર ઉલટ તપાસમાં લખાવું છું કે—મેં આઠ નવ વરસ થયાં ભગવાં પહેર્યાં છે. અમારૂં કામ મંદીરમાં રહીને ભક્તિ પુજા કરવાનું છે, અમારે બહાર જવાનું નથી. હું સાધુ થયો ત્યારથી ગઢડામાં રહું છું. બીજે કાંઈ જતો નથી. ગઢડામાં હું વાડીએ જાઉં. કે નહાવા જાઉં તે સીવાય હું બહાર નીકળતો નથી. કોઇક કોઇક વાર વાડીએ જાઉં છું. નહાવા તો રોજ જાઉં છું. ગામના લોકો સાથે મારે બીલકુલ પરીચય નથી. દરસાલ વરઘોડામાં બંધ્યાબંધ હીંદુઓ આવે છે, મુસલમાન આવતા નથી. બહારથી જાત્રાળુ આવે તે હીંદુ આવે એમ હું કહું છું. વરઘોડામાં મુસલમાનો

આવે છે કે નહીં તેની મને ખબર નથી. વરઘોડામાં પાલખી ભેગા હીંદુઓ ચાલે ખરા.
ગઢડા મંદીરમાં હું આવ્યો ત્યારે, ત્યારથી રૂપાની પાલખી મશીદ આગળ થઇ મંદીરમાં
આવે છે એમ હું જાણું છું. કોઠારી જે સાધુ બ્રહ્મચારીને પાલખી ઉપાડવાની આજ્ઞા કરે
તે ઉપાડી જાકે. દશ વરસમાં બે ચાર વખત હું પાલખી મશીદ આગળ થઇ મંદીરમાં
લાવ્યો છું. મંદીરમાં દશ મુરતી, ગોપીનાથજી, હરીકૃષ્ણ, ધર્મ, ભક્તિ, વાસુદેવજી, કૃષ્ણ,
બળદેવજી, સુર્યનારાયણ, રેવતીજીની અને રાધીકાજી એટલી દશ મુરતીઓ છે. આ બધી
મુરતીઓ અમારા ધર્મમાં સરખી છે. એ દસ મુરતી સીવાય બીજી લાલજીની મુરતીઓ
છે. એ લાલજીની મુરતીઓ અમારા ધર્મમાં એક સરખી ગણાય છે. તોફાનને દીવસે બે
પાલખીમાં બે લાલજીની મુરતીઓ હતી. એ બે મુરતીમાંથી એક મુરતી નદીએ રાખી અને
બીજી મુરતી પાલખીમાં બેસાડી મશીદ પાસેથી લઇ આવેલા. નદીએ મુરતી રહે છે તે ગા-
મમાં બીજે પધારાવવાને માટે લઇ જવા સારૂ રહે છે. નદીએથી પાછા ફરતાં બે ઠાકોર-
જીની બે પાલખી જુદે જુદે રસ્તે કેમ જાય છે તેની મને ખબર નથી. પાલખી મશીદ
આગળ આવી ત્યારે મુસલમાનો પાલખીની ઉગમણી તરફ આવીને ઉભા રહયા. પાલખીની
ઉતરાદી તરફ બજાર તરફ કોઇ મુસલમાન નહોતા. પાલખી મશીદ આગળ આવી કે તરત
દાદામીયાંએ આવીને ઝોંટ મારી. દાદામીયાં આવી ઝુમખાને અટકેલો, બીજા ભાગને
અટકયો નહોતો. પાલખીને ચાર ખુણે ચાર ઝુમખાં હોય છે. ઉતરાદી તરફ બે ઝુમખાં
હતાં તેમાં ઉગમણી બાજુનું ઝુમખું તેણે તોડી લીધેલું. પાલખીમાં નકુચો અને તેમાં
કડી અને તેમાં ઝુમખું લટકતું હતું. ઝુમખાની સાથે કડી અને નકુચો પણ ખેંચાઇ
ગએલાં. એ ઝુમખાની ઉપર ચાંદીનાં પાંદડાં ઉપર અને હેઠળ લટકતાં હતાં એવાં પાંદડાં
ઘણાં છે અને એક બીજાને અડોઅડ છે. એમાનું કાંઇ પાંદડું તુટેલુ કે નહીં
તેની મને ખબર નથી, દાદામીયાંએ ઝોંટ મારી તેથી પાલખી હેઠે નમી નહોતી. દાદામીયાં
સાથે બીજા ૨૫-૩૦ મુસલમાનો હતા પણ તે કોઇ પાલખીને અડયા નહોતા. એ બીજા
મુસલમાનો પાલખીથી બે ત્રણ હાથ છેટે હતા. પાલખીને બે છેડે ત્રણ ત્રણ માણસ રહે
તેમાં હું પાછલે છેડે હેઠલો હતો. પાછલે ડંડે મારી સાથે હરીનારાયણદાસ અને હરીસ્વરૂપ
દાસ હતો, અને આગલે ડંડે કરસનદાસ બાગરામદાસ અને ધર્મસ્વરૂપદાસ હતા. એ ત્રણ
પાલખીને અડોઅડ કરશનદાસ હતા તે પછી ધર્મ સ્વરૂપદાસ અને તે પછી બાગરામદાસ હતા.
દાદામીયાંએ ઝોંટ મારી ત્યારે પોલીસના માણસો પાલખીની ઉગમણી તરફ હતા. નદીએથી મશીદ
સુધી પોલીસના માણસો પાલખીની બંને બાજુએ હાલ્યા આવતા હતા. પાલખીની ઉગમણી તરફ
મશીદ આગળ કયા સીપાઇ હતા તેની મને ખબર નથી. નદીએથી પોલીસના માણસો બ્રહ્મ-
ચારીની અડોઅડ ચાલતા હતા. પાલખીની કઇ બાજુએ જમાદાર અંબારામ હતા તે ખબ-
ર નથી. એ જમાદાર પાલખીને એક પડખે તો હતા. એ જમાદાર પણ અમારી જોડે
નદીએથીજ અમારી સાથે હતા. હું જમાદારને આખે રસ્તે જોઇ શકતો હતો. દાદામીયાંએ
ઝોંટ મારી તેમાં બે મીનીટ ગઇ હશે. ઝોંટ માર્યા પછી અમે તરતજ ઉતાવળે પગે ચાલ્યા
ગયા હતા. અમે પાલખી લઇ ચાલતા થયા ત્યારે અમરો અમારી સાથે આવેલો અને બીજા
પોલીસવાળા ને અંબારામ ત્યાં રહેલા. પાલખીને ઝોંટ મારી અને મુસલમાનોએ અટકા-

બ્યાની વાત મેં મંદીરે જઇને કોઠારી શ્યામસુંદરદાસને એ વાત કરેલી. પાલખી મસીદે આવી ત્યારે મુસલમાનોએ હુમલો કર્યાની વાત કરેલી. ડાયાને વગાડયાની વાત પણ અમે કરેલી. પછી ડાયા માટે તેણે કાંઇ બંદોબસ્ત કર્યો કે નહિં તેની મને ખબર નથી. પાલખી મશીદે આવી અને મશીદે રહી ત્યાં સુધી જમાદાર અને પોલીસના માણસો પાલખી સાથે રહેલા. મશીદ પાસે કોઇ હીંદુ ઉભા રહેલા કે નહીં તે મેં ભાળ્યું નથી. જતા આવતાં માણસો જોએલા. પાલખી સાથે અમે ૭ સાધુ, બે બ્રહ્મચારી, લાલજી જેઠા અને ડાયો ભગત એટલા હતા. પાલખી સાથે આવવામાં બીજું કોઈ નહોતું. પોલીસ પાસે કો ડા હતા, અમારી કોઇ પાસે કાંઇ હથીયાર કે લાકડી નહોતાં. પાલખીમાં ઠાકોરજી બેઠા હતા. તેની ઉગમણી બાજુએ લાલજી ચાલ્યા જતા હતા, તે લાલજી સાથે મુસલમાનોએ કાંઇ વાતચીત કરેલી કે નહીં તે મને યાદ નથી.

સવાલ—લાલજીને મુસલમાનોએ એમ કહેલું કે આ વખત પાલખી કેમ કાઢી ન કાઢવી જોઇએ

જવાબ—તે મને યાદ નથી (સાક્ષી પોતાથી કહે છે કે એવી વાત શાની કાઢે, પાલખી વરસો વરસ ત્યાં થઇને જાય છે.

લાલજીએ મુસલમાનોને કાંઇ કહેલું કે નહીં તે મને યાદ નથી. પાલખી ઉપર કેમ ધસી આવો છો એમ લાલજીએ મુસલમાનોને કહેલું કે નહીં તે મને યાદ નથી. અમે પાલખી ઉપાડનારાઓએ મુસલમાન સાથે તેમજ બ્રહ્મચારીએ મુસલમાન સાથે કાંઇ વાત કરી નહોતી. અમે પાલખી લઇ ચાલ્યા આવેલા ત્યારે લાલજી સાથે આવેલા કે વાંસે રહેલા તે મને યાદ નથી મંદીરમાં ભીમજીભાઇના હુકમથી બધા માણસો કામ કરે છે.

ફરી તપાસ—મંદીરે જઇ પાલખીને શું નુકશાન થયું છે તે મેં તપાસી નહોતી. બે મીનીટમાં સો હાથ જમીન ચાલી શકાય (સાક્ષી પેલાં પાંચ છ એમ બોલી ગયેલો, પછી જ્યારે કોરટે પાંચ છ લખાવવા માંડ્યો ત્યારે તહોમતવાળાના વકીલ બોલ્યા કે કોરટના દરવાજા બહાર જઇ શકાય એમ સાક્ષી બોલ્યો તે પાંચ છ હાથ થાય ત્યારે સાક્ષી બોલ્યો કે પાંચ છ હાથ નહીં પણ સો હાથ બે મીનીટમાં ચાલાય સાક્ષી પેલાં જવાબમાં પાંચ શબ્દ બોલ્યો હતો તે તો ચોકસ છે)

કોર્ટના સવાલમાં—લવજીએ પાલખી મંદીરમાં તપાશી ત્યારે મને ખબર પડી કે પાલખીમાંથી શું ગયું છે. લવજીએ પાલખી તપાસી ત્યારે મને ખબર પડી કે પાલખીનું ઝુમખું ગયું છે. લવજીએ પાલખી કયારે તપાસી તેની મને ખબર નથી. ઝોંટ મારીને ઝુમખું દાદામીયાંએ છુટું પાડી લીધેલું તે મેં મશીદ આગળ જોયેલું. (સાક્ષી પ્રથમ બોલેલો કે લવજીએ પાલખી રાતે તપાશી ત્યારે ઝુમખું ગયાનું મેં જાણેલું.) ઝુમખું દાદા મીયાંએ તોડી લીધેલું તે વખતે સાધુ જોરથી બોલવા માંડ્યા કે ઝુમખું લઇ જાય છે. ઝુમખું લઈ દાદામીયાં મશીદ તરફ ગયેલા તેની વાંસે કોઇ ગયું નહોતું. નદીએથી પાલખી મશીદ આગળ થઇને પાછી આવે છે, તે સાથે કોઇ વખત વાજીંત્ર હોતું નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૫ ફેબરવારી સને ૧૯૦૮

૧ સાધુ ભક્તીનંદનની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

# આંક ૨૧.

## સંસ્થાન ભાવનગરના મહેરબાન પોલીસના ઉપરી સાહેબની હજુરમાં

શ્રી મહુવાના સ્વામીનારાયણના મંદીર તરફથી–ભાઇ લાલજી જેઠા રહેનાર મહુવાના. — ફરીયાદી.

વિરૂદ્ધ.

૧ મુલાં દાદામીયાં મહમુદમીયાં, ૨ સીપાઇ સરદાર આલી, ૩ મુલાં અબદલા મમુદ ભંડારી. ૪ સીપાઇ જમાલ જીવા, ૫ ખાટકી ગાંડા અલમાલ, ૬ મેમણ અબદલા સુમાર, ૭ મેમણ ઈસ્માઈલ આલી, ૮ મેમણ અબારામ કાસમ, ૯ ખાટકી સાગો, ૧૦ મેમણ અબદલા ગની, ૧૧ મેમણ યુસબ ગની, ૧૨ મેમણ નુર આમદ, ૧૩ મેમણ ડોસા આલી, વીગેરે. — તહોમતવાળા.

ફોજદારી ધારાની કલમ ૨૯૪-૧૧૦-૧૧૧-૧૧૨-૧૧૪-૧૫૬-૧૫૪-૧૫૭-૧૬૬ ૨૭૭-૩૪૨-૨૧૭-૨૨૦ મુજબ.

અમો ફરીયાદી નમ્રતાથી અરજ કરીએ છું કે—

૧ ચાલતા માસની શુદ ૧૧ ના રોજ અમારા ઠાકોરજીને જળજીલણીનો મોટો તહેવાર હોવાથી હજારો માણસો અને બીજા માણસો દરશન કરવા અર્થે અત્રે આવેલા હતા.

૨ અમારી બે પાલખી ઠાકોરજી સહીત દેવમંદીરમાંથી સરઘસ સાથે પ્રથમ નદી ઉપર જળ ઝીલવાને માટે જવામાં આવે છે, તે પ્રમાણે બંને પાલખી સાથે સરઘસ લઇ જવામાં આવેલું હતું.

૩ નદી ઉપર જળ ઝીલ્યા બાદ અમારી સાથેની પાલખી જે ઘણી કીમતી અને રૂપાની હતી, અને તેમાં અમારા ઠાકોરજીની મુરતી કીમતી ઘરાણા સાથે હતી. તે પાલખી લઇને પાછા અમો આવતા હતા ને બીજી પાલખી સરઘસ સાથે હતી. અમો સરઘસમાંથી જુદા પડી મંદીરે આવવાને નીકળેલા.

૪ અમો અમારી પાલખી સાથે મસીદ આગળ આવી પહોંચ્યા.

૫ તહોમતદારોએ અને બીજા મુસલમાનોએ અમારા ધર્મની લાગણી દુખાવવા અમારા દેવની મુરતીનું અપમાન કરી તે મુરતી ઉપાડી જવા પોતાની મસીદ પાસેથી પાલખીને જવા ન દેવા અને જાય તો પાલખી ઉપર, પાલખીનું રક્ષણ કરનાર ઉપર, તેમજ પાલખીને ઉપાડનાર અને બીજા યાત્રાળુઓને મારવા અને તેટલાજ કારણસર હથીયારમાં પથરા, લાકડી, પથર વીગેરેને જમાવ કરેલો અને ઘણાં માણસોનો જમાવ કરી, ગેરકાયદે મંડળી ભરેલી હતી.

૬ તે મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવાને અર્થે અમો અમારી પાલખી ઉપર પ્રમાણે મસીદ આગળ લઈને આવી પહોંચ્યા ત્યારે તેઓ તરતજ એકદમ સજ્જ થયા. અમારી ઉપર હુમલો કર્યો અને અમારા એક પાળા નામે ડાયા ભગતને ધોકા વીગેરેનો સખત પ્રહાર કર્યો, જે મારથી તે બેશુદ્ધ થઈ ગયો હતો અને તે હજુ ભારે વ્યથા ભોગવે છે, અને હમેશનું તેનું કામ કરી શકતો નથી.

૭ પાલખી ઉપર એકદમ હુમલો કર્યો અને અમારા સાધુ, બ્રહ્મચારી પાસેથી તે આંચકી લેવાની તજવીજ કરી, જેમાં એક રૂપાનો ગોફણો નંબર ૧ નો તહોમતવાળો ઝોંટી લઈ ગયો પણ વીશેષ તેમાં તેઓ ફાવી શક્યા નહોતા. અને એકદમ અમારી પાલખી મંદીરમાં લઈ ગયા.

૮ આ વખતે પોલીસ તરફથી જો સારી મદદ મળી ન હોત તો અમોને તેમજ પાલખી ઉપાડનાર સાધુ, બ્રહ્મચારીના શરીરની સલામતી સચવાત નહીં અને પાલખી આંચકી લઈ અમારા દેવ મુરતીને હાની કરત, અને તેથી અમોને અમારા ધર્મના અનુયાયીની લાગણી દુખાવવાની હદ રહેત નહીં.

૯ સદરહુ તહોમતવાળાઓએ હુમલો કરી ઘણા મુસલમાનો છાપરા ઉપર ચડી જઈ યાત્રાળુઓને તેમજ બીજાઓને નળીયાં તથા પથરાના ઘા કરી વ્યથા કરેલી, એટલુંજ નહીં પણ જે પોલીસ અમલદારો અને પોલીસના સીપાઈઓ જે કે સુલેહ જાળવવાને અર્થે પોતાની ફરજો બજાવતા હતા, તેમને પણ ફરજ બજાવતાં અટકાવ્યા, અને તેમને પણ વ્યથા કરી છે.

૧૦ અમોએ અમારી પાલખી દેવમંદીરમાં પહોંચાડી અને હું પાછો સરઘસ તરફ જતો હતો, તે વખતે રસ્તામાં ઘણા મુસલમાનોનો જમાવ થએલો ને ભારે તોફાન મચાવતા હતા, તેથી સરઘસ બીજે રસ્તેથી લાવવાને સુચના થએલી હતી, તે પ્રમાણે અમારા ઠાકોરજીની બાજી પાલખી જે કે જુદા જુદા ગ્રહસ્થોને ત્યાં સરઘસ સહીત પધરાવવામાં આવે છે, અને મોટે રસ્તે થઈને મંદીરમાં પાછી લાવવામાં આવે છે, તે પ્રમાણે નહીં કરતાં ઉપરની ધાસ્તીના કારણસર સ્થાનીક અમલદારોની મદદ લઈને બીજે રસ્તે થઈને પસાર થવાની ફરજ પડી હતી.

૧૧ આવા હુલ્લડખોરોને પુરેપુરી નસીયતે પહોંચાડવા જોઈએ, જેથી લોકોની શાન્તી જળવાય ધર્મનું અપમાન ન થાય અને સૌ સૌની મર્યાદા પ્રમાણે વરતાય.

૧૨ સદરહુ તહોમતવાળાઓ કે જેનાં નામ અમને યાદ હતાં, અને નજરે જેને ઓળખીએ છીએ તેથી તેનાં નામ દાખલ કરવામાં આવેલ છે. અગર જો કે બીજા ઘણા માણસો હાજર હતા.

૧૩ હું મંદીરનો સેવક છું. ધર્મનો અનુયાયી છું, અને આવા પ્રસંગે મને કામની સુપ્રત પણ કરવામાં આવે છે.

૧૪ ઉપર પ્રમાણેના તહોમતવાળા ઉપર સ્થાનીક ફોજદારી ધારાની કલમ ૧૦૯ પ્રમાણે હું આમના તેમજ કલમ ૧૧૦-૧૧૧-૧૧૩-૧૧૪ તેમજ ૧૫૧ પ્રમાણે મહાવ્યથા, તેમજ કલમ ૧૫૮ પ્રમાણે તેમજ કલમ ૧૫૭ પ્રમાણે દરબારી નોકરને વ્યથા કર્યાના

સંબંધમાં, તેમજ કલમ ૧૬૬ પ્રમાણે ગેરવ્યાજબી અટકાવ, તેમજ કલમ ૧૭૭ પ્રમાણે હુમલો, તથા કલમ ૩૫૨ પ્રમાણે ધાર્મીક લાગણી દુખાવવાના સંબંધની, તેમજ કલમ ૨૭૭ પ્રમાણે જબરાઇથી કઢાવવા, તેમજ કલમ ૨૨૦ પ્રમાણે, અને બીજા આપને કેસની તજવીજ વખતે જે બીજા તોહમતો રહી શકે તેવાં તોહમતો રાખી યોગ્ય તજવીજ કરશો.

૧૫ સદરહુ તહોમતવાળાને પકડી મંગાવી પ્રતીબંધમાં લેશો. ગુન્હાવાળી જગ્યાનું પંચાતનામું લેશો. તેમજ તહોમતવાળાના કબજામાંથા ધોકા, લાકડી વીગેરે હસ્તગત કરશો, અને રૂપાનો ગોફણો હસ્તગત કરશો.

તા. ૨૨–૯–૦૭

૧ લાલજી જેઠાની સહી હા. પોતાના.

હુકમ સાથે સામેલ તા. ૨૨–૯–૦૭.

(સહી) વી. ૨. જોશી.
પો. ઉપરી.

## આંક ૨૨

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ બળવંતરાય છે. મારી ઉમર આશરે વરસ ૫૨ ની છે.

મારા બાપનું નામ આણંદરાય છે. મારો કસબ નોકરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ભાવનગરમાં રહું છું.

મારી જાત વડનગરા નાગરની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

સંવત ૧૯૩૫ થી સંવત ૧૯૪૪ ના જેઠ માસ સુધી મહુવામાં હું હતો, ત્યાં ન્યાય-કોર્ટના સીરસ્તેદારનું કામ કરતો હતો. તે દરમીયાન જળઝીલણી અગીયારસનો વરઘોડો મંદી-રમાંથી નીકળેલો મેં પાંચ ૭ વખત જોએલો વરઘોડાની સાથે હું કોઇ દીવસ ચાલ્યો નથી વરઘોડો જતાં મેં કોરટના મકાનની બારીમાંથી તથા બજારમાં ચતરભજ ભીમજી પોજાની દુકાનેથી જોએલો, ચત્રભજની દુકાનેથી મેં એકજ વખત જોયો છે. તે સંવત ૧૯૪૧ કે સંવત ૧૯૪૨ ની સાલ હશે. વરઘોડો ગયા પછી અમે મસીદ આગળ થઇ નદીએ ગએલો નદીએ પોંચતો તેજ વખતે અમે પણ નદીએ પોંચતા વરઘોડામાં બે પાલખી નીકળતી. (સાક્ષી પોતાથી કહે છે કે આચાર્યજી હોય તો બે પાલખી અને ન હોય તો પણ બે પાલખી નીકળતી) નદીએથી પરવારી સ્વારી પાછી ફરે. તે પછી હું મસીદને રસ્તે પાછો આવતો હતો. પાછા ફરતાં એક પાલખી જે મોટી હતી. તે મસીદને રસ્તે ચાલતી, વરઘો-ડામાં જો ગણુપતી હોય તો તે પાલખી ખાલી આવતી, અને ગણુપતી ન હોય તો તે પાલ-ખી ઠાકોરજી સાથે આવતી. પાલખી જ્યારે એ રસ્તે પાછી ફરતી ત્યારે હું કેટલીકવાર પાલ-ખી અગાડી અને કેટલીકવાર પાલખીની પાછળ હોઉં, પણ હું પાલખી સાથે કોઇવાર ગા-યો નથી. જતાં આવતાં કોઇવાર ભેગી થાય છે. એ પાલખી સાધુ બ્રહ્મચારી ઉપાડે છે. એ પાલખી સાથે વાજું ગાજું હોતું નથી. હું એ રસ્તે થઇ ઉતારે જતો. નદીએથી પાછી આવતી પાલખી મસીદ આગળ થઇને આવ્યાનું અને પાંચ ૭ વખતનું યાદ છે.

તહોમતવાળાના સવાલમાં સંવત ૧૯૪૫ સંવત ૧૯૫૧ અને સંવત ૧૯૬૩ માં ગઢડે ગયો છું. મશીદેથી જતાં ગઢાલીની બારી આવે છે. તે બારીથી આથમણી તરફનો રસ્તો સંવત ૧૯૪૫ થી સંવત ૧૯૬૩ ની દરમીયાન ગમે ત્યારે સુધરેલો છે. મેં એ સુધરેલો રસ્તો સંવત ૧૯૬૩ ની સાલમાં પ્રથમ જોયો છે. સંવત ૧૯૫૧ સુધી મેં એ રસ્તો જોએલો ત્યાં સુધી એ રસ્તે ગાડી ઘોડા જઇ શકે નહીં. એ રસ્તો દુરસ્ત કરતાં પહેલાં નદી ઉપર કેટલાક ભાગમાં એ રસ્તો એવો સાંકડો હતો કે બે માણસ સાથે માંડ ચાલી શકે. મશીદ પાસેથી પાછી આવતી પાલખી જોડે મેં પોલીસનું મરણુ જોયું નથી. નદીએથી બે પાલખી છુટી કેમ પડે છે તે મેં કોઇવાર તપાસ કરી નથી. મશીદનાં થડમાં જે રસ્તો નીકળે છે, તે સંવત ૧૯૬૩ ની સાલમાં મેં જોયો ત્યારે અગાઉ કરતાં પહોળો હતો.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં ઠાકોરજીને જળ ઝીલવાની ક્રીયા થાય છે. ત્યાં ગઢાલીની બારીની વચમાં એ જગ્યા આવતી નથી. સાંકડી જગ્યા માટે જે મેં ઉલટ તપાસમાં લખાવ્યું છે. તે રસ્તાથી ઉતરાદા આથમણા ખુણા ઉપર છે. એ જળઝીલવાની જગ્યાથી તે બારી સુધીના રસ્તામાં ઘોડાગાડી જઇ શકે તેમ નહોતું, પણ ઘોડા અને માણસ જઇ શકે તેવું હતું. તેજ રસ્તા માટે મેં ઉલટ તપાસમાં લખાવ્યું છે કે ઘોડાગાડી કે ઘોડો જઇ શકે તેમ નહોતો. નદીએથી પાલખી પાછી વળતાં મશીદ આગળ થઇને જતી. તે નદીના હાલ સુધરેલા ભાગમાં કેટલાક રસ્તો આવી ગયો છે. નદીએ ક્રીયા જોવાને માટે અમે દર સાલ જતા, તે તમાસો જોવાને માટે જતા. નદીએથી પાછા ફરતાં બે પાલખી સાથે ત્યાંથી ચાલતી કે વાંસા મોર તે મારૂં ધ્યાન નથી. બડલીના ઝાંપા તરફ જતી પાલખીનો વરઘોડો ત્યાંથી જતો સુધી કેટલીકવાર અમે નદીએ રહેતા, અને કેટલીકવાર મોર પણ ચાલતા. નદીએ કલાક સવા કલાક રોકાણ થતી હતી. હું ત્યાં કોઇ વરઘોડાનો તમાસો જોવા જતો નહોતો. પણ નદીમાં શું ક્રીયા થાય છે. તે જોવાને માટે જતો હતો. નદીમાંની ક્રીયા છેવટમાંની થઇ રહે, તે પછી પા અડધી કલાકમાં પાલખી ઉપડતી, નદીએ બધા માણસો વીખરાઇ જાય કેટલાક વરઘોડાની સાથે થાય, અને કેટલાક છુટા જાય, ને મારગ થાય ત્યારે અમે ત્યાંથી ચાલતા હતા. મશીદને રસ્તે થઇ ગામમાં જનારા પણ ઘણા હોય છે. જીવા ખાચરની ડેલી આગળ થઇ નદીએ જવાય છે, પણ તે રસ્તો મશીદના રસ્તાથી બમણો છે. મોટી પાલખી કાયમ મશીદને રસ્તે થઇ આવતી, અને નાની પાલખી બડલીને ઝાંપે થઇ મંદીરે આવતી. આચાર્યજી ગઢડામાં હોય, ત્યારે તે કોઇ વખત ઘોડે બેસતા, કોઇ વખત તાવદાનમાં બેસતા, અને કોઇ વખત ઘોડાગાડીમાં બેસતા. બડલીને ઝાંપે જતાં વરઘોડાની સાથે આચાર્યજી પાછા ફરતા. મારા ગઢડાના વાસ દરમીયાન મેં જેટલા વરઘોડા જોયા છે. તેમાં એકજ વખત તાવદાન મેં જોયું છે. ને તેમાં આચાર્યજી બેઠેલા હતા. આચાર્યજી ન હોય, ત્યારે કોઇ વખત તાવદાન નીકળતાં મેં જોયું નથી. "ઠાકોરજીવાળી પાલખી મશીદ આગળ થઇને વાજાં ગાજાં વગર નીકળવાનું શું કારણ તે હું કહી શકતો નથી. રસ્તો સુધર્યો નહોતો તે વખત પાલખી લાવવામાં ત્યાં કાંઇ અડચણ પડતી નહોતી. મશીદ આગળથી પાલખી પાછી ફેરેલી. તેમાં બે ત્રણ વખત ઠાકોરજી હતા ખરા હાલ હું ભાવનગરમાં નોકર છું પાછા ફરતાં પાલ-

ખી મોર હું કેટલા વખત ચાલતો ને વાંસે કેટલી વખત ચાલતો તે યાદ નથી. નદીએ હું જતો તે ઘણું માણુસોની ભેગો જતો હતો. મસીદ આગળથી પાછી આવતી પાલખી સાધારણ ચાલથી ચાલતી હતી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૪ ફેબરૂવારી સને ૧૯૦૮

૧ ઓઝા ભગવંતરાય આણુંદરાયની સહી દા. પોતાના

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૨૩.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ મણીલાલ છે. મારી ઉંમર આશરે વરસ ૫૬ ની છે.

મારા બાપનું નામ મગનલાલ છે. મારો કસબ પેનશન ખાવાનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ભાવનગરમાં રહું છું.

મારી જાત વડનગરા નાગરની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગઢડામાં સંવત ૧૯૪૧ થી સંવત ૧૯૪૪ સુધી, સંવત ૧૯૪૬–૪૭ અને સંવત ૧૯૪૮ માં થોડો વખત પછી સંવત ૧૯૫૨ થી સંવત ૧૯૫૫ સુધી ગઢડામાં ન્યાયાધીશ હતો, તે દરમીયાન સ્વામીનારાયણના મંદીરમાંથી ભાદરવા શુદ ૧૩ શે નીકળતો વરઘોડો મેં જોયો છે. વરઘોડામાં બે પાલખી રહેતી. વરઘોડો હું કોર્ટની બારીએથી જોતો. એક પાલખીમાં ઠાકોરજી અને એક પાલખીમાં ગણુપતી રહેતા. ગામમાં મહારાજ હોય તે વખત ગણુપતી પાલખીમાં બેસારતા. હું વરઘોડા સાથે નદીએ જતો નહીં પણુ એક વખત બજારમાં બેશી વરઘોડો જોયો છે. બજારમાં મસીદ તરફ જતાં ચત્રભુજ ખોજાની દુકાન છે, ત્યાં બેશી જોએલો. એક વખતે એટલે સંવત ૧૯૪૨–૪૩ ની સાલમાં પહેલી વખત હું નદીએ ગયો હતો, તે વખતે ગણુપતીને નદીમાં પધરાવ્યા, ત્યાં સુધી હું ત્યાં હતો, તે વખત એક પાલખી મસીદ આગળ થઇ ટુંકે રસ્તે ગામમાં આવી, અને બીજી પાલખી વરઘોડામાં ગઇ. મસીદને રસ્તે થઇ આવતી પાલખી સાથે વાજું ગાજું નહોતું. ત્યાં થોડીવાર બજારમાં કોર્ટની બારીએ બેઠેલો.

ઉલટ તપાસ—મસીદ આગળ થઇને નદીએ જવાનો રસ્તો ખાડવાળો, ખડબચડો અને સાંકડો હતો. તે રસ્તે ગાડી ઘોડા જઇ શકે ખરા, કાપમથી ત્યાંથી ગાડી જઇ શકે તેમ છે. ઠાકોરજીને જળ ઝીલવાનો ધારો છે. ત્યાંથી મંદીરે આવવું હોય તો નજીકનો રસ્તો જીવા ખાચરની ડેલી પાસેનો છે કે નહીં તે હું કહી શકતો નથી, કારણકે તે રસ્તે કોઇ વખત હું આવ્યો નથી. હું નદીએ ગએલો, તે વખત પાલખી પાછી આવેલી, તે બપોરના બારથી બે સુધીનો વખત હતો. તે વખત મસીદમાં મુસલમાન હતા કે નહીં તેની મને ખબર નથી. મહારાજ ન હોય તોપણુ વરઘોડામાં બે પાલખી નીકળે છે. એ બંને પાલખી

માં ઠાકોરજી હોય. મશીદ પાસે થઈ પાલખી શા માટે લાવે છે, તેની મને ખબર નથી. હું નદીએ જોવા ગયેલો, ત્યારે ઠાકોરજીને હોડકામાં ફેરવે છે તે મેં જોએલું. એ હોડકામાં કોઈ પોલીસનું માણસ બેઠું નહોતું. મશીદ પાસેથી જે પાલખી પાછી આવી તેની સાથે પોલીસનું માણસ નહોતું, એ પાલખી ખાલી હતી. તેમાં ઠાકોરજીની મુરતી નહોતી. હું ગદડામાં રહેલો તે વખત પાંચ સાત વખત વરઘોડા નીકળેલા તેમાં કોઈ વખત તાબદાન નીકળ્યું નહોતું, મેં વરઘોડામાં કાયમ લાકડાની પાલખી જોએલી. હું ગદડે હતો તે દરમ્યાન ત્રણ ચાર વખત આચાર્યજી ગદડામાં હતા. તે વરઘોડામાં કાયમ ઘોડે બેસતા.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—નદીની છેલી ક્રીયા થયા પછી હું ફસક મીનીટ ચાલેલો. પ્રથમ પહેલી પાલખી વરઘોડામાં ગઈ અને પછી બીજી પાલખી મશીદના રસ્તા તરફ ચાલેલી. પછી હું ત્યાંથી ચાલેલો. મશીદ તરફ લઈ જવાનું પાલખીનું કોઈએ કહેલું કે નહીં તે મને યાદ નથી. જ્યારે આચાર્યજી ન હોય ત્યારે ઠાકોરજી બે પાલખીમાં શા માટે નીકળે છે, તેની મને ખબર નથી. વરઘોડામાં ઠાકોરજી કેટલા રાખતા તેની મને ખબર નથી. એક ઠાકોરજી નદીમાં કદિ રાખતા ગણપતી એકલાને નદીમાં લઈ જતા. એ તહેવાર ઠાકોરજીનો છે કે ગણપતીનો તેની મને ખબર નથી. બજારમાં અમે પહોંચ્યા ત્યાં સુધી ઠાકોરજીથી વીશ પચીશ કદમ છેટે રહેતા. એ પાલખી સાથે સાધુ, બ્રહ્મચારી સીવાય મંદીરનું માણસ કોઈ સાથે રહેતું નહીં.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૪ ફેબરવારી સને ૧૯૦૮.

૧. મહેતા મણીલાલ મગનલાલની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૨૪.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ મયાશંકર છે. મારી ઉમર આશરે વરસ ૬૭ ની છે.

મારા બાપનું નામ જદુરામ છે. મારો ધંધો પેનશન ખાવાનો છે.

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત ઔદીચ બ્રાહ્મણની છે.

હું ભાવનગરમાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

સં. ૧૯૩૬ થી સંવત ૧૯૪૩ સુધી ગદડામાં વણીશંકર લક્ષ્મીશંકરના થાલ ગરાસના વહીવટ માટે રહ્યો હતો, તે દરમીઆન બે ત્રણ વખત હું ભાદરવા શુદ ૧૧ ના રોજ મંદીરના વરઘોડામાં ગયો હતો. વરઘોડા સાથે હું મંદીરમાંથી તે બજારે છુટો પડતો. પછી વરઘોડો ચાલી ગયા પછી અમે નદીએ જતાં ક્રીયા થઈ રહે ત્યાં સુધીમાં હું ત્રણે વખત નદીએ રોકાએલો, વરઘોડામાં બે પાલખી ચાલતી તે બંને પાલખી વરઘોડામાં. નદીએ આ-

વતી. નદીએ દીવા થઈ રહ્યા પછી એક પાલખી પરબારી મંદીરમાં જાય અને એક પાલખી વરઘોડામાં જાય તે પાલખી બેમાંથી એકમાં વજ્રઅલંકાર, ઠાકોરજી અને બીજીમાં મતીકાના ગણપતી હોય. અમે તો કાયમ એકમાં ઠાકોરજી અને એકમાં મતીકાના ગણપતી હોય. નદીએથી જે ગણપતીવાળી પાલખી પરબારી મંદીરે જતી, તે ગણપતી નદીમાં બુડાડીને ખાલી પાલખી મશીદ આગળ થઇને જતી અને ઠાકોરજીવાળી પાલખી વાજતે ગાજતે ભડલીના ઝાંપા આગળ થઇને જતી. હું નદીએથી પાછો ગામમાં આવતો હતો ત્યારે તે રસ્તો મશીદ આગળ થઇને ગામમાં આવતાં ઠાલી પાલખી એ રસ્તે થઇને જાય પછી એ રસ્તે આવતાં એ ત્રણે વખતે મહારાજની હાજરી હતી.

ઉલટ તપાસ—મશીદ રસ્તે જતાં રસ્તો સાંકડો હતો, ગાડું ચાલી શકે નહીં, પણ માણસો એ રસ્તે જતાં આવતાં હતાં. એ રસ્તો ઢાળવાળો હતો, ખાચડા ખુચડો નહોતો. છબા ખાચરની ડેલી આગળ થઇને રસ્તો જાય છે ખરો, પણ તે રસ્તો મશીદ આગળ થઇને આવે છે. તે નદી અને મંદીર વચ્ચે નજીકમાં છે. મંદીરની આથમણી તરફ એક બારસાખ છે ખરૂં ને ત્યાં આગળ થઇને માણસ આવે જાય ખરૂં અને તે રસ્તે થઇ રામજી મંદીર આગળ થઇ નદીએ જાય તો રસ્તો ટુંકડો પડે ખરો. નદીએથી ત્રણે વખત ખાલી પાલખી મશીદ આગળ થઇને પાછી આવી તે મેં જોઇ છે. એ પાલખીમાં કોઇ હોતું નથી. વરઘોડામાં બે પાલખી નીકળી તે સરખી હતી કે નાના મોટી તેની મને ખબર નથી. મશીદ આગળ થઇને ગદાળી બારી આવે છે, ત્યાં આગળ થઇને અંદરની બાજુએથી નદીએ જવાનો રસ્તો વારંવાર વપરાય છે. બારીની બહારથી નદીએ જવાનો રસ્તો છે તે કોઇ વાપરતું નથી. એ બારી અંદરના રસ્તામાં ચોમાસામાં કોઇ વાર ખાડા પડી જતા નથી. પણ પથરાવાળો ખડબચડો છે. મશીદને રસ્તે પાછી ફરતી પાલખી સાથે કોઇ વાર પોલીસના માણસો રહ્યા નથી. એ બંને પાલખી ઉપાડનારા ધોળા લુગડાવાળા હોય છે તેની સાથે સાધુ બ્રહ્મચારી રહે ખરા. ઠાકોરજીની પાલખી કોઇ વાર સાધુ બ્રહ્મચારી ઉપાડે. મશીદ આગળ થઇને મંદીરે જે પાલખી આવતી તેને ઉપાડનારા ધોળા લુગડાવાળા પાળા હતા. નદીમાં ગણપતીને હોડીમાં ફેરવે છે. તેની સાથે કોઇ પોલીસનું માણસ રહે છે કે નહીં તેની મને ખબર નથી. એ પાલખીમાં નદીએથી કઇ પાલખી પહેલી ચાલે તે ઉપર ધ્યાન રહ્યું નથી. (પહેલાં સાક્ષી બોલેલો કે ગણપતીને પધરાવે કે ખાલી પાલખી ચાલવા માંડે તે પછી ઠાકોરજીવાળી પાલખી ચાલે.) એ મેં ત્રણવાર વરઘોડા જોયાં છે, તે સિવાય બીજી વખતે હું ગયો નહીં હોઉં. હું ઘણીવાર નદીએ મેળામાં દરશને જતો એ ત્રણ વખત આચાર્યજી ઘોડે બેસીને નદીએ આવતાં. નદીએથી પાછા ફરતાં તે શી રીતે જતા તેની મને ખબર નથી. મશીદ આગળ પોલીસનો ચકલો છે કે નહીં તે મારૂં ધ્યાન નથી.

ફરી તપાસ નથી.

કોરટના સવાલમાં—ત્રણ સાતઆઠ વરસમાં ગયો નહોતો પણ તુટક તુટક જતો હતો. નદીએ હું મેળો જોવા તથા દરશન કરવા બંને માટે જતો. ભડલીના ઝાંપા તરફ વરઘોડો જતો તે તરફ વરઘોડો જોવા ગયો નહોતો. મશીદ તરફની પાલખી ચાલે ને બીજી પાલખી

ચાલવાની તઇઆરી કરે, ત્યારે હું ચાલતો. કીયા થઇ રહ્યા પછી પાલખી મસીદ તરફ ચાલવા નીકળે, ત્યાં રોકાવાનું કારણ કે માણસની ભીડમાંથી રસ્તે નીકળે ત્યાં સુધી રોકાવાનું થાય. મસીદ તરફ પાલખી લઇ જતા તે કોઇના કહેવાથી લઇ જતા કે કેમ તેની મને ખબર નથી. મંદીરમાંથી વરઘોડામાં કોઇવાર તાવદાન નીકળ્યું છે કે નહીં તેની મને ખબર નથી. હું વરઘોડામાં જતો તે એ ધર્મ પાળનાર તરીકે નહીં પણ ત્રાહિત તરીકે જતો ભડકીને ઝાંપે થઇને સરઘસ આવે તે વરઘોડામાં રહેવા હું કાંઇ જરૂર ધારતો નહીં, પણ વરઘોડામાં જતાં હું મારી મેળે સામેલ થતો હતો ખરો. અગીયારશનો તહેવાર ઠાકોરજીને ગણાય પણ ગણપતી થતાં તેની મુદત પુરી થાય, તેથી એ ગણપતીને નદીએ લઇ જતા હતા. આચાર્યજી ગઢડામાં ન હોય ત્યારે ગણપતી બને કે નહીં તેની મને ખબર નથી. નદીમાં ઠાકોરજી બાબત કાંઇ કીયા થતી મારા જોવામાં આવી નથી. ગણપતીને નદીમાં બુડાડે, ઠાકોરજીને પાલખીમાં, ગણપતીને શું કામ લઇ જાય તેની મને ખબર નથી. નદીમાં બધી કીયા થતી ન પણ જોવાય કારણ કે વચમાં માણસ આડાં હોય. બધી કીયા નદીએ નજ જોવાય છતાં નદીએ જવાનું કારણ નહીં છતાં જવાયજ. વરઘોડા વખતે નદીએ જોવા જવાય. નદીમાં હોડીમાં ગણપતીને લઇ જાય તેની સાથે વિષ્નુ કે નાની ઠાકોરજીની મુરતી લઇ જાય, અને ગણપતીને નદીમાં પધરાવી અને મુરતી પાછી લાવે. નદીમાં હોડી અંદર વિષ્નુ તથા ઠાકોરજીની નાની મુરતીને લઇ જાય અને પાછી લાવે. વિષ્નુ માટે ત્યાં કાંઇ કીયા થવાની મને ખબર નથી. ત્રણ વખત વરઘોડા વખતે હું ગઢડામાં હતો તે મારી યાદદાસ્તથી કહું છું બીજો કાંઇ આધાર નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૪ફેબરવારી સને ૧૯૦૮.

૧ ગવરીશંકર જેઠુરામ સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર<br>(સહી) વામનરામ કપીલરામ.<br>ન્યાયાધીશ.

## આંક ૨૫

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારું નામ લક્ષ્મીશંકર છે. | મારી ઉમર આશરે વરસ ૩૬ ની છે, |
| મારા બાપનું નામ શામજી છે. | મારો કસબ નોકરીનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | હું ગઢડામાં રહું છું. |
| મારી જાત બ્રાહ્મણની છે. | |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગઢડા પોલીસમાં હવાલદાર છું. ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ સ્વામીનારાયણનો વરઘોડો નીકળ્યો તે સાથે હું ગયો હતો. હું મંદીરમાંથી નદી સુધી વરઘોડા સાથે હતો. કુંડે, પાલખી, રાખી ઠાકોરજીને જળ ઝીલાવ્યું, પછી પાલખી ગામ તરફ ચાલવાને તૈયાર

થઇ. એક પાલખી ભડકીના ઝાંપા તરફ ગઇ અને એક પાલખી મંદીરે જવા માટે મસીદ તરફના રસ્તે ગઇ.

સવાલ—મસીદ તરફને રસ્તે કઇ પાલખી ગઇ ?

જવાબ—જેની સાથે વાજાં ગાજાં નહોતાં.

વાજાં ગાજાંવાળી પાલખી ભડકીના ઝાંપા તરફ ગઈ. રૂપાની પાલખી મસીદને રસ્તે ચાલી એ રૂપાની પાલખીમાં ઠાકોરજીની મુરતીઓ હતી. એ રૂપાની પાલખી સાધુ બ્રહ્મચારીએ ઉપાડી હતી. એ પાલખીની સાથે લાલજી ઠક્કર, એક પાગો ને એક બ્રહ્મચારી હતા, તે શીવાય પાલખી સાથે પોલીસના માણસોમાં સીપાઇ અમેરો તથા સીપાઇ ભગવાનસંગ તથા હવાલદાર મોળતોજી અને હું એટલા હતા. રસ્તામાં બાપ્રશંકર વકીલને ઓટે અંબારામ જમાદાર બેઠા હતા, તે અમારી સાથે આવ્યા પછી અમે મસીદ નજીક ગયા તો ત્યાં માણસો ઉભા હતા. મુસલમાનના ૧૫–૨૦ માણસો મસીદના બારણા આગળ ઉભા હતા, તેઓના હાથમાં લાકડી અને સોટી હતી તથા કેટલાક ખાલી હાથે પણ હતા. બે ત્રણ જણા પાસે ચુનો ખાંડવાનાં સળિયા પણ હતાં, તેમાંથી પાંચ સાત જણાએ આગળ આવી બોલ્યા કે પાલખી અહીંથી કેમ કાઢી ? એમ કહીને તેઓ નજદીક આવ્યા તેઓના હાથમાં હતી એ આગળ આવીને ઝડપ નાંખી. પાલખીવાળા થોભાયા એને અમે કહ્યું કે જલદી ચાલો અને મુસલમાનોને કહ્યું કે તોફાન ન કરો પછી ટોળા પૈકી જમાલે લાકડી અંબારામ જમાદારને મારી. પછી અંબારામ તોફાન ન કરવાને સમજુત આપતા હતા. પછી અંબારામ ત્યાં હતા ને પાલખી મંદીર તરફ ચાલી. હું પાલખી સાથે આગળ આવ્યો નહીં ને ત્યાં ઉભો રહ્યો. પાલખી ચાલતી થઇ કે તરત અંબારામ ચાલતા થએલા. તેઓ એમ કહીને ગએલા કે મને એક બે જણાએ મારેલ છે તેથી ન્યાયાધીશ સાહેબને જાહેર કરું. જમાદાર જવાની તૈયારી કરતા હતા અને પાલખી ચાલી જવા માંડી એટલે અલી હાશીજીએ આવી મને માથા ઉપર ત્રણ ચાર તમાચા માર્યા. એક હાથે તમાચા માર્યા અને એક હાથે મારૂં ગળું પકડી રાખ્યું. મેં એ લોકોને કહ્યું કે મને શા માટે મારો છો ને તોફાન શા માટે કરો છો.

સવાલ—પછી તમે શું કર્યું ?

જવાબ—પછી હસન કાજીએ આવીને વાર્યા અને મને મારવાની મનાઇ કરી.

તે વખત મેં તપાસ કર્યો તો જમાદાર ચાલ્યા ગયા હતા, અને હું પણ ચાલ્યો ગયો હતો. ન્યાયાધીશ ઘેર હશે એમ ધારી તેને ઘેર ગયો હતો, ઉતારે ગયો નહોતો. ન્યાયાધીશને ઘેરથી હું ઉતારે ગયો. ન્યાયાધીશ ચેમ્બરમાં હતા તેમને એ હકીકત જાહેર કરી. એ વખતે ત્યાં સરદાર પટાવાળો અને વલભ જમાદાર હતા. ન્યાયાધીશને મેં કહ્યું કે આપના પટાવાળો સરદાર દરબારી નોકર છે છતાં તે સામો થઇ ઉભો. ન્યાયાધીશ સરદારને ખીજ્યાં અને કહ્યું કે તારે ત્યાં કેમ જવું પડ્યું ? ત્યારે સરદારે કહ્યું કે પાલખી ત્યાં થઇને નીકળતી નહોતી ને આ વખત કાઢી. ન્યાયાધીશ બોલ્યા કે તે બાબત ઠરાવ થેલો હતો, પછી વલભ જમાદારે ન્યાયાધીશને અરજ કરી કે હજી એક પાલખી પાછળ છે માટે તોફાન વધારે થવાનો સંભવ છે, એટલે ન્યાયાધીશ સાહેબ તઇયાર થઇને મસીદ

તરફ ચાલ્યા. ન્યાયાધીશની જોડે સરદાર પટાવાળો, જીવન પટાવાળો, અને હું અને જીવણ કારકુન ચાલેલો. હું પણ તેની વાંસે ચાલેલો.

સવાલ—બીજું કોઇ ?

જવાબ—બીજા કોઇની યાદ નથી.

ન્યાયાધીશ સાહેબ મશીદે ગએલા. મુસલમાનોનું ટોળું જ્યાં ઉભું હતું તેને ન્યાયાધીશે કહ્યું કે અંદર જાઓ, તોફાન શા માટે કરો છો ત્યારે તેમણે અરજ કરી કે પાલખી નથી નીકળતી છતાં કાઢી છે એ અમારી અરજ છે, ત્યારે ન્યાયાધીશ સાહેબે કહ્યું કે તે બાબત ઇલાજ લીઓ, એમ કહીને અંદર મોકલ્યા.

સવાલ—એ લોકો અંદર ગયા ?

જવાબ—પાંચ સાત માણસો બહાર ઉભા રહેલા, બીજા બધા અંદર ગયા.

સવાલ—એ લોકો બહાર ઉભા હતા તેમણે શું કર્યું

જવાબ—તેમાં દાદામીયાં હતો તેને ન્યાયાધીશે કહ્યું કે તોફાન શું કામ કરો છો ત્યારે તેણે ગુસામાં જવાબ દીધો કે પાલખી આંહીથી નીકળતી નથી ને શા માટે કાઢી, ત્યારે ન્યાયાધીશે હુકમ આપ્યો કે પોલીસ દાદામીયાને કચેરીમાં લઇ જાવ. પછી દાદામીયાં પોલીસ સાથે કચેરી તરફ ચાલવાને પાંચ સાત ડગલાં ચાલ્યા, એટલામાં પાંચ સાત મુસલમાનો પાછળ હતા તેણે તથા તેમના બાઇ તાલબે કહ્યું કે શું ગુનો કર્યો છે શા માટે ઉતારામાં લઇ જાઓ છો, એટલે દાદામીયાં પાછા વળ્યા. પછી એ લોકોએ ન્યાયાધીશ સામે તોફાન કરવાને તઇયાર બતાવી, એટલે ન્યાયાધીશ સાહેબે જીવણ કારકુનને હુકમ કર્યો કે અંદરથી ઓસમાનને બોલાવો. પછી જીવન કારકુન મશીદમાં ગયો અને ન્યાયાધીસ સાહેબ ધીમે ધીમે ઉતારામાં જવાને ખસ્યા. જીવણ કારકુન અંદર રહ્યો ને ન્યાયાધીશ સાહેબ ચાલતા થયા. તે મોહન પાનવાળાની દુકાન આગળ ન્યાયાધીશ સાહેબ ચાલતા હતા. પછી કહે છે કે ઉભા હતા, ત્યારે તેમના ઉપર મશીદની અગાશીમાંથી નળીયું પડયું, તે નળીયું તેમની છત્રી ઉપર પડયું બીજું એક નળીયું રતનશી મુખી ઉપર પડયું તેથી રતનશીને ફુટ થઇ લોહી નીકળ્યું. રતનશીના શરીરના કયા ભાગમાં નળીઉ વાગેલું તે સરત નથી. પછી મેં મશીદની અગાશી ઉપર જોયું તો મુસલમાનના પાંચ સાત છોકરા નળીયાં નાખતા હતા. મશીદનો દરવાજો તે વખત બંધ થઇ ગયો હતો. પછી ન્યાયાધીશ સાહેબ ઉતારા ભણી ચાલ્યા ગયા

સવાલ—તમે પછી શું કર્યું ?

જવાબ—પછી અગાશીમાં મોટા મુસલમાન ચઢી ઘા કરવા લાગ્યા. (કોરટે સાક્ષીને પુછ્યું કે તમે શું કર્યું તે સવાલ છે ત્યારે સાક્ષી બોલ્યો કે હું ત્યાં ઉભો હતો, અને મના કરતો હતો) એટલામાં બટલીના ઝાંપા તરફથી આયરના માણસો આવ્યા. એ આયરો આવીને મશીદ આગળ ઉભા રહીને વારતા હતા. મને ત્રણ ચાર નળીયાં વાગ્યાથી હું કોરે ખસીને ખોજાના હાટ આગળ ઉભો હતો. પછી કોઇ મારા જોવામાં આવ્યું નથી. હું દુર જઇને ઉભો રહયો હતો. અંબારામ ને મને માર પડયો તે વખત બીજા કોઇને માર પડવાની મને ખબર નથી.

ઉલટ તપાસ—હું મ્હદામાં લગભગ ચાર વરસથી છું. સંવત ૧૯૬૬ ની સાલમાં હું પાલખી બેગો ગયો નહોતો. તે શીવાય દર વખત હું પાલખી સાથે ગયો હતો. દહી-

એથી પાછા ફરતાં મશીદ તરફથી તો હું એકજ વખત ગયા તોફાનને દીવસે નીકળેલો,
અમો પોલીસના માણસો બંદોબસ્ત માટે અને પાલખીના રક્ષણ સારૂ જઈએ છીએ. દરેક
વખત ફોજદાર હુકમ આપે ત્યારે જઈએ. એ મંદીરથી નીકળતા વરઘોડા સાથે જવાનો
હુકમ તોફાનને દીવસે અમને અંબારામ જમાદારે આપ્યો હતો. કારણ કે ગામમાં ફોજદાર
નહોતા. વરઘોડામાં પાલખી મંદીરેથી નીકળી ત્યારે જમાદારે હુકમ આપેલો કે વરઘોડામાં દ-
રેક પાલખી સાથે ત્રણ ત્રણ સીપાઇ અને એક એક અમલદારે રહેવું. તેથી અમો નદી-
એથી પાછી આવતી પાલખી સાથે રહેલા. મશીદ તરફ પાલખી સાથે રહેવાનું નદીએથી
જમાદારે કાંઇ હુકમ આપ્યો નહોતો. મંદીરેથી જમાદારે હુકમ કરેલો કે દરેક પાલખી સાથે
ત્રણ સીપાઈ ને એક અમલદારે રહેવું. તે પ્રમાણે વરઘોડામાં ચાલતી દરેક પાલખી સાથે
તમો બધાએ રહેવું. મંદીરેથી ચાલતાં જે પાલખી સાથે માણસો અને અમલદારો હતા, તે
જ માણસો અને અમલદાર તેજ પાલખી સાથે નદીએથી પાછા ફરતા હતા કે નહીં તે મને
યાદ નથી. મંદીરેથી વરઘોડો નીકળ્યો, તે વખત હું ચાંદીની પાલખી સાથે હતો. તે વખત
મારી સાથે કોણ કોણ સીપાઇ હતા તેનાં નામ યાદ નથી. એ ત્રણમાંથી કોઇનાં નામ મને યાદ
નથી. ચાંદીની પાલખી સાથે અમલદારમાં હું હતો, અને મંદીરેથી ચાલતી વખતના વરઘોડા વખતે
બીજી પાલખી સાથે અમલદારમાં મોબતાજી હતા, નદીએથી પાછા ફરતાં હું ધામધુમવાળી
પાલખી બડલીના ઝાંપા તરફ જતી હતી તે સાથે જવાનો હતો, અને મશીદ તરફ જતી
પાલખી સાથે મોબતાજી ચાલ્યા હતા, પણ લાલજી જેઠાએ મને નદીએથી મશીદ તરફ જ-
તી પાલખી સાથે રહેવાનું ખાસ કહ્યાથી હું પણ તે પાલખી સાથે ચાલેલો. લાલજીએ મને
કહ્યું કે તમે પણ આવો, તેથી જમાદારનો હુકમ તોડી હું તે તરફ ચાલેલો. લાલજીના કહે-
વાથી અમે બે અમલદારો મશીદ તરફ જતી પાલખી સાથે ચાલીને જમાદારનો હુકમ તો-
ડ્યો છે, મોબતાજી હવાલદાર ચાંદીની પાલખી સાથે ગયો. તે નાડાવા છેટે ગએલો. તેને હું
લાલજી નાડાવા છેટે ભેગો થએલો, પણ તેને મેં બડલી તરફ જતી પાલખી સાથે મોકલ્યો
નહીં, કારણ કે મારા મનમાં એમ હતું કે એ પાલખી સાથે જમાદાર હશે. નદીએ જ્યારે
લાલજીએ મને કહ્યું કે મશીદ તરફની પાલખી સાથે ચાલો, તે વખત બડલીના ઝાંપે પા-
લખી સાથે જમાદાર નહોતા. નદીએથી મેં તપાસ કરેલો કે જમાદાર ક્યાં છે. પણ જમા-
દારનો ત્યાં નદીએ પતો મળ્યો નહોતો. બડલીના ઝાંપા તરફ જવાની પાલખી
સાથે જવાની તૈયારી કરતો હતો, તે વખતે જમાદારને મેં એ પાલખી સાથે જતા જોયા
નહોતા. બડલીના ઝાંપા તરફ જતી પાલખી સાથે મોબતાજી ભેગો થયો છતાં મેં માની
લીધું કે જમાદાર વરઘોડાવાળી પાલખી સાથે હશે. બડલીના ઝાંપા તરફ જતી પાલખી સાથે
જમાદાર જાય છે કે નહીં, તેનો તપાસ કર્યો હતો, તો એ પાલખી સાથે જમાદાર જતા
નથી. લાલજીએ મશીદ પાસે થઇ જતી પાલખી સાથે મને આવવાનું કહ્યું તે વખતે બડ-
લીના ઝાંપા તરફ જતી પાલખી સાથે કોણ કોણ માણસ છે તેનો મેં તપાસ કર્યો નહોતો. ન-
દીએથી બડલીના ઝાંપા તરફ જતી પાલખી પહેલી ચાલેલી. એ પાલખી ઉપડી તે વખત હું
તેની સાથે ચાલેલો. એ બડલીના ઝાંપાની પાલખી પાંચ દસ કદમ ગઇ એટલે મશીદ તરફ
જવાની પાલખી ઉપડેલી. હું પણ બડલીના ઝાંપા તરફની પાલખી સાથે હતો. ત્યાં આવીને

લાલજીએ કહ્યું કે પાછા ફરીને બીજી પાલખી સાથે ચાલો. તે વખત અમારી સાથે જમાદાર નહોતા. લાલજીને મેં કહેલું કે દરેક પાલખી સાથે એક હવાલદારને હુકમ છે, તેથી તે સાથે નહીં આવીએ, મેં લાલજીને કહ્યું કે ખાલી પાલખી મશીદ રસ્તે ચાલે છે, તેની સાથે માણસો છે. મેં લાલજીને કહેલું કે બે સીપાઇ અને મોબતાજી પાલખી સાથે છે, તોપણ લાલજીએ કહેલું કે તમે ચાલો, તેથી હું ગયેલો. હું અને મોબતાજી બંને સંખ્યા દરજ્જાના છીએ. બડલી તરફ જતી પાલખી સાથે મોબતાજીને રાખવા લાલજીને કહ્યું નથી. મોબતાજીને આ પાલખી સાથે બોલાવવાનું મને યાદ નહીં આવ્યાથી મેં તેને બોલાવ્યો નથી. બડલીને ઝાંપે જતી પાલખીથી હું જુદો પડયો, ત્યારે એ પાલખી સાથે ત્રણ ચાર સીપાઇઓ હતા. બીજી પાલખી જવા સારૂ હું લાલજી સાથે નીકળ્યો, ત્યારે એ પાલખી સાથે જવાની મેં ભલામણ કોઇ સીપાઇને કરી નહોતી. નદીએથી જમાદાર મને કાંઇ કહીને ગયા નથી. જમાદાર મને નદીએ મળ્યા નથી. નદીમાં ઠાકોરજી હોડીમાં ફરતા હતા અને જમાદાર તેમાં બેઠેલા મેં તેમને જોએલા હતા. પછી હોડીની સાથે જમાદાર કાંઠે આવેલા પછી પાંચ સાત મીનીટમાં બંને પાલખી નદીએથી ઉપડેલી. નાના લાલજીને બડલીના ઝાંપા તરફ જતી પાલખીમાં પુંજા કરી મુકેલ એટલી વાર લાગેલી, એટલામાં જમાદાર ત્યાંથી અલોપ થઇ ગયા, તેની મને ખબર નથી. કોઇ વખત નદીએથી જમાદાર ચાલ્યા જતા નથી. આ એકજ વખત ચાલ્યા ગયેલા, જમાદાર ભાઇશંકરના ઓટા ઉપરથી મળ્યા, તે વખત અમે બે અમલદાર પાલખી સાથે કેમ છીએ એમ જમાદારે તે વખત પુછ્યું નહોતુ એમ અમે તેમને કહ્યું નહોતું. મહીરથી વરઘોડો નીકળ્યો, ત્યારે જમાદાર કોઇ ચોકસ પાલખી સાથે નહોતા, પણ આખા વરઘોડામાં ફર્યા કરતા હતા. ( આ વખત સાક્ષી પોતાથી બોલ્યો કે અમે પણ તેમ ફરતા હતા ) અમે ત્રણ અમલદાર આખા વરઘોડામાં ફર્યા કરતા હતા. સીપાઇઓ તો પાલખી જોડે હતા. તે દીવસે અંબારામ જમાદારની તબીયત બગડેલી મને લાગતી નહોતી નદીએ અમારે અમલદારે કે સીપાઇએ કઇ પાલખી સાથે રહેવું, તેનો જમાદારે કાંઇ હુકમ આપ્યો નહોતો. નદીએથી મશીદ તરફ આવતાં મશીદનો દરવાજો ભાઇશંકર વકીલના ઘર આગળથી દેખાય છે. નદીએથી ભરવાડના ઘર સુધી હું પાલખીની વાંસે ચાલતો હતો, અને ભરવાડના ઘર આગળથી હું પાલખીની ઉગમણી તરફ મશીદની બાજુએ ચાલતો હતો. ભરવાડના ઘરથી સો ડગલાં આગળ આવીએ તો ભાઇશંકર વકીલનું ઘર આવે. મશીદ સુધી આવતાં આખે રસ્તે મોબતાજી અને અમરો પાલખીના આગલા દંડાની મેડા આગળ ચાલતા હતા, અને ભગવાનસંગ પાછલા ડાંડાની પછવાડે મારી તરફ ઉગમણી તરફ ચાલતો હતો. પાલખીનો પાછલો દાંડો ઉપાડનારની જોડમાં ભગવાનસંગ ચાલતો હતો. અંબારામ ભાઇશંકર વકીલના ઘર આગળ ભેગા થયા. પછી તે મારી વાંસે ચાલ્યા આવતા હતા. તે વખત અંબારામને મેં કાંઇ કહ્યું નહોતું મેં ભાઇશંકર વકીલના ઘર આગળ અંબારામને જોયેલા, તે વખત તેને કેડ પાણી આપતું હતું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

૧ લક્ષ્મીશંકર શામજી સહી દ. પોતે.

તા. ૨૪ ફેબ્રુઆરી સને ૧૯૦૮.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
( સહી ) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

હું લક્ષ્મીશંકર શામજી આજરોજ પ્રતિજ્ઞા ઉપર ઉલટ તપાસમાં લખાવું છું કે—મે-
શાહે ઉભેલા મુસલમાનો ભાણશંકર વકીલના મકાનેથી મારા જોવામાં આવ્યા નહોતા. તે
વખત મેં મશીદ તરફ જોયું નહોતું. મશીદ તરફ આવતાં દસ બાર કદમ છેટેથી મેં મુસ-
લમાનોને ઉભેલા જોયેલા. તે વખત તેઓ મશીદ અંદરથી બહાર નીકળતા હતા. તેમના હા-
થમાં લાકડી, સોટી વીગેરે હતું, પણ તેથી મને તેમના માટે શક ગયો નહોતો. તેઓ કાંઇ
બોલતા નહોતા. તેથી તેમના માટે મને કાંઇ શક ગયો નહોતો, તેમની પાસેનાં સાંબેલાં
મેં તે વખત જોયાં નહોતાં. મશીદ આગળ આવતા ત્યારે તે બોલ્યા એટલે મને શક ગ-
યેલો. કેટલાકના હાથમાં સાંબેલાં મેં મશીદને દરવાજે ગયા પછી જોયેલાં. અને મશીદને દરવાજે
પહોંચ્યા કે તરત દાદામીયાંએ ઝટપ મારેલી. બહાર મુસલમાનો હતા તેમાંથી દાદામીયાંએ ઝટપ મા-
રેલી. એણે ઝટપ મારી ત્યારે લાલજી કે પાલખી ઉપાડનારા સાધુ–બ્રહ્મચારી કંઇ બોલ્યા નહીં. દાદામીયાંએ
ઝુમખું લઇ લીધાની મને ખબર નથી, પણ ઝટપ મારી ને તરત હાથ ખેંચી લીધો હતો, તે વખત
મેં તેના હાથમાં કાંઇ જોયું નથી. ઝટપ માર્યાથી પાલખીને કાંઇ નુકશાન થયું છે કે નહીં
તેનો અમે કાંઇ તરત તપાસ કર્યો નથી, કારણકે પાલખીમાંથી ગયાનું અમે તે વખત કાંઇ
જાણ્યું નહોતું. એ દાદામીયાંએ હાથ પાછો ખેંચી લીધો કે તરત પાલખી ત્યાંથી ચાલતી
થએલી. મશીદથી પાંચ ૭ કદમ છેટે એટલે પોલીસના ચકલા પાસે પાલખી પહોંચી ત્યારે
જમાદારને મારેલો. જમાદારને બે જણાએ મારેલાનું મને યાદ છે. જમાદારે મુગા મુગા માર
ખાધેલો. તેની પાસે દોરડો અને ધોકો હતો, તેનો કાંઇ તેણે ઉપયોગ કર્યો નથી. શું કામ
મારો છો એમ જમાદારે કહ્યું નહોતું. મને માર્યો ત્યારે મેં એ બધા મુસલમાનોને કહેલું
કે મને શું કામ મારો છો, તે વખત તેઓ કાંઇ બોલ્યા નહોતા. મારો વાંક ન ગણાય તેથી
મને માર્યો ત્યારે હું સામો થયો નહોતો. મને માર્યો તે વખત જમાદારને મેં ત્યાં જોયેલા
જમાદાર ત્યાંજ હતા. ન્યાયાધીશને જાહેર કરવાનું કહી જમાદાર જવાની તઇયારી કરતા હતા
ત્યાં મને મારેલો મને માર્યા પછી મેં જમાદારનો તપાસ કર્યો, તો જમાદાર ત્યાં નહોતા,
એવું મેં ગઇ કાલે લખાવ્યું નથી. ( કોરટે સાક્ષીને કહ્યું કે તમે ના કહો છો પણ જુબા-
નીમાં તો લખાવ્યું છે. ત્યારે સાક્ષી કહે છે કે ભુલથી એ પ્રમાણે લખાવ્યું હશે. ) મને
હાજીજીએ માર્યો ત્યારે હું ચકલાની પાસે હતો ત્યાં મને મારેલો. ચકલાથી મંદીર તરફ જતાં
ચકલાથી ત્રણ ચાર હાથ છેટે જમાદાર હતા, ત્યાં તેને મારેલા. મશીદના દરવાજાથી આઠ
દશ હાથ છેટે પોલીસનો ચકલો છે, ચકલાથી આઠ દશ હાથ છેટે મંદીર તરફ જવાનો વાંક
છે. મશીદેથી પાંચ સાત કદમ છેટે પાલખી ગઇ ત્યારે જમાદારને માર્યો છે. તે પાંચ સાત
કદમ એટલે પાંચ સાત હાથ કહું છું. હું મશીદ આગળ આવ્યો હતો ત્યાં સુધી વલભ

જમાદાર ત્યાં આગળ બેઠેલા આગ્યા નહોતા. ન્યાયાધીશ સાહેબને ઘેર જઈ કચેરીમાં પહોંચ્યો એટલામાં દસેક મીનીટ થઈ હશે. અમે ન્યાયાધીશ સાહેબ પાસે ગયા પછી વલભ જમાદાર ત્યાં આવેલા, હું ગયા પછી મીનીટે આવેલા. હું હકીકત ન્યાયાધીશને કહેતો હતો ત્યાં વલભ આવી કહ્યું કે ત્યાં તોફાન થવાનો સંભવ છે. વલભે, ન્યાયાધીશને એમ કહ્યું નહોતું કે હું મસીદેથી આવું છું અને તોફાન થાય છે માટે પધારો. બીજા મુસલમાનો પણ તોફાન કરે છે, એમ ન્યાયાધીશને મેં કહેલું. મને માર્યો તે પણ ન્યાયાધીશને કહેલું મને કોણે શું માર્યું તે ન્યાયાધીશે મને પુછ્યું નહોતું. અંબારામ ત્યાં આવી પહોંચ્યા નહોતા. પાલખી સાથે ભગવાનસીંગ હતો:તે મારી સાથે રોકાએલો. હું મસીદ પાસેથી ન્યાયાધીશ પાસે જવા નીકળ્યો ત્યારે ભગવાનસીંગ ત્યાં રોકાએલો. પછી ન્યાયાધીશ સાથે પાછો આવ્યો ત્યારે ભગવાનસીંગ ત્યાં હતો. જમાદાર અને મને માર્યો તે વખત ભગવાનસીંગ વચમાં આવેલો. (સાક્ષી પહેલાં બે વખત બોલેલો કે ભગવાનસીંગ વારતા હતા અને રહેવા દીઓ એમ કહેતા હતા.) ભગવાનસીંગને ત્યાં વાગ્યું હતું. ભગવાનસીંગને શું વાગેલું તે મને ખબર નથી મેં તેને માર પડતાં જોયો નથી. ભગવાનસીંગને વાગ્યાનું પોલીસ કચેરીમાં મને ભગવાનસીંગને ને જમાદારને દવાખાને મોકલેલા ત્યારે જાણેલું ઉપર મેં લખાવ્યું કે ભગવાનસીંગ વચમાં પડવાને તેને વાગ્યું તે મેં ભુલથી લખાવ્યું છે. સૈયદ સીપાઈને નદીએથી પાલખી સાથે આવતાં મેં જોયો નથી. મસીદ આગળ પાલખી આવી ત્યારે મેં સૈયદ સીપાઈને પાલખીની આથમણી તરફ જોયેલો. મને માર્યો તે વખત સૈયદ સીપાઈ હતો કે નહીં તે મને ખબર નથી મને માર પડ્યો ત્યારે પાલખી જતી હતી તે તરફ મેં જોયું તો પાલખી સાથે સૈયદ જતો હતો. એમ જોયું હતું મસીદ પાસે મુસલમાનોએ કહેલું કે પાલખી મસીદ પાસે કેમ કાઢી, ત્યારે લાલજીએ કહેલું કે કાયમ કાઢીએ છીએ માટે કાઢી ત્યારે મુસલમાનોએ કહ્યું કે એવો રીવાજ નથી. એમ કહીને તરત પાલખીને ઝડપ મારેલી અને અમને માર્યા ન્યાયાધીશ સાથે હું ગએલો તે વખત એક બે મીનીટ અમે ત્યાં થોભાએલા પછી કહે છે કે પાંચ મીનીટ ત્યાં રહેલા. ન્યાયાધીશ આવ્યા ત્યારે મુસલમાનો પાસે લાકડી સોટી કે સાંબેલા નહોતાં ન્યાયાધીશ મોહન પાનવાળાને હાટે ગયા તે વખત હું મસીદને દરવાજે હતો. હું ત્યાં બંદોબસ્ત રાખવા ઉભો હતો મોહનને હાટેથી ન્યાયાધીશ સાહેબ ઉતારા ભણી ગયા પછી તરતજ ડેલી બંધ થઈ ગઈ. મસીદના દરવાજાથી પંદર હાથ છેટે મોહન પાનવાળાની દુકાન છે તે વચમાં આઠ દશ માણસો હતા, તે બધા હીંદુ લોકો હતા, લોક જોતા હતા હું મસીદ સામું મોં કરી બંદોબસ્ત કરતો હતો. દરવાજા બંધ થતા સુધી હું તે તરફ મોં કરી ઉભો હતો મસીદના દરવાજા બંધ થયા પછી મેં અગાશી તરફ જોએલું ત્યારે છોકરાઓ હતા તેઓ ડેલીની પાંખ ઉપરથી નળીયાં ઉપાડતા હતા તેથી હું કહું છું કે ન્યાયાધીશની છત્રી ઉપર તથા રતનસી મુખી ઉપર ઘા થએલા મેં જોએલા નળીયાં ઉપાડ્યાં ને ઘા કર્યા ત્યારે મેં જોએલું કે ઘા ક્યાં કરે છે, ત્યારે મેં ન્યાયાધીશની છત્રી ઉપર અને રતનસી મુખી ઉપર ઘા પડતાં જોએલા ને બંને ઘા એક સાથે પડેલા પણ એ ઘા કરનાર છોકરાને મેં જોઈ રાખ્યા નથી ન્યાયાધીશની છત્રીના ડાંડા ઉપર વાગી પડેલ નળીયું ત્યાં ફુટું પડયું હતુ તે કોઈને વાગ્યું નહોતું ગઈ કાલે મેં એમ લખાવ્યું છે કે ન્યાયાધીશની

મુખી ઉપર અને રતનશી ઉપર ઘા પડયા પછી મેં અગાસી તરફ જોએલું તો છોકરા જોએલા એ મેં ભુલથી ખોટું લખાવ્યું છે, કેમકે એ ઘા તે વખતે પડેલા ત્યારે પડતા નહોતા. મોહન લવજી પાનવાળાની દુકાન ભડલીના ઝાંપા તરફ ઉગમણા બારની છે ( પછી કહે છે કે પુર્વ ને પશ્ચિમ વચેના ખુણા તરફ ચકલા પાસે તેનુ બાહાર છે) એ મોહનની દુકાનનું બાર કઈ દીશામાં છે તે ખબર નથી દીશા મને માલુમ નથી ભડલીના ઝાંપા તરફ તેનું બાર છે જે દીશાએ મશીદનું અને ચકલાનુ બાર છે તેજ દીશાએ મોહનની દુકાનનુ બાર છે મશી-દની અગાશીને સરીયામ રસ્તા ઉપર હડપા ખી ને કાંગરા છે હડપ્યારખી ઉપર ઉભો રહીને કોઈ છોકરો ઘા કરે તો મોહન પાનવાળાની દુકને ઘા જઈ શકે ખરો ત્યાં આગળ નથુ મોચીની દુકાન છે તેને બે બાર છે એક બાર ચકલાની સામું છે ( ઉગમણું ) અને એક બાર રસ્તા તરફ છે ( ઓતરાદું ) રતનશીને કયા ભાગ ઉપર વાગેલું અને લોહી નીકળેલું તે મને યાદ નથી. મશીદને દરવાજેથી ચાર પાંચ ડગલાં આધે હું ચકલા આગળ હતો તે વખત રતનશી મુખી ઉપર ઘા પડેલો. મોહન પાનવાળાને હાટેથી ન્યાયાધીશ સાહેબ ઉતારા ભણી ગયા ત્યારે તેમની સાથે રતનશી મુખી અને છગન પટાવાળો એ બે જણા ગએલા. ન્યાયાધીશ સાથે હુતગામાંથી હું મશીદ તરફ આવ્યો તે વખત વલભ જમાદાર પણ અમારી સાથે આવેલો, ન્યાયાધીશ મોહનના હાટેથી ગયા અને હું ત્યાં ઉભો રહયો ત્યાં સુધીમાં વલભ જમાદારને મેં ત્યાં જોયા નથી. પાલખી શામાટે નીકળી એમ દાદામીયાંએ તાણીને ન્યાધીશને કહેલું તેથી મેં તેણે ગુસ્સામાં કહયાનું લખાવ્યું છે. ન્યાયાધીશના હુકમથી દાદામીયાંને કચે-રીમાં લઈ જનાર પોલીસ સીપાઈ ભગવાનસીંગ હતો. દાદામીયાં આંગળ ચાલતો હતો, અને ભગવાનસીંગ પાછળ ચાલતો હતો. પછી દાદામીયાં તેને હાથે પાછો ફરેલો. ન્યાયાધીશે તેને પાછો લાવવા કહયું નહોતું દાદામીયાં પાછો ફર્યો ત્યારે ભગવાનસીંગ કાંઈ બોલ્યો નહોતો. પછી મુસલમાનો બહુ રીસમાં બોલતા હતા તેથી તેમણે તોફાનની તૈયારી બતાવ્યાનું કહ્યું છે. દાદામીયાંને શું કામ લઈ જાઓ છો. તેણે શું ગુન્હો કર્યો છે ? તેથી હું રીસમાં બો-લ્યાનું કહું છું જીવણ કારકુન મશીદમાં ગયો ત્યારે તેના હાથમાં ન્યાયાધીશ સાહેબનો ધોકો હતો. પછી જીવણ અને ધોકાનું શું થયું તેની મને ખબર નથી.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૫ ફેબરુઆરી સને ૧૯૦૮

१ લક્ષ્મીશંકર શામજી ની સહી દ. પોતે.

મારા રુબરુ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું લક્ષ્મીશંકર શામજી આજ રોજ પ્રતિજ્ઞા ઉપર ઉલટ તપાસમાં લખાવું છું કે—સંવત ૧૯૬૩ પહેલાં કોઇ વાર મશીદ પાસેથી પાલખી નીકળી કે નહિં તેની મને ખબર નથી. બાર સાલ પહેલાંના ત્રણ વરસ સુધી હું નદીએથી ભઃથીના ઝાંપા તરફ જતી પાલખી સાથે જતો. તે વખતે બીજી પાલખી તેની સાથેજ રહેતી કે નદીએ રહેતી કે નદીએથી બીજે રસ્તે જતી તેની મને કાંઇ ખબર નથી. સંવત ૧૯૬૩ ના પહેલાંની સાલોમાં એ પાલખી નદીએ તો આવેલી એ પાલખી પાછા ફરતાં ભડલાને ઝાંપેથી ચાલેલી કે નહીં તેની મને ખબર નથી. મશીદ આગળ બેબાને દારે હું ઉભો હતો ત્યાં ૧૫–૨૦ આયરો આવી પહોંચેલા તેમાંથી ત્રણને મેં ઓળખેલા. આયરનો પટેલ દાદો તથા રાજો અને બાયો એ ત્રણને હું ઓળખું છું. તેના બાપના નામની મને ખબર નથી. ઉપરના આયરોમાંથી કેટલાક પાસે લાકડી હતી અને ત્રણ ચાર પાસે તરવાર હતી. મેં ઓળખેલા રાજા પાસે તરવાર હતી, અને દાદા અને બાયા પાસે લાકડી હતી એ આયરો આવીને મશીદ તરફ વળ્યા તેમને બંદોબસ્તમાં રહેવાનું મે કહ્યું નથી. ત્યાં તે વખત પોલીસના માણસોમાં ભગવાનસીંગ અને અમરો હતા પોલીસના અમલદાર કોઇ નહોતો. તોફાનનો બંદોબસ્ત કરવા ભગવાનસીંગે કે અમરે આયરોને કાંઇ કહ્યું નથી. પછી આયરોએ શું કર્યું તેની મને ખબર નથી. એ આયરો દરબારી પસાયતા છે. એ આયરો આવીને બધાને કહેતા હતા કે તોફાન ન કરો. તેથી મેં તેમને કંઇ કહ્યું નથી, મને વગ્યું હતું અને હું બાજુ ઉપર ઉભો હતો તેથી આયરો સાથે મળીને મે કાંઇ તોફાન અટકાવવાનું કર્યું નથી મગન અને છગન ખોજાના દાર પાસે હું ઉભો હતો તેઓ ત્યાં નહોતા. અંદરથી દાર બંધ હતું. મેં મારો માર ડાકતર સાહેબને બતાવ્યો હતો અને એક બે દીવસ દવા કરી હતી.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં પાલખી ગયા પછી માણસોને વારવા માટે હું અને જમાદાર રોકાએલા ન્યાયાધીશના ચેમ્બરમાં હું ગયો પછી વલભ આવ્યો. શરૂ તપાસમાં મેં લખાવ્યું છે કે વલભ જમાદાર હું ન્યાયાધીશ પાસે ગયો, ત્યારે ચેમ્બરમાં હતા, તે ભુલથી લખાવ્યું છે. જમાદારને મારવામાં એક જમાલ અને બીજો વલીમીયાં દાદામીયાં, એ વલીમીયાંના પાડોશમાં હું એક વરસ પ્રથમ રહેલા તેથી જાણું છું. ન્યાયાધીશ સાહેબ મશીદે ગયા ત્યારે ચેમ્બરમાંથી સરદાર અને વલ્લભ પણ સાથે આવેલા. હું ન્યાયાધીશના ચેમ્બરમાં ગયો ત્યારે અંબારામ જમાદાર પોલીસ કચેરીના બારમાં ઉભા હતા. પછી હું મશીદે ગયો, ત્યારે તે ક્યાં હતા તેની મને ખબર નથી. તહોમતવાળા વલીમીયાં, સરદાર, દાદામીયાં, જમાલ અને હારીજી એને હું બતાવી આપું છું. (સાક્ષી બતાવી આપે છે.) મને માર્યા તે પહેલાં હું કાંઇ બોલ્યો નથી. મશીદના દરવાજાથી ચોકી સુધી વચમાં ૨૦–૨૫ મુસલમાનો હતા, ફોજદાર ચાર વાગે ગઢડે આવેલા, ત્યારે મને માર્યાનું મેં જાહેર કરેલું. તે પહેલાં મેં કોઇ વાર પોલીસવાળાને જાહેર કર્યું નહોતું. હારીજીએ મને માર્યો, તે વખત તે કાંઇ બોલ્યો નહોતો. વરઘોડાને દીવસે પોલીસના માણસોમાં બે હવાલદાર ને એક જમાદાર સીવાય ૭ સાત સીપાઇઓ હતા. તે સીપાઇઓમાં અમરો, ભગવાનસીંગ, સૈયદ લતીફ, કાળુજી,

મેપુછ આલમ એટલા હતા. નદીએથી અમે ઉપડ્યા, તે વખત સેવકને મેં જોયો નહોતો. બાટવીના ઝાંપા તરફની પાલખી સાથે સેવક નહોતો, તેમ મસીદ તરફની પાલખી સાથે સેવક નહોતો. મસીદ આગળ મેં સેવકને પહેલવહેલો જોયો, ત્યારે તે ક્યાં હતો, એમ મેં તેને પુછ્યું નહોતું. પાલખી ચાલતી થઇ ત્યારે ભગવાનસંગ મસીદ આગળ ઉભો હતો. મેં જે ઉપર પાંચ જણાના નામ લખાવ્યાં છે, તે સીવાય મસીદ આગળ ઉભેલામાંથી મેં ચાર પાંચ જણાને ઓળખ્યા છે. તે ચાર જણાને હું તહોમત ખાનામાંથી બતાવી આપું છું. તેમાં એક હસન કાજીનું નામ જાણું છું. બાપના નામની ખબર નથી, (હસન આલમ) બીજા ત્રણનાં નામ હું જાણતો નથી. નામ પુછતાં યુસફ ગની, ગાંડા અસમાલ અને આભા રેમાન બતાવે છે, તમામ તહોમતવાળાઓને હું તોફાન પહેલાંથી ઓળખું છું. ઓસમાન મસીદમાં છે, એમ કોઇએ કહ્યું નહોતું. ડેલી બંધ થઇ ગઇ ત્યારે જીવન કારકુનને બહાર કાઢવાનો અમે કોઇએ પ્રયાસ કર્યો નહોતો. ન્યાયાધીશ સાથે હું મસીદે ગયો, ત્યારે ભગવાનસંગને મેં વાગ્યાનું જાણ્યું નથી, તેમ તેણે મને કંઇ કહ્યું નથી જીવન મસીદમાં ગયો ત્યારે તેને પીઠો મુકી દેવાનું કોઇએ કહ્યું નથી. પહેલાં હું ત્રણ વરસ બંડલીને ઝાંપે જતી પાલખી સાથે હું ગયેલો, તેજ વખત એકજ પાલખી હતી, બીજી પાલખી નહોતી. હું ત્રણ વરસ બંડલીના ઝાંપા તરફ જતી પાલખી સાથે રહેલો, તેથી તે તરફ એક પાલખી જતી કે બે જતી તે ખબર નથી, કારણ કે અમે આગળ હોઇએ, ને ભીડ ઘણી હોય. તહોમતવાળા વલીમીયાં અને જમાલ પાસે લાકડી હતી. (આ વખત સાક્ષીએ ઉમેર્યું કે તેણે લાકડી માર્યાનું મેં કહ્યું છે) તહોમતવાળા દાદામીયાં પાસે સોટી એટલે નાની લાકડી હતી. કાજીજી હસન અને સરદાર અને જે ત્રણ તહોમતવાળાને મેં દીઠે ઓળખાવ્યા, તેના હાથમાં કાંઇ હતું કે નહીં તે ખબર નથી. મસીદ આગળ પાલખી લઇને અમે આવેલા ત્યારે એ નવેને મેં ત્યાં જોયેલા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર લેવાનું કહે છે.

તા. ૨૫ ફેબરવારી સને ૧૯૦૮

૧ લક્ષ્મીશંકર શામજી સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપોલરામ
ન્યાયાધીશ

## આંક ૨૬.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારું નામ પ્રાગજી છે. મારી ઉમર આશરે વરસ ૩૫ ની છે.

મારા બાપનું નામ હરીરામ છે. મારો ધંધો નોકરીનો છે.

મારો ધર્મ હિંદુનો છે. હું હાલ દીહોર પ્રગણે તળાજામાં રહું છું.

મારી જાત ઓદીચ્યસહસ્ત્ર બ્રાહ્મણની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે:

હું હાલ દીહોરમાં નાયબ ફોજદાર છું. સંવત ૧૯૫૦ થી ૫૪ સુધી હું ગઢડામાં પોલીસ કારકુન હતો, તે દરેક વખતે ભાદરવા શુદ ૧૧ ને દીવસે સ્વામીનારાયણના વરઘોડામાં ગયો હતો, વરઘોડામાં હું દરબારી ઉતારા પાસેથી જોતો. વરઘોડામાં બે પાલખી હતી. મહારાજ પધાર્યા હોય તો મહારાજ સાથે રહેતા. સંવત ૧૯૫૦–૫૧–૫૨ માં મહારાજને મેં વરઘોડામાં જોયેલા, તે ઘોડે બેસતા હતા. વરઘોડો ભાદ્રલીના ઝાંપા આગળ થઈને નદીએ કીનારે જતો, પાલખી નદી આગળ દેરા ઉપર રાખતા. એ ત્રણ વરસમાં એક પાલખીમાં ગણપતી અને એક પાલખીમાં ઠાકોરજી હોય છે. ગણપતીને નદીમાં પધરાવતા પછી તે પાલખી ખાલી મસીદને રસ્તે થઈ મંદીરે જતી અને બીજી પાલખી ભાદ્રલીને ઝાંપે થઈ ફરતી ફરતી મંદીરે જતી, એ ત્રણ વરસમાં મહારાજ વરઘોડામાં હતા, ત્યારે હું વરઘોડામાં ભાદ્રલીના ઝાંપા તરફ જતી પાલખી સાથે હતો. જે બે વરસમાં ખાલી પાલખી મસીદ આગળ થઈ મંદીરે જતી તેની સાથે હું હતો. એ પાલખી સાથે પોલીસના માણસો અને સાધુ બ્રહ્મચારી રહેતા, બીજા કોઈ માણસો નહોતો. ખાલી પાલખી એટલે અંદર ઠાકોરજી નહીં તે.

ઉલટ તપાસ—સંવત ૧૯૫૩ અને સંવત ૧૯૫૪ માં હું ખાલી પાલખી સાથે મસીદ આગળથી આવેલો, તે ખાલી પાલખી એટલે અંદર કાંઈ નહીં તેમ નહીં પણ એ પાલખીમાં ઠાકોરજી હતા મેં ઉપર લખાવ્યું છે કે મહારાજ ગામ ન હોય ત્યારે ખાલી પાલખી મસીદ આગળ થઈને જતી તે સાથે હું જતો હતો. હવે હું કહું છું કે એ બે વરસમાં મહારાજ ગઢડામાં નહીં હતા તે વખત ખાલી પાલખી એટલે ઠાકોરજી વીનાની પાલખી મસીદ આગળ થઈને મંદીરે ગયેલી તે સાથે હું જતો હતો. હું કારકુન હતો છતાં ફોજદાર સાહેબનો હુકમ હતો કે પાલખી સાથે જવું. મહારાજ ગામમાં હોય કે ન હોય તોપણ મસીદ આગળથી જતી ખાલી પાલખી સાથે બે માણસ જતા. નદીમાં ઠાકોરજીને હોડકામાં ફેરવતા ત્યારે તે સાથે હોડકામાં કોઈ પોલીસનું માણસ રહેતું નહીં. જે પાલખી ભાદ્રલીને ઝાંપે થઈને જતી તે સાથે દસ પંદર માણસ પોલીસના જતા. મસીદ પાસે નીકળતી પાલખી સાથે બે માણસ જાય ને બાકીના વરઘોડાવાળી પાલખી સાથે જાય. ગઢડામાં પોલીસના જેટલા માણસો હોય તે બધા ભાદ્રલીને દરવાજે જતી પાલખી સાથે રહેતા. બધા બંદોબસ્ત માટે એ પાલખી સાથે રહેતા મસીદ આગળથી જે ખાલી પાલખી જતી તેને બીનબાપ જડેલા હોય તેમાં કાંઈ જોખમ હોય તેથી પોલીસના માણસો સાથે જતા. ( પછી કહે છે કે રસ્તે ભીડ હોય ને મારગ કરવા, તોફાન ન થાય તેનો બંદોબસ્ત કરવા અને બ્રહ્મચારીને કોઈ સ્ત્રી અડકે નહીં તેનો બંદોબસ્ત કરવા પોલીસના માણસો રહેતા. ) હું બે વખત પાલખી સાથે હતો ત્યારે પણ લોકોની ભીડ નહીંવેતી આવનારા માણસોની ર- હેતી. આસરે બાર વાગ્યાને વખતે નદીએથી ખાલી પાલખી મંદીર તરફ જતી. હું બે વખત પાલખી સાથે મસીદ આગળ થઈને આવ્યો ત્યારે મસીદ આગળ કોઈ મુસલમાન હતા કે નહીં તેની મને ખબર નથી. વરઘોડો નીકળતી વખતે ચોકમાંથી મસીદે જવાના ખાંચામાં બંદોબસ્ત માટે પાંચ છ માણસો પોલીસના ઉભા રહેતા કે નહીં તેની મને ખબર

નથી. પછી કહે છે કે બંદોબસ્ત માટે પોલીસના બધા માણસો બંદોબસ્ત માટે રહેતા તેથી ખાંચામાં અમે પોલીસના માણસો રાખતા નહોતા,

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—મશીદ આગળથી ખાલી પાલખી પાછી આવતી તેની સાથે વાજું ગાજું રહેતું નહોતું. નદીએથી ખાલી પાલખી પહેલી ઉપડી જતી હતી, અને પછી ભડકીના ઝાંપા તરફની પાલખી જતી હતી. ભડકીને ઝાંપે જતી પાલખી સાથે બંદોબસ્ત માટે હું જતો હતો. સંવત ૧૯૫૩–૫૪ માં હું ખાલી પાલખી સાથે મશીદ આગળ થઈને ગયો તેનું કારણ કે મને ફોજદારનો તે પાલખી સાથે જવાનો હુકમ હતો. અને પહેલાં ત્રણ વરસ ભડકીના ઝાંપા તરફની પાલખી સાથે જવાનો હુકમ થયો હતો, એ હુકમ ફોજદાર નદીએ આપતા હતા, ખાલી પાલખી સાથે ફોજદારે મને કેમ મોકલ્યો તેનું કારણ હું કહી શકતો નથી. વરઘોડો નદીએ અગીઆર વાગે પહોંચતો. વરઘોડો મંદીરેથી દસ વાગે નીકળતો, રસ્તે એક કલાક થતો, નદીએ કલાક રોકાણ થતું, નદીએથી મશીદે પહોંચતાં અરધો કલાક લાગતો. બપોરે નીમાજનો વખત ક્યારે છે તેની મને ખબર નથી. કોઈવાર નીમાજની વખતે મશીદ આગળથી પાલખી લઈ અમે નીકળ્યા નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૫ ફેબરૂઅરી સને ૧૯૦૮

૧ પ્રાગજી હરીરામ ભટ સહી. દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૨૭

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર ખરું લખાવીશ.

મારું નામ સંતોકરામ છે. મારી ઉમર આશરે વરસ ૫૩ ની છે.

મારા બાપનું નામ પ્રભુદાસ છે. મારો કસબ નોકરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત વડનગરા નાગરની છે.

હું હાલ સીનોરમાં રહું છું.

ફરીઆદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હાલ હું પીલીઆ પોલીસ ફોજદાર છું, સંવત ૧૯૬૨ની શરૂ માસથી સંવત ૧૯૬૩ના ચૈત્ર વૈશાખ સુધી હું ગડકમ પોલીસ ફોજદાર હતો. સંવત ૧૯૬૨ ના ભાદરવા શુદ ૧૧ ના રોજ સ્વામીનારાયણને મંદીરેથી નીકળેલો વરઘોડો મેં જોયો છે હું દરબારગઢ આગળથી વરઘોડા ભેગો ગયેલો.

વરઘોડામાં બે પાલખી હતી એક રૂપાની ને એક લાકડાની પાલખી હતી. એ બંને પાલખીમાં ઠાકોરજી હતા. મશીદના નાકા આગળ પોલીસનો ચકલો છે, ત્યાંથી હું છુટો પડેલો. હું અને પોલીસના બે માણસો ત્યાં ઉભા રહ્યા અને વરઘોડો બડલીના ઝાંપા તરફ ગયો. મશીદ આગળ થઈ ગઢાળીની બારીએ થઈ હું નદીએ ગયો પછી અડધી પોણી કલાકે ત્યાં વરઘોડો આવી પહોંચ્યો. એક નાના ઠાકોરજીને હોડીમાં બેસારી જળ ઝીલાવ્યું પછી એ ફીરા થઇ રહ્યા પછી નાના ઠાકોરજીને પાલખીમાં બેસાડયા પછી પાલખી ત્યાંથી ઉપડી અને લાકડાની પાલખી વાજતે ગાજતે બડલીના ઝાંપા તરફ ગઇ અને રૂપાની પાલખી મશીદ તરફ થઇને ગઇ તેની સાથે વાજતું ગાજતું નહોતું, હું પણ મશીદને ફુડે રસ્તે થઇને ચાલેલો. ( સાક્ષી પોતાથી ઉમેરે છે કે માણસ બધું વીખાઇ ગયું હતું. ) પછી હું મશીદને રસ્તે થઇને દરબારગઢમાં મારી કચેરીમાં ગયેલો.

ઉલટ તપાસ—મશીદને રસ્તેથી રૂપાની પાલખી ગઈ તેમાં ઠાકોરજી હતા, એ પાલખીમાં મોટા શણગારેલા ઠાકોરજી હતા. જે ઠાકોરજીને જળ ઝીલાવ્યું તે તેમાં હતા કે નહીં તેની મને ખબર નથી. એ રૂપાની પાલખી ઠાકોરજી સાથે હતી તે સાથે વાજું કેમ નહોતુ તેની મને ખબર નથી. એ પાલખી જુદે જુદે રસ્તેથી કેમ લઇ ગયા તેની મને ખબર નથી રૂપાની પાલખી મશીદને રસ્તે આવી તે સાથે પોલીસના ત્રણ માણસો હતા. રૂપાની પાલખી સાથે માણસ મોકલવાનું કારણ કે તેમાં ઘર દાગીના હતા. તે દીવસે ભીડ ઘણી હતી અને સ્વામીનારાયણના મંદીરના આગેવાને માગણી કરી કે તે સાથે માણસો આપો. રૂપાની પાલખી ચાલવા માંડી તે વખત માણસ માટે માગણી કરેલી, તે પહેલાં તે સાથે માણસ મોકલવાનો મારો વીચાર નહોતો. પાલખીની પાછળ હું પણ દસ પંદર કદમ છેટે મશીદ પાસે થઇને ચાલ્યો ગયો હતો. એ ચાંદીની પાલખી મશીદ આગળ આવી ત્યારે બે અઢીનો વખત હતો. તે વખત મશીદમાં મુસલમાનો હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી. મુસલમાનનો બપોરનો નીમાજનો વખત કયો છે તે મને ખબર નથી. રૂપાની પાલખી મશીદે આવી તે વખતે તે ભેગા ઘણા માણસો નદીએથી પાછા ફરે તેથી ઘણી ભીડ હતી. સંવત ૧૯૬૯ ની સાલમાં મહોરમ વખતે હું ગઢડે હતો. તે વખત તાજીઆ બે ત્રણ દીવસ સુધી પડયા રહ્યા હતા. મુસલમાનોના જમાન મુચરકા લેવાએલા તેથી તાબુત તેમણે ઉપાડેલા નહીં એ તાબુતને દીવસે હું ગઢડામાં હતો. સરઘસની રાતે હું ત્યાં જઇ શકયો નહોતો, અને જમાદારને મોકલ્યા હતા, કારણ કે મારે પગે અડચણને લીધે હું ચાલી શકતો નહોતો. મુસલમાનના જમાન મુચરકા લેવાનો જમાદારે રીપોર્ટ કર્યાથી મેં ન્યાયખાતે રીપોર્ટ કરી મોકલ્યો હતો, તે ઉપરથી ન્યાયખાતેથી જમાન મુચરકા લેવાયેલા છે. આગળ કોઇવાર જમાન કે મુચરકા લેવાએલા છે કે તે બાબત મેં તપાસ કર્યો નથી, તે પહેલાં દરસાલ મુસલમાનોના જમાન મુચરકા લેવાતા નહોતા. હું ગઢડે હતો ત્યાં સુધી દરરોજ હું મંદીરે દરશન કરવા જતો હતો, મારી સાથે મુસલમાન પટાવાળો મંદીરે લઇ જતો કે નહીં તે સાંભળતું નથી. નદીમાં જળ ઝીલવાની વખતે હોડકામાં કોઇ પોલીસનું માણસ બેસતુ નહોતુ. વરઘોડાને દીવસે પોલીસ ચટલા પાસે બંદોબસ્તને માટે મેં પાંચ માણસોને ત્યાં ઉભા રાખ્યા નહોતા. નદીએથી બે પાલખી સાથેજ ઉપડેલી તેમાં એક મશીદ તરફ ગઇ ને એક બજ

લીના ઝાંપા તરફ ગઇ. સરઘસની રાત્રે તાજીઆને પીપળો ન નડે તેવો બંદોબસ્ત કરી આપવા મેં અંબારામ જમાદારને કહેલું, જમાદારે પછી રૂબરૂમાં જાહેર કરેલું કે પીપળો બંધાવ્યો છે. અને તાજીઓ પસાર થઇ ગયો છે, પણ સેજ ઝુબાનેડી થએલી. ગડડામાં એક તાજીઓ નીકળે છે. ઝુબાનેડીમાં એ આંબે અપંગ છે તે કાજીએ જમાદારને ગાળો દીધી, એમ જમાદારે કહ્યું હતું, પછી એ બાબતની મેં ખાત્રી કરી નહોતી. પછી ભાવનગરથી મુસલમાનોએ પોલીસના ઉપરીને અરજ કરી એક જમાદારને લાવેલા ત્યારે તાજીઓ ઉપડયો હતો, તે વખત હું તાજીઆ ભેળો હતો. તાજીયા ઉપડતાં પહેલાં પીપળો બાંધવો પડયો હતો, તે વખત મારે પગે દરદ તો હતું, પણ ભાવનગરથી જમાદાર આવેલા તેથી હું ગયેલો.

ફરી તપાસ—બે અઢી વાગ્યાનો વખત હું કહું છું કારણ કે તે વખતે બપોર નમી ગયા હતા.

કોર્ટના સવાલમાં—ગઈ સાલમાં મેં જામીન લેવડાવ્યા ત્યાં સુધી મડડામાં જામીન મુચરકા લેવાનો હુકમ નહોતો જમાદારે રીપોર્ટ કરેલો તે ઉપરથી મેં મુચરકા માટે રીપોર્ટ કરેલો, મેં કોઇ તપાસ કર્યો નહોતો. જમાદારે કહ્યું કે તાજીઓ નમાવશું નહીં ને ડાળ કાપ્યા વગર તાજીઓ નહીં ચાલે. પછી લવજી માસ્તર વગેરે વચમાં પડી તાજીઓ નમાવી પસાર કરેલો, એમ જમાદારે કહેલું. ગાળ શું કામ દીધી એમ જમાદારે કહ્યું નહોતું. રાત્રે સમાધાન થઇ ગયેલું, પણ બીજે દીવસે મુસલમાનો નમાવીને ન ચાલે એમ ધારીને મુચરકા લેવડાવેલા. રાત્રે પીપળો તો બાંધ્યો હતો. તાબુત ઠંડા થવા જોઇએ તે દીવસે હું પીપળા પાસે ગયો નહોતો, પણ જમાદાર હવાલદારને મોકલી પીપળો બંધાવ્યો, પણ મુસલમાનના જામીન મુચરકા લેવાએલા તેથી તાબુત તેમણે ઉપાડેલો નહોતો. હીંદુ સાથે મુસલમાનો સુલેહનો ભંગ કરે તેટલા માટે મુસલમાનના જામીન મુચરકા લેવડાવેલા હીંદુના મુચરકા કે જામીન લેવડાવ્યા નહોતા તાજીયા ઉપડાવવા માટે જમાદાર ભાવનગરથી આવેલો, તે અમારા ઉપરીનો હુકમ લઇ આવેલો. વરઘોડાને દીવસે વરઘોડામાં હું બંદોબસ્ત માટે ગયેલો નદીએ પણ હું બંદોબસ્ત માટે ગયેલો વરઘોડો મંદીરેથી નવ સાડા નવ વાગે ચાલેલો. નદીએ અગીયાર વાગે પહોંચેલો ત્યાં બે કલાક રોકાણ થઇ હતી. નદીએથી કઇ પાલખી કયે રસ્તે થઇને જાય એમ કોઇએ ત્યાં બંદોબસ્ત કરેલો કે તે મને યાદ નથી. ભડલીના ઝાંપા તરફ જે પાલખી ગઇ તેની સાથે પણ પોલીસના માણસો ગયેલા તેમાં કોઇ જમાદાર કે હવાલદાર અમલદાર હતા કે નહીં તે મને યાદ નથી. પછી કહે છે કે એ પાલખી સાથે જમાદાર હતા, અને બીજા પાંચ સાત સીપાઇઓ હતા. મસીદને રસ્તે જે પાલખી ચાલી તેની સાથે કોઇ અમલદાર હતા કે નહીં તે યાદ નથી. પોલીસના બંને હવાલદારો ભડલીના ઝાંપા તરફના વરઘોડા સાથે ગયેલા. મસીદ આગળથી જે પાલખી નીકળી તેના બંદોબસ્તને માટે હું રહ્યો નહોતો. નદીએથી જે પાલખી મસીદે જવા નીકળી તેની આગળ અને પાછળ બંને તરફ માણસ ગામ તરફ જતા હતા. નદીએથી પાલખી દોઢ કે બે વાગે ચાલી હતી નદીએથી મસીદ સુધી આવતાં પાલખીને પા કલાક કે વીસ મીનીટ લાગે

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૫ ફેબરવારી સને ૧૯૦૮

૧ સંતોકરામ પ્રભુદાસ હા. પોતે.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૨૮

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ફુલશંકર છે.

મારા બાપનું નામ મયાશંકર છે.

મારો ધર્મ હીંદુનો છે.

મારી જાત વડનગરા નાગરની છે.

મારી ઉમર આશરે વરસ ૫૨ ની છે.

મારો કસબ નોકરીનો છે.

હું હાલ બોટાદમાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું બોટાદમાં તલાટી છું. સંવત ૧૯૬૧ થી સંવત ૧૯૬૩ સુધી હું ગઢડામાં તલાટી હતો. એ ત્રણે સાલમાં ભાદરવા શુદ ૧૧ ના રોજ મંદીરમાંથી સ્વામીનારાયણનો વરઘોડો નીકળે છે, તે મેં જોયો છે. કોઈ વખત હું વરઘોડા સાથે ગયો નથી. ત્રણે વખત વરઘોડો મસીદ આગળ થઈને ઘાટ:ગએલો, તે વખત:એ પાલખી ઠાકોરજીની મુરતી-વાળી મેં જોએલી.

સવાલ—તમે ક્યાં સુધી રોકાઓ છો?

જવાબ—એક પાલખી ભટલીના ઝાંપા તરફ જાય છે અને એક પાલખી ઠાલી વાજાં ગાજાં વગરની મસીદ તરફ જાય છે તેની પાછળ હું જાઉં છું

સવાલ—ઠાલી એટલે?

જવાબ—ઠાલી એટલે વાજાં ગાજાં વગરની, એ પાલખીમાં તો ઠાકોરજી હોય છે.

સંવત ૧૯૬૧-૬૨ ની સાલમાં મસીદને:રસ્તે જતી પાલખીની:વાંસોવાંસ ઠેઠ દરબાર સુધી હું ગયેલો. એ પાલખી ચઢમાં જ્યાં મંદીર છે ત્યાં ગયેલો. સંવત:૧૯૬૩ ની સાલમાં હું ગઢડામાં નોકરી ઉપર નહતો, પણ હું રજા:ઉપર ગયેલો તેથી વરઘોડાને દીવસે ગઢડામાં હતો. ગઈ સાલમાં પણ હું મસીદને રસ્તે થઈ પાછી આવતી પાલખી સાથે ચાલ્યો હતો. હું પાલખીની પાછળ ગઢાળીની બારી સુધી ચાલેલો પછી નદીમાં થઈને ખોપાળાને દરવાજે થઈ મારે ઘેર ચાલ્યો ગયેલો કારણ કે મારે અગીયારશનો અપવાસ હતો. ગઈ સાલમાં એ પાલખી સાધુ બ્રમચારીએ ઉપાડી હતી. પાલખી સાથે તે શિવાય બીજા કોઈ માણસો હતા નહીં.

ઉલટ તપાસ—ખોપાળાના દરવાજા પાસે કુંભારવાડા નજીક મારૂં મકાન હતું. ભાદરવા શુદ ૧૧ ના રોજ કચેરીમાં રજા પડતી નથી. ઠાકોરજી હોડીમાં ફરે તે જોવાને માટે તથા તમાસો જોવાને સારૂ હું નદીએ જતો. દરસાલ એ તમાસો જોવા શીવાય બીજું કોઈ કા-

રખુ નથી. ઠાકોરજીને હોડીમાં ત્યાં ફેરવે તે પછી અડધો કલાક પાલખી ત્યાં રોકાય છે. બધું મળી ત્યાં એક કલાક થાય છે. પછીથી કહે છે કે હોડીમાં ફેરવ્યા પછી ત્યાં કાંઇ રોકાણ થતી નથી. હોડીમાંથી ઠાકોરજી કીનારે પધારે તે પછી પાલખી તરત ફેરવે છે. ઠાકોરજીને કીનારે ઉતર્યા પછી ત્યાં પુજા થતી નથી. પછી કહે છે કે પુજા થાય છે કે નહીં તેની મને ખબર નથી. સંવત ૧૯૬૧ ને સંવત ૧૯૬૨ ની સાલમાં મશીદ આગળથી આરતી પાલખી સાથે એક બે પોલીસનાં માણસ રહે છે. એ દરેક વખત મેં બે પોલીસના માણસો જોયેલા. સંવત ૧૯૬૩ ની સાલમાં એ પાલખી સાથે બે ત્રણ માણસો હતા. પછી કહે છે કે એ પાલખી સાથે ત્રણ માણસો હતા. પાલખીની આગળ એ ત્રણે માણસો આગળ રસ્તો કરવાને ચાલતા. પછી કહે છે કે ત્યાં રસ્તામાં ભીડ નહોતી કે રસ્તો કરવો પડે. એ ત્રણે માણસો પાલખીની આગળ ચાલતા હતા. એ ત્રણ માણસોને મેં ઓળખ્યા નથી. સંવત ૧૯૬૪ ની સાલમાં હું નદીએથી બારી સુધી પાલખીથી બે નાડવા છેટે ચાલ્યો આવતો હતો. ગઇ સાલમાં ચાંદીની પાલખી મશીદ તરફ થઇને ચાલેલી તે વખતે બંને પાલખીમાં મોટા ઠાકોરજી પધરાવેલા હતા. જળ ઝીલવા માટે નાના ઠાકોરની મુરતી અને સાળીગ્રામને જળ ઝીલાવ્યું હતું. તે જળઃ ઝીલાવેલા નાના ઠાકોરજીની મુરતીને તથા સાળીગ્રામને કઇ પાલખીમાં બેસાડ્યા તેની મને ખબર નથી, કેમકે હું છેટે હતો. હું એ પાલખીથી એક નાડવા છેટે હતો. એક નાડવા છેટેથી દેખાય પણ ભીડ બહુ હતી તેથી હું જોઇ શક્યો નથી. ચાંદીની પાલખીવાળા ઠાકોરજીને બીજી પાલખીમાં પધરાવ્યા હોય તો તેની મને ખબર પડે નહીં. નદીથી પાલખી ચાલી તે બે નાડવા છેટે હું બારી સુધી હતો તેથી એ ચાંદીની પાલખીમાં ઠાકોરજી હતા કે નહીં તે હું જોઇ શક્યો નથી. હોડીમાં ગઇ સાલ કોઇ પોલીસનો માણસ નહોતો. જમાદાર અંબારામને હું ઓળખું છું. એ તે દીવસ મારા જોવામાં ત્યાં આવ્યા નહોતા. રસ્તે પણ મેં તેને જોયા નથી. ગઢડામાં પીપળા સાથે શંકરની દેરી છે તે મેં જોઇ છે. ત્યાં હાલ નવો ઓટો બાંધ્યો છે. સંવત ૧૯૬૩ ના ભાદરવા શુદ ૫ ના રોજ મારી બદલીએ હું બોટાદ ગયેલો અને ત્યાંથી ભાદરવા શુદ ૧૦ ના રોજ ગઢડે આવ્યો હતો. પીપળા પાસેનો ઓટો હું ગઢડેથી બદલીએ ગયો ત્યારે બંધાતો હતો, બંધાઇ રહ્યો નથી. સંવત ૧૯૬૩ ના ફાગણ માસમાં એ પીપળાનો ઓટો તઇયાર થઇ ગયેલો કે નહીં તે મને ખબર નથી. એ ઓટો તઇયાર થયા પછી મેં જોયો નથી. હું તે તરફ જતો નહીં. સંવત ૧૯૬૩ ના માગશર-માસમાં બંધાવવા માંડેલો. સંવત ૧૯૬૩ ના ભાદરવા માસમાં હું બદલીએ ગયો તે પહેલાં મેં એ ઓટો જોયેલો તે વખત એ ઓટો બંધાઇ રહેલો કે નહીં તે મારૂં ધ્યાન નથી. સંવત ૧૯૬૩ ની સાલમાં નાટક કંપની ત્યાં ત્રણ મહિના ગઢડે રહેલી કે નહીં તે મને યાદ નથી. ગઢડામાં નાટક જોવા હું કોઇ વાર ગયો નથી. સંવત ૧૯૬૩ માં નાટક કંપની ગઢડામાં આવેલી ને તેણે પીપળાનો ઓટો બંધાવવાનો એક ખેલ બહાર પાડેલો તેની ટીકીટ ખપાવવામાં જમાદાર અને તાલુકા માસ્તર ભેગો હું નહોતો. એ ટીકીટ ખપાવવામાં કોણ હતું તેની મને ખબર નથી. સંવત ૧૯૬૧-૬૨ ની સાલમાં હું ભાદરવા શુદ ૧૧ નો અપવાસ કરૂં છું. સંવત ૧૯૬૧-૬૨ માં વરપોડો વહેલો ચડેલો મારે હું પાલખી સાથે ઠેઠ કિનારા સુધી ગયેલો. સંવત ૧૯૬૩

ની સાલમાં વરઘોડો મોડો ચડેલો તેથી હું ગલ્લાની બારીએથી મારે ઘેર ગયેલો. સંવત ૧૯૬૩ ની સાલમાં એક વાગે ચાંદીની પાલખી નદીએથી મસીદ તરફ ચાલવા માંડેલી અને સંવત ૧૯૬૧-૬૨ ની સાલમાં બાર વાગે નદીએથી પાલખી ઉપડેલી એટલે સંવત ૧૯૬૩ કરતાં એક કલાક વહેલી પાલખી ઉપડેલી. ત્રણે વરસ નદીએથી બે પાલખી સાથે ઉપડેલી તેમાં એક બજારીના ઝાંપા તરફ ગયેલી, અને એક મસીદ તરફ ગયેલી. નાના ઠાકોરજી અને શાળીગ્રામને જળ ઝીલાવી પાલખીમાં બેસાડેલા તેમજ જળ ઝીલાવીને તરત સંવત ૧૯૬૧-૬૨ માં પાલખીમાં બેસાડેલ કે કેમ તે મને યાદ નથી. કારણ કે ઝાઝો વખત થયો છે. સંવત ૧૯૬૩ ના મોહરમને દીવસે સરઘસની રાતે તોફાન થયેલું કે નહીં તેની મને ખબર નથી. આપર પસાયતાનું કામ હું ઉપરાવતો હતો.

ફરી તપાસ નથી.

કોરટના સવાલમાં—વરઘોડો નદીએ ત્રણે સાલ ગયો તે દિવસે નાના ઠાકોરજી ને શાળીગ્રામ રૂપાની પાલખીમાં હતા. સંવત ૧૯૬૨ ની સાલમાં રૂપાની પાલખી મસીદ તરફ ગયેલી. સંવત ૧૯૬૧ ની સાલમાં લાકડાની પાલખી મસીદ તરફ ગયેલી, એ ત્રણ વરસમાં આગેવાનજી કોઈ વખત ગલ્લામાં નહોતા. નદીએથી પાલખી ઉપાડતી વખતે કઈ પાલખી કઈ તરફ લઈ જવી તે કોઈ કહેતું કે નહીં તે મારું ધ્યાન નથી. ગલ્લાની બારીથી બોળાને ઝાંપે થઈને મારે ઘેર જાઉં તે કરતાં મસીદ પાસે થઈને જાઉં તો બે નાકાવા છેટું થાય. બે નાકાવા એટલે ૪૦-૫૦ કદમ (પગલાં) થાય. ૪૦-૫૦ કદમ વધારે ચાલવું પડે ને વધારે વખત થઈ જવાથી વધારે વાર લાગે માટે ઉતાવળ હતી છતાં પાલખીની રાહ જોઈ નદીએ રહ્યો તેનું કાંઈ કારણ નથી. પાલખીની રાહ જોઈ હતી. સંવત ૧૯૬૧-૬૨ ની સાલ કરતાં સંવત ૧૯૬૩ ની સાલમાં વરઘોડો મોડો કેમ ચડ્યો તેની મને ખબર નથી. સંવત ૧૯૬૧-૬૨ માં પાલખી સાથે હું ઉતારામાં જતો ત્યાં કચેરીની બારીમાં કલાક દોઢ કલાક બેસતો પછી ફરાળ કરવા જતો.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા ૨૬ ફેબરવારી સને ૧૯૦૮.

૧ દેસાઈ કુલશંકર મયાશંકરની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૨૯.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારું નામ નથુરામ છે.

મારા બાપનું નામ રણછોડજી છે.

મારો ધર્મ હીંદુનો છે.

મારી જાત અઉદીચ્ય બ્રાહ્મણની છે.

મારી ઉમર આશરે વરસ ૪૮ ની છે.

મારો કસબ નોકરીનો છે.

હું હાલ ગલ્લામાં રહું છું

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગઢડામાં વહીવટી કચેરીમાં ઈન્સ્પેકટર છું. ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ મંદીરમાંથી વરઘોડો નીકળ્યો ત્યારે હું ઉતારામાં ડેલીમાં હતો. વરઘોડામાં બે પાલખી હતી તે બંનેમાં ઠાકોરજી હતા. એક પાલખી રૂપાની હતી ને એક પાલખી જરીની હતી. વરઘોડો બકાલીના ઓટા તરફ ગયો પછી હું કુંડે મશીદની પાસે થઇ ગયેલો. હું કુંડે પહોંચ્યા પછી ત્યાં વરઘોડો પંદર મીનીટે આવેલો, પાલખીમાં જે નાના લાલજી હતા તેને પાલખીમાંથી લઇ નાના હોડકામાં બેસાર્યા. તે નાના લાલજી કઇ પાલખીમાં હતા તે ખબર નથી. હોડકું નદીમાં બે ફેરા ફર્યું એટલે મને બહુ તડકો લાગવાથી હું ભાઇશંકર વકીલના ઘર આગળ આવીને બેઠો. ભાઇશંકર વકીલની ઓફીસની બારી છે ત્યાં આગળ બેઠો હતો તે વખત જીવો ખાચર અને ભાઇશંકર ત્યાં બેઠા હતા. ડોસાભાઇ પણ ત્યાં બેઠા હતા, તે બધા ભાઇશંકરની ઓફીસમાં બેઠા હતા, હું પણ એજ ઓફીસની બારી પાસે બેઠો હતો. થોડીવાર થઇ એટલે અંબારામ જમાદાર ત્યાં આવી બારી નીચે ઓટલા ઉપર બેઠો, અને પાણી માગ્યું, ભાઇશંકર વકીલના દીકરાએ તેને પાણી પીવાને માટે આપ્યું. એ પાણી પી રહયા ત્યાં રૂપાની પાલખી નીકળી અંબારામ તે પાલખીની સાથે ચાલ્યો, પાલખી સાથે અંબારામે ચાલવા માંડયું એટલે હું દરશન કરવાને માટે જે ઓટલા ઉપર અંબારામ હતો ત્યાં આવીને ઉભો રહયો. ત્યાર પછી ઓટલા ઉપર જીવો ખાચર અને ભાઇશંકર આવ્યા. પાલખી ભગવાં લુગડાં પહેરેલા સાધુએ ઉપાડી હતી. એ પાલખી સાથે પોલીસના માણસો હતા અને એક ધોળા લુગડાવાળો પાળો હતો. પાલખીમા ઠાકોરજી હતા. પાલખી મશીદ આગળ પહોંચી ત્યાં આગળ અટકી. પાલખી આગળ બે ચુનો ખાંડવાના ધોકા ઉંચા થએલા હતા, એ બે ધોકા ઉંચા થએલા મશીદ આગળ જોયા, તે વખતે પાલખીને ફરતા પંદર વીશ માણસો ઉભા હતા. એ પંદર વીશ માણસો ફરીને ઉભા હતા. તેમને મેં ઓળખ્યા નથી, તે કઇ કોમના હતા તેને મેં ઓળખ્યા નથી. પાલખી ત્યાં ૫ મીનીટ થોભેલી પછી ચાલતી થએલી. તે પછી બે ફકીર અને એક મજબુત બાંધાનો મુસલમાન આમે ઉભા હતા ત્યાંથી પંદર હાથ છેટે આવીને નદી તરફથી મશીદ તરફ આવતા માણસોને અટકાવ્યા. એ લોકો મશીદ તરફ જતા લોકોને અટકાવતા હતા પછી થોડીવાર થઇ એટલે ન્યાયાધીશ ત્યાં આવ્યા. ન્યાયાધીશ સાહેબ આવીને મશીદના બારણા આગળ ઉભા રહયા કે તરત ચાલતા થએલા. ન્યાયાધીશ સાથે સીપાઇ જેવા હતા, મેં બરાબર ઓળખ્યા નથી. ન્યાયાધીશ સાહેબ ઉતારા તરફ પાછા ચાલતા થયા, તેઓ ચાલતા થયા ત્યારે મશીદને પડખે એક દુકાન છે તેના છાપરા ઉપરથી નળીયાં પડવા લાગ્યાં. મશીદ આગળ ચકલો છે તે ચકલાની ડાબીબાજુ તરફ ચકલાની હારોહાર જે દુકાન છે તે દુકાનના છાપરા ઉપરથી નળીયાં પડવા માંડયાં પછી થોડીવાર થઇ ત્યાં ન્યાયાધીશ સાહેબ અને વહીવટદાર સાહેબ આવ્યા એટલે નળીઆં પડતાં બંધ થયાં અને માણસો વીખાઇ ગયા. ત્યાં આગળ પછી મેં બીજું કાંઇ જોયું નથી. આ બધો વખત હું ભાઇશંકર વકીલના ઓટલા ઉપર હતો. પછી હું થોડીવાર બારીએ બેસી રહેલો. પછી આશરે બે વાગે હું મશીદ આગળ થઇને ઉતારામાં ચાલ્યો ગએલો, એ પાલખી સાથે વાજતું ગાજતું નહોતું. એ ત્રણ માણસો નદી તરફથી આવતા માણસોને અટકાવતા હતા, તે હું જોઉં તો ઓળખી શકું ખરો. આ કામમાં તમામ તહોમતદારોને જોઇને કહું છું કે તેમાં એ ત્રણમાં નો એકે

નથી. નળીયાં અને પથરા તો મેં દુકાનના છાપરા ઉપરથી પડતા જોયેલા બીજે કોઈ ઠેકાણેથી નળીયાના કે પથરના ઘા થતા મારા જોવામાં આવ્યા નથી.

ઉલટ તપાસ—હું શીવ ધર્મ પાળું છું. સંવત:૧૯૬૨ ના ભાદરવા શુદ ૧૧ ની દીવસે બપોરે ત્રણ વાગે હું મારી નોકરી ઉપર ગઢડામાં હાજર થયો હતો. હું કુંડે મેળો જોવા ગયો હતો, અને ત્યાં ઠાકોરજીનાં દરશન કરવા પણ ગયો હતો. એ ઠાકોરજીનાં દરશન કરવાની અમારી ફરજ પરી. હું કુંડે ગયેલો ત્યાં મેળો પણ જોએલો, અને દરશન પણ કરેલાં. ઠાકોરજી જળ ઝીલીને બહાર આવ્યા તેના દરશન કરવાને માટે હું બાઇશંકરના ઓટલા ઉપર ઉભો હતો. ઠાકોરજી જળ ઝીલ્યા પછી દરશન કરવાં જોઇએ, એમ હું માનું છું. મંદીરથી વરઘોડો નદીએ ગયેલો તે ભાસીને ઝાંપે થઇને ગયેલો. મસીદને રસ્તે થઇને પાલખી આવશે એમ હું જાણતો નહોતો. બાઇશંકરના ઘર આગળથી પાલખી નીકળી ત્યાં સુધી એ રસ્તેથી પાલખી નીકળશે એમ હું જાણતો નહોતો. બાઇશંકરને ઘેરથી હું પાછો નદીએ દરશન કરવા ગયેલો નહીં, કારણકે તડકો હતો. બાઇશંકરના ઘર આગળથી પાલખી નીકળી અને વહીવટદાર આવ્યા ને તોફાન શાન્ત થયેલું તે દરમીયાન લગભગ બે કલાક ગયેલા. એ વરઘોડાને દીવસે દીવસે રજા પડતી નથી. પણ એટલો વખત વેકેશન પડે છે. તે દીવસે કલાક દોઢ કલાકનું વેકેશન પડયું હતું, મસીદનો રસ્તો બંધ થઈ ગયો હતો, ને ચાલવાનો રસ્તો બંધ થઇ ગયો હતો અને બખેડો શરૂ થઇ ગયો હતો તેથી હું વધારે વખત રોકાયો હતો. ગઢળીની બારીએ થઇને ઓફીસમાં જવાય ખરૂં પણ તડકો વધારે હતો, તેથી હું એ રસ્તે ગયો નહોતો. બે ફકીર ને એક મુસલમાન લોકોને મસીદ તરફ જતા અટકાવવાને માટે વહીવટદાર આવ્યા ત્યાં સુધી ઉભા રહયા હતા. એ ત્રણ જણા અટકાવતા હતા, તેથી કોઇ માણસ તે તરફ જતું નહોતું. શા માટે અટકાવો છો એમ અમે ત્રણ જણામાંથી કોઇએ કાંઇ કહ્યું નહોતું. અમે તેને અટકાવીએ તો માર પડવાની દહેશત અમોને લાગેલી તેથી અમે અટકાવ્યા નથી, ત્યાં કોઇને માર પડયાનું મેં જોયું નથી. પાલખી નીકળી અને પાલખી ઉપર હુમલો થયો, હીંદુ મુસલમાન વચ્ચે બખેડો થયો એ ત્રણ જણા જુસ્સાથી બીજા લોકોને અટકાવતા હતા તેથી તે લોકો ઝનુનમાં આવી જશે એમ મને લાગેલું. અમે જે જગ્યાએ ત્રણે જણા ઉભા હતા, ત્યાંથી કોઇ જણ ખસ્યા નથી તેને તે જગ્યાએ ઉભા રહેલા. ત્યાંથી મસીદની અગાશી દેખાતી નથી, આડા ઝાંખરાંથી થોડોક ભાગ અગાશીનો દેખાય છે. મસીદના થડમાં કબ્રસ્તાન છે, તેના થડમાં લીંબડો છે, તેનાં ઝાંખરાં આડાં છે. રસ્તાની વંડીથી ઉગમણે આશરે પંદર હાથ લીંબડો છે. એ લીંબડો કબ્રસ્તાનની સપાટીથી ૪૦–૫૦ હાથ ઉંચો છે. એ લીંબડાના થડથી વીશ ફુટ ઉંચાઇએ ડાળો હશે. મસીદની દક્ષણાદી દીવાલથી એ લીંબડો ૧૫–૨૦ ફુટ છે. બાઇશંકર વકીલને ઓટલેથી અગાશીની વચમાં લીંબડો નડે છે. હું બાઇશંકર વકીલને ઓટે રહયો ત્યાં સુધી મસીદમાં દેકારો બોલતો હતો. બાઇશંકર વકીલને ઓટેથી કોઇ માણસ અગાશીમાં ઉભેલા મેં જોયા નથી. મસીદને દરવાજેથી ત્રણ ચાર હાથને છેટે માણસો ઉભેલા હતા. બાઇશંકરને ઓટેથી મસીદનો દરવાજો જોઈ શકાય નહીં. ઠાકોરજી સાથે હોડકું નદીમાં બે વખત ફેરા ફરેલ તે સાથે હોડકામાં અંબારામ જમાદાર હતા, બીજું કોઇ નહોતું. એ અંબારામ તેમા શું કામ બેઠા તેની મને ખબર નથી.

ભાઇશંકરને ઓટેથી અને પાલખીમાં જે નાની મુર્તીનાં દરશન કરેલાં હતા તે હતા, અને તેના અમે દરશન કર્યા હતા. નાના લાલજી પણ પાલખીમાં શણગાર પહેરીને બેઠા હતા તેને પાઘડી પહેરાવી હતી અને ડોકમાં દાગીનો હતો. પાલખી ઝડપથી ચાલી ગઇ એટલે તેને બીજો શણગાર હતો કે નહી તે ખબર નથી. પાલખીના મધ્ય ભાગમાં દરવાજાની સામે ઠાકોરજીને બેસારવાની જગા/જગ્યાએ ત્યાં લાલજીને બેસાર્યા હતા ઓટલાથી જ્યારે ઉતરાદી પાલખી ગઇ ત્યારે અમે દરશન કર્યાં હતાં. પાલખી સાથે બે પોલીસના માણસો હતા, તેમાં એક લક્ષ્મીશંકરને મેં ઓળખેલો, બીજાને મેં ઓળખ્યો નથી. ચાલી જતી પાલખીને મોઢા આગળ જે દંડા હોય તેની ઉગમણી તરફ લખમીશંકર ચાલતો હતો અને બીજું પોલીસનું માણસ પાછળ દંડાની પછવાડે ઉગમણી તરફ ચાલતું હતું. અંબારામ પાલખીની આથમણી તરફ ચાલતા હતા. મસીદ સુધી પોંચતાં સુધી એ ત્રણ પોલીસના માણસો પાલખીને તેજ રસ્તે ચાલતા હતા કે નહી તે મારૂં ધ્યાન નથી. તે તો મસીદ સુધી પાલખી સાથે ગયેલા, તે તો મેં જોયેલું. મસીદ આગળ પહોંચ્યા ત્યારે તે ત્રણ જણા પાલખીના કયા ભાગમાં હતા તે મારૂ ધ્યાન નથી. હું ભાઇશંકરને ઘેર પહોંચ્યો ત્યારે બાર સવાબારનો વખત હતો. ત્યારથી તે બધી ત્રણ વાગ્યા સુધી હું એ ઓટલે હતો. એ ઓટલાને માથે છાપરૂં નથી. હું ત્રણ કલાક ઓટલા ઉપર ઉભો રહ્યો ત્યાં તડકો આવ્યો નથી. હું દરબારી ઉતારામાં રહું છું. હું ભાઇશંકરને ઘેરથી ઉતારામાં ગયો ત્યારે રસ્તામાં મસીદ પાસે જોએલું ત્યારે મસીદનાં બે ધ્રંધ્ર પડી ગએ-લાં હતાં, અને જાળીના બે સળીયા નીકળી પડેલા હતા વહીવટદાર અને ન્યાયાધીશ મસીદે-થી પાછા ફર્યા તે પછી પોણી કલાકે હું ઉતારે ગએલો તે વખત મસીદનો દરવાજો ખુલ્લો હતો અને ત્યાં એક પોલીસનું માણસ ઉભું હતું. તેને હું ઓળખતો નથી. એક બારણું અરધું ખુલ્લું હતું, અને એક બંધ હતું. ત્યાંથી મસીદની અંદર નજર જઇ શકે ખરી, પણ તેટલા ભાગમાં મસીદમાં માણસો જણાતાં નહોતાં. પણ મસીદ અંદર માણસોનો ઘોંઘાટ સંભળાતો હતો ખરો. ભાઇશંકરના ઘરની લાઇનમાં જે છાપરાં છે, તે દેખાતાં હતા. પણ ભાઇશંકરના ઓટલા ઉપરથી તે છાપરા ઉપર કોઇ માણસોને મેં જોયા નહોતા. ધોળા લુગડાવાળો પાગો પાલખીની પાછળ એક હાથ છેટે ચાલ્યો જતો હતો. એ પાગા પાસે લાકડી કે કાંઇ હતું કે નહી તે ખ્યાલ નથી. ધોળા લુગડાવાળા પાગા હતા કે નહીં તે હું કહી શકતો નથી. ભાઇશંકરનું ઘર મસીદની દખણાદી અને આથમણી દીવાલના ખુણાથી ૭૫ હાથ છે. મસીદે પાલખી પહોંચી ત્યારે મસીદ અને ભાઇશંકરના ઓટલાના વચમાં ૧૦૦–૧૨૫ માણસો હતા, તે બધા નદી તરફથી જતા હીંદુઓ હતા. તે વખત મસીદ ત-રફથી નદી તરફ કોઇ જતું નહોતું. અંબારામે આવી પાણી માગ્યું તે શીવાય કાંઇ બોલ્યા નહોતા. અંબારામ આવ્યા ત્યારથી તે ઓટલે બેસી રહ્યા હતા, તે વખતે ઓટલે તડકો નહોતો.

ફેરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—વરઘોડો જે વખતે નદીએ ગયો તે વખતે જરીની પાલખીમાં ઠા-કોરજી હતા, અને ચાંદીની પાલખીમાં ઠાકોરજીની ધાતુની મુર્તી અને શાળીગ્રામ હતા, અને લાકડાની પાલખીમાં ઠાકોરજીની મુર્તી હતી. લાકડાની પાલખીમાં મોટા ઠાકોરજી હતા અને

રૂપાની પાલખીમાં નાના ઠાકોરજી અને શાલીગ્રામની મુરતી હતી, મોટા ઠાકોરજી નહોતા.
નદીએથી ચાંદીની પાલખી પાછી ફરી ત્યારે તેમાં નાના ઠાકોરજી અને શાલીગ્રામની મુરતી
હતી. મોટા ઠાકોરજી તેમાં નહોતા. રૂપાની પાલખી જ્યારે નદીએ આવી તેમાંથી નાના ઠાકો-
રજી અને શાલીગરામ લઇ હોડકામાં પધરાવેલા, અને તેટલો વખત પાલખી ખાલી રહેલી.
બાઇશંકરની ઓરીસની બારીએ બેઠાં બેઠાં પાલખી નીકળી તે દેખાય, પણ ઓટલાથી નીચે
વળીએ ત્યારે ઠાકોરજીના દરશન થાય. પાલખીનાં દરશન કર્યા પછી પણ હું ઓટલે ઉભો
રહેલો, કે મેળાનો જતાં આવતાં માણસો દેખાય. વળી બારીમાં છોકરા બેસી ગયા હતા
એટલે ત્યાં મારગ નહોતો. બારીએથી છોકરા જોઇ શકે તેવી રીતે હું ભીંતે ઉભો હતો.
જમાદાર ઓટલા ઉપર હતો, અને હું બારીએ હતો. તે દરમીયાન છોકરા ઘરમાં હતા. છો-
કરા ઓટલા ઉપર બેસી શકે તેટલો મારગ નહોતો, છોકરાને કોઇએ બોલાવ્યા નહોતાં. પા-
લખીની પાછળ માણસો નીકળ્યાં ત્યારે છોકરા ત્યાં આવી પહોંચેલા. હું બાઇશંકર અને
જીવો બધી વખત ઓટલા ઉપર હતા. નદીએથી જીવા ખાચરની ડેલી આગળ થઇને ગામમાં
આવવાનો રસ્તો છે તે મેં જોયો છે, એ રસ્તે ઘણે ભાગે ઢાંયો છે, ને નદીએથી બાઇશંકર
વકીલના ઘર સુધી આવતાં બધે તડકો છે. બાઇશંકર વકીલનો દીકરો, અંબારામને પાણી
પાઇને પાછો ઘરમાં જતો રહેલો, ઓટે ઉભો નહોતો. બાઇશંકરને ઘરે હું પાણી પીવા માટે
ગયેલો. બાઇશંકરને ઘેર મેં પાણી પીધા પછી મેળો જોવા હું રોકાએલો. બાઇશંકરના ઘર-
થી આશરે બસેં હાથ ઉતારો છે. બે ઢાંડા ઊંચા કરનારને મેં ઓળખ્યા નથી. મેળો જોવાને
માટે બાઇશંકરના ઘર કરતાં બજાર સારી ગણાય : ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ આખો
દીવસ તડકો હતો, વાદળાં જેવું કાંઇ નહોતું.

સાક્ષીને વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૨૬ ફેબરવારી સને ૧૯૦૮

૧ નથુરામ રણછોડજીની સહી દા. પોતાના.

મારા ધરમ પ્રતિગ્ના ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૩૦

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિગ્ના ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ વ્રજલાલ છે. | મારી ઉમર આશરે વરસ ૩૨ ની છે.
મારા બાપનું નામ છગનલાલ છે. | મારો કસબ નોકરીનો છે.
મારો ધર્મ હીંદુનો છે. | મારી જાત ચોરાશી મેવાડા બ્રાહ્મણની છે
હું હાલ ઉજળાવાવમાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હાલ હું ઉજળાવાવ સ્ટેશન માસ્તર છું ગયા ભાદરવા શુદ ૧૧ ને દીવસે હું ગઢડે
ગયો હતો, બપોરે ૧૧ વાગે પહોંચેલો. હું ત્યાં પ્રભુ કંસારાની દુકાને ઉતર્યો હતો હું પર-
ભુની દુકાને જઇને બેઠો. પરન્તુ બહાર ગયેલો. તે હું દુકાને ગયા પછી આવ્યો આશરે

બાર વાગે હું પરભુને ઘેર ગયેલો. જમીને તરત પાછો હું દુકાને આવ્યો. હું દુકાને આવીને બેઠા પછી તરત રૂપાની પાલખી ત્યાંથી ઝડપથી લઈ ગયેલા તે પાલખીમાં કોઈ હતું કે નહીં તે મારા જોવામાં આવ્યું નથી. એ પાલખી બે ચાર સાધુ બ્રહ્મચારીએ ઉપાડી હતી. પાલખી સાથે બે ત્રણ પોલીસના માણસો હતા. પાલખી સાથે પોલીસના માણસો સીવાય બીજું કોઈ માણસ નહોતું. એ પાલખી સાથે વાજતું ગાજતું નહોતું. આશરે એક વાગ્યાને વખતે ન્યાયાધીશ સાહેબ ઉતારા તરફથી મસીદ તરફ ગયા. ન્યાયાધીશ મસીદે પહોંચ્યા પછી માણસોની દોડા દોડી થવા માંડી, જેથી અમે દુકાન બંધ કરી અંદર ઉપરની મેડીએ જતા રહ્યા. અઢી વાગ્યા સુધી અમે ત્યાં દુકાને રહેલા. ગીરદી ઓછી પડ્યા પછી અમે દુકાનેથી ગયેલા. પછી અમે ત્રણ સાડા ત્રણ વાગે ઘેર ગયેલા.

ઉલટ તપાસ નથી.

કોર્ટના સવાલમાં—કોઈ પાલખીવાળા સાથે કે ન્યાયાધીશ સાથે અમારે વાતચીત થઇ નથી. જે પોલીસના માણસો સાથે હતા તેને મેં ઓળખ્યા નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૨૭ ફેબરવારી સને ૧૯૦૮.

કુનજીલાલ છગનલાલની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૩૧.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ પ્રાણજીવન છે. | મારી ઉમર આશરે વરસ ૫૩ ની છે, |
| મારા બાપનું નામ રણછોડ છે. | મારો કસબ નોકરીનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | હું હાલ તળાજામાં રહું છું. |
| મારી જાત શ્રીમાળી બ્રાહ્મણની છે. | |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

હું તળાજામાં તાલુકા સ્કુલ માસ્તર છું. પહેલાં હું ગઢડામાં હતો. ગઢડામાં હું સં. ૧૯૩૫ ની સાલથી સંવત ૧૯૫૩ ની સાલ સુધી અને પછી બીજી વખત સંવત ૧૯૬૦ ની સાલથી સંવત ૧૯૬૩ ની સાલ સુધી ગઢડામાં હતો. એ બધું મળીને હું ગઢડામાં રહેલો તે ઘણી વખત ભાદરવા સુદ ૧૧ ના રોજનો મંદીરનો વરઘોડો જોયો છે. વરઘોડો દરબાર અંદરની બારીએથી બનો વખત મંદીરેથી જતાં જોએલો. વરઘોડામાં બે પાલખી હોય છે. જ્યારે મહારાજ ગામમાં હોય ત્યારે એક પાલખીમાં ઠાકોરજી અને એક પાલખીમાં ગણપતી હોય છે. અને મહારાજ ગામમાં ન હોય, ત્યારે બંને પાલખીમાં ઠાકોરજી બેસારે છે. હું ગઢડામાં હતો તે દરમીયાન મહારાજ દશ બાર વખત વરઘોડાને દીવસે ગઢડે હતા. વરઘોડો ત્યાંથી નીકળી જાય અને ગીરદી ત્યાંથી ઓછી થાય ત્યારે અમે ટુંકે રસ્તે નદીએ મેળો જોવા તથા દર્શન કરવા જતા. એ ટુંકો રસ્તો મસીદ આગળ થઇને ગઢાળીની બારી આગ-

જ થયુંતે છે. ગણુપતી હોય ત્યારે ગણુપતી અને નાના લાલજીને હોડીમાં ફેરવે અને ગણુપતી ન હોય તો પાલખીમાંથી નાના લાલજીને લઇ ફેરવે પછી ક્રીયા થઇ રહયા પછી ગણુપતીવાળી પાલખીને ઢુંકે રસ્તે મશીદ તરફ રવાને કરતા અને મોટી પાલખી ઠાકોરજીવાળી ચાલતાં ચાલતાં સહીત ભટકીને ઝાંપે થઇને લઇ જતાં. જે સાલમાં ગણુપતી હોય તે સાલમાં ગણુપતીને પધરાવ્યા પછી તે પાલખી મશીદ તરફ થઇને જાય. તેમાં વખતે નાના લાલજી હોય, ને વખતે ન પણ હોય અને ગણુપતી ન બનાવ્યા હોય તો એ પાલખીમાં મોટા ઠાકોરજીને બેસારે. એ મોટા ઠાકોરજી સણુગારેલા હોય. નાના લાલજી બેઠા હોય તે સણુગારેલા હોય નહીં. એ પાલખી ઉપાડવામાં સાધુ, બ્રહ્મચારી હતા. એ પાલખી સાથે હરીભકતો હોય તથા પોલીસના માણુસો પણ હોય. એ હરીભકતો તો રસ્તે જનારા તે છે અને કોઇવાર પાલખી સાથે પોલીસના માણુસો નથી રહેતાં. એ પાલખી સાથે કોઇ વાર વાજીંત્ર રહેતું નથી. નદીએથી બનું જોઇને મશીદને રસ્તેથી મારે ઘેર કે દરબારી ઉતારામાં જતો. સંવત ૧૯૬૦ થી સંવત ૧૯૬૩ ની સાલ સુધી હું ગઢડે હતો, તે સાલમાં ફકત એકજ વખત સંવત ૧૯૬૨ ની સાલમાં વરઘોડો મેં જોયેલો. સંવત ૧૯૬૨ ની સાલમાં બે પાલખી હતી, તે બંનેમાં ઠાકોરજી હતા, તે સાલમાં હું નદીએ ગયેલો. નદીમાં નાના ઠાકોરજીને ફેરવ્યા પછી ઠાકોરજીવાળી પાલખી મશીદને રસ્તે રવાને થએલી. એ પાલખી રૂપાની હતી. એ પાલખી સાથે સાધુ બ્રહ્મચારી પાલખી ઉપાડનારા તે હતા, અને એ પોલીસના માણુસો હતા. તે સાલમાં હું નદીએથી ઉતારે ગયેલો. તે સાલમાં બીજી પાલખી ભટકીના ઝાંપા તરફ ગયેલી.

ઉલટ તપાસ—હું મંદીરનો ધરમ પાળતો નથી. હું ધરમ પાળતો નથી તો પણ હું દર સાલ નદીએ માણુસની મેદની જોવા માટે જતો હતો તથા ઠાકોરજીના દરશન કરવા જતો જે જોવાનું છે તે નદીએજ છે તેથી પાછા ફરતાં હું ઢુંકે રસ્તેજ આવતો હતો. સંવત ૧૯૩૫ થી સંવત ૧૯૬૧ સુધી તો દર સાલ મહારાજ ગઢડે આવતા તે પછી કઇ કઇ સાલમાં આવતા તે મને ખબર નથી. મેડીની બારીએથી હું વરઘોડો જોતો. એ પાલખીમાંના ઠાકોરજી બારીએથી પણ જોઇ શકાય. મશીદ આગળ હાલ જે રસ્તો પહોળો છે તેટલોજ પ્રથમ પહોળો હતો. મશીદેથી નદી સુધી જવાનો રસ્તો હાલ જેટલો પહોળો નહોતો પણ ત્રણ માણુસ એક સાથે ચાલી શકે તેટલો પહોળો હતો. એ સાંકડા રસ્તામાં ખાડાખડીયું હતું તથા ઉંચા નીચો હતો તથા ખડક બહુ હતા. ત્યાં આગળ કોઇ બંગીવાનું ઘર નહોતું. એ સાંકડા રસ્તા ઉપર કોઇ ઘર નહોતું. ત્યાં નકટીના ટોરા ઉપર કોઇ ઘર નહોતું. નદીએ જે લાલજીની ક્રીયા થતી ત્યાંથી દશ બાર હાથ છેટે અમે બેસતા હોડીમાં લાલજી અને ગણુપતીને ફેરવતા તે સાથે પોલીસનું માણુસ રહેતું. મેં એ વરઘોડામાં કોઇ દીવસ તાવદાન જોયું નથી. સંવત ૧૯૩૫ થી સંવત ૧૯૫૩ સુધી કોઇ દીવસ મેં રૂપાની પાલખી વરઘોડામાં જોઇ નથી. મશીદ આગળથી હાલ જે રસ્તો સુધરેલો છે તે સંવત ૧૯૫૩ સુધી સુધરેલો નહોતો. નદીએથી પહેલી પાલખી મશીદ તરફ જતી ઉપડતી અને પછી બે ચાર પાંચ મીનીટે ભટકીના ઝાંપા તરફ જતી પાલખી ઉપડતી. નદીએથી બે પાલખી જુદી પડવાનું શું કારણ તેની મને ખબર નથી. મંદીરને આથમણે ઝાંપેથી રામજી

મંદીર આગળ થઇને નદીએ જ્યાં દીવા થાય છે ત્યાં જવું હોય તો પણ તેના કરતાં ઉગમણે ઝાંપેથી મશીદ આગળ થઇને જાય તો તે રસ્તો ટુંકો છે. એ આથમણા ઝાંપા આગળ થઇને રામજી મંદીર આગળ થઇને નદીએ ઘણી વખત ગયો હઇશ. એ આથમણે ઝાંપેથી રામજી મંદીર આગળ થઇને છુવા ખાચરની ડેલી આગળ થઇને નદીએ જ્યાં દીવા થાય છે તે વચ્ચે કેટલું છેટું છે તે હું કહી શકતો નથી. ઉગમણે ઝાંપેથી મશીદ આગળ થઇને એ રસ્તે આવતાં કેટલું છેટું થાય તે પણ હું કહી શકું નહી. જે સાલમાં ગણુપતી થયા હોય તે સાલમાં નદીએથી મશીદ તરફની પાલખીમાં કેટલીક વખત નાના લાલજી હોય ને કેટલીક વખત ખાલી હોય એવી પાલખો ખાલી કેટલાક વખત અને નાના લાલજી સાથે પાલખી કેટલા વખત ગયેલી તે હું કહી શકું નહીં, જે વખત મશીદ આગળથી જતી પાલખીમાં નાના લાલજી ન હોય તે વખત નાના લાલજીને બકેલીના ઝાંપા તરફ જતી પાલખીમાં બેસારે છે. વરઘોડો ગણુપતીવાળો નીકળે તે વખતે નાના લાલજીને મોટા લાલજી સાથે પાલખીમાં બેસારે છે. સંવત ૧૯૫૩ ની સાલ સુધી જે બે પાલખી વરઘોડામાં નીકળતી તે જાતમાં દેખાવમાં અને કીંમતમાં બધી રીતે સરખી હતી, એટલે ગણુપતી ન બનાવ્યા હોય ત્યારે નાના લાલજીને ગમે તે પાલખીમાં બેસારતા. ગણુપતી ન બનાવ્યા હોય ત્યારે સંવત ૧૯૫૩ ની સાલ સુધીમાં એ નાના લાલજી કોઇવાર જે પાલખી બકેલીને ઝાંપેથી પાછી ફરે તેમાં બેઠા હતા, અને કોઇ વાર મશીદ આગળ થઇને પાછી પાલખી ફરે તેમાં બેઠા હોય. નદીએ જતી વખત વરઘોડામાં જે પાલખીમાં નાના લાલજી બેઠા હોય તેજ પાલખીમાંજ નાના લાલજી બેસે કે બીજી પાલખીમાં પાછા આવતાં ફેરવી નાંખે તેની મને ખબર નથી. બે પાલખીમાં બે ઠાકોરજી મોટા બેઠા હોય, તે એકજ જાતના હોય કે બીજી જાતના તેની મને ખબર નથી. કારણ કે મેં પાસે જઇને જોયા નથી. નાના લાલજી માટે આવા અનીયમીતપણાના કારણની મને કોઇ ખબર નથી. મશીદ આગળથી પાછી ફરતી પાલખી સાથે પોલીસના માણસો કેવા કેવા પ્રસંગમાં હોય ને કેવા પ્રસંગમાં ન હોય તે હું કહી શકતો નથી. એટલી બે વાગ્યા સુધીમાં નદીએથી મશીદ તરફ જતી પાલખી પાછી ફરતી. મશીદ તરફ પાછી ફરતી પાલખી સાથે વાજું વાગ્યું શા માટે રાખતા નથી તેની મને ખબર નથી. સંવત ૧૯૬૨ ની સાલમાં મશીદ પાસેથી પાછી ફરતી ખાલી પાલખી સાથે બે પોલીસના માણસો હતા. (આ વખત સાક્ષીને કોરટે પુછ્યું કે ખાલી પાલખી એટલે શું ત્યારે સાક્ષીએ કહ્યું કે નદીએથી પાછી ફરતી માટે મેં ખાલી પાલખી લખાવી છે એમાં ઠાકોરજી હતા એમ તો મેં અગાઉ કહ્યું છે) સંવત ૧૯૬૩ ની સાલમાં મોહરમના વખતમાં હું ગઢડામાં હતો, તે અરસામાં ત્યાં નાટકની કંપની આવી હતી ત્યાં પીપળા પાસે શંકરની દેરી છે તેનો ઓટલો બંધાવવાને માટે એ કંપનીએ એક ખેલ ધરમાદનો કર્યો હતો. એ ખેલની ટીકીટ; ખપાવવામાં હું હતો નહી તેનો કંટ્રાક્ટ કોઇએ લીધો નથી. તે ટીકીટ ખપાવવાનું કામ તાનચંદ કામદાર કરતા તેની સાથે બીજા કોઇ હતા કે નહીં તે ખબર નથી. હું નાટક જોવા ગયો હતો, તે જોવા ટુલશંકર શાસ્ત્રી આવેલા કે નહીં તે મને યાદ નથી. અંબારામ જમાદાર એ ખેલ જોવા આવ્યા હતા ગઢડાની મ્યુનીસીપાલીટીમાં હું મેમ્બર હતો. મશીદ પાસેનો રસ્તો શરૂ કરીને દુકાન તોડીને પહોળો કર્યો છે કે

નહીં તેની મને ખબર નથી. સંવત ૧૯૫૩ ની આખર સુધી તો મશીદ પાસેનો રસ્તો સુધરેલું હું જાણતો નથી.

ફરી તપાસ—મંદીરનો આથમણો ઝાંપો બંધ રહે છે. વપરાતો નથી.

કોર્ટના સવાલમાં—સંવત ૧૯૬૦ ની સાલમાં જાળીલાણી પછી ગઢડામાં આવેલો. સંવત ૧૯૬૧ ની સાલમાં હું ગઢડામાં નહોતો, સંવત ૧૯૬૩ ની સાલમાં મારે ત્યાં મેમાન હતા તેને ફરાળ કરાવવા ઘેર રહેલો. સંવત ૧૯૬૩ ની સાલમાં મેળો જોવાની કે દરશન કરવાની ઇન્તેજારી થઇ નહોતી. સંવત ૧૯૬૩ ની સાલમાં વરઘોડો પડીકે પછી નીકળશે એમ હતું, પછી તો વરઘોડો નીકળેલો. ફરાળ કરી રહયા પછી નદીએ ગયેલાનો તોફાનનો બુંબાટ સાંભળ્યો. પછીથી કહે છે કે વરઘોડો નીકળી ગયા પછી નદીએ ન જવાનું કારણ નથી. સંવત ૧૯૬૧ ની સાલમાં હું ક્યાં સુધી રજા ઉપર હતો તે યાદ નથી, એ વખતે હું બે ચાર દીવસની રજા ઉપર હતો, પછીથી કહે છે કે કેટલી રજા ઉપર ફેબ્રુઆરી કે હકની તે યાદ નથી. સંવત ૧૯૬૧ ની સાલમાં વરઘોડાને દીવસે હું ગઢડામાં નહોતો, એ તો બોલું છે. સંવત ૧૯૬૦ માં ભાદરવા શુદ ૧૩—૧૪ ગઢડે હાજર થયેલો. સંવત ૧૯૩૫ થી સંવત ૧૯૫૩ સુધીમાં વરઘોડાને દીવસે દરસાલ હું ગઢડામાં હતો, તે ખાત્રીથી કહી શકું નહીં. તે દરમીયાન વરઘોડાના કેટલા દીવસ હું ગઢડામાં હતો, તે ચોકસ કહી શકું નહીં. નદીએ ક્રીયા થઇ રહે એટલે માણસો તરત પાછા ફરવા માંડતા. તે બધી ગીરદી થઇ રહે ત્યારે પાલખી ત્યાંથી ચાલવા માંડતી, અને ગીરદીમાં ન જવા સારૂ તે પછે હું ચાલતો. ભડલીને ઝાંપે થઇને કાંઇ ગીરદી હોતી નથી. નદીએથી પાલખી ઉપાડતી વખતે કયે રસ્તે કઇ પાલખી લઇ જવી એ કોઇ કહેતું કે નહીં તેની મને ખબર નથી. ભડલીના ઝાંપા તરફ જતી પાલખી સાથે પોલીસના બે માણસો રહેતા, જમાદાર હવાલદાર ભડલીના ઝાંપા તરફ જતી પાલખી સાથે રહેતા. મશીદ તરફ જતી પાલખી સાથે બે સીપાઇઓ રહેતા. સંવત ૧૯૬૩ ની સાલમાં જે મેમાનને હું ફરાળ કરાવવા રહ્યો હતો તે તો બૈરાં હતાં. મંદીરના કોઇ કારભારી કે મુસદી નોકરો નદીએથી પાછી ફરતી પાલખી સાથે રહેતા નહીં, ફક્ત પાળા નોકર રહેતા. નદીએથી પાછા ફરતાં બંને પાલખી સાથે પાળાઓ રહેતા. પાછા ફરતાં ભડલીના ઝાંપા તરફ આવતો વરઘોડો મેં કોઇવાર જોયો નથી. મશીદ તરફ પાછી ફરતી પાલખી સાથે લાલજીને મેં બે ચાર વાર જોયા છે. તે હરીભક્ત તરીકે બીજા માણસો જતા એમ જતો. પાલખી સાથે સાધુ, બ્રહ્મચારી અને પોલીસના માણસો રહેતા તેમ લાલજી લજેકા કોઇવાર રહ્યો નથી. વરઘોડામાં આચાર્યજી નીકળતા, તે ઘોડા ઉપર કે ઘોડાગાડીમાં નીકળતા, નદીએ વરઘોડામાં જતી વખત નાના લાલજી દરે વખત પાલખીમાં રહેતા, તે તો હું ખાત્રીથી કહું છું. ગણપતી ન બનાવ્યા હોય ત્યારે વરઘોડામાં બે પાલખી અને બે ઠાકોરજી લઇ જવાનું કારણ હું કહી શકતો નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૭ ફેબ્રુઆરી સને ૧૯૦૮.

૬ પ્રાણજીવન રણછોડ સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૩૨

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારું નામ ગોપાલજી છે. | મારી ઉમર આશરે વરસ ૪૦ની છે. |
| મારા બાપનું નામ મૂળજી છે. | મારો ધંધો નોકરીનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | હું ગઢડામાં રહું છું. |
| મારી જાત ગરાશીયાની છે. | |

ફોજદારીના હકીકતના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગઢડા પોલીસમાં હવાલદાર છું. ગયા ભાદરવા શુદ ૧૧ ના દીવસે હું સ્વામીનારાયણના વરઘોડા સાથે ગયો હતો. હું મંદીરેથી વરઘોડામાં ગયો હતો. વરઘોડામાં ચાર પાંચ પોલીસના માણસો હતા તેમાં ભગવાનસીંગ, સેવક, અમરો, એટલા સીપાઇ, હું અને લક્ષ્મીશંકર હવાલદાર અને જમાદાર અંબારામ એટલા હતા. વરઘોડામાં બે પાલખી હતી. એક રૂપાની ને એક સોની એ દરેક પાલખીમાં ઠાકોરજી હતા. પછી અમે વરઘોડામાં નદીએ ગયેલા. વહાણુંમાં ઠાકોરજી ફરી રહ્યા પછી અંબારામ જમાદારે મને, લક્ષ્મીશંકર હવાલદારને તથા ભગવાનસીંગ, અમરો અને સેવક સીપાઇને હુકમ કર્યો કે ખાલી પાલખીને મંદીરે જઇ પહોંચાડી આવો.

સવાલ—એ પાલખી ખાલી ત્યારે તેમાં કોઇ હતું ?

જવાબ—હા નાના ઠાકોરજી હતા.

હુકમ જમાદાર આપીને થોડા આગળ ચાલ્યા ગયા. પછી હું, લક્ષ્મીશંકર હવાલદાર, અમરો અને સેવક પાલખી લઇને ભાઇશંકર વકીલના ઘર આગળ પહોંચ્યા. અમે પાંચ જણા એ પાલખી સાથે ચાલેલા, તેમાં ભગવાનસીંગ પણ હતા. (આ વખતે સાક્ષીને પુછ્યું કે તમે બે જણા કહ્યું કે કેટલા ચાલેલા, ત્યારે સાક્ષી બોલેલો કે અમે ચાર જણા ચાલેલા, અને નામ પુછતાં તેણે પાંચનાં નામ જણાવેલાં) ભાઇશંકર વકીલના ઘર પાસે અંબારામ હતા ને અંબારામ પણ અમારી ભેગા ચાલેલા. ભાઇશંકરના ઘરથી અંબારામ અમારી ભેગા ચાલ્યા નહોતા. પણ તે મસીદ આગળ અમારા ભેગા થઇ ગયેલા. મસીદ આગળ પાલખી આવી ત્યારે હું પાલખીની ડાબી બાજુએ હતો, હું મસીદની સામી બાજુએ હતો, અમરો અને સેવક પાલખીની આગળ ચાલતા હતા અને જમાદાર અને લક્ષ્મીશંકર અને ભગવાનસીંગ મસીદ તરફ ચાલતા હતા. પાલખી સાધુ બ્રહ્મચારીએ ઉપાડી હતી, પાલખીની જોડે સાધુ, બ્રહ્મચારી અને પોલીસના માણસો સીવાય બીજું કોઇ ચાલતું નહોતું. અમે મસીદના બારણા આગળ આવ્યા ત્યાં બજારના નાકા આગળ બહુ ભીડ થઇ એટલે હું આગળ ચાલીને ત્યાં પહોંચ્યો. ત્યાં પછવાડે ચીચીઆરો થયો. ચીચીઆરો થયો એટલે મેં પાછું ફરીને જોયું તો દાદામીયાંએ પાલખી ઉપર હાથ નાંખ્યો હતો (સાક્ષીએ ઉમેર્યું કે તેણે કાંઇ લીધું કે નહીં તે મને સાંભર નથી) ચીચીઆરામાં મેં કાંઇ જોયું નથી. પછી જમાદારે, લક્ષ્મીશંકરે અને વાલજી ગોરાએ મને હુકમ કર્યો કે તમારે પાલખી સાથે મંદીરમાં જવું. તેથી હું પાલખી સાથે મંદીરમાં ગયો. મસીદ આગળ બીજું કાંઇ મેં જોયું નથી. હું પછી ત્યાં રોકાયો પણ નથી. મંદીરે પહોંચ્યા પછી

હું દરવાજે રહ્યો, અને પાલખી અંદર લઈ ગયા. પાલખી ભંડકમાં મુકવા લઈ ગયા, હું દરવાજે ઉભો રહ્યો નહોતો પણ ભંડક સુધી ભેગો ગયો હતો. પાલખી બહાર ઉતારી હતી. પછી એ પાલખી ઉપાડી લાવનાર પાલખીવાળાએ પાલખી તપાસી તો એમાં કાંઇ ઘુમખું નથી મેં તે વખતે કહેલું કે ઘુમખ કોઇએ લીધું છે, એમ મને ખબર નથી. પછી પાલખી ઉપાડનાર સાધુ તથા મંદીરના બીજા સાધુ ત્યાં આવી પહોંચેલા, તેણે તથા લાલજીએ મને કહ્યું કે અંહી કોઇ સીપાઇ નથી, માટે તમે દરવાજે રહો. તેથી હું બે અઢી કલાક સુધી તોફાન બંધ પડ્યું ત્યાં સુધી દરવાજે રહેલો, પછી હું આશરે દોઢ વાગે ફોજદારીમાં ગયેલો.

ઉલટ તપાસ—બજારમાં બે રસ્તા ભેગા થાય છે ત્યાં હું હતો, અને પાલખી મશીદના દરવાજા આગળ હતી. એ વચમાં પાંચ કદમનું છેટું છે. પાલખી મશીદના દરવાજાની સામે હતી. હું બજારમાં ઉભો હતો ત્યાં અને પાલખીના વચમાં માણસની ગીરદી ઘણી હતી. મારી અને પાલખીની વચમાં દશ પંદર માણસ હશે. અને પાલખીની ફરતું ઘણું માણસ હતું. મેં કોઇને ઓળખ્યા નથી. હું તે પહેલાં પાંચ છ મહીના પહેલાં આવેલો. અમે નદીએથી મશીદ પાસે પાલખી લઈ આવી પહોંચેલા ત્યારે દોઢ વાગ્યાનો વખત હતો. મંદીરને દરવાજે હુ કલાક દોઢ કલાક બેઠો હતો. મંદીરેથી ફોજદારીમાં ગયો ત્યારે બે વાગ્યા હશે. હું દરવાજે રહ્યો ત્યારથી કોઇને અંદર જવા દેતો નથી, તેમ મંદીરમાંથી કોઇને બહાર જવા દેતો નથી પાલખી મંદીરમાં લઈ ગયા પછી મંદીરમાંથી મેં કોઇને બહાર જવા દીધા નથી. લાલજી મંદીરે પાલખી ભેગો આવ્યો તે પછી હું ફોજદારીમાં ગયો ત્યાં સુધી એ લાલજી મંદીરમાંથી બહાર ગયા નથી. હુ અહ્દ આવ્યો ત્યારથી હાફમીયાંને ઓળખું છું. અમે પાલખી મંદીરે લઇ ગયા તેમાં નાના લાલજી વગર શણગારેલા હતા, તે મેં બરાબર જોયું છે. વરઘોડો મંદીરેથી નદીએ ગયો ત્યારે તે સાથે પોલીસના માણસોમાં હુ, જમાદાર, લક્ષ્મીશંકર, ભગવાનસંગ, અમરો અને સઇદ બેઠેલા હતા. બીજું કોઇ નહોતું. નદીએથી બપોરના આશરે ૯૨૨ એ પાલખી ગઇ તે સાથે કાળુભાઇ અને મેપુજી હતા. નદીએ વરઘોડો મંદીરેથી આવ્યો તે વખત મેપુજી અને કાળુભાઇ વરઘોડામાં હતા, તેવું મેં ઉપર લખાવ્યું છે. નદીમાં વહાણમાં ઠાકોરજીને ફેરવતા હતા તે વખત વહાણમાં ઠાકોરજીને ફેરવતા ત્યારે જમાદાર અને લક્ષ્મીશંકર વહાણમાં સાથે ફરતા હતા, હું અને બીજા પોલીસના માણસો કાંઠે રહ્યા હતા. જમાદાર બાઇચંદને ઓટલે બેસી પાણી પીતા હતા અને તેની તબીયત સારી હતી. નદીએ પણ જમાદારની તબીયત સારી હતી. બાઇચંદને ત્યાં જમાદાર પાણી પીતા હતા ત્યારે પાંચ દશ જણા બેઠા હતા તેમાંના કોઇને મેં ઓળખ્યા નથી. તે ઓટલા ઉપર છાંયો પડેલો હતો બાકી તડકો હતો. એ ઓટલા ઉપર છાપરૂં નહોતું. મંદીરમાં શ્રીમહારાજ છે, તેમને હું ઓળખું છું. તે મંદીરની ટેલીએ આવ્યા નહોતા. મશીદ તરફ આવતી પાલખી સાથે ધોળા લુગડાવાળા બે ત્રણ ચાર પથ્થા હતા, એ પણ પાલખીને મશીદ તરફને પડખે ચાલતા હતા. ગઇ સાલના મહોરમમાં હું અહ્દ નહોતો. મશીદને અડકે દરવાજે ચોકીએ હું બેઠો છું. લાલજી જેઠા પાલખીના મશીદના ભાગમાં હતા. દીવીઆરો પડ્યો ત્યારે પાલખી મશીદના દરવાજાથી ચાર પાંચ હાથ આગળ તરફ હતી.

ફેર તપાસ નથી.

કોર્ટના સવાલમાં—અમરો અને સૈયદ હંકારતા હતા તો પણ હું આગળ પહોંચેલો હું પાલખી મંદીરે લઈ ગયો, ત્યારે અમરો અને સૈયદ મારી ભેગા આવ્યા નથી. અમે નદીએથી પાલખી લઈ આવ્યા ત્યારે બડથી તરફની પાલખી નદીએજ રહેલી, આવવા માંડી નહોતી. એ પાલખી ક્યારે આવવા માંડેલી તેની મને ખબર નથી. મસીદ તરફની પાલખીમાં નાના ઠાકોરજી હતા, તે મેં જોયું હતું, તેમાં મોટા ઠાકોરજી નહોતા. લક્ષ્મીશંકર હવાલદાર અમારી ભેગો નદીએથી ચાલેલો. અમે નદીએથી આવ્યા ત્યારે બડથી તરફની પાલખીમાં એક ઠાકોરજી શણગારેલા હતા. વરઘોડો મંદીરેથી નદીએ ગયો, ત્યારે એક પાલખીમાં મોટા ઠાકોરજી શણગારેલા હતા, અને બીજી પાલખીમાં સુંઢવાળા ગણપતી અને વગર શણગારેલા નાના ઠાકોરજી હતા. ગણપતીને નદીમાં પધરાવી દીધા હતા. એ તોફાનને દીવસે મંદીરના મહારાજ ગડદામાં નહોતા. હું ગુજરાતનો રહીશ છું. આ વખત પહેલોજ ગડદામાં આવેલો છું. પોલીસના માણસો શીવાય ગડદામાં હું બીજા કોઈનાં નામ જાણતો નથી. ફક્ત વાલજી, હાલમીયાંને ભાઈશંકર વકીલનાં નામ જાણું છું. બીજા કોઈ વકીલનાં નામ જાણતો નથી. વહીવટખાતાના સીપાઈનાં નામ હું જાણતો નથી. ન્યાયખાતાના પટાવાળાઓમાંથી એકલા દાદા મીયાંનું નામ જાણું છું. બીજા કોઈનું નામ જાણતો નથી. આ કામના તહોમતદારો પૈકી કોઈ મસીદ આગળ હતા કે નહીં તેમને ખ્યાલ નથી. તે તહોમતદારોમાં હાલમીયાં છે, મસીદ પાસેથી આવતી પાલખી સાથે વાજું વાગ્યું નહોતું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે,

તા. ૨૭ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ મેળતાજી સવજીની સહી દા. સવાઈલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૬૩

હું મારા દીન ઈમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

મારું નામ સૈયદ છે. મારા બાપનું નામ હમદ છે.

મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત આરબની છે.

હું હાલ ગડદામાં રહું છું. મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે.

મારો કસબ નોકરીનો છે.

ફરીઆદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગડદા પોલીસમાં બે વરસથી સીપાઈ છું. ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ રવજી નારાયણજીનો વરઘોડો ચડ્યો ત્યારે હું ગડદામાં હતો. એ વરઘોડા સાથે હું મંદીરથી ચાલેલો. વરઘોડામાં બે પાલખી હતી, એ બે પાલખીમાં શું હતું તે ખ્યાલ કરી મેં જોયું નથી. વરઘોડો નદીએ ગયો ત્યારે તેમાં પોલીસના માણસોમાં એક જમાદાર, બે હવાલદાર અને ઘણુ સીપાઈ એકઠા હતા. નદીએથી પછી ફરવાની પાલખી મસીદને રસ્તે થઈ મંદીર તરફ આવેલી, તે સાથે હું ગયેલો. પાલખી મસીદે આવી, પછી ત્યાં કાંઈ થયું નહોતું. મસીદેથી

પાલખી મંદીરે ચાલી ગયેલી, હું પણ એ પાલખી સાથે મંદીરે ગયેલો. મંદીરે પાલખી મુકીને હું ઉતારામાં આવ્યો અને ઉતારેથી મારે પેર ચાલ્યો ગયો.

ઉલટ તપાસ—મસીદે પાલખીને કોઈ અટકાવ્યું નહોતું.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—વરઘોડામાં ત્રણ સીપાઈ હતા, તે અમરો કહોર, હું અને ભગવાનસીંગ હતા. રૂપાની પાલખી સાથે હું, અમરો અને બે હવાલદાર મસીદને રસ્તે આવ્યા, ભગવાનસીંગ પણ અમારી ભેગો આવેલો, તે પાલખીની પછવાડે રહેલો, બીજી પાલખી સાથે જવા સારૂ નહીંએ કોઈ માણસ રહ્યું નહોતું. એ રૂપાની પાલખી સાથે પાછા ફરતાં કોઈ વાજતું ગાજતું નહોતું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૨૭ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ સૈયદ ઉમદની સહી દા. પોતાના.

મારા રૂબરૂ સોગન ઉપર<br>
( સહી ) વામનરામ કપીલરામ<br>
ન્યાયાધીશ.

## આંક ૩૪

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ હરેસુર છે.

મારા બાપનું નામ અલીગ છે.

મારો ધર્મ હીંદુનો છે.

મારી જાત કાઠીની છે.

મારી ઉમર આશરે વરસ ૫૫ ની છે.

મારો ધંધો ગીરાસ ખાવાનો છે.

હું શ્રીંઆવદર પ્રાં. બોટાદમાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ હું ગઢડે ગયો હતો. આશરે નવ વાગ્યે હું ગઢડે પહોંચ્યો હતો મારે ઉતારેથી બપોરના એક વાગ્યાના અરસામાં હું હું ગામમાં ગયેલો. ભકાતવાળાની દુકાને ગયો, ત્યાં મંદીર તરફ પાલખી ઉતાવળી જતી મેં જોઈ હતી એ પાલખી રૂપાની હતી. એ પાલખી સાથે ૭ માણસ, બે પોલીસના માણસ અને લાલજી જેઠા હતો. પાલખીમાં ઠાકોરજીની મુરતી હતી, પછી હું ઘોડાને માટે ઓસડ લેવા ફરેલો પ્રેમજીની દુકાને ગયેલો, ત્યાં ઉભો હતો, એટલામાં ત્યાં ન્યાયાધીશ સાહેબ ને બે પગવાળા આવ્યા. ન્યાયાધીશ મારાથી ૧૫–૧૬ હાથ છેટે મુસલમાનો સાથે વાત કરતા હતા, શું વાત કરતા હતા તે સાંભળી નથી. ૨૦–૨૧ મુસલમાનો મસીદના ડેલા પાસે ઉભેલા મેં જોયા હતા. તેઓને મેં ઓળખ્યા નથી. તેમાંના કોઈ આ તહોમતવાળામાં છે કે નહી તે હું ઓળખી શકું નહી. પછી મસીદ ઉપરથી નગીનાનો ઘા ન્યાયાધીશની છત્રી ઉપર આવ્યો, પછી લાગલો બીજો ઘા આવ્યો તે એક માણસના ડાબા લમણા ઉપર વાગ્યો, અને લોહી નીકળ્યું, પછી ન્યાયાધીશ સાહેબ બોલ્યા કે બંધ કરો, બંધ કરો, પછી ન્યાયાધીશ સાહેબ પાછા વળી નીકળ્યા પછી મેમણ ફરેલો અને કહ્યું કે ઉઠો હાટ બંધ કરવું છે, તે મેમણ હાટ બંધ ક-

રીને અંદર ગયા, અને હું ન્યાયાધીશની પાછળ ગયો, પછી મોતી ઠક્કરને હાટે જઈને હું બેઠો, પછી અડધી કલાક ત્યાંથી ન્યાયાધીશ અને વહીવટદાર મસીદે ગયા, પછી પા કલાક હું ત્યાં આગળ બેસીને મારે ઉતારે ચાલ્યો ગયો. એ પાલખી સાથે કાંઇ વાજીંત્ર નહોતું.

ઉલટ તપાસ—એ પાલખી ઉતાવળી જતી હતી તેમાં મેં બાલાજીની મુરતી જોઈ હતી. એ મુરતી પોણા હાથ જેટલી હતી. એ મુરતી પાલખીની વચમાં હતી. એ મુરતી શણગારેલી હતી. પાઘડી. દુપટો તેને પેરાવેલા હતા, ઘરેણાં પેરાવેલાં કે નહીં તે મને બરાબર યાદ નથી. એ મુરતીને મુગટ પહેરાવ્યો નહોતો. પાઘડી પેરાવી હતી. પાલખી નીકળી ત્યારે હું દુકાને બેઠો નહોતો, પણ ચાલ્યો આવતો હતો. પાલખી મેં છ સાત હાથ છેટેથી જોએલી, તે વખત હું મકાતવાળાની દુકાનથી આઠ દશ હાથ છેટે દુટાલની ચાલી તરફ હતો. હું હીરજી કામદારને ત્યાં ઉતર્યો હતો, તેનું ઘર દવાખાના પાસે છે. મકાતવાળાની દુકાન ઉઘાડી હતી. તે દુકાને કોણ હતું તે મને યાદ નથી. પાલખી ભેગા પોલીસના બે માણસો હતા, તેને હું ઓળખતો નથી, એક સીપાઇ પાલખીના મોઢા આગળ હતો, ને એક પાલખીને જમણે પડખે હતો. એ પોલીસના માણસો હીંદુ હતા કે મુસલમાન હતા તે મને નેમ નથી. હું કરવેસની દુકાને ગયો એટલામાં લોકો બસેંહની આવજા થતી હતી. એ લોકોની આવજા મસીદ સુધી હતી. એ લોકોને મેં ઓળખ્યા નથી. મસીદના દરવાજાથી પંદર સોળ હાથ છેટે મારી તરફ ન્યાયાધીશ સાહેબ ઉભા હતા. તે વખતે બધા માણસો ત્યાં આવજા કરતા હતા. એ આવજાના માણસોની વચમાં મારગ રહેતો હતો. મારી અને ન્યાયાધીશ વચ્ચે કેટલા માણસો હતા, તે કહી શકતો નહીં. દશ વીશ માણસો હતા. મસીદ આગળ જે મુસલમાન ઉભા હતા તે ન્યાયાધીશથી પંદર સોળ હાથ છેટે ઉભા હતા. ન્યાયાધીશ અને મુસલમાનો વચે પણ માણસો આવજા કરતા હતા. અગાશીમાંથી ઘા જોયો ત્યારે મેં અગાશી તરફ જોયું હતું. ન્યાયાધીશ મારી તરફ મોં કરી બે ત્રણ ડગલાં ચાલ્યા, ત્યાં ઘા આવ્યો હતો. ન્યાયાધીશ બે ત્રણ ડગલાં ભરીને ઉભા રહ્યા હતા, ત્યાં ઘા આવ્યો હતો. ન્યાયાધીશ બે ત્રણ ડગલાં ભરીને શા માટે ઉભા રહ્યા હતા તેની મને ખબર નથી. ન્યાયાધીશની છત્રી ઉપર ઘા આવ્યો ત્યારે તે મોચીના હાટથી પાંચ સાત હાથ છેટે ઉભા હતા. બંધ કરો એમ ન્યાયાધીશે કહેલું, તે શીવાય ઘા આવતી વખતે બીજું કાંઇ કહેલું કે નહીં તે મને યાદ નથી. ન્યાયાધીશની છત્રી ઉપર ઘા આવ્યો કે તરત મેં જોયેલો, તે વખત મેં છત્રી તરફ જોયેલું, જ્યારે બીજો ઘા થયો ત્યારે મેં મસીદ તરફ જોયેલું. હું માણસને ૪૦–૫૦ હાથ છેટેથી જોઇ શકું ખરો. કોઇ અજાણ્યા માણસને પણ હું તેટલે છેટેથી જોઇ શકું ખરો. ન્યાયાધીશની પડખે જે માણસ હતો અને જેને વાગેલું તે ન્યાયાધીશની પાછળ પાંચ છ હાથ છેટે હતો. એ બેની વચેથી પણ માણસ વયા જતાં હતાં. ન્યાયાધીશની સાથે બે પટાવાળા હતા તેને હું ઓળખતો નથી. ન્યાયાધીશ સાથે જમાદાર કે પોલીસના કોઇ માણસને મેં જોયા નથી. તહોમતવાળા હાજીમીયાંને જોઇને કહું છું કે તે ન્યાયાધીશ સાથે હતો કે નહીં તેની મને ખબર નથી. જે માણસને કમખામાં નળીઉ વાગ્યું તેને હું ઓળખતો નથી. રતનશી મુખી અમારા ગામમાં નથી. હું બોટાદના ઝીંઝાવદરમાં રહું છઉં. ગઢડાનું પણ બીજું ઝીંઝાવદર છે. મારે

હીરજી પાસે કેટલુંક વહેપારી કામ હતું, અને ઠાકોરજીનાં દરશન કરવાં હતાં જેથી અગીયા- રસને દીવસે આવ્યો હતો. હું વખતો વખત મેળો જોઉં છું, તેથી આ વખત મારે મેળો જોવાનું કારણ નહતું. હું ઉભો હતો ત્યારે એ ઘા શીવાય વધારે ઘા થયા નથી. દરે- વેસે શું કામ દુકાન બંધ કરી તેની મને ખબર નથી. મને પણ બીક લાગ્યાથી હું ન્યાયાધીશની પાછવાડે ગયો હતો. મોતી ઠક્કરનું હાટ અપાસરા પાસે છે. એ હાટ અપાસ- રાની જોડાજોડ છે કે નહીં તેની મને ખાત્રી નથી. મોતી ઠક્કર મારો ઓળખીતો છે તેથી સુવારે તેને હાટે બેઠો હતો. હું મોતી ઠક્કરને હાટે બેઠો હતો તે દરમીયાન મસીદની આસપાસ ખોલાસ થતો હતો પણ શું થતો હતો તેની મને ખબર નથી, હું બેઠો હતો તે ચોકમાંથી મસીદની આસપાસના છાપરાં દેખાતા નથી પાલખી છએ સાધુએ ઉપાડેલી કે નહીં તે મને બરાબર સાંભરતું નથી. એ પાલખી સાથે કોઈ ફાલતુ સાધુ મેં ભાળ્યા નહોતા ધોળા લુગડાવાળા ભાગા પાલખી વાંસે મારા જોવામાં આવ્યા નથી. આજ જે હું જુબાની આપું છું તે હ- કીકત હાલ સુધી બીજા કોઈને કહી નથી, પણ તોફાનને દીવસે હું ઉતારે ગયો ત્યારે ચત્ર- ભુજ ઠક્કર અને હીરજી કામદારને મેં એ વાત કરેલી એ હીરજી ત્રીકમજી મારો કામદાર છે. ચત્રભુજ ઠક્કરના બાપની મને ખબર નથી. એ ચત્રભુજ મકાતની દુકાને બેસે છે કે નહીં દરવેસની દુકાનેથી હું ઉઠયો ત્યારે આયરોને આવતા મેં જોયા નથી. મોતી ઠક્કરની દુકાનેથી આયરોવાળી શેરી દેખાતી નથી. દરવેસનું નામ અસભાઈ છે તેના બાપના નામની ખબર નથી હું સ્વામીનારાયણનો ધરમ પાળતો નથી.

ફરી તપાસ—ન્યાયાધીશ પાછા પગલે બે ત્રણ ડગલાં ચાલ્યા હતા ફરીને પાછા આ- વ્યા નહોતા.

કોરેના સવાલમાં—હીરજી કામદારને તેઓને બોટાદ વહીવટદારને ત્યાં હીસાબ કરવા જવું હતું પણ હીરજી કામદારે કહેલું કે હાલ મને ફુરસદ નથી પછી હું અને હીરજી આજ સુધી બોટાદ વહી- વટદારને ત્યાં ગયા નથી. હું ચાર વાગે ગઢડેથી મારે ગામ જવા નીકળ્યો. હું ગઢડામાં આવ્યો, ત્યારે હીરજી સાથે મારે વાતચીત થએલી, પછી મેં દરવેસની દુકાનેથી દવા લીધી નથી, તે દવા મેં હાલ સુધી દરવેસને ત્યાંથી લીધી નથી. ભાદરવા શુદ ૧૧ પહેલાં એક મહિના પ- હેલાં હું ગઢડે ગયો હતો, તે વખત હીરજી કામદાર સાથે હિસાબ માટે વાતચીત થઈ નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૨૮ ફેબરવારી સને ૧૯૦૮.

૧ ખાનર હરસર આલેગની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૩૫.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ કલ્યાણ છે, મારી ઉમર આશરે વરસ ૪૨ ની છે.
મારા બાપનું નામ પાંચા છે. મારો કસબ મુખીપણાની નોકરીનો તથા ખેડનો છે.
મારો ધર્મ હીંદુનો છે. મારી જાત લેવા કણબીની છે.
હું જમરાળા પ્રાં. બોટાદમાં રહું છું.

ફરિયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કેઃ—

ગયા ભાદરવા શુદ ૧૧ ની રોજ હું ગઢડે ગયો હતો. દરશન કરવા માટે ગયો હતો. દરબારની ડેલી આગળથી વરઘોડો જોયો હતો, તે વરઘોડામાં બે પાલખી હતી. બંનેમાં ઠાકોરજી હતા. એક પાલખી લાકડાની અને એક રૂપાની હતી. વરઘોડો અને માણસો ત્યાંથી નીકળી ગયા પછી હું મહાદેવને રસ્તે થઇ નદીએ ગયેલો. ત્યાં માણસો બહુ હતા તેથી ધાર ઉપર બેઠેલો. પછી એક પાલખી આથમણે દરવાજે થઇ ગામમાં ગઇ, અને એક પાલખી મસીદને રસ્તે થઇ મંદીરે ગએલી. મસીદને રસ્તે રૂપાની પાલખી ગયેલી, તેમાં ઠાકોરજી હતા બીજું કાંઇ નહોતું. પાલખી સાધુએ ઉપાડી હતી. પાલખી સાથે પોલીસના માણસો હતા. પાલખી સાથે બીજું કોઇ નહોતું. પાલખી ચાલી ગયા પછી પા કલાકે માણસો વયા ગયા પછી વાંસે વાંસે ચાલ્યો, હું મસીદ તરફને રસ્તે ગએલો. મસીદથી ત્રણ ચાર નાડાવા છેટે હું હતો ત્યાં મુસલમાન થોડા માણસને મારતા હતા. મુસલમાન વીસેક માણસો અગાસીમાંથી પથરાના ઘા કરતા હતા, મેં તેમાંથી કોઇને ઓળખ્યા નથી. પછી માણસો પાછા વળવા લાગ્યા એટલે હું દરવાજેથી નદીએ થઇ ખોપાળાના દરવાજેથી મારે ઉતારે ગયેલો, પછી હું કાંઇ જાણતો નથી. મારે ઉતારે બેસી રહેલો.

ઉલટ તપાસ—ઉપર મેં લખાવ્યું તે સિવાય હું કાંઇ જાણતો નથી. ઠાકોરજીને હોડીમાં જળ ઝીલાવતા હતા તે મેં માણસોના વચમાંથી ડોકાઇને જોયેલું. ત્યાં ઉભા રહેવાની જગા નહોતી હું સ્વામીનારાયણનો ધર્મ પાળું છું. જળ ઝીલી રહ્યા ત્યાં સુધી હું નદીએ ઉભો રહેલો નહીં, કોરે ચડી ઉભો હતો. જળ ઝીલવાની જગ્યાથી બે ત્રણ નાડાવા છેટે કોરો છે તે ધાર ઉપરથી હોડી દેખાતી હતી. હોડીમાં બ્રહ્મચારી અને પોલીસના બે ત્રણ માણસો હતા. હોડીમાં બ્રહ્મચારી કેટલા હતા તે યાદ નથી. જળ ઝીલાવતા હતા, તે ઠાકોરજી મોટા કે નાના તે હું છેટેથી જોઇ શક્યો નથી. જે ઠાકોરજીને જળ ઝીલાવ્યું તે ઠાકોરજીને પછી રૂપાની, પછી કહે છે કે લાકડાની, પછી કહે છે કે રૂપાની પાલખીમાં પધરાવ્યા. હોડીમાંથી ઉતારીને તરત પાલખીમાં પધરાવ્યા કે નહીં તે હું જોઇ શક્યો નથી પાલખીમાં પધરાવ્યાનું હું અનુમાનથી કહું છું. તે પછી તરત પાલખી ઉપડેલી. બંને પાલખી સાથે ઉપડેલી, તે વખત હું કોરે હતો. પાલખી ગયા પછી પા કલાક હું કોરે રહેલો. તેમાં પાલખી મારાથી ચાર નાડાવા છેટે ગએલી. પાલખી ગયા પછી પા કલાક મોડું હું કોરે રહેલો.

સવાલ—પા કલાકમાં કેટલું મોડું હતું ?

જવાબ—પા કલાક મોડ મોડ રોકાયેલો.

૨૫, ૨૬, ૨૭, ૨૮ હાથનું એક નાકું થાય. મહાજીની બારી અને મશીદની અડખો-અડખ હું ગયેલો. તે વખત પાલખી તો આગળ વઈ ગયેલી. મારા જોવામાં આવી નહોતી તે વખત સામી બજાર સુધી ૧૫૦ બસેં માણસો વચમાં ઉભા હતા. એ બધા મહાજીની બારી તરફ પાછા વળતા હતા, એટલે નદી તરફથી કોઈ મશીદ તરફ જતું નહોતું. મશીદ તરફ જતાં કોઈ અટકાવતું નહોતું. પા લાગવાની બીકે હું તે તરફ ગયો નહોતો. બાલાશંકર વકીલને હું ઓળખતો નથી. રસ્તામાં બે ચાર મુસલમાનો હતા, તે માણસોને મારતા હતા. કેટલા બસેં માણસોમાંથી કોઈ સામા થયેલા નહોતા. મેં બધાના ચહેરા તો જોયેલા, પણ એટલી વારમાં શી રીતે ઓળખાય. મશીદના બારણા આગળ ઉભેલા ત્રણ ચાર માણસોનાં મોં હું ઉભો હતો ત્યાંથી જોયેલાં, વચમાં માણસો જતા આવતા હતા તેથી જોવામાં કાંઈ નડતર થતી નહોતી. અગાશીના ૧૫–૨૦ જણાના ચહેરા મેં જોયેલા. એ બધા દાઢીવાળા હતા, પણ ઓળખાય નહીં, તેમાં કોઈ ધોળી દાઢીવાળા હતા કે નહીં તે ખબર નથી. અમારા બાપ દાદાના વખતથી અમે એ ધરમ પાળીએ છીએ. ભડકાળી ઉમરાવા બાર ગાઉ થાય. વખતે મેળો જોવા જાઉં અને વખતે ન પણ જાઉં. સંવત ૧૯૬૩. પહેલાં સંવત ૧૯૬૦ ની સાલમાં હું એ મેળો જોવા ગયેલો, તે પહેલા ગયેલો કે નહીં તે યાદ નથી, સંવત ૧૯૬૦ ની સાલમાં પણ હું જતાં આવતાં મશીદને રસ્તેથી નીકળેલો હતો, તે વખતે રૂપાની પાલખી મશીદ આગળથી નીકળી હતી તે વખત કાંઈ તોફાન થયું નહોતું. એ સંવત ૧૯૬૦ ની સાલમાં અંદર પાલખીમાં શું હતું તે યાદ નથી. વરઘોડો ગયો તે વખત પાલખીમાં અમે ઠાકોરજી જોયેલા. એવી રીતે પાલખી પાછા ફરતાં ચાંદીની પાલખીમાં ઠાકોર-જી જોયેલા. રૂપાની પાલખી મશીદ તરફ ગઈ તે ઉપાડવા ૭ સાધુ અને બે ત્રણ પો-લીસના માણસો હતા. એ ૭ એ કોઈ બ્રહ્મચારી હતા કે નહીં તે નક્કી યાદ નથી. ગઈ સા-લમાં બપોરે એક સવા કે દેઢ વાગે પાલખી મશીદ આગળથી નીકળેલી. સંવત ૧૯૬૭ ની સાલમાં એ પાલખી કયે વખતે નીકળેલી તે યાદ નથી. મારા પિતાશ્રી સ્વામીનારાયણને વરે હતો તોફાનને દીવસે મેં વાત જોયેલી તે વાત મેં તે દીવસથી આજ સુધી કોઈને કરી નથી. પછી કહે છે કે તે દીવસ સાંજરે મેં મંદીરમાં સાધુ કે કોઠારીને કહેલી તેનું નામ ખબર નથી દીવસ આથમ્યા વખતે હું દરશન કરવા ગયેલો, તે વખત વાત કરેલી તે વખ-ત મારી જેનું કોઈ નહોતું.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—કોઠારીને મેં મારી જાતે અજરથી વાત કરેલી. તે વખત કોઠારી પાસે બીજું કોઈ નહોતું, હું અને કોઠારી બે જણા હતા, હું અને કોઠારીએ કાંઈ લખી લીધું નહોતું કોઠારીએ કાંઈ જવાબ દીધો નહોતો, જે થયું તે ખરૂં એવો જવાબ દીધો હતો. પાલખી બાબત તેઓ કાંઈ બોલ્યા નહોતા. સંવત ૧૯૬૦ ની સાલમાં મશીદ આગળ થઈને જે રૂપાની પાલખી પાછી ફરી તેમાં ઠાકોરજી હતા તે મોટા ઠાકોરજી હતા બંને પાલખીમાં સરખા ઠાકોરજી હતા. સંવત ૧૯૬૦ ની સાલમાં બે પાલખીમાં ઠાકોરજી હતા, કે એકમાં ગણપતી હતા, તે યાદ નથી. સંવત ૧૯૬૦ ની સાલમાં મશીદ આગળથી પાલખી પાછી ફરી તેમાં ઠાકોરજી હતા કે નહી તે મને સાંભરે નહીં ગઈ સાલમાં વરઘોડામાં ઠાકોરજી બે પાલખીમાં હતા. દરેકમાં એકેક

ઠાકોરજી હતા. તે મને સ્મરણ હતા. મધ સાધ્રમાં વરઘોડો નદીએ ગયો. ત્યારે ઠાકોરજી શી-વાય બીજું કાંઈ હતું કે નહીં તે સાંભરતું નથી. એ બંને પાલખીમાં ઠાકોરજી વેંત વેંત જેવડા હતા. નદીએ હું પાલખી આગળ ગયો નહોતો. પાલખી સામે પડખે હતી, ને વચમાં હોડી હતી પાલખી કીનારે જતી હોડીમાંના ઠાકોરજીને ક્યાં બેસાડ્યા તે જોયું નથી. રૂપાની પાલખીમાં પાઠ કરતાં ઠાકોરજી હતા. તેજ ઠાકોરજી જળ ઝીલવામાં હતા કે નહીં તેની મને ખબર નથી. એ પાલખીમાં મોટા ઠાકોરજી શીવાય કાંઈ નહોતું. લવજી જેઠા કે લાલજી જેઠાને મેં નદીએ ભાળ્યા નથી. તે પાલખી સાથે લવજી કે લાલજીને ભાળ્યા નથી. પાલખી પાઠ કરતા તે સાથે લવજી કે લાલજી કોઈને મેં ભાળ્યા નથી. ગઢાળીની બારીથી બે ત્રણ નાડલા આગળ ગયો, ત્યારે બ્રાહ્મણ પાઠ કરતા બાબેલા, ત્યાં સુધી મેં કાંઈ ધીંગાટ સાંભળ્યો નથી. જે મુસલમાનો મેં અગાશીમાં અને ડેલી આગળ જોયેલા, તેમાંનો કોઈ આંહી તોફાનવાળા માં છે કે નહી તે હું કહી શકતો નથી. મશીદેથી જે લોકો પથ્થર નાખતા હતા. તે અને હું એક સાથે ગઢાળીની બારીએ થઈ નદીમાં થઈ, ખોપાળાને દરવાજે આવ્યા હતા. મુસલમાનો અગાશીમાંથી અને દરવાજા આગળથી મારામારી કરતા હતા, તે ત્યાં આગળ કોઈને વાગેલું કે નહીં તેની મને ખબર નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતા બરોબર હોવાનું કહે છે.

તા. ૨૮ ફેબરૂવારી સને ૧૯૦૮

૧ પરેશ કલ્યાણ વાંચાની સહી દા. પોતાના

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ હરીહરરામ,

ન્યાયાધીશ.

## આંક ૩૬.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ મોહનલાલ છે. મારી ઉમર આશરે વરસ ૩૭ની છે.

મારા બાપનું નામ તારાચંદ છે. મારો ધંધો વકીલાતનો છે.

મારો ધર્મ હિંદુનો છે. હું ગઢડામાં રહું છું.

મારી જાત દશા શ્રીમાળી વાણીયાની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ને દીવસે ગઢડામાં સ્વામીનારાયણનો વરઘોડો નીકળ્યો, તે દીવસ હું ગામમાં હતો. સાડાઅગીયાર વાગ્યે મેં રામજીમંદીરને ખાંચે એ વરઘોડો જોયેલો, વરઘોડા નદીએ જતાં મેં જોયેલો. વરઘોડો જોઈને હું મારે ઘેર ગયો, પછી મંદીર આગળ થઈને કોર્ટમાં લગભગ બાર વાગ્યે ગયેલો. હું કોર્ટની બારીએ મેળો જોવા બેઠો હતો. રૂપાની પાલખી લઈને ચાર પાંચ સાધુઓ મંદીર તરફ ગયેલા, તેની સાથે લાલજી અને બે પોલીસના માણસો હતા, તે વખતે પાલખીમાં કાંઈ હતું કે નહીં તે મેં જોયું નથી. ( સાક્ષી પોતાથી વધારે કહે છે કે વરઘોડો નદીએ ગયો, ત્યારે એ પાલખીમાં ઠાકોરજી હતા. ) પછી ઉતારાના અંદરથી અંબારામ જમાદારે બુમ પાડી કે મને વાગ્યું અને

પાલખી લુંટી, પછી હું તે તરફની કોર્ટની બારીએ જોવા ગયો, ત્યારે અંબારામને ન્યાયાધીશના ચેમ્બરમાંથી દાદરે જતાં મે જોયેલો. પછી વલભ કારકુન પોલીસ કચેરીમાંથી નીકળી ઉતારા બહાર ગયેલા, પછી પાંચેક મીનીટે વલભ ન્યાયાધીશના ચેમ્બરમાં ગયો, પછી ન્યાયાધીશ સાહેબ, વલભ, જીવન પટાવાળો અને જીવન કારકુન અને લક્ષ્મીશંકર હવાલદાર એ બધા ઉતારા બહાર નીકળ્યા. પછી હું આથમણી બારીએથી ઉગમણી બારીએ આવ્યો ત્યારે તેને મશીદ તરફ જતાં જોયા. પછી થોડી વાર થઇ એટલે મેં જોયું તો મુસલમાન લોકો ધા કરવા મંડયા. એ ધા કરનારા આશરે વીશ પચીશ માણસો હતા પછી થોડી વાર થઇ એટલે ન્યાયાધીશ અને જીવન પટાવાળો પાછા ફર્યા. ન્યાયાધીશ સાહેબને આવતા જોઇ હું ઉગમણી બારીએ ગયો, અને કહ્યું કે તોફાન આહીંથી વરતાય છે. માટે જોવું હોય તો પધારો. પછી ન્યાયાધીશ કચેરીમાં આવ્યા, અને તેમણે બારીએથી જોયું. મેં તેમને કહ્યું કે વહીવટદાર સાહેબને બોલાવવા છે, પછી વહીવટદાર સાહેબને તેડાવ્યાથી વહીવટદાર સાહેબ આવ્યા પછી થોડી વારે વહીવટદાર સાહેબ અને ન્યાયાધીશ સાહેબ મશીદ તરફ ગયા, અને હું તો કચેરીમાં બેસી રહ્યો, હું બીજું કાંઇ જાણતો નથી.

ઉલટ તપાસ—મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તોહોમતવાળો છું. પાલખી મંદીરે ગઇ તેની સાથે લક્ષ્મીશંકર અને અમરો હતા, તે પાલખીના કયા ભાગમાં હતા તે ખબર નથી. હું કોર્ટની બારીએ બેઠેલો કે ત્યાં બેઓ કાયમ રહ્યા કરે છે, ત્યાં ઘણા માણસો હતા. એ બધા માણસો ગામના કે પરગામના તે હું કહી શકું નહીં. એ ચાર કે પાંચ સાધુએ પાલખી ઉપાડી હતી, તે શીવાય કોઇ સાધુ બાવા પાલખી સાથે નહોતા. લાલજી પાલખીના કયા ભાગમાં હતો તે ખ્યાલ નથી. મંદીરેથી લાલજી એ રસ્તે પાછા નીકળ્યા નથી. પાલખી ઉપર ઘુમટ હતો, એટલે પાછા ફરતી વખતે તેમાં કાંઇ હતું કે નહી તે મારા જોવામાં આવ્યું નથી. કોર્ટની બારીએથી મશીદની અગાશી તરફ સીધી લાઇનમાં નજરે કરીએ તો સો હાથ છેટું છે. બારીએથી અગાશી તરફ જોઇએ તો અગાશી ઉપર માણસો બરાબર ઓળખી શકાય નહીં. અગાશી ઉપરથી જે ધા કરતા હતા તે બારીએથી મેં તે વખતે તેને મુસલમાન જાણેલા. એ મુસલમાનો અગાશીમાંથી પંદર મીનીટ ધા કરતા મેં જોયેલા. ન્યાયાધીશ સાહેબ પહેલા મશીદે ગયા, ત્યારથી તે તેઓ પાછા ઉતારે આવ્યા, ત્યાં સુધી મુસલમાનોને મેં અગાશીમાંથી ધા કરતા જોયેલા. ધા કઇ બીજાનો કરતા હતા તે ઓળખી શકાતું નહોતું. વલભ કારકુન ઉતારામાંથી બહાર ક્યાં ગયો તેની મને ખબર નથી. વલભ ડેલીની બહાર નીકળેલો કે નહી તેની ખબર નથી. ન્યાયાધીશ સાહેબ પાસે લક્ષ્મીશંકર હવાલદાર ક્યારે આવ્યો તે મેં જોયું નથી. તે ન્યાયાધીશ સાથે ચેમ્બરમાંથી નીકળ્યો ત્યારે મેં તેને જોયેલો. લક્ષ્મીશંકરને કાંઇ વાગેલું જોયું નથી. શું વગાડ્યું અને પાલખી શી રીતે લુંટી તે અંબારામે કહ્યાનું મેં સાંભળ્યું નથી. રાડ પાડીને અંબારામ ન્યાયાધીશની ચેમ્બરમાં ગયેલો. વલભ ન્યાયાધીશ પાસે ગયા. પછી ચેમ્બરમાંથી બે ત્રણ મીનીટે એ બહાર આવેલા. એ બધાને મશીદ તરફ જતાં ચોક સુધી મેં જોયેલા. પછી તે મશીદે ગયાનું મેં અનુમાનથી કહેલું. ન્યાયાધીશ ચેમ્બરમાંથી

ગયા ત્યારે તેમના હાથમાં છત્રી હતી, લાકડી કે ધોકો નહોતો. ન્યાયાધીશ પહેલાં દિલ્હી-માંથી ગયા ને પાછા આવ્યા તે વચમાં દસેક મીનીટ થઇ હશે. ન્યાયાધીશ તો અદાલતથી આવતા હતા, છતાં તોફાન જોવા આવવાનું કહેવાનું કાંઇ કારણ નહોતું. બે અધીકારી ભેગા થઇને જાય તો શાન્ત થાય, એવા કારણસર મેં વહીવટદારને બોલાવવાનું ન્યાયાધી-શને સુચવ્યું. ન્યાયાધીશને બોલાવ્યા પછી એક બે મીનીટે વહીવટદારને બોલાવવાનું કહ્યું હતું. તોફાન જોઇને વહીવટદારે ન્યાયાધીશને કહેલું કે મસીદે જઇએ, ત્યારે ન્યાયાધીશે હા કહેલી. વહીવટદાર આવ્યા પછી બે ત્રણ મીનીટે મસીદ તરફ ગયેલા. તે દીવસે બારેક વાગે કોરટમાં આવેલા. હું કોર્ટમાં પાંચ વાગ્યા સુધી બેઠો હતો, ત્યાં સુધી કોર્ટના નોકરો શીવાય બીજું કોઇ આવ્યું નહોતું, તે આખો દીવસ કોર્ટમાં કામ નહોતું. તે દીવસે હું કોર્ટનો ઉમેદવાર હતો, સેંક્શન રાયટર હતો. દીવાળી પછી કેટલાક મહીને મને વકીલ તરીકે સનંદ મળેલી છે. કોર્ટમાં કામ ન હોય તોય કારકુન અને ન્યાયાધીશ સાહેબ બેઠા હોય ત્યાં સુધી સેંક્શન રાયટર કોર્ટમાં બેસી રહે, તે દીવસે મેં સેંક્શન રાયટર તરીકે કામ કરેલું નથી. વહીવટદાર અને ન્યાયાધીશ બારીએથી જોતા હતા, તે વખત હું અંદરના ભાગમાં હતો. ન્યાયાધીશ અને વહીવટદાર બારીએથી ગયા ત્યારે મેં બારીએથી જોયેલું, તો ૨૦–૨૫ હીંદુઓ મસીદના આસપાસના છાપરા ઉપર ચડીને ઉભા હતા, તેઓ કાંઇ ધાં કરતા નહોતા. અમસ્થા ઉભા હતા. મસીદની અગાશી ઉપર કોઇ હીંદુઓને જોયા નથી. એ છાપરા ઉપરથી હીંદુઓ એક બે મીનીટે ઉતરી ગયેલા હું ઓળખાણના આગે-વાનમાં નથી. ગયા પજુસણથી ગઢડાના હીંદુએ મુસલમાન સાથે વેપાર બંધ કરેલો છે.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—વરઘોડો નદીએ જતી વખત કુવાની પાસેથી ૭ જણાએ ઉપાડી હતી, અને પાછી પાસેથી પણ ૭ જણાએ ઉપાડી હતી. વરઘોડો જતી વખત મેં કોર્ટની બારીએથી જોયો નહોતો. મારા મકાન પાસેથી રામજી મંદીરનો ખાંચો છે ત્યાંથી વરઘોડો નીકળ્યો તે જોયો હતો. વરઘોડો ગયા પછી હું નદીએ ગયો નહોતો. મારે રસ્તે વરઘોડો બજાર અને મંદીરના જોતો હતો, તેથી હું નદીએ ગયો હતો. વરમાં મેળો રહે છે, તેમજ દુકાનદારો દુકાન માંડીને બેસે છે, અને લોકોની આવજા ત્યાં થઇ, સઘળે જાય છે. એ મેળો મારા છોકરાઓને બતાવવાની જરૂર ન લાગી તેથી મેં રામજી મંદીર આગળથી છોકરાને વરઘોડો બતાવેલો. કોર્ટથી મારૂં મકાન નજીકને રસ્તે અસેંક હાથ છેટું છે. તે દીવસે હું જમીને મોડો પરવાર્યો હતો, અને છોકરાને લઇને કોર્ટમાં આવીએ તો મેળામાં છોકરા કચવાઇ જાય, તેથી એકલો કોર્ટમાં આવ્યો નથી. મારા છોકરાને મારે ઓટેથી મેં વરઘોડો અને મેળો બતાવેલો, ત્યાંથી વરઘોડો દેખાય ને મેળો પણ દેખાય. તે દીવસે કોર્ટમાં જવાનું કારણકે કારકુન બેઠા હોય, તેની ભેગા જઇને બેસવું. ગામમાં મેળામાં કે બજારમાં કોઇને મળવાનું કારણ નહોતું. વહીવટદાર સાથે ન્યાયાધીશ મસીદે ગયા, તે વખત ન્યાયાધીશ સાથે તેમના માણસમાં એક કુવર પટાવાળો ગયેલો જોયેલો. બીજા કોણ ગયેલા તે ખબર નથી. ન્યાયાધીશ પહેલા મસીદે ગયા ત્યારે કુવર કારકુન ત્યાંથી સાથે નીકળેલો, તે બેન્ચમાં

ક્યારે ગયેલા તેની ખબર નથી. વહીવટદાર સાથે ન્યાયાધીશ મશીદે ગયા ત્યારે કોર્ટમાં કારકુનો હતા ખરા, પણ કોઇ કારકુન સાથે ગયો નહોતો. તેમ હું પણ સાથે ગયો નહોતો. પાછળથી ઉતારામાં આવી ફરી અંદર ઉભા રહી બુમ પાડી કે મુસલમાનોએ પાલખી ખુંદી અને મને માર્યો, પછી તે ઉપર ગયો. ચેમ્બરમાંથી પાછો અંબારામ પોલીસ કચેરીમાં આવ્યા, ત્યાં હું તેને મળ્યો નથી. પાલખી ઉતાવળી શા માટે લઇ ગયા તેનો મેં તપાસ કર્યો નહોતો. વરઘોડો નદીએ ગયો ત્યારે લાલજી ક્યાં હતા. તે મેં જોયું નથી. વરઘોડો નદીએ જતાં મેં જોયેલો, ત્યારે બને પાલખીમાં ધાતુના ઠાકોરજી હતા. તે બંને એકજ કદના હતા. પણ એકજ ધાતુના હતા કે નહીં તેની ખબર નથી. એ બંને ઠાકોરજીનુ કદ વેંત જેટલું હતું. તે બંને ઠાકોરજીને એક સરખા શણગારેલા હતા કે નહીં તે ખબર નથી. ઘરેણા સીવાય બીજું કાંઇ ઠાકોરજીને પહેરાવ્યું નહોતું દરેક પાલખીમાં એક એક ઠાકોરજી હતા, બીજું કાંઇ નહોતું. એ બે પાલખી આગળ પાછળ ચાલતી હતી, આગળ કઇ પાલખી ચાલતી હતી તે ખ્યાલ નથી. રૂપાની પાલખી મંદીરે પાછી આવી ગયેલી, તેની સાથે કાંઇ વાજીંત્ર નહોતું.

સાહેદીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૮ ફેબરૂઆરી સને ૧૯૦૮

૧ મોહનલાલ તારાચંદની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) ચમનરામ કૃપાલરામ.
ન્યાયાધીશ.

## આંક ૩૭

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારું નામ અંબાલાલ છે. | મારી ઉમર આશરે વરસ ૨૪ ની છે. |
| મારા બાપનું નામ ગોવીંદજી છે. | મારો કસબ ખેતીનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | હું રોહીસાળા પ્રાં. બોટાદમાં રહું છું. |
| મારી જાત બ્રાહ્મણની છે. | |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું છ વરસ પહેલાં ગઢડામાં રહેતો. ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ મેળો જોવાને હું ગઢડે ગયો હતો. આશરે નવ સવાનવ વાગે ગઢડે પહોંચેલો હું મંદીરે દરશન કરીને બજારમાં મેળો ભરાયો હતો ત્યાં ગયો હતો, તે વખત ૧૨ વાગ્યાનો વખત હતો, તે વખત વરઘોડો નીકળેલો મેં ત્યાંથી જોયેલો વરઘોડામાં વાજતાં ગાજતાં સાથે બે પાલખીઓ નીકળેલી, તે બંનેમાં ઠાકોરજીની મુરતીઓ હતી. એક પાલખી લાકડાની હતી અને એક રૂપાની હતી. વરઘોડો ચાલી ગયા પછી હું બજારમાં અડધી કલાક ખોટી થએલો. પછી મશીદ આગળ થઇને નદીએ ગયેલો. ઠાકોરજી જળઝીલતા હતા તે મેં છેટેથી જોયેલું, માણસોની ગીરદી હોવાથી હું નજીક ગયો નહોતો. ફેરા થઇ રહયા પછી ત્યાંથી માણસ વીખરાઇ ગયું પછી હું ચાલેલો હું ચાલેલો ત્યાં પાલખીઓ નદીએ હતી. મહાજીની વાડીએ હું પા કલાક

મોટી થયેલો, ત્યાં મને એક ઓળખીતો મળ્યો હતો. મશીદ આગળ થઇને હું ત્યાં આગળ ચાલતાં મોચીની દુકાન આગળ એક છગન ભોજાની દુકાન છે ત્યાં હું કેળાં લેવાને ઉભો રહેલો, ત્યાંથી મેં કેળાં લીધાં કેળાં લઇને હું પાછો ઘર તરફ જવાને ચાલ્યો. હું મોચીની દુકાને આવ્યો, તે મશીદ સામે છે, ત્યાંથી મેં મશીદ આગળ પાલખી અટકેલી જોઇ મશીદ આગળ ૨૦–૨૫ મુસલમાનો ઉભા હતા, તેમાંનો કોઇ પાલખી ઉપર ઇંટ મારવા લાગ્યો અને કેટલાક લાકડીના ધોકા જેવા લઇને ઘા કરવા લાગ્યા અને કેટલાક મારો મારો એમ કહેતા હતા. એક પોલીસના સીપાઇને માર પડેલો મેં જોયેલો, ત્યાં આગળ બીજા કોઇને માર પડયો મેં જોયો નથી. મશીદ આગળ ઉભેલા મુસલમાનો પાલખીને ફરી વળ્યા હતા, તેઓ ધોકા જેવી લાકડી ઉંચી કરતા હતા. એ મુસલમાનોમાંથી એ ત્રણનાં નામ હું જાણું છું. તેમાં દાદામીયાં, અબરામ હાશમ, હસન તાર ત્રણનાં નામ હું જાણું છું, બીજાને હું ભાળે ઓળખું. આંહી બેઠેલા આ કામના તહોમતવાળાને જોઇ કહું છું કે તેમાંથી બે જણાને મશીદ આગળ જોયેલા, તેને હું બતાવી આપું છું. એ પાંચ સીવાય બાકીના તહોમતવાળા કોઇ મશીદ આગળ ઉભેલા મુસલમાનોમાં હતા કે નહીં તે હું કહી શકું નહીં. જે બે તહોમતવાળાને મેં બતાવ્યા છે, તેનાં નામ હું જાણતો નથી. તેમના નામ પુછતાં તેઓ હસન તાર મીયા અને અબરામ મીયા કહે છે. દાદામીયાં અબરામ હાશમ, અને હસન તાર જેનાં નામ હું જાણું છું તેને તહોમતવાળામાંથી બતાવી આપું છું. ( સાક્ષી તહોમતવાળા હસન તાર બોઘા, દાદામીયાં અને અબરામ હાશમને બતાવે છે ) પછી પાલખી ત્યાંથી ઝટ ઝટ ચાલી ગઇ, પછી હું મારે ઉતારે ગયેલો. ત્રણેક વાગ્યા સુધી હું ત્યાં રહેલો. પછી હું રોહીસાળે ચાલ્યો ગયેલો. પાલખી મશીદ આગળ આવીને અટકી તે વખતે એક કોક વાગ્યો હતો.

ઉલટ તપાસ—મેં ઉતારો હીરા ભટને ત્યાં રાખ્યો હતો. હું દોઢ વરસ થયાં રોહીસાળામાં રહું છઉં તે પહેલાં સાડાચાર વરસ મારે વતન લીંબડી પાસે સીયાણી ગામે રહેતો હતો. ગઢડામાં હીરજી ત્રીકમજી મારે સગા મામા થાય છે. અમે ગઢડાથી ગયા ત્યાં સુધી એ હીરજીના આશરામાં ત્યાં રહેલા. મારી દોઢ બે વરસની ઉમરે મારો બાપ ગુજરી ગયા છે. સીયાણી મારો ગરાસ છે, તેથી ત્યાં રહેલો. ગરાસમાં મારે સવાસો વીઘા જમીન છે. તે અમે બે ભાઇના ભાગીયારામાં છે. સીયાણી મારો ભાઇ જમીન ખેડે છે. રોહીસાળામાં ગવરીશંકર બ્રાહ્મણ ખેડે એ જમીનમાં મેં ભાગ રાખ્યો છે. સીયાણીમાં મારો વહીવટ મારા કાકાનો દીકરો ભાઇ કરે છે. સીયાણીની જમીનની નીપજ એ મારા ભાઇએ મને આપી નથી. એ મારો ભાઇ વળાના ન્યાયાધીશ હતા. બજારમાંથી મેં કેળાં લીધેલાં તે હીરજી કામદારનાં છોકરાંઓને મેં વેચી દીધાં ને મેં હીરજી કામદારને ત્યાં ફરાળ કર્યા પછી ત્રણ વાગે હીરજી કામદારને ત્યાંથી નીકળી હીરા ભટને ત્યાં ગાડું છોડેલું તે લઇ રોહીસાળે જવા નીકળેલો. હીરજી કામદારને ત્યાં ઢોર બાંધેલાં તેથી બળદ બાંધવાની જગ્યા નહોતી, એટલે મેં બળદ હીરા ભટના ફળીમાં બાંધેલા, ને ગાડું શેરીમાં છોડેલું. એ હીરજી કામદારના ફળીયામાં બે પાડા અને ભેંસો વીગેરે બાંધેલું હતું. મારી સાથે સાત આઠ જણા આવેલા તેને ખાવાનું શું કરેલું તેની મને ખબર નથી. બજારમાંથી કેળાં લઇને હું હીરા ભટને

ત્યાં ગયો નહોતો, પણ મારા મામા હીરજી કામદારને ત્યાં ગયેલો. મારા મામાના ઘરની સામે હીરા ભટની શેરી છે. તે દીવસે હીરજી કામદારનાં ઢોર છોડ્યાં નહોતાં. હીરજી કામદારના ફળીયામાં બે ઘોડા બાંધ્યા હતા. તે ઝીંઝાવદરના હરસુર ખાચરનું એક ઘોડું હતું. અને તે આજ સાક્ષી પુરી ગયો તેનું હતું. બીજું ઘોડું એક બ્રાહ્મણનું હતું તેનું નામ ખબર નથી. હું ગઢડામાં આવીને હીરજી કામદારની ડેલીમાં ગયો ત્યારે બે ઘોડા બાંધેલા હતા તેમાં એક ઘોડું મેં હરસુર ખાચરનું ઓળખેલું. બીજું કોનું છે એમ મારી મામીને પુછતાં મેમાન બ્રાહ્મણનું કહ્યું હતું તેનું નામ કે ગામ કહ્યું નહોતું. તે વખત બે દુબળા બળદ ત્યાં બાંધેલા મેં જોયા હતા. તે બળદ કોના હતા તે મેં પુછ્યું નહોતું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

આજ અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

તા. ૨૫ ફેબરૂઆરી સને ૧૯૦૮.

૧ દવે અંબાલાલ ગોવીંદજીની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

હું અંબાલાલ ગોવીંદજી આજરોજ પ્રતિજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે— ગઢડાગીની બારીએ અમારા ગામનો રાજગર વીરો મને મળ્યો. મેં તેને પુછ્યું કે ક્યાં તમે ઉતર્યા છો. મારી બેન આવેલી છે, ત્યાં હું ઉતર્યો છું. એણે મારી ગાડીમાં તેની બેનને લઈ જવાનું પુછ્યું. મેં કહ્યું કે સમાસ હશે તો લઈ જઈશ. એ વાત કરી તેમાં પા કલાક થયો, પછી હું તેની બેનને ગાડામાં લઈ ગયો નહોતો. મેં એને માટે તપાસ પણ કર્યો નહોતો. હું શીવ ધરમ પાળું છું. તોપણ ઠાકોરજીના દરશન કરવા જવાય ખરૂં. મારી અઢાર વરસની ઉમર સુધી હું ગઢડે રહ્યો હતો, તે વખત એક બે વખત હું નદીએ દરશન કરવા ગયો હઈશ તથા મેળો જોવા ગયો હઈશ. પણ કઈ સાલમાં તે યાદ નથી. એક બે વખત ઠાકોરજીને જળ ઝીલાવતાં મેં હોડીમાં જોયેલું, તે હોડીમાં એક સીપાઈ અને એક બ્રહ્મચારી રહે છે. એ જળ ઝીલાવવામાં હોડીમાં ફેરવે એ મેં જોયું છે, બીજું મેં જોયું નથી. એ જળ ઝીલાવ્યા પછી ઠાકોરજીને શું કરે તે મેં જોયું નથી. ગઈ સાલમાં જળ ઝીલાવવામાં શું થયું તે મેં જોયું નથી. હું બસેંહ કદમ દુર હતો. ફક્ત હોડી જોયેલી. ગઈ સાલમાં હોડીમાં પોલીસના એક માણસને જોયેલો, તે કોણ હતો તે મેં ઓળખ્યો નથી. જે હોડીમાં પોલીસનો માણસ હતો તેજ માણસ મસીદ આગળ પાલખી અટકી ત્યારે પાલખી સાથે હતો કે નહીં તે હું કહી શકતો નથી. મસીદે જતાં બાલશંકર વકીલનું ઘર આવે છે. એ વકીલના ઘર આગળ ચગડોળ ફરતું હતું. એ ચગડોળે દશ પંદર માણસો હતા, વધારે જમાવ નહોતો. એ ચગડોળ મસીદેથી ૫૦ હાથ છેટે હતો. એ વચમાં કોઈનાંઘર છે કે નહીં તેની મને ખબર નથી. મસીદ તરફથી કોઈ માણસો મળ્યાનું મને યાદ નથી. નદીએથી હું ચાલ્યો ત્યારે મારા મોઢા આગળ બે ચાર માણસો હતા. હું મસીદેથી નીકળ્યો ત્યારે દશ પંદર માણસો મારા જોવામાં આવ્યા હતા તેના હાથમાં લાકડી અને ધોકા જેવું હતું. એ ધોકા ચુનો

ખાંડે તેવા હતા, તે સળિયા જેવા હતા. કેટલાના હાથમાં ધોકા અને કેટલાના હાથમાં લાકડી હતી તે હું કહી શકું નહીં. કોઈના હાથ ઉંચા હતા કે નહીં તે મેં જોયું નથી. એ પંદર વીશ માણસો ઉભા હતા તેને મેં ઓળખ્યા નથી. ખોજાને હાટે હું આઠ દશ મીનીટ રોકાએલો. ઢોળો જોતાં ને પડતાં તેમાં આઠ દશ મીનીટ લાગેલી. તે વખતે ત્યાં બીજું કોઈ પરાક આવેલું કે નહીં તે યાદ નથી. મોચીની દુકાનના ઓતરાદા બારણાથી આથમણી તરફ એક દુકાન મુકીને ખોજાની દુકાન છે. ઈંટ એક જગ્યાએ પાલખીના પહેલા દાંડા ઉપર ઈંટ મારેલી, તેને મેં ઓળખ્યો નથી. પાલખી ઉપર કોઈએ લાકડી મારેલી મેં જોઈ નથી. પાલખીને ઈંટ માર્યા પછી એક બે મીનીટે પોલીસના સીપાઈને મારેલો, તે વખત પાલખી ચાલવા માંડી હતી. તે માર ખાનાર મસીદના દરવાજા સામે પાંચ છ હાથ હતો. એક લાકડીનો માર પડતાં જોયેલો, એને માર પડ્યો તેથી મને દહેશત લાગી એટલે હું ચાલ્યો ગયો. બીજું મેં કાંઈ જોયું નથી, તે વખત પોલીસના માણસો વચ્ચે અને અમારા વચ્ચે ૧૫–૨૦ માણસો હતા, તેઓનાં મોં મેં જોયાં નથી. એ લોકો પછી ચાલવા લાગેલા કે નહીં તેની મને ખબર નથી. મુસલમાને લાકડી ઉંચી કરેલી તે કોઈના ઉપર ઘા કર્યા નહોતા. જે પાંચ જણાને મેં બતાવ્યા છે, તેમાં કોઈ ઈંટ મારનાર હતો કે નહીં તે હું કહી શકું નહીં. ઈંટ મારી ત્યારે પાલખી ઉપાડનાર બ્રહ્મચારી બોલ્યો કે રહેવા દીઓ રહેવા દીઓ. તે પછી ઈંટ મારનાર ખસી ગયો. મેં ચોરી કર્યાનો મારા મામાને શક આવ્યો અને તેથી હું વહ્યો ગયો, એવું બન્યું નથી. મોચીના હાટથી તે મારા મામાના ઘર સુધી જતાં, મને જતાં આવતાં ૨૦–૨૫ માણસો મળેલા, તે મેં કોઈને ઓળખ્યા નથી. મોચીના હાટથી મારા મામાને ઘેર ગએલો, ત્યારે પડોસમાં ચગનલાલ ઠક્કરનું ઘર છે, ત્યાં મારા મામા બેઠા હતા. ચગનભુજ પણ એ વખતે ઘેર હતા, હરસુર ખાચર અને બાબણ ઘેર નહોતા. હું ફરાળ કરીને બેઠો ત્યારે મારો મામો અને હરસુર ખાચર આવ્યા હતા હું ફરાળ કરીને પા કલાક બેસીને ત્યાંથી ગયો, ત્યારે હરસુર ખાચર ત્યાં બેઠા હતા. હરસુર ખાચર અને મારો મામો વાત કરતા હતા, તે મેં સાંભળી નથી. હકામીયાં, અભરામ હાશમ અને હસન તાર બોપાને હું દશ વરસ થયાં ઓળખું છું. હકામીયાંને હું કોઈ પ્રસંગને લીધે ઓળખતો નથી, પણ હું ગામડાનો રહેનાર તેથી ઓળખું છું. હું ફોજદારી કચેરીમાં અને વહીવટી કચેરીમાં લખવા માટે જતો. હું બે ચાર વખત લખવા માટે ગએલો. તેને આશરે દશ વરસ થએલાં હશે. તે પછી હું ત્યાં કોઈ વાર લખવા ગયો નથી. આઠ નવ વરસ ઉપર હું ગામની નિશાળમાં ભણતો ત્યારે અભરામ હાશમ મારી સાથે ભણતો. અમે પાંચમી ચોપડી સુધી સાથે ભણેલા. તે પછી બે વરસ હું નીશાળમાં રહેલો, અભરામ હાશમ તે પછીની સાલમાં રહેલો કે નહીં તેની મને ખબર નથી, હસન તાર બોપાને ત્યાં હું મારા મામાની સાથે સાત આઠ વરસ ઉપર ચાર પાંચ વખત લુગડાં લેવા ગએલો તેથી ઓળખું છું. ત્રીજા તહોમતવાળો અભરામ બેગા જેને કહે છે તે હાજીમાં બેસે છે. તેને સાત આઠ વરસ પહેલાંથી ઓળખું છું. હું તેને ત્યાં કોઈવાર હાજીમાં લેવા ગયો નથી, હસન તાર બીજાને હું સાત આઠ વરસથી ઓળખું છું, તેની સાથે મારે કાંઈ કામ પડ્યું નથી, પણ ગામમાં રહીએ તેથી ઓળખું છું. એ પાંચ જણા મસીદ આગળ કાંઈ કરતા હતા કે નહીં

તે મેં જોયું નથી. પાલખી ઉપાડનારા પાંચ છ સાધુ બ્રહ્મચારી હતા. પાલખી જોડે બે ત્રણ સીપાઈ અને લાલજી જોડે હતા, એક સીપાઈ પાલખીની મોઢા આગળ અને બે વાંસે હતા. લાલજી પાલખીને ડાબે પડખે હતા. પાલખી જોડે બીજું કોઈ હતું કે નહીં તે ધ્યાન નથી. પાલખી મંદીર તરફ ચાલી ગઈ, તેની પછવાડે હું દશ પંદર હાથ છેટે હતો. મારી અને પાલખીની વચ્ચે બીજા માણસો આવ્યા જતા હતા, તેમાંથી મેં કોઈને ઓળખ્યા નથી.

ફેરી તપાસ નથી

કોરટના સવાલમાં—છોકરા માટે મેં કેળાં સિવાય બીજું કાંઈ લીધું નહોતું, પોલીસના માણસને મારનાર કોણ હતા તેને મેં ઓળખ્યા નથી, એ પાંચ જણા સિવાય બીજા તહોમતવાળામાં પંદર જણા ગઢડાના રહીશ છે, તે સિવાય બીજા ગઢડાના રહીશ છે કે નહીં તેની મને ખબર નથી, વહીવટ કચેરીમાં હું જતો ત્યારે તેમાંના કોઈને હું ઓળખતો નથી, પોલીસમાંના કોઈને હું ઓળખતો નથી. ન્યાયાધીશના પટાવાળામાંથી હાદાભીયાં તથા જીવન પટાવાળાને હું ઓળખું છું, બીજાને હું ઓળખતો નથી. ગઢાળીની બારીએ વીરો રાજગર ભેગો થએલો, તે સિવાય મારી ભેગા ગાડામાં આવનારમાંથી કેપ અને હાટ પાસે કે નહીએ ભેગા થયા નથી, વીરો મારી સાથે રોહીસાળે પાછો આવેલો, જેટલા અમે રોહીસાળેથી આવેલા તેટલાજ રોહીસાળે પાછા ગએલા. ગામમાં બીજી કોઈ જગોએ મેં કેળાંનો તપાસ કર્યો નથી. મારા મામા હરસુર ખાચરની સાથે બેઠેલા, ત્યારે તેણે મને પુછેલું કે મંદીરમાંથી પેલો કેમ ન આવ્યો. ત્યારે મેં તેને આ વાત કરેલી. હરસુર ખાચર તે વખત કાંઈ બોલ્યો નહોતો. પાંચમી ચોપડીમાં ગઢડાના મારી સાથે કોણ છોકરા હતા તે યાદ નથી, જેમ હસન તાર બોધાની દુકાને હું મારા મામાની સાથે જતો હતો તેમ સામજી રણછોડ અને તારાચંદ એ વણુને હાટે સાથે ગએલા. હસન તાર બોઘા અને તેનો બાપ તાર બોઘાના વખતમાં બન્ને વખત મારા મામા સાથે માલ લેવા ગએલો, જે બાકીના પંદર જણા ગઢડાના રહેનાર છે, એમ હું જાણું છું, તે મસીદ આગળ હતા કે નહીં તે મને યાદ નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨૯ ફેબ્રુઆરી સને ૧૯૦૮

૨ દવે અંબાલાલ ગોવિંદજીની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૩૮.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારું નામ વીરલ છે. મારી ઉમર આશરે વરસ ૩૬ ની છે.

મારા બાપનું નામ ધનજી છે. મારો કરબ પટલાઈનો છે.

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત લેઉઆ કણબીની છે.

હું સ્તનવાવ પ્રાં. બોટાદમાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે— .

ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ હું ગઢડે ગયો હતો, આગલે દીવસે હું ગઢડે ગયો હતો. વરઘોડો જોવા હું ગયો હતો, દરબારની ડેલી આગળથી મેં વરઘોડો જોયેલો. વરઘોડામાં બે પાલખીઓ હતી, તે બંનેમાં ઠાકોરજી હતા. એક રૂપાની અને એક લાકડાની હતી. રસ્તેથી માણસો વીખરાઇ ગયા, અને વરઘોડો આવી ગયા પછી પછીવાર થઇ ગયા પછી હું મસીદ આગળ થઇને નદીએ ગયો હતો. હું ટેકરા ઉપર બેઠો હતો, નદી કાંઠે ગયો નથી. નદીમાં હોડી ફરતી હતી, તે ટેકરા ઉપરથી દેખાતી. ઠાકોરજી જળ ઝીલી રહયા પછી બે પાલખી ત્યાંથી ઉપડી, લાકડાની પાલખી આથમણા ઝાંપા તરફ ગઇ. અને રૂપાની પાલખી મસીદ તરફ ચાલી, એ બંને પાલખીમાં ઠાકોરજી હતા.

સવાલ—એ પાલખી કોણે ઉપાડી હતી?

જવાબ—સાધુ, બ્રહ્મચારી તથા પાળાએ તે ભેગાં વાજાં વાગતાં નહોતાં. (સવાલ ફરી પુછેલો, સાધુ બ્રહ્મચારી, પાળા અને પોલીસના માણસો હતા. સવાલ ફરી પુછ્યો, પાલખી ઉપાડનાર સાધુ બ્રહ્મચારી હતા.)

એ રૂપાની પાલખી મસીદને રસ્તે ચાલી ગયેલી પછી પા અડધી કલાક પછી માણસો બધાં વયાં ગયાં, પછી હું ત્યાંથી ચાલેલો એ એક વાગે અને બે વાગે તેટલું અમે જાણીએ તેનું અરધું અને તેનું આખું પા કલાક કહેવાય એમ જાણીએ, તે પછી મસીદને રસ્તે હું આવ્યો. હું મસીદથી ત્રણ ચાર નીસરણા છેટે દૂર હતો. ત્યારે એક ગરાશીયા જેવું બોલેલું એક બાઇ મને મળેલી, તે વાગ્યું છે, વાગ્યું છે; એમ બોલતી ચાલી જતી હતી, તેને લોહી નીકળતું હતું. તે મેં જોયું નથી. પછી મેં મસીદ તરફ જોયું તો અગાશી ઉપર પાંચ દસ ઉપર હતા, અને પાંચ દસ હેઠે ઉભા હતા, તેઓ ઢેખાં, પાણા અને નળીયાના ઘા કરતા હતા. એક ફકીર જેવો ટોપીવાળો મુસલમાન છોકરો નીચે ઉભો હતો, તે મારો મારો એમ બોલતો હતો. એટલું જોઇને હું પાછો ફર્યો, તે ગરાસીની બારીએ થઇ, નદીમાં થઇ, ખોપાળાને ઝાંપે થઇ ગામમાં આવેલો, તે ઉતરાદી તરફ અમારો ઉતારો છે ત્યાં ગયેલો. પછી બીજી કાંઇ મને ખબર નથી.

સવાલ—પછી તમે ઘેર ગયા નહીં?

જવાબ—સાંજરે હું મંદીરમાં દરશન કરવા ગયેલો, ત્યાં મંદીરમાં ઇશ્વર ભગત કહે છે, તેને મેં વાત કરેલી કે આટલું જોયું છે.

ઉલટ તપાસ—હું સ્વામીનારાયણનો ધરમ પાળું છું દસ બાર વરસ થયાં એ ધર્મ પાળું છું. રેલવાળા દસ બાર ગાઉ મહુવાથી થાય. બીજી કોઇ વખત મેળો જોવા હું ગઢડે આવ્યો નથી. નદીમાં ફરતી હોડી જોવા માટે ગયેલો, ફક્ત તો મેં દરબારી ડેલીએથી ક-રેલાં. એ ટેકરાથી દસ બાર નાડાવા છેટે હોડી હતી, ૨૫-૩૦ હાથનું એક નાનું વાળ. ટેકરા અને હોડીના વચમાં હજારો માણસોની ભીરડી હતી. પાલખી કે ઠાકોરજી કોઇ કળાતું નહોતું. પછી કહે છે કે અમે ટેકરા ઉપર હતા, ત્યાંથી પાલખી કળાતી હતી. પાલખીમાં ઠાકોરજી અડધા હાથ જેટલા ઉંચા હતા. હોડીમા કયા ઠાકોરજી ફરતાં હતા, તે મને ખબર નથી, હોડીમાં શું રહ્યું હતુ તે મને ખબર નથી. તે આશરા કલાક રોકાણનું કારણકે ભીરડી હતી. મેં આઠ વરસનો છોકરો તેડેલ હતો. તે મારો છોકરો હતો. તે રોજ મારી ભેગો થ-

બેસો, તે બે છોકરો અમારા ગામના બીજા હતા, તે સાથે હતો. હું ડોરે ગયો ત્યારે તે
છોકરો આવેલો, મારી ભેગો મારો ગાડીવાળો દસ બાર વરસનો છોકરો હતો, તેને સોંપેલો.
મારો છોકરો મારાથી ઉતારેથી નોખો પડેલો ક્યાંક વઇ ગયેલો, તેને ગોતતો ગોતતો હું ડોરે
ગયેલો. દરબારની ડેલી પાસે વરઘોડો જેવા હું પા અરધી કલાક ઉભો રહેલો, હું ડોરે છો-
કરાની ભેગો ગયેલો નહોતો, પણ હું નદીએ જેવા ગયેલો ત્યાં છોકરો ભેગો થયેલો. ડોરે
હું હતો, ત્યાંથી પાલખી નીકળ્યા પછી મેં મારા છોકરાને જેયેલો. બંને પાલખીમાં ઠાકોરજી
ની સરખી મુરતી હતી, બંને ઠાકોરજીને ઘરેણાં હતાં. એ બંને પાલખીમાં મુરતી શીવાય
કાંઇ નહોતું. કેટલા સાધુ, બ્રહ્મચારી અને કેટલા પાળા રૂપાની પાલખી સાથે હતા, તે મને
ખબર નથી. સાધુ બ્રહ્મચારીમાં શું ફેર તેની મને ખબર નથી. પોલીસના ચાર પાંચ માણ-
સો એ પાલખી સાથે હતા તેમાં કોઇ દાઢીવાળો હતો કે નહીં તે ખબર નથી. પોલીસના
માણસ વાંસે મોર ચાલતા હતા, તે ખબર નથી પાલખી સાથે સાધુ બ્રહ્મચારીમાં કોઇ દા-
ઢીવાળા હતા કે નહીં તે ખબર નથી. મશીદથી ત્રણ ચાર નાડાવા છેટે હું હતો ત્યાં અગ-
ડોળ હતો કે નહીં તે ખબર નથી. મશીદથી ત્રણ ચાર નાડાવા છેટે મને બાધ મળેલી,
બાધ વઇ ગયા પછી પા કલાક હું ઉભો રહેલો, હું પા કલાક ઉભો રહેલો, ત્યાં ધા આવતા
નહોતા, તેથી ત્યાં જેવા ઉભો રહેલો. મને ત્યાં ધા આવવાની બીક તો લાગતી હતી ખરી.
બાધ આવી તે બોલું ૫૦–૬૦ માણસ મશીદ તરફથી આવતું હતું, તેમાં કોઇને વાગ્યું ન-
હોતું. એ પચાસ માણસો મારી અને મશીદની વચમાં હતું. મારામારી કરતા હતા, તે મુ-
સલમાન હતા તેની શી ખાત્રી ગણા મેં આડા પડીને જેયું ત્યારે મુસલમાન ધા કરતા હતા,
તે મારા જેવામાં આવ્યું હતું. જરીની ટોપીવાળાને દાઢી નહોતી, પણ તે જરીની ટોપી પ-
હેરી હતી, તેથી મને મુસલમાન જેવો લાગતો હતો. એ ગરાસણીનું મોઢું મેં જેયું નહોતું.
તેના ઓઢણા ઉપરથી ગરાસણી જેવી લાગતી હતી. તેનું શરીર તો બધું ઢાંકેલું હતું. એક
પડખું ઉઘાડું હતું, એ મોઢે હાથ દઇને ચાલતી હતી, તેથી મોઢું ઉઘાડું હતું. તેના ખભા
ઉપર મેં લોહી જેયેલું. ઇશ્વર ભગતને હું ઓળખતો નથી, એ ભગતને હું સારંગપર માન-
નતા કરવા ગયેલો ત્યારે જેયેલો, તેને મેં મઢડામાં જેયેલો તેથી મેં તેને વાત કરેલી. સા-
રંગપરમાં મને પરસાદી આપેલી, તેથી મેં તેને વાત કરેલી. અમારા ગામના બે ચાર જણા
મઢડે આવેલા, તે કોઇને મેં વાત કરી નહોતી.

ફેરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—બે બમતે મારૂં નામ કામ મને પુછ્યું નહોતું. મશીદ ઉપર અને
મશીદ નીચે પાંચ દસ માણસો ઉભા હતા, તેને મેં ઓળખ્યા નથી. જરીની ટોપીવા-
ળાની આડખે પડખે ઉભેલા માણસની ઉમર મને યાદ નથી હું પહેલાં કોઇવાર નહોતો આ-
વ્યો તેનું કાંઇ કારણ નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૨૫ ફેબરવારી સને ૧૯૦૮.

૧ પા. વીટન પનંડીની સહી દ. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું વીકલ ધનજી પ્રતિજ્ઞા ઉપર બેઠેલા સવાલના જવાબમાં લખાવું છું કે—મને જુબાની આપતાં પેહેલાં કશાક ધંધો છે. ( આ સાક્ષીની જુબાની ! બરાબર ૫૦ મીનીટ થઈ છે. ) તા. સદર.

૧ આ. વીકલ ધનજીની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરાવ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૩૯

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ વલભ છે. | મારી ઉમર આશરે વરસ ૨૬ ની છે. |
| મારા બાપનું નામ તારાચંદ છે. | મારો કસબ વેપારનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | હું ગઢડામાં રહું છું. |

મારી જાત દશા શ્રીમાળી વાણીયાની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ હું મારી દુકાને હતો. દસ વાગે મારી દુકાને હતો. આશરે સાડા નવ વાગે બાગનગરને દરવાજે હું રગામે ગયો હતો. ડાસાએ જઇને આવ્યો આવતો હતો, ત્યાં વાઢાવાળાના ઓટા પાસે ઇસા આદી, ઓસમાન અલી, અભરામ કાસમ અને નુર આમદ એ ચાર જણું ઉભા હતા, પછી કહે છે કે સામો ખાટકી ત્યાં ઉભો હતો, અભરામ કાસમે સામા ખાટકીને કહ્યું કે ખાટકીઓને બહુ જર આવ્યું. એ સાંભળીને હું મારે ઘેર તરત ચલો આવ્યો.

સવાલ—સામા ખાટકીનું શું થયું ?

જવાબ—સામો ખાટકી પેલી તરફ ગયો, અને બીજા ચાર જણા આ તરફ આથમણી તરફ ચાલ્યા આવેલા.

તે પછી લગભગ બારના સુમારે જમાલ સીપાઇ ખાટકીવાડા તરફ દોડતો જતો હતો, તેના હાથમાં સોટી હતી જમાલ સીપાઇ આથમણી તરફ દોડ્યો ગયેલો ( આ વખત સાક્ષીએ ઉમેર્યું કે એ ચાર જણા આથમણી તરફ આવ્યાનું મેં લખાવ્યું છે. તે ભુલ થઇ છે તે ઉગમણી તરફ આવ્યા અને સામો ખાટકી આથમણી તરફ ગયો. ) પછી બાર વાગે જમાલ સીપાઇ અને દસ બાર ખાટકી ઉગમણી તરફ બજાર તરફથી આવ્યા અને આથમણી તરફ મસીદ તરફ ગયા, એટલે કાળુ સીપાઇ સામો અપાસરા સુધી આવ્યો ને કહ્યું કે આવો, અહુરે થઇ જાય છે. બીજુ કાંઇ બોલ્યો નથી. જે ખાટકીઓને મેં મસીદ તરફ જતાં જોયેલાં. તેમાંથી જે આંહી તહોમતદારોમાં છે, તેને ઓળખું છું. એ બે જણાનાં નામની મને ખબર નથી. નામ પુછતાં તહોમતદારો, ગાંડા અસમાલ અને જાગરાજ જોગર બતાવે છે. કાળુ સીપાઇ ત્યા આવેલો, તેને તહોમતદારોમાંથી બતાવી આપું છું ( સાક્ષી કાળુ બીજાને બતાવે છે.

સવાલ—તમે ઇસા અલી વીગેરે ચાર જણાને બીજી વાર જોયા હતા?

જવાબ—ના.

જમાલ સીપાઇને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. (સાક્ષી જમાલ જુવાને તહોમતવાળામાંથી બતાવી આપે છે.)

ઉલટ તપાસ—મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતવાળો છું. હું પાન સોપારી વેચવાનો ધંધો કરૂં છું. અંબારામ જમાદારને હું હુલડ પહેલાંથી ૭ સાત મહીનાથી ઓળખતો. એ નોકરી ઉપર આવ્યા પછી ૭ સાત મહીના થયા ઓળખું છું. મારે હાટે એ પાન સોપારી લેવા આવે છે. હું વાણીયા મહાજનનો શેઠીયો નથી. મહાજને મેમણ સાથે વેપાર બંધ કરવાનો ઠરાવ કર્યો, તે ઠરાવ કરવામાં હું નહોતો. તે ઠરાવને લીધે મેં મેમણ અને ખાટકી સાથે વેપાર બંધ રાખ્યો છે. પછી કહે છે કે ખાટકી સાથે અમે કોઇ દીવસ વેપાર રાખ્યો નથી. મહાજનના ઠરાવને લીધે અમે મેમણ સાથે વેપાર બંધ રાખ્યો છે મકાતની દુકાન પછી અપાસરો છે, તે અપાસરાથી પાંચમી દુકાન ઉગમણી તરફ મારી છે. હું કળશે જઇને આવીને મારે ઘેર બે મીનીટ રોકાયો હતો, અને પાછો દુકાને આવ્યો ત્યારે દસ વાગ્યા હતા. વાડાળાના ચોકમાં હું ઉભો રહયો નહોતો, ચાલ્યો આવતો હતો. ખાટકીઓને લઇ આવવાનું સાબાને કહ્યું. તે સીવાય બીજું કહ્યાનું હું જાણતો નથી, તે વખતે બીજા લોકો ત્યાંથી ચાલ્યા આવતા હતા. બે ચાર માણસો આવતા જતા જોયેલા, તેમને મેં ઓળખ્યા નથી. ખાટકી શા માટે તેડાવે છે એમ મેં ચારમાંથી કોઇને પુછ્યું નથી, પછી ચાર મુસલમાન ક્યાં ગયા તે મને ખબર નથી. ખાટકી ભેગા કરતા હતા તેને માટે મને કાંઇ શક ગયો નહોતો. જમાલ સોટી લઇને દોડ્યો જતો હતો, તે બાબત પણ મને શક ગયો નહોતો. જમાલ મારી દુકાન પાસે થઇને દોડ્યો જતો હતો. કાણુ સીપાઇએ ઉતાવળ કરી તે વખત મને શક ગયો નહોતો. મસીદના ખાંચામાં વળતા માણસને મારી દુકાનેથી જોઇ શકાય; ને ઓળખી શકાય. બાર વાગે ત્યાં માણસો ઓછા હતા, તે પહેલાં વરઘોડો નીકળી ગયો ત્યારે માણસ વધારે હતા, પછી દોઢ વાગે માણસનો વધારો થયેલો. અમારા ગામમાં આશરે વીશ ખાટકીઓ છે. બે ખાટકીઓ મસીદ તરફ જતા હતા, તેના હાથમાં કાંઇ નહોતું. એ મેળામાં આશરે પાંચ ૭ હજાર આખો દીવસ ઘરાકી ઘણી હતી, પણ આ વખત ઘરાગ ઓછું હતાં, તે દીવસે ઘરાક કોણ કોણ આવેલા તે યાદ નથી, તે દીવસ રાતના ૧૧ વાગ્યા સુધી હું દુકાને રહયો હતો. મસીદ આગળ તોફાન થાય છે એમ મેં સાંભળ્યું હતું એ તોફાન જોવા હું ગયો નહોતો. મારી દુકાને માલ પાથરેલો હતો. તોફાન થયું તે દરમીયાન દેઢથી બે વાગ્યા સુધી મારી દુકાન બંધ કરી હતી. એ દુકાનનું કમાડ બંધ કર્યું નહોતું પણ માલ અંદર મુકી વેપાર બંધ કરેલો. બધો માલ મેં દુકાનમાં નાખ્યો નહોતો. ને મને બીક લાગી નહોતી. મારી દુકાન છેટે હતી. મારી આસપાસની બધી દુકાનો બંધ થઇ નહોતી. એ તોફાન મેં સાંભળ્યું, ત્યારે રસ્તામાં ઘણી ગીરદી થઇ હતી. એ ગીરદી આવજા કરનાર માણસોની હતી, તે કયા માણસો હતા તે મેં ઓળખ્યા નથી. બે વાગે દુકાન ઉઘાડી, પછી ધમધોકાર વેપાર ચાલતો હતો. વરઘોડો મંદીરેથી નદીએ ગયેલો, તે મેં જોયેલો. વરઘોડાથી મારી દુકાન છેટી છે, તેથી વેમાં પાલખી કેટલી હતી તે મને ખબર

નથી. એ વરઘોડામાં ઘણા માણસ જતા આવતા હતા, તેમાંથી મેં કોઈને ઓળખ્યા નથી. પાછા વળતાં પાલખી મેં જોયેલી. એ પાલખી બેઆ દશ બાર આદમી હતા, તે વખતે ઘણુંજ માણસો અંદરમાં જતા આવતા હતાં, તે પછીથી પા કલાક પછી માણસો વધુ જતું હતું. અપાસરા પાસે હળવે હળવે વાત થતી હોય તે મારાથી સંભળાય નહીં. કાણુએ ખાટકીઓને તાણીને કહેલું. પજુસણ મુસલમાનોએ નહીં પાળ્યાં તેની મેં ફરીઆદ કરી નથી, તેમ મુસલમાનો તોફાન કરશે એમ મેં ફરીયાદ કરી નથી. મેમણ સાથેનો વેપાર આજ સુધી બંધ છે.

કોર્ટના સવાલમાં—હસો, ઓસમાણ, અબરામ, નુર, સામો, જમાલ અને કાણુનાં નામ એટલાં હું અસલથી જાણું છું. જમાલને કે કાણુને મેં કાંઈ પુછ્યું નહોતું. આ લોકોને મેં જોયેલા એ વાત મેં આજ સુધી કોઈને કરી નથી. મારે કહેવાનું શું કારણ. પોલીસે મને બોલાવવાથી મેં પોલીસમાં વાત કરેલી છે. આજે મેં જુબાનીમાં જે હકીકત લખાવી છે, તે પોલીસમાં લખાવી નહોતી પોલીસમાં મેં આ હકીકત લખાવી નથી. તેનું કાંઈ કારણ નથી. ખાટકીઓ લાકડી લઈ મસીદ તરફ દોડી ગયા નથી. લાકડીઓ લઈને ખાટકીઓ ગયાનું મેં પોલીસમાં લખાવ્યું છે કે નહીં તે યાદ નથી, ભાવનગરના દરવાજાની સામે વાઘાવાળાનો ચોક છે, એ ચોકથી ઉગમણે ખાટકીવાડો છે, (સાક્ષી આ વખત ઉમેરે છે કે વાઘાવાળાના ચોક આગળથી સામો ખાટકી આથમણી તરફ અને ચાર મેમણો ઉગમણી તરફ ગયાનું ભુલથી લખાવ્યું છે. સામો ખાટકી ઉગમણી તરફ ગયેલો, અને ચાર મેમણ આથમણી તરફ ગએલા, એ ખરૂં છે.)

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા, ૨ મર્ચ સને ૧૯૦૮,

૧ સા. વસમ તારાચંદની સહી દ. પોતે.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૪૦.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ જગનનાથાનંદ છે. | મારી ઉંમર આશરે વરસ ૨૬ ની છે |
| મારો ધર્મ હીંદુનો છે. | મારો કસબ ભજન કરવાનો છે. |
| મારી જાત બ્રહ્મચારીની છે. | હું ગઢડામાં રહું છું. |

ફરીઆદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ વરઘોડા સાથે ગયો હતો, મંદીરેથી હું વરઘોડામાં ગયેલો. વરઘોડામાં બે પાલખી હતી, એક ચાંદીની ને એક લાકડાની બન્ને પાલખીમાં લાલજીની મુરતી હતી. નદી સુધી હું વરઘોડા સાથે ગયેલો. જ્યાંને કાંઠે પાલખીઓ રાખી નાના ઠાકોરજીને હોડીમાં પાંચ આંટા ફેરવ્યા. હું કાંઠે ઉભો હતો. એ નાના ઠાકોરજીની મુરતીને પાછા લાવી અતિશયની પાલખીમાં પધરાવ્યા, પછી હરીનારાયણદાસ સાધુએ મને કહ્યું

કે તમે પાલખીની આગળી તરફ રહે, પછી એ ચાંદીની પાલખીની જમણી તરફ રહયો, અને બીજા બ્રહ્મચારી ડાબી તરફ રહ્યા, અને ૭ સાધુ ઘડે રહયા. એ પાલખીમાં લાલજીની મુરતી હતી. એ પાલખી મશીદ તરફ લઈને ચાલ્યા, એ પાલખી સાથે લાલજી જેઠા અને ચાર પોલીસના સીપાઈઓ હતા. ઢોલ પાવો પણ સાથે હતો. અમે મશીદ પાસે આવ્યા ત્યાં પંદર વીસ મુસલમાનો મશીદના કમાડ પાસે ઉભા હતા. તેમણે મારો, લઈ લીઓ, એવી રાડો નાખી; મારો, લઈ લીઓ, એમ બુમ પાડતા હતા, એ બધા મુસલમાનો પાલખી ઉપર આવ્યા, પછી ચારે સીપાઈ પાલખીની રક્ષા માટે આડા આવ્યા, પછી એક જણે પાલખીનું ઝુમખું તોડયું, એ ઝુમખું તોડનારને હું ભાગે ઓળખું છું, તેને હું તહોમતવાળાઓમાંથી બતાવી આપું છું, તેનું નામ પુછતાં તહોમતવાળો દાદામીયાં કહે છે. ઝુમખું છુટી ગયું, એટલે પાલખી છુટી થયેલી, એટલે ઉતાવળા પાલખી મંદીરે લઈ ગયેલા, પોલીસનો એક માણસ અમારી સાથે માર્ગ કરવા આવેલો.

સવાલ—પોલીસના માણસ આડા પડયા તેનું શું થયું?

જવાબ—એ બધાને માર પડેલો.

એ બધા મુસલમાનના હાથમાં ધોકા અને લાકડીઓ હતી. પછી બંદરની ઓશરીમાં પાલખીને મુકી દીધી. પછી હું માત્ર આસને મંદીરમાં ગયો.

ઉલટ તપાસ—મંદીરેથી નદીએ વરઘોડો ગયો, ત્યાં પોલીસના માણસ કેટલા હતા તે ખબર નથી. મશીદ તરફ પોલીસના ચાર માણસ પાલખી સાથે આવ્યા ત્યારે ખબર પડી હતી. એ ચારમાં કોઈ હીંદુ હતા કે મુસલમાન તે ખબર નથી. એ ચારમાંથી કોઈ હોડીમાં બેઠેલ કે નહી તે ખબર નથી. જમાદાર હોડીમાં બેઠા હતા. એ જમાદારના નામની ખબર નથી. હાથમાં બુગદાંવાળા અને જમાદાર એ સરખા. જમાદાર કોને કહેવાય તે ખબર નથી. અમે નદીએથી મશીદ તરફ ચાલ્યા ત્યારે હોડીમાં બેઠેલા અમારી સાથે એ સીપાઈ ચાલેલા મશીદ સુધી મેં જોયા હતા. અમે બે બ્રહ્મચારી પાલખી નમી ન જાય તેને ટેકાવી રાખવા, તથા પાલખીને કોઈ અડી ન જાય, તે માટે સાચવી રાખવા અમે રહેલા હતા પછીથી કહે છે કે પાલખી નમી ન જાય, તે માટે અમે સાથે રહ્યા નહોતા પણ પાલખીને કોઈ અડી ન જાય, તેના રક્ષણ માટે અમે સાથે રહ્યા હતા. અમે ઠાકોરજી સામું જોતા ને આગળ પણ અમે જોતા, પાછળ જોતા નહોતા. અમારી પાછળ શું થાય છે તે અમે જોઈ શકતા નહોતા. પાલખીની બંને બાજુએ દરેક બાજુએ પોલીસના બબે સીપાઈઓ રક્ષણ માટે ચાલતા હતા. અમે મશીદ સુધી આવ્યા ત્યાં સુધીમાં નદીએથી મંદીર તરફ ઘણું માણસ ચાલ્યું આવતું હતું. પાલખી મશીદ આગળ આવી ત્યારે પાલખીની બંને બાજુએ માણસ ચાલતું જતું હતું. પાલખી ઉપર મુસલમાન આવ્યા ત્યારે પાલખીની ડાબી બાજુએ જે મુસલમાનો હતા, તે પાલખીની જમણી તરફ આવી ગયેલા. તે પછી તરત એક જણે પાલખીને ઝોંટ મારેલી. એ ઝોંટ મારી ત્યારે બીજા મુસલમાન પાંચ છ હાથ છેટે હતા. એક જણે ઝોંટ મારી ત્યારે બાકીના મુસલમાનો સીપાઈઓને મારવા લાગ્યા, ચુનો ખાંડવાનાં સાંબેલાં અને લાકડાના ધોકાથી મારવા લાગેલા. સાંબેલા અને ધોકા બે જુદા જુદા છે. એ ઝોંટ મારવા આવ્યો તે વખતે તેને કોઈ સીપાઈએ અટકાવ્યો હતો. પણ તેને ઝોંટ મારી.

પછી તેને કોઈ સીપાઈએ પકડ્યો પણ નથી. લાલજી તે વખત મારે પડખે હતા અને કે લાલજીએ તેને કોઈએ અટકાવેલો નહીં, તેમ તોડેલું ઝુમખું લેવા અમે કોઈ ગયા નહીં, અમો સૌ ગભરાઈ ગયા હતા. ઝુમખું તોડનારના હાથમાં રહેલું કે પડી ગયું તે ખબર નથી. ઝુમખું તુટવાનું તો મેં મશીદેથી જોયેલું. પાલખીને આગલે ટેકે બળરામ, ધર્મસ્વરૂપદાસ અને કરશનદાસ હતા. એ સાધુઓ તથા પાછલા ટેકાના સાધુ ઝુમખું લઈ લીધું તે માટે કાંઈ બોલ્યા નથી. પાલખી કેમ નવી કાઢી, એમ મુસલમાન કાંઈ બોલ્યા નથી. એ પાલખીમાં સણુપારેલા ઠાકોરજી હતા. પાલખીને વચલા ભાગમાંથી પાંચ છ આંગળ પાછલા ભાગમાં ઠાકોરજીને બેસાડ્યા હતા. પાલખી સાથે જે મંદીરે પોલીસનું માણસ આવેલું તેને હું ભાળ્યે ઓળખું છું. પાલખી સાથે નદીએથી જે ચાર માણસ આવેલા અને જે મશીદ પાસે પાલખીની જમણી કોર ઉભા હતા, તેમાંથી એક જણ મંદીરે પાલખી સાથે આવેલો, એ પોલીસ સીપાઈને મંદીરે કોઈએ રોકેલો કે નહીં તેની મને ખબર નથી. પાલખી ભંડકમાં ઉતારી ત્યારે અમે છ સાત જણાએ એ પાલખી તપાસી હતી. એ ઝુમખાની જોડે રૂપાની પાંદડીઓ કાંઈ ગઈ છે કે નહીં તે અમે તપાસી નહોતી. પછી ભંડકમાં પાલખી ક્યારે મુકાએલી તે ખબર નથી. પાલખી લાલજીના કબજામાં રહે છે. લાલજી અમારી ભેળા મંદીર સુધી આવેલા, પછી તે ક્યાં ગયા તેની ખબર નથી. મંદીરે પાલખી તપાસી તે વખત લાલજી ત્યાં હતા. હું છ વરસથી મંદીરમાં દાખલ થયો છું, તે પહેલાં સાત વરસ હું પીળા લુગડામાં મંદીરમાં ભણતો હતો. જળજાત્રાનો વરઘોડો મેં ત્રણ વરસ જોયો છે, તેમાં એકજ વખત મશીદ તરફથી આવેલો, બાકી બે વખત બકાલીના ઝાંપા તરફની પાલખી સાથે રહેલો. બે ઠાકોરજી જુદા જુદા કેમ જાય છે તેની મને ખબર નથી. ત્રણ વરસથી પાલખી નદીએથી છુટી પડે છે, તે હું જાણું છું. નાના લાલજીને ચાલીઆમ મંદીરેથી આવતાં અને નદીએથી પાછા ફરતાં લાકડાની પાલખીમાં બેસાર્યા હતા. મારૂં કામ ભજન કીરતન મંદીરમાં રહીને કરવાનું છે, ગામની સાથે મારે સંબંધ નથી. જે સીપાઈએ ઝુમખું તોડેલું તે સીપાઈને મેં પહેલ વહેલો મશીદ આગળ જોયેલો.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—મંદીરેથી વરઘોડામાં હું નીકળ્યો. ત્યારે હું રૂપાની પાલખી સાથે હતો. બે ઠાકોરજીને સોભા માટે મંદીરમાંથી કાઢે છે. પાલખી મંદીરમાં લઈ ગયા પછી તેમાંના ઠાકોરજીને પાટલા ઉપર જાળી બહાર બેસાર્યા હતા, જાળીની અંદર સીંહાસન ઉપર બેસાર્યા નથી. મશીદ આગળ મુસલમાનોને મેં જોયેલા, તે કોઈને મેં ઓળખ્યા નથી. ચાંદીની પાલખી સાથે પાછા ફરતાં વાજીંત્ર નહોતું. પોલીસના માણસોને કોણે માર્યા તેમ ને ખબર નથી. મશીદ આગળથી અમે ચાલ્યા, ત્યારે ઘણા પાણાએ રાડ નાખી કે, ઓ બાપ, મને મારી નાખ્યો, એમ રાડ અમે સાંભળી હતી, પણ મારતાં અમે જોયું નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૨ માર્ચ સને ૧૯૦૮.

૧ બ્રહ્મચારી જગન્નાથાનંદની સહી દા. પોતાના.

મારા રૂબરૂ સોગન ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૪૧.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ભાઈશંકર છે. મારી ઉમર આશરે વરસ ૫૪ ની છે.

મારા બાપનું નામ નર્ભેરામ છે. મારો કસબ વકીલાત કરવાનો છે,

મારો ધર્મ હીંદુનો છે, મારી જાત અઉદીચ બ્રાહ્મણની છે,

હું હાલ ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના દીવસ હું ગઢડામાં મારે ઘેર હતો. સવારના દસ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી ઘરે હતો, લગભગ બાર વાગે એક પાલખી ત્યાંથી નીકળી. તે પાલખી ચાર, પાંચ કે ૭ સાધુએ ઉપાડી હતી, અને તેની સાથે બે બ્રહ્મચારી હાથમાં ચમર લઈને ચાલતા હતા. પાલખી સાથે લક્ષ્મીશંકર હવાલદાર અને એક પોલીસનું માણસ એક આંખે બાડો છે તે શીવાય તે સાથે એક પાગી અને લાલજી જોડા હતા. પાલખી રૂપાની હતી, ને તેમાં ઠાકોરજી હતા. પાલખી મેં પેલી બારીમાંથી જોઇ, ને પછી બહાર ઓટલા ઉપર આવીને મેં જોયેલી. પાલખી નીકળી એટલે મેં દરશન કર્યાં, અને પાલખી ત્યાંથી ચાલી ગઇ. જમાદાર અંબારામ મારે ઓટલે બેઠો હતો તેને હવાલદાર લક્ષ્મીશંકરે કે બીજા કોઇએ બુમ પાડી કે જમાદાર ચાલો, તેથી જમાદાર તેમની જોડે ગયેલો, પછી પાલખી મશીદ સુધી પહોંચેલી. મશીદ સુધીમાં પાલખીને કાંઇ ધકા લાગતા હોય એમ જણાયું. પછી ત્યાં ચુનો ખાંડવાનાં સાંબેલાં સહીત આશરે ૧૦-૧૫ માણસો મેં જોયાં, તે માણસો કોણ હતા, તે ઘણી ગીરદીને લીધે હું જોઇ શક્યો નથી. પછી પાલખી ચોક તરફ ચાલી ગઇ. પાલખી પાછળ જે માણસો હતા, તે પાલખી પાછળ ચોકમાં ચાલતા થયા. પછી ન્યાયાધીશ સાહેબ ને તેમની સાથે જીવન કાકુન એ બેને જોયા, તે મશીદના બારણા આગળ જરા વાર ઉભા રહીને પાછા ખસી ગયા. પછી થોડીવારે મશીદ ઉપરથી અને મશીદની ડેલી ઉપરથી પાણા, નળીયાં અને ઇંટોના ઘા થવા લાગ્યા, તેમાં માણસો કોણ હતા તે મેં ઓળખ્યા નથી. તેમાંના ઘણાને લોહી નીકળતાં હતાં, પછી ઘણાં માણસો મારા ઘર આગળ થઇને પસાર થયેલા, તેમાં બંધવા, બાઈડીઓ તથા છોકરા હતા, કેટલાક લોહીવાળા નીકળતા હતા, ને તે કહેતા હતા કે મારે છે. તે કોઇ લોહીવાળા માણસ નીકળેલા તેને હું બતાવી શકું નહીં. એક મેમણ જરીની ટોપીવાળો અને એક ફકીર કબરસ્તાનની વંડી પાસેથી ઘા કરતા હતા, તે મારા ઘર પાસે આવતા હતા અને હું તેમને ઘા કરતા જોઇ શકતો હતો, અને તે ઘા મારા ઘર આગળથી જનારા બે ચાર પાંચ જણાને વાગેલા. પછી લગભગ અરધો કલાકે વહીવટદાર અને ન્યાયાધીશને મેં દીઠા. મશીદને દરવાજેથી વહીવટદારે હુકમ કર્યો કે, મારા ઘર આગળ જે ચકી ફરતી હતી, તે બંધ કરાવો, અને તેના આસપાસના માણસો ભરાણા છે, તેને વીખેરી નાખો. એ મારા ઘર આગળથી મેં સાંભળ્યું છે પછી વહીવટદાર સાહેબ મશીદમાં ગયા તેની પાછળ ન્યાયાધીશ સાહેબ પણ ગયા, આશરે બે ચાર મીનીટમાં તેઓ સાહેબ મશીદ બહાર આવ્યા. તે વખત સવા કે દોઢ વાગ્યાનો વખત હતો. તે વખત મારા મારી થતી હતી, તે શાંત પડી ગઈ. વહીવટદાર સાહેબને ચોક તરફ જતાં મેં જોયા. પાલખી સાથે કાંઇ વાજીંત્ર નહોતું.

ઉલટ તપાસ—સંવત ૧૯૭૨ ની સાલના કારતક ચૈત્ર મહીનાથી હું મકાનમાં રહું છું, હાલ જે મારૂં મકાન છે, તેમાં હું ગયા અષાડ મહીનાથી રહેવા ગયો છું. તે પહેલાં હું ગોકુળમાં મકાનમાં રહેતો હતો. પાલખી નીકળી ત્યારથી તે મંજતા ૮-૨ વાગ્યા સુધી મારે ઓટલે બેઠો રહ્યો હતો, હું ઘરમાં ગયો નહોતો. શું થાય છે તે જોવાને માટે તથા મારા ઘરના રક્ષણને માટે ઓટલે બેઠો રહેલો. ઓટલે મારી જોડે તેજુરી કારકુન નથુરામ અને છબો ખાચર અને બીજા પાંચ દસ માણસો હતા, ૭-૨॥ વાગ્યા સુધી નથુરામ ત્યાં રોકાએલા, પાલખી આવ્યા પહેલાં નથુરામ ત્યાં આવેલા. નથુરામ ૭॥ વાગ્યા સુધી ત્યાં કેમ બેસી રહ્યા, તેની મને ખબર નથી. છબો ખાચર પણ ૮॥ વાગ્યા સુધી ત્યાં રોકાએલા. છબા ખાચરને પણ મેં મારા બચાવ માટે ઓટલે દખત કહીને રોક્યા. અંબારામ મારે ત્યાં પાણી પીવા આવેલા, પાલખી આવ્યા પહેલાં એ ત્રણ મીનીટ આવેલા. પાલખી આવતાં પહેલાં તેણે પાણી પી લીધું હતું. મારા છોકરાએ તેને પાણી આપેલું. પાણી પીધા પછી અંબારામ ત્યાં કે બેઠો રહ્યો તેની મને ખબર નથી. મારી પાલખીએ પોલીસવાળાએ અંબારામને હાંક મારેલી. મારા ઘરને ઓટલેથી મસીદની અગાસી ખુલી દેખાય છે. મારે ઓટલેથી મસીદની આખી અગાસી દેખાય નહીં, પણ આથમણી તરફનો કપારનો દેખાય છે. એ તોફાનને દીવસે અગાસી ઉપર ચીથી વધારે માણસ મેં દીઠા નથી, જે ૧૫-૨૦ માણસો અગાસી ઉપર હોવાનું મેં જણાવ્યું છે તે મુસાફરખાના ઉપર થઇને અગાસીમાં ચડતા હતા તે છે. મસીદ ઉપરથી પથ્થા પડતા હતા, તે વખતે એ લોકો મુસાફરખાનાના છાપરા ઉપર થઇ અગાસીમાં આવેલા એ લોકો ગુજરાતી મરાઠીના જેવા હતા. તે દીવસે અગાસીના આથમણી તરફના મીનારા સુધી ગયા હતા, તે કોણ હતા તે મને ખબર નથી, મેં પેલાવાળા માણસો જોયેલા. તેમાં ચાર, પાંચના હાથમાં ધોકા હતા, અને ૯-૧૦ પાસે લાકડીઓ હતી. એ ધોકા ને લાકડી ઉંચા થયા તેથી મેં જોયું કે ધોકા લાકડીવાળા માણસો છે. એ ધોકા લાકડી વપરાતાં મેં જોયા નથી. પાલખીથી જેટલી દસ બાર લાકડી ઉંચી દેખાતી હતી. અને ધોકા પણ પાલખીથી ઉગમણા ઉછળતા દેખાતા હતા. મેં પોલીસના માણસો, થાણદાર અને પાળા ઉપર કોઇ ધકાધકી થએલી કે નહીં તે હું જોઇ શક્યો નહીં. સદ્દગીશંકર અને પોલીસનો સીપાઇ અને પાલખીથી ઉગમણા મેં જોયેલા. પાલખી નીકળી તે વખત ઘણું કરીને માણસો મંદીર તરફ જતા હતા અને સો સવાસો માણસો નદી તરફ જતા હતા. ત્યારપછી મસીદે આવી ગયા પછી નદી તરફ પાછા ફરતા માણસો ઘણા હતા અને ચોક તરફ માણસો જનારા થોડા હતા. નદી તરફથી મસીદ તરફ જનારા લોકોને ત્યાં કોઇએ અટકાવેલા કે નહીં તે મેં જોયું નથી. કબરસ્તાનની પછી પાછળથી બે જણાએ પાંચ સાત મીનીટ પાછા ફરેલા. એ બંને થઇને આશરે, દસ અગીયાર વાગે આવેલા. મને વાગવાની બીક તો લાગેલી. પણ હું અંદર જતો રહું. અને બારણું બંધ કરી દઉં તો કમાડ તોડી નાંખે તે ઉપરથી બહાર ઉભો રહેલો મારા ઓટલાને લાગુ કટકે ગમે ઉભા હતા. તે દેટ પોલીસને હાથ પહોંચે, અને નવ દસ હાથ લાંબો છે. મારા મકાનના છાપરાનો નેવો ઓટલા બહાર દોઢ હાથ છેટે પડે છે, એ ઓટલા ઉપર ગમે ત્યાં બાજુ ઉભા રહેલા પોલીસવાળા બેસી પણ ગએલા. હું મકાનમાં રહેવા આવ્યો છું ત્યારથી મસીદને રસ્તે નદીએ ગયો છું. મસાણીની બારીથી બહારને ભાગે

નદી તરફ જતાં ભરવાડોનાં ઘરો સુધી રસ્તો કાંઈક સારો છે, અને ભરવાડોના ઘરથી ખાખ-ખીઆ સુધી મ્યુનિસિપાલિટીનો રસ્તો સંવત ૧૯૫૫ ની સાલ સુધી હતો. એ ભરવાડોના ઘરથી ખાખબીઆ સુધીનો રસ્તો ૨૫-૩૦ કદમ સુધી છે, એ રસ્તો એક સાથે પાંચથી છ માણસ સુધી હારોહાર ચાલી શકે તેવો પહોળો રસ્તો હતો, બે માણસ પણ સાથે ચાલી ન શકે તેવો સાંકડો રસ્તો નહોતો. ચોમાસાને લીધે એ રસ્તો દુરસ્ત ન થાય ત્યાં સુધી ગાડી ન ચાલી શકે, પણ ઘોડું ચાલી શકે. હું ગઢડામાં આવ્યો ત્યારથી એ ભરવાડના ઘર અને ખાખબીઆ વચ્ચે બગીચાનું ઘર મેં જોયું નથી. એ પાલખીમાં ઠાકોરજીની મુરતી પાંચ છ આંગળની હતી, એ મુરતીને શણગાર સજેલો હતો. ઘુમટો પહેરાવેલાં હતાં. હું વધુ જાણતો નથી, મેં કોઈ દીવસ કોઈની સેવા કરી નથી. ઘોડાનો રંગ આખો ધોળો ધોળો દેખાતો હતો, અને તેને લોઢાની કુંડળી હતી, તેથી ચુનો ખાંડવાના ઘોડા કહું છું. મેં મારા ઓટલાથી જોયું તો મશીદના દરવાજાથી મારો ઓટલો ૬૦-૭૦ કદમ છે. ન્યાયાધીશ સાથે બીજા કોઈ તેની ઓફીસના માણસો હતા કે નહીં તે ખબર નથી. ન્યાયાધીશ અને જીવન કારકુન બે ઉંચા તેથી જણાતા હતા. લોહી નીકળેલા માણસો મારા ઘર આગળ થઈને નીકળેલા, તે મારી ઓળખાણવાળા નહોતા. અગાસીના ઉભેલા માણસો ત્યાંથી જોઈ શકાય નહીં. શીંગડાની દાબો આડી આવતી હતી. જરીની ટોપીવાળો ૨૦-૨૫ વરસની ઉમરનો હતો તેનું નામ હું ભુલી ગયો છું, તે ગઢડાનો રહેનાર નથી, પણ તેને ગઢડામાં દર સાલ ચોમાસાની મોસમમાં તેને હું ગઢડામાં જોઉં છું. જરીની ટોપી પહેરીને ફક્ત ગઈ સાલમાં ગઢડે આવેલો મેં જોયો હતો. ફકીરે શણીયાની લંગોટી મારી હતી, અને બીજું કાંઈ પહેર્યું નહોતું. એ ચાર પાંચ દીવસથી ત્યાં પડ્યો હતો, અને રાતે રાતે અમારે ત્યાં માગવા આવતો હતો, તેથી તે ફકીર હોવાનું કહું છું. બીજા કોઈ ફકીર મારે ત્યાં માગવા આવતા નથી. જરીની ટોપીવાળા મેમણને બજારમાંથી આવજા કરતા બીજા છોકરાઓ સાથે જોયેલો, એ મેમણ સાથે હરેફરે તેથી અને તેના પેરવેશ ઉપરથી હું તેને મેમણ જાણું છું. પગમાં ચોરણા, લાંબા ઝભા, અને હાથમાં રૂમાલ, એ મેમણનો પેરવેશ. ગઢડામાં બીજા કોઈ એવો પેરવેશ પહેરતા નથી. ગાડી બંધ કરવાનું અને માણસોને ખસેડવાનું વહીવટદારે કોને કીધું તે મને ખબર નથી, તે ઓળખ્યા એટલું હું જાણું છું. એ વહીવટદારના હુકમથી બે ત્રણ આપરા બંધ કરાવવા આવેલા, તેમાંથી એકને મેં ઓળખેલો, તેને જાણતો છે, તેનું નામ હું જાણતો નથી. કોઈ આપરનાં નામ મને ખબર નથી. તોફાન શાંત થયું છતાં હું ઓટલે બેસી રહેલો, તેનું કારણ કે પાછળથી કોઈ તોફાન ન કરી શકે તેટલા સારૂ બેઠો હતો. વહીવટદારની સાથે ન્યાયાધીશ પણ બેઠેલ ભાદરવા શુદ ૧૩ ની રજા ગઢડા કોરટમાં નથી, પણ તે દિવસે કામ થતું હશે ગઢડા કોરટમાં નાખતા નથી. ગઈ સાલમાં એ દીવસે કોરટમાં મારાં કામ નહોતાં, મારા ઘરમાં મંદવાડ હોવાથી મેં તે દીવસે કામ નખાવ્યાં નહોતાં. મારા ઘરમાં સખત મંદવાડ હતો, મારી બાઈને સનેપાત થઈ ગયો હતો, સનેપાત ભાદરવા વદ ૨ થી થયેલો, ભાદરવા વદ ૯ મે મારી સ્ત્રી ગુજરી ગયેલાં.

ફરી તપાસ નથી.

કોરટના સવાલમાં—ચાબખારીના હાથમાં ચમર હતાં કોઈ ચમર તેઓ નાખતા નહોતા. હું ઓટલે ઉભો હતો તે મારી સામી પાલખી આવી તે વખતે લક્ષ્મીશંકરે જમાદારને કહ્યું કે ચાલો. એ પાલખીમાં ઠાકોરજી એકને મેં જોયા હતા, નાના લાલજી તેમાં નહોતા. જમાદાર આવીને ઓટલા ઉપર બેઠેલા, અને પાલખી આવી ત્યારે અમે બહાર નીકળેલા. નદીએ જતો વરઘોડો મેં તે દીવસ જોયો નહોતો. મસીદ આગળ પાલખી એકાદ બે વખત હાલેલી, તેથી પાલખીને ધકો વાગ્યાનું કહું છું. પાલખીને વચલા ભાગમાં ધકો લાગવાથી પાલખી આથમણી તરફ ધસી જતી જણાતી હતી. પાલખીને વચલા ભાગમાં ધકો લાગ્યો હતો, બીજો ધકો લાગ્યો તે તેજ જગ્યાએ લાગેલો હોવો જોઈયે, પણ પાલખીને એક કે બે ધકા લાગેલા તે હું ચોકસ કહી શકું નહી. વચલા ભાગ શિવાય બીજા કોઈ ભાગમાં પાલખીને ધકો લાગેલો મેં જોયો નથી. જીવન કારકુન પાછો ક્યારે ગયો તે મેં જોયું નથી. મસીદ આગળ ન્યાયાધીશને કાંઈ બોલતાં મેં જાણ્યું નથી. ન્યાયાધીશ સાથે કોઈએ વાત કરેલી કે નહીં તે મને ખબર નથી. મસીદ આગળ વલભ જમાદાર આવ્યો હતો કે નહીં તે મારી સરત નથી. મસીદ આગળથી પાલખી આગળ વધી તેની સાથે જમાદાર, હવાલદાર કે કોઈ માણસ ગયેલો કે નહીં તે ખબર નથી. લાલજી અને પાગો પાલખી સાથે ચાલ્યા જતા જોયેલા પછી કહે છે કે પાગો પાલખી સાથે ગયેલો કે નહીં તે મારી સરત નથી. પાગાએ મારવાની રાડ નાખેલી કે નહીં તે મેં સાંભળી નથી. ઝરીની ટોપીવાળો મેમણ કયા ગામનો હતો તે મને ખબર નથી. એ મેમણ અહીં તહોમતવાળામાં નથી. આ તોફાન પછી પાંચ કે સાત દિવસે મેં પોલીસમાં હકીકત લખાવી છે. પાલખી મારા ઘર આગળથી નીકળી, તે વખતે આશરે એક વાગ્યાનો વખત પણ હોય. કબરસ્તાનની વંડી આગળથી ઝરીની ટોપીવાળો મેમણ ને ફકીર ધા કરતા હતા. એવું મેં પોલીસમાં જાહેર કર્યું છે કે નહીં તે મને ખબર નથી. એ ઝરીની ટોપીવાળા મેમણના નામની મને ખબર નથી

તહોમતવાળાના વકીલની સુચનાથી—વહીવટદાર સાહેબની જુબાની લેવાઈ ત્યાં સુધી હું કોરટમાં આવતો હતો. આ કામમાં ન્યાયાધીશ સાહેબની જુબાની લેવાઈ તે વખત હું કોરટમાં આવતો નહતો, આ કામમાં જમાદારની જુબાની લેવાઈ તે વખતે હું કોરટમાં હતો કે નહીં તે મને યાદ નથી. આ કામમાં જમાદારની જુબાનીની નોટ મેં કરી છે કે નહીં તે મને યાદ નથી. વહીવટદારની જુબાની લેવાઈ રહી તે પછે બે દિવસ હું ગામમાં રહેલો, કોરટમાં આવેલો નહીં, અને તે પછે બે દીવસે હું ગઢડે ગયેલો હતો. આ કામના ફરીયાદીનો વકીલ છું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા, ૩ માર્ચ સને ૧૯૦૮.

૧ અક્ષરે ૧ર વજેરામની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૪૨

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ દામોદરાનંદજી છે. મારી ઉમર આશરે વરસ ૨૭ ની છે.
મારો ધર્મ હીંદુનો છે. મારો કસબ ભજન કરવાનો છે.
મારી જાત બ્રહ્મચારીની છે. હું ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ વરઘોડામાં મંદીરમાંથી ગયો હતો. વરઘોડામાં બે પાલખી હતી. એક લાકડાની અને એક રૂપાની. એ બેમાં ઠાકોરજી હતા. એ વરઘોડો બ-હારીને ઝાંપે થઇ નદીએ ગયેલો. હું તેની સાથે ગયો હતો. નદીએથી પાછા ફરતાં રૂપાની પાલખી મસીદ તરફ થઇને ચાલેલી હું તે પાલખી સાથે હતો, ને એ પાલખી અમે મસીદ સુધી લાવેલા. મસીદના દરવાજા સુધી આવતા દશ વીસ મુસલમાન માણસો લાકડી અને ધોકા લઇ પાલખી ઉપર આવ્યા તેમાં ચાર પોલીસના સીપાઈ આડા ફર્યા તેમાંથી એક જ-ણે મારીને પાલખીને મારયો અને તે ઝુમખું તોડી ગયો. પાલખી એક બે મીનીટ રોકા-ઇ પછી પાલખી અમે એકદમ મંદીરમાં લઇ ગયેલા, તે વખત પોલીસનું એક માણસ મારગ કરવા અમારી આગળ ચાલતું હતું. એ ઝુમખું લઇ જનારને ઓળખી શકું નહીં. પાલખીને મંદીરમાં લઇ જઇ બંડકની ઓસરીમાં મુકી, પછી હું મારા આસને ચાલ્યો ગયેલો. એ રૂપાની પાલખી સાથે વાજીંત્ર નહોતું.

ઉલટ તપાસ—હું બ્રહ્મચારી આઠ દશ વરસ થયાં થયો છું તે વખત મારી ઉમર દશ બાર વરસની હતી. હું બ્રહ્મચારી થયા પછી ભણ્યો છું. હું બહાર ફરવા ન જાઉં ત્યારે ગઢડામાં રહું છું. હું બાર મહીનામાં કોઇવાર ફરવા જાઉં છું, અને કોઇવાર ફરવા જતો નથી. સંવત ૧૯૬૨ ને સંવત ૧૯૬૩ એ બે સાલમાં મસીદ આગળ પાલખી સાથે ચાલેલો. તે સીવાય કોઇવાર હું એ રસ્તે ચાલ્યો નથી. સંવત ૧૯૬૨ ની સાલમાં પણ બંને પાલખીમાં ઠાકોરજી હતા. કોઇમાં ગણપતી નહોતા. એ બંને વરસમાં રૂપાની પાલખી સાથે મસીદ આગળ ચાલવાનો મને કોઇએ હુકમ આપ્યો નહોતો. હું મારી મેળે ચાલેલો. બીજા સાધુ બ્રહ્મચારીને મસીદ તરફ આવતી પાલખી સાથે ચાલવાનો કોઇએ હુકમ આપેલો કે નહીં તેની મને ખબર નથી. નદીએથી રૂપાની પાલખી સાથે ચાલવાનો હુકમ તોફાનને દીવ-સે નદીએથી અમારા બ્રહ્મચારી વૈશ્વાનંદે હુકમ આપ્યો હતો. સંવત ૧૯૬૨ ની સાલમાં હું મારી મેળે ચાલ્યો હતો. સંવત ૧૯૬૨ ની સાલમાં મને તરસ લાગવાથી હું મારી મેળે પાલખી સાથે મસીદ તરફ ચાલેલો. નદીએ પાણી ડોળાઇ ગયેલું, તેથી મેં પીધું નહોતું. મસીદને રસ્તે તોફાનને દીવસે પાલખી સાથે ચાલવામાં અમારી સાથે ચાર પોલીસના માણસો લાલજી જેઠા, ડાયો ભગત અને દેવશંકર બાબજુ એટલા હતા. લાલજી, ડાયો અને પોલીસના ચાર માણસો અને દેવશંકર એ બધા પાલખી સાથે પોતાની મેળે આવ્યા કે કોઇના હુકમથી તેની મને ખબર નથી. અમે રૂપાની પાલખી સાથે ચાલતા થયા ત્યારે લાકડાની પાલખી ચાલવા માંડેલી કે નહીં તેની મને ખબર નથી. નદીએથી હું ચાલ્યો ત્યારથી પાલખીની આથમણી તરફ હતો. મસીદ આગળ આવ્યો ત્યારે હું પાલખીની આથમણી

તરફ હતો નહીંએથી ચાલતે પાલખીની જે બાજુએ હતો તેજ પાલખીની બાજુએ હું મશીદ આગળ હતો. સીપાઇઓ આડા ફર્યા કે એક જણે ઝોંટ મારી, સીપાઇ આડા ફર્યા ત્યારે અમે આગળ ચાલ્યા નહીં કારણકે ભીડ હતી અને મારગ નહોતો. પોલીસના બે સીપાઇઓ પાલખીની આથમણી તરફ અને બે ઉગમણી તરફ હતા. લાલજી પાલખીની કઇ દીશાએ હતા તે ખબર નથી. મશીદ તરફની બાજુએ હતા. મને દીશાંમાં ખબર પડતી નથી. પાલખીના વાંસલા ડાંડાની પાછળ બે ત્રણ હાથ છેટે ડાહ્યો ભગત હતો. મશીદ આગળથી અમે પાલખી લઇ આગળ ચાલ્યા ત્યાં સુધીમાં ત્યાં આગળ કાંઇ મારામાર થઇ નહોતી. મશીદ પાસેથી અમે પાલખી લઇ આગળ ચાલ્યા ત્યારે અમારી ભેગું પોલીસના માણસ શીવાય બીજું કોઇ હોવાનું મને ખબર નથી. હું પાલખીની જે બાજુએ હતો તેની સામા બાજુએ ઝુમખું તોડયું હતું. કમાનમાંથી મેં ઝુમખું તોડવાનું જોયું હતું એ કમાનમાંથી ઝુમખું લેતાં દેખાય નહીં પણ માણસ દેખાય. ઝુમખું તોડનારના હાથમાં મેં ઝુમખું જોયું હતું, તે પાછું લેવા કોઇએ મહેનત કરેલી કે નહીં તે મને ખબર નથી. એ ઝુમખું તોડનાર કાંઇ બોલ્યો નથી. મુગે મોઢે ઝુમખું તોડી ગયેલો. પોલીસે એ લોકોને કાંઇ કહ્યાની મને ખબર નથી. પોલીસનો માણસ મંદીરે આવેલો તે મંદીરની ડેલીમાંથી પાછો ગયેલો. ઝુમખું તોડવાનું મેં મંદીરમાં કોઇને કહ્યું નથી. પાલખી ઉપાડનારે બધાએ ત્યાં તપાસી હતી. પાલખીને કુલ કેટલાં ઝુમખાં છે, તે મને યાદ નથી. તુટેલા ઝુમખા આગળ પાલખીની તપાસ કરી હતી. બીજાં ઝુમખાં માટે મંદીરમાં જોયું નહોતું. પાલખી મશીદ આગળ આવી એટલે મુસલમાનો ડેલીમાંથી બહાર નીકળેલા, એ મેં કોઇને ઓળખ્યા નથી. તેના મોઢાં પણ જોયાં નહોતાં. મશીદમાંથી નીકળ્યા માટે મુસલમાન હોવાનું કહું છું. કેટલા પાસે લાકડી અને અને કેટલા પાસે ધોકા તે ખબર નથી. આઠ દશ વરસમાં હું બીજા બે વરસ નીકળ્યો છું. તે વખત હું બદલીને ઝાંપેથી જતી પાલખી સાથે પાછો ફર્યો હતો. મશીદ આગળ ત્રણ પોલીસના માણસ, ડાહ્યે ભગત અને લાલજી જોતાં શું થયું તેની મને ખબર નથી. હું તો પાલખી મંદીરે લઇ ગયેલો. રૂપાની પાલખીમાં મોટા લાલજી પોઢ્યા હાથ ઊંચા હતા, તે શણગારેલા હતા બદલીને ઝાંપેથી પાછી ફરતી પાલખીના સૌ દરશન કરે. રૂપાની પાલખીના ઠાકોરજીના કોઇ દરશન કરે નહીં.

ફરી તપાસ—મશીદમાંથી માણસો નીકળે તેની આડા ચાર પોલીસના સીપાઇઓ હતા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૩ માર્ચ સને ૧૯૦૮

૧ બ્રહ્મચારી દામોદરાનંદજીની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૪૩

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સત્યું લખાવીશ.

મારૂં નામ મંગળજી છે. મારી ઉમર આશરે વરસ ૪૫ ની છે.

મારા બાપનું નામ અમરચંદ છે. મારો ધંધો મુખત્યારપણાનો છે.

મારો ધર્મ જૈનનો છે. હું ગઢડામાં રહું છું.

મારી જાત દશા શ્રીમાળી વાણીયાની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ને દીવસે બાર સાડાબાર વાગે બજારમાં હું દુકાને બેઠો હતો, ત્યાં જગા ઝીલવા મંદીરેથી નદી તરફ વરઘોડો જતો હતો, હું લખમીચંદ દેવચંદની દુકાને બેઠો હતો.થોડીવાર બેઠો ત્યાં ભંડારી અબદલા, ઓસમાણ અલી દુકાને આવ્યો, ત્યાં નુરઆમદ પણ બેઠો, હતો, ત્યા અબદલા ભંડારીએ આવી કહ્યું કે પાલખી નીકળવાની છે, માટે ચાલો. ત્યાં સામે અબરામ હાસમની દુકાન છે. તે અબરામ હાશમને ત્યાં સનસ કરીને અબદલા ભંડારીએ બોલાવ્યો, તેથી અબરામ હાશમ દુકાન બંધ કરતો હતો, ત્યારે ભંડારીએ સામે હસન તાર બોધાની દુકાન છે, તેને બુમ પાડીને ભંડારીએ કહ્યું કે આંહી આવો. તમોને બોલાવે છે. પછી હસન તાર બોધા પણ ત્યાં આવ્યો, એટલામાં બમીસા બોધાનો ભાણેજ જુસબ સુમાર ત્યાં રસ્તેથી જતાં ઓસમાણ અલીની દુકાને આવ્યા પછી ત્યાંથી હસન તાર બોધા, ઓસમાણઅલી; જુસબ સુમાર, અબરામ હાશમ, નુર આમદ ને અબદલો ભંડારી એટલા એકઠા થઈને મસીદ તરફ ગયેલા, પછી અહીંથી કલાકે માણસો દોડતા અમારા હાટ પાસે થઈને નીકળ્યા, પછી હું ત્રણ સાડા ત્રણ વાગે એ દુકાનેથી મારે ઘેર ગયેલો. એ હસન તાર બોધા, ઓસમાણ અલી, અબદલા ભંડારી, નુરઆમદ, જુસબ સુમાર અને અબરામ હાસમને હું તહોમતવાળાઓમાંથી બતાવી આપું છું. ( સાક્ષી બતાવી આપે છે. )

ઉલટ તપાસ—એ બધા એકઠા થઈ ગયેલા, તેથી મને શંકા થઈ કે એ તોફાન માટે ભેગા થયેલા છે, એ બાબતના ખબર મેં પોલીસને આપ્યા નથી. એ ખબર આપવાનું કાંઈ મારૂં કામ નથી, લખમીચંદ દેવચંદની દુકાન આથમણી તરફ બજારના ઝાંપા તરફના રસ્તામાં દક્ષણાદા બારની છે. અને ઓસમાણની દુકાન તેની સામે દક્ષણાદા બારની છે. લખમીચંદની દુકાન આથમણી તરફ દશ બાર હાથ છેટે, અબરામ હાશમની ઉગમણા બારની દુકાન છે. લખમીચંદની દુકાને હું, લખમીચંદ, કેશળાનો વહીવટદાર ( જેપ્તીદાર ) અને કેશળાનો માસ્તર એટલા હતા. અબરામ હાશમની દુકાને બીજું કોઈ નહોતું. ઓસમાણની દુકાને ઓસમાણ અને નુર આમદ હતા. ઓસમાણથી આથમણી તરફ હસન તાર બોધાની દુકાન ઉતરાદા બારની છે એ હસનની દુકાને બીજું કોઈ નહોતું. એ દુકાનની હેઠો અલી શરીફ પણ હતો, ને તે હસન સાથે ચાલેલો, એ બધા ત્યાંથી મસીદ તરફ ગયા, ત્યારે તેના હાથમાં લાકડી કે બીજું હથીયાર નહોતું, લખમીચંદની દુકાનથી પેણોસો હાથ છેટે મસીદ તરફ વળવાનો ખાંચો છે. જુસબ સુમાર રામજી મંદીરની શેરીમાંથી આવેલો. જુસબ આવ્યા પછી એ બધા ચાલેલા, જુસબને કોઈએ સાથે આવવાનું કહ્યું નહોતું. એ તેની મેળે સાથે ચાલેલો. તે દીવસે બજારમાં મેળાને લીધે માણસોની આવજા ઘણી હતી. હું

લખમીચંદની દુકાને હતો, એ બધો વખત માણસોની ભીડ ત્યાં આગળ હતી. હું લખમીચંદની દુકાને દસ વાગ્યાથી ગયેલો, ત્યાં ઘણાં માણસો આવજા કરતા હતા, પણ તેમાંથી મેં કોઈને ઓળખ્યા નથી. એ છ જણા મસીદ તરફ ગયા. તે કોઈ સાથે મારે વાત થઈ નથી, આ વાત મેં કોઈને કરી નથી. આઠ દસ દીવસે મને ફોજદારે બોલાવ્યો, ત્યારે મેં વાત કરી છે. પછી કહે છે કે મેં આ વાત લાલજી જોશીને બે ચાર દીવસે કરેલી, લાલજી મને રસ્તે મળ્યો તેણે મને પુછ્યું કે તમે ક્યાં ગયા હતા, ત્યારે મેં તેને આ વાત મેં એ વાત કરી છે, કરેલી તે પછી આઠેક દીવસે મને પોલીસમાં બોલાવેલો. ત્યારે લાલજી અને ફોજદાર શીવાય બીજા કોઈને મેં વાત કરી નથી. લખમીચંદને તેજ અરસામાં પોલીસે પકડેલો છે. લખમીચંદને પકડ્યા પછી કે પહેલાં મને પોલીસે બોલાવેલો તે યાદ નથી, લખમીચંદની દુકાને બીજા કોઈ આવ્યા નહોતા, કેરાળા જમીનદાર પાસે મારે કામ હતું, તેથી ગયો હતો. હું દરબારી ઉતારામાં જવા સારૂ એ રસ્તેથી નીકળેલો, ત્યારે લખમીચંદની દુકાને કેરાળાના જમીનદાર હતા. તેથી તેણે કહેલું કે અહીં જમીનદાર છે, તેથી હું ગયેલો. તે દીવસે મારે કાંઈ જમીનદાર સાથે વાત થઈ નથી. તેમ હાલ સુધી પણ મારે જમીનદાર સાથે વાત થઈ નથી.

અસુર થવાથી મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૭ માર્ચ સને ૧૯૦૮.

૧ શા. મંગળજી અમરચંદની સહી દા, પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું મંગળજી અમરચંદ આજરોજ પ્રતીજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છઉં જે—ભાદરવા શુદ ૧૧ ના રોજ ગઢડામાં રજા નથી, તે દીવસે કાંઈ કામ કોર્ટમાં ન હોવાથી હુ કોરટમાં ગયો નથી. તે પછી બે દીવસ સુધી મુદતમાં કાંઈ કામો નહોતાં. કેટલે દીવસે મારાં કામ કોર્ટમાં તે પછે હતાં, તે મને યાદ નથી. તે દીવસે બે અને અઢીની વચમાં હું જે દુકાને બેઠો હતો, ત્યાં થઈને ન્યાયાધીશ અને વહીવટદાર નીકળ્યા તેમની સાથે ચંપકલાલ તથા પટાવાળા અને આમરો હતા. આમરો સાત આઠ હતા. તેમની પાસે હથીયાર હતાં. તે કોઈના હાથમાં તરવાર અને કોઈના હાથમાં લાકડી હતી, એ સાત આઠમાં રાજો બોરીચો, દાદા લખા, ગીગા ભીમા, ગેરામ ભીમા એટલાં નામ યાદ છે. બીજાનાં નામ યાદ નથી. કોના હાથમાં તરવાર અને કોના હાથમાં લાકડી હતી, તે યાદ નથી, એ બધા છવા ખાચરની ડેલી તરફ ગયેલા, ન્યાયાધીશ અને વહીવટદાર સાથે કેટલા પટાવાળા હતા તે ધ્યાન નથી. તે પહેલાં એ દુકાન આગળ થઈને આમરો મસીદ તરફ ગયેલા, તે સાત આઠ જણા હતા. ન્યાયાધીશ અને વહીવટદાર સાથે જે આમરો નીકળેલા, તેજ આમરો અને બીજા આમરો મસીદે જવામાં હતા. ઉપર બતાવેલા માણસો શીવાય રણછોડ ભગવાન, લવજી જોશી વીગેરે જે મુસલમાનના કામમાં તહોમતવાળા છે, તે સીવાયના ગામમાંથી

આવજા કરનારા હું એ દુકાને હતો ત્યાં સુધીમાં મેં કોઇને ઓળખ્યા નથી. કેદીઓના જા-પ્તીદારને ઓળખું છે. પણ તેહેવારહું તે પહેલાં ઓળખતો નહોતો. ગડડાના મહાજને મુસલમાન લોકો સાથે વહેવાર બંધ થવાના ઠેકડા કર્યાની મને ખબર નથી. નુર આમદને હું સમજણો થયો ત્યારથી ઓળખું છું. તે બે ત્રણ વરસ પહેલાં ગડડામાં વેપાર કરતો, બે ત્રણ વરસથી તે ગડડાની બહાર રહેવા ગયો છે. જુસબ સુમાર બે ત્રણ વરસથી પાળીયાદથી ગડડામાં આવેલો છે. તે કાસમ રેમાનની દુકાને બેસી રહે તેથી તેને ઓળખું છું તથા નામ જાણું છું.

ફરી તપાસ—૭ તહોમતવાળા મશીદ તરફ ગયા ત્યારે બે પાંચ માણસો ત્યાં આવતા જતા હતા. હું મુસલમાન સાથે વેપાર રાખું છું.

કોરટના સવાલમાં—ગઇ દીવાળી પછી હકા મેમણ પાસેથી સલેમાન દાદને રૂપીઆ લીધેલા તેને લખાવી લેનારને ખત લખાઇ લઇને લખી આપું છું. ગઇ તા. ૨૨ મી તારીખે એક કરારદાદ મુસલમાન પક્ષ વચ્ચે ફરી લઇને મેં લખી આપ્યો છે. મુસલમાને મારી સાથે કાંઇ લેવડદેવડ કરી નથી. કારણ કે હું વેપાર કરતો નથી. જે પાંચ સાત જણા ૭ તહોમતવાળા મશીદે ગયા પછી હોવાનું કહું છું, તે પરગામના રહેનાર હોવાથી તેને હું ઓળખતો નહોતો. એ ૭ જણાનાં મોં મેં જોયાં નથી, છતાં તે પરગામના હોવાનું અનુમાનથી કહું છું. એ ૭ જણા મશીદ તરફ ગયા તે બીજા સાથે, કાંઇ વાતચીત કરતા નહોતા. અબદલા બંદારીએ હાથનું નિશાન કરીને બોલાવ્યા ત્યારે મારી નજર તેની સામી હતી. મહાજનોએ તમામ મુસલમાન સાથે વેપાર બંધ કર્યો નથી પણ મેમણ સાથે વેપાર બંધ કર્યો છે.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૪ માર્ચ સને ૧૯૦૮.

૧ શા. મંગળજી અમરચંદની સહી દા. પોતાના.

માહા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર<br>
(સહી) વામનરામ કપીલરામ.<br>
ન્યાયાધીશ.

## આંક ૪૯

હું મારા ધરમ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારું નામ માપો ગોર છે, મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે,

મારા બાપનું નામ કરશન ગોર છે, મારો કસબ નોકરીનો છે,

મારો ધરમ હિંદુનો છે, મારી જાત રાજગર બ્રાહ્મણની છે,

હું ગડડામાં રહું છું.

ફિરિયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ગડડા દવાખાનામાં પટાવાળો છું, ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે હું દવાખાને હતો. બાર વાગે મોટા ચોકમાં હું વરઘોડો જોવા ગયેલો, હું વરઘોડા સાથે નદીએ ગયેલો ઠાકરજી જળ ઝીલી રહ્યા પછી હું ધરમીતાલે ગયેલો, પછી મને ડાકતર સાહેબે બજારમાં મોકલેલો, મને બનાવનો ભાર પુછવા ડાક્તર સાહેબે મોકલેલો. મશીદ

આગળ છગન ઘોબીને હાટે બટાટાનો ભાવ પુછ્યો, પછી હું ભાવ પુછીને હું ત્યાં ચોકમાં ઉભો હતો. એ હાટથી પાંચ છ હાથ છેટે ઉભો હતો. એટલામાં ન્યાયાધીશ સાહેબ મસીદ આગળ ગયા. હું પણ તેમની વાંસે વાંસે ચોટે સુધી ગયો. ન્યાયાધીશ સાહેબે મુસલમાનને કહ્યું કે આંહી કેમ હુમલો કરવા ઉભા છો, વયા જાવ, પછી દસ બાર જણા મસીદમાં વયા ગયા, અને ચાર પાંચ જણા બહાર ઉભા રહેલા, પછી ન્યાયાધીશે પોલીસને કહ્યું કે દાદા-મીયાંને પકડી ઉતારે લઇ આવો, પછી દાદામીયાં મસીદમાં ગયા અને કમાડ દઇ દીધું. જે મુસલમાનો ન્યાયાધીશ મસીદ આગળ આવ્યા ત્યારે ઉભા હતા તેમાંથી એક દાદામીયાંનું નામ જાણું છું, બીજાનું નામ જાણતો નથી, ને દીઠે ઓળખું છું, તે આઠ જણાને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. તે કોઇનાં નામ હું જાણતો નથી, પણ મુકત, તહો-મતવાળા આંક અસમાલ, ઓસમાણ ગની, અબદલા કરીમ, અબદલા મમદ, ખાટકી સામા રેમાનાં અબરામ ગોબર, તાલબ મહમુદ અને લતીબ અબરામ કહે છે, પછી અગાશી ઉપરથી ઘા થવા મંડેલા તેથી હું પાછો હટેલો, પછી મારા મનમાં થયું કે નદીમાં થઇને ભાવનગરને દરવાજે થઇને દવાખાને જવાને માટે મેં વીચાર કર્યો. હું મસીદની આથમણી તરફ હતો, ત્યારે મસીદમાંથી જીવન ટીણાએ મને બુમ મારી કે મને મસીદમાંથી બહાર કાઢજે, પછી એ મસીદની દરવાજા પાસે જાળી છે, તેના સળીયા કાઢી નાખેલા છે, તેમાં થઇને જીવન કારકુન બહાર આવ્યો, પછી હું ત્યાં ઉભો રહેલો અને જીવન કારકુન અપા-સરા તરફ વયો ગયો, પછી એ મસીદની જાળીમાં થઇને મામજી પાંચી બહાર નીકળ્યો, પછી મામજીએ કહ્યું કે મને એટલે મામજીને મારશે, પછી મેં કહ્યું કે કોઇ નહીં મારે, પછી મામજી આથમણી બજારે વયો ગયો, અને હું નદી તરફ નહીં જતાં ઉગમણી બજારમાં થઇને દવાખાના તરફ ગયેલો. રસ્તામાં મને વહીવટદાર અને ન્યાયાધીશ સામા મળેલા અને હું દવાખાને વયો ગયો, પછી મેં દાકતર સાહેબને બટાટાનો ભાવ કહ્યો, ને કહ્યું કે ત્રણ પૈસે શેર બટેટાં મળે છે, પછી દાકતર સાહેબે કહ્યું કે બટેટાં મોંઘાં મળે છે, માટે સુરણ લેવા બીજા પટાવાળાને મોકલ્યો હતો, મને મોકલ્યો નહોતો, પછી હું દવાખાને બેસી રહેલો.

ઉલટ તપાસ—હું ગઢડાનો રહેનાર છું, કાયમ ગઢડામાં રહું છઉં. આંહી બેઠેલા તહોમતવાળામાં ઓસમાણ અલી, ઇસા અલી, એનાં નામ આવડે છે. બીજાનાં નામ જાણતો નથી. બધા તહોમતવાળાને જોઇને કહું છું કે તેને બાળે ઓળખું છું. જે મુસ-લમાનોને ન્યાયાધીશે અંદર જવાનું કહ્યા પછી મસીદમાં ગયેલા, તેમનો કોઇ આંહી તહોમ-તવાળામાં છે કે નહીં તે મને ખબર નથી. જે આઠ જણાને મેં શરૂ તપાસમાં દીઠે ઓળ-ખ્યા છે તેઓને ન્યાયાધીશ સાહેબે અંદર જવાનું કહ્યા છતાં બહાર ઉભા રહેલા તે છે. તે આઠ જણા શીવાય બંધું કોઇ બહાર ઉભું રહ્યું નહોતું. હું એક વાગે દવાખાનેથી બજા-રમાં ભાવ પુછવા આવેલો, તે બે વાગ્યા પછી દવાખાને ગયેલો. છગન બાર દહાડે બહાર ઉભો રહેલો, તેથી હું ઉભો રહેલો, પછી કહે છે કે તમાસો જોવા હું ઉભો રહેલો. છગન બહાર ઉભો હતો. ત્યારે મેં ભાવ પુછેલો. અગાશી ઉપરથી જે પાણાના ઘા કરતા હતા તેને મેં ઓળખ્યા નથી.

સવાલ—તે હીંદુ કે મુસલમાન હતા તે કહી શકો નહીં?

જવાબ—તે દાઢીવાળા બધાં મુસલમાનો હતા ૨૦–૨૫ જણા હતા.

હું ત્યાંથી પાછો ગયો ત્યાં સુધી એ બધા ઘા કરતા હતા. એ વખતે એ પથરા કોઇને વાગ્યા કે નહીં તે ખબર નથી. ઝીંઝાવદરના મુખીને વાગેલો, તે ન્યાયાધીશ સાથે જતો હતો ત્યારે બોલેલો કે હું ઝીંઝાવદરનો મુખી છું અને મને અબરથો મારયો છે, તે વખતે ઘા ઘણા આવતા હતા તેથી મને બીક તો લાગેલી તેથી હું નથુ મોગીના હાટે ઓથે ઉભો રહેલો. બીજી કોઇ જગ્યાએથી ઘા આવતા નહોતા. બજાર તરફ માણસની ભીડ હતી, અને નદી તરફને રસ્તે માણસ ભાગતું હતું છતાં પાણા આવતા હતા તોપણ નદી તરફ થઇને ભાગવાનું મેં ધારેલું. હું બજારમાં થઇને દવાખાને ગયેલો કારણકે બધું માણસ ત્યાંથી ભાગવા માંડેલું. માણસો ભાગી જતા હતા તેમાંથી મેં કોઇને ઓળખ્યા નથી. હું મોડો ગયો હતો તેથી દાકતરે મને ઠપકો આપ્યો નહોતો. ન્યાયાધીશ આવ્યા તે મુસલમાનને કાઢી મુકે છે કે ઉતારામાં લઇ જાય છે તે જોવાને માટે હું ત્યાં ગયો હતો. મુસલમાનો લાકડી, ધોકા લઇને ત્યાં ઉભા હતા તેથી હું ન્યાયધીશ વાંસે ગયેલો. પોલીસના ત્રણ માણસો ન્યાયાધીશે દાદામીયાંને લઇ જવાનો હુકમ કર્યો ત્યારે ત્યાં ઉભા હતા. દાદામીયાં મશીદમાં જતા રહ્યા તેથી પોલીસે તેને પકડેલો નહીં. ન્યાયાધીશે મુસલમાનોને મશીદમાં જવાનું કહ્યું ત્યારે કેટલાક મુસલમાનો મશીદમાં ગયેલા અને કેટલાક બહાર ઉભા રહેલા તેમણે કહેલું કે અમે અંદર નહીં જઇએ, બહાર ઉભા રહીશું ત્યારે ન્યાયાધીશે કહ્યું કે એ બધાને પકડી લઇ જાઓ. ન્યાયાધીશ સાથે જીવન કારકુન અને વલભ જમાદાર હતા. ન્યાયાધીશ જોડે બે ત્રણ પટાવાળા હતા, તેમાંથી જીવન પટાવાળાને હું ઓળખું છું. મશીદની જાળીના સળીયા કોણે કાઢી નાખેલા તે ખબર નથી. જાળીમાંથી જીવન કારકુન અને મામદ્જી શીવાય બીજા કોઇ નીકળ્યા નથી. જીવન કારકુનને હું શરૂથી ઓળખું છું. હું ઇસપીતાલનો નોકર તેથી જીવને મને બુમ પાડેલી. જીવનને સાથે જવાની જીવને મને ના પાડેલી તેથી હું મશીદે રોકાએલો. જીવન મશીદમાં ક્યારે ગયેલો તે ખબર નથી. જીવનના હાથમાં કાંઇ નહોતું. હું ત્યાં ઉભો હતો ત્યાં સુધી કોઇ આયર ત્યાં આવ્યા નહોતા. હું દવાખાને ગયેલો, ત્યાં સુધી આયર આવ્યા નહોતા. મામદ્જી ત્યાંથી મારા પાડોશમાં રહે છે તેથી ઓળખું છું. ગાંડાને હું કાયમથી ઓળખું છું, તે કાળમાં બહાર જતો રહેલો, તે વરસ સવા વરસથી પાછો આવ્યો છે. ઓસમાન ગનીને પાંચ છ વરસથી ઓળખું છું. ગાંડાને હું કાયમથી ઓળખું છું, તે કાળમાં બહાર જતો રહેલો, તે વરસ સવા વરસથી પાછો આવ્યો છે. ઓસમાન ગનીને પાંચ છ વરસથી ઓળખું છું, તે ન્યાયાધીશને ત્યાં નોકરી કરે છે. હું મશીદ આગળ રહેલો અને બીજા માણસે આવજા કરેલી, તેને મેં ઓળખ્યા નથી. મામદ્જીને કાંઇ વાગ્યું હતું કે નહી તે મને ખબર નથી.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—બોજા જીવરાજની દુકાને પણ બટેટાં વેંચાય છે, તેની દુકાન ચોકમાં અપાસરા પાસે છે, ત્યાં ભાવ પુછેલો, તેણે પણ ત્રણ પૈસાનો ભાવ કહેલો. કોણ મારશે એમ મેં મામદ્જીને પુછ્યું નહોતું, તેમ મામદ્જીએ મને કહ્યું નહોતું. જીવન કારકુન

જોડે મારે કાંઈ વાત થઈ નહોતી. મારે અસુર થઈ ગયું હતું, તેથી મને ડાક્તર સાહેબના ઠપકાની બીક લાગી, તેથી ન્યાયાધીશ અને વહીવટદાર મશીદ ગયા તેની વાંસે હું ગયો નહોતો. હું નદી તરફ જતો હતો ત્યારે જીવન કારકુનને મેં મશીદના ખાનામાં ઉભેલો મેં જોયો હતો. વહીવટદાર સાહેબ સાથે કોણ પટાવાળા હતા તે મારૂં ધ્યાન નથી. હું છગન ખોજાને હાટ પહેલવહેલો ગયો ત્યારે મશીદ આગળ ઉભેલા તહોમતવાળાઓ મેં કોઈને ઓળખ્યા નથી. એ મામજી વાંચીને કોરટમાં તહોમતવાળા બેઠા છે તેમાંથી બતાવી આપું છું. ( સાક્ષી મામજીને બરોબર ઓળખે છે. ) મશીદ આગળ મેં જોયું તે વાત મેં કોઈને કરી નથી. તોફાન પછી પાંચ સાત દીવસે મને પોલીસે બોલાવ્યો હતો. ફોજદારને મેં આ બાબતની કાંઈ હકીકત લખાવી નથી. નવ મુસલમાનોને મેં મશીદ આગળ જોયા. મામજીને મશીદ આગળથી નીકળતાં જોયો. જીવનને બુમ પાડીને મશીદમાંથી નીકળતાં જોયો એ હકીકત મેં પોલીસમાં લખાવી નથી. પછીથી કહે છે કે મામજી અને જીવનને જોયાની હકીકત કહી છે. નવ તહોમતવાળા જે મશીદ આગળ ઉભા હતા, એ હકીકત મેં લખાવી નથી. કોઈ મુસલમાનો મશીદ આગળ ઉભા હતા, એમ મને પુછ્યું નથી, ને તેથી મેં લખાવ્યું નથી. જીવન કારકુનને મશીદમાંથી મેં બહાર કાઢ્યો નથી. ન્યાયાધીશને ત્યાં જીવન કારકુન એક ગામનો છે. બીજા પરગામના છે, તેથી નામ જાણુતો નથી. વહીવટદાર સાહેબના કારકુનનાં નામ જાણુતો નથી. ન્યાયાધીશના પટાવાળામાંથી દાદામીયાં, જીવન, મુરો અને બાપુના નામ જાણું છું. વહીવટદારના કોઈ પટાવાળાનાં નામ જાણુતો નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૪ માર્ચ સને ૧૯૦૮

૧ રાજગર માધા કરશનની સહી. સવાઈલાલ

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૪૫

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

માંરૂ નામ જીવન છે. મારા બાપનું નામ ઝીણા છે.

મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ખોજાની છે.

હું ગઢડામાં રહું છું. મારી ઉમર આશરે વરસ ૨૮ ની છે.

મારો કસબ નોકરીનો છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ સ્વામીનારાયણનો વરઘોડો જતી વખત મેં ન્યાય કોરટની બારીએથી જોયો હતો, વરઘોડો આશરે બાર વાગે જોયો હતો, વરઘોડામાં બે પાલખી હતી, તેમાં એક રૂપાની અને એક લાકડાની હતી. વરઘોડો ચાલી ગયા પછી હું મસાદ પાસે થઈને નદીએ ગયેલો. જળ ઝીલાવતા હતા તે મેં જોયું અને તેમાં એક ફેરો ફરવો બાકી રહેલો ત્યારે હું ત્યાંથી મારે ઘેર ગયેલો. ઘેર આવીને આશરે દોઢ કે બે વાગે કોરટમાં

આવેલો. કોર્ટના ઉતારાના ફળીયામાં હું આવ્યો ત્યારે ન્યાયાધીશ સાહેબ મસીદ તરફ જતા હતા હું તેની સાથે ગયેલો. ન્યાયાધીશ સાથે હું, પોલીસનો કારકુન જલભદાસ અને એક પટાવાળો હતો. ન્યાયાધીશ પાસે છત્રી નહીં હોવાથી રસ્તામાં તેમણે છત્રી મંગાવવાનો પ્રયાસ કર્યો. મેં કહ્યું કે મારી પાસે છત્રી છે. મારી પાસે છત્રી હતી તે મેં તેમને આપી ત્યારે ન્યાયાધીશ પાસે ઘોડો હતો, તે તેમણે મને સાચવવા માટે આપ્યો, અને ત્યાંથી મસીદ તરફ ગયા. મસીદના પગથીયાં આગળ પંદર વીશ મુસલમાનો હતા, ત્યાં આગળ બીજે કેટલાએ હીંદુના ઘણા માણસો હતા. એ ઉભેલા મુસલમાનોમાંથી મેં કોઇને ઓળખ્યા નથી. તે વખત એ મુસલમાનો પાસે કાંઇ નહોતું. ન્યાયાધીશે હુકમ કર્યો કે ઓસમાન શેઠને બોલાવો. ( પછી કહે છે પહેલું ન્યાયાધીશે બહાર ઉભેલા તહોમતવાળાને અંદર જવાનું કહેલું, એ બધા મુસલમાન ચાલ્યા ગયા, ત્યારે ન્યાયાધીશે મને હુકમ કર્યા કે મસીદમાંથી ઓસમાણ શેઠને બોલાવો ) મેં મસીદમાં જઇને ઓસમાણ શેઠને કહ્યું કે તમને ન્યાયાધીશ બોલાવે છે, એટલે ઓસમાણ શેઠ આવવાને તઇયાર થયા અમે ડેલીમાં આવ્યા ત્યારે બહાર ઉભેલા મુસલમાનો અંદર આવ્યા અને ડેલીનો દરવાજો બંધ કરી દીધો, એમણે આરબી સુરાએ દરવાજાને તાળું દઇ દીધું, મે તેને ઉઘાડવાનું કહ્યું ત્યારે આરબીએ કહ્યું કે નહીં ઉઘડી શકે, પછી હું ડેલીમાં દરવાજા આગળ ઉભો રહ્યો, પછી બે ઘડી વાર થઇ ત્યાં દરવાજા પાસેની મસીદની જાળી તુટી, તે વખત મારી પાસે આરબી સુરો અને આલસી ગોલા હતા, તે આલસીને મેં મારી પાસેનો ઘોડો સાચવવા આપી દીધો. પાછો કહે છે કે આલસીને મેં સંતાડવા આપ્યો. પછી આલસી તે ઘોડો સંતાડવા ગયો. બારી તુટી એટલે તે સામે દવાખાનાનો પટાવાળો બહાર ઉભો હતો, તેને મેં કહ્યું કે માધા કાકને, માધાએ કહ્યું કે ચાલ્યા આવો પછી હું બહાર નીકળી આવ્યો પછી હું કોર્ટમાં ગયેલો.

ઉલટ તપાસ—અમારો બોજાનો ધર્મ મુસલમાનનો છે. માધો પટાવાળો ત્યાંથી મારી સાથે આવ્યો નહોતો, તે તો ત્યાં ઉભો રહેલો. હું ગઢડાનો રહેવાસી છું, અને ગઢડામાં કાયમથી છું. ત્રણ વરસ થયાં કારકુન હું ગઢડામાં થયો છું. મેં વરઘોડા ઘણી વખત જોયેલા છે, પાછા ફરતાં મસીદ આગળ થઇને પાલખી પાછી આવતાં મેં જોઇ નથી હું દર વખત વરઘોડાને વખતે ગામમાં હોઉં તો નદીએ જાઉં છું. તે દર વખત ઠાકોરજી હોડીમાં ફરે, તેની સાથે પોલીસ સીપાઇ બેસે છે, એ હોડીમાં મેં કોઇવાર મુસલમાન પોલીસ બેઠેલા જોયા નથી. મસીદ આગળ થઇને નકટીને ઢોરે થઇ નદીએ જવાનો રસ્તો ચાર પાંચ વરસ ઉપર ત્યાં રસ્તો ખરાબ હતો. નકટીના ઢોરા પાસેનો રસ્તો દોઢ વાંભ જેટલો પહોળો હતો, ત્યાં બંગીખાના દોષ પર હોવાનું મારા જાણવામાં નથી.

ફરી તપાસ—પાલખી નદીએથી પાછા ફરતાં મસીદ આગળ થઇને આવતી નથી એમ પણ નથી.

કોર્ટના સવાલમાં—સાત વરસ પહેલાં મસીદ આગળ થઇને પાલખીને મેં આવતાં જોઇ છે. ઉલટ તપાસમાં મેં લખાવ્યું છે કે, મસીદને રસ્તે પાછી ફરતી પાલખી જોઇ નથી, એમ મેં લખાવ્યું છે તે હકીકત મેં પાંચ સાત વરસમાં જોઇ નથી. એમ જાણી લખાવ્યું છે. પાંચ સાત વરસમાં મેં પાલખી જોઇ છે, એમ મને ઉલટ તપાસમાં પુછ્યું

નથી પાલખી મસીદ આગળ આવતી નથી, એવો મેં જવાબ આપ્યો તે વખત હું એમ પણ બોલેલો કે પાલખી એ રસ્તે આવે છે કે નહીં તેની મને ખબર નથી, કારણકે હું તે પહેલાંથી ગામમાં આવતો રહું છું. સાત વરસ પહેલાં પાલખી મસીદ આગળ થઇને પાછી આવેલી, તે વખત એ ખાલી હતી, એ પાલખીમાં ઠાકોરજી કે કાંઇ નહોતું. મસીદના બાં-ધાની આથમણી તરફ ચાર પાંચ હાથ છેટે ફગનજીની દુકાને હું બેઠો હતો ત્યારે જોયેલી મારી ઉમરમાં એ રસ્તે કેટલીવાર પાલખી આવતાં મેં જોયેલી નથી. પાછા ફરતો વરઘોડો જોવા હું બીજી કોઈ વખત બજારમાં બેઠો નથી, દર સાલ હું જગે ઓછાઇ રહેતા પહેલાં પાછો આવું છું. ન્યાયાધીશને ઉતારાના રુમીમાં મસીદ તરફ જતાં જોયા ત્યારે અંબારામ જમાદારને મેં જોયા નથી હું ઉતારામાંથી ન્યાયાધીશ જોડે મસીદે ગયો તે તેમના કહેવાથી ગયેલો, તે દીવસ તડકો હતો, વાદળાં નહોતાં. ઉતારેથી મારું ઘર છેટું છે ઓસમાણ મસી-દમાં છે એમ ન્યાયાધીશને કોઇએ કહેલું કે નહીં તે મને યાદ નથી. ધોકો મારા હાથમાં હતો તે લઇને હું મસીદમાં ગયેલો ધોકા સાથે મસીદમાં જવાને મેં કાંઇ વાંધો જાણ્યો નહોતો, ને તેથી કાંઇ હું એ ધોકો બહાર પટાવાળાને આપ્યા વગર ગયો હતો. મસીદમાં દીઠું જાણીને કોઇ મને મારે તેથી મેં એ ધોકો આલસીને આપી દીધો હતો. ધોકો આલ-સી પાસેથી કોઇ ન લઇ જાય, તેથી મેં સંતાડવા માટે આલસીને આપેલો. ડેલીમાંના મા-ણસો મને મારશે એવી મને કંઇ બીક નહોતી મસીદમાં ઓસમાન કુવા પાસે હતો. મસી-દનો દરવાજો બંધ કર્યો ત્યારે હું દરવાજા પાસે હતો, દરવાજો દેખાતો હતો તે મેં ચાર હાથ છેટેથી જોયું હતું તે દેવામાં આરબી એકલો હતો. કમાડ આરબી બંધ કરતો હતો તે વખત મેં કહ્યું કે મને જવા દે, ત્યારે આરબી કહ્યું કે હવે જવાય નહીં તે વખત ઓસમાણ મારી પાછળ બે હાથ છેટે આવતો હતો, તે કાંઇ બોલ્યો નહોતો, તે વખત મસીદ અંદર ઘા આવતા હતા તેથી હું ડેલી અંદર ઉભો રહેલો, પછી મેં ઓસમાનની ખબર કાઢી નહોતી દરવાજા બંધ થયા પછી હું ત્યાં ઉભો રહેલો તે પછી આઠ દસ મીનીટે મેં બાપાને જોયેલો. બાપાની પાસે આસપાસ માણસો ઉભા હતા પણ મેં તેમાંથી કોઇને ઓળખ્યા નથી. જાળીથી આશરે ત્રણ હાથ છેટે બાપો ઉભો હતો અને જાળીમાંથી બાપાએ બહાર કાઢ્યો નથી, પણ હું મારી મેળે બહાર નીકળ્યો હતો હું દશ બાર મીનીટ ઉભેલો ત્યારે જાળીના સળીયા તુટેલા કે નહીં તે મને બરાબર યાદ નથી (સાક્ષી પોતાથી કહે છે કે એ વખત દેખાવ એવો હતો કે સ્મૃતી કાંઇ રહેતી નથી) મેં બાપાને બહાર કાઢવાનું કહ્યું, ત્યારે ધોકા માટે મેં આલસીને કહ્યું નહોતું કારણકે એ વખત દેખાવ એવો હતો મારું શરીર મારે સાચવવાનું હતું હું જાળીયામાંથી બહાર નીકળ્યો તે વખત મસીદની ડેલીમાં ફક્ત આરબી તુરક હતો, આલસીને મેં ધોકો આપ્યો તે પહેલાંથી તે ડેલીમાં હતો હું ઓસમાન સાથે ડેલીમાં આવ્યો ત્યારે આલસી ડેલીમાં હતો, મેં આલસીને ધોકો આપ્યા પછી આલસી ત્યાં આવ્યો નથી. આલસીને ધોકો આપ્યા પછી મેં બાપાને ઝુમ પાડેલી હું મસીદમાં આશરે ૧૦—૧૫ મીનીટ રહેલો બહારથી કોઇ ઘા કરે તેથી મેં જાળીમાંથી જોયું નહોતું. જાળીથી છ સાત હાથ છેટે હું ડેલીમાં ઉભો હતો હું ઓસમાણને લઇ ડેલી તરફ આવ્યો પછી બહાર ન્યાયાધીશ કે મસલ જમાદાર હતા કે નહીં તેનો મેં તપાસ કર્યો નથી હું

જાળીમાંથી બહાર નીકળ્યો ત્યાં સુધી વજીર જમાદારને મેં જોયા નથી ઓસમાણ મારી સાથે ડેલી સુધી આવેલો. પછી મુંત્રે મોટે પાછો ફરી ગયેલો. પછી મેં આલસીની એ ધોકા માટે તપાસ કર્યા નથી, જાળીમાંથી નીકળી ઉતારામાં ગયેલો, તે પાંચ વાગ્યા સુધી ત્યાં રહેલો. હું પાંચ વાગ્યે ઘેર ગયો ત્યાં સુધી મેં ન્યાયાધીશને વાત કરી નહોતી. કે મેં ધોકો આલસીને આપ્યો છે, ને મને આરબીએ બહાર આવવા દીધા નહોતો. તે દીવસે મેં ન્યાયાધીશને એ વાત કરેલી, તે સાંજરે કે દીવસે કે રાત્રે ક્યારે વાત કરેલી તે યાદ નથી, ન્યાયાધીશ ત્રણ વાગે ઉતારામાં આવેલા, વહીવટદાર પણ તેમની સાથે આવેલા, પછી પાંચ વાગ્યા સુધી હું કોરટમાં બેઠો હતો. ત્રણથી પાંચ વાગ્યા સુધીમાં હું ન્યાયાધીશને તેમના ચેમ્બરમાં મળેલો, ને તે મેં ન્યાયાધીશને વાત કરેલી કે, મને મસીદમાંથી આરબીએ આવવા દીધા નથી, અને ધોકો આલસીને આપ્યો છે, તે પહેલાં મેં ન્યાયાધીશને વાત કરી નથી. કોર્ટમાં કે પોલીસમાં મેં આ વાત તે દીવસે કરી નથી. હું ન્યાયાધીશ જોડે મસીદે ગયો ત્યારે ત્યાં તહોમતવાળો દાદમીયાં હતો કે નહીં તે યાદ નથી. તહોમતવાળા દાદામીયાં સરદાર, મહુદ હાસમ અને ઓસમાન ગની તે ન્યાયખાતાના નોકર અને પેન્શનર છે, તે ત્યાં હતા કે નહીં તે યાદ નથી. તોફાન પછી આઠ દસ દીવસે મારી હકીકત લેવાઇ છે, મને પોલીસે બોલાવવાથી હું હકીકત લખાવવા ગયેલો. ઉતારામાં મેં સાંભળેલું કે મેમણ લોકો તોફાન કરવાના છે, તે પછી હું ન્યાયાધીશ સાથે ગયેલો. ન્યાયાધીશે ઓસમાનને બોલાવવાનું કહ્યું ત્યારે ન્યાયાધીશે કહેલું કે એ લોકોને શું અડચણ છે, તે આપણે જાણીએ. તમારી અડચણ જાણવા ન્યાયાધીશ સાહેબ બોલાવે છે, એમ મેં ઓસમાણને કહ્યું નથી. એ આલસીને હું તહોમતવાળામાંથી બતાવું છું. (સાક્ષી બતાવે છે.) આરબી તહોમતવાળામાં નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૪ માર્ચ સને ૧૯૦૮.

જીવન ઝીણાની સહી દ. પોતાના.

મારા રૂબરૂ સોગન ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૮૬

હું મારા ધર્મ પ્રમાણે કરીઆ ઉપર ગાન્યું પ્રમાણીક

મારૂં નામ કાસમ છે
મારા બાપનું નામ બીમો છે.
મારો ધર્મ હીંદુનો છે.
મારી જાત આપરની છે.
મારી ઉમર આશરે વરસ ૫૦ ની છે.
મારો કસબ પ્રમાણતી નોકરી તથા ખેડ.
હું ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના જવાબમાં લખાવું છું કે:—

ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ આથમણી તરફ આપરોનો ચોરો છે, ત્યાં હતો. મંદીરનો ફળેડો ત્યાં નીકળેલો તેનો દરશન કરી હતાં વળેલો આથમણી તરફ

નદીએ ગયા પછી હું મારે ઘેર ગયો હતો. પછી નદીએથી પાછી ફરતી પાલખી આગ-ળથી તરફ થઈને અમલદારવાસમાં આવી, ત્યારે હું મારે ઘેર બેઠો હતો. ત્યાં અમારું એક માણસ આવ્યું. એ માણસ વહીવટદારનો સીપાઈ હતો. તેણે મને કહ્યું કે મસીદ આગળ હીંદુ મુસલમાન વચ્ચે કજીયો થાય છે, ને વહીવટદાર સાહેબે હુકમ કર્યો છે કે તમે આં-હીથી દસ વીસ માણસો લઈ જાઓ, નહી તો તોફાન ભારે થઈ ગયું છે. પછી અમારા દસ આદમીઓ ભેગા કરીને અમે ત્યાંથી ચઢેલા. બીજા પાંચ આદમી આવે તો મોકલ-વાનો બંદોબસ્ત કરીને ગયેલો, પછી ગીરદી ભારે હતી, તેથી મસીદથી બે ચાર દુકાનવા આ તરફ આવવાનું નાકું છે, ત્યા ઉભા રહેલા, પછી મેં મારા માણસોને કહ્યું કે તમે આંહી ઉભા રહો. આપણે ઉતારામાં જઈએ, એમ હું વીચાર કરતો હતો, એટલામાં અમે ઉતારામાં જવા માટે બાવશાની ખડકીથી આગળ ચાલી, ગોચીની ખડકી આગળ ઉભા હતા. ત્યાં વસાબ કારકુને અમને કહ્યું કે ઉતારામાં જવું રહેવા દીઓ, હુકમ મારી પાસે છે. હુકમ હું લઈને આવેલો છું માટે તમે આંહી ઉભા રહો, અને માણસોને આવતા કરતાં અટકાવો, નહીતો ખુન થઈ જશે. પછી અમે મસીદ સામે ગોચીની ખાટકી છે, ત્યાં આવીને ઉભા રહ્યા. અમે જોયું તો મુસલમાન ઘા ઘણા કરતા હતા. આથમણી તર-ફથી હીંદુઓ પણ ઘા કરતા હતા, મસીદની ડેલી ઉપર અને પડખેના છાપરા ઉપર અને મુસાફરખાના ઉપર મુસલમાનો હતા; ડેલીના છાપરા ઉપર મુસલમાનો હતા. પડખેના છાપરા ઉપર ત્રણ ચાર મુસલમાનો હતા. (આ વખત સાક્ષી કહે છે કે મુસાફરખાના ઉપર મુસ-લમાનો હોવાનું મેં કહ્યું છે તે મેં ભુલ કરી છે, પણ મસીદખાના ઉપર મુસલમાનો નહોતા.) એ મસીદખાના ઉપર દસ પંદર મુસલમાનો હતા, ડેલીના છાપરા ઉપર જે મુસ-લમાનો હતા તેમાં ગીગોભાઇ, પછી કહે છે કે કાળુ મમુદ જમાલ સીપાઈ, સામો ખાટકી એટલાં નામ હું જાણું છું. તે શીવાય ડેલીને છાપરે બીજા ચાર પાંચ જણા હતા. તે બધાને હું દીઠે ઓળખું છું. એ ૭ જણાને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. એ પાંચ જણાને હું બતાવી આપુ છું. નામ જાણતો નથી. નામ પુછતાં તહોમતવાળો અબદુલા મમુદ, તાલબ મમુદ, ગાંડા અસમાલ, અબરામ ગોબર અને ઓસમાન ગની કહે છે. (આ વખત તહોમતવાળાને દીઠે ઓળખવામાં સામા ખાટકીને પણ ઉભો કરેલો અને જમાલ સીપાઈને ઉભો કરવા જતો હતો, પણ બેસારી દીધો હતો) ડેલીની પડખેના છાપરા ઉપર તહોમતવાળો ઘસો, ઓસમાણ અલી, ઇસાનો બાપ તાર સામદ અલી, એ ત્રણ નામ હું જાણું છું. એ સીવાય એ છાપરે જે હતા, તેને દીઠે ઓળખું છું. એ ચાર જણાને હું તહોમતવાળામાંથી ઓળખી બતાવી આપું છું. તેના નામ હું જાણતો નથી, તેમનાં નામ પુછતાં તહોમતવાળો, જુસબ ગની, હતીબ અબરામ, અબદુલા સુમાર અને નુર આમદ કહે છે. ડેલીના છાપરા ઉપર હોનારામાંથી મેં જે ચારના નામ લખાવ્યા છે, તેને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. (સાક્ષી સામા રેમાન, મમુદ કાસમ, કાળુ ગીગા અને જમાલ જુવાને બતાવી આપે છે.) મસીદખાના ઉપર મેં કોઇ કોઇ લોકોને જોયા નથી. ડેલીને છાપરે અને તેની પડખેના છાપરા ઉપર એ બે ઠેકાણે મેં જોયેલા, પછી અમે મુસલમાનોને કહ્યું કે તમે બધ મુકો, તમે સઉને વગાડશો, ને આ ડેલીને વગાડશો.

મેં એટલું કહ્યા પછી ડેલીના પડખેના છાપરા ઉપર મેમણ સોકો તહેનતવાળા કરં ઓસમાણ અને તાર મામદ અને બીજા ચારને મેં દીઠે ઓળખાવ્યા છે, તે ફિતરી ગયા, પછી તે સાત જણા તે ઠેકાણે દેખાતા નહોતા. પછી હું ચાર પાંચ માણસો સહને આથ- મણી તરફથી માણસો આવતા હતા તેને વીખેરી નાખવા તે તરફ ચાલ્યો ( બડશીના ઝાંપા તરફ ) પછી અમે પાછા આવીને મસીદની વડમાં ઉભા રહેલા, પછી મુસલમાનોએ ફુંક કર્યું નથી અમે મુસલમાનોને ના પાડ્યા પછી તે માશીપા કાંઇ મરી ગએલા, પછી થોડીવારે વહીવટદાર આવેલા, પછી અમે મસીદની અંદર ગયા, અને થોડીવારે અમે બહાર આવતા રહ્યા. પછી અમે વહીવટદાર સાહેબની સાથે છીવા આયરની ડેલી તરફ ગએલા. પછી હું ત્યાંથી ઘેર ચાલ્યો ગએલો, ડેલીના અને તે પડખેના છાપરા ઉપર જે મુસલમાનો હતા, તેને બતાવી આપ્યા છે. તે શીવાય બીજા કોઇ ત્યાં નહોતા.

ઉલટ તપાસ—ચોરે મારી સાથે ૫૦–૧૦૦ માણસ ભેળા હતા. તેમાંથી એક મેરામ હીંગું નામ યાદ છે, બીજાં યાદ નથી. કારણ કે ઝાઝા દીવસની વાત છે. ચોરે ગામના અને પરગામના માણસો હતા. તેમાં આયરો અને કણબી વીગેરે હતા. ગામના ૫–૭ ૧૦–૨૦ માણસો હતા બીજા પરગામના હતા, ચોરાના માણસો સાથે મારે કામ નહી તેથી મને સાંભરે નહીં વહીવટી પટાવાળા જગજીવન અને માનજી મને તેડવા આવ્યા હતા. એ માનજી અને જગજીવન મારે ઘેર આવ્યા નહોતા, પણ ગળીયાણીનો મુખો હાકે મારે ઘેર આવ્યો હતો, પછી ચોકમાં જગજીવન પટાવાળો મળ્યો હતો. માનજી મળ્યો નથી. જગજી- વને મને કહેલું કે હાલો મસીદ આગળ હીંદુ અને મુસલમાનને તોફાન થયું છે, માટે તમને બોલાવે છે, અને મામલો બહુ વધી ગયો છે, ત્યારે મેં કહ્યું કે માણસ ભેગા કરીને આવું છું. કાળો કાનગડ, હાદા કાંપા, લખમણ ભોજા, દાદા લખા, લાખા નારણ, મેરામ બીમા, કાળા મોકા ગીગા બીજા, વાઘા કાળા હાદા ફુમલ હમીર વીગેરે દશ બારને લઇને હું મસીદે ગએલો. બીજાના નામ યાદ નથી, મારા હાથમાં તરવાર હતી, બીજા બે ત્રણ જણા પાસે તરવાર હતી. બીજા બે ત્રણ જણા પાસે લાકડી હતી, અને બીજા હાથે હાથે હતા, તરવાર કોની કોની પાસે હતી તે યાદ નથી.

અસુર થવાથી ઉલટ તપાસ મુલતવી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૪ માર્ચ સને ૧૯૦૮

૧ આયર રાજા બીમાની સહી હા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

( સહી ) વામનરાય કપીલરામ.

ન્યાયાધીશ.

હું રાજા બીમા આગળથી પ્રતીજ્ઞા કરી ઉલટ તપાસમાં લખાવું છું કે—હું જે આયરોને લઇને મસીદ તરફ ગએલો તે શીવાય ત્યાં કોઇ બીજા આયરો આવ્યા નથી. વહી- વટદાર સાહેબ આવ્યા પછી અમે પાછા ફર્યા ત્યારે આયરે આવેલા. હાથીયો અને આલો ત્યાં આવેલા મેં જોયેલા, બીજા આયરો ત્યાં આવેલા કે નહીં તે મને ખબર નથી. અમે ઝાંપા

આશરે વહીવટદાર ભેગા ગએલા. મશીદની ડેલીથી ઉતરાદી તરફને છાપરે મુસલમાનો હતા એમ મેં ઉપર લખાવ્યું છે. મોચીના હાટ આગળ વલણે અમને કર્યું ત્યાર પછી કોઇ ડેલ-ની વાબને અમે જોયો નથી. મશીદને ઉતરાદે છાપરે બધા હીંદુઓ ચડેલા હતા. તે બધા હીંદુઓ મશીદ સામે ધા કરતા હતા, મશીદનો ટુલો તુટયો તે પછી વહીવટદાર આવતાં પ-હેલાં અમે મશીદની અંદર ગયા નહોતા કારણ કે મુસલમાનનો કબજો અમારાથી કેમ તોડાય, ૨૦-૨૫ હીંદુઓ મશીદ અંદર પેઠી ગયેલા. અમે તેને પાછા કાઢેલા, તે લોકોને મેં તથા બીજા ચાર પાંચ જણાએ મશીદમાંથી બહાર કાઢેલા, તે બીજા આશરે કોણ તે યાદ નથી. મુસલમાનો ધા કરતા હતા, તે કોઇને વાગ્યાની મને ખબર નથી. ડેલીને છાપરે ચાર પાંચ મુસલમાનો હોવાનું મેં કહ્યાનું યાદ નથી. મશીદની ડેલીને છાપરે જે ચાર જણાના નામ હું જાણું છું ને મેં બતાવી આપ્યા છે, તેને હાલ ફરી બતાવી આપું છું, તેમના નામ તહોમતવાળો, જમાલ મહુદ હાસમ, સામો ખાટકી અને કાણું મીઆ છે, એ ડેલીને છાપરે બીજા પાંચ જણા હતા, તેને જોયેલા દેખી ઓળખાણા છે, તેને હાલ હું ફરી બતાવી આપું છું તેમના નામ ખબર નથી તેમના નામ પુછતાં તેઓ તહોમતવાળા અમદલા મહુદ, ગાંડા અસમાલ, ઓસમાણ ગની, અભરામ ગોબર અને તાલભ મહુદ કહે છે, હાલ બે તહોમતવાળાને મને બતાવ્યા, તેના નામ ખબર નથી. ( એ બે જણા તહોમ-તવાળા નુર આમદ અને હલીમ અભરામ છે. ) એ મશીદ ઉપર ધાબું ( અગાશી ) છે. એ ધાબા ઉપર તોફાનને દીવસે મેં કોઇ માણસ જોયા નથી. હું અને બીજા આશરે મશીદ આગળ ગયા અને વહીવટદાર સાથે દસ્તુર ખાનની ડેલીએ ગયા, તે દરમીઆન આંખ મીંચી-એ ને ઉઘાડીએ એટલો વખત ગયો નહોતો, હવે મારી જુબાની લેવાઇ એટલો વખત ગયો નહોતો ( એક કલાક ) આજે મારી જુબાની લેવાઇ એટલો બધો પણ વખત ગયો નહોતો ( પચીસ મીનીટ ) સો કદમ ચાલીએ એટલો વખત અમે મશીદ આગળ રોકેલા, નદી તરફથી માણસો દોડતા આવેલા, તેને પણ મશીદ તરફ પાછા કાઢેલા, એટલામાં વહી-વટદાર ત્યાં આવેલા વહીવટદાર અને ન્યાયાધીશ મશીદના પગથીયાં પાસે અમે એકઠા થયેલા વહીવટદાર કે ન્યાયાધીશે અમને કાંઇ પુછ્યું નહોતું તેઓ મશીદમાં જોવા ગયેલા, વહીવટ-દારની પાસે હું અને હાકેમો વીગેરે માણસો બે ત્રણ પાસે ગએલા, વહીવટદારે મશીદમાં જણને દાખલ કરેલા. કે બાબી ભાઇઓ, વહીવટદાર અને ન્યાયાધીશ સાથે એક બે સીપાઇ હતા. વહીવટદાર સાથે તેના કેપાણી ગયેલો, તે વખત મશીદે ચાર પાંચ સીપાઇ ઉભા હતા. વહીવટદાર સાથે તાજુભાઇ, હાકન વીગેરે હતા, બીજાનાં નામ યાદ નથી. એ તાજુ અને હાકન વહીવટદારની ભેગા મશીદે આવેલા ડેલીની ઉપરના છાપરા ઉપરથી મુસલમાનો મશીદની અંદર ઉતરેલા તે અંદર ક્યાં ગયા તેની ખબર નથી. મહોરમની રાત્રે મને અંબારામ જમા-દારે કહેલું કે પીપળા પાસે તોફાન થાય છે, માટે ચાલો, મુસલમાનો કુહાડા અને ધારીયાં લઇને આવ્યા છે, ને પીપળો કાપી નાંખે છે, પછી હું ત્યાં ગયેલો તો ત્યાં કોઇ મુસલમાનો નહોતા, પણ અમારા માણસો ચોકી કરતા હતા. ગયા પર્યુષણ પછી મુસલમાનોનું કામ કરવાને મહાજને અમને મનાઇ કરી નથી. હું કોઇ મુસલમાનને ભાડે ગયો નથી ગયા પર્યુ-ષણ પછી અમે મેમણોને ત્યાંથી કાંઇ લીધું નથી. નંદીના ડેરા આગળ પપમ રસ્તો સાંકડો

હતો ત્રણ ચાર માણસો એક સાથે ચાલી શકે એવો હતો, એ રસ્તે પેઠું ઢોર ચાલી શકે તેવો નહોતો, મેં પોલીસમાં હકીકત લખાવી છે તેમાં મેં હાલ બતાવેલા સોળ જણાને મેં બતાવ્યા છે કે નહીં તે યાદ નથી. અસમાલ હમીદના ભાઈ સલેમાનના ફુલેકામાં સરણાઈ વગાડનાર ગયા હતા. તેને અમે ત્યાંથી પાછા કાઢ્યા હતા કારણ કે અમારું કામ કરનાર મુસલમાનનું કામ કરે તે અમને લાગે તે પહેલાં તેઓ મુસલમાનમાં વગાડતા નહોતા.

ફરી તપાસ—હું ત્રણ મહીના થયાં કોરટમાં રહું છું તેથી કોઈ ભાડે ગયો નથી.

કોરટના સવાલમાં—પજુસણને પાંચ છ મહીના થયા છે. તે પેલાં અમારે ઘઉંની વાવણી હતી, તેથી અમે કોઈને ભાડે ગયા નથી. ત્રણ મહીના પહેલાં હું મુસલમાનને ભાડે ગયો નથી. માનજી તેડવા આવેલો, તે પણ મેં જોયેલો, તેણે કહ્યું કે ચાલો, મસીદમાં હીંદુ મુસલમાનને તોફાન થાય છે હું મસીદે રહ્યો તે દરમીયાન મસીદ બહાર મેં કોઈ મુસલમાનને ભાળ્યા નથી. વહીવટદાર ઉતારામાં બોલાવે છે એમ સીપાઈએ અમને કહ્યું નહોતું. મસીદે ગયા પછી અમને દરેસત લાગી કે કોઈનું ખુન થયું હશે અને અમે નાહક માર્યા જાશું તેથી ઉતારામાં જવાનો વીચાર કર્યો હતો, જગજીવન અને માનજી તેડવા આવ્યા ત્યારે ચોકમાં ઉભો હતો, આંહી આ કામના તહોમતવાળામાંથી ઈસો, ઓસમાણ તારમામદ અબદલ કરીમ કાળુ મમુદ જમાલ સીપાઈ, અબરામ બેગા, સાબા રેમાન, અબરામ લાખા એટલા નામ મને આવડે છે, બાકીના તહોમતવાળાના નામની ખબર નથી. જે તહોમતવાળાઓને મેં ડેલીના તથા પડખેના છાપરા ઉપર બતાવ્યા છે, તે સિવાયના કોઈ તહોમતવાળાને મેં ત્યાં જોયા નથી. આબરામ બેગા તથા અબરામ લાખા ત્યાં મસીદ આગળ મારા જોવામાં આવ્યા નથી. હસન તાર ગીગા, અમારી પડોસમાં રહે છે તેને હું ઓળખું છું. તેનું નામ હું જાણું છું તે હસન તાર ગીગા, આંહી તહોમતવાળામાં નથી. તહોમતવાળા હસન તાર ગીગાને મને બતાવ્યો, તે મારી પડોસમાં રહેતો નથી. અમારી પડોસમાં ગીગા તાર કામદાર રહે છે તેનો દીકરો હસનો છે. તે ગીગા તારના દીકરા હસનાને મેં મસીદ આગળ જોયો નથી મસીદમાં હસનો બીજા કોઈને મારતો હતો એવું મેં પોલીસમાં લખાવ્યાનું મને યાદ નથી. હસનો મસીદમાં મારતો હતો, એમ પોલીસથી હકીકતમાં લખાયું હોય તો તે ખોટું છે, હાલ મને તહોમતવાળામાંથી નવ જણાને બતાવ્યા તેમનાં નામ હું જાણતો નથી, તેમના નામ પુછતાં ગાંડા અસમાલ દાદામીયાં ઓસમાણ ગની અબદલો ભંડારી, અલીમીયાં, તાલબ, આલસી, મામજી અને ફાકન કહે છે. દાદામીયાં, અલીમીયાં આલસી મામજી અને ફાકન ત્યાં મારા જોવામાં આવ્યા નથી તહોમતવાળા અમદલા કરીમને મેં મસીદ આગળ જોયો નથી મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતવાળો છું

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૫ માર્ચ સને ૧૯૦૮

૧ આખર રાજ્ય બીમાની સહી દા. સવાઈલાલ

મારા રૂબરૂ સોગન ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૪૭.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ દલો છે. મારી ઉમર આશરે વરસ ૩૦ ની છે.

મારા બાપનું નામ લખો છે. મારો ધંધો પસાયતી નોકરી તથા ખેડનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ગામમાં રહું છું.

મારી જાત આયરની છે.

પ્રતિવાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ મેં વરઘોડો જોએલો. બપોરની વખતે નદીએ જતો વરઘોડો મેં જોયો હતો. વરઘોડો નદી તરફ ગયો, અને હું મારે ઘેર ગયો, પછી ઘણી વાર લાગી, અને બપોર નમ્યા હશે, ત્યારે વહીવટી સીપાઈ જગજીવન આવ્યો, ને કહ્યું કે મસીદે તોફાન થાય છે, તેથી તમને ત્યાં બોલાવે છે. જગજીવન ત્યાં ઉભો હતો. ત્યાં અમે સાત આઠ, દશ માણસો ભેગા થઈ ત્યાં થઈ ગયેલા. અમે ચોકમાં મસીદ પાસે મોચીનું હાટ છે ત્યાં જઈને ઉભા રહ્યા. અમારે ઉતારામાં વહીવટદાર સાહેબને પુછવા જવું હતું, કે તોફાન આંહી થાય છે, માટે ત્યાં રહીએ, એટલે વજભ જમાદાર આવ્યો, અને અમને કહ્યું કે હું રજા લઈ આવ્યો છું. માટે આંહી રહો, ત્યાં જવું નથી. અમે ત્યાં ઉભા હતા એટલે સામા મસીદની ડેલીના છાપરેથી મુસલમાનો પા કરતા હતા, તેમાં ઓસમાન મેમણ, મેમણ હસો, અબદલો ભંડારી, તાલબો એટલાનાં નામ મને ખબર છે. બીજા ત્યાં હતા તેમાંથી બે ચારને દીઠે ઓળખું છું. તેમને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. તેમનાં નામ મને ખબર નથી, તેમનાં નામ પુછતાં તેઓ તહોમતવાળા સામા રેમાન, તારમામદ અલી, ઓસમાન ગની અને નુરનુઆમદ કહે છે. ડેલીના છાપરા ઉપર જે લોકોને જોયા હતા, તે સિવાય બીજી કોઈ જગોએ મુસલમાનને મેં જોયા નથી. રસ્તાની બંને બાજુએ માણસોને અમોએ ખસેડી દીધા, એટલે વહીવટદાર ત્યાં આવ્યા. પછી હુમલો નોખો પાડીને અમે છીતા ખાચરની ડેલીએ ગયેલા. પછી રામજી મંદીર પાસે થઈ પાછળથી અમે મંદીરે પહોંચાડી, અને વહીવટદારે અમને રજા આપવાથી અમે અમારે ઘેર ગયેલા.

ઉલટ તપાસ—ચોરા પાસે ચોકમાંથી મેં વરઘોડો જોયો હતો, ત્યાં ઘણા માણસો હતા તે કોઈનાં નામ મને ખબર નથી. કેટલા કલાક થયેલા તેની ખબર પડે નહીં. પહેલો જગજીવન મને કહેવા આવેલો, પછી માનજી કહેવા આવેલો. માનજી અમારી ભેગો થયો નથી. તે અમારા આદમીને કહી ગયેલો કે બહારે છે. જગજીવન ચોરા પાસે ચોકમાં મારી ભેગો થયેલો. તેણે મને કહેલું, બીજા કોઈને તેણે કહ્યું નથી. મસીદે કોણ બોલાવે છે એમ કહ્યું નહોતું. ઉતારામાંથી વહીવટદારે હુકમ કર્યો કે મસીદે હુમલો થાય છે, માટે ત્યાં જાય. જગજીવન કહી ગયા પછી મારે ઘેર હું તરવાર લેવા ગયેલો. માનજી કહી ગયાનું અમારા પટેલ રાજાએ કહેલું. જગજીવને મને કહ્યું ત્યારે રાજો પટેલ ત્યાં નહોતા. એક બે ચોકમાં હાજર હતા બે ચારને હું બોલાવી લાવ્યો, અને બે ચારને રાજો પટેલ બોલાવી લાવ્યો અમો બે ચાર પાસે લાકડી હતી, અને બે ચાર પાસે તરવાર હતી. જગજીવને અમને કહેલું કે વહીવટદારે મસીદે જવાનું કહ્યું છે, છતાં ચોરેથી મસીદ તરફ ચાલતાં

વિચાર કરેલો કે વહીવટદાર ત્યાં ન આવ્યા હોય તો ઉતારે તેને મોઢે જવું. ડેલીના છાપરા ઉપર મેં આઠ જણાને બતાવ્યા, તે સિવાય બીજા કોઈને ત્યાં ભાળ્યા નથી. મોચીના હાટના ખુણામાં અમે ઉભેલા, ત્યાંથી આઠ જણાને ડેલીને છાપરે જોયેલા, એ ઘા કરતા હતા, તેને અમે કહેલું કે શું કામ ઘા કરો છો, કોઈનો ખુન થઈ જશે. તે ઘા કરનારા કાંઈ બોલ્યા નથી, પણ છાપરેથી હેઠા ઉતરી ગયેલા. અમે ત્યાં ગયા ત્યારે પાંચસેંહ સાતસેંહ માણસો હતા, તેમાંથી મેં કોઈને ઓળખ્યા નથી. હિંદુઓ પણ હેઠળથી ઘા કરતા હતા. તેને પણ ગઢાળીની બારી તરફ કાઢેલા, એ નીચે હિંદુ હતા, તે કોઈને વાગેલું અમે જોયું નથી. બીજો કાંઈ બંદોબસ્ત અમે કર્યો નથી. વહીવટદાર આવ્યા ત્યારે અમે પોલીસના ચક-લા પાસે હતા વહીવટદારે અમને કાંઈ પુછ્યું નહોતું, તેમ અમે કાંઈ કહ્યું નહોતું. વહીવ-ટદારે મશીદમાં જઈ છાંટા પાડેલો. હું કાંઈ મશીદમાં ગયો નહોતો. વહીવટદારના કહેવાથી અમે તેની વાંસે છુવા ખાચરની ડેલીએ ગયેલા. વહીવટદાર અને સીપાઈએ સાથે હાલવાનું કહેલું. વહીવટદાર બેઠું કોઈ હતું કે નહીં તે ધ્યાન નથી. ડેલીના છાપરા સિવાય બીજી કોઈ જગોએ ઘા આવતા મેં જોયું નથી. વલભે અમને ત્યાં રહેવાનું કહ્યા પછી તે ક્યાં ગયો તેની મને ખબર નથી. વલભ એમ બોલેલો કે ઉતારામાં જાઉં છું. અમે મશીદે પહોંચ્યા ત્યારે મશીદના દરવાજા બંધ હતા. મશીદને દરવાજેથી વીસ હાથ સુધી ગઢાળીની બારી સુધી માણસ હટાવીને પાછા આવ્યા ત્યારે દરવાજા ઉઘાડા હતા, કેટલીવાર અમને થઈ હતી, તે ખબર પડે નહીં. મશીદના દરવાજા સુધી માણસો આવેલા, તેને હટાવી દીધેલા વીસ હાથ સુધી અમે ગયેલા, પછી અમે ત્યાં રોકાયા નહોતા. અમે બધા પાછા આવેલા ત્યારે મશીદના દરવાજા ઉઘાડા હતા, તે બેઠવેલા હતા કે નહીં તે ખબર નથી. ડેલી પાસેની જાળીએ અમે ફાંકું જોયેલું સળીયા બધા કાઢી નાંખ્યા હતા. અમે માણસને હટાવવા ગયા ત્યારે જાળી આગળ ફાંકું ભાળેલું. મશીદની અગાશી ઉપર મેં કોઈ માણસને જોયા નથી. મુસલમાનના કામમાં હું એક તહોમતવાળો છું. મેં પોલીસમાં હકીકત લખાવી છે, તે હકીકત વલભે અને બીજાએ લખી લીધી છે. ફોજદાર તે વખત હતા કે નહીં તે મારું ધ્યાન નથી હું કોઈવાર માથાં કરતો નથી.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—સાધારણ રીતે ચાલતાં પા ગાઉ રૂલાય, તેટલો વખત અમે મશીદ પાસે રોકાયેલા મશીદને હટે ઉભા રહ્યા પછી વલભ અમને મળેલો. જે ચાર નામ મેં ઉપર લખાવ્યાં છે, તે શીવાય તહોમતવાળા મહમદ હાશમ, હસન વાર બોઘા, અબદલા કરીમ અને અબરામ બેગા એટલાં નામ જાણું છું. બીજાં નામ જાણતો નથી. બીજા બધાને હું દીઠે ઓળખું છું. એ આઠ જણાનાં નામ હું બે ચાર વરસ થયાં જાણું છું. મને સાંબે લાકડી લાગેલી છે, તે કોણે મારી તે વેમ નથી. જે માણસોને અમે રસ્તા ઉપર વારતા હતા તેણે મારેલી છે. આંહી બેઠેલા કોઈ તહોમતવાળાએ માર્યો નથી. હમીર રવાસને હું ઓળખું છું, તેને મેં વહીવટદાર સાથે જોયેલો, તે પહેલાં મેં તેને જોયો નથી. હમીર રવાસને તે વખતે મેળાના માણસ ઉપર તરવારના ઘા કરતો હતો, તેથી હું તેને પકડી વહીવટદાર પાસે લઈ ગયેલો. એ હમીર ગઢડે વહીવટદાર સાહેબના તાબામાં નોકર છે, તે

આ કામમાં તહોમતવાળો નથી, તે રસ્તામાં માણસોને મારતો હતો. એ હમીર એબા બે વરસ ઉપર હું અને રાજો પટેલ ભુપતભાઈને મુકવા ગયેલા, તે દીવસથી તેનું નામ જાણું છું. મશીદની બહાર કોઈ મુસલમાન ઉભેલું મેં જોયું નથી

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૫ માર્ચ સને ૧૯૦૮.

૧ આપરે કાદા લખાની મેહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૪૮

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ

| | |
|---|---|
| મારું નામ મેરામ છે. | મારી ઉમર આશરે વરસ ૩૫ ની છે. |
| મારા બાપનું નામ ભીમો છે. | મારો કસબ પસાયતી નોકરી તથા ખેડનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારી જાત આયરની છે. |

હું ગઢડામાં રહું છું

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયો સ્વામીનારાયણનો વરઘોડો નદીએ જતો બાર વાગ્યે જોયેલો, તે અમે અમારે ચોરેથી જોયેલો. વરઘોડો જોઈને હું ચોરે બેઠો હતો ચોરે હું ઘણી વાર બેસી રહેલો. ઠાકોરજીની પાલખી નદીએથી પાછી મારા હાતામાં આવી ત્યારે માનજી સીપાઈ ત્યાં આવેલો, માનજીએ પુછ્યું કે પટેલ ક્યાં? ત્યારે અમે કહ્યું કે પટેલ વાસમાં છે. મેં પુછ્યું કે પટેલનું શું કામ છે, ત્યારે માનજીએ કહ્યું કે મશીદે હીંદુ મુસલમાન વચ્ચે હુલડ થાય છે ત્યાં આયરોને બોલાવે છે. પછી હું ચોરેથી અમારા ચોક સુધી માનજી ભેગો ચાલ્યો, પછી અમે દશેક આયરો મશીદ તરફ ગયેલા. માણસો ઘણાં હતાં અને ઘા આવતા હતા, તોફાન ઘણું હતું એટલે અમે થોડી વાર ભાવસારની ખડકીએ ઉભા રહેલા, ત્યાં માણસોની ભીડ હતી, એટલે અમો મોચીની પેઢીએ ગયા. મુસલમાનો અગાશીમાંથી ઘા કરતા હતા, અને હીંદુઓ નીચેથી ઘા કરતા હતા, તેમાંથી મેં ત્રણ ચારને ઓળખ્યા છે તેમાં દાદાભાઈમાં અબરામ (હાશમ), હસન કાજી અને સરદાર એટલા તહોમતવાળાનાં નામ હું જાણું છું, તેને મેં ત્યાં જોયેલા, એ સિવાય મે ત્યાં ત્રણ જણાને ઓળખેલા, નામ ખબર નથી. તેમાં એક દાદાભાઈમાંનો દીકરો છે, તેનું નામ પુછતાં વલી કહે છે. બીજા બેનાં નામ પુછતાં સલેમાન અબરામ અને સલેમાન અબદલા કહે છે. અમે મુસલમાનોને કહેતા હતા કે બાજી હદી જાય, અને હીંદુને અમે હેઠેથી વારતા હતા મુસલમાનોએ તેમનાં મોં ફેરવી દીધાં, પછી અમે એક મીનીટ ત્યાં ઉભા રહ્યા. પછી અમે માણસોને ત્યાં હટાવતા હતા, એટલામાં વહીવટદાર આવ્યા પછી તોફાન વીખાઈ ગયું. પછી અમે વહીવટદાર ભેગા ઉભા આગરની ડેલીએ ગયા, ત્યાંથી પાલખી રામજી મંદીરને રસ્તે મંદીરમાં ગઈ અને અમે ઘેર ગયેલા.

ઉલટ તપાસ—માનજી સાથે એક વાણિયો અમને તેડવા આવ્યો હતો, તેના નામની મને ખબર નથી. વાણિયો પહેલો આવેલો, વાણિયો કહીને વળ્યો ગયેલો કે નહીં તેની મને ખબર નથી. રાજો પટેલ અમને મળ્યો ત્યારે વાણિયો ત્યાં હતો કે નહીં, તેની મને ખબર નથી. ચોકમાં માનજીએ રાજા પટેલને વાત કરેલી. મારા હાથમાં પરોણો હતો, બીજાના હાથમાં શું હતું, તે મને યાદ નથી, કારણ કે ઝાઝો વખત થયો છે. અમે બધા ઉતારા તરફ જવાને વળ્યા હતા, ત્યાં વલભ મળ્યો. અમે વલભને કહ્યું કે તોફાન થાય છે. તે ઘડી થવા દીઓ. અમે ઉતારામાં જઈએ છીએ. વલભે કહ્યું કે હુકમ લાવ્યો છું, તમારે જવું નથી, આહીં રહો. એટલું કહીને વલભ વળ્યો ગયેલો. વલભ દરબારી ઉતારા તરફ ગયેલો. અમે મસીદે આવ્યા ત્યારે ઘણા માણસો હતા, તે કોઈને મેં ઓળખ્યા નથી. મુસલમાનો બહાર શેરીમાં હતા, મસીદના બીજા કોઈ ભાગમાં મેં મુસલમાનોને જોયા નથી. આથમણી તરફથી અમે માણસોને પાછા હઠાવ્યા અને પાછા બાવસારની ખડકીએ આવ્યા તે વખતે મસીદનો એક દરવાજો ઉઘાડો થએલો તે વખત વહીવટદાર પણ પહોંચ્યા હતા તે વખત મસીદનું એક કમાડ બંધ હતું. મસીદના દરવાજા પડખેની જાળી મેં જોઈ નથી. વહીવટદારના કહેવાથી અમે બધા તેમની ભેગા છીપાની ડેલીએ ગયેલા. મેં સાત જણાને બતાવ્યા તે શીવાયના બાકીના તહોમતવાળાઓને મેં તે વખતે મસીદે જોયા નહોતા. અબરામ હાશમ સાત આઠ વરસથી હાટે બેસે છે તેથી નામ જાણું છું, તેના દાણા ભાડે લાવવા ગાડી બાંધીને ઉજળીવાવ ગયો છું. છેલો હું ઉનાળામાં એને ભાડે ગયેલો. તેનો વાણોતર મને તેડવા આવેલો, તેના નામની મને ખબર નથી. દાદામીયાનું નામ હું છ સાત વરસથી જાણું છું. હું દરબારી ઉતારામાં કામે જાઉં તેથી તેનું નામ જાણું છું. જમાલ, તાજુ જમાદાર અને રાયો રજપુત અને મા/જી એ ચાર વહીવટદારના માણસની ખબર છે ન્યાયાધીશના પટાવાળામાંથી સરદાર, દાદોમીયાં, ગફુર અને બાપુ એ ચારનાં નામ જાણું છું. પોલીસમાંથી ચાર સીપાઈનાં નામ જાણું છું, હમીર, નારણ, અમરો અને બીજું એ ચારનાં નામ જાણું છું. પોલીસમાં આઠ નવ સીપાઈ છે. ન્યાયાધીશના સીપાઈ બધા મળી છ સાત છે. વહીવટદારને કેટલા સીપાઈ છે તે ખબર નથી. દાદામીયાંનો દીકરો (વલી) મેમણને ત્યાં રોટલા લેવા આવે, તેથી દાદામીયાંનો દીકરો છે, એમ જાણું છું. તે મેમણને ત્યાં બીજા કોઈ રોટલા લેવા આવે છે કે નહીં તેની ખબર નથી. હસન કાજીને આ કામ ચાલે છે ત્યારથી તોફાનમાંથી તેનું નામ જાણું છું. પછી કહે છે કે તે ગામમાં રહે છે, તેથી નામ જાણું છું. પછી કહે છે કે હાંડીયા માટે જાઉં તેથી નામ જાણું છું. એ હસન કાજીના ફળીમાં હાંડીયા લેવા ગયેલો તેથી તેનું નામ જાણું છું. એ ફળીમાં બીજા કોણ રહે છે. તેના નામની ખબર નથી. હાંડીયા માટે ત્યાં આવેલા તેના નામની મને ખબર નથી. સલેમાન અબરામ નામના તહોમતવાળાને મેં દીઠે ઓળખી બતાવ્યો છે. તે હાજીભાની દુકાને બેસે છે, તેથી ઓળખું છું, હું તેની દુકાને ગયો નથી. સલેમાન અબદલા નામના તહોમતવાળાને મને બતાવ્યો, તે કસાનો ભાણેજ થાય તેથી ઓળખું છું. તે ચોરાથી ઉગમણી તરફ સાંકડી બજાર છે ત્યાં રહે છે, તે શું કામ કરે છે,

તેની મને ખબર નથી. જો ઈસાને પેર આવે જાય, અને હું તેની માને ઓળખું, તેથી ઈસાનો બાલિગ રહું છું, ઈસાને કેટલા બાલિગ છે તે ખબર નથી. દસ બાર વરસથી ઈસો અમારા ગામમાં રહેતો નથી. અમારી પડોસમાં તેનો ભાઈ રહે છે, તેના નામની ખબર નથી. મશીદેથી ચોરા તરફ પાછા આવ્યા ત્યારે ન્યાયાધીશને અમે જોયા નથી. ન્યાયાધીશને હું ભાળ્યે ઓળખુ છું. પોલીસમાં મારી હકીકત લેવાઈ છે કે નહીં તે યાદ નથી. પછી કહે છે કે ફોજદારે મારી હકીકત લખી લીધી છે. પછી કહે છે કે ફોજદારે અને તેના કારકુન બેએ લખી લીધી છે. પછી કહે છે કે વલભ સીપાઈના કારકુને લખી લીધી છે. તે વખત ત્યાં ફોજદાર હતા કે નહીં તે મને યાદ નથી. કોઈ મેમણ અમારા પડોસમાં રહેતા નથી, અમારા વાસ બહાર રહે છે. બડુ મેમણ અમારા વાસમાં રહે છે, તેને ત્યાં દાદામીયાંનો દીકરો એક બે વખત માગવા આવેલો, ત્યાં મને કોઈએ ત્યાં ઓળખાવ્યો નથી. મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતવાળો છું.

ફરી તપાસ—નાડીયા અલાય એટલામાં મીનીટ થાય, નાકું ત્રીસ હાથનું થાય.

કોર્ટના સવાલમાં—ઈસો, ઓસમાણ, નુર, અબદલો ( અબદલા કરીમ ), એટલાનાં નામ તહોમતવાળાઓમાંથી જાણું છું, બીજાનાં નામ જાણતો નથી. જે ઈસાનો ભાઈ અમારા પડોસમાં રહે છે, તેને હું ઓળખું છું. તેનું નામ પુછતાં તારે મામદઅલી કહે છે. દાદામીયાં, સરદાર અને જમાલ એ પટાવાળાનાં નામ જાણું છું. એ ત્રણનાં નામ હું જાણું છું, ને ન લખાવ્યું તે મારી ભુલ થઈ છે. સાત નામ મેં લખાવ્યા તે શીવાય બધા તહોમતવાળાને હું દીઠે ઓળખુ છું. ગઢડામાં મુસલમાનની વસ્તી કેટલી છે તે ખબર નથી સાત તહોમતવાળાના નામ મેં લખાવ્યાં તે શીવાય ગઢડાના બીજા કોઈ મુસલમાનનાં નામ હું જાણતો નથી. ગઢડાના કોઈ કણબીનાં નામ ખબર નથી. વાણીયામાં હું લખમીચંદ ઉજમશી અને હીરાચંદ એ ત્રણ નામ હું જાણું છું સાત તહોમતવાળા મુસલમાન અને ત્રણ હીંદુ શીવાય ગઢડામાંના બીજા કોઈનાં નામ હું જાણતો નથી. પોલીસને ત્યાં હકીકતમાં મેં કોઈ મુસલમાનનાં નામ લખાવ્યાં છે કે નહીં તે ખબર નથી. પોલીસ હકીકતમાં મેં કોઈ તહોમતવાળાનાં નામ આપ્યાં નથી. મશીદને નાકે અમે આયરો અને વહીવટદાર એક સાથે પહોંચ્યા એવું બન્યું નથી એવી હકીકત મેં પોલીસમાં લખાવી છે કે નહીં તે યાદ નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર પોતાનું કહે છે.

તા. ૫ માર્ચ સને ૧૯૦૭.

૧ આયર મેરામ બીજાની સહી દા. સવાઈલાલ.

મજકુર રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરાવ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૪૯.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ગીગો છે. મારા બાપનું નામ ભીમો છે.
મારો ધર્મ હીંદુનો છે. મારી જાત આયરની છે
હું ગઢડામાં રહું છું. મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે.
મારો કસબ ખેડનો છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયે સાલમાં વરઘોડો નદીએ ગયો ત્યારે હું ચોરે હતો, પછી હું ઘેર જઈને રોટલા ખાતો હતો, ત્યારે પટેલે બોલાવીને બુમ પાડીને કહ્યું કે મુસલમાને ધીંગાણું કર્યું છે. એક સીપાઈ બોલાવવા આવ્યો છે, માટે હાલો, પછી અમે પટેલ સાથે સાત આઠ જણા ગયેલા. માણસની ગીરદી બહુ હોવાથી અમે ભાવસારને નાકે જઈને ઉભા રહેલા. ત્યાંથી અમે મો- ચીના હાટે જઈને ઉભા. મોચીને હાટે ગયા ત્યારે મુસલમાનો મશીદ ઉપર અગાશીમાંથી ઘા કરતા હતા. પાણા, નળીયાંના ઘા કરતા હતા, તેમાંથી એ ચાર જણાને મેં ઓળખેલા. તેનાં નામ હું જાણતો નથી, બાજ્યે ઓળખું છું, તે ત્રણ જણાને તહોમતવાળામાંથી બ- તાવી આપું છું (આ વખતે સાક્ષી બોલ્યો કે બીજો એક બેઠો છે, તેને મેં ઓળખ્યો છે.) એ ચાર જણાને મેં ઓળખ્યા છે તે કોઈનાં નામ હું જાણતો નથી. તેમનાં નામ પુછતાં તેઓ તહોમતવાળા ઇસા અલી, ઓસમાણ અલી, હસન તાર બોઘા અને તાર મા- મદઅલી કહે છે. પછી અમે માણસોને ત્યાંથી પાછા હઠાવ્યા, અને વહીવટદાર ત્યાં આવી ગયા, પછી વહીવટદાર બંદોબસ્ત કરી જીવા ખાચરની ડેલી તરફ ગયેલા, અને હું તેની પાસે ગયેલો, અને ત્યાંથી મારે ઘેર ગયેલો.

ઉલટ તપાસ—મોચીને હાટે પહોંચ્યા ત્યારે અમે બધા આયરો સાથે પહોંચ્યા, ત્યાં મેં તહોમતવાળાને બતાવ્યા તેમને મેં મશીદની અગાશી ઉપર જોયા હતા. અગાશીમાં મેં તે વખતે ૭–૮–૧૦ માણસો જોયેલા. (આ જવાબ સાક્ષીએ બહુ ફાંફાં મારી આપેલો છે, તે વારમવાર બોલતો કે એ ચાર શીવાય બીજા અગાશીમાં હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી.) મશીદની ડેલીના છાપરા ઉપર મેં કોઈ માણસને જોયા નથી. એ ત્રણ નાડવા ચા- લીએ એટલી વાર મોચીને હાટે રોકાયેલા. મશીદ પાસે ૨૦૦–૩૦૦ માણસો હતા. એ બધા હીંદુઓ હતા. ચાર તહોમતવાળાને મેં બતાવ્યા તે શીવાય બાકીના તહોમતવાળા અગાશી ઉપર જોયા નથી. અમારા આયરોના શેરમાં તેની દુકાન છે, તેનાં નામની ખબર નથી તે શેઠ કહેવાય છે. હું તેને ત્યાં ભાડે ગયો છું. તહોમતવાળા હસન તાર બોઘાને મને બતાવ્યો તેને લુગડાની દુકાન છે. તેના હાટને કામે હું કોઈવાર ગયો નથી. તારમામદ અલી તહોમત- વાળાનું મકાન અમારા ઘર નજીક છે, તેના નામની મને ખબર નથી. પોલીસના વલભ જમા- દારને હું ઓળખું છું, તે ત્યાં ચોકમાં અમને મળેલો, તેણે કહ્યું કે તમે બંદોબસ્ત રાખો તો હું વહીવટદારને તેડી લાવું. પછી વલભ ત્યાંથી વહ્યો ગયેલો. વહીવટદાર તેમને સામા મ- ળેલા, પછી મેં વલભને ત્યાં જોયો નથી. દાદાએ, રાજા બનેએ મને મશીદે જવાનું કહેલું. મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતવાળો છું. પર્યુષણ પછી મુસલમાન સાથે

વેપાર બંધ રાખવા માટેને અમને કહ્યું નથી. ગઇ દીવાળી પહેલાં હું કોઇને મારે ગયો નથી હીંદુઓ ધા કરતા હતા, તેને અમે વારતા હતા, પછી હીંદુ ધા કરતા બંધ થયેલા. મારી પાસે પરોણો હતો, કેટલાક પાસે તરવાર હતી. અમે મસીદ આગળ પહોંચ્યા ત્યારે દરવાજા બંધ હતા કે ખુલ્લા તે ખબર નથી. વહીવટદારની બાજુએ હું કમાડ સુધી ગયેલો, ત્યારે એક કમાડ ઉઘાડું હતું, ને એક બંધ હતું. દરવાજા પડખેની જાળી મેં જોઇ નથી. અમે મોચીને હાટે પહોંચ્યા ત્યારે ન્યાયાધીશને મેં જોયા નથી. મેં પોલીસમાં જુબાની લખાવી છે, તે વલભે લખી નથી, પણ બીજા કારકુને લખી છે. એ કારકુનના નામની ખબર નથી. કારકુન અમને પુછી પુછીને લખી લેતો. ફોજદાર તે વખત ત્યાં બેઠા હતા.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—વલભ કારકુન છે, તેથી તેનું નામ બે ચાર વરસથી જાણું છું. વલભ પહેલાં કોણ કારકુન હતો તે ખબર નથી. ફોજદારનું નામ હું જાણતો નથી. પોલીસમાં મેં કોઇ ગુનેહગારનાં નામ જાણતો હઇશ તો લખાવ્યાં હશે. કોઇ તહોમતવાળાનાં નામ હું જાણતો નથી. પોલીસમાં મેં ૭ સાત ગુનેહગારનાં નામ લખાવ્યાં છે. એ ૭ સાત જણનાં નામ હું બે વરસ થયાં જાણું છું. મુસો અને ઓસમાન ગરડાના બે રોહીલા છે. એ બેજ નામ હું જાણું છું. બીજા ગરડાના મુસલમાનનાં નામ હું જાણતો નથી. અગાશી ઉપરથી જે ચાર જણા ધા કરતા હોવાનું મેં ઉપર લખાવ્યું છે, તે ચાર જણા વહીવટદાર આવ્યા પછી ઉતરી ગયેલા. ચાર તહોમતવાળાને મેં બતાવ્યા તે શીવાય ત્રણ ચાર જણા અગાશીમાં હતા. તેઓના કોઇ તહોમતવાળામાં નથી, એમ હાલ હું તમામ તહોમતવાળાને જોઇ કહું છું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૫ માર્ચ સને ૧૯૦૮.

૧ આપર ગીમા બીમાની સહી દા. સવાઇલાલ.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ,
ન્યાયાધીશ.

## આંક ૫૦

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારું નામ નારણ છે. | મારી ઉંમર આશરે વરસ |
| મારા બાપનું નામ કાનો છે. | ૫૫ ની છે. |
| મારો ધરમ હિંદુનો છે. | મારો ધંધો ખેડવાનો છે. |
| મારી જાત સોનીની છે. | હું ધંધુકામાં રહું છું. |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે:—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ હું ગરડે આવ્યો હતો. કાઝીની ડેલી આગળ ફુલ્ટા-માંથી વરઘોડો જતાં મેં જોયો હતો. નદી તરફ જતાં વરઘોડો મેં જોયો હતો. વરઘોડામાં બે પાલખી હતી. એક લાકડાની અને એક રૂપાની. ગીરદી મટી ગયા પછી હું મસીદને રસ્તેથી નદીએ ગયો. કાંકરીઆ જણ ઝીલી રહ્યા પછી રૂપાની પાલખી મસીદ તરફ થઇ

ગયા, અને બીજી પાલખી આથમણી તરફ લઇ ગયા. રૂપાની પાલખી પાછળ એક બે હાથ છેટે ચાલતો હતો, પાલખીથી પંદર વીશ હાથ છેટે ચાલતો હતો. મસીદ તરફથી પાણા અને ઢેખાંના ઘા થતા જેથી હું મસીદને પડખે થઇને હાલ્યો જતો હતો, તે વખતે એક મુસલમાને મારા મોં ઉપર લાકડીનો ઘા કર્યો. મને તમસ આવવાથી હું ત્યાં બેસી ગયો. એ ઘા મને લમણા ઉપર મારેલો. તે મારનારને હું નજરે દીઠે ઓળખું છું. તહોમતવાળામાંથી એ મારનારને હું બતાવી આપું છું. તેનું નામ પૂછતાં તહોમતવાળા અબદલા મમુદ કહે છે. તે વખત ત્યાં બીજું કોઇ જોયું નથી. પછી મને કોઇ આદમી દરબારી ઉતારામાં તેડી ગએલો, ત્યાંથી મને હસ્પીતાલમાં મોકલ્યો હતો. પછી રાતે હું મારે ગામ ગએલો, અગાશીમાંથી દશ બાર મુસલમાનો ઘા કરતા હતા તેમાં બે ત્રણ છોકરા હતા. હું ગઢાળીની બારીમાં આવ્યો ત્યારે પાલખી મસીદ પાસેના કબરસ્તાનની વંડી પાસે હતી, તે પછી મેં પાલખી જોઇ નથી.

ઉલટ તપાસમાં—હું સ્વામીનારાયણનો ધર્મ પાળું છું. હું વરઘોડો જોવા ખરડેથી આવ્યો હતો. નદીએથી મસીદને રસ્તે આવ્યા, કારણ કે ત્યાં થોડાં માણસ હતાં, નદીએથી ઘણાં માણસ બીજી પાલખી સાથે ગયેલાં. ગઢાળીની બારી અંદર હું પંદર હાથ છેટે આવ્યો, ત્યારે મસીદ ઉપરથી ઘા આવતાં જોયેલા, તે સાત આઠ દશ જણા ઘા કરતા હતા મને ભુખ લાગી હતી, તેથી મારો ઉતારો બોટાદને ઝાંપે હતો. ત્યાં હું પાછો ફરીને નદીએ જતાં મસીદ પાસેથી ગએલો, રામજી મંદીરની શેરી મેં જોઇ નથી. આ વરઘોડો મેં પહેલાંજ જોયો છે, મને ઘા વાગ્યો ત્યારે બપોર થોડા નમ્યા હતા, મને લાકડી મારનારને મેં પહેલાં કોઇ દીવસ જોયો નથી. હેઠે બીજા પંદર મુસલમાનો હતા, તેમાંથી ચાર હાથ નોખો પડીને મને મારેલો. ત્યાં બીજા મુસલમાન કોઇને મારતા નહોતા, ત્યાં તે વખતે બીજા ૫૦–૧૦૦ માણસો ભાગતા હતા, તે બધા હીંદુઓ હતા, ઝીંઝાવદરના મુખીને ત્યાં વાગ્યું તે વખત હું મસીદના દરવાજાથી વીશ હાથ છેટે હતો, એ મુખીને દરવાજા પાસે વાગેલું.

સવાલ—તે વખતે ત્યાં બીજું કોઇ હતું?

જવાબ—મુખીને વાગ્યું તે મેં જાણ્યું નથી.

ઉતારામાં મેં તેને વાગેલું જોયું હતું એ રૂપાની પાલખી બંધ્યું કોણ હતું તે ખબર નથી. જગ ઝીલાવવામાં શું થયું તે મને ખબર નથી. હું તો છેટેથી જોતો હતો. મને લાકડી વાગી ત્યારે મસીદનો દરવાજો ઉઘાડો હતો મને ત્યાંથી દરબારી ઉતારે લઇ ગયા, ત્યારે ત્યાં ઝીંઝાવદરનો મુખી બેઠો હતો.

ફરી તપાસ નથી.

કોરટના સવાલમાં—મને ઉતારામાં કોણ તેડી ગયું તે ખબર નથી. હું તેને ભાયે ઓળખી શકું નહીં. પોલીસમાં મને તે દીવસે કાંઇ પુછ્યું નથી. મને ફોજદારે આ કામમાં પુછેલું નથી. મને વાગેલું તે દીવસે મારૂં નામ ઠામ જમાદારે પુછી લીધું હતું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૬ માર્ચ સને ૧૯૦૮.

૧ સોપી તારણ કળાની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

## અંક ૫૨.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ગુલાબશંકર છે.
મારી ઉમર આશરે વરસ ૪૧ ની છે.
મારા બાપનું નામ મણીલાલ છે.
મારો કસબ નોકરીનો છે.
મારો ધર્મ હીંદુનો છે.
હું હાલ ગઢડામાં રહું છું.
મારી જાત વડનગરા નાગરની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ ગઢડામાં હું ફોજદાર હતો. તા. ૨૦-૯-૩૭ ના
રોજ પાલખીનું મેં પંચાતનામું લીધેલું છે, તે હું રજુ કરૂં છું. તા. ૨૨ ના રોજ ફરી·
યાદી લાલજીએ અરજી આપવાથી મેં કેસ ફાઇલ ઉપર લીધો, તે ઝુમખાં માટે તહોમતવાળા

દાદામીયાંના ઘરની જડતી મેં તા. ૨૮ મીએ લીધેલી, તેનું પંચાતનામું રજુ કરૂં
છું. એ ઝુમખું હાથ આવ્યું નથી. મુસલમાનની ફરીયાદના કામમાં મેં જુબાની આપી છે.

ઉલટ તપાસ—વલ્લભ તારાચંદે મારી પાસે જુબાની આપી છે, તેની હકીકત જોઇ
હું કહું છું કે તેની દુકાન આગળથી ખાટકી લાકડીઓ લઇ ગયાનું લખાવ્યું છે, તે
ખાટકીનાં નામ તેણે લખાવ્યાં નથી બાઇશંકરની હકીકત પોલીસમાં લેવાઇ છે, તે જોઇ
કહું છું કે ઝરીનો ટોપીવાળો મેમણ ને એક ફકીર કબરસ્તાનમાંથી ધા કરવાનું મારી
પાસે લખાવ્યું નથી. લાલજી જેઠાની હકીકત તા. ૨૫ ના રોજ લેવાઇ છે. નંબર ૧ થી
નંબર ૧૨ તથા નંબર ૨૧ ના તહોમતવાળાનાં નામ તેની અરજીમાં બતાવેલાં છે. હીંદુઓ
અને મુસલમાનના ફરીયાદની અરજીઓ ગઢડા મુકામે પોલીસના ઉપરી સાહેબને ત્યાં રજુ
થઇ, તે વખત હું ત્યાં હતો, તેમાં પહેલી અરજી મંદીરવાળાએ આપેલી છે તા. ૨૨ ની
સાંજરે મંદીરવાળાએ અરજી આપેલી છે, તે પછી કલાકમાં મુસલમાનોએ અરજી રજુ
કરેલી છે. હીંદુવાળાની અરજી તા. ૨૨ મીએ રજુ થયેલી, તોપણ પાલખીનું પંચાતનામું
તે પહેલાં તા. ૨૦ મીએ થયેલું છે, તેનું કારણકે તે લેવા ઉપરી સાહેબે હુકમ કરેલો, તે
હુકમ ઉપરી સાહેબે રૂબરૂમાં કરેલો. બંને ફરીયાદ અરજી તા. ૨૨ મીએ રાત્રે મને મળેલી.
તા. ૨૨ મી તારીખે ફરીયાદ અરજી રજુ થઇ, અને પાલખીનું ઝુમખું દાદામીયાં લઇ
જવાનું જાહેર થયું. છતાં તા. ૨૮ મીએ દાદામીયાંના ઘરની જડતી લેવાઇ પંચાતનામું
થયું છે, તેનું કારણકે કેટલાક શાક્ષીઓની જુબાની લીધા બાદ જડતી લેવાનું મેં ધારેલું.
તા. ૨૮ મી. સુધી દાદામીયાંના ઘરની જડતી ન લીધી, તેનું કારણકે દાદામીયાંને ઘેર જવાથી
કાંઇ તર તોફાન થાય, તેવી બીક લાગેલી, એના ઘરની જડતી લેવાથી તમામ મુસલમાનો
તોફાન કરશે, એવી બીક મને લાગેલી. એ હકીકત મેં ઉપરી સાહેબને જાહેર કરી નથી
જાહેર કરવી રહી ગઇ છે. તા. ૨૨ મી તારીખે બહારના કોઇ મુસલમાનની ગઢડામા જમાવટ
થઇ નહોતી, તેમ ગઢડાના મુસલમાનોએ બહારથી બીજા વર્ગના માણસોને બોલાવ્યા નહોતા
તે વખતે એકબીજાનાં મન ઉશ્કેરાએલાં હતાં તેથી હુલ્લડની બીક મને લાગેલી. મેં ઉપરી
સાહેબને રીપોર્ટ કર્યો તેમાં લખ્યું છે કે બહારથી મુસલમાનોને બોલાવી ગઢડાના મુસલમાનો
હુલ્લડ કરે એમ છે. એમ મેં જાહેર કરેલું, તે હકીકત ગામના માણસોથી મારા જાણુ·

વામાં આવેલી, પણ કયા માણુસથી, તે માણુસનું નામ યાદ નથી. મુસલમાનના કામમાં આંક ૧૬-૧૭-૧૮ ની અરજીઓ નીચે હુકમ સાથે સામેલ એવો તા. ૨૨-૯-૦૭ ના રોજ સેરા થયેલો છે. તે અરજીઓ મને હુકમ સાથે મળેલી છે, તે હુકમ આહીં નથી. એજ હુકમ સાથે આ કામની આંક ૨૧ ની હીંદુની અરજી મને મળેલી, તે એજ હુકમ સાથે મળેલી કે જુદા હુકમ સાથે મળેલી તે મને યાદ નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

જાસ્તી તપાસ મુલતવી.

તા. ૬ માર્ચ સને ૧૯૦૮.

૧ ગુલાબશંકર મણીલાલ ફોજદાર સહી દા. પોતાના.

મારા રૂબરૂ: પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

હું ગુલાબશંકર મણીશંકર આજરોજ પ્રતીજ્ઞા કરી: ફેલિટ તપાસમાં લખાવું છું કે નં. ૧૩ તહોમતવાળા હસન તાર ખોઘાને સાક્ષી કાળા સામત અને લખમણ બોજાની હકીકતથી પકડ્યો છે, અને નંબર ૧૪ તહોમતવાળા સલેમાન અભરામને લાલજી જેઠાની હકીકતથી, નબર ૧૫ તહોમતવાળા લતીબ અભરામને લાલજી જેઠાની હકીકતથી, નં. ૧૬ તહોમતવાળા હસન આજમને લાલજી જેઠા, જમાદાર અંબારામ અને હવાલદાર લક્ષ્મીશંકરની હકીકતથી, નં. ૧૭ તહોમતવાળા ઓસમાણ ગનીને રાજા ભીમા, દાદા લખા, લખા નારણ, કાળા મોઠા, જમાદાર અંબારામ, હવાલદાર લક્ષ્મીશંકર તથા ગીગા ભીમ અને જીવન ઝીણાની હકીકતથી નંબર. ૧૮ વલીમીયાં દાદામીયાંને જમાદાર અંબારામ તથા પરભુ અમરશીની હકીકતથી, નંબર ૧૯ તહોમતવાળા તાલબ મહમદને દાદા લખા, રાજા ભીમા, લાખા નારણ, જમાદાર અંબારામ, પરભુ બાણા, પરભુ અમરશી, હરીચંદ ગગા, દાદા કાંધા, જીવન બાવાની હકીકતથી, નંબર ૨૦ તહોમતવાળા અભરામ ગોબરને રાજા ભીમા, લાખા નારણ. કાળા સામત, ગીગા ભીમા, લખમણ બોજાની હકીકતથી, નંબર ૨૨ ના તહોમતવાળા અલીમીયાં મમુદમીયાંને રાજા ભીમા, હવાલદાર લક્ષ્મીશંકર, હરીચંદ ગગા, કાળા સામત, દાદા કાંધા, ગીગા ભીમા અને જીવન બાવાની હકીકતથી. નંબર ૨૩ મામજી આકુબને લાલજી જેઠા, લખા નારણ, દાદા કાંધા, ગીગા ભીમાની હકીકતથી. નં. ૨૪ અભરામ લાખાને પરભુ અમરશી અને હરીચંદ ગગાની હકીકતથી, નંબર ૨૫ દાદાન અભરામને લખા નારણ અને ગીગા ભીમાની હકીકતથી, નંબર ૨૬ અભરામ એગાને કાળા મોઠા અને લખમણ બોજાની હકીકતથી, નંબર ૨૭ તારમામદ અલીને કાળા મોઠા અને ગીગા ભીમાની હકીકતથી, નંબર ૨૮ જુસબ સુમારને દાદા લખા અને મંગળજી અમરચંદની હકીકતથી, નં. ૨૯ મમુદ હાશમને રાજા ભીમા, દાદા લખા અને લખમણ બોજાની હકીકતથી, નંબર ૩૦ અબદલા કરીમને લખા નારણ, કાળા મોઠા અને દાદા કાંધાની હકીકતથી, નંબર ૩૨ ઓસમાન રેમાનને લાલજી જેઠાની હકીકતથી, નં. ૩૩ હસન તાર ગીગાને દાદા લખા, સોમચંદ વેલસી, દાદા કાંધા અને ગીગા ભીમાની હકીકતથી, નંબર ૩૪ કાળુ ગીગાને લાલજી

જેઠાની હકીકતથી, નંબર ૩૫ આસરી ગેરાને રાજા ભીમા, લખા નારણ, કાળા મોકા અને દાદા કાંધાની હકીકતથી મેં પકડેલા છે. નંબર ૩૧ તહોમતવાળો નુરભાઇ, નંબર ૩૬ સુલેમાન પોલા અને નં. ૩૭ સલેમાન અબદલાની વીરૂદ્ધ કોઇ સાક્ષીથી હકીકત તેના વીરૂદ્ધની કળી નથી, પણ તેઓ મુસલમાનની ફરીયાદના કામમાં સાક્ષી તરીકે મારી પાસે હકીકત લખાવી ગયા છે. તેમાં તેઓ મશીદ પાસે હાજર હોવાનું કહી ગયા, તેથી આ કામમાં પણ તહોમતવાળા તરીકે હાજર રહેવાને તેના મુચરકા લીધા છે. ઉપર જણાવ્યા મુજબ જે સાક્ષીથી તહોમતવાળાનાં નામ જણાવ્યાં છે તે શીવાય બીજા કોઇ સાક્ષીએ તહોમતવાળાનાં નામ મારી પાસે આપ્યાં નથી. દાદા પાળાએ મારી પાસે કોઇ તહોમતવાળાનાં નામ આપ્યાં નથી. તેમ ઓળખી બતાવ્યાં નથી. દાદામીયાંએ પાલખીને ઝેંટ મારી ઝુમખું લઇ લીધું, એવી હકીકત અંબારામ જમાદારે મારી પાસે લખાવી નથી. રતનશી મુખીએ કોઇ તહોમતવાળાનાં નામ મારી પાસે લખાવ્યાં નથી. કોળી હકા વસ્તાએ કોઇ તહોમતવાળાનાં નામ મારી પાસે લખાવ્યાં નથી. મંગળજી સાક્ષીએ મારી પાસે લખાવ્યું છે કે તહોમતવાળા અબદલાના કહેવાથી ઓસમાણ અલી, નુર આમદ, અભરામ હાસમ, હસન તાર અને જુસબ સુમાર એ બધા એકઠા થઇને મશીદે ગયેલા પાલખી આવે છે માટે ચાલો એવું અબદલો બોલ્યાનું તે વખત મંગળજીએ મારી પાસે કહ્યું નથી. મેરામ ભીમાએ કોઇ તહોમતવાળાનાં નામ મારી પાસે લખાવ્યાં નથી. ભાવનગરથી સાકરલાલ વકીલ ગઢડામાં સવારે દશ વાગે આવેલા મેં જોયા હતા, પણ કઇ તારીખે તે ખબર નથી. મુસલમાન મારી પાસે પહેલાં ફરીયાદ કરવા આવેલા, અને લાલજી જેઠા તો તેમની અરજી ઉપરી સાહેબ તરફથી મને મળી તે પછી આવેલા.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—નંબર ૧ ના તહોમતવાળા દાદામીયાં સામે લાલજી જેઠા, હરીનારણદાસ, હરીસ્વરૂપદાસ, જસા જોરા, જસમત કાનજી, રાજા ભીમા, દાદા લખા, લખા નારણ, કાળા મોકા, જમાદાર અંબારામ, હવાલદાર મોબતાજી, સીપાઇ અમરો, હવાલદાર લક્ષ્મીશંકર, પરભુ ભાણા, પરભુ અમરશી, કાળા સામત દાદા કાંધા, ગીગા ભીમા, જીવણ ઝીણા, લખમણ બોજાની હકીકત નંબર ૨ ના તહોમતવાળા સરદાર અલી સામે લાલજી જેઠા, હરી નારણદાસ, હરીસ્વરૂપદાસ, જસમત કાનજી, જસા જોરા, જમાદાર અંબારામ, હવાલદાર મોબતાજી, સીપાઇ અમરા સામળા, પરભુ ભાણા, પરભુ અમરશી, હરીચંદ ગગા અને જીવન બાવાની હકીકત છે. નંબર ૩ તહોમતવાળા અબદલા સુમારની સામે લાલજી જેઠા, પરભુ અમરશી, હરીચંદ ગગાની હકીકતથી નંબર ૪ ગાંડા અસમાલની સામે લાલજી જેઠા, જસમત કાનજી, જસા જોરા, રાજા ભીમા, દાદા લખા, લખા નારણ, કાળા મોકા, અમરા સામળા, કાળા સામત, દાદા કાંધા, ગીગા ભીમા, જીવન બાવા અને લખમણ બોજાની હકીકતથી નંબર ૫ ના જમાલ જીવાને સામે લાલજી જેઠા, જસા જોરા, જસમત કાનજી, દાદા લખા, લખા નારણ, જમાદાર અંબારામ, હવાલદાર મોબતાજી, સીપાઇ અમરા સામળા, હવાલદાર લક્ષ્મીશંકર, પરભુ ભાણા, હરીચંદ ગગા, જીવન બાવા, લખમણ બોજાની હકીકતથી નંબર ૬ અબદલા મમદની સામે લાલજી જેઠા, જસા જોરા, જસમત કાનજી, રાજા

ભીમા, દાદા લખા લખા નારણ, કાળા મોકા, જમાદાર અંબારામ, અમરા સામળા, પરભુ અમરશી, હરીચંદ ગગા, કાળા સામત, દાદા કાંધા, ગીગા ભીમા, જીવન બાવા અને લખમણ બોજાની હકીકતથી નંબર ૭ ઇસા અલીની સામે લાલજી જેઠા, જસમત કાનજી, રાજા ભીમા, દાદા લખા, કાળા મોકા, જમાદાર અંબારામ, પરભુ અમરશી, હરીચંદ ગગા, સોમચંદ વેલશી, સુંદરજી ચતુર, કાળા સામત, દાદા કાંધા, અને લખમણ બોજાની હકીકતથી નંબર ૮ ઓસમાણ અલી સામે લાલજી જેઠા, જસા જેરા, જસમત કાનજી, રાજા ભીમા, દાદા લખા, લખા નારણ, કાળા મોકા, જમાદાર અંબારામ, પરભુ ભાણા, પરભુ અમરશી, હરીચંદ ગગા, સોમચંદ વેલશી, સુંદરજી ચતુર, કાળા સામત, દાદા કાંધા, ગીગા ભીમા, લખમણ બોજાની હકીકતથી નંબર ૯ સામા રેમાનની સામે લાલજી જેઠા, જસમત કાનજી, જસા જેરા, રાજા ભામા, દાદા લખા, લખા નારણ, કાળા મોકા, હવાલદાર મોબતાજી, અમરા સામળા, હવાલદાર લક્ષ્મીશંકર પરભુ અમરશી, હરીચંદ ગગા, કાળા સામત, દાદા કાંધા, ગીગા ભીમા, જીવન બાવાની હકીકતથી નંબર ૧૦ નુર આમદ સાથે લાલજી જેઠા, જસમત કાનજી, દદા લખા, કાળા મોકા, પરભુ અમરશી, દાદા કાંધા, ગીગા ભીમાની હકીકતથી નંબર ૧૧ અભરામ હાશમની સામે લાલજી જેઠા, જસમત કાનજી, રાજા ભીમા, દાદા લખા, જમાદાર અંબારામ, પરભુ ભાણા, પરભુ અમરશી, હરીચંદ ગગા, સોમચંદ વેલશી, સુંદરજી ચતુર, કાળા સામત, દાદા કાંધા અને લખમણ બોજાની હકીકતથી નંબર ૧૨ જુસબ ગની સામે જસમત કાનજીની હકીકતથી નંબર ૨૧ અબદલા ગનીની સામે દાદા લખાની હકીકતથી પકડેલા છે. ઝુમખું પાલખીનું આંકડીયા સાથે પાલખીમાંથી ખેંચાઈ ગયેલું જણાતું હતું, એ પાલખીનાં બીજાં ઝુમખાં મેં તપાસેલાં છે, તેમાં આંકડીઓ અને ઝુમખાં બે છે, આંકડીઓ ઝુમખાં અને કડી કોઇ ઠેકાણે ઝણુ વાનાં નથી. પંચાતનામામાં લખ્યું છે કે ઝુમખાનો આંકડો, ઝુમખું કોઇ માણસ ખેંચે તો ઝુમખાનો આંકડીઓ સીધો થઇ નીકળી જાય, અને ઝુમખાના આંકડીયા એટલા વાંકા છે કે સદરહુ પાલખી તમે એટલી આડી કે ઉભી કરવામાં આવે તો પણ ટાંકેલ ઝુમખા કોઇ પણ માણસની હરત કીયા થયા સીવાય પોતાની મેળે ઝુમખું નીકળી પડે તેવું નથી, તે હકીકત પંચોએ અનુમાનથી લખાવી છે, તે વખત કાંઇ પ્રયોગ કરી લખાવી નથી. એ આંકડીઆ રૂપાના હતા, એ આંકડીઆના બીજા ઝુમખા મેં જોયેલા, તે કેટલા ભાગે વાળેલા હતા, અને કેટલા ભાગે ઉભા હતા, તે હું કહી શકું નહીં. આખો આંકડીઓ સીધો થાય તો રા ૩ આંગળ થાય. જે ઝુમખું પાલખીમાંથી ગયેલ છે, તે ઝુમખાને પાંદડીઓ હતી, તે સહીત ઝુમખું ગયાનું જણાતું હતું. આ કામમાં લાલજીની હકીકત મેં ફરીયાદ હકીકત તરીકે અરજી આપી ત્યારે મેં લખી લીધી નથી. તા ૨૨ મી તારીખની ફરીયાદની અરજી ઉપરથી હકીકત ઉતારી નથી, પણ તેને પુછીને હકીકત ઉતારી છે. કેસ મેં તા. ૨૩મીએ ડાયરી ઉપર લીધેલો. તા. ૨૫મી તારીખે લાલજીની હકીકત ન લીધી, તેનું કારણ કે લાલજીએ કહેલું કે સાક્ષી આવશે તે સાથે હું હકીકત લખાવીશ. તા. ૨૫ મીના રોજ મેં લાલજી જેઠા, હરી નારણદાસ, હરીસ્વરૂપદાસ, ભક્તીનંદનદાસ, ધર્મસ્વરૂપદાસ, ભગરામદાસ, કરશનદાસ, દામોદરાનંદ, જગનનાથાનંદ, દેવશંકર કરશનજીની તા. ૨૬ના

રોજ દ્રામા ભગતની તા. ૨૭મીએ જસા જેરા, જસમત કાનજીની તા. ૨૮મીએ રજા ભીમા, દાદા લખા, હદા હમીર, લાખા નારણ, કાળા મોકા, તથા ગીગા કચરાની તા. ૨૯ મીએ જમાદાર અંબારામ, હવાલદાર મોબતાજી, સીપાઇ અમરા સામળા, લખમીશંકર સામજી, પરજી બાબુા, પરજી અમરશી, હરીચંદ ગગા, સોમચંદ વેલસી, સુંદરજી ચતુર, કાળા સામત, દાદા કાંધા, મેરામ ભીમ, વાઘા કાળા, ગીગા ભીમ, રતનશી નાગજી, સૈયદ અમર હકા વસતા, ભીમા રવા, મેઘજી હીરા, અને વલભ તારાચંદની તા. ૩૦મીએ માધા કરશનની તા. ૧-૧૦-૦૭ બાઇશંકર વજેરામ, અને મંગળજી અમરચંદની તા ૨જીએ જીવણ ક્રીણા અને જીવન બાવાની તા. ૫મીએ લખમણ ભોજા અને કાળા ભોજાની તા. ૬ ઠીએ લાલજીને જરીથી મેં એ પ્રમાણે તપાસેલ છે. તા. ૨૫ અને તા. ૨૬ મીએ સાક્ષીને તપાસ્યા છે. તેને તથા જસમત કાનજી અને જસા જેરાને લાલજી રજુ કરેલા, અને બાકીનાને મેં જણાયેલ હકીકત ઉપરથી બોલાવેલા. ભગવાનસીંહ, લક્ષ્મીશંકર અને જમાદાર અંબારામ ઉપર હુમલો થયો તે હકીકત તા. ૧૮ મીએ હું ગદડે આવ્યો ત્યારે જાણેલું, છતાં તેને તા. ૨૯ મી તારીખ સુધી મેં તેને નહીં તપાસ્યા તેનું કારણ કે મંદીરવાળા ફરીયાદ કરશે તે વખત તેઓ ફરીયાદ કરશે, એમ કહેલું પછી એ ત્રણ જણાએ મારી પાસે ફરીયાદ કરી નથી. જે છ તહોમતવાળા આ કામમાં હાજર રહ્યા નથી, તેમાં એ છએ જણા માટે કે કોઇ સામે મારા રૂબરૂ હકીકત પડી નથી. આ કામના તહોમતવાળામાંથી ઇસા અલી, જમાલ જીવા, સામા રેમાન, અલીમીયાં મહંમદમીયાં, તાલબ મમુદ, હસન આજમ, અભરામ હાશમ એટલાને તા. ૩ જી અકટોબરે પકડયા છે. તા. ૪ ના રોજ દાદામીયાં મહંમદમીયાં. વલીમીયાં દાદામીયાં, અબદલા મમદ અને ગાંડા અસમાલને મેં પકડયા છે. તા. ૫ ના રોજ ઓસમાણ અલી, અભરામ ગોબર, નુરમામદ દાદન, નુર આમદ, મામજી આકુબને પકડયા છે, અને તા. ૭ ના રોજ જુસબ ગની. જુસબ સુમાર, સલેમાન અભરામ, તસન તાર બોથા, દાદન અભરામ, અબદલા કરીમ, લતીબ અભરામ, મહંમદ હાશમ, તારમામદ અલી, અભરામ બેગા, અબદલા ગની, અભરામ લાખા, અબદલા સુમારને પકડેલા છે. તા. ૧૧ ના રોજ ઓસમાણ ગનીને પકડયો છે. બાકીના આ કામના આઠ તહોમતવાળાને ત્યાં નહીં હાજર થયેલા ૫ મળી ૧૩ તહોમતવાળાને મેં કઇ તારીખે પકડયા તે કેવાનું મારી પાશે સાધન નથી, તેઓના મુચરકા છે. તે તારીખે તેઓને પકડેલા છે. તેઓ બાર જણાના મુચરકા જોઇ કહુ છું કે તેમને તા. ૭-૧૦-૦૭ ના રોજ પકડયા છે. તા. ૭-૧૦-૦૭ ના મુચરકામાં ગીગા તાર, અસમાલ આમદ, ગફુર તાર અને અલી શરીફની પણ સહી લીધેલી છે, પણ તેમને તહોમતવાળા તરીકે નહીં ગણવાનો મેં તા. ૧૮-૧૧-૦૭ ના રોજ કોર્ટમાં રીપોર્ટ આપેલો, તે મને હાલ બતાવ્યો તે એજ છે. એ ચાર જણા હીંદુ અને મુસલમાનના કામમાં મુસલમાનોની હકીકત ઉપરથી તેઓ મશીદમાં હોવાનું જણાયું છે, પણ તેમની સામે કોઇપણ માણસની હકીકત નહીં પડયાથી તેઓ ગુન્હો કરવામાં નહોતા. એમ મેં રીપોર્ટમાં લખેલું છે. આ કામમાં આરબી નુરા અને માનજી સરદાર, એ બે જણાના મુચરકા મેં લીધા નથી. તા. ૧૨ અકટોબરના રોજ મેં ડાયરીમાં કેટલાક મુસલમાનોને મુચરકા ઉપર છુટા રાખવાનું લખેલ છે, પણ નામ લખેલાં

નથી. મુચરકા તા. ૭મીના છતાં તા. ૧૨મીમાં નોંધ થવાનું કારણુ કે તા. ૭ ના રોજ નોંધ થવાનું ભુલથી રહી ગયેલ છે. એ મુચરકામાં તા. ૭-૧૦-૦૭ એટલું પાછળથી લખેલું નથી, પણુ એજ તારીખે લખેલું છે. તહોમતવાળા સરદાર અમીને તા. ૧૩-૧૦-૦૭ ના રોજ પકડેલો છે. ગની ગીગાની વીરૂદ્ધ કાળા મોકાએ હકીકત લખાવી છે, બાકીના આઠ જણા સામે મારી રૂબરૂ કોઇની હકીકત પડી નથી. તે આઠ જણુાના પણુ સાક્ષીને બદલે તહોમતવાળા તરીકે ભુલથી મુચરકા લેવાએલા છે. તા. ૬-૧૦-૦૭ ના રોજ લાલજીએ મને જાહેર કર્યું કે મારે કેટલાક ગુન્હેગારોને નજરે દીઠે ઓળખાવવા છે. તેથી તેની હકીકત તારીખ ૬-૧૦-૦૭ ના રોજ લખી લીધી છે. તા. ૨૫મી સપ્ટેમ્બરની લાલજીની હકીકતમાં તેર શીવાયના બાકીના ગુન્હેગારોને ઓળખવાનું તેણુે જાહેર કર્યું નથી. પાલખી મંદીરે મુકીને મશીદ આગળ થઇને એ બીજી પાલખી આગળ ગયો, એવું લાલજીએ પહેલવહેલું તા. ૬ ઠી અકટોબરે લખાવેલ છે. તા. ૨૫મી સપ્ટેમ્બરે એ હકીકત મારી પાસે કહી નથી. દીઠે ઓળખવાનું લાલજીએ તા. ૬ ઠીના રોજ સવારમાં મારી પાસે કહ્યું, પછી મેં દીઠે ઓળખવામાં મેં વીશ જણુને હાજર રાખેલા, તેનાં નામ મેં તે તારીખની હકીકતમાં લખેલાં છે તેજ છે. ૬ ઠી તારીખે સવારે ને તેને આગલે દીવસે તહોમતવાળા ઇસાને મેં કહેલું કે, આ કામના લગતા અશામીઓને તમે હાજર રાખજો, તેથી તેણુે એ વીશ જણુાને ૬ ઠી તારીખે હાજર રાખેલા. ૬ ઠી તારીખે લાલજીએ માનજી સરદારને ગુન્હેગાર તરીકે ઓળખાવ્યો છે. છતાં મેં તેને આ કામમાં પકડયો નથી, તેને પકડવો રહી ગયો છે, બીજો કોઇ મુસલમાન ગુન્હેગાર કામમાં જણુાએલો પકડવો રહી ગયેલો લાગતો નથી. એ ૬ ઠી તારીખે લાલજીએ નવા ઓળખાવ્યા તે ઉપરથી નવા મેં કોઇને પકડેલા નથી, માનજી સરદાર શીવાયના એ દસ જણુાને એ પહેલાંથી પકડ્યા હતા, હસન તાર બોઘા, સુલેમાન અભરામ, લતીબ અભરામ એ ત્રણુ જણુાને મેં તા. ૭ ના રોજ પકડેલા છે, એ ત્રણુ જણુાને લાલજીની ૬ ઠી તારીખની હકીકતથી તથા આયરોની તા. ૨૮ ની હકીકત ઉપરથી તા. ૬ ઠીએ પકડેલા છે. તા. ૬-૧૦-૦૭ ના રોજ હીંદુ કેસ તપાસ બંધ થયેલી છે, છતાં તા. ૧૭-૧૦-૦૭ ના રોજ મુસલમાનોના જામીન મુચરકા લીધા છે. તેનું કારણુ કે લાલજીને બીજો પુરાવો આપવો નહોતો. પણુ અમારી તપાસ ચાલુ હતી. અમારી તપાસ તા. ૧૩ મીએ બંધ થઇ છે. તા. ૬ થી તા. ૧૩ સુધીમાં પોલીસ તરફથી કાંઇ પુરાવ મળી આવ્યો નથી. ૬ ઠી તારીખમાં સરદાર અમી આવવા ઉપર તથા વીશેષ પુરાવો મળવા ઉપર કામ બાકી રાખ્યું હતું, તે સરદાર અમી ભાવનગર આવ્યો હતો. તા. ૭ મી અકટોબરના રોજ મેં હીંદુ કામના તહોમતવાળા તરીકે જુસબ સુમાર, જુસબ ગની, અભરામ લાખા, અભરામ બેગા, અબદલા સુમાર, અબદલા ગની અને તારમામદ અલી એટલાની હકીકત લીધી છે, અને તેજ દીવસે હીંદુ પક્ષના સાક્ષી તરીકે સ્વાર હમીરની જુબાની લીધી છે. તોફાનને દીવસે હમીર સ્વાર વહીવટદાર સાહેબ સાથે મશીદે ગયો હતો. એમ દાદા લખાની તા. ૨૮ મીની હકીકતમાં જણુાએલું. તેથી મેં તેમની હકીકત તા. ૭ મી અકટોબરે લીધી છે, એ દરમીયાન હમીર તો ગઢડામાં હતો. એ દાદાએ મારી પાસે એવું જાહેર કર્યું છે કે સ્વા હમીર હીંદુઓ ઉપર તરવારના ઘા કરતો હતો. તેથી તેને

પકડી વહીવટદાર પાસે લઇ ગયેલો, તે વહીવટદારનો સ્વાર છે, અને મુસલમાન છે, છતાં મને લાગેલું કે તેણે કાંઇ ગુન્હો કર્યો નથી. તેથી તેને મેં ગુન્હેગારમાં નહીં ગણતાં સાક્ષીમાં ગણેલો. જે મુસલમાનો મારતા હતા અને ઘા કરતા હતા અને પાલખીની આડા ફર્યા હતા. તેજ ગુન્હેગારોને મેં ગુન્હેગાર ગણેલા છે. જેટલાને મેં આ કામમાં જામીન અને મુચરકા ઉપર છુટા રાખેલા છે તે બધા મારવામાં કે પાલખી આડા ફરવામાં તથા નળીયાં વીગેરેના ઘા કરવામાં હતા, એમ મને લાગેલું તેથી મેં તેના જામીન મુચરકા લીધેલા છે. ૨૬ મી સપ્ટેમ્બર પછી લાલજીએ કોઈ સાક્ષીને મારી પાસે રજુ કર્યા નથી. બીજો પુરાવો છે, એમ તા. ૨૬ મી સપ્ટેબરે લાલજીએ મને કહ્યું નથી. જુમખાની ઝડતી તા. ૨૮ મી સુધી ન લીધી, તે કોઇ જાતના ડરને લીધે નહીં પણ બીજા કામને લીધે ઝડતી લેવાનું ભુલી ગયો. તેથી મોડી ઝડતી લીધી છે. એ જુમખાને માટે બીજી કોઇ જગ્યોએ તપાસ થઇ નથી. દવાખાનાના સીપાઇ માધાની હીંદુ અને મુસલમાન કેસમાં બંનેમાં હકીકત લીધી છે, તેને મેં એકજ વખત પુછી લીધું છે, અને તે હીંદુ ફરીયાદના કામમાં પુછી લીધું છે. એ માધાને મેં તા. ૩૦ મી સપ્ટેમ્બરે તપાસેલો છે. મુસલમાનની ફરીયાદના કામમાં મામજી આકુએ સાહેદી આપેલી, તેમાં તેણે માધાનું નામ બતાવેલું, તેથી મેં હીંદુની ફરીયાદના કામમાં માધાની સાક્ષી લીધી છે. એ મામજીની હકીકત મેં તા ૨૩ મી સપ્ટેમ્બરે લખી લીધી છે. લાલજીએ મને તા. ૫-૧૦-૦૭ ના રોજ જાહેર કરેલું કે, જે જુસબ ગની આ કામમાં પકડાએલો છે તે ખરો ગુન્હેગાર નથી, પણ બીમડાદનો જુસબ ગની ગુન્હેગાર છે, એ લાલજીની તા. ૫ ઠીની હકીકત જોઈ કહું છું કે તેમાં એવું જાહેર કરેલું નથી. તહોમતવાળો જુસબ ગની ગુન્હેગાર નથી, પણ બીમડાદનો જુસબ ગની ગુન્હેગાર છે એમ કહ્યું નથી, એ બીમડાદના જુસબ ગનીને પકડવાનો પ્રયાસ મારી તરફથી થયો નથી, તેને પકડવો ભુલથી રહી ગયો છે આ કામનો તહોમતવાળો જુસબ ગની ગુન્હો કરવામાં હતો, એવી ચોકસ હકીકત મારી પાસે આવી નથી, જુસબ ગની સાક્ષીઓના નામથી જણાયું, તેથી મેં આ જુસબ ગનીને પકડેલો છે. મેં જુસબ ગનીના નામની મારા માણસને ચીઠી આપેલી, તેથી તે આ જુસબ ગનીને પકડી લાવેલો, તે મારૂં માણસ કોણ હતું તે યાદ નથી. ગઢડામાં જુસબ ગનીના નામનો બીજો કોઈ માણસ ગઢડામા છે કે નહીં તે મને ખબર નથી. તા. ૬ ઠી તારીખની લાલજીની હકીકતમાં તેણે કહયું છે કે, તા. ૨૫ સપટેમ્બરે જુબાનીમાં અબદલ ગનીનું નામ આપ્યું છે તે ભુલ છે, પણ ખરો ગુન્હેગાર તેનો ભાઇ જુસબ ગની ખરેડીઓ છે, લાલજીની તા. ૨૫ મી તારીખની હકીકત ઉપરથી આ કામમાં અબદલા ગનીને મેં પકડેલો છે, એ અબદલ ગનીના ભાઇ જુસબ ગની ખરેડીયો નામનો કોઇ સખશ ગઢડામાં છે કે નહીં તે લાલજીની ૬ ઠી તારીખની હકીકત ઉપરથી મેં કાંઇ તપાસ કર્યો નથી. બધા સાક્ષીઓએ તહોમતવાળાઓનાં નામ મારી પાસે લખાવ્યાં છે. કોઇને દીઠે ઓળખાવ્યા નથી. કોઇ હીંદુ કામના સાહેદીને મુસલમાન તહોમતવાળા તરીકે ગણેલા નથી. સાક્ષીઓ મારી પાસે પોતાની મેળે હકીકત લખાવી ગયા છે. પોતે કોને કોને જોયા છે, અને શું શું જોયું છે, તે સાધારણ સવાલ હું પુછતો હતો. જે સાક્ષીઓને મેં બોલાવી

તપાસ્યા છે, તેમને મેં જે તારીખે બોલાવેલા તેજ તારીખે તપાસેલા છે. ન્યાયાધીશ સાહેબનો ખુલાસો તા. ૪ અક્ટોબરે અને વકીલ્લદાર સાહેબનો ખુલાસો તા. ૭ મી અક્ટોબરે માગેલો છે.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૭ માર્ચ સને ૧૯૦૮.

૧ ,ગુલાબશંકર મણીલાલ ફોજદારની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક પર.

| નંબર | નામ | જાત | ઉમર | ધંધો | રહેવાશી |
|---|---|---|---|---|---|
| ૧ | લવજી ઝીણા | ખોજા મુસલમાન | ૪૨ | વેપાર | ગઢડા |
| ૨ | ઠકર કરમાલી મોતી | સદર | ૩૫ | ખેતી તથા વેપાર | સદર |
| ૩ | ઠકર અલીભાઇ નથુ | સદર | ૩૦ | વેપાર | સદર |
| ૪ | ઠકર જીવન ભાણજી | સદર | ૨૮ | સદર | સદર |

આજરોજ સાંજરે અમો ઉપર લખ્યા પંચોને ફરમે ગઢડા મધ્યે સ્વામીનારાયણના મકાનમાં ઠાકોરજીને બેસારવાની રૂપાની પાલખી બતાવી, તે પાલખીનું માથાના છત્રના પાયા લાગતા રૂપાના ઘુઘરાવાળા સતર લોલકો (ઝુમખા) ટાંગવાના નાકામાં અત્ર વખત સોળ ઝુમખા લટકતા છે. ઝુમખાને ટાંગવાના રૂપાના આંકડીવા છે. ફકત તે પાલખીમાં એક રૂપાનું ઝુમખું નથી. સદરહુ ઝુમખામાંથી કોઇપણ ઝુમખું કોઇ માણસ આંચકો મારી ખેંચે તો ઝુમખાનો આંકડીઓ સીધો થઇ નીકળી જાય, ઝુમખાના આંકડીયા એટલા વાંકા છે કે સદરહુ પાલખી ગમે તેટલી આડી કે ઉભી કરવામાં આવે તોપણ ટાંગેલા ઝુમખામાં કોઇપણ માણસની હરત ક્રીયા થયા સિવાય પોતાની મેળે ઝુમખું નીકળી પડી જઇ શકે તેવો સંભવ સરખો પણ જોવામાં આવતો નથી. દરેક રૂપાના ઝુમખામાં ફરતી ૧૨ રૂપાની ઘુઘરીઓ તથા એક મોટો ઘુઘરો અને આંકડીઆના માથા ઉપર રૂપાનું ફુલ સોનાથી બહારના ભાગમાં રાખેલ છે. એ તમામનું એકંદર વજન તોલા ૪॥ પોણાપાંચને આશરે છે, તેની કીંમત આશરે રૂ. ૪–૮–૦ સાડાચાર છે. એ રીતે અમો પંચ જાહેર કરીએ છીએ.

તા. ૨૦–૯–૧૯૦૭.

૧ ખોજા લવજી ઝીણાની સહી ઉપરનું લખાણ વાંચી સહી કરી છે.

૧ ઠકર કરમાલી મોતીની સહી ઉપર લખાણ વાંચી સહી કરી છે. દા. પોતે.

૧ ખોજા અલીભાઇ નથુ સહી ઉપરનું લખાણ વાંચી સહી કરી છે.

૧ ઠકર જીવન ભાણજીની સહી ઉપરનું પંચાતનામું વાંચી સહી કરી છે. દા. પોતાના

રૂબરૂ

ગુલાબશંકર મોતીરામ,

ફો. ગ.

## આંક ૫૪.

મહેરબાન પ્રગણે બોટાદના પે. વ. ના ન્યાયાધીશ
સાહેબની હજુરમાં.

સાહેબ,

જનાબમાં, પ્રગણે ગઢડાના પોલીસ ફોજદારના પ્રણામ દીગર અરજ કરવાની કે

૧ મેમણ ગીગા તાર
૨ મેમણ અસમાલ આમદ
૩ મેમણ અલી શરીફ.
૪ મેમણ ગફુર તાર.

પોલીસ ;કેસ નં. ૧૧ ના ફરી. લાલજી જેઠાની ફરીયાદની તપાસને અંગે મારજીનમાં બતાવેલા સક્ષે તોફાન વખતે મસીદમાં હાજર હોવાનું જણાતાં પુછવામાં આવેલ છે, પણ તે લોકોએ ગુન્હો કરવામાં કાંઇ ભાગ લીધાનું જણાયું નથી, તેથી તે લોકોને પ્રતીબંધમાં લીધેલ નથી, પણ તે લોકોની સાહેદ તરીકે હાજર રહેવા ખત લેવાં જોઇએ. પણ સરત ચુકથી મુચરકામાં સહી લેવાયેલ છે, તે જાહેર થાય.

તા. ૧૮-૧૧-:૭.

ગુલાબશંકર મણીલાલ.

ફો.

## આંક ૫૫.

પ્રગણે ગઢડા પો. ફો. રૂબરૂ.

હું લાલજી જેઠા જાતે ખોજા મુસલમાન ઉમર વરસ ૫૩ ધંધો નોકરી રહેનાર ગઢડા પુરવાથી જાહેર કરૂં છું કે ગઇ ભાદરવા શુદ ૧૧ બુધવારના રોજ સ્વામીનારાયણના મંદીર તરફથી ઠાકોરજીને જળ ઝીલાવવાનો વરઘોડો મંદીરમાંથી દીવસના આશરે ૧૧ા વાગતે નીકળી બજાર રસ્તે થઇ નદી ઉપર ગયેલો હતો. જળ ઝીલાવી એક રૂપાની પાલખી વજનમાં બહુ ભારે હોવાથી જેની અંદર ઠાકોરજી દાગીના સાથે હતા તે પાલખી હરે વરસના રીવાજ મુજબ નદીએથી વાજાં વગરની મસીદ પાસેના રસ્તા ઉપર થઇ મંદીરમાં લઇ જતા હતા. મસીદ પાસે આશરે ૨ બજે આવ્યા તે વખતે મસીદમાંથી મુસલમાન લોકો એકઠા થયેલા દરવાજા આગળ ઉભા હતા, તેનાં નામ ૧ કાજી દાદામીયાં મહમદમીયાં ૨ સીપાઇ સરદાર અમી ૩ મેમણ અબદલા સુમાર ૪ ખાટકી ગોંડીઓ ૫ સીપાઇ જમાલ જીવા ૬ ભંડારી અબદલા મમદ ૭ મેમણ ઓસમાણ અલી ૮ ખાટકી સામલો ૯ મેમણ નુર આમદ ૧૦ મેમણ અભરામ હાશમ ૧૧ મેમણ અબદલા ગની ૧૨ ખરેડીઓ મેમણ જુસબ ગની બીમડાદવાળો તથા ૧૩ મેમણ ઇસા અલી વીગેરે ઉભા હતા તે પૈકીના નંબર ૧ થી નંબર ૬ સુધીના અમારી સામે આવી પાલખીને નંબર ૧ નો દાદામીયાં બાઝયો અને બીજા ૫ જણા લાકડીઓ તથા ધોકા લઇ પાલખી ઉપર ધસ્યા, તે વખત પોલીસ

જમાદાર અંબારામ બાપુ તથા હવાલદાર દલ્પતીશંકર સામજી તથા સીપાઈ ભગવાનસંગ પંચાણજી તથા અમરા સામળા એ ચાર જણ આડા પડયા અને બીજા મશીદના પગથીયા પાસે મુસલમાન લોકો ઉભા હતા, તેઓના હાથમાં લાકડીઓ તથા ધોકા હતા, તેઓ પણ મારવાને તથા પાલખીને ભાંગી નાખવા તથા ઠાકોરજીને ઘરેણા સાથે લઇ લેવા પડકારા કરતા હતા, પણ પોલીસના માણસો ઉપર લખેલા આડા પડી તેમ નહીં કરવા દેતા વચમાં આવતાં પોલીસના માણસોને તે લોકો મારવા મંડયા, દરમીયાન નંબર ૧'ના દાદામીયાએ પાલખીને પકડેલી તેમાંનું રૂપાનું એક ઝુમખું તેણે હાથ વતી આંચકો મારી ખેંચી લીધું, અને તેથી પાલખી છુટી પડતાં અમો તથા પાલખી ઉપાડનારા સાધુ, બ્રહ્મચારી પાલખી સાથે એકદમ ભાગી મંદીરમાં આવવા ચાલ્યા, તે વખતે અમારી સાથેનો એક પાળો ડાયો ભગત હતો, તેને પકડી મારવા મંડયા, તેથી રાડો પાડતો હતો, અને હું પાલખી સાથે મંદીરમાં આવ્યો, અમારી પાલખીનું એક ઝુમખું રૂા ૪-૮-૦ નું રૂા ૪ાા ભારનું દાદામીયાં લઈ ગયેલ છે, તેના હાથમાં સાદી લાકડી હતી, પાલખી ઉપાડવામાં સાધુ હરી· નારાયણદાસ, હરીસ્વરૂપદાસ, ભક્તીનંદનદાસ, ધર્મસ્વરૂપદાસજી બલરામદાસજી, કરશનદાસજી એ ૭ સાધુ અને બ્રહ્મચારી દામોદરાનંદ તથા જગનનાથાનંદ એ બે બ્રહ્મચારી તેની પાછળ ભગત ડાયો એ રીતે ૯ ત્યાગી તથા પુજાપાની છાબડી ઉપાડનાર બ્રાહ્મણ વીપ્ર દેવશંકર કરશનજી હતા. સદરહુ પાલખી દર વરસે એજ રસ્તે નદીમાંથી વગર વાજીંત્રે અમો મંદી· રમાં લાવીએ છીએ, તે મુજબ આ સાલમાં ભાદરવા શુદ ૧૧ના રોજ લાવતાં ઉપર લખ્યા મુસલમાન લોકોએ પાલખી ઉપર હુમલો કરી અમારા દેવનું અપમાન કરેલ છે. તેમજ લોલક રૂપાનું લઇ ગયેલ છે, અને તે બાબતની ફરીયાદ અરજી અમોએ પો. ઉ. સા. બા. હજુર તા. ૨૨-૯-૦૭ના રોજ કામ ચલાવવા આપેલ હતી, પણ સામાવાળા મુસલમાન લોકોએ ત્રણ દીવસની મુદત માગવાથી અમોએ અમારી ફરીયાદનું કામ આગળ ચલાવવા મુસલમાન લોકોએ બંધ રાખવા અરજી આપેલ તેથી અમોએ અમારી ફરીયાદનું કામ અમારા સાહેદ ગામ ગયેલા હોવાથી બંધ રાખેલ આજરોજ સાહેદ વીગેરે આવ્યાથી તમો ફોજદાર રૂબરૂ ફરીયાદ નોંધાવી છે, માટે તપાસ કરવો જોઇએ ઉપર જણાવેલ ૧૩ આસામી શીવાય બીજા મુસલમાનો હતા ખરા, પણ તે કોણ તેની મને સાધ નથી તેથી તેના નામ આપી શકતો નથી.

તા. ૨૫-૯-૧૯૦૭.

૧ ઠક્કર લાલજી જેઠાની સહી દા. પોતાના

રૂબરૂ

ગુલાબશંકર મણીલાલ

ફો. ગ.

હું લાલજી જેઠા આજે જાહેર કરૂં છું કે મેં મારી અરજીમાં તથા જુબાનીમાં જે નામ લખાવ્યાં છે તે પૈકી મેમણ અબદલા ગનીનું નામ લખાવેલ છે, સમજ ફેરથી લખાયેલું છે. પણ તેનું ખરૂં નામ જુસબ ગની ખરેડીઓ છે. અબદલા ગની તેનો મોટેરા ભાઇ થાય છે. તે તોફાનમાં કે પાલખી રોકવામાં નહોતો, પણ જુસબ ગની હતો,

પાલખી જે વખત અમે મશીદ પાસેથી લઈ ગયા, ત્યારે ઘણા મુસલમાનો મશીદની ડેલીમાં હતા, તે કોણ કોણ હતા તે હું નામવાર કહી શકતો નથી. મંદીરમાં પાલખી મુકી બીજી પાલખી બદલીના ઝાંપા તરફ થઇ આવતી હતી. તે તરફ ખબર દેવા જતો હતો, તે વખતે મશીદ પાસે ઘણા મુસલમાનો ઉભા હતા, ને નળીયાં પાણાનું તોફાન થતું હતું, તેમાં મુસલમાનો ઘણાં નળીયાં પાણા ઉડાડતા હતા, અત્યારે રજુ છે તે ૨૦ જણનાં નામ પુછતાં ૧ ભંડારી અબદલા મહમદ ૨ જમાલ જીવા ૩ ઇસા અલી ૪ ઓસમાણ અલી ૫ અભરામ હાશમ ૬ હસન તાર ૭ સલેમાન અભરામ ૮ લતીફ અભરામ ૯ હાજી ગીગા, ૧૦ કાજી હસન આજમ ૧૧ સીપાઇ માનજી સરદાર એટલાજ જણા કોઇ નળીયાં કોઇ પથરના ઘા ઉડાડી મારતા હતા, તે શીવાયના ૧ ફકીરાણી નુરબાઇ ૨ રેમાનશા બાદ-રશા ૩ ખુદાબક્ષ જમાબક્ષ ૪ અબદલકરીમ જાફર, ૫ ભંડારી કાજી અલી મહમદ ૬ ઓસમાન રેમાન ૭ અજીત ઓસમાણ ૮ સરીફ ઓસમાણ ૯ નુરનામદ દાહન તે નવ જણને તોફાન કરતાં નજરે મેં જોયેલા નથી. એ શીવાય ઘણા મુસલમાન મેમણ ખાટકી વીગેરે હતા તે હાલ હાજર નથી તેનાં નામ લખાવી શકતો નથી.

તા. ૬-૧૦-૭૭.

૧ ઠક્કર લાલજી જેઠાની સહી દા. પોતાના

રૂબરૂ

ગુલાબશંકર મણીલાલ.

ફો. ગ.

## આંક ૫૬.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ

| | |
|---|---|
| મારૂં નામ દેવશંકર છે. | મારી ઉમર આશરે વરસ ૪૬ ની છે. |
| મારા બાપનું નામ મોતીરામ છે. | મારો કસબ નોકરીનો છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારી જાત ઔદીચ ટોલકીયા બ્રાહ્મણની છે. |
| હું હાલ શીહોર રહું છું. | |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ હું ગઢડામાં ડાક્તર હતો, તે વખતે પોલીસે કેટલાક હીંદુઓને માર વાગેલ હોવાથી મારી પાસે દવાખાને મોકલ્યા હતા. મેં તેને તપાસી સર્ટીફીકેટ આપેલાં છે. તા. ૧૮ મી સપ્ટેમ્બરનાં રોજ ઝીંઝાવદરનાં મુખી રતનશી નાગજી, નારણ કાળા, પોલીસ જમાદાર અંબારામ, પોલીસ હવાલદાર લક્ષમીશંકર, સીપાઇ બગવા-નસીંગ હકા વસ્તા અને પાળા ડાયા ભગત હળીયાદના બ્રાહ્મણ દેવશંકર કરસનજી એટલાને મેં તપાસેલા છે. હીંદુ કોમમાં આટલાને મેં તપાસેલા છે. રતનજી નાગજીને માથામાં એક જખમ હતો. આશરે અડધો ઇંચ લાંબો પા ઇંચ પહોળો ૧/૮ ઇંચ ઉંડો હતો. એ ૧૮ મી તારીખે ચાર દીવસની દવા લઇ ગયેલો. તે પછી ૨૨ મી તારીખે ચાર દીવસની સામટી દવા લઇ ગયેલો. તે મારી પાસે હાજર થયો નથી. નારણ કાળાને તેની ડાબી આંખના ભ-

મર ઉપર એક જખમ હતો. તે આશરે અડધો ઇંચ લાંબો અને પા ઇંચ પહોળો હતો. તેના ડાબા ગાલ ઉપર લીલજામું આશરે દોઢ ઇંચ લાંબું ને એક ઇંચ પહોળું હતું. તેને એકજ દીવસ મારે ત્યાં દવા લીધી હતી. અને તા. ૧૯ ગેરહાજર હતો. એને થયેલો જખમ લાકડીથીજ થયેલો એમ કહી શકાય નહી. તે કોઇ કઠણ બુઠા પદાર્થથી થયેલો જણાયો હતો. પોલીસ જમાદાર અંબારામને બે મારનાં નીશાન હતાં. પહેલું ડાબા હાથના કાંડા ઉપર આશરે અઢી ઇંચ લાંબુ અને એક ઇંચ પહોળું હતું બીજુ નીશાન તેના જમણા ગાલ ઉપર આશરે બે ઇંચ લાંબું અને અડધો ઇંચ પહોળું હતું. તે નીશાન લાકડીથીજ થયેલા એમ કહી શકાય નહી તે કોઇ કઠણ બુઠા પદાર્થથી થવા જોઇએ. તેને ૭ દીવસ મારી પાસેથી દવા લીધી છે. તા. ૨૪ મીએ તેને આરામ થઇ ગયો. છે.

હવાલદાર લક્ષ્મીશંકર—કપાળમાં એકુ લીલજામું આશરે બે ઇંચ લાંબું ને એકે ઇંચ પહોળું હતું. તેણે બે દીવસ દવા લીધેલી. તે ૨૦ મી તારીખથી ગેર હાજર રહયો છે.

સીપાઇ ભગવાનસીંગને તેના ડાબા સાથળ ઉપર એક લીલજામું આશરે બે ઇંચ લાંબુ ને એક ઇંચ પહોળું હતું. બીજું તેના ડાબા હાથ ઉપર એક લીલજામું એક ઇંચ લાંબું ને અડધો ઇંચ પહોળું હતું. તેણે એકજ દીવસ દવા લીધેલી છે. પછી તે ગેરહાજર રહયો છે. તે નીશાન ગમે તે બુઠા કઠણ પદાર્થથી થયેલા જણાયા હતા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં ખરોખર હોવાનું કહે છે.

તા. ૭ માર્ચ સને ૧૯૦૮.

૧ દાક્તરના અંગ્રેજી અક્ષરે સહી.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

હું દેવશંકર મોતીરામ આજરોજ પ્રતીજ્ઞા કરી લખાવું છું કે હકા વરતાને એક જખમ નાક ઉપર હતો. તે આશરે અડધો ઇંચ લાંબો ને પા ઇંચ પહોળો, કોઇ પણ કઠણ બુઠા પદાર્થથી થયેલો જણાતો હતો. તે બે દીવસની દવા એક સાથે લઇ ગયેલો. તે તા. ૨૦ મી ગેરહાજર રહેલો.

પાળા ડાયા ભગતને મારનાં ત્રણ નીશાન હતાં, તેની ડાબી ઘુંટી ઉપર એક લીલજામું આશરે બે ઇંચ લાંબું અને એક ઇંચ પહોળું, તેના ડાબા પગના નળા ઉપર બે લીલજામાં હતાં, તે પૈકી એક દોઢ ઇંચ લાંબું અને અડધો ઇંચ પહોળું અને બીજું એક ઇંચ લાંબું અને અડધો ઇંચ પહોળું હતું. સદરહુ ઇજા કાંઇ પણ કઠણ બુઠો પદાર્થ વાગવાથી થયેલું હતું. એ ડાયાને મારી પાસે લાવ્યા ત્યારે તે સુદ્ધીમાં હતો પણ તેણે બેસુદ્ધપણાનો ઢોંગ કર્યો હતો. તેને ખાટલામાં નાંખી લાવ્યા હતા. તેણે એક દીવસની દવા કરી છે. તા. ૧૯ મીથી ગેરહાજર રહયો છે.

દેવશંકર હરશનજીને ત્રણ નીશાન હતાં, તેના જમણા સાથળ ઉપર એક ઉજરડા જેવું નીશાન આશરે આઠ ઇંચ લાંબું અને ૧/૮ ઇંચ પહોળું. તેના ડાબા હાથ ઉપર એક નીશાન અડધો ઇંચ લાંબું અને પા ઇંચ પહોળું. અને બીજું તેના જમણા હાથ ઉપર

આશરે અડધો ઇંચ લાંબું અને પા ઇંચ પહોળું હતું, તેણે ફક્ત એકજ દીવસ દવા લીધી છે. તા. ૧૯ મીથી ગેરહાજર રહેલો છે. એ ઉજરડો તીણા પદાર્થ ઘસાવાથી થયો હતો, અને એ નીશાન હતાં, તે કઠણ બુઠા પદાર્થ વાગવાથી થયેલા હતા.

ઉલટ તપાસ—તેને આપેલાં સરટીફીકેટ મેં પોલીસ તરફ મોકલેલાં. હાલ મને બતાવ્યાં તેજ છે. એ સરટીફીકેટ જોઇને હું કહું છું કે કોઇને એવી ઇજા થયેલી જણાતી નથી કે જેથી વીસ દીવસ સુધી તેનું ચાલુ કામ કરવાને અશક્ત રહી શકે. અંબારામને જે ઇજા થઇ હતી. તેથી તેને જાથુની ઇજા થઇ શકે તેવું નહોતું, તેને તા. ૨૪ મીએ આરામ થઇ ગયો છે. એ લક્ષ્મીશંકરને કપાળમાં જે લીસજામું હતું, તે કેવળ હાથની થપાટથી થઇ શકે નહીં. એ ૧૮ મી તારીખ પછી આઠ દીવસે હું ચંપકલાલને ઉતારે ફોજદારની ચાલી ઉપરથી મંદીરના માણસને જોવા ગયો હતો તેને કાંઇ ઇજા થયેલી જણાતી નહોતી, તેનો જવાબ મેં ફોજદારને તરત લખી મોકલ્યો છે. એ ઉતારે તે વખત ચંપકલાલ ને ચત્રભુજ વકીલ હતા. દરદીએ મને કહેલું કે છાતીમાં અને મુંઢ માર વાગવાથી ઘણી પીડા થાય છે મુંઢ માર થયો હોય તો તે બીજી પરીક્ષાથી જાણી શકાય તેવી મેં ફરી જોઇ તો તે દરદીને કાંઇ માર પડેલો મને જણાયો નહોતો ડાયા ભગતની નાડી બહુ સારી ચાલતી હતી. પછી મેં તેને દવા સુંઘાડી તો તે તરત બેઠો થયેલો. તેથી મને લાગયું કે ઢોંગ કરે છે. પછી ડાયાએ કહેલું કે મને દરદ થતું નથી. મેં આવા પટાવાળાને કામે મોકલ્યો હતો ખરો, પણ શું કામ મોકલ્યો હતો તે આજ યાદ નથી. તેણે પાછા આવી કહયું કે મસીદ આગળ તોફાન થાય છે. ( સાક્ષી પોતાથી ઉમરે છે કે તેણે ખાસ એમ પણ કહેલું કે મેં એક માણસને બચાવ્યો છે ) તે દીવસે મેં અગીયારશનો અપવાસ કર્યો નહોતો.

ફરી તપાસ નથી,

કોર્ટના સવાલમાં—ચંપકલાલે અને ચત્રભુજ વકીલે કહયું કે એ માણસ અમારું છે તેથી એ માણસ મંદીરનો કહું છું મામજી ચકુબ ઉપર લાકડીનો ઘા થતો અટકાવ્યો એમ ભાવાએ કહયું હતું એ બધા હીંદુઓને ૨ા થી ૪ સુધીમાં મેં તપાશ્યા હતા મુસલમાનો મારેનું લખાણ તો તે પછી આવ્યું હતું તેથી તે પછી તપાસ્યા હતા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા ૯ માર્ચ સને ૧૯૦૮.

૧ દાક્તરની અંગ્રેજી અક્ષરે સહી.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૫૭

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ગીગો છે.

મારા બાપનું નામ દસરો છે.

મારો ધર્મ હીંદુનો છે.

મારી જાત ભરવાડની છે.

મારી ઉમર આશરે વરસ ૪૭ ની છે.

મારો કસબ બેંસો ચારવાનો છે.

હું હાલ ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા શ્રાવણ વદ ૩૦ ના રોજ ગઢડામાં નદીએ નાવા ગયો હતો, પછી ભાવનગરને દરવાજે હું પાછો આવેલો ત્યાં વાદળાંના ચોક પાસે તે વખતે મારી મોઢા આગળ મેસણ અમી અલી તેના હાથમા ખુલું મટન લઇને ચાલ્યો જતો હતો. હું સરકારી નીશાળે આવ્યો ત્યાં દુલભજી એચર અને હરીચંદ ગગા મને મળ્યા, અમે એ ત્રણ ત્યાં ઉભા હતા ત્યાંથી એ અમી અલી લઇને ચાલ્યો હતો, પછી અમે માંહોમાંહે વાત કરતા હતા કે ખુલું મટન ઉઘાડું ગામમાં લઇ જાય છે. પછી હું દુલભજી ને હરીચંદ આથમણી બજારે ચાલ્યા ગયા, અને હું ઉગમણી બજારે ચાલ્યો ગયો.

ઉલટ તપાસ—શ્રાવણ પછી ભાદરવો પછી આસો અને કારતક મહીનો આવે કારતક શુદ ૫મે હું ઘેર હતો. હું તે દીવસ ઢોર ચારતો હતો. તે દીવસ શું વાર આવે તે યાદ નથી. ભાદરવા વદ ૩૦ હું ઢોરામાં હતો તે દીવસે નાવા ગયો નહોતો.

સવાલ—ભાદરવા વદ ૩૦ના રોજ તને કોણ મળ્યું હતું?

જવાબ—આસો મહીનામાં જે અમાસ આવે તેને હું શ્રાવણની કહું છું (સવાલ ફરી પુછ્યો) શુદની અમાસ કે વદની અમાસ તે હું સમજતો નથી. મહીનામાં એક અમાસ આવે, તે મને ખબર છે. ભાદરવા વદ ૩૦ના રોજ હું ગોપાળજી કામદારને ત્યાં દીવા ગયો હતો. લખમીચંદ અને નરસી ગોકળ મને રસ્તામાં મળ્યા હતા. મને રસ્તે કોઇ મળ્યું હોય ને વાત કરે તે યાદ રહે ખરૂ.

હું જેની પાસે લેણું માગવા ગયો હઉં તેનો દીવસ યાદ રહે, બીજા માણસો કયે દીવસે મળેલા તે યાદ રહે નહીં. હું દુલભજી અને હરીચંદ એ ત્રણે મુસલમાનની ફરીયાદના કામમાં તહોમતવાળા છીએ. એ માઉંસ હાડકાં સાથે હતું. તે બશેર અઢી શેર જેટલું હતું, તે વાંસની છાબડીમાં હતું. ખાટકીવાડામાંથી લઇને નીકળ્યો હતો. ઉઘાડું કેમ લઇ જાય છે, તે અમે પુછ્યું નહોતું. મેં એ વાત કોઇને કરી નથી એ બાબતની મેં દરબારમાં ફરીયાદ કરી નથી. તે વખત સવારના સાડા સાત વાગ્યાનો વખત હતો. એ અમી અલી આંહી તહોમતવાળો નથી. નદીના ઢોરા આગળનો રસ્તો પહેલાં સાત આઠ હાથ પહોળો હતો. ત્યાં બંગીયાનું ઘર મેં જોયું નથી. બીજા કોઇને મેં કોઇ વખત મટન ઉઘાડું લઇ જતાં જોયો નથી.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—મને દુલભજી અને હરીચંદ મળ્યા હતા. તે પછે એક મહીને લખમીચંદ અને નરસી મળ્યા હતા, મારૂ ઘર જીવા ખાચરની ડેલી પાસે છે. હું તે દીવસે ભાવનગરના દરવાજા આગળના ભાગમાં નાવા ગયો હતો, એ બાજુએ શકર છે, અને પીપળો છે. તેથી ત્યાં નાવાનો વધારે મેંમા છે. હું જ્યાં નાયો હતો ત્યાંથી ગઢાળીની બારીએ થઇને મારૂં ઘર નજીક પડે, પણ હું શ્રાવણ વદ ૩૦ના રોજ બજારમાં થઇને

હાલેલો. તે અમી કાંઈ ખોદ્યો નથી. શ્રાવણ મહીનાની અમાસને રોજ અમે પીપળે પાણી રેડીએ છીએ, અને શંકરને પાણી ચઢાવીએ છીએ.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૫ માર્ચ સને ૧૯૦૮.

૧ ગીગા કચરાની સહી દા. સવાઈલાલ

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૫૮.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ભીમો છે.

મારા બાપનું નામ રધો છે.

મારો ધર્મ હીંદુનો છે.

મારી જાત દરજીની છે.

મારી ઉમર આશરે ,વરસ ૩૨ ની છે.

મારો કસબ લુગડાં શીવવાનો છે.

હું ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કેઃ—

શ્રાવણ વદ ૩૦ ના રોજ મારી દુકાને હતો, સવારે આઠ વાગે ચાર મેમણનાં છોકરાઓ હાથમાં મટન લઈને નીકળ્યા હતા, તેનાં નામ મને ખબર નથી. હાથમાં લુગડામાં મટન રાખ્યું હતું, એ પછી ચાર જણા ત્યાંથી ચાલ્યા ગયા. હાથમાં ઉઘાડું રાખીને એ લોકો ચાલ્યા જતા હતા. એ છોકરાઓ બજાર તરફ ગયેલા.

ઉલટ તપાસ—તે દીવસે અગીઆરશ હતો હું તે દીવસે શીવેલો માલ વેચવા બેઠો હતો મેં ગામડાના કોળી લોકોને તે દીવસે રૂપીઆનો માલ વેચેલો. અમારા ગામના લોકો અમારી દુકાનેથી તૈયાર માલ લે છે. બારા વેચવા આઠ વાગ્યે આવે છે, તે અગીયાર વાગ્યા સુધી બારા વચે છે. તે લોકો બારા મુકીને આવ્યા હતા. તેજ દીવસે મેં પહેલું મટન જોયું હતું. એ છોકરા આ લીઓ શાક એમ બજારમાં બોલ્યા ચાલ્યા જતા હતા. મટન શબ્દ મારી સમજણી ઉમરથી જાણું છું. જનાવર મરી જાય તે ,મેં જોયેલું ખરૂં, પણ તે કયે દીવસે જોયું હતું તે ખબર નથી. મેં એ છોકરાઓને કાંઈ કહયું નહોતું. મેં પોલીસમાં કે માજનમાં કાંઈ ફરીયાદ કરી નથી. મારી સામે હીરાચંદ ગોસળીયાની દુકાન છે તેને મેં વાત કરેલી હતી, કે મેમણના છોકરા મટન લઈને અહીંથી નીકળ્યા હતા, છોકરાઓ નીકળ્યા ત્યારે તે હીરાચંદ દુકાને નહોતો. તે કલાક કે દોઢ કલાકે તે પછી આવેલો. બીજા દુકાનદારો તે વખત દુકાને હતા તે ખબર નથી. હીરાચંદને મેં અમસ્તી વાત કરેલી. એ છોકરાઓને મેં ઓળખ્યા હતા. તે છોકરા ૭–૮ વરસના અને એ પંદર વરસના હતા, એ છોકરાઓના બાપને કે બીજા કોઈને મેં વાત કરી નથી. એ ચારમાં એક ઓસમાણ શેઠનો દીકરો હતો. મશીદના ખાંચાથી ૫–૬ હાથ છેટે મારી દુકાન છે. ઓસમાણને શેઠનું ઘર બોટાદને ઝાંપે છે, અને ખાટકીવાડ ભાવનગરને ઝાંપે છે,

એ ખાટકીવાડમાંથી ઓસમાણને ઘેર જતાં મારી દુકાન આવે નહીં. હું તે દીવસ પીપળાને પાણી પાવા ગયો નથી. એ છોકરા મટન લઇ નીકળ્યા હતા, તેથી હું મેમણનાં કપડાં શીવતો નહોતો, એક મહીના થયાં મેમણનાં કપડાં શીવીએ છીએ.

ફરી તપાસ નથી.

તા. ૯ માર્ચ સને ૧૯૦૮.

૧ દરજી ભીમા રધાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર.

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૫૯.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતીજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ પરભુદાસ છે. મારા બાપનું નામ અમરસી છે.

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત કંસારાની છે.

મારો કસબ વેપારનો છે. મારી ઉમર આશરે વરસ ૩૮ ની છે.

હું ગઢડામાં રહું છું.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ મેં મંદીરનો વરઘોડો મારી દુકાનેથી જોયો હતો. વરઘોડામાં બે પાલખી હતી, એક રૂપાની અને એક લાકડાની પાલખી હતી, તે બંનેમાં ઠાકોરજી હતા. વરઘોડો નદી તરફ ચાલ્યો ગયો, પછી મસીદ તરફ થઇને નદીએ દરશન કરવા ગયો. પછી હું દુકાને આવ્યો. પછી હું ઘેર જમવા ગયેલો, આશરે એક વાગે પાછો હું દુકાને આવેલો, મારી દુકાન ચોકમાં છે દામા દદોઇના હાટની પાસે મારી દુકાન છે, ત્યાંથી રૂપાની પાલખી ઠાકોરજી સહીત ગાજતેવાજતે બપોરની એક વાગ્યા વખતે નીકળી. પ-રભુ સોની જોડાજોડ પાનવાળાની દુકાન છે, ત્યાં હું પાન લેવા ગયો. ત્યાં દસવીશ પચીશ હીંદુનું ટોળું ત્યાં ઉભું હતું. એટલે હું જોવા ગયો, કે ત્યાં શામાટે ઉભા છે. મેં ત્યાં જોયું તો ૨૦–૨૫ મુસલમાનો મસીદ પાસે ઉભા હતા, તેઓ હાથમાં ધોકા સાએલાં લઇ ઉભા હતા, તેમાં તહોમતવાળો ઓસમાણ અલી, ઇસા અલી. અબરામ હાશમ, અબરામ લાખા, નુર આમદ, ( અસમાલ આમદ આ કામમાં તહોમતવાળા તરીકે હાજર નથી. ) અબદલા સુમાર, સાઓ ખાટકી, સરદાર પટાવાળો, જમાલ પટાવાળો, દાદામીયાં મહમદમીયાં, અબદલો બંડારી તાલબમીયાં, દાદામીયાંનો છોકરો (વલીમીયાં) એટલા હતા, બીજા કોઇ હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી. પછી કહે છે કે બીજા હતા પણ કોણ કોણ હતા, તે ઓળખ્યા નથી. પછી હું દુકાને ગયો અને ચોકીતારે ન્યાયાધીશ, જીવન કારકુન, જીવન પટાવાળો અને વલભ જમાદાર નીકળ્યા હતા. પછી પાંચ સાત મીનીટે ન્યાયાધીશ પાછા ફર્યા, તે સાથે લોકો પણ પાછા ભાગતા હતા, અને બોલતા હતા કે મારે છે. પછી અમને કોઇએ કહ્યું કે તમે ઉ-ઘાડી દુકાને બેઠા છો તો તમને કોઇ વાગશે, એટલે દુકાન બંધ કરીને અમે મેડીએ ચડી ગયા. અમે ઉપર જઇને બારીએ જોવા બેઠેલા. પછી બે અઢી વાગે વહીવટદાર અને

ન્યાયધીશ ત્યાંથી નીકળેલા, તે મસીદ તરફ ગયા પછી ૩ા કલાકે હું નીચે આવીને દુકાન ઉઘાડી રાખી પછી કાંઇ તોફાન નહોતું. હું દુકાનમાં વેપાર કરવા માટે બેશી ગયેલો.

ઉલટ તપાસ—હું મુસલમાનના કામમાં એક વ્હોમતદાર છું. કોઇ કબુલાતને હું નસાડી ગયો નહોતો. તે દીવસે ઉજળવાવ સ્ટેશન માસ્તર મારે ત્યાં મેમાન હતા, તે બ્રાહ્મણ છે, પણ ઉજળવાવ સ્ટેશન માસ્તર મારે ત્યાં ઉતારો રાખે છે. મારે સ્ટેશન ઉપર ઘણું કામ રહ્યું, તેથી સ્ટેશન માસ્તરો મારી બરદાસ કરે છે, અને તેથી તે મારે ત્યાં ઉતરે છે. હાલના ઉજળવાવ સ્ટેશન માસ્તરને ત્યાં ૧૦૦–૫૦ વાર ઉતર્યો છું. બાર મહીનામાં સો બસો વખત, પછી કહે છે કે ૧૦૦–૫૦ વખત ઉજળવાવને સ્ટેશને ગયો છું, અને ૧૦૦—૫૦ વખત પાછો આવ્યો છું. ઉજળવાવ સ્ટેશન વેપાર માટે છેલા ગયા આસો માસમાં હું ગયેલો. હાલ મારી દુકાનમાં હજાર બારસોનો માલ છે. મુસલમાન લોકો હીંદુને મારતા હતા, અને મારગ બંધ કરતા હતા. તે જોવા ગયો હતો. બે ચાર પોલીસના માણસો હતા. તેથી મને બીક લાગી નહોતી. તેમાં એક ભગવાનસીંગનું નામ યાદ છે. બીજાનાં નામ યાદ નથી. પોલીસના માણસો આડા હતા, તેથી હીંદુને જવા દેતા નહોતા, હીંદુઓ તે રસ્તે જતાજ નહોતા, પોલીસના માણસો ત્યાં અમસ્થા ઉભા હતા તેઓ મુસલમાનોને અટકાવતા હતા કે નહી તે મારૂં ધ્યાન નથી. એ ૨૦–૨૫ હીંદુઓ ઉભા હતા, તેનાં મોં મેં જોયાં હતાં. તે પરદેશીઓ હતા. મોહનની દુકાન પાસે કુંડાળામાં ૨૦–૨૫ હીંદુઓ ત્યાં ઉભા હતા. એ કુંડાળાની વચમાં આઠ દસ હાથ જગા હતી. (આ વખત સાક્ષી બોલ્યો કે કુંડાળામાં મારી સમજ પડી નથી) કુંડાળી શબ્દમાં મેં પાંજરાનો આકાર કરી બતાવ્યો હતો, કુંડાળું ગોળ છે) વીશ પચીશ માણસો ગોળ કુંડાળામાં ઉભેલાનું હું બોલેલો તે હું સમજ વગર બોલેલો. હું ઉભો છું તે પાંજરાનો આકાર ગોળ કુંડાળું છે. એમ મને સમજાવેલો, તે વખત હું બોલેલો, કે એ રીતે ઉભા હતા. એ વીશ પચીશ માણસો ગોળ કુંડાળામાં ઉભા નહોતા. પણ ત્રાંસમાં ઉભા હતા. ત્રણ બાજુને હું ત્રાંસ કહું છું. એ ત્રણ ત્રાંસમાં દક્ષણુંદા, આથમણા, અને ઉતરાદા ઉભા હતા. એ લોકો ઉભા હતા, તેની ઉગમણી તરફ આથમણા બારની દુકાન મોહનની છે. પછી કહે છે કે લોકો ઉગમણી તરફ હતા, અને તેની આથમણી તરફ મોહનની દુકાન હતી. મસીદ તરફથી મંદીર તરફ જતાં મસીદને ખાંચેથી ઉગમણી તરફ એક દુકાન મુકીને બીજી દુકાન મોહનની છે. પાન લેવા ગયો ત્યારે હું ઉગમણે મોઢે ઉભો હતો, હું મારી દુકાનેથી મોહનની દુકાને ગયો. તે વખત હીંદુઓ ત્રાંસમાં ૨૦–૨૫ ઉભા હતા, અને રસ્તો ઘેરાએલો હતો અને મુસલમાન ધોકા ને સાંબેલાં લઇ ઉભા હતા. પાન લીધા પછી માણસો ઉભા હતા તેથી તે તરફ જોવા ગયો હતો. ત્રાંસમાં લોકો ઉભા હતા. તે દરેકનાં મોઢાં જોવા માટે મેં તે તરફ જોયેલું. અમારામાંનો કોઇ તેમાં છે કે નહીં તે જોવા માટે મેં જોયેલું કોઇ છોકરૂં છેયું અમારા ઘરનું હોય તો તોફાનમાંથી તેડી જવા માટે હતું. એ ટોળામાં પણ મોટી ઉમરના માણસો હતા. તેમને મેં મારા ઘરના માણસો જાણ્યા નહોતા. એ મોટા કોણ હતા તે જોવાની મારે જરૂર નહોતી. પાલખી ઉતારેથી લઇ ગયેલા, ત્યારે મેં ખબર કાઢેલી, તો મારી દુકાને

મને ખબર પડેલી કે મશીદ આગળ તોફાન ને મારામારી થાય છે. મારા ઘરનાં છોકરાં
મેળો જોવા નીકળ્યાં હતાં. મારો દીકરો ૧૮ વરસનો છે, અને મારા ભાઇનો દીકરો ૧૦
વરસનો છે. મારી દુકાને હું આવ્યો ત્યારે મારા ભાઇને મેં ખબર કહેવા મોકલેલો, ત્યારે
ખબર પડી કે મારા ભાઇનો દીકરો ઘરેજ છે, અને મારો દીકરો રાવતભાઇના દરબારમાં
છે. મારાં છોકરાં ગયાં છે, એમ મને કોઇએ કહ્યું નહોતું, પણ ગયાં હશે એમ ધારીને મેં
તપાસ કર્યો હતો મારાં છોકરાંની મેં ગામમાં તપાસ કરાવી નહોતી. પાલખી ઉતાવળી
ચાલી ગઇ, ત્યારે પણ મેં છોકરાની તપાસ કરાવી નહોતી. મશીદ આગળથી તે ભાઇશંકર
વકીલના ઘરના વચમાં કોઇ માણસ નહોતા. હું મારી દુકાનેથી પાન લેવા ગયો ત્યારે
મારી દુકાને મારતર એકલા હતા. મારે કોઇ નોકર ગુમાસ્તો નથી. મશીદ આગળ જે
મુસલમાનો હતા તે બધાનાં મોં મેં જોયેલાં. તે દીવસે મેં એકજ વખત વલભને ન્યાયા-
ધીશ સાથે મારી દુકાન આગળથી નીકળતાં જોયેલો. તે ન્યાયાધીશની સાથે મારી દુકાન
આગળથી નીકળતાં જોયેલા. તે ન્યાયાધીશની સાથે નીકળેલા, તે વખત મારી દુકાનેથી
પાનવાળાની દુકાને જતાં પાંચ દસ માણસો હતા. તે મોહન લવજી મુસલમાનની ફરીયાદના
કામમાં એક તહોમતવાળા છે. ગોકીરો થાય છે એમ જાણેલું, છતાં શું થાય છે તે જો-
વાને માટે હું પાન લઇને તે તરફ ગયેલો, એ વીશ પચીશ માણસો ઉભા હતા, તેને
પોલીસે ખસેડી મુકયા નહોતા મુસલમાનો કોઇને મારના હતા, એવું મેં જોયું નથી.
મુસલમાનો હિંદુને મારતા હતા એવું મેં ઉપર લખાવ્યું નથી. આ કામના તહો-
મતવાળા પૈકી બે ચારના નામ મને ખબર નથી. તેમને હું તહોમતવાળામાંથી બતાવી
આપું છું, તેમનાં નામ પુછતાં તેઓ તહોમતવાળા સલેમાત અબદલા, ગાંડા અસમાલ,
અબરામ ગોબર, લતીબ અબરામ, ઓસમાણ રેમાન અને વલીમીયાં દાદામીયાં કહે છે.
બાકીના તહોમતવાળા ચઉદ શીવાયના મશીદ આગળ જોયેલા કે નહીં તે યાદ નથી. તે
ચઉદ શીવાયના બાકીના તહોમતવાળા ત્યાં ઉભા નહોતા, તેથી તે ત્યાં હતા કે નહીં તે
મારૂં ધ્યાન નથી. (આ સાક્ષીને એમ જ્યારે સવાલ થયો કે ચઉદને તમે ઓળખ્યા અને
બીજાને કેમ ન ઓળખ્યા તેના જવાબમાં તેણે ઘણાં ફાંફાં મારેલાં છે તે કોઇ વખતે
બોલ્યો છે કે બધા ત્યાં ઉભા નહોતા. કોઇ વખત બોલ્યો છે કે બધા ત્યાં ઉભા હતા.)
જે ચઉદ જણાને મેં ઓળખી બતાવ્યા છે. તે તરફ મારૂં ધ્યાન હતું, બીજા તરફ મારૂં
ધ્યાન નહોતુ, તેથી હું છું કે ચઉદ શીવાયના બીજા મહોમતવાળા મશીદ પાસે હતા કે
નહીં તે મારૂં ધ્યાન નથી. મશીદ આગળથી ન્યાયધીશ પાછા ફર્યા, ત્યારે મેં ન્યાયાધીશ સાથે
છવન પટાવાળાને જોયો, છવન કારકુન અને વલભ જમાદાર તેની સાથે નહોતા. ન્યાયા-
ધીશ સાથે ઝીંઝાવદારનો એક મુખી વાણીયો હતો (સાક્ષી પોતાથી ઉમેરે છે કે તેને લોહી
નીકળ્યું હતું, અને વાગેલું હતું) ન્યાયાધીશ પાછા ફર્યા અને માણસો દોડતા હતા,
ત્યારે મને બીક લાગેલી તે વખત મારે દુકાન બંધ કરવી હતી એટલામાં એક માણસે
દુકાન બંધ કરવાનું કહેલું એ માણસ ગામનો કે પરગામનો હતો તે ખબર નથી. તેનું
મોઢું મેં જોયેલું કે નહીં તે યાદ નથી. મુસલમાન સાથે વેવાર બંધ કરવાનો

માજને ઠરાવ કરેલો તેથી મેં વેવાર મુસલમાન સાથે બંધ કર્યો છે. મેં પોલીસમાં હકીકત લખાવી છે.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—પાલખી ઉતાવળી ચાલી ગઈ એમાં પણ ઠાકોરજી બેઠાતું મેં જોઈ લીધેલું. વહીવટદાર અને ન્યાયધીશ મસીદે ગયા, ત્યારે તેની સાથે કોણ કોણ હતા તે યાદ નથી. તેમની સાથે કોણ કોણ સીપાઈ કે માણસ જાય છે એમ મેં જોઈ રાખ્યું નથી. ન્યાયાધીશ એકલા મસીદે ગયા ત્યારે તેમની સાથે કોણ કોણ માણસ હતા, તે મેં જોઈ રાખ્યા હતા. પાલખી સાથે સાધુ બ્રહ્મચારી સીવાય લાલજી જેઠા અને અમરો સીપાઈ હતા. વલી દાદામીયાંનો છોકરો છે, તેથી હું એક બે વરસથી જાણું છું. ગામમાં રહીએ તેથી હું જાણું છું. તહોમતવાળા ઓસમાનના દીકરાને હું જાણું છું. બીજા કોઈ તહોમતવાળાના દીકરાને હું જાણતો નથી. ( સાક્ષી પોતાથી ઉમેરે છે કે, દાદામીયાંનો મોટો દીકરો ગુજરી ગયો, તેથી તેના દીકરા વલીને હું જાણું છું ) ઓસમાનનો દીકરો દુકાને બેસે છે, ને વેપાર કરે છે દાદામીયાંને વલી સીવાય બીજા દીકરો છે કે નહીં તે ખબર નથી. તહોમતવાળા શીવાયના ગઢડાના તમામ મુસલમાનના નામ હું જાણું છું ઝીંઝાવદર ઠામ વેચવા જાઉં છું. તેથી ત્યાંના મુખીને હું બે ચાર પાંચ વરસથી ઓળખું છું તેનું નામ જાણતો નથી મસીદ આગળ મુસલમાનો મુંગા ઉભા હતા કાંઈ બોલતા નહોતા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં ખરોબર હોવાનું કહે છે.

તા. ૬ માર્ચ સને ૧૯૦૮.

૧ ટંસારા પરભુદાસ અમરશીની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૭૦.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ

મારૂં નામ જીવન છે. મારી ઉમર આશરે વરસ ૩૬ ની છે

મારા બાપનું નામ બાવો છે. મારો કસબ નોકરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. મારી જાત વાઘાળાની છે.

હું ગઢડામાં રહું છું

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું. જે—

હું ગઢડા ન્યાયકોર્ટનો પટાવાળો છું, ગઈ ભાદરવા શુદ ૧૧ નાં દીવસે હું ગઢડામાં હતો, તે દીવસે બપોરે સાડાઅગીઆર વાગે હું મસીદ આગળ હતો, તે વખતે હું મશીદ આગળ ગઈને કુંડે જોવા ગયો હતો, પછી પાછો સાડાબાર વાગે નદીએથી કુંડે આવ્યો. વરઘોડો નદી તરફ જતાં મેં જોયો નહોતો, નદીએ હું પહોચ્યા પછી વરઘોડો નદીએ

આવેલા. વરઘોડામાં બે પાલખી હતી, એક રૂપાની ને એક લાકડાની પાલખી હતી, એ બે પાલખીમાં ઠાકોરજી હતા, મેં છેટેથી દરશન કર્યા હતાં. જળ ઝીલાઇ રહ્યા સુધી હું નદીએ હતો. નદીએથી પાલખી પાછા વળતાં પહેલાં હું ત્યાંથી ચાલી નીકળ્યો. પોલીસ ચકલા આગળ મારો ભાઇબંધ હતો તેની સાથે વાત કરતો હતો, ત્યાં પાંચ મીનીટ હું રોકાયો, એટલામાં રૂપાની પાલખી ત્યાં આવી એટલામાં એ રૂપાની પાલખી ઠાકોરજી સહીત મદાજીની બારીએથી આવી તેની સાથે વાજાં ગાજાં નહોતાં. મશીદના દરવાજા આગળ ૨૫–૩૦ મુસલમાનો ઉભા હતા, તેમાં કેટલાકના હાથમાં લાકડી અને કેટલાકના હાથમાં સાંબેલાં હતાં અને કેટલાક ઠાલા હાથે ઉભા હતા. બે ત્રણ પાસે લાકડી હતી, અને બે ચાર જણાના હાથમાં સાંબેલાં હતાં. હું નદીએથી સાડાબાર વાગે મશીદ આગળ આવ્યો ત્યારે એ બધા ત્યાં ઉભા હતા, તે વખત એ લોકો કાંઈ બોલતા નહોતા. તહોમતવાળા દાદામીયાં, જમાલ ને અબદલા મસુદ એ ત્રણ જણા પાસે લાકડી હતી. તહોમતવાળા તાલબ, ખાટકી સામો અને એક ખમીસા બોઘાનો ભાણેજ જેનું નામ હું જાણતો નથી એ ત્રણ જણા પાસે સાંબેલાં હતાં. ખમીસાના ભાણેજને હું દીઠે ઓળખું છું, તેને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું, તેનું નામ પુછતાં તે જુસબ સુમાર કહે છે. તહોમતવાળો હસન તાર ( હસન તાર બોઘા ), ઓસમાણ શેઠ ( ઓસમાણ અલી ), અબરામ હાશમ, એ ત્રણ જણા પણ ત્યાં મશીદ આગળ ઉભા હતા. એટલાં નામ હું જાણું છું. એ શીવાય મશીદ આગળ ઉભેલામાંથી જેને હું ઓળખું છું, તેને બતાવી આપું છું. એ લોકોનાં નામ ખબર નથી, તેમનાં નામ પુછતાં તેઓ તહોમતવાળા ઇસા અલી, અબદલા સુમાર, અબદલા કરીમ, અબરામ લાખા, અબરામ બેગા, તારમામદ અલી, જુસબ ગની, હસન તાર ગીગા, હસન આજમ અને મામજી આકુબ કહે છે. ( હસન આજમ અને મામજી આકુબને એ બને જણા કહે છે કે સાક્ષી એ નામ લઇ ઉભા કર્યાનું કહે છે. સાક્ષી નામ નહીં લીધાનું કહે છે. તહોમતવાળાનો વકીલ કહે છે કે કાજી હસન કરીને સાક્ષીએ ઉઠાડેલો, અને હવાલદાર નામોરી જે સાથે હતા તે કહે છે કે એકલા મામજીનું નામ લીધેલું. ) તે શીવાય બીજા આશરે પંદર મુસલમાનો ત્યાં મશીદ આગળ ઉભા હતા, તે કોણ હતા તે હું કહી શકતો નથી. એ પંદરમાંના કોઇ આહીં તહોમતવાળામાં છે કે નહીં તે ખબર નથી. મશીદ આગળ પાલખી આવી પહોંચી તેની સાથે લાલજી જેઠા, લક્ષ્મીશંકર હવાલદાર, જમાદાર અંબારામ, પોલીસનો સીપાઇ ભગવાનસીંગ, સીપાઇ સૈયદ, અમરો સીપાઇ, એટલા માણસો એ પાલખી સાથે હતા. પાલખી મશીદના દરવાજા આગળથી નીકળી એટલે મશીદ આગળ ઉભેલા બધા તહોમતવાળા બોલ્યા કે દીઓ, કાફર નીકળ્યા. પછી તહોમતવાળા દાદામીયાં, અબદલા બંદારી તાલબ અને જમાલે પાલખી ઉપર દોટ મારી, એટલે પોલીસ વચમાં પડી, પછી જમાદારે પાલખીને હવેલી આગળ કાઢી મુકી, પછી લાલજી અને અમરો પાલખી લઇને રવાને થયા. પછી દાદામીયાં અને અબદલો બોલ્યા કે દીઓ જમાદારને એ હરામખોર છે, એટલે લાકડી અને સાંબેલાંવાળા છએ જણાએ લાકડી અને સાંબેલાં ઊંચાં કર્યાં. મારાથી જમાદાર ચારેક હાથ છેટે હતા, તેણે મને બાળીને કહયું કે દોડ ન્યાયાધીશ સાહેબને ખબર આપ કે હંગો થયો છે, પછી હું દોડતો ગયો. હું ન્યાયાધીશ સાહેબને

ચેમ્બરમાં વાત કરતો હતો, એટલામાં જમાદાર આવ્યા. મેં ન્યાયાધીશને કહ્યું કે મશીદ આગળ તોફાન થયું છે. ન્યાયાધીશે પુછ્યું કે શું તોફાન થયું છે? ત્યારે મેં કહ્યું કે પાલખી મશીદ આગળથી નીકળી એટલે આ પ્રમાણે તોફાન થયું છે, અને પોલીસ વચમાં પડી છે, અને જમાદારે મને આહીં કહેવા મોકલ્યો છે, એટલામાં જમાદાર ચેમ્બરમાં આવી પહોંચ્યા. જમાદાર ન્યાયાધીશને ચેમ્બરમાં મળ્યા. જમાદાર ચેમ્બરમાં આવ્યા એટલે મેં જમાદારને આવ્યાનું જણવ્યું. જમાદારે કહ્યું કે, તમારાજ પટાવાળા તોફાન કરનારા છે પાલખીને ભાંગી નાખત અમે વચમાં પડ્યા છીએ. જીવનને કહેવા મોકલ્યો છે, માટે પધારો. ન્યાયાધીશે પુછ્યું કે કોણ અમારા પટાવાળા છે. ત્યારે જમાદારે કહ્યું કે દાદામીયાં ને જમાલ અને સરદાર પણ ઉશ્કેરણીમાં છે. સરદાર જમાદારની ભેગો આવ્યો કે આગળ પાછળ આવ્યો તે મારું ધ્યાન રહ્યું નથી. પછી ન્યાયાધીશે જમાદારને કહ્યું કે માણસ ત્યાંથી મીચ્ચી નાંખો. જમાદારે કહ્યું કે ત્યાં જવાય એમ નથી. કારણ કે અમને ગાંઠતા નથી ન્યાયાધીશે કહ્યું કે બીજા માણસ મદદમાં લીઓ. ન્યાયાધીશે જમાદારને કહેલું કે વહીવટદારને કહીને આયરતા માણસો મદદમાં બોલાવો. પછી હું અને જમાદાર ચેમ્બરમાંથી હેઠે ઉતર્યા, મને જમાદારે કહ્યું કે તમારા પટાવાળા હોય તેમને બોલાવી લીઓ. પછી હું એકલો મશીદે ગયેલો, દાદામીયાં ને ઓસમાન ગની મશીદ આગળ બહાર ઉભા હતા, મેં દાદામીયાંને કહ્યું કે તમને બોલાવે છે, માટે ચાલો. તે વખત મેં ત્યાં ઓસમાનને ભાળેલો નહીં, દાદામીયાંએ મારી સાથે આવવાનું કહ્યું, પણ જમાલે આવવાની ના પાડી પછી હું દરબારમાં ગયેલો. હું ઉપર ચેમ્બરમાં જતો હતો, ત્યાં ચેમ્બરમાંથી ન્યાયાધીશ અને વલવ કારકુન તથા જીવન કારકુન નીચે ઉતરેલા. પછી ન્યાયાધીશ સાહેબે મને સાથે આવવાનું કહ્યું અમે ચારે જણા મશીદે ગયેલા, તે વખત દરવાજા બહાર ૨૦–૨૫ મુસલમાનો ઉભા હતા. ન્યાયાધીશ તેમને કહ્યું કે આંહી કેમ ઉભા છો? ત્યારે તેમણે કહ્યું કે નવાજ પડવા ત્યારે ન્યાયાધીશે કહ્યું કે નવાજ બહાર કે માલીપા, માહેલીપા ચાલ્યા જાવ, પછી માંહેલીપા જવા માંડ્યા, પછી એ બધા મુસલમાનો અંદર ગયા અને હું ન્યાયાધીશ સાહેબ અને જીવન કારકુન દરવાજાની થડમાં ઉભા રહ્યા. ન્યાયાધીશે જીવન કારકુનને ઓસમાન શેઠને બોલાવવા અંદર મોકલ્યો, પછી ન્યાયાધીશ સાહેબે ત્યાં પંદર મીનીટ ઉભા રહેલા. હું પણ તેની સાથે ઉભો રહેલો. પછી તાલબે ન્યાયાધીશ સામી દોટ મુકી. તાલબ મશીદમાંથી આવ્યો હતો. દાદામીયાંને કચેરીમાં લઇ જવાનું ન્યાયાધીશે કહેલું તેથી તાલબ દોટ મુકીને આવેલો. ન્યાયાધીશે દાદામીયાંને ત્યાં ઉભા રહેવાની ના પાડી, છતાં દાદામીયાંએ ત્યાં ઉભા રહેવાનું કહેલું તેથીન્ ન્યાયાધીશે દાદામીયાંને લઈ જવાનું પોલીસ સીપાઇ ભગવાનસીંગને તાલબ દોટ મુકીને આવ્યો એટલે હું આડો પડ્યો, અને ન્યાયાધીશને મેં કહ્યું કે અહીં ઉભા રહેવાનું નથી. પછી અમે ચાલવાનું કર્યું, ત્યાં દેકારો કરી મશીદના દરવાજા બંધ કર્યા પછી અમે ત્યાંથી ચાલીને પોલીસ ચકલા આગળ આવીને ઉભા રહ્યા. ત્યાં ન્યાયાધીશે ઉભા રહેવાનું કહ્યુ દસેક મીનીટ ત્યાં ઉભા હતા, એટલામાં મશીદ ઉપરથી ધા આવ્યો, તે ન્યાયાધીશની છત્રી ઉપર આવ્યો. મેં ન્યાયાધીશને કહ્યું કે ચાલો, ચેમ્બરમાં ભેગા થાઓ, નહી તો કાળી ટીલી લાગશે. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે જઇએ છીએ.

એટલામાં પડખે ઝીંઝાંવદરનો મુખી ઉભો હતો, તેના માથામાં નળીયું વાગ્યું તેથી લોહી નીકળ્યું, પછી ન્યાયાધીશ ચાલવા માંડયું, અને તેમના કહેવાથી મેં ઝીંઝાવદરના મુખીને સાથે લીધો, અને મેં પોલીસમાં તેને શોંપી દીધો, અને હું કોર્ટમાં ગયો, અને ન્યાયાધીશ સાહેબ ચેમ્બરમા ગયા. પછી પા કલાક હું કોર્ટમાં રહયો, તે કોર્ટમાં બેશી રહયો હતો. પછી ન્યાયાધીશ અને વહીવટદાર મશીદે ગયા, તેની સાથે હું ગયો. અને તોફાન બંધ પાડયું. ન્યાયાધીશ સાહેબે પેલું કહ્યું કે માણસોને નીચે ઉતારી દીઓ. પછી વહીવટદાર સાહેબે તેના કારકુનને મશીદ ઉપર મોકલી સૌને ઉતારી દીધા. પછી અમે લાકડાની પાલખી આગળ ગયા એ લાકડાની પાલખી મોટી ડેલીએ હતી. પછી પાલખી સાથે રામજી મંદીર આગળ થઇને મંદીરે લઇ ગયેલા, તે વખત બે અઢી વાગ્યા હતા, તે પાંચ વાગ્યા સુધી હું કોર્ટમાં રહેલો. ન્યાયાધીશ સાહેબ ચેમ્બરમાં કયારે આવેલા તે ખબર નથી. પણ ચાર વાગે સહીને માટે તેની પાસે ગયો હતો. બીજી મને કાંઇ ખબર નથી. પાલખી નદીએથી મશીદ આગળ આવી, ત્યારે કાંઇ મારામારી થયાની મને કાંઇ ખબર નથી.

તહોમતવાળાના સવાલમાં—ગયા શનીવારે હું સાંજે આવ્યો છું. હું આંહી મંદીરમાં ઉતર્યો કે જમતો નથી. રામપુરાનો નથુ વીસેન્ટ પોલીસ મને ચોકી આગળ મળેલો, અને હું ત્યાં વાત કરવા રોકાયેલો. તેને હું મારા જનમથી ઓળખું છું. તેને સરભરા માટે મારે ઘેર તેડી જવા હું રોકાયો હતો, પણ તે દીવસ તે મારે ઘેર આવ્યો નહોતો. મુસલમાન મસીદ આગળ ઉભેલા તેમને મેં કાંઇ પુછયું નહોતું. મારે કાંઇ તેમને પુછવાનું કારણ નહોતું. હું નથુ આગળ ઉભો હતો, તે વખત દસ વીશ પચીસ હીંદુઓ ત્યાંથી આવજા કરતા હતા. તેથી મેં તેને ઓળખ્યા નથી. એ બધા અજાણ્યા હતા, તેથી મેં તેને ઓળખ્યા નથી. એ હીંદુઓમાં કોઇ અમારા ગામના નહોતા એમ સોગન ઉપર હું કહું છું. પાલખી મશીદથી દરબારી ઉતારા આગળ પોચી હશે, ત્યારે હું દરબારી ઉતારે જવા નીકળેલો, પાલખી વઇ ગયા પછી બે ત્રણ મીનીટ હું ચકલા પાસે ઉભો રહેલો. એ તોફાન જોવાને માટે ઉભો રહેલો. મને કાંઇ બીક લાગી નહોતી. એ ચકલા આગળ મોહનની દુકાન છે, તે ખુલી હતી. તળસી સોનીની દુકાન બંધ હતી, નથુ મોચીની દુકાન બંધ હતી, મોહનની પડખે પરભુ સોનીની દુકાન છે, તે પણ બંધ હતી પાલખી ઉપર ઘા થયો મેં જોયો નથી. તેમ પાલખીને ધક્કા થઇ તે પણ મેં જોયું નથી. પાલખી આવી ત્યારે મારૂં મોં દક્ષણાદી તરફ મશીદ તરફ હતું. તે વખત મશીદની અગાશી ઉપર પાંચ સાત માણસો હતા, પણ મેં કોઇને ઓળખ્યા નથી. પછી કહે છે કે હું ચકલા આગળ મારા મીત્ર નથુ પાસે ઉભો હતો, ત્યારે મશીદની અગાશી ઉપર કોઇ નહોતું હું ચકલા આગળ ઉભો હતો, તે વખતે પાલખી આવી તેમાં ઠાકોરજી હતા કે નહીં તે મેં જોયું નથી, કારણ કે વચમાં માણસો ઉભા હતા. વચમાં વીશેક માણસો ઉભા હતા તે બધા હીંદુઓ હતા. તે બધા ગામના હતા કે પરગામના હતા. તે મારી સાધ નથી. વરઘોડાની પાલખી નદીએથી આવી પહોંચી તે વખત પાલખીથી હું ચાર હાથ છેટે ઉભો હતો. એ બંને પાલખીમાં ઠાકોરજી વેંત સવા વેંત જેટલા હતા, તે બંને ઠાકોરજી શણગારેલા હતા. મશીદ આગળ સરદાર હતો કે નહી તે મારૂં ધ્યાન નથી. મેં તેને પેલવેલો

ચેમ્બરમાં જોયેલો, ત્યાં એસમાન ગની પણ મારા જોવામાં આવ્યો નહોતો. હું ન્યાયાધીશને ખબર આપવા ચેમ્બરમાં પહેલ વહેલો ગયો ત્યારે ન્યાયાધીશ ત્યાં એકલા હતા. તે વખત ન્યાયાધીશ પાસે અંબારામ અને સરદાર એ બે જણા હતા. ચેમ્બરમાંથી હું અને ન્યાયાધીશ નીચે ઉતર્યા, ત્યાં સુધી વલ્લભ જમાદારને મેં ચેમ્બરમાં જોયો નહોતો, તે વખત વલ્લભ પોલીસ કચેરીમાં બેઠા હતા, તે મે જોયા. ઉતારેથી મશીદે જવામાં વલ્લભ મારી ભેગો નહીં હતો. મુસલમાનોએ મશીદનો દરવાજો દઈ દીધો તે વખત મશીદ બહાર કોઈ મુસલમાન હતા કે નહીં તે મને ખબર નથી. મેં ન્યાયાધીશ સાહેબને આજીજી કરી ચકલા આગળ કહ્યું કે તમારા ઉપર મામલો છે માટે ચેમ્બર ભેગા થઈ જાઓ. ન્યાયાધીશની છતરી ઉપર ઘા પડ્યો, ત્યારે મને ખબર થઈ કે ઘા આવ્યો. એ છતરી ઉપરનો ઘા ક્યાંથી આવેલો તે મને સાંભરતું નથી. એ છતરી ઉપરનો ઘા મશીદ ઉપરથી આવ્યાનું મેં લખાવ્યું છે. તે મશીદ ઉપર માણસો ઉભા હતા, તે ઉપરથી લખાવ્યું છે. એ છતરી ઉપરનો ઘા આવ્યો એટલે અમે મશીદ તરફ જોયેલું. એટલે બીજો ઘા મશીદ ઉપરથી આવેલો જોયો હતો, તે ઘા કરનારને મેં ઓળખ્યા નથી. તે વખત મશીદ ઉપર આશરે પાંચ છ જણા હતા, પણ મેં તેને ઓળખ્યા નથી. વલ્લભ કારકુન મારી જોડે આવેલા, તે ક્યાં ઉભા હતા તે મારૂં ધ્યાન નથી. અમે ચકલેથી ઉતારે ચાલ્યા ગયા, ત્યાં સુધીમાં ન્યાયાધીશની છતરી ઉપર અને રતનસી મુખી ઉપર એ બે શીવાય બીજા ઘા ત્યાં આવ્યા નહોતા. અમે ઉતારે ચાલ્યા ગયેલા ત્યારે આયરોને મેં ત્યાં જોયેલા કે નહીં તે મારૂં ધ્યાન નથી. જતી વખત મેં આથમણી તરફ જોયું નહોતું. મશીદેથી ઉતારે જતાં મને અને ન્યાયાધીશને રસ્તે જતાં આવતાં કોણ કોણ મળેલા તે મારૂં ધ્યાન નથી. ન્યાયાધીશ અને હું ઉતારે પાછા આવ્યા. પછી આશરે પા કલાકે અમે પાછા મશીદે ગયેલા, હું કોર્ટમાં હતો તે પા કલાકમાં કોઈ કોર્ટમાં આવેલું નહોતું. કોર્ટમાં તે વખતે મોતીલાલ કારકુન, મોહન વકીલ, હીરશંકર કારકુન અને વેલજીભાઈ કારકુન હતા. ન્યાયાધીશ અને વહીવટદાર મશીદે જવા દાદરે ઉતર્યા તે મેં હું દાદર નીચે ઓટલા ઉપર ઉભો તે મેં જોયું, તે પહેલાં હું પાંચ દસ મીનીટથી પાન લેવા અગાશરા પાસે વલ્લભ તારાચંદની દુકાને ગયો હતો, વલ્લભની દુકાન બંધ હતી, તેથી પાન મળ્યાં નહી મોહનની દુકાને પાન લેવા હું ગયો નહીં. પાન લેવાનું મેં માંડી વાળ્યુ, અને અમરશી ભાવસારની દુકાને મેં બીડી લીધી જમાદારે આયરોના માણસોને પછી તેડાવ્યા કે નહીં તેની મને ખબર નથી, વહીવટદાર સાથે મશીદે ગયા, ત્યારે મેં ત્યાં આઠ દસ આયરોને જોયેલા. રાજો પટેલ અને દદો પટેલ એ બે આયરોને હું ઓળખું છું, બીજા કોઈ આયરોને હું ઓળખતો નથી. એ બધા આયરો બજારમાં હતા. એ બધા ભેળા ઉભા હતા, વહીવટદાર અને ન્યાયાધીશે આયરોને પુછ્યું કે પાલખી ક્યાં છે? ત્યારે આયરોએ કહ્યું કે પાલખી ડેલી પાસે છે. વહીવટદાર તથા ન્યાયાધીશે આયરોને પુછ્યું કે બીજો રસ્તો ક્યાં છે? ત્યારે આયરોએ કહ્યું કે રામજી મંદીર પાસે થઈને રસ્તો છે. વહીવટદાર સાહેબની સાથે માણસો હતા તેમને કહ્યુ કે માણસો મશીદ ઉપરથી ઉતારી નાખો, તે માણસો આરબો હતા પણ તેના નામની ખબર નથી, પણ તેમાં સામતસંગ પટાવાળો હતો, એ મશીદ

ઉપર મુસલમાનો હતા, કોઇ હીંદુઓ નહોતા. તેમને ઉતારી પાડવાનું ન્યાયાધીશે કહેલું. પછી આરબો અને સામતસંગ ત્યાં ગયા નહોતા. વહીવટદારના કહેવાથી કારકુન અને સામતસંગ મશીદ ઉપર ગયેલા. મશીદ બહાર રસ્તા ઉપર ઉભા રહીને વહીવટદાર તથા ન્યાયધીશે હુકમ આપેલો. પછી વાઘજી અને સામતસંગ મુસલમાનોને ઉતારીને આવ્યા, પછી અમો ચાલતા થયેલા વહીવટદાર અને અમે મશીદે ગયા ત્યારે મશીદનો દરવાજો ઉઘાડો હતો. એક કે બે ઉઘાડા હતા તે મારૂં ધ્યાન નથી. હું તે વખતે મશીદમાં ગયો નહોતો. વહીવટદાર અને ન્યાધીશ મશીદમાં ગયેલા કે નહીં તે મારૂં ધ્યાન નથી. હું તેમનાથી સાત આઠ હાથ છેટે જઇને સાત આઠ વખત બીડી પીવા ગયેલો, તે દીવસે મેં મશીદની જાળી તરફ જોયું નહોતું. અગાશીના મીનારા તે વખત તોડેલા નીચે પડયા હતા. મોટી ડેલીએ જઇને વહીવટદારે કહયું કે પાલખી લઇ જાઓ. પછી તે પાલખી મંદીરમાં લઈ ગયેલાં. તે વખત પાલખી કાંઇ રોકાએલી નહીં; તે વખત લાલજીને મેં ત્યાં જોયેલા નહીં. એ પાલખી સાથે સાધુ, બ્રહ્મચારી અને ત્રાંસાં વગાડનાર એટલા હતા, બીજા કોઇ ત્રાહેત નહોતા. એ ત્રાંસાં વગાડનારનાં નામ મને યાદ નથી. પાલખી રામજી મંદીરને રસ્તે લઇ જતાં સાધુ બ્રહ્મચારી તે સામે કાંઇ બોલ્યા નહોતા. જે પાંચ તહોમતવાળાનાં નામ ઉપર મેં લખાવ્યાં છે તે શીવાય બીજા કોઇ તહોમતવાળાનાં નામ મને ખબર નથી. જે તહોમતવાળાને મેં દીઠે ઓળખવામાં બતાવ્યા છે તે શીવાય બીજા કોઇ તહોમતવાળાને હું દીઠે પણ ઓળખતો નથી. તહોમતવાળા મમુદ હાશમને મને બતાવ્યો તેનું નામ હું જાણું છું, અને તેને દીઠે પણ ઓળખું છું. તહોમતવાળા કાજી ગીગાને મને બતાવ્યો, તેનું નામ જાણતો નથી તેમ દીઠે પણ ઓળખતો નથી. એ મમુદનું નામ પ્રથમ આપ્યું નથી તે મારી સરતચુક થઈ છે. હું તહોમતવાળા દાદામીયાંના પડોસમાં રહું છું, એ દાદામીયાંના ચાર ભાઇનાં નામ મને ખબર છે. એ ચારે ભાઇઓ અલીમીયાં, દાદામીયાં, તાલબ અને અબદલા ચાર છે. દાદામીયાંના દીકરાને હું બાળે ઓળખું છું, નામ જાણતો નથી. એ અલીને હું આંહી તહોમતવાળામાંથી બતાવી આપું છું. દાદામીયાંના દીકરાને હું બતાવી આપું છું. ( સાક્ષી અલીમીયાં તથા વલીને બતાવી આપે છે. ) પ્રથમ હું અલીમીયાનું નામ જાણું છું એમ ન લખાવ્યું તે મારી ગુરતભુલ થઇ છે. દીઠે ઓળખવામા મેં વલીને બતાવ્યો નહોતો એ મારી સરતચુક થઇ છે. હાલ એક તહોમતવાળાને મને બતાવ્યો તેને હું ઓળખતો નથી. તેને ત્યાં હું કોઈ દીવસ સામાન લેવા ગયો નથી ( તહોમતવાળો જુસબ ગની ). દીઠે ઓળખવામાં મેં એ જુસબ ગનીને ઉભો કરેલો કે નહીં તે મને યાદ નથી, તેને હું દીઠે ઓળખતો નથી. હાલ મને ત્રણ તહોમતવાળાને બતાવ્યા તે ત્રણે તહોમતવાળાને દીઠે ઓળખું છું. તેનાં નામ ખબર નથી. ( તહોમતવાળો સલેમાન અભરામ અભરામ બેગા અને લતીબ અભરામ ) સાક્ષી કહે છે કે જે તહોમતવાળો પોતાનું નામ સલેમાન અભરામ કહે છે, તેને હું દીઠે પણ ઓળખતો નથી.

સવાલ—આ લતીબ અભરામને પહેલો દીઠે ઓળખવામાં કેમ ઉભો કર્યો નહોતો ?

જવાબ—હજુ પણ હું તેને દીઠે ઓળખતો નથી.

તહોમતવાળા ઓસમાન ચની તથા સરદારનાં નામ મને ખબર છે. પણ મારી સરતચુકથી
તેને નામ જાણુવામાં બતાવ્યા નથી. તહોમતવાળા ગાંડા ખાટકીનું નામ હું જાણું છું. તે
ગાંડાનું નામ સરતચુકથી નામ જાણુવામાં લખાવ્યું નથી. હાલ એક તહોમતવાળો બતાવ્યો
તેનું નામ પુછતાં નુરમામદ આમદ કહે છે, તેને હું ઓળખતો નથી. તેની દુકાને હું કોઇ
વખત માલ લેવા ગયો નથી. હું સાત આઠ વરસથી ગઢડા કોર્ટમાં પટાવાળો છું, તે પહેલાં
શરાણની દુકાન હતી, હાલ મારો ભાઇ એ કામ કરે છે. તહોમતવાળો કાળુ ગીગા મારી
પાસે કોઇ વાર તરવાર સજાવા આવ્યો નથી. હું સ્વામીનારાણનો ધર્મ પાળતો નથી. પોલી-
સમાં મેં હકીકત લખાવી છે.

ફરીયાદીના સવાલ નથી.

કોર્ટના સવાલમાં—હું અને ન્યાયાધીશ એક સાથે ઉભા હતા, મુખી મારી મોઢા આગ-
ળ ઉભા હતા. મુખી કાંઇ બેભાન થઇ ગયો નહોતો. જમાદારે ન્યાયાધીશ પાસે કાંઇ મારા-
મારીની વાત કરી નહોતી વહીવટદાર જોડે ન્યાધીશ મશીદે ગયા ત્યારે મેં મશીદે નહી જવા-
નું ન્યાયાધીશને કહ્યું નહોતું. ન્યાયાધીશ અને વહીવટદાર મશીદે ગયા ત્યારે કોરટ મોતી-
લાલ, જીવન, શીવશંકર અને વેલજી કારકુનો કોરટમાં હાજર હતા, પટાવાળો તે વખત
કોઇ કોર્ટમાં નહોતો. બીજી વખત હું મારી મેળે ન્યાયાધીશ સાથે ગયેલો, ન્યાયાધીશ મને
તેડી ગયા નહોતા. હું હમેશાં પાન ખાતો નથી, પણ તેહવારને દીવસે અને અગીયારશને
દીવસે પાન ખાઉં છું. મારે કાંઇ પાનનું બંધારણ નહીં તેથી હું મોહનની દુકાને પાન
લેવા ગયો નથી નદીએ વરઘોડો ગયો ત્યારે લાકડાની પાલખીમાં ઠાકોર શીવાય શંખ અને
તરભાણું હતું. રૂપાની પાલખીમાં બીજું કાંઇ નહોતું. પાલખી મશીદેથી મંદીરે વઇ ગઇ
ત્યાં સુધીમાં પાલખીને કોઇ અડકયું નથી. તાલબ ન્યાયાધીશ ઉપર દોટ મુકીને આવ્યો ત્યારે
દીઓ એમ બોલ્યો હતો. ન્યાયાધીશથી પાંચ છો હાથ તાલબ રહેલો, દરબારની સામે દરવા-
જાની સામે દરવાજાની અંદર જાળી છે ત્યાં તાલબ ઉભેલો, ત્યાંથી તાલબ દોડયો આવેલો
જાળી અને કમાડ વચ્ચે પાંચ છ હાથ છેટું છે એ તાલબ પાસે સાંબેલુ હતું તે અઢી હાથ
લાંબુ હતું ન્યાયાધીશના હુકમથી પોલીસના સીપાઇ અને દાદામીયાં બે હાથ ઝાલ્યા પછી
તાલબ આવેલો ન્યાયાધીશે દાદામીયાંને કહેલું ત્યારે દાદામીયાંએ આ ચાલ્યો એમ કહેલું
નદીએથી આવતાં મશીદ આગળ જે મુસલમાનોને મેં ઉભેલા જોએલા તેજ મુસલમાનોને
મેં ન્યાયધીશ પાસે પહેલો ગયો ત્યારે હું પહેલવહેલો મશીદે ગયેલો ત્યારે મશીદ બહાર ઉ-
ભેલા જોયા હતા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૦ માર્ચ સને ૧૯૦૮.

૧ જીવન બાવાની સહી દા. પોતે

મારા રૂબરૂ પ્રતિજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

હું જીવન ખાવા ફરી પ્રતીજ્ઞા લઇ કોરટના સવાલમાં લખાવું છું કે—તહોમતવાળા એસમાણુ અલી, એસમાન ગની, સરદાર જમાલ અને દાદામીયાં તેના ત્રણ ભાઇઓ શીવાય બીજા કોઇના નામ મશીદ આગળ ઉભેલા તરીકે બીજા કોઇને મેં પોલીસમાં બતાવ્યા નથી, અગાશીમાંથી ઘા કરનાર તરીકે મેં પોલીસમાં કોઇના નામ લખાવ્યાં નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૦ માર્ચ સને ૧૯૦૮.

દ. જીવન ખાત્રાની સહી હા. પોતે.

માંરા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૭૧.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ મોહન છે. | મારી ઉમર આશરે વરસ |
| મારા બાપનું નામ લવજી છે. | ૧૭ ની છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારો કંરબ વેપારનો છે. |
| મારી જાત દશાશ્રીમાળી વાણીયાની છે. | હું ગઢડામાં રહું છું |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું, જે—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ મંદીરનો વરઘોડો મેં ૧૧॥ વાગ્યે મારી દુકાનેથી જોયો હતો, તેમાં બે પાલખી હતી, એક રૂપાની ને એક લાકડાની, તે બંનેમાં ઠાકોરજી હતા આથમણી બજારે વરઘોડો ગયો. હું મારી દુકાને બેઠો હતો, ત્યાં પછી અરધી કલાકે ઉગમણી બજારેથી પાંચ સાત ખાટકી મશીદ તરફ ગયા, તેમાં નુર આમદ અને ઇસા અલી એ બે મેમણ હતા, બીજાનાં નામ ખબર નથી. તેમના હાથમા લાકડીઓ હતી, તેઓ મશીદ તરફ ગએલા. પછી સાડાબાર વાગ્યાને શુમારે આથમણી બજારેથી પાંચ સાત મેમણો નીકળેલા, તેઓ મશીદ તરફ ગયેલા, તેમના હાથમાં કાંઇ નહોતું. પછી એક વાગ્યાને શુમારે નદી તરફથી એક પાલખી આવી, તે મુસાફરખાના આગળ આવી ત્યારે તે જોવા હું મારા થડા ઉપર ઉભો થયો. જે મેમણ ને ખાટકી મશીદ અંદર ગયા હતા, તે બહાર આવીને ઉભા રહ્યા. પાલખી મશીદના દરવાજાની સામે આવી ત્યારે ૨૫–૩૦ મુસલમાન લાકડી અને સાંબેલાં લઇને ઉભેલા હતા. તેઓ એકદમ પાલખી ઉપર તુટી પડયા, તેમાં એક મુખ્ય દાદામીયાં હતો. તેણે પાલખી ઉપર ઝોંટ મારેલી. દાદામીયાંના હાથમાં પાલખીનું લોલક આવી ગયેલું, પછે બધા મુસલમાન ઉભા હતા તેના વચમાં વયો ગયો. એ મુસલમાનો ઉભા હુતા તેમાં તહોમતવાળો ઇસા અલી, નુર આમદ, તારમામદ અલી, લતીબ અબરામ, સલેમાન અબરામ, તાલબ મહમદ, એટલા તહોમતવાળા હું નામ જાણું છું તે હતા, બીજા ખાટકી હતા, તે બીજા હતા તેને દીઠે ઓળખું છું, એ ત્રણ જણાને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું. તે કોઇનાં નામ હું જાણતો નથી, તેનાં નામ પુછતાં તહોમતવાળો ગાંડા અસમાલ અબરામ, ગોબર ને સામા રેમાન કહે છે. દાદા-

મીર્યાં ઝુમખું લઇને ચાલ્યો ગયો પછી પોલીસ આડા પડેલા. તે પોલીસના ચાર પાંચ માણુશો હતા, પછી પાલખી ચાલી ગયેલી. એ પાલખી ચાલ્યા ગયા પછી પોલીસ સાથ મારામારી થયેલી, તેમાં એક પોલીસને વગાડેલું, અંબારામ જમાદારને વગાડેલું, એ અંબારામને લાકડી કોણે મારેલી, તે ખબર નથી. જ્યારે પોલીસને મારવા મંડ્યા ત્યારે મેં ધાર્યું કે મારૂં શું થશે, તેથી હું દુકાનનું એક કમાડ બંધ કરી અંદર પેશી ગયેલો, બીજું કમાડ બંધ થઇ શકે તેમ નહોતું, ત્યાં માલ ભરેલો હતો. પછી શું થયું તેની મને ખબર નથી. હું પાંચ છ વરસથી દુકાને બેશું છું, તેથી દર વરસ નદીએથી પાછી ફરતી પાલખી એ રસ્તેથી હું જોઉં છું.

ઉલટ તપાસ—એ પાલખી સાથે વાજું ગાજું નહોતું, પાંચ છ વરસમાં કોઇ વાર એ પાલખી સાથે વાજું ગાજું રહેતું નથી. એ પાંચ છ વરસમાં એ પાલખી એ રસ્તેથી ખાલી આવેલી કે કેમ તે ધ્યાન નથી. તે દીવસ સવારે દસ વાગ્યા સુધી અને બપોરે એ વાગ્યા પછી મારી દુકાને બહુ ઘરાકી હતી, તે દરમીયાન એક પરભુ કંસારો પાન લઇ ગયાનું મને યાદ છે, બીજા ઘણા પાંન લઇ ગયાનું પણ તેનાં નામ યાદ નથી, એક કમાડ દીધા પછી મારની બીકને લીધે હું તેની પછાડી બેઠો હતો. ઉઘાડા કમાડમાંથી મારી દુકાનના અંદર પા આવતા નહોતા. એક કમાડ બંધ કર્યા પછી મારી દુકાન આગળ તે દીવશે કોણ કોણ આવેલા તે મારૂં ધ્યાન નથી, મારી પડખે પરભુ સોનીની દુકાન છે, મોચીની દુકાન મારી સામે છે. પરભુ સોનીની દુકાન ઉઘાડી હતી, મોચીની દુકાન બંધ હતી. મશીદ તરફ જતાં ઇસા અને નુર પાસે કાંઇ નહોતું, બીજા પાસે લાકડીઓ હતી. તે કાંઇ બોલ્યા વગર જતા હતા. ઇસા તથા નુરને મેં કાંઇ પુછ્યું નહોતું. ખાટકી અને મેમણો મશીદ તરફ ગયેલા. પછી પા કલાકે બીજા મુસલમાનો મશીદ તરફ ગયેલા, મુસાફરખાનાની ખાડી સુધી પાલખી આવેલી તે વખત પહેલી મેં ત્યાં જોયેલી. ત્યાં કાંઇ અટકી નહોતી. એ પાલખી છ સાત સાધુએ ઉપાડી હતી, તે શીવાય પાલખી સાથે લાલજી જોડાને એક બે પોલીસ હતા, બીજું કોઇ નહોતું. હું થડે ઉભો થયો હતો, તે પાંચ છ માણુસો આડા આવ્યા હતા તેથી જોવાના માટે ઉભો થયેલો. તોફાન થાય છે કે નહીં તે જોવાને માટે હું ઉભો રહેલો. મુસાફરખાના આગળ પાલખી આવી તે પહેલાં મશીદમાંથી પાંચ છ મીનીટ પહેલાં મુસલમાનો તથા ખાટકી બહાર આવી ઉભેલા. શરૂ તપાસમાં તે પછી આવ્યાનું લખાયું છે તે ભુલ થઇ છે. દાદામીયાં શીવાય બીજા કોઇ પાલખીને અડયા નથી. મુસલમાનો પાલખી સામે દોડ્યા તેથી તે તોડી પાડવાનું માનું છું. પાલખી મશીદના દરવાજાથી ઉગમણી આથમણી હતી. ખાટકી અને મુસલમાનો દરવાજા પાસે ઉભા હતા, એ મુસલમાનો ને ખાટકી દરવાજાની આથમણી તરફ અઢી હાથની જગ્યામાં ઉભા હતા. પોલીસ પાલખીથી ઉગમણી તરફ હતા, એક માણુસ પોલીસ પાલખીની આગળ હતો. દાદામીયાં પાલખી ઉપર ધસ્યો ત્યારે દાદામીયાંની આડા કોઇ ફરેલા નહોતા. દાદામીયાંને પોલીસે પકડ્યો મારૂં ધ્યાન નથી. પોલીસ મુસલમાનને કહેતા હતા કે તોફાન શા માટે કરો છો, પોલીસે કોઇને પકડ્યા કે માર્યા નથી. જે તહોમતવાળાનાં મેં નામ આપ્યાં, ને દીઠે ઓળખાય તે શીવાય બીજા પંદર વીશ મુસલમાનો ત્યાં હતા તેનાં મોઢાં મેં જોયાં નહોતાં.

તે લોકો કોણ હતા તે મારૂં ધ્યાન નથી. જે લોકોને મેં ઓળખ્યા છે તેમણે મારી દુકાન તરફ મોઢાં કરેલાં ત્યારે જોયેલાં, તેથી ઓળખ્યાં હતા. તે વખત મારી દુકાન [illegible] પાંચ સાત માણસો હતા. તે કોણ હતા તે મેં ઓળખ્યા નથી, કારણ કે મારૂં ધ્યાન [illegible] ધ્યાન સામું હતું. જે પોલીસ સીપાઇને વગાડેલું તેનું નામ મને યાદ નથી. ચાર પાંચ [illegible] લીસમાંથી કોને વાગેલું તે મારૂં ધ્યાન નથી. પાલખી મંદીર તરફ ચાલી ગઇ તેની સાથે લાલજી અને એક પોલીસ સીપાઇ હતો, તે સીપાઇને મેં ઓળખ્યો નથી. અસગર [illegible] વેસતી દુકાન મારી પાસે છે, તે બંધ હતી, તે આઠ વાગ્યાથી બંધ હતી, તોફાન [illegible] એક કલાકથી બંધ હતી. ત્યાં આયરોને મેં જોયા નથી, પાળાને પણ મેં જોયા ન[illegible] સીદની પડખે સલેમાન પોલાની દુકાન છે, તે દસ વાગ્યા પછી બંધ થઇ ગઇ [illegible] અઢી વાગે મેં દુકાન ઉઘાડેલી, તોફાન બંધ થયું ને માણસ વીખરાઇ ગયું. પછી મેં દુકાન ઉઘાડેલી. મેં આ કામમાં જીવરાજ કારકુન પાસે પોલીસમાં હકીકત લખાવો છે, તે વખત ફોજદાર ત્યાં નહોતા. બધા હીંદુઓ આવતા હતા તેને જીવરાજ પુછી લખી લઇ [illegible] પતા હતા. અમારી ત્રણની હકીકત લખાઇ ત્યાં સુધી ફોજદાર ત્યાં નહોતા. મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતવાળો છું. અમે મુસલમાન સાથે વેવાર બંધ રાખેલ છે કારણ કે તે પચુસણમાં બકાલું અને માંડસ વેચતા હતા, ગાઝને વેવાર બંધ રખવાનું અમને કહેવરાવેલું છે. પરમાટી બજારમાં લઇને કોણ કોણ નીકળ્યું હતું તે મને યાદ નથી આ તોફાનની હકીકત મેં કોઇ આગળ કહી નથી,

ફરી તપાસ.—કોઇ સાલ પચુસણમાં મુસલમાન બકાલું વેચતા નથી.

કોર્ટના સવાલમાં.—આંહીં બેઠેલા બધા તહોમતવાળાને હું ઓળખું છું. [illegible] નદીએ જતાં બંને પાલખીમાં ઠાકોરજી શીવાય બીજું કાંઇ નહોતું. મેં પોલીસમાં ચાર પાંચ [illegible]નાં નામ તોફાન કરનારા તરીકે આપ્યાં છે, પણ કોનાં નામ આપ્યાં છે તે યાદ નથી. અહીં જે નામ લખાવ્યાં છે, તથા દીઠે ઓળખાવ્યા છે તેમાંના માણસોનાંજ નામ મેં પોલીસમાં લખાવ્યાં છે. પોલીસ ચકલામાં કોઇ સીપાઇ હતો કે નહીં તે મારૂં ધ્યાન નથી. મશીદેથી પાલખી ઉતાવળી ચાલી ગઇ, તે પાલખીમાં ઠાકોરજી હતા કે નહીં તે મારૂં ધ્યાન નથી. પાલખી ઉપર હુમલો કર્યો કે તરત મેં દુકાન બંધ કરી નથી. શું તોફાન થયું તે મને ખબર નથી એમ મેં પોલીસમાં લખાવ્યું નથી.

**સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.**

**તા. ૧૦ માર્ચ સને ૧૯૦૮.**

**૧ ચા. મોહન લવજીની સહી દા. પોતે.**

**મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર**

**(સહી) વામનરાય કપીલરાય.**

**ન્યાયાધીશ.**

## આંક ૭૨.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ મોતીચંદ છે. | મારી ઉમર આશરે વરસ |
| મારા બાપનું નામ મુળજી છે. | ૪૦ ની છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારો કસબ પુસ્તકો લખવાનો છે. |
| મારી જાત દશાશ્રીમાળી વાણીયાની છે. | હું ગઢડામાં રહું છું. |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે:—

હું કાયમથી ગઢડામાં રહું છુ, ભાદરવા શુદ ૧૧ ના રોજ મંદીરનો વરઘોડો નીકળ્યો તે ચોકમાંથી મેં જોયો હતો. હું વરઘોડા સાથે નદીએ ગયો હતો, જળ ઝીલી રહ્યા પછી અને માણુસો વીખરાઇ ગયા પછી હું ઘેર આવવાને મશીદ આગળ ટુંકે રસ્તે થઇને ચાલ્યો, ગઢાળીની બારીએ હું ત્યાં ચગડોળ ફરતું હતું તે જોવાને મારે ઉભો રહ્યો. પછી હું ત્યાંથી ચાલ્યો. મશીદ આગળ હું આવ્યો ત્યાં બારણા આગળ મુસલમાનો લાકડી અને સાંબેલાં લઇ ઉભા હતા. તેમાં તહોમતવાળો ઓસમાણ અલી, ઇસા અલી, નુર આમદ, અભરામ હાશમ, હસન તાર બોગ્રા અને દાદામીયાં મહમુદમીયાં, અબદલા મમુદ, તાલબ મમુદ, કાળુ ગીગા, વહીવટખાતાના પટાવાળા જમાલ, એટલાનાં મોં જોયેલાં, તે હું જાણું છું. બીજા કોઇને મેં દીઠે ઓળખ્યા નથી. પછી ત્યાંથી મશીદ પાસે ચકલો છે, ત્યાં ઉભો રહ્યો. તે બધા શું કરવા ઉભા હશે, તે શંકા થવાથી ત્યાં ઉભો રહ્યો. ત્યાંથી રૂપાની પાલખી ચાલી આવતી હતી. પાલખી મશીદના દરવાજા આગળ આવી ત્યાં તેના ઉપર હુમલો થયો, અને દાદામીયાંએ ઝોંટ મારીને ઝુમખું લઇ લીધું. પછી બધા મુસલમાનોએ મારો મારો એમ દેકારો કર્યો. જમાલ સીપાઇએ એક લાકડી અંબારામ જમાદારને મારેલી, પછી મને ત્યાંથી બીક લાગેલી તેથી હું રવાને થઇ ગએલો, અને પાલખી પણ રવાને થઇ ગયેલી.

ઉલટ તપાસ—જે તહોમતવાળાનાં નામ મેં લખાવ્યાં તેને ઘણી મુદતથી ઓળખું છું. મારે તેની સાથે બોલાચાલીનો વેવાર છે. લાકડી સાંબેલાં લઇ કેમ ઉભા છો. એમ મેં કોઇને પુછ્યું નથી. મને શંકા ગયેલી, પણ મેં કોઇને પુછ્યું નહીં મારે પુછવાનું કાંઇ કારણ નહોતું. મોહન પાનવાળાની અને પરભુ સોનીની દુકાન ઉઘાડી હતી, મોચી અને બકાલીની દુકાન બંધ હતી, તે બકાલી મેમણ છે. દરવેશની દુકાન બંધ હતી કે નહીં તે ખબર નથી. હું ત્યાં ઉભો હતો ત્યારે દસ વીશ માણુસની ત્યાં હાલચાલ થતી હતી, તેને મેં ઓળખ્યા નથી, મોટે રસ્તે ઘણાં માણુસોની આવજા થતી હતી, પણ મેં કોઇને ઓળખ્યા નથી. હું સ્વામીનારાયણનો ધર્મ પાળું છું, અને એ ધર્મના પુસ્તક લખું છું. તેની લખાઇ મને દરવરસે ૧૦૦–૧૫૦ રૂપીઆ મળે છે. હું ત્રણ દીવસ થયાં આવ્યો છું. મારી બેનને ત્યાં ઉતર્યો છું, ચકડોળેથી ચકલે આવતાં સામા મને દશ વીશ માણુસો મળેલા, પણ મેં કોઇને ઓળખ્યા નથી. મેં કોઈનાં મોં જોયાં નથી. એ પાલખીનું ઝુમખું ૩–૩॥ તસુ અંદરના ભાગમાં હતું. એ ઝુમખું ગોળ ઘેરાવમાં આઠેક તસુનું હતું, એ પાલખીને કેટલાં ઝુમખાં હતાં તે મને ખબર નથી મશીદના દરવાજાથી ચકલો પાંચ સાત હાથ છેટે છે, મારી અને પાલખીની વચે દસ પંદર માણુસ હતું. દાદામીયાંને કોઇએ અટકાવ્યો નહોતો.

દાદામીયાંને પકડવા કોઇ તેની વાંસે ગયું નહોતું. પાલખી રવાને થયા પછી બે ત્રણ મીનીટે જમાદારને મારેલો, હું પછી તરત પાલખીની પછવાડે ગયેલો, એ પાલખી સાથે એક પોલીસ અને લાલજી જોદા મંદીરે ગયેલા. તે પોલીસને હું ઓળખતો નથી. પછી હું મારે ઘેર ચાલ્યો ગયેલો. રસ્તામાં ઘરે જતાં સો બસો માણસો મને મળેલાં, પણ મેં કોઇને ઓળખ્યા નથી. મેં તે હકીકત તે સાંજરે મંદીરમાં જમનાદાસ કોઠારીને વાત કહેલી. મંદીરનો માણસ તેથી જમનાદાસને વાત કરેલી. કે આ પ્રમાણે તોફાન થયેલું, તે વખત બીજું કોઇ નહોતું. પોલીસે મને આ કામમાં હકીકત માટે બોલાવ્યો નથી. મારે ફરાળનો વખત હતો, અને ઘર ભેગું થવું હતું. તેથી નદીએથી બડલીના ઝાંપા તરફ નહીં જતાં મશીદ તરફ ચાલેલો. મને ઉતાવળ હતી, છતાં ચગડોળ જોવાનું મારે મન થયાથી હું ત્યાં ઉભો રહયો હતો.

ફરી તપાસ--હું વૈશ્નવ તથા જૈનનાં પુસ્તક લખું છું.

કોર્ટના સવાલમાં—દાદામીયાંના હાથમાં કાંઇ નહોતું. લાકડી કોના હાથમાં હતી, અને સાંબેલાં કોના હાથમાં તે હું કહી શકું નહી. જે તહોમતવાળાનાં નામ મેં લખાવ્યાં છે, તે શીવાય બીજા પણ ગઢડાના મુસલમાનો ઘણાંનાં નામ હું જાણું છું, પણ તે નામ અત્યારે હું આપી શકું નહીં પોલીસનો ચકલો ઉઘાડો હતો, પણ ત્યાં કોઇ પોલીસનુ માણસ નહોતું. દર સાલ હું વરઘોડો ગઢડામાં હોઊં ત્યારે જોઊં છું. જળ ઝીલી રહ્યા કે તરત હું ચાલતો થયેલો. ભાવનગરના દરવાજા તરફ મારૂં ઘર છે. હું મશીદ આગળથી નીકળ્યો. ત્યારે મુસલમાન કાંઇ બોલતા નહોતા.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર હોવાનું કહે છે.

તા. ૧૦ માર્ચ સને ૧૯૦૮.

૧ શા. મોતી મુળજીની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૭૩.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતીજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ જીવરામ છે. મારી ઉમર આશરે વરસ ૭૦ ની છે.
મારા બાપનું નામ બોઘા છે. મારો કસબ વેપારનો છે.
મારો ધર્મ હીંદુનો છે. હું ગઢડામાં રહું છું.
મારી જાત શ્રીમાળી બ્રાહ્મણની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે.—

ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ ગઢડામાં હું મારી દુકાને હતો. વરઘોડો ૧૧॥ વાગે નીકળ્યો ત્યારે હું મારી દુકાને હતો. પછી એક કે બે વાગે હું ફરાળ કરવા ઘેર જતો હતો, તે વખતે રૂપાની પાલખી ત્યાંથી ઉતાવળેથી લઇ જતા હતા, તે મંદીર તરફ જતી હતી. પાલખી આગળ પોલીસના બે સીપાઇ દોડયા જતા હતા, અને લાલજી જોદા વાંસે હતો,

સાત આઠ સાધુ બ્રહ્મચારી પાલખી જોડે હતા. મેં લાલજીને પુછ્યું કે આ બાજા આવો છો, તે શું તોફાન છે? ત્યારે લાલજી બોલ્યા કે મુસલમાન લોકોએ પાલખી ઉપર હુમલો કર્યો છે. અને ચાલવા દેતા નથી. પછી હું ઘર તરફ ચાલ્યો ગયો, ત્યાં મશીદ આગળ ૩૮—૪૦ મુસલમાનો ઉભેલા મેં જોયા, તેમાંથી ત્રણ ચાર જણા પાસે લાકડીઓ હતી. ચાર પાંચ જણા પાસે સાંબેલાં હતાં. તથા બીજા ખાલી હાથે હતા, તેની મોઢા આગળ સીપાઇ જમાલ છવા, તાલબ મલાં, સલેમાન પોલા, ઓસમાણ અલી, સામો ખાટકી, અબરામ લાખા, દાદન મલાં, અબદલા સુથાર એટલાને મેં ઓળખેલા. એ દાદન મલાં ન્યાયકોર્ટનો પટાવાળો છે ( દાદામીયાં ). મેં જમાલને કહ્યું કે શા સારૂ નકામું તોફાન કરો છો. ખાલી પાલખી ગાજા વાજા વગરની ઠાકોરજી સહીત જાય છે, તેમાં ખાલી તોફાન શું કામ કરો છો. જમાલને મેં વાત કરેલી તે પેલાં ત્યાં એક પાળો પડેલો મેં જોયેલો તે પછી મેં જમાલને કહેલું, ત્યારે જમાલે જવાબ આપ્યો કે, નહી પાલખી ચાલવા દઇયે, ત્યારે મેં તેને કહ્યું કે તારા મોઢામાં હુકમ છે કે દરબારના મોઢામાં હુકમ છે, પછી જમાલે મારા માથા ઉપર લાકડી મારી અને મને વયા જવાનું કહ્યું. પછી હું પાંચસે સાતસેં માણસોનો ઘેરો હતો, તેમાંથી દોડીને હાટે જતો રહ્યો. જમાલે લાકડી મારી પછી તાલબે મારા ઉપર લાકડી ઉગામી, ત્યાં હુ ભાગી ગયો. તેથી એ તાલબની લાકડી મને નહીં લાગતાં બીજાને વાગેલી, પછી હું મારી દુકાને જઇ સુઇ ગયો, ત્રણ ચાર વાગે મને કળી ઉતરી ત્યારે ઘેર જઇને મેં ફરાળ કર્યું.

ઉલટ તપાસ—મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતવાળો છું મારી દુકાન અપાસરા સામી ચોકમાં ઉગમણી બજારે છે. મારૂં ઘર આથમણી બજારમાં રામજી મંદીર પાસે છે. હું મારી દુકાનેથી ચાર ડગલાં ચાલી ચોકમાં આવ્યો, ત્યાં લાલજી અને પાલખી મને મળી. મારે હાટેથી દરબારી ઉતારા પાસે થઇ મંદીર આગળ થઇ મારે ઘેર જવાય છે. લાલજીએ મને કહ્યું કે તોફાન થાય છે. છતાં હું મંદીર આગળને રસ્તેથી ગયેલો નહીં. તોફાન તો મશીદ આગળ થતું હતું, અને રસ્તે ઘણાં માણસો આવજા કરતા હતા, રસ્તો મશીદથી આઠ દસ હાથ છેટે છે, ત્યાં ઘણા માણસો જતા આવતા હતા. આશરે પાંચસેં સાતસેં માણસો જતા આવતા હતા, તેમાંથી મેં કોઇને ઓળખ્યા નથી, તે બધા ગામના હતા કે પરગામના તે મને ખબર નથી. બકાલાવાળા સલેમાન પોલાને હાટે જમાલ ઉભો હતો, ઘેર જવાનો રસ્તો મુકીને હું ત્યાં જમાલને ખાસ ઠપકો આપવા ગયેલો. મને કોઇની બીક લાગી નહોતી, ઠપકો દેવા માણસ જાય તે પ્રમાણે હું ગયો હતો. મારી મુજબ બીજા કોઇ ત્યાં ઠપકો દેવા આવ્યા નહોતા. મશીદ આગળ થઇને બસો ચારસો હીંદુઓ જતા આવતા હતા, તેમાંથી કોઇને મુસલમાનોએ મારેલા નથી. એ બસેં ચારસેં હીંદુઓમાંથી મેં કોઇને ઓળખ્યા નથી. તહોમતવાળા જમાલને તથા ઓસમાણ અલીને હું નાનપણથી ઓળખું છું. ઓસમાણ અલી સાથે મારે ઘરવટ જેવો નાતો છે. જમાલ સાથે મારે કાંઇ એવો સંબંધ નથી. ઓસમાણ અલી આખો મશીદના થડમાં ઉભો હતો, તેથી મેં તેને કાંઇ કહ્યું નથી. એ તોફાનમ ઓસમાણ અલીને બોલાવી કેવાનું મેં કાંઇ ધાર્યું નહોતું. હું સ્વામીનારાયણનો ધર્મ પાળતો નથી. અગાશીની દીવાલ આગળ પાળો પડેલો

હતો, તેને મારતાં મેં કોઇને જોયો નથી. આંહી બેઠેલા તહોમતવાળામાંથી જેને ઓળખતો નથી, તેને બતાવી આપું છું, તેનાં નામ મને ખબર નથી, પણ તેઓ ગઢડામાં રહે છે. તેમ જાણું છું. આંહી બેઠેલા તહોમતવાળાને હું ઓળખું છું. તહોમતવાળામાંથી જેનાં નામ હું જાણું છું તેને બતાવી આપું છું, તેઓ તમામ તહોમતવાળા હસન તાર બોધા, અબદલા મમદ, અબદલા સુમાર, અબરામ હાશમ, ઇસા અલી, ઓસમાણ અલી, કાળુ ગીગા, હસન આજમ, નુરમામદ આમદ, અબદલા કરીમ, મમુદ હાશમ, જુસબ ગની, તાલબ મમુદ, દાદામીયાં મહમુદમીયાં, અભરામ લાખા, અભરામ બેગા, જમાલ જીવા, અને તારમામદ અલી, ( જે તહોમતવાળાને સાક્ષીએ તારમામદ અલી કહીને ઓળખાવ્યો છે, તે તારમામદ અલી નથી, પણ હસન તાર ગીગા છે ) હાલ મને એક તહોમતવાળાને બતાવ્યો તેને ઓળખતો નથી. તેમ તેનું નામ જાણતો નથી ( તહોમતવાળા સલેમાન પોલા ). હાલ મને એક તહોમતવાળાને બતાવ્યો તેનું નામ સામો ખાટકી છે ( તે સખસ તહોમતવાળો સામો ખાટકી છે ). એ સામા રેમાનને હાલ નામ જાણવામાં ઉભો કર્યો નહીં તે મે ભુલ કરી છે. મારી આંખે મોહું ભળાય છે. હાલ મને એક તહોમતવાળાને બતાવ્યો તેનું નામ અભરામ લાખા છે. ( શાક્ષી તહોમતવાળા અભરામ લાખાને બતાવે છે. ) નામ જાણવામાં તેને ઉભો ન કર્યો તે ચુક થઇ છે. મારો માર મેં દાકતર સાહેબને બતાવ્યો નથી. મને ખુબ માર લાગ્યો નહોતો તેમ લોહી પણ નીકળ્યું નહોતું કે દાકતર સાહેબને બતાવું, કલાક દોઢ કલાકે મારી કળ ઉતરી ત્યાં સુધી શું થતું હતું તે મને ખબર નથી. હાલ મને એક તહોમતવાળો બતાવ્યો તેનુ નામ સરદાર છે તે મારી દુકાનની નજીકમાં રહેતો તે ન્યાયકોર્ટનો પટાવાળો હતો.

સવાલ—તેને તમે નામ જાણવામાં કેમ ઉભો ન કર્યો !

જવાબ—ઝાઝા ઉભા કરવામાં શું માલ.

હાલ મને એક તહોમતવાળો બતાવ્યો તેનું નામ દાદન ઘાંચી છે. તે ગાડા હાંકે છે. તેનું નામ પુછતા મામજી કહે છે. હાલ મને એક તહોમતવાળાને બતાવ્યો તેનું નામ દાદન છે. ( સાક્ષી ખરૂં નામ આપે છે. ) ( આ વખત સાક્ષી પોતાથી બોલે છે કે જેને મેં દાદન બતાવ્યો છે તેનું નામ દાદન નહી પણ મામજી છે. ) એ દાદન અને મામજી બંનેને હું ઓળખું છું. એ દાદન અને મામજીનું નામ જાણવામાં મેં લખાવ્યું નથી તેનું કારણ મેં એને જોયેલા તો ખરા. પણ ઓળખ્યા નહોતા. મારી આંખે ચશમાં આવેલાં છે, હું ત્રણ હાથ સુધીની અંદર સુધી જોઇ શકું. ( સાક્ષીએ દાદન તથા મામજીનાં નામ ખરાં લખાવ્યાં તે પાંચ છ હાથ છેટેથી લખાવ્યાં છે, અને નામ જાણેલા સખસોમાંથી બે હાથ છેટેથી તેણે જોઇને ઉભા કરેલા. ) હાલ મને એક તહોમતવાળો બતાવ્યો તે ગઢડાનો મલાં છે. ન્યાયાધીશની કોર્ટનો પટાવાળો છે, નામ ખબર નથી ( ઓસમાણ ગની ). હમદ, તાલબ, સલેમાન પોલા અને ઓસમાણ અલી એ ચાર તહોમતવાળાના હાથમાં લાકડી હતી. સામો ખાટકી, અભરામ લાખા અને અબદલા સુમાર એ તહોમતવાળા પાસે સાંભેલાંવાળા તહોમતવાળા મશીદ આગળ ઉભા હતા તે ૩૦–૪૦ મુસલમાનો સેળભેળ ઉભા હતા. નદીના દોરા આગળ બે ત્રણ માણસ સાથે ચાલી શકે તેવો રસ્તો

સાંકડો નહોતો, પણ આ ૮ હાથ પહોળો હતો, એ રસ્તો ઉંચો નીચો કે ખાડાવાળો નહોતો. એ રસ્તો ત્રણ ચાર ઢોર સાથે ચાલ્યાં જાય તેવો રસ્તો હતો, એ રસ્તે બંગીચાનું ઘર મેં જોયું નથી. નકટીના ઢોરા આગળ કોઇ બંગીચાનું ઘર નહોતું. બંગીચા કાંઇ ગામ વસેલવચ હોય ? ઉગમણી કે આથમણી કોર હોય, વાણીયા માજને મુસલમાન સાથે વેવાર સુદ ૫ થી પચુસણમા બંધ કર્યો છે, ત્યારથી મેં પણ બંધ કર્યો છે, મેં પોલીસમાં હકીકત લખાવી છે. હાલ જેટલાં નામ મેં આંહી લખાવ્યાં છે તેટલાં નામ પોલીસમાં લખાવ્યાં નથી. પોલીસમાં મેં જમાલ જીવા, સલેમાન પોલા, તાલબ મલાં એ ત્રણ તહોમતવાળાનાં નામ લખાવ્યાનું યાદ છે.

ફરી તપાસ નથી

કોર્ટના સવાલમાં—જમાલે મને લાકડી મારી હતી, તે વાગી હતી, પણ થોડી વાગી હતી માથાના મોળીયાંએ ઝીલી લીધી હતી, તહોમતવાળા શીવાય બીજા ગડડાના મુસલમાનમાંથી બે ચાર જણાને હું ઓળખું છું. તથા બીજા બે ચાર જણાનાં નામ જાણું છું હાલ મને એક તહોમતવાળાને તમે બતાવ્યો તેને હું સાત હાથ છેટેથી ઓળખી શકું છું, તે મેમણ છે,, તેનું નામ જાણતો નથી ( જુસબ ગની ). એટલે છેટેથી હાલ મને બીજા તહોમતવાળાને બતાવ્યો. તેનું નામ જાણતો નથી, તે કેવો છે, ને ક્યાં રહે છે, તેની મને ખબર નથી ( તહોમતવાળા આલસી ગોરા ). મસીદના દરવાજાથી તે ભાઇશંકર વકીલના ઘર સુધીમાં સો બસો માણસ વચા જતા હતા, મસીદના દરવાજાથી પાંચ સાત હાથ છેટે સલેમાન પોલાને હાટ હું ઉભો હતો, અને તેજ જગ્યાએ મને મારેલો, તાલબ અને જમાલ બંને મારાથી હાથ દોઢ હાથ છેટે હતા. જમાલ અને તાલબ બંને પાસે ત્રણ સાડાત્રણ હાથની લાકડી લાંબી હતી, મને જમાલની લાકડી વાગ્યાથી કળ ચડી જવાથી ઘેર પહોંચી શકાય તેમ નહોતું, તેથી હાટે ગયો હતો. પોલીસનું માણસ મને પોલીસમાં બોલાવી ગયું હતું. મેં જોઇ તે હકીકત પોલીસ પેલાં મેં કોઇને કરી નહોતી. પોલીસમાં મેં ઇસા અલીનું નામ મસીદ પાસે ઉભેલામાં આપ્યું છે કે નહીં તે યાદ નથી. પોલીસમાં મેં ઓસમાણ અલીનું નામ આપ્યું છે કે નહીં તે પણ યાદ નથી.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૧ માર્ચ સને ૧૯૦૮.

૧ ત્રવાડી જીવરામ બેચાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
( સહી ) વામનરાવ કલપીરામ,
ન્યાયાધીશ.

## આંક ૭૪.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ સુંદરજી છે. મારી ઉંમર આશરે વરસ ૩૪ની છે.
મારા બાપનું નામ ચતુર છે. મારો કસબ વેપારનો છે.
મારો ધર્મ હીંદુનો છે. હું ગઢડામાં રહું છું.
મારી જાત દશાસોરઠી વાણીયાની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ મારી દુકાનેથી મેં વરઘોડો જોયો હતો, વરઘોડો દીવસના બાર વાગે નીકળ્યો હતો, એ વરઘોડામાં બે પાલખી હતી, એક રૂપાની અને એક લાકડાની, અને પાલખીમાં લાલજી મહારાજ હતા, તે પાલખી આથમણી તરફ ભડલીના ઝાંપા તરફ ગઇ, તે પછી અરધી કલાકે મેમણ લોકો મારી દુકાન આગળ થઇને નીકળેલા. તેમાં તોહોમતવાળો ઓસમાણ અલી, ઇસા અલી તથા અબરામ હાશમ એ ત્રણ જણા મારી દુકાન આગળ થઇ નીકળેલા, તેઓ મસીદ તરફ ગયેલા, તેના હાથમાં લાકડીઓ હતી. પછી ચાર વાગ્યા સુધી મારી દુકાને બેઠો હતો.

ઉલટ તપાસ—એ ત્રણની સાથે જે માણસો હતા તેને ઓળખું છું, તેમાં હસન તાર બોઘા, લતીબ અબરામ, તારમામદ અલી, અબરામ લાખા એટલા હતા. ઇસો, ઓસમાન અને અબરામ હાશમ એ ત્રણ નામ મેં ફોજદાર પાસે લખાવ્યાં હતાં, તેથી મેં અહીં શરૂ તપાસમાં ત્રણ નામ લખાવ્યાં છે, બાકીનાં ચાર નામ જે હાલ હું બતાવું છું તે મેં ફોજદાર આગળની જુબાનીમાં લખાવ્યાં નહોતાં, તેથી મેં શરૂ તપાસમાં લખાવ્યાં નથી. એ ચારનાં નામ માટે ફોજદારે મને પુછ્યું નહોતું. ફોજદારે મને પુછેલું કે તોફાનમાં કોણ કોણ હતું, ત્યારે મેં શરૂ તપાસમાં લખાવેલાં ત્રણ નામ લખાવેલાં. બીજા ચારનાં નામ યાદ નહોતાં તેથી લખાવ્યાં નહોતાં. તોફાન પછે ચાર પાંચ દીવસે મેં ફોજદાર પાસે જુબાની લખાવી છે. બીજા કોઇ વધારે માણસ જોયા નથી, તે વખત એ સાતે તહોમતવાળા પાસે લાકડી હતી, તે સાતે જણા એક હારે વાંસે મોર ચાલ્યા જતા હતા. મેચી નયુરા હાટથી આથમણી તરફ વીશ હાથમાં છ દુકાન મુકીને મારી દુકાન છે, મારા હાટથી ૩૦-૩૫ હાથ છેટે અબરામ હાસમની દુકાન છે, અબરામ લાખાની દુકાન ભડલીના ઝાંપે છે. હું મણીયારાનો ધંધો કરૂં છું. સવારે દસ વાગ્યા સુધી મારે ઘણી ઘરાકી હતી. મારી દુકાને તે દીવસે સો ઘરાક આવેલા. બાર વાગ્યે પછી કહે છે કે દસ સાડાદસે વાગ્યે રોટલા ખાવા ઘેર ગયેલો, તે અરધી કલાક ઘેર રોકાયો હતો. હું હમેશાં ચાર સાડાચાર વાગ્યે દુકાન બંધ કરી વાળુ કરવા જાઉં છું. નદીએ વરઘોડો ગયો, તેમાં પાંચ સાત હજાર માણસ હતું, એ બધા પાલખીને ફરતા તથા મોરા આગળ હતા, તેમાં ગામના અને પરગામના માણસો હતા. એ વરઘોડામાં ગામના માણસોમાં રણછોડ ભગવાન, મોતી જેઠા તથા ગામના સાત આઠ સુતાર ત્રાંસાં વગાડનાર હતા, નામ ખબર નથી. મોતી મુગટ હતા, બીજા ગામના કોણ કોણ વરઘોડામાં હતા તે નામો યાદ નથી. પાલખી બાર વાગે નીકળી હતી. મારી દુકાન આગળથી આવરનાં માણસો નીકળેલાં કે નહી તે ખ્યાલ નથી. મારી દુકાન આગળથી એક વાગ્યે ન્યાયાધીશ સાહેબ નીકળ્યા હતા, તે આથમણી તરફ ગયા હતા, સાકરલાલભાઈ વહીવટદાર સાથે હતા કે નહીં તે યાદ નથી. સાકરલાલભાઇ તે દીવસ મારી દુકાન આગળ થઇને નીકળ્યા કે નહીં તે યાદ નથી. ન્યાયાધીશ સાથે જીવન પટાવાળો ને બીજા બે હતા, પણ બીજાનાં નામ ખબર નથી. જીવન પટાવાળો આ કામમાં આવેલો છે તેથી નામ જાણું છું. હાલ મને એક તહોમતવાળો બતાવ્યો તેના નામની મને ખબર નથી. તે ન્યાયાધીશ સાથે નહોતો ( હાજીમીયાં ). મુસલમાનની ફરીયાદના કામનો હું તહોમતવાળો છું, હાલ

મને એક તહોમતવાળાને બતાવ્યો તેના નામની મને ખબર નથી, તે તોફાનને દીવસે ન્યાયાધીશ સાથે મારી દુકાન આગળ થઇને નીકળ્યો હતો. તે ન્યાયકોર્ટમાં પટાવાળો છે ( એ સમાન ગની ). હાલ મને એક તહોમતવાળો બતાવ્યો તેને હું ઓળખું છું, તેનું નામ હું જાણું છું. તેનું નામ સરદાર છે. તે ન્યાયકોર્ટનો પટાવાળો છે, તે તોફાનને દીવસ મારી દુકાન આગળ થઇને ન્યાયાધીશ સાથે નીકળેલો. કાદામીયાંએ મારી દુકાનેથી કોઈ સારૂ કોઇ દીવસ સામાન લીધો નથી. મુસલમાને પચુસણ ન પાળ્યાથી મેં તેની સાથે વેવાર બંધ કર્યો છે.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—એ બધા પાસે ચચાર હાથની લાકડી હતી. એ સાત મેમણમાથી મારે કોઇ સાથે વાત થઇ નહોતી. તે પછી પા કલાકમાં મારી દુકાન આગળ થઇને કરસન રાજગર નીકળ્યો હતો, ગીરધરલાલ વકીલ નીકળ્યા હતા. ગોવીંદ સઇ એટલા નીકળેલા. તે દીવસ ચાર વાગ્યા સુધીમાં ગામના ઘણા માણસો નીકળેલા, પણ કોઇનાં નામ હું જાણતો નથી. એ સાત તહોમતવાળાને મેં જોયેલા તે હકીકત મેં તેજ દીવસે ચાર વાગ્યે હું મારે ઘેર ગયો ત્યારે શ્રીકમ રાજગરને વાત કરેલી. તેણે મને પુછ્યું કે શું થયું, ત્યારે મેં તેને વાત કરેલી. બને પાલખીમા શણગારેલા ઠાકોરજી શીવાય બીજું કાંઇ નહોતું.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરોબર હોવાનું કહે છે.

તા. ૧૧ માર્ચ સને ૧૯૦૮.

૧ શા સુંદરજી મતુરની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
( સહી ) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ

## આંક ૭૫.

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ લખમીચંદ છે. મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે.

મારા બાપનું નામ મોતી છે. મારો કસબ વેપાર તથા નોકરીનો છે.

મારો ધર્મ હીંદુનો છે. હું ગઢડામાં રહું છું.

મારી જાત દશાશ્રીમાળી વાણીયાની છે.

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું કાયમનો ગઢડાનો રહીશ છું. હું મહાજનમાં આગેવાન છું. પચુસણના તેહવારો ગઢડામાં મુસલમાનો પાળે છે. હીંદુઓ પણ એ દીવસ પાળે છે. મારી સાંભરણથી એ દીવસો પળાય છે. ઘાંચી પચુસણ પાળે છે, એટલે એ દીવસમાં ઘાંચી આઠ દીવસ ઘાણી પીલે નહીં, કંદોઇ આઠ દીવસ કડાયું માંડે નહીં, દાળીયા સુંજનારા મેરુણ ને પોતે દાળીયા સુંજે નહી, છ દીવસ દાળીયા સુંજે નહીં, છ દીવસ સુધી ખાટકી ચાંબડાં રંગે નહીં, ઢેઢ વણકર કરે નહીં, બકાલવાળા બકાલું ઉતારે નહીં, વીસ માણાં ઉપરાંત કોઇ માલ વેચે નહીં, ચાર મણ કે તેથી વધારે દાગીના તોળાય નહીં, ગાડામાં ભરીને માલ વેપારીથી

ગામમાં લવાય નહીં તેમ બહાર લઇ જવાય નહીં. સુતાર, કડીયા, લુવાર, સોની, ઘોબી એ વસવાયાં પોતાનો ધંધો કરે નહીં. એ છ દીવસમાં મોચી જોડા શીવે નહીં, તેમ સરણીગો શરાણ માંડે નહીં, તેમ કુંભાર એક મહીનો ભાઠી કરે નહીં. ફકત દરજી પચુસણમાં પોતાનો કામ ધંધો કરી શકે છે, તે શીવાય બીજા તમામ વસવાયાઓએ પોતાનું કામ બંધ રાખવું જોઇએ. ગઇ સાલમાં ગહડાના એકલા મેમણોએ પચુસણ પાળ્યાં નહોતાં, તે પહેલાંથી કાયમ મેમણો પચુસણ પાળતા હતા.

ઉલટ તપાસ—અમારી નાતમાં માઝનના આગેવાનમાં હીરાચંદ ગોકળ, ડોસાભાઇ ઝુંઝાભાઇ, ઠાકર ગોરધન, મગન વીછા એટલા બીજા આગેવાનો છે. પચુસણ એ લોકો પોતાની રાજી ખુશીથી પાળે છે, અમારાથી ફરજ પાડી શકાતી નથી. જે લોકો મહીનો અને આઠ દીવસ પાળે છે, તેને પચુસણ બેસવાનું આગલે દીવસે માઝનનું માણસ કહી આવે છે કે, તમે કાલથી પચુસણ પાળજો. એ પ્રમાણે આઠ દીવસવાળા ઘાંચી અને કંદોઇને કહેવામાં આવે છે. મહીનો પાળનારા કુંભારને કાંઈ કહેવામાં આવતું નથી. એ કુંભારો શ્રાવણ સુદ ૧ થી ભાદરવા સુદ ૫ સુધી પોતાથી કામ બંધ રાખે છે. જે વસવાયા છ દીવસ સુધી પચુસણ પાળે છે તેમને પચુસણ બેસવાને આગલે દીવસે અમારૂં માણસ પાંચ પાંચ સોપારી આપી આવે છે. પાંચ સોપારી આપી કહેવામાં આવે છે કે કાલથી પચુસણ પાળજો. હું કોઇ વાર સોપારી આપવા જતો નથી. અને કોઇ સોપારી રાખે નહીં તો અમારૂં માણસ સાંજે જાહેર કરે, તેથી તેને બોલાવી ઠપકો આપીએ છીએ, એટલે પછી તે પાળવાનું કબૂલ કરે. સંવત ૧૯૬૨ ની સાલમાં ગોના ધોબીએ એની ધોણ પડી છે, તેથી તેણે સોપારી રાખી નહીં, તેથી તેને બોલાવી કહ્યું ત્યારે તેણે પચુસણ પાળવા કબુલ કરેલું. સંવત ૧૯૬૨ ની સાલમાં ખોજાના ખાનામાં અને મશીદમાં કડીયા કામ ચાલતું હતું તે ઉપરથી એ ખોજાઓને બોલાવી અમે કહેલું, તેથી કામ બંધ રાખેલું. સંવત ૧૯૬૨ ની સાલમાં બીજા એવા દાખલા નથી. ૨૦–૨૫ વરસ પહેલાં મેમણ દાદન સફરને ત્યાં મકાન બંધાતું હતું, તે અમે તેને બોલાવી ના કહેવાથી તેણે મકાન અટકાવેલું. એ કડીયા સુતારે જે દીવસ પાળવું જોઇએ. તે દીવસે કામ શરૂ થતા પહેલાં અમે ખોજા અને મેમણને બોલાવી કહેલું. કડીયા, સુતાર કામ કરવા ગયા પછી બોલાવી કહેલું. એ કડીયા સુતાર આગલે દીવસ સોપારી રાખ્યા છતાં કામ કરવા ગયેલા. એ લોકો કામ કરવા ગયાનું અમને અમલા માણસે કહેલું. પચુસણનું કામ શરૂ થવા માંડતાં પહેલાં અમે અટકાવ્યા હતા. એવા બીજા કાંઇ દાખલા મને યાદ નથી. પચુસણના દીવસમાં ઝાઝો ભાગ અમે ધર્મ ધ્યાનમાં કાઢીએ છીએ, વસવાયા બધા પચુસણ પાળે છે કે નહીં તેનો અમે તપાસ કરતા નથી, પછી કહે છે કે કોણ પચુસણ પાળે છે, અને કોણ પચુસણ પાળતા નથી, એમ માણસ મોકલી અમે તપાસ રખાવીએ છીએ. અમારા બે માણસ ફરતા રહે છે. તેઓ અમને રોજ ને રોજ ખબર આપતા નથી, પણ કોઇએ કોઇ દીવસ બાંગ્યો હોય તો ખબર આપે. બે ત્રણ વરસ ઉપર એક સુતાર જેના નામની ખબર નથી, તે પચુસણના દીવસમાં બજારમાં કંઇ કરતો હોવાનું અમારા માણસે ખબર આપ્યાથી મેં તેની દુકાને જઇ કામ બંધ કરવા કહેલું, તેથી તેણે કામ બંધ કરેલું, કેટલા પચુસણના દીવસ ગયા પછી એ વાત બનેલી તે ખબર નથી. પચુસણના પહેલા

દીવસ પછી એ બનાવ બનેલો. બીજા કોઇ દાખલા માણસે ખબર આપ્યાના બન્યાનું મને યાદ નથી. એ સુતારને અટકાવવા હું ગયેલો. મારી સાથે બીજો માણસ હતો પણ કોણ તે યાદ નથી. પચુસણ નહીં પાળનાર પાસે અમે પારેવાની જાર નંખાવીએ છીએ કે નહીં તે યાદ નથી. ૩.૪ સાલમાં પચુસણ મેમણોએ નહીં પાળ્યાથી અમે તેની સાથે વેવાર બંધ કરવાનો ઠરાવ કર્યો છે. મેમણ સાથે વેવાર બંધ રાખવાની બીજા હીંદુઓને અમે ફરજ પાડી નથી અમારા ગામમાં મોનો ધોબી છે, ગઇ સાલમાં પચુસણ પછી એ ધોબી એ મેમણનાં કપડાં ધોયાં છે કે નહીં તેની મને ખબર નથી. તેમ એ પચુસણ પછી એ ધોબી પાસેથી પારેવાની જાર નંખાવી નથી. સુખડીઆ મેમણને માલ આપે છે કે નહીં તેની મને ખબર નથી. અમારા ગામમાં પીતાંબર સુખડીઓ છે તેમણે ગયા પચુસણ પછી મેમણ લોકને મીઠાઇ વેચી છે કે નહીં તેની મને ખબર નથી. એ બે સુખડીઆનો ગયા પચુસણ પછી મારફતે દંડ કરેલો નથી. અમારા મંજનનો હીરાભ દુલભજી બેચરને ત્યાં રહે છે. તોફાન ન કરવાના મુચરકા ગયા પચુસણમાં અમો મહાજનના લેવાયા છે, મેમણના પણ મુચરકા લેવાયા છે. ગયા પચુસણમાં અમે મેમણ સામે ઝઘડા કર્યા, અને તે બાબતમાં વહીવટદાર સાહેબ પાસે વરદી થઇ, એવું કાંઇ બન્યુ નથી. પચુસણ મેમણે નહીં પાળ્યાની વરદી ન્યાયાધીશ પાસે થયાનું મને યાદ નથી, પણ વહીવટદાર સાહેબ પાસે વરદી થઇ હતી. મેમણે પચુસણ પાળવાની ના કહી, અને અમે કહ્યું કે પાળે તો અમે વેવાર રાખીએ, એવું કાંઇ ન્યાયાધીશ પાસે બન્યું નથી. ગઢડામાં મેમણ ખાટકીઓ પરમાટી વેચે છે કે નહીં તેની મને ખબર નથી. અમે ખાટકી સાથે વેવાર બંધ કર્યો નથી, તેઓ પરમાટી વેચે છે, ચાર ત્રણ વરસથી અમે વેવાર બંધ કર્યો એવું કાંઇ બન્યું નથી. મારે કોઇ દવસ ખાટકી સાથે વેવાર કે લેવડદેવડ થયેલી નથી. ગઢડામાં વાસણ ઘડાતા છે તે કંસારો પરભુ તથા છગન અમરશી છે. વસવાયા પચુસણ પાળે છે તે બદલ અમે તેના ધરમ પાળતા નથી. અમારે મુસલમાન સાથે લાંબી મુદતનો ભેગીસારો તેથી તે પચુસણ પાળે છે. મસીદ આગળથી ગઢાળીની બારી સુધી મારા વેચનાર બેસે છે. ગયા પચુસણ પછી મેમણ લોકોને મારી લેતાં અમે અટકાવ્યા નથી. પચુસણના તહેવારમાં ઉજળવાન સ્ટેશનથી માલ ગાડામાં ભરી અમે વાણીયા લોકો લાવ્યા નથી. નકટીના ડેરા આગળનો રસ્તો પહેલાં ઉચો નીચો નહોતો, ને તે પાંચ છ હાથ પહોળો હતો, હાલ વધારે પહોળો થયો છે. એટલા રસ્તામાંથી ઠાલું ગાડું જઇ શકતું પણ ભરેલું જઇ શકતું નહીં. પાંચ છ હાથથી વધારે નીકળતો માલ ભર્યો હોય તો ગડની વંડી નડતી. નકટીના ડેરા આગળ ત્યાં કોઇ વખત બંગીયાનું જુંપડુ નહોતું. દરજી સીવાયના વસવાયા જે ધંધો કરે તેમાં પાપ થાય, તેથી તે ધંધો અમે પળાવીએ છીએ. કોસ હાંકવામાં પાપ થાય તે અમે અટકાવતા નથી, કારણ કે તે દરબારનું કામ છે. કોઇ વસવાયા પચુસણ ન પાળ્યાથી તેનો દંડ થયો કે પારેવાની જાર નંખાવી તેવો દાખલો આજ સુધી બન્યાનું મને યાદ નથી.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—મુસલમાનની ફરીયાદના કામમાં હું એક તહોમતદાર છું. કોઇ વસવાયા પાસેથી કોઇએ ધંધો લેવો નહીં એવો બંદોબસ્ત મહાજનથી થતો નથી, પણ લોકો પોતાથીજ

એ દીવસોમાં કામ કરાવતા નથી. સોપારી લીધા છતાં કડીયા, સુતાર કામે કેમ જતા તેની મને ખબર નથી. વસવાયાઓમાં આપવામાં કેટલાં સોપારી આપ્યાં અને કોને કોને આપ્યાં એવો કાંઈ દાખલો અમારે ત્યાં નથી. અમે સમજાવ્યા છતાં પચુસણ પાળવાની કોઈએ ના પાડી એવો બીજો દાખલો બન્યાનું યાદ નથી. પચુસણ પાળવાના માઝનમાં કાંઇ નીયમ થયેલા નથી. સંવત ૧૯૬૩ ની સાલમાં પચુસણ બેઠાં તેને આગલે દીવસ મશીદમાં કામ કરતા કડીઆને સોપારી આપવા અમારૂં માણસ અમરચંદ ગંભુ જે મુસલમાનના કામમાં તહોમતવાળો છે તે ગયેલો, તેને તહોમતવાળા ઓસમાણ શેઠે કહ્યું કે સોપારી નહીં લઇએ અને અમારૂં કામ ચલાવવું છે. ઓસમાણે એને મશીદમાં જવા ના કહેલી. કડીયા કોણ હતા અને કડીયાએ શું કહ્યું તે, તે વખત અમરચંદે મને કહ્યું નથી. પચુસણ પહેલાં પાંચ ૭ મહીનાથી એ મશીદમાં કામ ચાલતુ હતું. પછી અમે અમરચંદને કહેલું કે મશીદમાં જે ગામના કડીયા કામ કરવા જાય છે તેને કહી આવજે, અને ભાવનગરના કડીયા છે તેને કાંઇ કહેવું નહીં. પછી ગામના કડીયા ત્યાં ગયા નથી. તે પછી મશીદમાં કેટલા દીવસ કામ ચાલ્યું તેની મને ખબર નથી. અમરચંદે અમને વાત કરી કે તેજ દીવસે ગઢડાના આમદ કાસમ તથા તહોમતવાળા ઓસમાણ આવીને તેજ રાતે માઝનના વંડામાં બોલાવી કહેલું, ત્યારે બંનેએ કહ્યું કે અમે કામ ચલાવશું. અમે તેમને કહેલું કે, હમેશાં કામ બંધ રહે છે, ને આમ શું કામ કરો છો, ત્યારે તે કાંઇ બોલ્યા નહોતા. તે કામ બાબતમાં અમે કાંઇ મશીદે ગયા નથી. ઉપર બતાવેલા બે દાખલા બીજા અને દાદા મેમણ સીવાય ચાલતું કામ અટકાવ્યાના બન્યાનું મને યાદ નથી. પચુસણ બધા પાળે છે કે નહી તેની તપાસ અમારૂં માણસ બધે ઠેકાણે જઇ કરતું નથી, પચુસણમાં મશીદમાં કામ કેમ બંધ ન રાખ્યું તેનો અમે કાંઇ તપાસ કર્યો નથી. આ પચુસણના વખતમાં ગઢડામાં કોઇ મુસલમાન કડીઓ નહોતો. ફક્ત મેમણ સાથે અમારો વેવાર બંધ છે, બીજા મુસલમાન સાથે અમારો વેવાર ચાલુ છે. મેમણ સાથે વેવાર બંધ રાખવાનો ઠરાવ અરધાં પચુસણ પુરાં થયે અમે કરેલો એ બાબતનો ઠરાવ કરવાને માઝને ભેગું થવાને એટલો વખત ગયેલો ઓસમાણે અને આમદે અમને કામ બંધ રાખવાની ના કહી, તે બે જણાના કહેવા ઉપરથી અમે વેવાર બંધ રાખ્યો નથી, પણ આમી અલી, તહોમતવાળો કાસમ અલી, મીઆ તાર તથા બીજા બે ચાર જણા આદી તહોમતવાળામાં નથી, અને જેનાં નામ મને ખબર નથી, તેમને અમે અરધા પચુસણના દીવસ ગયા પછી બોલાવી કહેલું, ત્યારે અમે નહીં પાળીએ, એમ કહેવાથી અમે બધા મેમણ સાથે વેવાર બંધ કરેલો.

સાક્ષીને જુબાની વાંચી બતાવતાં બરાબર છે વાંચું કહે છે.

તા. ૧૧ માર્ચ સને ૧૯૦૮.

૧ શા. લખમીચંદ મોતીચંદની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર

(સહી) વ મનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૭૬.

મારૂં નામ દાદામીયાં છે. મારા બાપનું નામ મહમુદમીયાં છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત કાઠીની છે. મારો ધંધો નોકરીનો છે. મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે. હું ગઢડે રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે તમે તથા બીજા ૩૦-૪૦ મુસલમાનો લાકડી ધોકા લઈ મશીદ આગળ ઉભા હતા ? જ—ના.

સ—પાલખીને તમે ઝેંટ મારી હતી ? જ—મેં પાલખી ભાળીજ નથી.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે અગાસીમાં હતા ? જ—હું ન્યાયાધીશ સાથે હતો.

સ—તે વખતે ડાયા ભગતને તમે ઘુંટણ ઉપર લાકડી મારી હતી ? જ—મેં એને ભાળ્યોજ નથી.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે ? જ—ના.

તા. ૧૨-૩-૦૮.

દાદામીયાં મહમુદમીયાંની સહી દા. જીવરાજ કારકુન.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ,

ન્યાયાધીશ.

## આંક ૭૭.

મારૂં નામ સરદાર છે. મારા બાપનું નામ અમી છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત સીપાઇની છે. મારો કસબ નોકરીનો છે. મારી ઉમર આશરે વરસ ૫૭ છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ તમે તથા બીજા મળી ૨૦-૨૫ મુસલમાનો બપોરે મશીદ આગળ તોફાન કરવા માટે લાકડી ને ધોકા લઇ ઉભા હતા ? જ—ના.

સ—ચેમ્બરમાં ન્યાયાધીશે તમને તોફાનમાં શું કામ ગયો હતો એમ ઠપકો આપ્યો હતો. જ—ના.

સ—ન્યાયાધીશ મશીદ પાસે આવ્યા ત્યારે તમે ધોકો લઇ ઉભા હતા ? જ—હું ન્યાયાધીશ સાથે હતો.

સ—મશીદની અગાશીમાંથી તમે શા કરતા હતા ? જ—ના.

સ—ડાયા ભગતને તમે લાકડી મારી છે ? જ—ના.

સ—પાલખી પહેલી કેમ કાઢી એમ તમે ન્યાયાધીશને ચેમ્બરમાં કહ્યું હતું, જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે ? જ—ના.

તા. ૧૨-૩-૦૮.

૧ સરદાર અમીની સહી દા. પોતાના.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૭૮.

મારૂં નામ અબદલો છે. મારા બાપનું નામ સુમાર છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૨૬ ની છે. મારો કસબ નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે મશીદ પાસે તમે તથા બીજા મળી ૩૦–૪૦ જણા લાકડી ને ધોકા લઇને ઉભા હતા? જ—ના.

સ—તમે ધોકા લઇ પાલખી ઉપર તુટયા હતા? જ—ના.

સ—તમે મશીદ બહાર ઉભા હતા? જ—હું મશીદની અંદર ઉભો હતો.

સ—તમે ડેલીના પડખેના છાપરા ઉપરથી ઘા કરતા હતા? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે. જ—ના.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

મેમણ અબદલા સુમારની સહી દા. પોતાના.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૭૯.

મારૂં નામ ગાંડો છે. મારા બાપનું નામ અસમાલ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ખાટકીની છે. મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે. મારો કસબ કસાઇનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ તમે તથા બીજા ૨૫–૩૦ મુસલમાનો તોફાન કરવા બપોરે મશીદ આગળ લાકડી ધોકા લઇ ઉભા હતા? જ—ના.

સ—તમે મશીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—પાલખી આવી તેના ઉપર તમે તુટી પડયા હતા? જ—મેં પાલખી ભાળી નથી.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે અગાશીમા ઉભા હતા? જ—હું કુવા પાસે ઉભો હતો મેં કોઇને ભાળેલ નથી.

સ—તમે ડાયાને લાકડી કે ધોકો માર્યો છે? જ—ના.

સ—જમાદારને તમે લાકડી મારી છે? જ—ના.

સ—બાર વાગતે તમે ૧૮–૧૨ ખાટકી સાથે તમે મશીદ પાસે ગયા હતા? જ—ના.

સ—તમે મશીદને ડેલીને છાપરેથી ધા કરતા હતા? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે? જ—ના.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

ગાંડા અસમાલની સહી દા. જીવરાજ કા.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૮૦.

મારૂં નામ જમાલ છે. મારા બાપનું નામ જીવા છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત શેખની છે. મારી ઉમર આશરે વરસ ૫૦ ની છે. મારો કસબ નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઇ ભાદરવા સુદ ૧૧ ના રોજ તમે તથા બીજા મળી ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા માટે બપોરે મશીદ પાસે લાકડી લઇને ઉભા હતા ? જ—ના.

સ—તે દીવસ તમે મશીદ બહાર ઉભા હતા ? જ—ના. મશીદમાં નીમાજ પડવા ગયો હતો.

સ—અંબારામ જમાદારને તમે વાંસામાં લાકડી મારી છે ? જ—ના.

સ—તમે પાલખી ઉપર ધસી ગયા હતા ? જ—ના.

સ—ચ્યુસણુમાં મશીદ બહાર તમે બાંકડા ઉપર બેઠા હતા ? જ—ના.

સ—તમે ધયા ભગતને લાકડી મારી છે ? જ—ના.

સ—તે બપોરે સોટી લઇ તમે બજારમાંથી ઉગમણી તરફ દોડી ગયા હતા ? જ—ના.

સ—તમે ડેલીને છાપરેથી ધા કરતા હતા ? જ—ના.

સ—જીવરામને તમે માથામાં લાકડી મારી છે ? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે ? જ—પોર તાજીયાને ભરે જમાદાર સામે હું અહીં ફરીયાદ કરવા આવેલો, તેથી તેણે મારૂં નામ ખોટું આપ્યું છે.

તા. ૧૨–૩–૦૮.

જમાલ જીવાની સહી દા. જીવણજી કા.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૮૧.

મારૂં નામ અબદલો છે. મારા બાપનું નામ મહમદ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત હાજીની છે. મારી ઉમર આશરે વરસ ૨૨ ની છે. મારો ધંધો ખાનગી નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ બપોરે તમે તથા બીજા મળી ૨૦–૨૫ મુસલમાનો મશીદ બહાર તોફાન કરવા માટે ઉભા હતા ? જ—ના.

સ—ગઇ સાલમાં તાજીયા વખતે તાજીયા ઉંચા છે, ને પીપળો નડે છે, તેથી પીપળો કાપવો પડશે એમ તમે અંબારામ જમાદારને કહેલું ? જ—ના.

સ—કતલની રાતે બધેથી પીપળો નહીં નડે એમ તમે કહ્યું હતું ? જ—ના.

સ—પીપળો નડશે અને હવે મારા હાથમાં નથી એમ તમે જમાદાર અંબારામને કહેલું ? જ—ના.

સ—તાજીયા ઉપર ઝાડ કર્યું છે એમ તમે જમાદારને કહેલું ? જ—ના.

સ—ગયા પજુસણમાં તમે મશીદ બહાર ખાંડકે બેઠા હતા ? જ—ના.

સ—ગયા ભાદરવા સુદ ૧૨ ના રોજ મશીદ આગળ તમે પાલખી ઉપર ધસી ગયા હતા ? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે અગાશીમાં હતા ? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે ડેલી બહાર ઉભા હતા ? જ—હું ડેલીની અંદર હતો.

સ—પાલખી નીકળવાની છે માટે ચાલ, એમ તમે ઓસમાનને તે બપોરે કહેલું ? જ—ના.

સ—તમે સાત જણા ભેળા મળીને બજારમાંથી મશીદે ગયા હતા ? જ—ના.

સ—તમે ડેલીને છાપરેથી ધા કરતા હતા ? જ—ના.

સ—તમે જમાદારના હાથ ઉપર લાકડી મારી હતી ? જ—ના.

સ—નારણ કાળાને તમે લમણા ઉપર લાકડી મારી હતી ? જ—ના.

સ—તમારે બીજું કાંઈ કહેવું છે ? જ—ના.

તા. ૧૨ મારચ સને ૧૯૦૮.

અબદલા મહમદની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૮૨.

મારૂં નામ ધસો છે. મારા બાપનું નામ અલી છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૫૨ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઇ ભાદરવા શુદ ૧૨ ના રોજ બપોરે તમે તથા બીજા મળી ૨૦–૨૫ મુસલમાનો લાકડી અને ધોકા લઇ મશીદ આગળ તોફાન કરવા માટે ઉભા હતા ? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મશીદ બહાર ઉભા હતા ? જ—ન્યાયાધીશ પાસે ફરીયાદ કરતો હતો.

સ—તમે મશીદ બહાર ધોકો લઇ ઉભા હતા ? જ—ના.

સ—કોઇને તમે લાકડી કે ધોકો માર્યો છે ? જ—ના.

સ—પાલખી આવી ત્યારે તમે તેના ઉપર તુટી પડ્યા હતા ? જ—મેં પાલખીને જોઇ નથી.

સ—વકાળાના ચોકમાં તમે પાંચ છ જણાએ સામાને ખાટકી લાવવાનું કહ્યું હતું ? જ—ના. હું એ દરવાજે ઉભો નહોતો.

સ—તમે ડેલીને પડખેને છાપરેથી ધા કરતા હતા ? જ—ના.

સ—તમે ડેલીને છાપરેથી ધા કરતા હતા ? જ—ના.

સ—તમે અગાશીમાંથી ધા કરતા હતા ? જ—ના.

સ—તમે સુંદરજીની દુકાન આગળથી લાકડી લઈને નીકળ્યા હતા? જ—ના.

સ—તમે પાંચ સાત ખાટકીઓ લઈ મશીદ તરફ ગયા હતા? જ—ના.

સ—તમે પચુસણમાં મશીદ બહાર બાંકડા ઉપર બેઠા હતા? જ—ના.

સ—પચુસણ પાળવાની તમે લખમીચંદને ના કહેલી હતી? જ—પચુસણ બાબત અમારી પાસે કોઈ આવ્યું.

સ—તમારે બીજું કાંઈ કહેવું છે? જ—હું મશીદમાં નીમાજ પડતો હતો.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮

મેમણ હસા અલીની સહી દા. પોતાના.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૮૩

સ—મારૂં નામ ઓસમાન છે. મારા બાપનું નામ અલી છે. મારા ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઈ ભાદરવા શુદ ૧૧ ના રોજ તોફાન કરવા માટે તમે તથા બીજા મળી ૨૦-૨૫ મુસલમાન મશીદ આગળ ઉભા હતા? જ—ના.

સ—મશીદ બહાર કેમ ઉભા છો એમ પુછવા તમને ન્યાયાધીશે બોલાવ્યા હતા? જ—મને ખબર નથી.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મશીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—પાલખી આવી ત્યારે તમે તેના ઉપર તુટી પડ્યા હતા? જ—તે વખત હું મશીદમાં નીમાજ પડતો હતો.

સ—વાઢેળાના ચોકમાં પાંચ જણાએ સામાને ખાટકી લાવવા કહ્યું હતું? જ—ના

સ—પાલખી નીકળવાની છે માટે ચાલો એમ તમને ભંડારીએ કહ્યું હતું? જ—ના

સ—પછી તમે સાત જણા એકઠા થઈ મશીદે ગયા હતા? જ—ના.

સ—જીવણ ઝીણા તમને મશીદમાં બોલાવવા આવ્યા હતા? જ—ના.

સ—ડેલીના પડખેના છાપરા ઉપરથી તમે ઘા કરતા હતા? જ—ના.

સ—ડેલીને છાપરેથી તમે ઘા કરતા હતા? જ—ના.

સ—અગાશીમાંથી તમે ઘા કરતા હતા? જ—ના.

સ—તમે લાકડી લઈ સુંદરજીની દુકાન આગળથી નીકળ્યા હતા? જ—ના.

સ—તમે પચુસણ પાળવાની લખમીચંદ કામદારને ના કહી હતી? જ—લખમીચંદે મને કાંઈ પુછ્યું નથી.

સ—પચુસણમાં તમે ડેલી બહાર બાંકડા ઉપર તમે બેઠા હતા? જ—ના. મોલવી સાહેબ આવ્યા હતા તેથી ડેલીમાં બાંકડા રહે છે ત્યાં ચડવા માટે બેઠા હતા.

સ—પચુસણ નથી પાળવાં એમ તમે ન્યાયાધીશને જાંગડ વખતે કહ્યું હતું? જ—હા.

ન્યાયાધીશે અમને તેડાવ્યા હતા ત્યારે અમે કહ્યું કે પચુસણ અમે રોના પાળીએ.

સ—તમારે બીજું કાંઈ કહેવું છે? જ—તોફાન થયું ત્યારે અમે મશીદમાં હતા.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

મેમણ ઓસમાણ અલીની સહી દા. પોતાના.

મારા રૂબરૂ

( સહી ) વામનરામ કપીલરામ,

ન્યાયાધીશ.

## આંક ૮૪.

મારૂં નામ સામો છે. મારા બાપનું નામ રેમાન છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ખાટકીની છે. મારી ઉમર આશરે વરસ ૪૫ ની છે. મારો ધંધો કસાઇનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે મશીદ આગળ તમે તથા બીજા મળી ૨૦–૨૫ મુસલમાનો એકઠા થઇ ઉભા હતા? જ—ના.

સ—તમે પાલખી ઉપર ધસી ગયા હતા. જ—ના.

સ—યાયાધીશ આવ્યા ત્યારે તમે મશીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—તમે જમાદારને લાકડી મારી છે? જ—ના.

સ—તમે ડાયાને લાકડી મારી છે? જ—ના.

સ—પાલખી નીકળી ત્યારે મારો, પાલખી ભાગી નાંખો એમ તમે બોલ્યા હતા? જ—ના.

સ—વાદાળાના ચોકમાં અભરામે તથા બીજા ચારે તમને ખાટકી લાવવા કહ્યું હતું? જ—ના.

સ—તમે ખાટકી લઇ બાર વગે મશીદ તરફ ગયા હતા? જ—ના.

સ—તમે ડેલીને છાપરેથી ધા કરતા હતા? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે? જ—હું મશીદમાં નીમાજ પઢતો હતો.

તા. ૧૨ મી માર્ચ સને ૧૯૦૮

સામા રેમાનની સહી દા. જીસાજ દા.

મારા રૂબરૂ

વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૮૫.

મારૂં નામ નુર છે. મારા બાપનું નામ આમદ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૪૨ ની છે. મારો ધંધો નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગઇ ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે તમે ૨૦–૨૫ મુસલમાનો ભેળા થઈ ઉભા હતા? જ—ના.

સ—તમે મસીદ બહાર ધોકો લઇ ઉભા હતા ? જ—ના. હું મસીદમાં હતો.

સ—પાલખી આવી ત્યારે તમે તેના ઉપર તુટી પડ્યા હતા ? જ—ના. હું નીમાજ પડતો હતો

સ—તમે ડાણાને લાકડી કે ધોકો માર્યો છે ? જ—ના.

સ—વાદાળાના ચોકમાં તમે પાંચ જણાએ સામાને ખાટકી લાવવા કહ્યું હતું ? જ—ના

સ—પાલખી નોકળવાની છે તે આવો એમ તમને ભંડારીએ કહ્યુ હતું ? જ—ના.

સ—તમે સાત જણા એકઠા થઇ મસીદ તરફ ગયા હતા. જ—ના.

સ—તમે ૫–૭ ખાટકી લઇ મસીદે ગયા હતા ? જ—ના.

સ—મસીદની ડેલી પાસેના છાપરેથી તમે ઘા કરતા હતા ? જ—ના.

સ—ડેલીને છાપરેથી તમે ઘા કરતા હતા ? જ—ના,

સ—તમારે બીજુ કાંઇ કહેવું છે. જ—ના.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮

રૂબરૂ આમકની સહી દ. પોતાના.

મારો રૂબરૂ

વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૮૬

મારૂં નામ અબનામ છે. મારા બાપનું નામ હાશમ છે, મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૪૦ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગરદામાં રહું છું.

સ—ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ બપોરે મસીદ આગળ તમે ૨૦–૨૫ મુસલમાન એકઠા થઇ તોફાન કરવા ઉભા હતા ? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મસીદ બહાર ઉભા હતા ? જ—ના.

સ—પાલખી આવી ત્યારે તમે તેના ઉપર તુટી પડ્યા હતા ? જ—હું મસીદમાં નીમાજ પડતો હતો.

સ—વાદાળાના ચોકમાં તમે પાંચ જણાએ સામાને ખાટકી લાવવા કહ્યું હતું ? જ—ના.

સ—પાલખી આવવાની છે માટે ચાલો એમ તમને ભંડારીએ કહ્યું હતું ? જ—ના.

સ—તમે સાત જણા એકઠા થઇ મસીદ તરફ ગયા હતા ? જ—ના.

સ—તમે અગાશીમાંથી ઘા કરતા હતા ? જ—ના.

સ—લાકડી લઇ તમે સુંદરજીની દુકાનેથી નીકળ્યા હતા ? જ—ના.

સ—પચુસણ નથી પાળવાં એમ બાંજગડ થતી વખત ન્યાયાધીશને કહેલું ? જ—હું ન્યાયાધીશ પાસે ગએલો ખરો પણ મારો કાકો ઓસમાન અલી ત્યાં હતા એટલે હું રોકાયો નહીં.

સ—પચુસણમાં તમે મસીદ બહાર ઓટલા ઉપર બેઠા હતા ? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે ? જ—તોફાન થયું તે વખત હું મસીદમાં હતો.
તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.
અબરામ હાશમની સહી દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) વામનરામ કપીલરામ,
ન્યાયાધીશ.

## આંક ૮૭

મારૂં નામ જુસબ છે, મારા બાપનું નામ ગની છે, મારો ધરમ મુસલમાનનો છે, મારી જાત મેમણની છે. મારી ઉંમર આશરે વરસ ૨૫ ની છે. મારો ધંધો નોકરીનો છે. હું ગડડામાં રહું છું.

સ—ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે મસીદ બહાર તમે ૨૦–૨૫ મુસલમાનો ઉભા હતા ? જ—ના.

સ—તમે મસીદ બહાર ઉભા હતા ? જ—ના.

સ—ડેલીની પડખેના છાપરેથી તમે ધા કરતા હતા ? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે ? જ—તોફાનને દિવસે હું મસીદમાં નિમાજ પડતો હતો.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

જુસબ ગનીની સહી દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) વામનરામ કપીલરામ,
ન્યાયાધીશ.

## આંક ૮૮

મારૂં નામ હસન છે, મારા બાપનું નામ તાર ઓધા છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉંમર આશરે વરસ ૨૫ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગડડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે તમે ૨૦–૨૫ મુસલમાનો એકઠા થઇ મસીદ પાસે ઉભા હતા ? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મસીદ બહાર ઉભા હતા ? જ—ન્યાયાધીશને મેં જોયા નથી.

સ—તમે ડાયાના પડખામાં લાકડી મારી છે ? જ—ના.

સ—તમે પાલખીની આડે પડ્યા હતા ? જ—મેં પાલખી ભાળી નથી.

સ—તમને અહીં "આવો બોલાવે છે, એમ તમને ભંડારીએ બુમ પાડી હતી ? જ—ના

સ—તમે સાત જણા એકઠા થઇ મસીદ તરફ ગયા હતા ? જ—ના.

સ—તમે અગાશીમાંથી ધા કરતા હતા ? જ—ના.

સ—તમે લાકડી લઇ સુંદરજીની દુકાનેથી નીકળ્યા હતા? જ—ના.

સ—પચુસણમાં મસીદ બહાર તમે બાંકડે બેઠા હતા? જ—ના.

સ—બીજું કાંઇ કહેવું છે? જ—પાલખી નીકળી ત્યારે હું સખાવા પાસે દાતણ કરવા બેઠો હતો.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૬.

હસન વાર ઓસ્માની સહી દા. પોતે.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૮૯

મારૂં નામ સલેમાન છે. મારા બાપનું નામ અબરામ છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૧૮ની છે મારો ધંધો દાળીયા સેકવાનો છે. હું ગદડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવાના ઇરાદાથી તમો ૨૦-૨૫ મુસલમાન મસીદ આગળ ઉભા હતા? જ—ના.

સ—તમે મસીદ આગળ ઉભા હતા? જ—ના મસીદમાં સખાવા પાસે વજુ કરવા ઉભા હતા.

સ—તમે અગાશીમાંથી ઘા કરતા હતા? જ—ના.

સ—પચુસણમાં મસીદ બહાર બાંકડે બેઠા હતા? જ—ના.

સ—બીજું કાંઇ કહેવું છે? જ—ના.

તા. ૧૬-૩-૦૮

સુલેમાન અબરામની સહી દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૯૦.

મારૂં નામ લતીબ છે. મારા બાપનું નામ અબરામ છે મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૧૬ ની છે. મારો ધંધો દાળીયા સેકવાનો છે. હું ગદડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ તોફાન કરવા માટે તમો ૨૦-૨૫ મુસલમાનો મસીદ આગળ ઉભા હતા? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમો મસીદ બહાર હતા? જ—ના.

સ—ડેલીને પડખેને છાપરેથી તમે ઘા કરતા હતા? જ—ના.

સ—લાકડી લઇ તમે સુંદરજીની દુકાનેથી નીકળ્યા હતા? જ—ના.

સ—પચુસણમાં મસીદ બહાર બાંકડે બેઠા હતા? જ—ના.

સ—બીજું કાંઇ કહેવું છે? જ—ના.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

લતીફ અભરામની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૯૧.

મારૂં નામ હસન છે. મારા બાપનું નામ આજમ છે. મારો ધર્મ મુસલમાનનો છે, મારી જાત કાછની છે. મારી ઉમર આશરે વરસ ૨૯ ની છે. મારો ધંધો મદરેસો, નીશા પઢાવવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાનને માટે તમો ૨૦ ૨૫ મુસલમાનો એકઠા થઇ મસીદ પાસે ઉભા હતા? જ—ના.

સ—તમે મસીદ બહાર ઉભા હતા? જ—હું ડેલીની અંદર હતો.

સ—તમે પાલખી ઉપર તુટી પડયા હતા? જ—ના.

સ—અગાશી ઉપરથી ધા કરતા હતા? જ—ના.

સ—બીજું કાંઇ કહેવું છે? જ—હું મસીદમાં હતો

તા. ૧૨-૩-૦૮.

હસન આજમની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૯૨.

મારૂં નામ ઓસમાણ છે. મારા બાપનું નામ ગની છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત કાછની છે. મારી ઉમર આશરે વરસ ૨૭ ની છે. મારો ધંધો નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તોફાન કરવા માટે તમો ૨૦-૨૫ મુસલમાનો મસીદ આગળ ઉભા હતા? જ—હું નદીએ હતો.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મસીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે અગાશીમાં હતા? જ—ના.

સ—તમે ડેલીને છાપરેથી ધા કરતા હતા? જ—ના.

સ—તમારે બીજું કાંઇ કહેવું છે? જ—અમને આઠ જણાને તે દીવસે ૧૦॥ વાગે કારકુન મોતીરામે હુકમ કર્યો હતો કે ગામડાના માણસ આવે તેને જુગાર રમવા દેવા નહીં ને રમે તો પોલીસ જમાદાર પાસે લઇ જવા. તે અમે આઠ જણા કોરટના પટાવાળા તેમાં (૧) હું, (૨) ગફુર, (૩) દાદામીયાં, (૪) જીવણ પટાવાળો, (૫) બાવામીયાં, (૬)

રફીક, (૭) બાબો, ( ) રેમાન. હું ચાર પગથા સુધી બારીના ઝાંપાથી કુંડ સુધી ફરતો હતો, મારી સાથે રેમાન હતો, બીજા સાત જણા બીજી તરફ ફરતા હતા.

તા. ૧૨-૩-૦૮.

ઓસમાણ જાનીની સહી દા. પોતે.

મારા રૂબરૂ

[સહી] વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૯૩.

મારૂં નામ વલીમીયાં છે. મારા બાપનું નામ દાદામીયાં છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત કાછની છે. મારી ઉમર આશરે વરસ ૧૫ ની છે. મારો ધંધો નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—તમે ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા માટે મસીદ આગળ ઉભા હતા? જ—ના.

સ—તમે મસીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—તમે પાલખી ઉપર ધસી ગયા હતા? જ—ના.

સ—તમે અગાસીમાંથી ઘા કરતા હતા? જ—ના.

સ—તમે અંબારામ જમાદારને લમણા ઉપર લાકડી મારી હતી? જ—ના.

સ—બીજું કાંઇ કહેવું છે? જ—હું ૧૧ ને દીવસે ઉમરાળે હતો.

તા. ૧૨-૩-૦૮.

વલીમીયાં દાદામીયાંની સહી દા. પોતે.

રૂમારા રૂબરૂ

[સહી] વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૯૪

મારૂં નામ તાલબ છે, મારા બાપનુ નામ મહમુદ છે, મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત કાછની છે, મારી ઉમર આશરે વરસ ૨૮ ની છે. મારો ધંધો વેપારનો છે હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા માટે મસીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મસીદ બહાર ઉભા હતા? જ—હું દરવાજાની અંદર ચાખ આગળ ઉભો હતો.

સ—તમે જમાદારને લાકડી મારી હતી? જ—ના.

સ—તમે પાલખી ઉપર તુટી પડ્યા હતા? જ—ના.

સ—દાદામીયાંને કેમ સપડાવો છો, શું ગુનોહ કર્યો છે, એવું તમે ન્યાયાધીશને કહ્યું હતું? જ—ના

સ—તમે ડેલીને છાપરેથી ઘા કરતા હતા? જ—ના.

સ—જીવરામ ઉપર તમે લાકડી ઉગામી હતી? જ—ના.

સ—પચુસણુ વખતે મશીદ પાસે ખાંકડા નાંખી બેઠા હતા? જ—ના.

સ—તાજીયા ઉંચા છે, અને પીપળો નડે છે, અને પીપળો કાપવો છે, એવું જમાદારને તમે કહ્યું હતું? જ—ના.

બીજું કાંઇ કહેવું છે? જ—ના.

તા. ૧૨–૩–૦૮.

તાલબ મહમદની સહી દા. પોતાના.

મારા રૂબરૂ.

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૯૫

મારૂં નામ અબરામ છે. મારા બાપનું નામ ગોબર છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ખાટકીની છે. મારી ઉમર આશરે વરસ ૨૮ ની છે. મારો ધંધો ખાટકીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા મશીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે અગાશીમાં હતા? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મશીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—તમે પાલખી ઉપર તુટી પડયા હતા? જ—ના. મેં પાલખી દીઠી નથી.

સ—તમે ડેલીને છાપરેથી ઘા કરતા હતા? જ—ના.

સ—બીજું કાંઈ કહેવું છે? જ—ના.

તા. ૧૨–૩–૦૮

અબરામ ગોબરની સહી દા. જીવરાજ કારકુન.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૯૬

મારૂં નામ અબદલા છે. મારા બાપનું નામ ગની છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૩૦ ની છે. મારો ધંધો નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ તમો ૨૦–૨૫ મુસલમાન બપોરે તોફાન કરવા માટે મશીદ આગળ ઉભા હતા? જ—ના. હું તે દીવસે ગઢડામાં હાજર નહોતો.

તા. ૧૨–૩–૦૮.

અબદલા ગનીની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૯૭.

મારૂં નામ અલીમીયાં છે. મારા બાપનું નામ મહમદમીયાં છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત કાછીની છે. મારી ઉમર આશરે વરસ ૩૮ ની છે. મારો ધંધો નીમાજ પઢાવવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમો ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા મશીદ આગળ ઉભા હતા? જ—અમો ડેલીમાં નીમાજ પઢી બેઠા હતા.

સ—તમે હવાલદાર લક્ષ્મીશંકરને માર્યા છે? જ—ના.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે ડેલી બહાર ઉભા હતા? જ—ન્યાયાધીશ આવ્યા ત્યારે અમે તેમની પાસે ડેલી બહાર આવી અરજ કરવા લાગ્યા.

સ—તમો પાલખી ઉપર ધશી ગયા હતા? જ—ના.

સ—પજુસણમાં તમે બાંકડે મશીદ બહાર બેઠા હતા? જ—અમે ડેલીના અંદર બેઠા હતા.

સ—બીજું કાંઈ કહેવું છે? જ—ના.

તા. ૧૨–૩–૦૮

અલીમીયાં મહમદમીયાંની સહી દા. જીવરાજ કારકુન.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૯૮

મારૂં નામ મામજી છે, મારા બાપનું નામ યાકુબ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ઘાંચીની છે મારી ઉમર આશરે વરસ ૩૫ ની છે મારો ધંધો બળદગાડી ભાડે હાંકવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા માટે મશીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—તમે મશીદ બહાર ઉભા હતા? જ—ડેલીની માહીલીપા જાળી છે, ત્યાં હતો હતો.

તા. ૧૨–૩–૦૮

મામજી યાકુબની સહી દા. જીવરાજ કારકુન.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૯૯.

મારૂં નામ અભરામ છે. મારા બાપનું નામ લાખા છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગઢડામાં રહું છું.

સ.—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા મશીદ આગળ ઉભા હતા ? જ.—ના.

સ.—તમે મશીદ આગળ હતા ? જ.—હું મારી દુકાને હતો.

સ.—સુંદરજીની દુકાનેથી તમે લાકડી લઇને ગયા હતા ? જ.—ના.

સ.—પચુસણમાં મશીદ બહાર બાંકડે બેઠા હતા ? જ.—ના, સોમનાથને મેળે ગયો હતો.

સ.—બીજુ કાંઇ કહેવું છે ? જ.—ના.

તા. ૧૨–૩–૦૮.

અભરામ લાખાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ

( સહી ) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૧૦૦

મારૂં નામ દાઉદ છે. મારા બાપનું નામ અભરામ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત ઘાંચીની છે. મારી ઉમર આશરે વરસ ૩૨ ની છે. મારો ધંધો ગાડી હાંકવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ.—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમો ૨૦–૨૫ મુસલમાનો મશીદ આગળ ઉભા હતા ? જ.—ના.

તા. ૧૨–૩–૦૮.

દાઉદ અભરામની સહી દા. જીવરાજ કારકુન.

મારા રૂબરૂ

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૦૧

મારૂં નામ અભરામ છે. મારા બાપનું નામ બેઆ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૫૦ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગઢડામાં રહું છું.

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ તમો ૨૦–૨૫ મુસલમાન બપોરે તોફાન કરવા મશીદ આગળ ઉભા હતા ? જ.—હું તે દીવસ ઉમરાળે હતો.

તા. ૧૨–૩–૦૮.

અભરામ બેઆની સહી દા. પોતે.

મારા રૂબરૂ

( સહી ) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૦૨

મારૂં નામ તારમામદ છે. મારા બાપનું નામ અલી છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૩૦ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગદડામાં રહું છું.

સ.—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમો ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા મશીદ આગળ ઉભા હતા ? જ.—ના.

સ.—તમે ડેલી આગળ ઉભા હતા ? જ.—ના.

સ.—તમે લાકડી લઇ સુંદરજીની દુકાનેથી નીકળ્યા હતા ? જ.—ના.

સ.—તમે અગાશીમાંથી ઘા કરતા હતા ? જ.—ના.

સ.—તમે ડેલીને છાપરેથી ઘા કરતા હતા ? જ.—ના.

સ.—તમે ડેલી પડખેને છાપરેથી ઘા કરતા હતા ? જ.—ના.

સ.—બીજું કાંઇ કહેવું છે ? જ.—હું તો ડેલીમાં હતો.

તા. ૧૨-૩-૦૮.

તારમામદ અલીની સહી દા. પોતે.

મારા રૂબરૂ.

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૧૦૩

મારૂં નામ જુસબ છે. મારા બાપનું નામ સુમાર છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૨૪ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગદડામાં રહું છું.

સ.—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે તા. ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા સારૂ મશીદ આગળ ઉભા હતા. જ.—ના.

સ.—તમે મશીદ બહાર ઉભા હતા ? જ.—ના.

સ.—તમે પાલખી ઉપર તુટી પડ્યા હતા. જ.—ના. મેં પાલખી જોઇ નથી.

સ.—ઓસમાનના હાટ આગળ થઇને તમે સાત જણા મશીદ આગળ ગયા હતા? જ.—ના

સ.—બીજું કાંઇ કહેવું છે ? જ.—હું મશીદની અંદર નીમાજ પઢવાની જગ્યોએ હતો.

તા. ૧૨-૩-૧૯૦૮.

જુસબ સુમારની સહી દા. પોતાના.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## અંક ૧૦૪

મારૂં નામ મહમુદ છે. મારા બાપનું નામ હાશમ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત સીપીની છે. મારી ઉમર આશરે વરસ ૬૨ ની છે. મારો ધંધો પેનશન ખાવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ.—ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા મશીદ આગળ ઉભા હતા. ? જ.—ના.

સ—તમે ડેલીને બારણેથી ધા કરતા હતા ? જ—ના.

સ—બીજું કાંઈ કહેવું છે ? જ—હું ન્યાયાધીશ સાહેબ બેઠા મશીદે આવ્યો હતો.

૧૨-૩-૦૮.

મહમદ હાશમની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૦૫.

મારૂં નામ અબદલા છે. મારા બાપનું નામ કરીમ છે. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૪૬ ની છે. મારો ધંધો વેપાર. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ને રોજ બપોરે તમે ૨૦—૨૫ મુસલમાનો તોફાન કરવા માટે મશીદ આગળ ઉભા હતા ? જ—ના હું મશીદમાં નીમાજ પડતો હતો.

સ—ન્યાયાધીશ આવ્યા ત્યારે તમે મશીદ બહાર હતા ?

સ—પચુસણમાં તમે મશીદ બહાર બાંકડે બેસા હતા ! જ—ના.

સ—બીજું કાંઈ કહેવું છે ! જ—ના.

તા. ૧૨-૩-૦૮.

અબદલા કરીમની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૦૬.

મારૂં નામ નુરબાઈ છે. મારા ધણીનું નામ મહમદમીયાં. મારો ધર્મ મુસલમાનનો છે. મારી જાત કાઠ્ઠની છે. મારી ઉમર આશરે વરસ ૭૦ ની છે. મારો ધંધો ઘર કામ. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦—૨૫ મુસલમાનો તોફાન કરવા માટે મશીદ આગળ ઉભા હતા તેમાં તમે હતાં ! જ—ના.

તા. ૧૨-૩-૦૮

૧ નુરબાઈ મહમદમીયાંની ઓરતની સહી દા. જીવરાજ

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૦૭

મારૂં નામ ઓસમાન છે. મારા બાપનું નામ રેમાન છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૩૨ ની છે. મારો ધંધો પઢવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમો ૨૦—૨૫ મુસલમાન તોફાન કરવા સારૂ મસીદ આગળ ઉભા હતા? જ—ના.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

ઓસમાન રેમાનની સહી દા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૦૮

મારૂં નામ હસન છે. મારા બાપનું નામ તાર ગીગા છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૨૨ ની છે. મારો ધંધો નોકરીનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા મસીદ બહાર ઉભા હતા? જ—ના.

સ—તમે મસીદ આગળ ઉભા હતા? જ—ના. હું મસીદની અંદર હતો.

સ—તમે પાલખીને ફરી વળ્યા હતા? જ—મેં પાલખી જોઈ નથી.

સ—બીજું કાંઈ કહેવું છે? જ—ના.

તા. ૧૨ મારચ સને ૧૯૦૮.

હસન તાર ગીગાની સહી દા. પોતે

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૦૯

મારૂં નામ કાળુ છે. મારા બાપનું નામ ગીગા છે. મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત સંધીની છે. મારી ઉમર આશરે વરસ ૭૦ ની છે. મારો ધંધો પેનશન ખાવાનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમો ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા મસીદ આગળ ઉભા હતા? જ—ના,

સ—તમે મશીદ બહાર ઉભા હતા ? જ—ના. હું ન્યાયાધીશ સાથે આવેલો.

સ—તમે ડેલીને છાપરેથી ઘા કરતા હતા જ—ના.

સ—ઝટ ચાલો વાર થાય છે, એમ સામા ખાટકીને તમે ચોકમાં કહ્યું હતું ? જ—ના.

સ—બીજું કાંઈ કહેવું છે ? જ—ના.

તા. ૧૨ માર્ચ સને ૧૯૦૮.

કાળુ ગીગાની સહી દા, પોતાના.

મારા રૂબરૂ
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૧૧૦

મારૂં નામ આલશી છે, મારા બાપનું નામ ગોરા છે, મારો ધરમ મુસલમાનનો છે, મારી જાત ઘાંચીની છે, મારી ઉમર આશરે વરસ ૨૫ ની છે, મારો ધંધો એકો હાંકવાનો છે, હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા માટે મશીદ આગળ ઉભા હતા ? જ—ના, હું તે દીવસ બળદ ચારવા ગયો હતો.

સ—ગઇ સાલમાં તમે સરવસની રાતે કુહાડી લઇ પીપળા આગળ ફરતા હતા ? જ—ના.

સ—બીજું કાંઇ કહેવું છે ? જ—ના

તા, ૧૨–૩–૦૮.

આલશી ગોરાની સહી દા. જીવરાજ કા.

મારા રૂબરૂ
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ.

## આંક ૧૧૧

મારૂં નામ સલેમાન છે, મારા બાપનું નામ પોલા છે, મારો ધરમ મુસલમાનનો છે. મારી જાત મેમણની છે. મારી ઉમર આશરે વરસ ૨૦ ની છે. મારો ધંધો વેપારનો છે. હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦–૨૫ મુસલમાનો તોફાન કરવા મશીદ આગળ ઉભા હતા ? જ—ના.

સ—તમે મશીદ આગળ ઉભા હતા ? જ—મશીદની અંદર હું હતો.

સ—બીજું કાંઇ કહેવું છે ? જ—ના.

તા. ૧૨–૩–૦૮.

સલેમાન પોલાની સહી દા. પોતે.

મારા રૂબરૂ
(સહી) વામનરામ કપીલરામ,
ન્યાયાધીશ,

## આંક ૧૧૨

મારૂં નામ સુલેમાન છે, મારા બાપનું નામ અબદલા છે, મારો ધરમ મુસલમાનનો છે, મારી જાત મેમણની છે, મારી ઉમર આશરે વરસ ૨૦ ની છે, મારો ધંધો નોકરીનો છે, હું ગઢડામાં રહું છું.

સ—ગયા ભાદરવા સુદ ૧૧ ના રોજ બપોરે તમે ૨૦-૨૫ મુસલમાનો તોફાન કરવા એકઠા થઈ મશીદ આગળ ઉભા હતા? જ—ના.

સ—તમે અગાસીમાંથી ઘા કરતા હતા? જ—ના.

સ—તમારે બીજું કાંઈ કહેવું છે? જ—ના.

તા. ૧૨-૩-૭૮

સુલેમાન અબદલાની સહી હા. પોતે.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ.

## આંક ૧૧૩

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

મારૂં નામ એસનઅલીમ છે.

મારા બાપનું નામ અબદલાઅલીમ છે.

મારો ધર્મ મુસલમાનનો છે.

મારી જાત આરબની છે.

મારી ઉમર આશરે વરસ ૬૧ ની છે.

મારો કસબ વેપારનો છે.

હું ભાવનગરમાં રહું છું.

તહોમતવાળાના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

તહોમતવાળા અબદલા ગનીને હું ઓળખું છું. ગયા પચૂસણમાં આ-
ગઢડાના મેમણ
વક અને મેમણ લોકોને તકરાર થયેલો. તેમાં મેમણ સાથે વહેવાર બંધ કર્યો તે પ્રસંગમાં તહો-
મતવાળો અબદલા ગની મારી પાસે આવ્યો હતો, તેની જોડે ગઢડાનો અમીઅલી પણ
હતો તેમણે મને કહ્યું કે શ્રાવકોએ લેણદેણ બંધ કરી છે માટે દીવાન સાહેબ પાસે અ-
રજ કરવા જવું છે તેથી તમે સાથે ચાલો, એ એની જોડે અમે એ ત્રણ જણા દીવાન
સાહેબ પાસે ગયેલા તે દીવસે ચાર વાગતે અમે દીવાન સાહેબને મળેલા તે પહેલાં અમે દસ વા
ગતે ગયેલા, તે વખતે દીવાન સાહેબ અમને મળેલા નહીં, કારણ કે તેઓ બહાર ગયેલા
હતા, ચાર વાગતે દીવાન સાહેબને અમે મળ્યા, ત્યારે તેમણે જવાબ આપ્યો કે હું બંદો-
બસ્ત કરીશ તમે તોફાન કરશોમાં. તે પછી રાતરે બાર વાગતે એ અબદલો અને અમી
મારી પાસે આવેલા, અને મને કહ્યું કે ગઢડેથી માણસ આવેલ છે, અને કહે છે કે ગઢડામાં
મશીદ ઉપર તોફાન થયેલું છે. વળી તેમણે એમ પણ કહ્યું કે અમે દીવાન સાહેબ પાસે જઈ
આવ્યા છીએ. અને દીવાન સાહેબે ચીઠી લખવા કહેલું છે, તેથી અમે ગઢડે જઈશું.
મેં કહ્યું કે ભલે જાઓ. એ અબદલા ગનીને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું.

(સાક્ષી બતાવી આપે છે.)

ઉલટ તપાસ—એ દીવસ કયા મહીનાની કઈ તીથી હતી, તે મને યાદ નથી, તે દીવસે એ શીવાય મારા આરબ નાતીલા મારે ઘેર આવેલા એ અબદલા અને અમીને પહેલાં પણ મને ઘણી વખત મળેલા છે એ અમી અને અબદલાએ મને કહેલું કે કોઇ પણ વસવાયા અમારૂં કામ ન કરે એવી હીંદુઓએ બંધી કરી છે ગઢડેથી જે માણસ આવેલો તે માણસ મને મળેલો નથી. મસીદ તોડી નાંખીને ખધાને માર્યા એમ તેણે મને કહેલું એ અબદલો અને અમી આજથી આશરે બે મહીના ઉપર મારી પાસે આવેલા તેજ મહીનામાં મારે ત્યાં બીજા પણ આડતીયા પરગામથી આવેલા તેનાં નામ હું આપી શકું ખરો, તેમનો એક સહયદ હમદમીન મહમદ, એ અબદલો ને અમી આવ્યા તે દીવસે અમારા મુસલમાની મહીનાની કઈ તારીખ હતી તે યાદ નથી,

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલના જવાબમાં—એ અબદલો અને અમીએ મને કહેલું કે વહીવટદાર સાહેબ સાકરલાલભાઈ પાસે જઇ આવ્યા, પણ હીંદુ લોકો માનતા નથી વહીવટદાર પાસે જઇ આવ્યા પછી કેટલે દીવસે મારી પાસે આવેલા તે મને ખબર નથી બંધી થયા પછી મારી પાસે કેટલે દીવસે આવેલા તે મને ખબર નથી હીંદુઓની દીવાળી આસો મહીનામાં આવે છે, તે મોર કે તે પછી મારી પાસે એ લોકો આવેલા તે મને ખબર નથી (પછી કહે છે કે) એ આસો મહીના પછી એ અબદલોને અમી મારી પાસે આવેલા, અમારી ઇદ દીવાળી પછી આવી હતી. તે ઇદ પહેલા કે ઇદ પછી તેં બંને મારી પાસે આવેલા તે બરાબર યાદ નથી, પણ ઘણું કરીને ઇદ પછી મારી પાસે આવેલા.

તા ૧૨ માર્ચ સને ૧૯૦૮

૧ મેસનઅલીમ અબદલાઅલીમ સહી દા જીવરાજ

સાક્ષીની સહી આરબી અક્ષરે પોતે કરેલી છે

મારા રૂબરૂ સોગન ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૧૪

હું મારા ધરમ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

મારૂં નામ ગીરધર છે, મારી ઉમર આશરે વરસ ૨૬ ની છે,

મારા બાપનું નામ ખુશાલ છે, મારો કસબ નોકરીનો છે,

મારો ધરમ જઇનનો છે, હું ભાવનગરમાં રહું છું,

મારી જાત વીશા શ્રીમાળી વાણીયાની છે.

તહોમતવાળાના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હાલ હું હાજી ઇસ્માઇલ નુરમાંમદમાં નોકર છઉં, તેમનો વેપાર ભાવનગરમાં છે. તે પહેલાં હું મુસા અબદલાની નોકરીમાં હતો, તેની દુકાન પણ ભાવનગરમાં છે. ગયા કારતક શુદ ૧૦ ના રોજ મેં એ મુસા અબદલાની નોકરી છોડેલી, ત્યાં સુધીમાં ભાવનગર ખાતે હું અને રાયચંદ માણેકચંદ એનામાં નોકર હતા અને મુંબઇ ખાતે તહોમતવાળો અબ-

દલા ગની નોકર હતો, એ અબદલા ગની ગયા ભાદરવા માસમાં ભાવનગર આવેલો. એ ભાદરવા શુદ ૯ સોમવારે આંહી આવેલો, તે ભાદરવા વદ ૧ ને સોમવારે આંહીથી ગયેલો. એ નોમને દીવસે ધોરાજીથી ભાવનગર આવેલો, એ અબદલા ગની આઠ દીવસ આંહીં રહ્યો, તે દરમીઆન તેણે આંહી અમારી દુકાનનું કોઇ કામ કરેલું નથી, અબદલા ગની અને અમી અલીનો ઉતારો અમારી દુકાને હતો, ત્યાં ભાદરવા સુદ ૧૧ ના રોજ ગઢડેથી નુર આમદ રાત્રે આઠ વાગ્યાની ગાડીએ તહોમતવાળો અબદલા ગની અને અમી અલી પાસે આવેલો અને તેણે હુલડ થવાના ખબર આપ્યા તે દીવસે નુર આમદનો ઉતારો અમારે ત્યાં હતો, એ નુર આવ્યા પછી નુર કે અબદલો અમારી દુકાનેથી ગામમાં કોઇ ઠેકાણે ગયેલા કે નહીં તેની મને ખબર નથી.

ઉલટ તપાસ—અમે દરરોજ એ અબદલાને આંહી આઠ દીવસ જોતા. એને સુવા બેસવાનું અને ખાવા પીવાનું પણ ત્યાંજ હતું તેથી કહું છું કે આઠ દીવસમાં કોઇ બહાર ગયા નથી, અબદલો સવારે ચા વખતે અને બે વખત જમવા માટે અમારે ત્યાં હાજર રહેતો. જમવાનું દુકાનના અંદરજ છે. હું ગામમાં બીજે ઠેકાણે રહું છું, પણ સવારે સાડા સાત વાગતે દુકાને જાઉં. ને એ લોકો બપોરે જમીને જાય ત્યાર પછી હું જાઉં છું, નુર આમદે આવીને રાતરે વાત કરી, તે દીવસે અગીયારસ હતી, એમ મને યાદ રહેલું છે.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલના જવાબમાં—હું બપોરે બેથી સાડા પાંચ સુધી અને રાત્રે સાતથી સાડાદસ અગીયાર વાગતાં સુધી દુકાને રહું છઉં. નુર આમદે વાત કરી કે આજ અગીયારશનો મેળો હતો, ને હુલડ થયું છે ને માણસોને વાગ્યું છે. કોને વાગેલું ને શું નુકશાન થયું છે તે એણે કાંઇ વાત કરેલી કે નહીં તે મને ખબર નથી. મોસમમાં ચાર છ મહીના એ અબદલા મુંબાઇ રહે છે. પછી મુંબઇનું નામું નંખાવવાને માટે આંહી આવે, અને પછી ઘેરે જાય એવો બંદોબસ્ત છે. એ અબદલા ગની અને નુર આમદને હું તહોમતવાળામાંથી બતાવી આપું છઉં.

તા. ૧૧ માર્ચ સને ૧૯૦૮.

૧ શા. ગીરધર ખુશાલની સહી દા. પોતે.

મારા રુબરુ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ
ન્યાયાધીશ

## આંક ૧૧૬

ચાર આનાની ટીકીટ.

મહાલ બોટાદના આ. મે. ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

ફોજદારી કેસ નંબર સને ૧૯૦૭.

કા. લાલજી જેઠા રેવાશી ગઢડાના:..................................ફરીયાદી.

વિરૂદ્ધ

કાજી દાદામીયાં મહમદમીયાં વીગેરે..............................તહોમતવાળા.

તહોમત:—

આ કામના તહોમતવાળાની અરજ એ છે જે—આ કામમાં અમારે અમારા બચાવ માટે નીચે લખ્યા સાહેબની જુબાની લેવાની જરૂર છે.

૧. રા. રા. ભીમજીભાઈ ભગવાનજી તે શ્રીગઢડા સ્વામીનારાયણના મંદીરના કોઠારી તે રૂપાની પાલખી સાથે.

૨. આજમ મહેરબાન પોલીસના ઉપરી સાહેબ તે આ કામના જે કાગળ હોય તે સાથે.

જેથી અરજ કરવાની કે ઉપરના બંને સાહેબોને બોલાવવા મહેરબાની કરશો, તેનું ભથું હુકમ મુજબ રજુ કરવા તૈયાર છીએ.

તા. ૮ મી માર્ચ સને ૧૯૦૮ ભાવનગર.

નાગજી નથુભાઇ,
તહોમતવાળાના વકીલ.

બંને પક્ષની હકીકત સાંભળ્યા બાદ હુકમ આપવા મુલતવી.

તા. ૧૦–૩–૦૮.

(સહી) વામનરામ કપીલરામ,
ન્યાયાધીશ

ઠરાવ.

બંને પક્ષની હકીકત સાંભળી આ અરજી મંજુર કરવાને કાંઇ આધાર નથી. ફકત સેસન્સ કેસમાં એકથી વધારે વખત બચાવનું લીસ્ટ આપવા દેવાની કેદીને સત્તા કાયદો આપે છે. સમન્સ કે વારંટ કેસની મેજીસ્ટ્રેટ રૂબરૂની તજવીજમાં કોઇપણ પક્ષને સાક્ષીનું લીસ્ટ એકથી વધારે આપવા દેવાની સતા કાયદો આપતો નથી. તહોમતવાળાના વકીલ કહે છે કે ફરીયાદીનો પુરાવ પુરો થતાં પહેલાં તેમણે સગવડતા ને વખત બચાવવાના હેતુથી પહેલું લીસ્ટ આપેલું તેથી કાંઇ બચાવમાં ઉતરતાં તેમનો હક જતો રહેતો નથી. વખત બચાવવા કદાચ પહેલું લીસ્ટ અપાયું હશે, એ ખરૂં છે. તો તેજ મુજબ પહેલા સાક્ષી ભીમજીભાઇ માટે પણ જરૂર હતી એ બધા ગદાના સાક્ષી છે બચાવમાં ઉતરવાના વખત માટે બ્રીટીશ ધારામાં ને આંહીના ધારામાં તફાવત છે. બ્રીટીશ ધારામાં ફરીયાદ તરફનો પુરાવો લેવાઇ રહ્યા બાદ તહોમતનો ઇકરાર લેવાયા બાદ જરૂર લાગે તો તહોમત ફરમાવાય છે. આંહીના ધારામાં શરૂથીજ તહોમત ફરમાવાય છે તે પછી ફરીયાદીનો પુરાવ પછી ઇકરાર, પછી બચાવનો પુરાવ લેવાય છે એટલે તહોમત ફરમાવ્યા પછી બચાવ આપવો હોય તો કદીએ પહેલેથીજ તૈયાર રહેવાનું છે. એટલે કોઇ પણ રીતે કેદી તરફની આ અરજી મંજુર રહી શકે એમ નથી. કદાચ કેદીને નુકશાન થવાનો સવાલ હત તો કોર્ટ પોતાથી એવા જરૂરી સાક્ષી તપાસત. ભીમજીભાઇની સાક્ષીની જરૂર હોય તો તે ફરીયાદ પક્ષને (હીંદુ પક્ષને) છે. પાલખી સંબંધનું આ કામ છે, તે બાબતમાં મંદીરના કોઠારી બચાવ પક્ષને શું ઉપયોગી થઇ શકે, તે સમજાતું નથી. ફરીયાદ પક્ષ એ તક જોતો કરે તો કેટલો લાભ બચાવ પક્ષને ગણાય. પોલીસના મહેરબાન ઉપરી સાહેબ પણ આ કામમાં

બચાવને શું ઉપયોગી થઇ પડશે તે સમજાતું નથી. કદાચની તેમની શરૂવાતની માહેતી હશે, આગલા વખતે તેમની બધી માહીતી હશે, પણ તજવીજ કરનાર પોલીસ સ્થાનીક અમલદારની જુબાની આવી ગઇ છે, તો પછી હાલ તુરત આ કામમાં તેમની જુબાનીની જરૂર જણાતી નથી. મુસલમાન ફરીયાદના કામમાં ફરીયાદ પક્ષ તરફથી કદાચ તેઓ ઉપયોગી વકીલોની હકીકતથી ગણી શકાય. અને વકીલ મી. નાગજી કહે છે કે જુસથી એ કામમાં તેમને બોલાવવા રહી ગયા છે. મી. મેરૂજી કબુલ કરે છે કે બીમજીભાઇ તો કાંઇ પણ કહી શકશે એટલે આ કામમાં તો કોર્ટ એ કોઇ સાક્ષીને બોલાવશે નહી. આ કામ હવે પુરૂં થવા આવ્યું છે. તે કોઇ સાક્ષીઓને પોતાથી બોલાવી લંબાવશે નહીં, પણ બંને કામોના ફેંસલા એક સાથે કરવાના છે. ને હીંદુ તહોમતવાળાનો બચાવ હજુ લેવાનો છે. તે વખતે કોર્ટને યોગ્ય લાગશે તો આ બે સાક્ષીને કોર્ટ પોતાથી તપાસવાનું યોગ્ય લાગ્યા મુજબ ઠરાવ કરશે, માટે અરજી માંડી વાળી કામમાં રાખવામાં આવે છે

તા. ૧૩—૩—૯૮.

મારા રૂબરૂ

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૧૭

હું મારા ધર્મ પ્રમાણે પ્રતિજ્ઞા ઉપર સાચું લખાવીશ.

| | |
|---|---|
| મારૂં નામ ગફુલ છે. | મારી ઉમર આશરે વરસ |
| મારા બાપનું નામ લાધો છે. | ૨૭ ની છે. |
| મારો ધર્મ હીંદુનો છે. | મારો કસબ નોકરીનો છે. |
| મારી જાત ઔદીચ બ્રાહ્મણની છે. | હું ગઢડામાં રહું છું. |

ફરીયાદીના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કેઃ—

ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ મંદીર તરફથી વરઘોડો નીકળેલો, તે દીવસે અમને બજારમાં કોઇ જુગાર ન રમે કે તોફાન ન કરે તેનો બંદોબસ્ત કરવા સારૂ ગઢડા કોર્ટના સીરસ્તદારે અમને રાખેલા. અમને આઠ જણાને એવો હુકમ કરેલો. તે આઠમાં હું, તહોમતવાળો ઓસમાણ ગની, તહોમતવાળા દાદામીયાં મહમુદમીયાં, રેમાન રાયમલ, બાવામીયાં જીવામીયાં, છબન બાપન, બાબુ રામજી અને રૂડા ડાયા એ આઠ જણા હતા. પોલીસ જમાદારે મને ચોકમાં અપાસરા પાસે રહેવાનું કહેલું. તહોમતવાળો દાદામીયાં ત્યાં મારી સાથે હતો. હું દસ સાડાદસ વાગ્યે ત્યાં અપાસરા આગળ ગયેલો, તે સાંજના ચાર વાગતાં સુધી હું ત્યાં રહેલો. દાદામીયાં ત્યાં મારી સાથે દોઢ વાગતા સુધી રહેલો. પછી તોફાન થયું તે વખતે એ ક્યાં જતો રહયો તે મને ખબર નથી. ન્યાયાધીશ સાહેબ ત્યાંથી ઉતાવળા જતા અમે જોયા, તેમની સાથે હું અને દાદામીયાં પણ ગયા. અમે ન્યાયાધીશ સાહેબ જોડે મસીદ સુધી ગયા હતા. મસીદ આગળ અમે પાંચ સાત મીનીટ ખોટી થયા હતા, પછી ત્યાં ધકાધકીમાં દાદામીયાં ક્યાં ગયા તેની મને ખબર નથી. હું ત્યાંથી પાછો ફરીને મારી નોકરીએ અપાસરા પાસે ગયેલો.

ઉલટ તપાસ—પોલીસ જમાદાર બતાવે તે નોકરી કરો, એવું અમારી કોર્ટના સીર-સ્તદારે કહેલું. એવો હુકમ અમને દર સાલ થાય છે. ગઇ સાલની પહેલાંની સાલમાં હું એકલો બોટાદના ઝાંપા તરફ રહેલો. ત્યાં તે વખતે પણ હું દસથી ચાર વાગ્યા સુધી રહેલો. પાંચ વરસથી હું નોકરી કરું છું, ત્યારથી દર સાલ એ બંદોબસ્તમાં કામે છીએ. કોઈ વખત મેં કોઈને પકડ્યા નથી. લોકો રમવાની તૈયારી કરતા તેને અમે બંધ પાડેલા છે. ગઇ સાલમાં તોફાનને દીવસે અમારામાંના બીજા પટાવાળા કોણ કયે ઠેકાણે ગયા તેની મને ખબર નથી. ગઇ સાલમાં અપાસરા આગળ અમે હતા ત્યાં કાંઇ જુગટું રમાયું નથી. અમે દોઢ વાગતાં સુધી અપાસરા પાસેથી નીશાળ સુધી ફર્યા કરતા હતા, ત્યાં સુધી દાદામીયાં મારાથી જુદો પડ્યો નથી. હું કાયમથી સ્વામીનારાયણનો ધર્મ પાળું છું, ને મંદીરમાં હું જાઉં છું. હું મારી ન્યાતમાં છઉં. મેં એક કોળણને રાખેલી છે.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—અમને બે જણને એક ઠેકાણે રાખેલા, તે એવા હેતુથી કે બીજાને ખાવા જવાનું ઠીક પડે. હું તો અપાશરે ખાઇને ગયો હતો. દાદામીયાં ૧૧ વાગ્યે ગયેલા તે ૧૨ વાગ્યે ખાઇને પાછા આવેલા. વરઘોડો ત્યાંથી નીકળીને ગયા પછી દાદામીયાં ખાવા ગયેલા. અમે અપાશરે હતા, ત્યાં નદીએથી પાછી આવેલી પાલખી અમે જોઇ નથી. અમને બંદોબસ્ત માટે રાખેલા પણ ન્યાયાધીશ ઉતાવળે જતા હતા તેથી તોફાન થયું હશે એમ ધારીને અમે તેમની જોડે અમારી મેળે ગયેલા. ન્યાયાધીશ જોડે જીવન પટાવાળો ને સરદાર હતા, ને પોલીસના બે સીપાઇ હતા. એ સરદાર આંહી તહોમતવાળો છે તે એજ છે. જીવન પટાવાળાને બંદોબસ્ત માટે મોકલેલો, પણ તે ક્યાંથી ભેગો થયો તે મને ખબર નથી. કોર્ટમાં અને કેદખાનામાં થઇને અમે ૧૩ પટાવાળા છીએ.

તા. ૧૪ માર્ચ સને ૧૯૦૮.

૧ ગફુલ લાધાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ પ્રતીજ્ઞા ઉપર
(સહી) વામનરામ કપીલરામ.
ન્યાયાધીશ.

## આંક ૧૧૯

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

મારૂં નામ મહમુદ છે. મારી ઉમર આશરે વરસ ૫૦ ની છે.
મારા બાપનું નામ બાવા છે. મારો કસબ નોકરીનો છે.
મારો ધર્મ મુસલમાનનો છે. હું ઉમરાળામાં રહું છું.
મારી જાત કાજી છે.

તહોમતવાળાના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું ઉમરાળા મ્યુનીસીપાલીટીમાં નોકર છું. ગઢડામાં તહોમતવાળા દાદામીયાં છે તેને તથા તેના ભાઇઓને હું ઓળખું છું. તેને વલી નામે એકજ દીકરો છે, એ વલીને હું તહોમત-વાળામાંથી બતાવી આપું છું. (સાક્ષી બતાવી આપે છે.) તે ઘણી વખત ઉમરાળે આવે

છે. છેલો વલી ઉમરાજે અમારા સાબાન મહીનાની સાતમી તારીખે આવેલો. તે મારા દીકરાનો સાળો છે. તે વલી તેની બહેનને બોલાવવા આવેલો, તે વખત ગુજરાતી મહીનો ભાદરવો હતો. સાબાન મહીનાની સાતમી તારીખે આવેલો, તે ૧૧ મી તારીખે શુક્રવારે ગયો. જે દીવસની રાત્રે બીજ દેખાય તેને બીજે દીવસથી અમારામાંનો મહીનો શરૂ થાય છે.

ઉલટ તપાસ—સાબાન મહીનાની સાતમી તારીખે ભાદરવા માસની કઈ તીથી આવે તે મને ખબર નથી. એ વલી તેડવા આવેલો તેને પાંચ છ મહીના થયા હશે. રમજાન મહીનો આવતો હતો, તેથી અમારા રીવાજ મુજબ એ વલી એની બેનને તેડવા આવેલો. એ બાઇને પરણ્યાં બાર મહીના થયા હશે. હું ત્રીશ બત્રીશ વર્ષ થયાં મ્યુનીસીપાલીટીમાં નોકર છું.

ફરી તપાસ નથી.

તા. ૧૪ માર્ચ સને ૧૯૦૮.

૧ મહમુદ બાવાની સહી દા. જીવરાજ.

સાક્ષીની આરબી અક્ષરે પોતે સહી કરી છે.

મારા રૂબરૂ સોગન ઉપર

(સહી) વામનરામ કપીલરામ

ન્યાયાધીશ

## આંક ૧૧૯

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

મારૂં નામ રૈમાન છે. માંરી ઉમર આશરે વરસ ૩૮ ની છે.
મારા બાપનું નામ રાયમલ છે. મારો કસબ નોકરીનો છે.
મારો ધર્મ મુસલમાનનો છે. હું ગઢડામાં રહું છું.
મારી જાત સીપાઇની છે.

તહોમતવાળાના વકીલના સવાલના જવાબમાં લખાવું છું જે—

હું ન્યાયકોર્ટમાં પટાવાળો છું, ગયા ભાદરવા માસમાં મંદીરનો વરઘોડો નીકળેલો તે મને ખબર છે. તે દીવસે હું ભડલીને ઝાંપે નોકરી ઉપર હતો, કોર્ટના કારકુનને હુકમ કરેલો કે કોઇ તોફાન કરે કે જુગટું રમે તો પકડીને પોલીસ જમાદાર પાસે રજુ કરવા. હું સાડા દસ વાગે ભડલીને ઝાંપે ગયેલો, બંદોબસ્ત માટે રહેવાનું અમો આઠ પટાવાળાને હુકમ કરેલો, તેમાં હું, તહોમતવાળા ઓસમાણ ગની, તહોમતવાળા દાદામીયાં, ભાણા રામજી, જીવન બાવા, બાવામીયાં જીવામીયાં, ગફુર અને રૂડા ડાયા એ આઠને હુકમ કરેલો. તહોમતવાળા ઓસમાણ ગની મારી સાથે ભડલીને ઝાંપે નોકરી ઉપર હતો. અમે ભડલીને ઝાંપે નોકરી ઉપર બંને જણા બે વાગતાં સુધી રહેલા, સાડાદસ વાગે હું ને ઓસમાણ સાથે નોકરી ઉપર ચડેલા. ત્યાંથી બે વાગે અમે કુંડે ગએલા, નહાવાને લુગડાં ધોવાને અમે કુંડે ગએલા, અને ચાર વાગે અમે ઉતારામાં પાછા આવ્યા ત્યાં સુધી ઓસમાણ મારાથી જુદો પડયો નથી.

ઉલટ તપાસ—અમો બન્ને જણા સાથે સાથે જુદે જુદે ઠેકાણે ગયેલા. બીજા કોણ

કહી જગ્યોએ ગયેલા, તે મને ખબર નથી કોઇ જુગડું રમતા નહોતા, તેથી અમે કોઇને પકડ્યા નથી. અમને ચાર વાગતાં સુધી રહેવાનું કહેલું અને ચાર વાગતાં સુધી ભેગો રહેલો તેથી અમે ત્યાં સુધી રહેલા. પહેલા કોઇ વરસમાં અમને કોઇને નોકરી ઉપર મોકલેલા કે નહીં તે મને ખબર નથી. હું આઠ વરસથી પટાવાળાની નોકરીમાં છઉં એ આઠ વરસમાં હું કોઇવાર નોકરીએ ગયેલો નથી બીજા કોઇ ગયેલા કે નહીં તે મારૂં ધ્યાન નથી. ગઇ સાલમાં અમે ગયેલા તે પ્રમાણે આગળ કોઇ સાલમાં કોઇ પટાવાળા ગયેલા કે નહીં તે મને ખબર નથી. બએ જણાને સાથે મોકલવાનું શું કારણ તેની મને ખબર નથી. કારકુનને ખબર. અમો બંને જણા રોટલા ખાઇને ભડલીને ઝાંપે રહેલા. અમારી ચાર વાગતાં સુધીની નોકરી હતી, છતાં બે વાગતાં પછી બે કલાક લુગડાં ધોવા ગયેલા હતા.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—અમને આઠે જણાને નોકરી મોતીલાલ કારકુને બતાવેલી તેમાં મને અને ઓસમાણને ભડલીને ઝાંપે રહેવાનું કહેલું. અપાશરા પાસે જીવન બાવા અને બાવામીયાંને કહેલું બેને બોટાદના ઝાંપે રોકેલા, અને બીજા બેને ખોપાળાને દરવાજે રોકેલા, પણ કોને ત્યાં રોકેલા તે ખબર નથી. મોતીલાલે બએ જણાને કહેલું, તેથી અમે અમારી મેળે વહેંચાઇ ગયેલા. વરઘોડો નદીએથી પાછો ભડલીના ઝાંપા તરફ વળ્યો અને ત્યાંથી આગળ ચાલ્યો તે પણ અમે જોયેલો, નદીએથી પાછી પાલખી ભડલીના ઝાંપા તરફ આવી અને ત્યાંથી પાછી આગળ ચાલી તે પણ અમે જોયેલ તે પછી અમે ગયેલા.

તા. ૧૪ માર્ચ સને ૧૯૦૮.

૧ રહેમાન રાયમલની સહી દા. પોતાના.

મારા રૂબરૂ સોગન ઉપર

( સહી ) **વામનરામ કપીલરામ,**

ન્યાયાધીશ.

## આંક ૧૨૦.

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

મારૂં નામ વાઘો છે. મારી ઉમર આશરે વરસ ૩૦ ની છે.

મારા બાપનું નામ વસ્તો છે. મારો કસબ હજામતનો છે.

મારો ધર્મ મુસલમાનનો છે. હું ગઢડામાં રહું છું

મારી જાત હજામતી છે.

તહોમતવાળાના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

હું હાપમથી ગઢડામાં રહું છું. ભાદરવા માસમાં અગીયારસે સ્વામીનારાયણનો વરઘોડો નીકળે છે, તે મને ખબર છે. અગીયારશને દીવસે દસ અગીયાર વાગતાં સુધી ઘેર હતો પછી બહાર ગયો. તહોમતવાળા અભરામ લાખાના હાટ પાસે હું બજારમાં જઇને ઉભો રહેલો, તે ઘરાકમાં હતો, તેથી એને હાટથી કોઇ લઇ ન જાય, તે માટે મને એની દુકાને બેસારેલો. અને ઘરાકની ભીંસ હોય ત્યારે મને કામે બેસારે છે, હું નવરો હોઉં તો બેસું છું. ગયા ભાદરવા શુદ ૧૧ ના રોજ હું બપોરે અગીયાર વાગતાથી સાંજસુધી હું એ અબ

રામની દુકાને બેઠો હતો. એ અબરામ હાથાને હું તહોમતવાળામાંથી બતાવી આપું છું તે
દીવસે એને હાટ પરાઠી બાઇ હતી. એ પરચુરણ વેપાર કરે છે.
ઉલટ તપાસ—માલ એની દુકાનની અંદર હતો. એ કાયમ બકાલું વેચે છે. અને
બેઠાને દીવસે ભાવનગરથી પરચુરણ માલ લાવી વેચે છે. નાળીએર, સોપારી, ખોટા વીગેરે
માલ એની દુકાનમાં હતો. એની દુકાને કેટલાં ઘરાક આવેલાં તે મેં ગણ્યાં નથી. હું સુંદરજી
એની દુકાને બેઠું છું. તેથી અગીયારસને દીવસે એને ચીંધ્યું, અને હું બેઠો. તે દીવસ
હું વચમાં ઘેર ગયો નહોતો. અબરામની દુકાન ભડલીને ઝાંપે છે. તે દીવસ મેં વરઘોડો
જોયો નહોતો તેમ પાલખી પાછી આવી તે પણ મેં જોઇ નથી. વરઘોડો નીકળ્યો ત્યારે હું
શીરાવતો હતો, વરઘોડો ને પાછી ફરતી પાલખી એ અબરામની દુકાન આગળ થઇનેજ
નીકળે છે. મારે અબરામ સાથે લેણુંદેણું નથી. એની હજામત પૈસો લઇને હું કે મારો ભાઇ
કરીએ છીએ. વરઘોડો મારા ઘર આગળથી નીકળે છે.

ફરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—એ અબરામની દુકાન બે વખ હાથની છે. દુકાનની બહારના ભા-
ગમાં પાટીયાં નાંખીને હું બેઠો હતો. પાલખી લાંચી પાછી નીકળી તે તો મેં જોયેલું પણ
મા ૧ જોવામાં આવેલ નથી.

તા. ૨૪ માર્ચ સને ૧૯૦૮.

૧ વાંચ્યા વસ્તાની સહી દા. જીવરાજ.

મારા રૂબરૂ .સોગન ઉપર.

(સહી) વામનરામ કપીલરામ.

ન્યાયાધીશ.

## આંક ૧૨૧.

હું મારા દીન ઇમાન ઉપર નજર રાખી સાચું લખાવીશ.

મારૂં નામ હસન છે. મારી ઉમર આશરે વરસ ૩૫ ની છે.

મારા બાપનું નામ ગીગા છે. મારે કસબ વસાણાની દુકાનનો છે.

મારો ધર્મ મુસલમાનનો છે. હું ઉમરાળામાં રહું છું.

મારી જાત મેમણની છે.

તહોમતવાળાના વકીલના સવાલના જવાબમાં લખાવું છું કે—

તહોમતવાળા મેમણ અબરામ બેગાને હું ઓળખું છું, તે ગયા ભાદરવા
માસમાં ઉમરાળે આવ્યો હતો, મેં એને તેડાવ્યો હતો. એ અબરામ બેગાનો કાકાનો દીકરો
અબદલા હાજીરહેમતની બેન મારા ભાઇ જુસબ હાસમ જોડે પરણાવી હતી. એ અબદલા
ઓએ આપેલ છે, તેની મીલકત મારા ભાઇ જુસબને ત્યાં હતી, તે અબરામ બેગાને મીર
કત પાછી સોંપી દેવા સારૂ મેં તેડાવ્યો હતો. એ મીલકત એણે રાખેલી નહી પણ એની
ફજી વાવડી હતી તેને આપી દીધી છે. એ વખત મારા ભાઇના ચોપડામાં થયેલું તે હું
લાવેલ છઉં એ મીલકત સોંપી ત્યારે મારો ભાઇ ઉમરાળે હતો, હાલ પરદેશમાં સંબલપુર
ગામે છે, તેથી હું તેનો ચોપડો લઇ આવ્યો છઉં. તે દસ્તાવેજ રજુ કરૂં છું. તે દસ્તાવે-

૭ની તારીખે રાત્રે દસ્તાવેજ થયેલો, એમાં અભરામ બેગાએ તેજ દીવસે મારા દેખતાં સાહી કરી છે તે પછી અભરામ બેગા ત્યાં ત્રણ ચાર દીવસ રહેલો, શુક્રવારે ગયેલો. તે અમારો સગો હતો તેથી અમે તેટલા દીવસ રોક્યો હતો.

ઉલટ તપાસ—ભાદરવા શુદ ૬ ને દીવસે એ અભરામ બેગા અમારે ત્યાં આવેલો, એ ૭ની તારીખ યાદ રહેવાનું મને કંઇ કારણ નથી. અબદલાએ મને કહેલું કે અભરામને મારે દેવું છે, માટે અભરામને તેડાવો. એ બાઇને વાવડીથી ઉમરાએ તેડાવી, ને ઉમરાએ દસ્તાવેજ ,થયેલો. હાલ અબદલાને એની કાકી ખાવાનું આપે છે અભરામ ત્યાં સાત દીવસ રહેલો. પહેલાં ભાંજગડ ચાલેલી ને પછી અમે એને રોકેલો.

ફેરી તપાસ નથી.

કોર્ટના સવાલમાં—અબદલાની કાકી ગગુનો દીકરો ઉમર નાની ઉમરનો છે. એ દસ્તાવેજ વાઘુભાએ મારા દેખતાં લખ્યો છે. એ દસ્તાવેજમાં મેં કાંઇ શાખ કરી નથી. સ્ટાંપમાં દસ્તાવેજ કરી આપવાનું આ દસ્તાવેજમાં ઠરાવેલું છે. સ્ટાંપનો દસ્તાવેજ આમાં લખ્યા મુજબ થયો નથી. એ સ્ટાંપનો દસ્તાવેજ કેમ કરી આપ્યો નથી તેની મને ખબર નથી. એ માલ લઇ જવાની નોટીસ અભરામ બેગાને તથા બાઇ ગગુ બન્નેને આપેલી. નોંધમાં માલ અભરામ બેગાને સોંપવાનું લખેલું છે, પણ તે નોંધ થયા પછી તે માલ લેવાની અભરામ બેગાએ ના પાડેલી, તેથી એ બાઇને સોંપ્યો. એ નોંધની પછી કાંઇ લખાણ ચોપડામાં નથી બધાં કોરાં પાનાં છે. એમાં પાને ૭૨ મે એક ભાડાખત ચુનીલાલ ગીરધરનું જુસબ હાશમ તથા સલેમાન જુસબ જોગ છે. એજ દુકાન અબદલાવાળી ગગુને સોંપાએલી તે એજ છે. એ ભાડાનો દસ્તાવેજ થયો ત્યારે હું હાજર નહોતો. એ ભાડાખત સંવત ૧૯૬૪ ના ભાદરવા શુદ ૧૧ ના રોજ એ દુકાન તથા બીજો માલ ગગુને સોંપી દીધો છે; તથા આ ભાડાખત સંવત ૧૯૬૪ નું જુસબના નામથી કેમ થયું તેની મને ખબર નથી. એ મીલકતની નોંધ ૭૪ મે પાને છે અને ૭૩ મું પાનું કોરું છે, તેનું કારણ મને ખબર નથી. એ નોંધમાં રૂ. ૩૦) અભરામ બેગાને આપ્યાનું લખેલું છે, તે શી બાબતના છે તે મને ખબર નથી.

તા. ૧૪ માર્ચ સને ૧૯૦૮.

૧ મેમણ હસન ગીગાની સહી દા. પોતાના.

મારા રૂબરૂ સોગન ઉપર.
(સહી) વામનરામ ટપીલરામ
ન્યાયાધીશ.

કાગળ રજુ થયો તા. ૪–૯–૦૮

મગનલાલ મોતીરાવ

પે. કો.

ફો. કે. નં. ૫૫૫ સંવત ૧૯૬૪ ના કામમાં ઠરાવની નકલ લેવા તહો. ના વકીલે આ કાગળ રજુ કર્યો તા. ૪–૯–૦૮

પુરશોતમદાસ છગનલાલ

તોહ. ના વકીલ.

## આ કોર્ટના ફો. કે. નંબર ૫૫૫ સંવત ૧૯૬૪ ના ઠરાવની ખરી નકલ.

આંક ૧૨૮.

## ઠરાવ.

ગઢડામાં ભાદરવા સુદ ૧૧ ના રોજ દર સાલ સ્વામીનારાયણના મંદીરનો વરઘોડો નીકળે છે, તે મુજબ સં. ૧૯૬૩ ની સાલમાં વરઘોડો નીકળેલો, તે પ્રસંગમાં હીંદુ મુસલમાન વચ્ચે કજીઓ થયેલો, તે મસીદ આગળ કજીઓ થયેલો. તેના સંબંધમાં બે કેસો પોલીસે કમીટ કરેલા છે. શરૂ હકીકત હીંદુની ફરીયાદની હોઇને આ હીંદુ કેસ પહેલો તપાસમાં લેવા જેવો છે. સાધારણ હકીકતમાં તો આવાં કામ બહુ ગુંચવાડા ભરેલાં હોઇ શકે નહીં. દરેક પક્ષના મુખ્ય ગુન્હેગારને થોડી સંખ્યામાં પોલીસ કમીટ કરે તેનો ઇન્સાફ તુરતજ થઇ શકે, પણ આ કામોમાં ગઢડાના હીંદુ મુસલમાન વચ્ચેની લાગણી ગઇ સાલમાં મોહરમ વખતથી બગડેલી હોઇને અને પચુસણમાં પણ એવોજ દેખાવ થયેલો હોઇને એ બધી હકીકત આ કામોમાં તપાસવી પડેલી છે, કામોને મોટું રૂપ પક્ષકારોએ આપી દીધું છે. કામ ત્રણ મહિને ચાલવા માંડયું. કામ ચાલતાં ચાલતાં ચાર મહિના થયા ને રજુઆતમાં ૨૦ દિવસ થયા. રજુઆત માટે તઇયારી કરવામાં ત્રણ મહિના લીધા, એટલે ફેંસલો થતાં પહેલાં આ સાલની ભાદરવા સુદ ૧૧ ના આવી જાય તે માટે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

હીંદુ અને મુસલમાન પક્ષે જેટલા શખસોને ગુન્હેગાર જાહેર કર્યા તે બધાને પોલીસે જામીન મુચરકા પર રાખેલા, પણ કમીટીંગ ફોરમમાં થોડા ગુનેહગારને કમીટ કરેલા. જ્યારે પોલીસે કામ ચાલતાં બધા માણસોને હાજર રહેવા મુચરકા લીધા છે, ત્યારે કોરટે એ બધાને હાજર રાખી કામો ચલાવેલાં છે.

આ હીંદુ કેસ સંબંધીની હકીકત એટલીજ તપાસવાની નીકળે છે કે મશીદ આગળથી પાલખી નીકળી ત્યારે મુસલમાને શું કર્યું અને તે સાથે પોલીસના તથા બીજા માણસો હતા, તેમને મુસલમાનોએ શું કર્યુ તે શીવાયની આ કામમાં જણાએલી હકીકત આસપાસના સંજોગોમાં ધ્યાનમાં લેવાની છે.

તોહ. દાદામીયાંએ પાલખીનું જુમખું તોડી લીધું અને લઇ ગયો એ બાબતમાં આ કામમાં પુરાવ પડેલો છે તે બધી હકીકત ધ્યાનમાં લઇને હીંદુ પક્ષના વકીલ મી. ગુલાબરાયે એ બાબતપર દબાણુ કરવાનું યોગ્ય ધાર્યું નથી, આ તેમણે બહુ સારી મુનસફી વાપરી છે, એ વાતજ સાચી જણાઇ નથી એટલે હવે એ બાબતમાં લંબાણુથી લખાણુ કરવાની જરૂર નથી એ બાબતનો પુરાવ હવે નકામો થઇ જાય છે.

મુસલમાનોની મશીદને નુકશાન ઘણું થયું છે તે વાત બીજા કેસમાં તપાસવામાં આવશે પણ એટલું બધું નુકશાન હીંદુ તરફથી થવા માટે તેમને કારણ મળવું જોઇએ. હરેક કાર્ય થવાને કારણુ હોય છે પછી તે કારણુ કાયદાની નજરમાં વ્યાજબી ના ગણાય તે જુદી વાત છે પહેલી પાલખી મંદીરે પહોંચી જાય છે પછી તુરત મશીદે તોફાન થવા માંડે છે એટલે તે પાલખી મશીદ આગળ આવી પહોંચી તે વખતે મુસલમાનોએ કારણુ આપ્યું હશે તેથી પાલખી ઉતાવળે મંદીરે પહોંચાડયા પછી હીંદુઓ સામટા જથામાં મશીદે આવી પહોંચ્યા ને તોફાન શરૂ કર્યું.

હવે પાલખી મશીદ આગળથી નીકળી તે વખતે ને તે પછી તુરત શું હકીકત બનેલી જણાએ છે તે તપાશીએ.

જમાદાર અંબારામ જસમત કાનજી હકા વસતા જસા જેરા અમરા સામળા લાલજી જેઠા ડાઆ ભગત હરી નારણદાસ હરી સ્વરૂપદાસ કરસનદાસ ભકતીનંદન હવાલદાર લક્ષ્મીશંકર મોબતાજી જગનનાથાનંદ દામોદરાનંદ ને સોની નારણુ પાલખી સાથે હોવાનું જણાય છે આજમ ન્યા સાહેબ મી. બારૈઆ રતનશી મુખી ને વલભ જમાદાર ને જીવન પટાવાળો ને માથો તે પછી તુરત મશીદે જઇ પહોંચે છે કારકુન નથુરામ વકીલ બાઇશંકર મોહન લવજી ને જીવરામ ઓઘા ને પરભુ ભાખા ત્યાં નજીકમાં હતા આ બધાથી જણાય છે કે પાલખી મશીદ આગળથી નીકળી ત્યારે ૨૦-૨૫ મુસલમાનો બહાર લાકડી ધોકા લઇ ઉભા હતા. તે પાલખી પર ધસ્યા દાદામીયાં પાલખીને અડકયો પોલીસના માણસો વચે આવ્યા પાલખી ઉતાવળે મંદીરે લઇ ગયા અને પોલીસના તથા બીજા માણસોને માર પડયો તે પછી તેઓ ઘણી ઉશ્કેરાએલી હાલતમાં હતા. આ સાક્ષીઓની જુબાની નહી માનવાને કાંઇ કારણુ જણાતું નથી તેઓ સાચા શાક્ષી જણાયા છે હવે ત્યારે દરેક શાક્ષી કયા તોહ. સામે શું કર્યાનું કહી જાય છે ને દરેક તોહ. સામે પુરાવ કેવી રીતનો છે તે ટુકામાં તપાસવામાં આવશે દરેક શાક્ષીની જુબાની લંબાણુથી તપાસવામાં આવા કામમાં ફેંસલો ઘણો લંબાય જાય.

## અ. શાક્ષીની હકીકત.

૧ જમાદાર અંબારામ—મશીદ બહાર લાકડી સાંબેલાં લઈ ઉભા હતા તેમાં દાદામીયાં ઓસમાણ મુસા અબરામ હાસમ અબદલા મહમુદ તાલબ

સરદાર જમાલ હસન કાજી સામો ને અલી હોવાનું કહે છે ( નામ દે છે )

દાદામીઆં સરદાર જમાલ અબદલા સામા ને વલી પાલખી પર ધસ્યાનું કહે છે

અબદલાએ હાથ પર જમાલે વાંસામાં ને વલીએ લમણા પર લાકડી મારી લક્ષ્મીશંકરને અલી હાજી વલગી પડો.

૨. જમાદાર વલભ—૨૦-૨૫ જણા મસીદ બહાર લાકડી પરોણા લઇ ઉભેલા તેમાં ઓસમાણુ અલી હુસા હસનતાર બોધા અબરામ હાસમ દાદામીઆં અબદલા ભંડારી અલીમીઆં તાલબ ઓસમાણુ ગની જમાલ સરદાર સામો ખાટકી અબરામ ગોબર ને ગાંડો હોવાનું કહે છે ( નામ આપે છે )

તાલબે ને દાદામીઆંએ ન્યાયાધીશને કહેલું કે પાલખી અહીંથી કેમ લઇ જાય.

૩ શુભો રતનશી—ન્યાયાધીશ સાથે મસીદે ગયા ત્યાં સરદાર દાદામીઆં અલીમીઆં હુસા ( નામ દે છે ) હસનતાર બોધા અબરામ હાસમ અને અબદલા કરીમ ( બતાવે છે ) હતા કેટલાક પાસે લાકડી સાંબેલાં હતાં તેને એક ઘા વાગ્યો.

૪ જસમત કાનજી—બાપા ભગતને હુસાએ ગાંડાએ અને નુરઆમદે લાકડી મારી. અંબારામને સામા ખાટકીએ ને જમાલે મારી. લક્ષ્મીશંકરને આંધળા કાજીએ મારેલો પાલખીપર મુસલમાનો ધેકા ઉંચા કરી ધસ્યા હતા. ( નામ દેછે )

૫ હરસા જેરા—૧૮-૨૫ મુસલમાનો લાકડી સાંબેલાં લઇ ઉભા હતા. તેમણે પાલખી અટકાવી જમાદારને સામાએ, ગાંડાએ, તથા જમાલે લાકડી મારી, લક્ષ્મીશંકરને અલીમીયાએ ઠોંટ મારી ને ડાયા પાળાને સરદાર જમાલ તથા સામાએ લાકડી મારી ( નામ દેછે )

૬ અમરા સામળા—પોલીસ સીપાઇ મસીદે દાદામીઆં જમાલ ગાંડો સામો ને સરદાર વીગેરે લાકડી સાંબેલાં લઇ ઉભા હતા. તેઓ પાલખી આડા ફર્યા. ( નામ દેછે )

૭ લવજી જેઠા—૧૫-૨૦ મુસલમાનો લાકડી સાંબેલાં લઇ પાલખીપર ધસ્યા અંબારામને તાલબે લાકડી મારી ડાયાને જમાલે ને ગાંડાએ લાકડી મારી એ લોકોમાં દાદામીઆં સરદાર અબદલા ભંડારી ગાંડો ઓસમાણુઅલી, નુરઆમદ હુસા, સામો, અબરામ, હાસમ, અબદલા સુમાર હસન કાજી ( નામ દેછે ) જુસબ સુમાર ને અબરામ ગોબર ( બતાવે છે ) હતા.

૮ પરભુ બાપુ—મસીદ આગળ દુકાન છે ૪-૫ મુસલમાનો સાંબેલાં લઇ ઉભેલા

પાલખીપર ધસ્યા. પાલખીના ડાંડાને દાદામીયાં ( નામ આપે છે ) અડક્યો અંબારામને તલખે, ગાંડાએ, ને જમાલે લાકડી મારી ( બતાવે છે ) લક્ષ્મીશંકરને આંધળા કાજીએ ઠોટ મારી (બતાવે છે)

૯ ડાહ્યા ભગત—મશીદે ૪૦-૫૦ મુસલમાનો હતા ૧૦-૧૫ સાંબેલાં લઇ આડા ફર્યાં તેને દાદામીઆંએ ને હસનતારબોધાએ ( બતાવે છે ) લાકડી મારી.

૧૦ સાધુ હરી નારણદાસ—૨૫-૩૦ મુસલમાનો ધોકા સાંબેલાં લઇ આડા ફર્યા. તેમાં દાદામીઆં, સરદાર ને ઓસમાણ અલી હતા. (નામ દે છે) દદામીઆં પાલખીને બાઝેલો બધા પાલખીપર ચડી આવ્યા.

૧૧ સાધુ હરી સ્વરૂપદાસ—૨૫ મુસલમાનો લાકડી સાંબેલાં લઇ ઉભા હતા દાદા-મીયાં ઝુમખે બાઝેલો ( બતાવે છે. ) ડાયા ભગતે બુમપાડી તેથી વાગ્યાનું જાણેલું તેમાં સામા રહેમાન પણ હતો ( બતાવે છે ) જમાદારને વાગેલું.

૧૨ સાધુ કેસનદાસ—૨૫-૩૦ મુસલમાનોએ પાલખી અટકાવેલી પાંચ સાત પાસે સાંબેલાં હતાં દદામીઆં પાલખીને બાઝેલો ( બતાવે છે ) ડા-યાની બુમથી તેને માર પડયાનું જાણેલું.

૧૩ સાધુ ભક્તીનંદન—મશીદે ૨૫-૩૦ મુસલમાનો લાકડી ધોકા લઇ ઉભા હતા તેમાં દાદામીઆ હતો ( બતાવે છે ) લાકડી ધોકા પાલખીપર તોળી રાખેલા ડાયા ભગતે રાડ નાખી કે મારો.

૧૪ હવાલદાર લક્ષ્મીશંકર—મશીદ આગળ ૨૫-૩૦ મુસલમાનો લાકડી, સોટા, સાં-બેલાં લઇ ઉભેલા દાદામીયાંએ પાલખીપરજ ઝડપ નાંખી જમાલે અંબારામને લાકડી મારી પોતાને અલીએ ત્રણ ચાર તમાચા માર્યા ને ગળું પકડી રાખ્યું જમાદારને વ-લીએ પણ મારેલો મશીદ આગળ ઉભેલા મુસલમાનોમાં દાદામીઆં વલી, જમાલ, સરદાર, અલી હાફીજી ( નામ આપે છે ) હુસનગની, ગાંડા અસમાલ, સામા રહેમાન ( બતાવે છે ) હસન કાજી ( નામ આપે છે ) હતા.

૧૫ નથુરામ—મશીદે ૧૫-૨૦ માણસો પાલખીને ફરતા ઉભા હતા બે ધોકા ઉંચા થએલા કોઇને ઓળખ્યા નથી.

૧૬ મોણતાજી—મશીદે આવતાં પાલખી પર દાદામીઆંએ હાથ નાંખ્યો ( નામ દે છે )

૧૭ બ્રહ્મચારી જગન નાથાનંદ—મશીદે ધોકા સાંબેલા લઇ મુસલમાનો ઉભેલા ૧૫-૨૦ હતા તેઓ પાલખી પર આવ્યા ડાયાએ રાડ નાંખી કે મારી નાંખ્યો સીપાઇને પણ ત્યાં મારેલા

૧૮ બ્રહ્મચારી દામોદરાનંદ—મશીદે ૧૦-૧૨ મુસલમાનો ધોકા લઇ ઉભેલા તે પાલખી પર આવ્યા પોલીસ આડા ફર્યા એક જણ પાલખીને બાઝ્યો કોઇને ઓળખ્યાં નથી.

૧૯ વકીલ બાપશંકર—પાલખી મસીદે પહોચી ત્યાં તેને ધક્કો લાગ્યો દસ પંદર માણસો પાલખી આડા ને પડખે ધોકા સાંબેલાં લઈ ઉભા રહેલા કોઇ ઓળખ્યા નથી આ શાક્ષી ફરીયાદીના વકીલ છે પણ તેથી કાંઇ તેમની જુબાની ઓછી ભરોસાપાત્ર થતી નથી. તેમણે જુબાની બહુ સીધી રીતે સાદી આપેલી છે.

૨૦ માધો રાજગર—દવાખાનાનો નોકર છે. મી. બારૈયા મસીદે ગયા તે વખતનો એ સાક્ષી છે તે વખતે મુસલમાનો મસીદ બહાર હતા તેમાં દાદામીયાં (નામ દે છે) ગંડો–ઓસમાણ ગની–અબદલા કરીમ–અબદલા માહમદ–સામો–અબરામ ગોબર–તાલબ–ને લતીબ (બતાવે છે) હતા.

૨૧ નારણ કાલા—પાલખી પાછળ હતો અબદલા ભંડારી (બતાવે છે) એ તેને આગળ આવી લાકડી મારી તેથી તેને તમસ આવી આ સખસને વાગ્યાનું આજમ ડા–સા–પણ કહે છે.

૨૨ પટાવાળો જીવન—નદીએથી મસીદે પાલખી પહેલાં આવતા મુસલમાનો ઉભેલા જે આ ધોકા સાથે ઉભા હતા તેમાં દાદામીઆં–જમાલ–અબદલા મહમદ–લાકડી સાથે (નામ દે છે), તાલબ–સામો–(નામ આપે છે) જુસબ સુમાર–(બતાવે છે) સાંબેલા સાથે હસન તારબોધા–ઓસમાણઅલી–અબરામ હાસમ–(નામ દે છે) ઉભા હતા. ઈસા–અબદલા સુમાર–અબદલા કરીમ–અબરામ લાખા–અબરામ બેગા તારમામદ જુસબ ગની–હસન તારગીગા–હસન આજમ–મામદ–(બતાવે છે) ઉભા હતા.

૨૩ મોહન લવજી—પાલખી નદીએથી મસીદ તરફ આવી તે પહેલાં મસીદમાંથી મુસલમાનો લાકડી સાંબેલા લેઇ બહાર નીકળેલા તેમાં ઇસા તુરા–તારમામદ–લતીબ–સલેમાન–તાલબ–(નામ આપે છે) ગાંડા સામા–ને અબરામ ગોબર–(બતાવે છે) હતા. બધા પાલખીપર ધસ્યા દાદામીયાંએ ઝોટ મારી.

૨૪ જીવરામ બોધા—તોફાનનું જાણી તુરત મસીદે જાય છે ઓસમાણ અલી હતો જમાલને પુછતાં કહ્યું પાલખી નહી લઇ જવા દઇએ જમાલે તેને માથામાં માર્યું ને તાલબ તેને મારવા જતો હતો લાકડી સાંબેલા લઇ ઉભેલા તેમાં જમાલ–તાલબ–સલેમાન પોલા–ઓસમાણઅલી–સામો–અબરામ–દાદામીઆં–અબદલા સુમાર–હતા–(નામ દે છે)

ઉપર મુજબનો પુરાવ આ કામમાં પડેલો છે તે સાચો જણાએ છે તે નહી માનવાને કાંઇ કારણ નથી.

## બ. તોફ. સામે પુરાવ.

ના-૧ દાદામીયાં—મી. બારૈઆ ૩૦-૪૦ મુસલમાનોમાં ઉભો હતો ને પાલખી કેમ નીકળી એમ ઉશકેરાઈ બોલ્યો.

અંબારામ—મશીદ બહાર ઉભો હતો પાલખી પર ધસ્યો ને જોડ મારી.

વલભ જમાદાર—રતનશીને જીવનને જીવરામ મશીદ બહાર ઉભોહતો જશમત જશો અમરો લાલજી હરીનારણદાશ હરીસ્વરૂપદાશ કરશનદાસ ભકતી નંદનદાસ લક્ષ્મીશંકર જગનનાથાનંદ મોહન પાલખી પર લાકડી લઇ ધસ્યો જોટ મારી ડાયો ઘુંટણ પર લાકડી મારી મોબતાજી પાલખી પર હાથ નાંખ્યો.

ના. ૨ સરદાર—મી.બારૈઆ તોફાનમાં કેમ ગયો પુછતાં જવાબના આ પો. અંબારામ જસમત લાલજી હરીનારાયણ ધોકો લઇ ઉભેલો પાલખી પર ધસ્યો લક્ષ્મીશંકર ચેમ્બરમાં ન્યાયાધીશને કહેલું કે પાલખી કેમ કાઢી વલભ જમાદારને રતનશી મુખી મશીદ બહાર ઉભો હતો જશો ડાયાને લાકડી મારી.

ના. ૩ અબદલા સુમાર—લાલજી મશીદ બહાર ધોકો લઇ ઉભો પાલખી પર ધસ્યો જીવરામને જીવન મશીદ બહાર ઉભેલો.

ના. ૪ ગાંડા અશમાલ—લાલજીને જશમત મશીદ આગળ ધોકો લઇ ઉભો ડાયાને લાકડી મારી પાલખી પર તુટયો જશો જમાદારને લાકડી મારી લક્ષ્મીશંકર મોહન વલભ જમાદાર મશીદ બહાર ઉભો હતો.

ના. ૫ જમાલ જીવા—અંબારામ જીવરામ ને જીવન વલભ ને જસમત મશીદ આગલ ઉભો હતો અંબારામ કહે છે કે પાલખી પર ચડી આવ્યો ને તેને લાકડી મારી જશમત જશો લક્ષ્મીશંકર અંબારામને લાકડી મારી જીવરામ પોતાને માર્યો જશોને લાલજી ડાયાને લાકડી મારી.

ના. ૬ અબદલા મહમદ—અંબારામ મશીદ બહાર ઉભો હતો હાથ પર લાકડી મારી પાલખી પર ચડી આવ્યો વલભ જમાદાર જશમત વલભને જીવન લાકડી લઇ મશીદ બહાર ઉભો હતો નારણ લખમણ પર લાકડી મારી.

ના. ૭ ઇસા અલી—અંબારામ વલભ જમાદાર રતનશી જશમત લાલજી મોહન જીવન મશીદ બહાર ધોકો લઇ ઉભેલો. પાલખી પર તુટયો જશમત ડાયાને ધોકો માર્યો.

ના. ૮ ઓશમાણ અલી—અંબારામ વલભ જમાદાર લાલજી હરી નારાયણદાસ જીવરામ ને જીવન મશીદ આગળ લાકડી લઇ ઉભેલો ને પાલખી પર તુટયો.

નં. ૯ મામા રહેમાન—અંબારામ વલભ જમાદાર જશમત લાલજી હરી રવરૂપદાસ લક્ષ્મીશંકર મોહન જીવરામ ને જીવન મશીદ બહાર ઉભેલો પાલખી પર ચડી આવ્યો.

જશમતને જુરો જમાદારને માર્યો જશો ડાયાને માર્યો.

નં. ૧૦ નુરે આમદ—જશમત લાલજી મોહન મશીદ બહાર ધોકો લઇ ઉભેલો અને પાલખી પર તુટયો જશમત ડાયાને લાકડી કે ધોકો માર્યો.

નં. ૧૧ અભરામે હાશમ—અંબારામ વલભ જમાદાર રતનશી લાલજી ને જીવન મશીદ આગલઃ ઉભેલો પાલખી ઉપર ધસ્યો

નં. ૧૩ હસન તારમોહમ્મદ—વલભ જમાદાર રતનશી, ડાયો, જીવન કહે છે કે મશીદ આગળ લાકડી લઇ ઉભેલો, પાલખીપર તુટયો, ડાયો કહે છે કે તેને પટખામાં લાકડી મારી.

નં. ૧૫ હસન આજમ કાજી—અંબારામ, લાલજી, લક્ષ્મીશંકર, જીવન, કહે છે કે મશીદ બહાર લાકડી લઇ ઉભેલો, પાલખીપર તુટયો.

નં. ૧૮ વલી દાદામીયાં—અંબારામ ને જસમત કહે છે કે મશીદ બહાર લાકડી લઇ ઉભેલો પાલખીપર ચડી આવ્યો.

અંબારામ કહે છે કે તેને લમણા પર લાકડી મારી લક્ષ્મીશંકર કહે છે કે અંબારામને માર્યો.

નં. ૧૯ તાલબ મહમદ—અંબારામ, વલભ જમાદાર, જસમત મોહન. જીવરામ, જીવન, પરશુ ભાણા, કહે છે કે ધોકો લઇ મશીદ બહાર ઉભેલો, પાલખી પર તુટયા, લાલજી ને પરશુ કહે છે કે જમાદારને લાકડી મારી.

લક્ષ્મીશંકર કહે છે કે ન્યાયાધીશ સાહેબને કહ્યું કે દાદામીયાંને કેમ લઇ જાઓ છો.

નં. ૨૦ અભરામ ગોબર—વલભ જમાદાર—જસમત—લાલજી—મોહન કહે છે કે મસીદ આગળ લાકડી લઇ ઉભો હતો.

નં. ૨૨ અલીમીઆં મહમદમીઆં—અંબારામ—વલભ જમાદાર—રતનશી પરશુ ભાણા કહે છે કે મસીદ બહાર સાંબેલું લઇ ઉભો હતો તે પાલખીપર ધસ્યો.

જસમત—પરશુ ને અંબારામ—કહે છે કે લક્ષ્મીશંકરને માર્યો લક્ષ્મીશંકર કહે છે કે તેને તમાચા માર્યા ને ગળુ પકડયું.

ઉપર મુજબ સતર તોહો—ઓ આ કામના ગુનેહગાર હોવાનું ઉપર મુજબ પુરાવાથી ખાત્રી પુર્વક નીકળે છે એ લોકોને સામટા માણસોએ અમુક કૃત્ય કરતાં ઓળખ્યા છે એ ઓળખનાર લોકો સાં હોવાનું માની શકાય છે એ લોકોએ કોર્ટમાં જુબાની આપી ત્યારે તેમની હકીકતથી તથા ઓળખી કહવાની રીતીથી કોર્ટ તેમને એ તોહો—માટે સાચા ગ-

ચુકેલા છે આવા કામમાં સંતોષકારક ઓળખ હોય ને સાક્ષી જુબાનીથી સાચા મનાય તો બસ છે સાક્ષીઓને તોહ—સામે ખોટું બોલવાને કારણ નથી, સામટા માણસોમાંથી પણ કેટલાક ચહેરા ધ્યાનમાં આવી શકે છે તેમનાં નામ ખબર હોય અથવા દીઠે ઓળખાય જ્યારે સામટા માણસો અમુક તોહ—ને ઓળખી જાય અને તેને અમુક કાર્ય પણ કરતાં જોય અને તે હકીકત તેમની જુબાનીથી સાચી મનાય તો પછી તે તોહ-વીરૂદ્ધ અનુમાન કેમ ના થઇ શકે સામટા સાક્ષીની ઓળખમાં જે આવ્યા છે તેનેજ જુદા પાડી તેની વીરૂદ્ધ ગુનાહનું અનુમાન કરવામાં આવ્યું છે.

પોલીસ તજવીજની સાક્ષીની હકીકતપર બહુ ભાર મુકવામાં આવ્યો છે એ બાબતમાં કામ ચાલતાં આ કોરટે લંબાણુથી ઠરાવ કરેલો છે આવા એકાએક થએલા તોફાનની તજવીજમાં મી. ગુલાબશંકર ફોજદારની ગુંચવણ આપણે સમજી શકીએ છીએ પણ બે સાથે જ્યારે તેઓનાજ કહેવા મુજબ તે કામની એકઠી તજવીજ થાય બે કારકુનને સાથે બેસાડી સાક્ષીને એક સાથે પુછી લેવામાં આવે અને આજમ ફોજદાર કહે છે તેમ દીઠે ઓળખવામાં કોને રાખ્યા હતા તેનો નોંધ નથી ત્યારે કોઇએ પોલીસ હકીકતથી સાક્ષીનો તોલ થઇ શકે નહી પણ તેમની આંહીની જુબાનીથીજ એ કામ થઇ શકે.

હવે એ સતરજણાનો બચાવનો પુરાવ શું છે તે તપાસીએ.

નં. ૧ દાદામીઆં એનો સાક્ષી ગફુલ (આંક ૧૧૭) છે તે કહે છે કે તોફાનને દીવસે
સાડાદસથી દોઢ સુધી દાદામીઆં તેની જોડે અપાસરે પહેરાપર હતો.

આ હકીકત માની શકાતી નથી મી. બારૈઆને કારકુન મોતીલાલ કહે છે કે તેમણે સીપાઇઓને પહેરાપર રાખ્યા નથી આમ પહેરાપર રાખ્યાનું કોરટના ઘણા સીપાઇઓ કહી ગયા છે તે તો ગમે તેમ હોય પણ મસીદ આગળ પહેલેથીજ દાદામીઆંને સામટા સાક્ષીઓએ બરાબર ઓળખ્યો છે તે કોરટનો પટાવાળો છે એટલે મસીદે પાલખી આવવાના વખતપર જઇ પહોંચે એ બનવા સરખું છે, ગફુલ તેનો બાઇબંધ પટાવાળો તેજ કોમનો હોય ને મસીદે પહોંચવાનો વખત ખોટો બતાવે તે બનવા જેવું છે.

નં. ૧૮ વલીમીઆં—ઉમરાળાનો મમદ બાવા એનો સાક્ષી કહે છે કે વલ્લી સુદ ૯ થી
સુદ ૧૩ સુધી ઉમરાળે હતો આટલે વખતે ચોકસ તારીખ કહી જવી એ ફોગટ છે સગા સાક્ષીથી ખોટો બચાવ કરવા આવેલો લાગે છે તે દાદામીઆંનો દીકરો છે એટલે તેજ ફરીયાદ તરફના સાક્ષીઓએ બરાબર ઓળખેલો લાગે છે.

આ બે સાક્ષીની જુબાની આંક ૧૧૭–૧૧૮–જોતાં ગફુલ કહે છે કે તે ને દાદામીઆં વારા ફરતી રોટલો ખાવા ગયેલા ને દાદામીઆં બાર વાગતે પાછો આવેલો હવે આ વખતમાં કાંઇ તફાવત હોય અથવા દદામીઆં પાછો અપાશરે આવ્યો ના હોય તો પાલખી પાછી આવી તે બાબતમાં તેને ખબર નથી મમુદ કહે છે કે વલી, ઘણી વખત ઉમરાળે આવે છે ને સુદ ૯ ના રોજ તેની બહેનને તેડવા આવેલો, તે વખત તેડવા ગયાની નકી તારીખ તેને યાદ રહી શકે નહી એટલે બચાવના આ બંને સાક્ષી કાંઇ ઉપયોગી નથી.

બાકીના પંદર તોહમતવાળાઓએ કાંઇ બચાવ આપેલો નથી.

એટલે ઉપર જણાવેલા સતર તોફ઼–ઓ આ કામમાં ગુનેહગાર ઠરે છે.

બાકીના વીસ તોફ઼–ઓ પર ગુનાહનું અનુમાન થઇ શકે તેવો પુરાવ નથી તે પૈકીના નં. ૧૨–૨૧–૨૫–૨૬–૩૦–૩૧–૩૨–૩૫–ને ૩૬–એ નવ તોફ઼–ઓને તો છોડી મુકવા હીંદુ પક્ષના વકીલ મી. ગુલાબરાયે પણ કોર્ટના પુરાવાથી કબુલ કરેલું છે એટલે સદરહુ વીસ તોફ઼–ઓને આ કામમાંથી છોડી મુકવામાં આવશે.

આ કામમાં રજુ થએલો બાકીનો પુરાવ આંહી તપાસવાની જરૂર નથી તે કેટલોક ખોટો છે ને કેટલોક બીજા કેસને સબંધ રાખતો છે.

ગોધરા દવાખાનાના ડાક્ટર મી. દેવશંકર કહે છે કે હીંદુ કેસમાં તેમણે તપાસેલાને નીશાન જણાએલાં તે નીચે મુજબ છે.

૧ રતનથી—માથામાં એક જખમ.

૨ નારણ કાલા—ડાબી ભમરપર એક જખમ.

૩ અંબારામ જમાદાર—ડાબા કાંડાપર ને જમણા ગાલપર મારનાં નીશાન

૪ લક્ષ્મીશંકર—કપાળમાં લીલ જામ્યું.

૫ ભગવાનસીંહ—ડાબા સાથળપર ને હાથપર લીલ જામ્યું.

૬ હકા વસતા—નાકપર એક જખમ.

૭ ડાહ્યો ભગત—ડાબી ઘુંટીપર લીલ જામ્યું, ડાબા પગના નળાપર બે લીલ જામ્યાં

૮ દેવશંકર—જમણા સાથળપર ઉજરડો, ડાબા હાથપર ને જમણા હાથપર એક નીશાન.

ભગવાનસીંગ ને દેવશંકર જુબાની માટે રજુ થયા નથી. ડાહ્યો તપાસતી વખતે ઢોંગ કરતો જણાયો છે લક્ષ્મીશંકરને થએલું નીશાન થપાટથી થઇ શકે નહીં એમ ડાક્ટર દેવશંકર કહે છે એતો બધું ઠીક છે નીશાન ગમે તે રીતે થયાં હોય પણ સાક્ષીઓ જે શખસોને મારનાર તરીકે ઓળખાવી જાય છે તેની હાજરી તો ત્યાં હોવી જોઇએ કેવળ ખોટું તેમને માટે બોલવાને સાક્ષીને કારણ હોય નહી.

એટલે તોફાનમાં અમુક તોફ઼–ઓ હતા ને તે વખતે કેટલાકને માર તોફાનનો સામાન્ય હેતુ પાર પાડવામાં રહેલો છે, એમ તો વગર શકે સાબીત થાય છે.

ઉપર મુજબ જુજ વ્યથા હીંદુઓને થયેલી છે. તીજ કહી આપે છે કે મુસલમાન તરફથી ભારે મારામારી થઇ ન હતી.

અલીહારીજ, આંધળો છે એ ખરૂં છે પણ તેથી કાંઇ લક્ષ્મીશંકરને તે ના મારી શકે એમ જણાય નહી; સાદ પરથી તેની પાસે જઇ શકાય ખરૂં; તે ગામમાં હરે ફરે છે.

એટલે આ કામની હકીકતથી વગર શકે સાબીત થાય છે કે ઉપર બતાવેલા સતર તોફ઼–ઓ ગઇ ભાદરવા શુદ ૧૧ ના દીવસે બપોરે એક વાગતાના અરસામાં મંદીરની પાલખી મસીદ આગળથી નીકળી ત્યારે મસીદ બહાર લાકડી ધોકા લઇ પાલખી જતી અટકાવવા તથા તોફાન કરવા એકઠા થઇ મસીદ બહાર આવી ઉભા, ને પાલખી નીકળી ત્યારે તે અટકાવી. તોફ઼–દાદમીઓએ તેને અટકાવ્યો ને બીજા તેનાપર ધસ્યા, પછી પોલીસના માણસો આડા પડ્યા ત્યારે તેમને તથા બીજાને સામાન્ય હેતુ પાર પાડવા કેટલાકે માર્યા.

મંગળજીને, વસન કહી જાય છે કે ખાટકી મુસલમાનો એકઠા થઇ બે બાજુથી નીક-

બેઠેલા તે તો માની શકાતું નથી, પરંતુ તેઓ મસીદે તોફાન કરવાજ એકઠા થએલા એમ તો ખાતરી થાય છે તે વખતે નીમાજનો વખત હોય ને કેટલાકે નીમાઝ પણ પડી હશે પણ કાંઇ નીમાજ પડવા તેઓ એકઠા થએલા એમ કહી શકાય નહી એ બધા કોઇ કાયમ દર વખતની નીમાજ પડનારા નથી અને એ લોકો એકઠા થયા છે એમ મંદીરવાળાને ખબર મળી હશે માટેજ પાલખી જોડે તમામ પોલીસના માણસોને રાખવા નદીએથી ગોઠવણ થએલી જણાય છે પાલખી સાથે વાજતું ગાજતું ન હતું એતો ખાતરી છે, બીજા કામમાં મી. જોસીએ એ વાત પડતી મુકી જણાય છે તો પછી ચુપચુપ ખાલી પાલખી લઇ જાય તે મુસલમાનોને મસીદમાં નીમાજ પડતાં ખબર શું થાય કે તેઓ પાલખી આવતા પહેલાં તઇયાર થઇ બહાર ઉભા રહે, એટલે તેમની પ્રથમની તઇયારી માન્યા સીવાય ચાલે એમ નથી.

તોફાનને દીવસે મસીદ આગળ પાલખી નીકળી ત્યારે બનેલા બનાવ સબંધમાં ઉપર મુજબ હકીકત નીકળી છે.

પાલખી નદીએથી પાછી ફરતાં મસીદ તરફથી આવે છે તે બાબતમાં પુરાવ પડેલ છે મુખ્ય કરીને મી. બલવંતરાય, મી. મણીલાલ. મી. ગવરીશંકર, મી સંતોકરામ અને કારકુન પ્રાગજી એજ બાગત માટે લેવાએલા છે એ તમામનો સાધારણ સાર એજ નીકળે છે કે વરઘોડામાં બે પાલખી નીકળતી તેમાની એક નદીએથી ખાલી પાછી ફરતી ને મસીદને રસ્તે થઇને લઇ જતા તેમાં પણ ઠાકોરજી હોવાનું કેટલાક કહે છે તે માની શકાતું નથી. તે સાથે વાજતું ગાજતું તો નહતું રહેતું એમ બધા કહે છે, ઠાકોરજી હોય ને વાજતું ગાજતું ના હોય તેનું કારણ સમજાતું નથી. ને તે કોઇ સાક્ષી પણ સમજાવી શકયા નથી. ભડલી ઝાંપા તરફ જતી પાલખીમાં નદીએથી બધા ઠાકોરજી બેસારતા એમ કેટલાક સાક્ષીનું કહેવું થાય છે તે સાચું જણાય છે, મસીદ તરફની ખાલી પાલખી ઠાકોરજી વગરની ને, વાજાંગાજાં વગરની જતી એમજ એક અંદર હકીકતથી નીકળે છે, દર વરસ પાલખી મસીદ આગળથી નીકળતી એમ તો સાબીત થતું નથી. તેમ તેવી કોશીશ થવાની પણ જરૂર નથી, ગયા તોફાન વખત પહેલા નીકળતી એમ ફરીયાદવાળા બતાવી આપે છે તે બસ છે, ખાસ એ બાબતના લેવાએલા સાક્ષીઓ આબરૂદાર છે તેનો દરેક જણ આ બાબત લખાવી જાય નહી માટે તેઓ ખોટું કહેવા આવ્યાનું મી. જોસીનું કહેવું યોગ્ય જણાયું નથી. વાજાંગાજાં વગરની ખાલી પાલખી મસીદ આગળથી લઇ જાય તેમાં મસીદવાળાને જરાપણ હરકત હોઇ શકે નહી ને હોવી જોઇએ નહી; હોડકું ત્યાંથી લઇ જવામાં આવે છે નદી આગળનો રસ્તો પ્રથમ ખરાબ હશે પણ ત્યાંથી પાલખી આવી ના શકે એમ ખાતરી ભર્યું આ કામમાં જણાયું નથી. ઉલટું તેથી વીરૂદ્ધ, પાલખી આવતી એમ જણાયું છે.

એ ખાલી પાલખી સાથે પ્રથમ કોઇ પોલીસના માણસ પણ નહી રહેતા હોય એમ લાગે છે કેટલાક સાક્ષી એમ ખુલું કહે છે, કેટલાક ખબર નહી હોવાનું કહે છે, એ રસ્તે ભીડ થોડી પાલખીમાં ઠાકોરજી હોય નહી એટલે જોખમ પણ હોય નહી પછી પોલીસની જરૂર પણ ત્યાં નહી; પણ ભડલી ઝાંપે જતી પાલખી સાથે સ્વભાવીક રીતે હોય.

હવે તાબુત અને પચુસણ સબંધની હકીકત તપાસવાની રહી.

તોફાન થયું છે ને હાલ કામો ચાલે છે એટલે પુરાવામાં તો દરેક પક્ષના માણસ પોતાના લાભનું રહી જાય તેમાં નવાઇ નથી. હીંદુ પક્ષ કહે છે કે પ્રથમ પચુસણ પાળતા ને ગઇ સાલ નહી પાળ્યાં ને મુસલમાન પક્ષ કહે કે કોઇ સાલ પાળ્યાં નથી, તેમાં તેમને જુબાનીથી ખોટા પાડવા સહેલા નથી પણ એક અંદર વીચાર કરતાં એમ લાગે છે કે પચુસણ નહી પાલવા મુસલમાન પક્ષે ગઇ સાલમાં પહેલીજ ના પાડેલી છે, તે પહેલાં તો પાળતા હતા, ગઇ સાલમાં હીંદુઓએ વ્યવહાર બંધ કર્યા, સ્થાનીક અમલદારો પાસે વાત ગઇ તેવું બીજી કોઇ સાલમાં થયાનો પણ કહેવામાં આવતું નથી. ગઇ સાલ હીંદુઓએ વ્યવહાર બંધ કર્યા તે મુસલમાને પચુસણ નહી પાળ્યાં તેથીજ; તો પછી ગઇ સાલનો એ પહેલોજ બનાવ ગણાય. મહાજનના અગ્રેસર લખમીચંદ મોતીને કોરટે પુછી જોયુ કે એ બાબતનો કાંઇ ચોકસ નોંધ છે? ત્યારે તેમણે ના કહી; ત્યારે એ બાબતમાં કાંઇ ચોકસ પુરાવની આશા રહી શકે નહી. મોહરમનો પ્રસંગ મુસલમાન ટેહવારનો છે, ગઇ સાલના મોહરમના પ્રસંગમાં મુસલમાન પક્ષની કાંઇ કસુર જોવામાં આવતી નથી. નાટક કંપનીને લીધે કે ગમે તે કારણથી પોલીસ જમાદાર અંબારામ સાથે તેમને સારી લાગણી નહતીજ. સરપસની રાત્રે શું બન્યું તેના સબંધમાં ત્રાહિત લવજી ઝીણાની જુબાની બીજા કામમાં પડેલી છે તેથા એમ જણાય છે કે સરપસની રાત્રે એને તેડવા અંબારામ જમાદાર ને ઓસમાણ આવી ગએલા, અંબારામે કહ્યું, તાબુત પસાર થવામાં બે પક્ષને વાંધો છે, ઓસમાણે કહ્યું કે હીંદુ પક્ષ વાંધો લે છે, બ્રાહ્મણો વીગેરે ૧૦૦ હીંદુઓ એકઠા થએલા તે કહે કે મુસલમાન પીંપળો કાપવાના છે પણ તે ખોટું જણાયેલું તેમની પાસે કાંઇ ઓજાર પણ ન હતાં, તાબુતા સલામતીથી પસાર થઇ ગયા. પીંપળો બાંધેલો એમ પણ લવજી કહી શકતા નથી પણ લવજી તો કહે છે કે તાબુતાપર કાંકરી પડેલી તેથી મુસલમાન ઉશ્કેરાય નહી માટે તેણે તેનો જુદો ખુલાસો કરેલો કાંકરી પડેલી એતો ખરૂં છે હવે ત્યારે આ કસુર તે હીંદુની કે મુસલમાનની હીંદુએજ અટકચાળું કરી કાંકરી નાંખેલી જણાય છે રાત્રે તાબુત પસાર થઇ ગયા તો બીજે દીવસે ઠંડા કરવા લઇ જવામાં શું બાધ નડયો કહે છે કે મુસલમાન લોકોએ તે દીવસે તાબુતા ઉપાડયાજ નહી હશે, તકરાર ખાતર કબુલ કરી પણ તે કેમ બનવા પામે મુસલમાન પક્ષે જોયું હોય કે સબંધ ધરાવતો અમલદાર વર્ગ વીરૂદ્ધ છે તે રાત મુજબ પણ વખતે કાંકરી ચાળો થશે ને તાબુતા પસાર થશે નહી ત્યારેજ તેઓ બેસી રહ્યા હશે તાબુતા વખતસર ઠંડા થાય તેમાંજ મુસલમાન પક્ષનો ધર્મ સચવાય અને તેથીજ તેઓ રાજી રહે તો વગર કારણે તેઓ ધર્મ વીરૂદ્ધ વર્તન શા માટે ચલાવે! મી. મંતોકરાય ફોજદાર આંક ૨૭ મી લખાવે છે તે ધ્યાનમાં લેવા જેવું છે, સરપસની રાત્રે તે તાબુતામાં ગયા નહતા ઠંડા કરવાને દીવસે તે ગયા નહતા ને ભાવનગરથી જમાદાર આવ્યા ત્યારે તેમને દરદ હતું છતાં તેવો ગયેલા, જમાદારના રીપોર્ટથીજ વગર તપાસે પહેલાજ મુચરકા મુસલમાનના લેવાયા, જમાદાર કહે છે કે રાત્રે સહેજ તકરાર થયો પણ તાબુતા પસાર થઇ ગયા તકરારની ખાતરી તેમણે કરી નહી અને ઠંડા કરવાને દીવસે તેઓ ગયા નહી ને એજ જમાદારને સોંપે છે જામીન મુચરકા લેવાયા તેથીજ તકરાર થઇ ને તાબુતા ઠંડા કરવા ઉપાડયા નહી એ તેમનું કહેવું કેમ માની શકાય, તો તો રાત્રેજ

તાજીયા શું કામ ફરવા નીકળે તાજીયામાં મુસલમાનને હીંદુ તરફથી કનડગત થઇ ત્યારે પચુસણ પાળવાની તેમણે ના કહી હોય એ બનવા જેવું છે; ત્યારે વાણીયાએ વ્યવહાર બંધ કર્યો હશે તેને પરીણામે જળ ઝીલણી અગીયારશનો દીવસ મોટો સામાન્ય તહેવારનો તુરત તે પછી આવતો હોય ને પાલખી જતી અટકાવવા મુસલમાનોએ ધારેલું હોવું જોઇએ અને તેટલા માટે મોટો જથ્થો મસીદમાં મળેલો તેમાં કાયમના નીમાજ નહી પડનારા પણ આવી ગયા, કોઇ વખત આ પાલખીમાં ઠાકોરજી હોતા નથી એમ જણાય છે આ વખત માટે તો કેટલાક સાક્ષીયો ઠાકોરજી હોવાનું કહે છે કેટલાક નહી હોવાનું કહે છે ને કેટલાક ખબર નહી હોવાનું કહે છે એટલે એ પણ અચોકસ હકીકત ગણાય. પોલીસના માણસો તો ઇરાદા પુર્વક પાલખી સાથે બધા રાખવામાં આવેલા જે મોટા વરઘોડા સાથે પાછા જતાં કોઇ પણ રહેવા પામ્યા નહી એટલે નદીએથીજ તઇયારી સાથે આ વખત પાલખી મસીદ તરફ લાવેલા હોવા જોઇએ ઠાકોરજી હોવાનું બધા એક સરખી રીતે કહી જતા નથી ત્યારે એમ માની શકાય કે મુસલમાનો પાલખીને અડકયા અને તેમાં ઠાકોરજી હતા એટલે અપવીત્ર કર્યા એમ માનવા માટેજ ઠાકોરજી હોવાનું કેટલાક કહેતા હોય એતો ગમે તેમ હોય. ઠાકોરજી હતા કે નહી તે મુદાનું નથી ઠાકોરજીના સામાનવાળી પાલખીને પણ મુસલમાન પક્ષ અડકે તો તે અપવીત્ર બની ગણાય; હીંદુઓએ જાણ્યું હશે કે મસીદ પાસે વખતે તોફાન થશે તેથી તમામ પોલીસના માણસોને સાથે રાખ્યા હોય.

એટલે પાલખી જતી અટકાવવા ખાતરજ મશીદ આગળ કેટલાક મુસલમાન લાકડી સાંબેલાં લઇ બહાર ઉભા હતા અને તેવો ઉપર બતાવેલા ૧૭ જણા હતા; એમ જણાયું છે એટલે તેઓ પાલખી આવી ત્યારે ગેરકાયદે મંડળીના અંગભુતો હતા.

ત્યાં કેટલાકને માર પડેલો છે તે મારવાનો ઇરાદો પણ તેમાં સમાઇ જાય છે પાલખીને હરેક રીતે અટકાવવાના હેતુથી એ બધા એકઠા થાય તો પછી તે કામમાં મારામારી પણ થાય એમ ધરાયલું હોવું જોઇએ એ પાલખી અટકાવવાના અંગનુંજ કામ ગણાય તે કાંઇ તેનાથી સ્વતંત્ર ગણાય નહી તે તેજ વખતે અને તેજ જગ્યાએ થવા પામે છે માટે ગમે તેણે માર માર્યો હોય પણ ત્યાં એકઠા થએલા બધાને માટે જવાબદાર છે તેમાંથી કોણે કોને માર્યો તે આવા હંગામામાં નકી થઇ શકે નહી અને તે કરવાની જરૂર પણ નથી એટલે મારનારા બાબતમાં જુદી જુદી હકીકત આપ્યાનું કહી બી. જોશી તેને સાબીત ઠેરવવા માંગે છે તે દલીલ કેવળ નકામી છે પાલખી નીકલી ત્યારે ત્યાં માર તો પડયો છે એમ એક અંદર હકીકતથી સાબીત થાય છે.

પોલીસના માણસોને માર્યા ત્યારે તેઓ ફરજ બજાવતા હતા કે કેમ

પાલખી સાથે પોલીસના માણસો રહેલા તે સુલેહ જાળવવા ખાતરજ રહેલા જણાય છે; આવા પ્રસંગમાં તેમને સાથે રાખવાને બીજું કાંઇ કારણ હોઇ શકે નહી પાલખીને અટકાવવા મુસલમાનો મસીદ પાસે ઉભા હતા તેમાંથી પાલખી ચાલી ગઇ તે પોલીસને લીધેજ પોલીસ ત્યાં બંદોબસ્ત રાખવા રહેલા, પાલખી જોડે એકલો અમરો ગયો ને બીજા ત્યાં રહયા એ ખરી વાત છે તેઓ કાંઇ વસ્તી માફક તમાસો જોવાને ત્યાં ઉભા ન હતા તો પછી તેમને માર પડેલો છે એટલે તેમને ફરજ બજાવતા માર પડયાનું કહી શકાય ત્યાં કોઇ તેવો ખાનગી

ગૃહસ્થ તરીકે ઉભા રહેલા માની શકાય નહી મી. જોસી પોલીસવાળાને તથા બીજાને ત્યાં માર પડ્યાનું તો કબુલ કરે છે. પણ તે તેમણે કાંઇ કહ્યું હશે કે કર્યું હશે તેથી માર પડેલો એવી દલીલ કરે છે આવું કાંઇ કેવળ અનુમાન સ્વીકારી શકાય નહી એવો જરા પણ પુરાવો નથી. મી. જોસી વળી કહે છે કે તોફાન કરવા મુસલમાનો લાકડી સાંબેલાં લઇ ઉભા થયા હોય તો આમ સહેજ બનાવથી બંધ પડે નહી એ વાત તો જુદી છે પાલખી અટકાવવા તેવો તૈયાર હોય માટે પાછળથી પણ જબરી મારામારી કરી શકેજ એમ કાંઇ બની શકે નહી પ્રસંગની હકીકતમાં તેઓ ફાવી ન શક્યા હોય અથવા વીચાર બદલાયો હોય અથવા દેખાવ કરવાનો તેમનો ઇરાદો હોય ને પાલખીને અડકીને તથા તે પર ધસીને તથા સહેજ મારામારી થાય એમ હીંદુપર વેર લેવાનું તેમણે ધાર્યું હોય ને પોલીસ વચમાં આવે તેમને પણ સહેજ માર પડે એ બનવા જેવું છે.

મી. જોસીએ " ઓટ " શબ્દ માટે બહુ જોરજોર દલીલ કરી છે તેઓનું માનવું એમ છે કે તેનો અર્થ " અડકવા જવું " એવો થાય છે એમાં " અડકવાનો " સમાવેશ થતો નથી આ તેમના વીચાર માટે તેમણે કાંઇ શબ્દકોશનો આધાર બતાવ્યો નથી એ શબ્દ બહુ સાધારણ વપરાશનો છે તેમાં અડકવાનોજ સમાવેશ થાય છે " ઓટ મારવા જવું " ને " અડકવા જવું " એક છે " ઓટ મારી " એટલે તો ખરેખર " અડકયો " એમ છે.

તાબુતમાં હીંદુઓએ અડચણ કરી હોય તેથી મુસલમાને પર્યુસણ ના પાળ્યાં અને તેથી હીંદુઓએ વ્યવહાર બંધ કર્યાં હોય તે કાંઇ બાબત સાથે આ કેસને સંબંધ નથી એતો દરેક ગામના વ્યવહાર બનાવ છે હીંદુઓ તાબુતમાં અડચણ કરે તો તે માટે યોગ્ય ઇલાજ છે પર્યુસણ નહી પાળ્યાને વ્યવહાર બંધ થયો તે તેમની ખુશીની વાત છે પણ એ કોઇ બહાને આવી રીતે તોફાન કરવામાં મુસલમાનો વ્યાજબી કહેવાય નહીં.

જેમ મુસલમાન ફરીયાદ મોડી થઇ છે તેમ આ ફરીયાદ પણ મોડી થઇ છે બંને પક્ષે કાયદાના સલાહકારોની મદદ મેળવવામાં ઢીલ કરી હોય તો તે બનવા સરખું છે.

હીંદુ ફરીયાદ અરજી ( ૨૧ ) માં તેર જણાના નામ આપી બીજા પણ ગુનોહ કરવામાં હતા એમ બતાવ્યું છે તે તેર પૈકી અગીયાર ગુનેહગાર સાબીત થયા છે ને બાકીના પૈકે ૭ ગુનેહગાર સાબીત થયા છે.

આ કામમાં મી. ગુલાબરાયે દલીલ જાહેર કરવા માંડી ત્યારે મી. જોસી હાજર ન હતા પણ મી. નાગજીએ કબુલ કરેલું કે વરઘોડામાં બે પાલખી નીકળતી એ તો સાચું છે પણ તે બંને પાલખી નદીએથી પાછા ફરતાં ભડલીને ઝાંપેજ આવતી મી. જોસીએ દલીલના પોતાના જવાબમાં પણ એટલું કબુલ કરેલું છે એકકે પાલખી મસીદ આગળથી પાછી આવતી એતો ખાતરીથી સાબીત થયું છે.

મી. ગુલાબરાયે સંતોષકારક રીતે દલીલમાં બતાવી આપ્યું છે જે મુસલમાનો ત્યાં મસીદ તોફાન માટેજ ભેળા થએલા નીમાજ માટે ભેળા થયા ન હતા મી. બારૈયા સામે તેમણે જે દેખાવ કર્યો હતો તે એ અનુમાન માટે ઘણો પુરતો છે.

મી. બારૈયાના ઘોડાની વાત મુસલમાન ફરીયાદ અરજીમાં બતાવાયેલી નહી હોય ને તે

સાચી માનવા મી. ગુલાબરાય ના કહે છે પણ તે કાંઈ મી. બારૈયા સામે ફરીયાદ ન હતી કે તેમાં એ વાત લખવી પડે. જ્યારે કેસ ચાલવાનો પ્રસંગ આવે ત્યારે તે વાત અગત્યની હતી ને ત્યારેજ જાહેર થઇ છે કે તેમની પાસે કેસ ચાલે નહી. મી. બારૈયાએ પણ ધોકો મસીદમાં રહ્યાનું ને તપાસ કરવાનું કોઇને જાહેર કર્યું નથી. મી. સાકરલાલ કહે છે કે બીજી પાલખી લઇ જતાં મંદીરે જતાં દરમીયાન મી. બારૈયાએ એ વાત કરેલી અને મી. બારૈયા તો કહે છે કે મંદીરેથી કોર્ટમાં ગયા પછી જીવને તેને વાત કરેલી કે ધોકો આલસીને આપેલો છે ને મંદીરેથી આવતાં તેમણે મી. સાકરલાલને કહેલું. હવે આવીને પસ્તાવંક વાતો નીકલી હોય તો ધોકા માટે કેમ તુરત તપાસ ના થાય પછી તોફાન બંધ થએલું હતું ત્યાં જવામાં કાંઇ હરકત ન હતી જીવન કારકુન પણ બહાર નીકળી તુરત મી. બારૈયા પાસે જઇ એ વાત કરે ખરો તેમ તો તે કરતો નથી; જીવન મસીદમાં ઓશમાણને તેડી લાવે પછી ધોકો તેને નહી આપતાં આલશીને આપે એ મનાએજ કેમ, અને માર પડવાની બીહીક ક્યાંથી રહે; આલસી તોહ-તરીકે કહે છે કે તે તો બલદ ચારવા ગયો હતો, એટલે મી. બારૈયાએ મુસલમાન વર્ગમાંના કેટલાકનો દેખાવ જોઇ ધોકો ફેંક્યો હશે એજ સાચું લાગે છે પુરાવાનું પ્રથકરણ બંને પક્ષે તઇયાર કરી એક બીજા સાથે મેળવી કોરટ પાસે રજુ કરવા કબુલ કરેલુ પણ તે મુજબ તેઓએ પાછળથી ગમે તે કારણથી કરેલું નથી ક્યા તોહ-સામે કયો પુરાવ કેવી રીતનો છે એવી તેમની સંમતીથી યાદી અપાઇ હત તો તે આ કોરટ તથા કામ ઉપર જાય ત્યારે ઉપલી કોરટને ઉપયોગી થાત ખરી.

મી. જોશી કહે છે કે તાજીયામાં ને પચુસણમાં મુસલમાનોએ મુચરકા લખી આપ્યા તેથી તેમને શાંન્ત સ્વભાવના અને તોફાન ના કરે એવા માની લેવા જોઇએ આ દલીલ મંજુર રહી શકે એવી નથી, એ તો હુકમથી થએલું કહેવાય. તે પ્રમાણે અમલ ના થાય તો તેનું પરીણામ કદાચ એ ના પાડનારને ભોગવવું પણ પડે અલીમીયાંએ માર્યો ને હશન કાજીએ તેને વાર્યો તે વારંવારથીજ મુસલમાનો તોફાન કરવા ભેળા નહતા થયા એમ મનાવવા મી. જોશી માંગે છે પણ તે વારંવારનું તો કદાચ તે વખતે એ હસનને મન થયું હોય તેથી કાંઇ તેમના પહેલાં એકઠા થવાને લાભ મળી શકતો નથી એ વારંવારની હકીકત બીજા કોઈ સાક્ષી કહેતા નથી.

પાલખીના બનાવને પોલીસને માર્યાનો બનાવ તદન જુદો રખાવવા મી. જોશી ની કોશીશ નીષ્ફલ જાય છે; ઉપર બતાવી ગયા મુજબ એ બંને બનાવો જોડાયલા છે પાલખી પર તોફાન કરવા મુસલમાનો તઇયાર થએલા તેમાં બચાવે પોલીસ આવ્યા ને તેમણે માર ખાધો. આ બધો એકજ વ્યહવાર ગણાય પાલખી નીકળતી વખતે તોફાન માટે મુસલમાનો તઇયાર થઇ બહાર ઉભા, પાલખી પર ધસારો કર્યો અને પછી ઉશકેરાઇ જઇ મી. બારૈયા સામે પણ તે બાબતમાં તકરાર કરી તેથી તે બધા તોફાન કરવા સામાન્ય ઇરાદાથી ભેગા થયાનો ઠરાવ થઈ શક્યો છે.

ગેર કાયદે મંડલીનો સામાન્ય હેતુ સાથી જણાયો, મંડળીની વર્તણુંક તેમણે આપેલી ખબર અને અંગભુતોની ભાશા અને ખાસ કરીને આગેવાનોને ઉશકેરનારાઓની ભાશા મેઇન ક્રીમીનલ લો. પા. ૫૨૬

પાંચ કે વધારે માણસની મંડળીનો હેતુ બીગાડ સાપરાધ પ્રવેશ કે કાંઇ ગુનોહ કરવાનો હોય તો અથવા સાપરાધ બળથી કે સાપરાધ બળના દેખાવથી કોઇ માણસ કાંઇ કામ કરવા બંધાએલો ના હોય તે કરવાની અથવા જે કરવા તે કાયદેસર હકદાર હોય તે નહી કરવા ફરજ પાડવાનો હોય તો તે મંડળી ગેર કાયદાની છે આ કામમાં મુસલમાનોનો હેતુ પાલખીને અપકૃત્ય કરી ને ગુનોહ કરવાનો અને પાલખી એ રસ્તે લઇ જવા મંદીર વાલાનો કાયદેસર હક હોવા છતાં તે નહી લઇ જવા ફરજ પાડવાનો જણાયો છે એટલે તે ગેરકાયદે મંડળી છે.

જુમખું લઇ ગયાનું પહેલું તોહમત ફીર્દુ પક્ષે દલીલ વખતે પડતું મુકયું છે એટલે તે ફરીઆદીમાં વીરૂધ નાસાબીત થાય છે.

બીજાને ત્રીજા તોહમતમાં જુમખું લઇ જવાની હકીકત મુકાય છે તે દલીલ રજુ થયા પહેલાંનું છે દલીલ વખતે જુમખુ લઇ જવાની હકીકત મુકી દેવામાં આવી છે પણ પાલખીને અડકયો એમ તો નીકળ્યું છેજ; તેથી અપવીત્ર ગણાય. મી. ગુલાબરાયે દલીલ ખુલ્લા શબ્દોમાં કર્યા છતાં મી. જોશી તરફથી તે સામે કાંઇ જવાબ અપાયો નથી એટલે એ હકીકત માન્ય થએલી ગણાય એથી પણ બીજું ને ત્રીજું તોહમત સાબીત ગણાય જુમખું લઇ જવામાં પાલખીને અડકવાનો સમાસ થાય છે.

એટલે બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, ને ૭મું એ તમામ તોહમતો ઉપર બતાવેલા સત૨ તોહમતવાળા પર સાબીત થાય છે.

ત્રીજા ને છઠ્ઠા તોહમતમાં કલમ ૧૫૭ ને ૧૪૮ મુખ્ય ગુનાહના તોહમત કેટલાક પર મુકવામાં આવેલાં છે પણ તે કૃત્યો તેગણેજ કર્યાં એવો કાંઇ ખાસ સાબેતી નથી માટે તેને બદલે એ તોહમતના પાછલા ભાગના તોહમતમાં કોરટે મજકુર તોહ-ઓને સમાવી દેશે એટલે કે તમામ ૧૭ તોહ-ઓને ૧૫૭-૧૧૧ તથા ૧૪૮-૧૧૧ મુજબ તકશીરવાન ઠરાવવામાં આવશે.

હવે આ ફેંસલો બંધ કરતાં આ કામના આંહીના તથા બહારના બાહોસ વકીલોએ આ ગુંચવાડા ભર્યા કેશો ઘણી ખંત અને ધીરજથી ચલાવ્યા અને તે દરમીઆન લાંબી મુદતમાં તેઓ કોરટ સાથે ઘણી સલુકાઇથી વરત્યા અને દલીલ વખતે વીદ્વાન કૌનસલ મી. જોશી અને વીદ્વાન વકીલ મી. દેશાઇયે ઘણીજ મહેનત કરી કામની હકીકત કહી સંભળાવી કોરટને કીમતી મદદ આપે છે તે ખાતે સંતોષની નોંધ કોરટ આંહી લેવાને ઘણી ખુશી છે.

વીદ્વાન કૌનશલ મી. જોશીએ પ. કાઠી. લો. રીપોર્ટસ પા. ૧૭૫ ના પ્રખ્યાત વાંસાવડ કેશ પર કોરટનું ધ્યાન ખેંચ્યું છે એ ફેંસલો મોટા શીતેર પાનાનો છે તેમાં ગેરકાયદે મંડળીની હયાતી સાબીત ના જણાતાં અને કોણે કોને માર્યા તે સાબીત નહી થતાં તોહ-ઓને છોડી મુકવામાં આવ્યા છે એ તોહ-એક પુરાવનો અને હકીકતનો સવાલ છે દરેક સાક્ષીયે શું હકીકત કહી જે દરેક તોહ-એ શું ખુલાશો કર્યો ને તેમાં બતાવી તે પર ટીકા કરવામાં આવી છે તે જોતાં તેમાં સાક્ષીઓ શરૂ તપાસમાં શું કહી ગયા ઉલટમાં શું કહી ગયા કમીટીંગ કોરટમાં શું કહ્યું પોલીસમાં શું કહ્યું તે પર બહુ આધાર રાખવામાં

આવ્યો છે આ કામમાં તો પેલીશ તજવીજ પર ધ્યાન નહીં આપવા આ કોરટે ઠેરવેલું છે એટલે આહીનીજ જુબાની પર આધાર રહયો વાંસાવડ કેસમાં તોહ—તાલુકદારો વીગેરે ઉંચ ગ્નાતીના સતાવાળા: હતા કુલડમાં એવા લોકો કેમ જાય ને તેમના તાબામાં હલકા માણસો કેમ ના જાય તે બાબતનો સવાલ હતો, આમાં કાંઈ એવો સવાલ નથી મશીદનો ધર્મ પાળનારા બધા સરખા મુસલમાનો આ કામમાં સપડાયા છે તો પણ વસાવડ કેસ મુજબ સવાલ આ કામમાં ઉઠી શકતો હોય તો પણ તે સવાલ પર ધ્યાન આપવાનો આ કોરટનો મત નથી તોહ—ને બરાબર ઓળખવામાં આવ્યા હોય તો તે કેમ કુલડ કરે, એ કાંઈ સવાલ નથી. પક્ષો વચ્ચે વાંધો ચાલતો હોય તેમાં આવો તક હાથ આવે ને તેનો ઉપયોગ કરવામાં આવે એ નહી બનવા જેવું નથી-મહેજ ઇજાથી જતા મુકયા એ સવાલ પર પણ વસાવડ કેસમાં ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રથમ જણાવી ગયા મુજબ આ કામમાં તે સવાલને કાંઇ ઉપયોગીપણું અપાયું નથી કેટલા માણસને કેવી ઇજા થઇ શકે તે હકીકતનો સવાલ પ્રસંગ અનુસરતો છે વસાવડ કેસમાં બાવળના ઝાડ માટે એકઠેજ વાંધો હતો તે બધાને સામાન્ય અભ્યાસ નહી, એમ ઠરાવવામાં આવ્યું છે પણ આ કેસમાં તો મુસલમાનો એમજ માની લાકડી વીગેરે લઇ તોફાન કરવા એકઠા થએલા કે પાલખી આંહીથી નીકળતી નથી છતાં લાવ્યા માટે તોફાન કરી અટકાવવી એટલે સામાન્ય હેતુ બર લાવવાનો ઇરાદો દેખીતોજ છે, એટલે આ વસાવડ કેસથી આ કામને કાંઇ અસર થઇ શકતી નથી.

એટલે નીચે જણાવેલા વીસ તોહમતવાળાઓ નંબર ૧૨ જુસબ ગની નં. ૧૪ સલેમાન અભરામ નં ૧૫ લતીબ અભરામ નં. ૧૭ ઓસમાણ ગની નં. ૨૧ અબદલા ગની નં. ૨૩ મામદ યાકુબ નં ૨૪ અભરામ લાખા નં ૨૫ દાઉદ અભરામ નં ૨૬ અભરામ એગા નં ૨૭ તારમામદ અલી નં ૨૮ જુસબ સુમાર નં ૨૯ મહમુદ હાસમ નં. ૩૦ અબદલા કરીમ નં. ૩૧ નુરભાઇ ગુલામહુશેન નં ૩૨ ઓસમાણ રહેમાન નં ૩૩ હસન તાર ગીગા નં ૩૪ કાસુ ગીગા નં ૩૫ આદશી મોરા નં. ૩૬ સલેમાન પોલા અને નં. ૩૭ સલેમાન અબદલા.

ઉપર મુકાએલા તોહમતો સાબીત થતા નથી માટે કોર્ટ તેમને નીરદોષ ઠરાવી છોડી મુકવા ફરમાવે છે.

અને કોરટ ઠરાવે છે કે નીચે બતાવેલા સતર તોહ—ઓ નં. ૧ હાશમીઆં મહમદમીઆં નં. ૨ સરદાર અમી નં. ૩ અબદલા સુમાર નં. ૪ ગાંડા અસમાલ નં, ૫ જમાલ જીવા નં. ૬ અબદલા મોહમદ ના. ૭ ઇસા અલી નં. ૮ ઓસમાણ અલી નં. ૯ સામા રેમાન નં. ૧૦ નુરમામદ આમદ નં. ૧૧ અભરામ હાસમ નં. ૧૩ હસન તાર બોઘા નં. ૧૬ હસન આજમ નં ૧૮ વલીમીઆં હાશમીઆં નં. ૧૯ તાલબ મહમુદ નં. ૨૦ અભરામ ગોબર અને નં. ૨૨ અલીમીઆં મહમદમીઆં.

ઉપર મુકાયેલા બીજું, ત્રીજું ચોથુ, પાંચમું ને છઠું તોહમતો સાબીત થાય છે એટલે કે મંદીરવાળા પાલખી પવિત્ર ગણે છે તેને અપકૃત્ય કરવાના ઇરાદાથી તેઓ તે પર ધસ્યા ને હાશમીઆં તેને બાઝયો અને અપવિત્ર કરી, [ કલમ ૨૯૨ ] અને એ કામ ગેરકાયદે

મંડળીનો સામાન્ય હેતુ પાલખી નહી જવા દેવાનો પાર પાડવામાં થએલું હોય ને બધા બીના એક સરખા ગુનેહગાર છે. (૧૧૧-૨૯૨) તે વખતે જમાદારે ને હવાલદારે તેમ નહી કરવા કહેતાં તેમનો તેમાંના કેટલાકે વ્યથા કરી અને એ કામ ગેરકાયદે મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા થએલું હોય ને બધા એકસરખા જવાબદાર છે (ક. ૧૧૧-૧૫૭) ધાવા તથા નારણને તે વખતે તે પૈકી કેટલાકે વ્યથા કરી અને તે કામ ગેરકાયદે મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે થએલું હોય ને બધા એક સરખી રીતે ગુનેહગાર છે (ક. ૧૧૧-૧૪૮) બધા લાકડી ધોકા લઇ ગુનોહ કરવા ઉભા તેથી કાયદા વીરૂદ્ધ મંડળીના આસામી થવું (ક. ૧૦૫) અને સદરહુ ગેર કાયદે મંડળીના આસામીએ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા બળ વાપર્યું તેથી હંગામાનો ગુનોહ થયો (ક. ૧૦૯)

કોણે ઇજા કરી તે આ કામમાં ખાત્રી પુર્વક જણાયું તેથી પણ કોઇએ તેમાંથી ઇજા કરી માટે બધાને ક. ૧૧૨ લાગુ પાડી છે.

ગુનોહ બન્યાને લગભગ એક વરસ થવા આવ્યું છે એટલે બારે સજા કરવાનો કોર્ટનો ઇરાદો નથી. ચાલતે તોફાને દાખલો બેસાડવા ભારે સજા કરવાનું યોગ્ય ધરાય ખરું કારણ તોફાન મુસલમાનોએ કર્યું છે પણ તે કાંઇ બારે રૂપનું ના ગણાય અને હીંદુઓએ પછી તોફાન કરી મુસલમાનોને તથા તેમની મસજીદને નુકશાન પહોંચાડેલું છે એટલે આ કામમાં બારે સજા કરવાનો કોરટનો ઇરાદો નથી ગેરકાયદે મંડળીનો સામાન્ય હેતુ પાલખી પર તોફાન કરી તેને નહીં લઇ જવા દેવાનો હતો તેમાં અગર જો ઉપર મુજબ જુદા જુદા ગુનાહ બન્યા છે ને સાબીતી પણ થઇ છે તોપણ એકજ બારે ગુનહા માટે સજા કરવાથી ઇન્સાફનો હેતુ સચવાશે એમ કોરટ માને છે દરેક ગુનાહ માટે સજા કાયદેસર છે પરંતુ આટલી લાંબી મુદતે સજામાં સખતાઇ વાપરવાની જરૂર નથી એમ કોરટ માને છે તોપણ આવા કામમાં કેવલ દંડની સજાથી જતા મુકાય એવો સામાન્ય ખ્યાલ ના પેસી જાય તે માટે કોરટે જુવાન ગુનેહગારો કે જેમણે મુખ્ય ભાગ લીધાનું સાબીત થાય છે ને જેમને સાચો માર હીંદુ તરફથી બહુ પડેલો નથી તેમને નહીં કેદની સજાથી કોરટ દેખાડુ બતાવવા માટે કોરટ ફરમાવે છે કે ભા. ફો. ધા. ની કલમ ૧૧૧-૧૫૭ મુજબ ગેરકાયદે મંડળીનો હેતુ પાર પાડવામાં દરબારી નોકરને તેની ફરજ બજાવતાં અટકાવવાને વ્યથા મંડળીના કોઇયે કરી તેથી બધા એકસરખા ગુનેહગારો હોવા બદલ તોહમતવાળા નં. ૬ અબદલા મહમુદ નં. ૯ સામા રેહેમાન નં. ૧૯ તાલબ મહમુદ એ દરેક માસ ત્રણ (૩) સખત મજુરી સાથે કેદ ભોગવે ને દરેક રૂ ૩૦ ત્રીસ દંડ આપે ને ના આપે તો દરેક તે બદલ માસ એક (૧) સખત મજુરી સાથે કેદ ભોગવે.

અને તોહમતદાર નં. ૫ જમાલ જીવા નં. ૭ હસા અલી નં. ૮ ઓસમાણઅલી નં. ૧૦ નુરમામદ નં. ૧૩ [illegible] એ દરેકને રૂ. [illegible] દંડ [illegible] આપે ને [illegible] તો તે બદલ એ દરેક માસ પાંચ (૫) સખત મજુરી સાથે કેદ [illegible].

અને તોહ—

[illegible] રૂ. ૫૦ [illegible] દંડ આપે ને દંડ ના આપે તો તે બદલ એ દરેક માસ ત્રણ (૩) સખત મજુરી સાથે કેદ ભોગવે.

અને તોહ-

નં. ૨ સરદારઅમી નં. ૩ અબદલા સુમાર ના. ૧૬ હસન આજમ અને નંબર ૨૦ અબરાન ગોબર.

એ દરેક રૂ. ૬૦ સાઠ દંડ આપે ને દંડ ના આપે તો તે બદલ એ દરેક માસ બે સખત મજુરી સાથે કેદ ભોગવે.

અને તોહ.-

નં. ૧૮ વલીમીઆં દાદામીઆં અને નં ૨૨ અલીમીઆં મહમદમીઆં

એ દરેક રૂ. ૩૦ ત્રીસ દંડ આપે ને દંડ ના આપે તો તે બદલ એ દરેક માસ એક આસાન કેદ ભોગવે.

તોહ-એો દંડ રજુ ના કરે તો તેમની મીલકતથી ધારાસર વસુલ કરવો.

બાકીના સાબીત થયેલા ગુનાહ મારે જુદી જુદી સંજા કરવાની જરૂર નથી.

તા. ૩—૯—૧૯૦૮.

(સહી) વામનરામ કપીલરામ
પે. વ. ફો. ન્યા.

મુ. પેઠા કુરણાશંકર મયારામ
કા.

( ખરી નકલ )

ઇગ્રેજીમાં સહી.
પે, વ. ફો. ન્યા.

નકલ તઇયાર થઈ તા. ૧૪-૯-૧૯૦૮.
મગનલાલ મોતીરામ.
પે. કા.

નકલ તઇયાર થએલી લેવા આવતાં આજ રોજ ઘડ અને ડાઘ વગરની આપી.
૧૫-૯-૧૯૦૮

મગનલાલ મોતીરામ પે. કા.

સમાપ્ત.